॥ શ્રી સ્વામિનારાયણાર્પિતમસ્તુ ॥

શ્રી હરિ ઉપદેશામૃત

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી
મહારાજશ્રીની આજ્ઞાથી

: લેખક તથા પ્રકાશક :

સ.ગુ. ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજી

શ્રી સ્વામિનારાયણ મંદિર

સેક્ટર - ૨, ચ રોડ, ગાંધીનગર. ગુજરાત.

સંવત ૨૦૬૪, અષાઢ સુદ પૂનમ,

ગુરૂપૂર્ણિમા, શુક્રવાર તા. ૧૮, જુલાઈ ૨૦૦૮.

પ્રથમ આવૃત્તિ પ્રત: ૫૦૦૦

કિંમત રૂ. ૫૫/-

આ પુસ્તકના સર્વહક્ક પ્રકાશકને આધિન છે.

: પુસ્તક પ્રાપ્તિ સ્થાન :

શ્રી સ્વામિનારાયણ મંદિર
સેક્ટર- ૨, ચ રોડ, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૨૪૦૦૬,૨૩૨૩૪૦૯૨.

શ્રી સ્વામિનારાયણ મંદિર
પેટ્રોલ પંપની બાજુમાં, અંજલી ચાર રસ્તા,
વાસણા, અમદાવાદ.
ફોન નં. ૦૭૯-૨૬૬૨૨૨૦૦.

શ્રી સ્વામિનારાયણ મંદિર
બજરંગ સ્ટીલની બાજુમાં,
સનાળા રોડ, મોરબી.
ફોન નં. ૦૨૮૨૨ - ૨૨૨૧૫૧

શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ
એસ.ટી. બસ સ્ટેશનની સામે,
બાવળા ફોન નં.૦૨૭૧૪-૨૩૦૮૮૮

શ્રી સ્વામિનારાયણ મંદિર
પેથાપુર ફોન નં.૦૭૯-૨૩૨૧૬૭૦૧

સર્વજીવહિતાવહ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ
મુ.પો. કણભા, તા. દસ્ક્રોઈ જી. અમદાવાદ.
ફોન નં. ૦૨૭૧૮-૨૮૬૭૫૦-૦૦૧,૦૦૨.

શ્રી ઘનશ્યામ મહારાજ

His Holiness Acharya Maharaj
Shri Kaushalendraprasadji Pande

Per./Sec./16/08-09

Dt. 26.06.2008

આજ્ઞા પત્ર

સ.ગુ. મહંત ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર,
ગાંધીનગર

આપના પત્ર તા. ૧૮.૦૬.૨૦૦૮ ના અનુસંધાનમાં જણાવવાનું કે આપના તરફથી આપના દ્વારા રચિત - ધ્યાન અને ભજન ઉપર આધારીત, આજ્ઞા અને ઉપાસનાના માર્ગ ઉપર પ્રકાશ પાથરનાર અને સર્વ અવતારી સર્વોપરિ શ્રીહરિની સ્વરુપનિષ્ઠાના પ્રગટપણાનો ભાવાર્થ સમજાવતું અતિ ઉપદેશાત્મક એવું " શ્રી હરિ ઉપદેશામૃત " નામનું પુસ્તક, સંપ્રદાયમાં પ્રકાશિત કરવા આપને શુભાશીર્વાદ સહ આજ્ઞા આપવામાં આવે છે.

આ પ્રકાશન સત્સંગી માત્ર માટે ભક્તિ સંવર્ધનનું અમુલ્ય સાધન બની રહે તેવી શ્રી નરનારાયણદેવના શ્રી ચરણ કમળમાં પ્રાર્થના સહ.

શુભાશીર્વાદ સહ

આજ્ઞાથી,

પર્સનલ સેક્રેટરી
પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજ શ્રી
શ્રી સ્વામિનારાયણ મંદિર
અમદાવાદ - ગાંધીનગર

Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ.ધ.ધુ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

પ.પૂ.ધ.ધુ.શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

श्री नरनारायणदेव देश ताबानुं

श्री स्वामिनारायण मंदिर

સેક્ટર -૨, ચ રોડ, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯-૨૩૨૨૪૦૦૬, ૨૩૨૩૪૦૯૨. મહંત સ્વામી સ.ગુ. ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજી

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

निवेदन

આ શ્રી "હરિ ઉપેશામૃત" પુસ્તક છપાવવાથી શ્રીજી મહારાજની આજ્ઞા ઉપાસનાનું જ્ઞાન થાયે તે માટે, ને શ્રીજી મહારાજે પણ કહ્યું છે કે અમારી જે જે આજ્ઞા છે તે પ્રમાણે જે વર્તે છે તે સદાય ને માટે સુખીયા થાયે છે, માટે આપણે શ્રીજી મહારાજની જે નાની મોટી આજ્ઞા બરાબર પાલન કરવામાં કાળજી રાખવી તે આજ્ઞા બરાબર પાલન કરીયે તો આપણું અંતર શુદ્ધ થાયે ને અંતર શુદ્ધ થાયે તો આપણા અંતરમાં ભગવાનની મૂર્તિનો નિવાસ થાયે બીજુ ભગવાને ત્યાગીના પાંચ નિયમો કહ્યા તે પાંચ નિયમો સત્સંગી જીવનના ચોથા પ્રકરણ લખેલ છે કે ૧. નિષ્કામી વ્રત ૨. નિર્માની વ્રત, ૩. નિસ્વાદીવ્રત ૪. નિસ્નેહિવ્રત ૫. નિર્લોભીવ્રત આ પાંચ નિયમો સંતોના કહ્યા છે એ નિયમો પ્રમાણે જો ત્યાગી સંત વર્તે તેના અંતરમાં ભગવાન નિવાસ કરી ને રહે ને ભગવાન રાજી થાયે તેમજ ત્યાગી સંતોએ આ નિયમનું બરાબર પાલન કરવું ને ભગવાનનું ધ્યાન ભજન કરવું. પોતાની શક્તિ પ્રમાણે સત્શાસ્ત્રનું વાંચન કરવું ને પોતે સુખીયા રહેવું ને હરિભક્તોને કથા વાર્તા કરીને સુખીયા કરવા. બીજું ગૃહસ્થના પણ પાંચ નિયમો કહ્યા છે તે ગૃહસ્થોના પાંચ નિયમો કયા તો ૧. દારૂ ન પીવો, ૨. ઇંડામાંસ ન ખાવુ, ૩. ચોરી ન કરવી, ૪. જુગાર ન રમવો. ૫. વ્યાભીચાર ન કરવો તે વ્યાભીચાર એટલે શું ? તો પરસ્ત્રીનો સંગ ન કરવો. આ પાંચ નિયમો ગૃહસ્થોના છે. આ પાંચ નિયમોનું પાલન કરી નીતી

પ્રમાણે ઉદ્યમકરે તો તેના ઉપર ભગવાન રાજી થાયે છે ને ભગવાનનો વિશેષ મહિમા સમજાય ને મોટા મોટા હરિભક્તો કેવી રીતે ભજન કરતા હતા તથા કેવી રીતે ધ્યાન કરતા હતા તથા કેવી રીતે ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવાથી શું લાભ મળતો હોય, ને તે ભગવાનની આજ્ઞા લોપવાથી કેટલું દુઃખ થાયે છે. તે આ પુસ્તક વાંચવાથી તેમને જ્ઞાન થાયે ને આ લોકમાં રહી કેવી રીતે વ્યવહારિક કાર્ય કરવું ને ગૃહસ્થના જે જે નિયમો પાલન કરવાથી બહું લાભ થાય છે ને તે નિયમન પાળવાથી કેટલું નુકશાન થાયે છે એ આદિ આમાં લખેલ છે, ને આમા જે જે ઉપદેશ આપ્યો છે તે પ્રમાણે કાળજી રાખી વર્તશે તેના ઉપર સર્વ અવતારી સ્વામિનારાયણ ભગવાન રાજી થાશે ને આ લોકમાં પણ ભગવાન તેને સુખીયા કરશે, ને દેહને અંતે પણ ભગવાન તેવા ભક્તને પોતાના ધામમાં તેડી જાયે છે, ને આપણા જીવાત્માનો મોક્ષ થઈ જાયે એ જ ખરો લાભ છે. બાકી તો આથી અગાઉ આપણે અસંખ્યાત અવતારો ધરી આવ્યા છીયે ત્યાં અનેક પ્રકારના દુઃખો ભોગવ્યા છે તો હવે સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરીને ભગવાનનો અપાર મહીમા સમજી ભગવાનની મૂર્તિમાં હેત કરીશું તો જરૂર દયાળુ શ્રીજી મહારાજ પોતાના ભક્તની રક્ષા કરશે, માટે તે ભગવાનનો મહિમા સમજીને સંસારના ક્ષણીક સુખની વાસના ટાળીને આલોકમાંથી નિર્વાસનીક થઈ ને દેહને અંતે આપણા જીવાત્માનો મોક્ષ થઈ જાયે એ જ મોટો લાભ છે, માટે જેમબને

તેમભગવાનનું ભજન વિશેષ કરવું. આ શ્રી હરિ ઉપદેશામૃત પુસ્તક છપાવવાને માટે આપણા પ.પુ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજને વિનંતી કરી, તો તેમણે આશીર્વાદ સહ આજ્ઞા પત્ર લખી આપ્યો છે, તો તે પત્ર આ પુસ્તકમાં છપાવેલ છે, તો તેથી પ.પૂ.આચાર્ય મહારાજનો હું બહું જ ઋણી છું.

બીજું શ્રી હરિ પોતાના આશ્રીતના મોક્ષ માટે અક્ષરધામથી અહીં પધાર્યા ને આપણાને પોતાના શરણે લીધા તે આપણા અહોભાગ્ય છે. જો આપણાને શરણે લીધા ન હોત તો જેમજગતના જીવો, બિચારા ત્રિવીધીતાપમાં બળ્યા જ કરે છે તેમઆપણી પણ એ જ હાલત હોત માટે આપણે જેમબને તેમભજન વિશેષ કરવું.

બીજું આ શ્રી હરિ ઉપદેશામૃત પુસ્તક છપાવવામાં પ્રુફ જોયેલ છે ને જે કાંઈ ભૂલો હતી તે સુધારેલ છે છતાં પણ જોવામાં કાંઈ ભુલ રહી ગઈ હોય તથા કાંઈ શબ્દ જોડણી લખવામાં ઓછી રહી હોય તથા કાંઈ ઓછું વધુ લખાઈ ગયું હોય તો નીરક્ષીર ન્યાયે યોગ્ય ગ્રહણ કરશો, ને કાંઈ વાત સારી ન લાગે તે છોડી દેશો. બીજું સંવત ૨૦૩૨ ની સાલથી કરી સંવત ૨૦૪૦ ની સાલ સુધીની વાતો મેં મોટા સંતો થકી સાંભળેલ તે મને સારી લાગી તે મેં નોટમાં ઉતારેલ હતી તથા મેં પણ આપણાં સંપ્રદાયના પુસ્તકો જે શિક્ષાપત્રી, વચનામૃત તથા સત્સંગીજીવન આદિ પુસ્તકો વાંચેલ, તેમાંથી મને જે સુઝાડ્યું તે પણ નોટમાં ઉતારેલ તથા સર્વ અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમકૃપાથી તથા મારા દીક્ષા ગુરૂ

નિવેદન

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજીની દિવ્ય પ્રેરણાથી તથા પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીની શુભ લાગણીથી તથા પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજીના શુભ આશીર્વાદથી તથા મને સાધુ-દીક્ષા અપાવનારા મારા ગુરૂ તથા મને જ્ઞાન આપનારા ધ્યાનના ગુરૂની દીવ્ય પ્રેરણાથી તથા મને દયાળુ શ્રી ઘનશ્યામમહારાજે જે જે સુઝાડ્યું તે આ શ્રી હરિ ઉપદેશામૃતના પુસ્તકમાં લખેલ છે. તે આ પુસ્તક છપાવવાને માટે ઘણો ટાઈમથી ચર્ચા-વિચારણા ચાલતી હતી પણ સંજોગોવસાત્ રહી ગયું હતું, પણ હાલમાં ઘણાંક ભગવાનના લાડીલા હરિભક્તોએ તથા સારા સારા સજ્જન માણસોએ વિનંતી કરી કે સ્વામી આ પુસ્તક છપાવે તો સારૂ ને મને પણ એમથયું કે આપણા સર્વે હરિભક્તો તથા સર્વે સજ્જન માણસોને તથા જગતના જીવોને જ્ઞાન નથી એવા સર્વે વાંચે તેને સર્વે અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિશે દ્રઢ નિષ્ઠા થાય તથા દેવ તથા આચાર્યો તથા સત્પુરૂષોને વિશે તથા હરિભક્તોને વિશે પ્રેમથાય તથા મારા ઉપર સર્વ અવતારી સ્વામિનારાયણ ભગવાન તથા આચાર્યોશ્રી તથા મોટા સત્પુરૂષો રાજી થાય એ હેતુથી જ આ પુસ્તક છપાવ્યું છે પણ કોઈ માન મોટપ વધારવા સારૂં કે યશકીર્તિ વધારવા સારૂં આ પુસ્તક છપાવ્યું નથી.

લિ. ગાંધીનગરથી ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજીના શુભ આશીર્વાદ પૂર્વક ઘણાજ પ્રેમથી જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

અનુક્રમણિકા

ક્ર.નં.	વિગત	પેજ નં.
૧	દેવોને પણ દુર્લભ મનુષ્ય દેહ છે.	૧
૨	અમદાવાદના પ્રથમના વચનામૃતમાં - એક આંખમાં સૂર્ય ને એક આંખમાં ચંદ્રનું ધ્યાન	૫
૩	જો એ આનંદ અનુભવીએ તો જગતના બધા ભોગ મિથ્યા લાંગે	૬
૪	ભગવાનનમાં અખંડવૃતિ રાખવી.	૭
૫	આપણા આગળના જન્મના પુણ્યથી આજે આવો આપણાને સત્સંગનો યોગ મળ્યો છે	૧૦
૬	બીજુ એક દિવસતો આપણે સર્વેએ જવાનું છે	૧૧
૭	કરોડો જન્મના પુણ્યથી આપણને આવો દિવ્ય સત્સંગનો યોગ મળ્યો છે	૧૨
૮	તમારા મનમાં શાંતિ હોય ત્યારે એમસમજવું કે ભગવાન અને ભગવાનના સંતો રાજી છે.	૧૬
૯	અમદાવાદના ભક્તો મહારાજ પ્રત્યે બહુ પ્રિતી વાળા હતા.	૧૭
૧૦	શ્રીજી મહારાજ સુખના સાગર છે	૧૮
૧૧	કચ્છ સુખપરના વાલજીભાઈ તેનિરંતર ધ્યાન ભજન કરતા.	૧૮
૧૨	જે બકરાને ખાવામાં, જો તૃપ્ત કરે તેને ૧ લાખ રૂપિયા ઈનામઆપવું.	૧૯
૧૩	બીજુ ભગવાન પોતાના ભક્તની હંમેશા રક્ષા કરે છે જ.	૨૦

૧૪ અબંરીષ રાજા દરરોજ સવારના ત્રણ કલાક પૂજા કરતા. ૨૦

૧૫ એમ ભગવાનના ગુણ રૂપી સમુદ્રમાં ન્હાયા જ કરવું. ૨૧

૧૬ અંત કાળે જે યાદ આવે તેવો ફરી જન્મ મળે છે. ૨૨

૧૭ મનનો સ્વભાવજ એવો છે ૨૨

૧૮ એકલશૃંગી મુનિ એવા હતા, જેને સ્ત્રી પુરૂષનું ભાન ન હતું. ૨૩

૧૯ ગરીબનો વાદ કોઈ કરે નહિ. ૨૩

૨૦ આપણે ભગવાનની ભક્તિ કરી હશે. ૨૪

૨૧ દીવામાં તેલ ખુટી જાય છે ત્યારે દીવો ઓલવાઈ જાય છે. ૨૫

૨૨ અવનઋષિએ ૯૬ હજાર વર્ષો સુધી તપ કર્યું. ૨૫

૨૩ ભગવાન સુખના સાગર છે. ૨૫

૨૪ આ ભક્તનો પ્રેમજાઈ ફરતાં ફરતાં ભગવાન બાવાના રૂપે આ ભક્તની વાડીમાં ગયા. ૨૭

૨૫ આવા દયાળુ ભગવાન મળ્યા, ૩૦

૨૬ મુક્તાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું કે શાંતિ કેમ થાય? ૩૧

૨૭ ભગવાનના ચરિત્રરૂપિ જાળામાં મનને ગુંચવી રાખવું ૩૨

૨૮ મોટા સંતો કહે તમારા સગા-સંબધી, મિત્રો, ઘર, ધન-દોલત વગેરેને બાળીને આવો. ૩૨

૨૯ જનકરાજા ગૃહસ્થ હતા તે જ્ઞાને કરી વિદેહી કહેવાયા. ૩૩

૩૦ આપણે એકલા આવ્યા છીએ ૩૪

૩૧ ઘણાને કહીએ છીએ તો પણ ભક્તિ કરતા નથી ૩૪

૩૨ એક શેઠ કરોડપતિ હતા ઘણાક રૂપિયા વાળા હતા. ૩૫

૩૩ સત્પુરૂષોનો સમાગમકરવાથી આત્માને પરમાત્માનું જ્ઞાન થાય છે ૩૬

૩૪ સ્વામિનારાયણ ભગવાન શિવમંદિરમાં ધ્યાન કરતા ૩૬

૩૫ સંસારમાં જળ-કમળ વત્ રહેવું. ૩૭

૩૬ જ્ઞાનની વાતો સાંભળતા વૈરાગ્ય થઈ ગયો. ૩૮

૩૭ એક સંત હતા તેની પાસે એક ભાઈ આવીને કહે મારે તમારા શિષ્ય થવું છે. ૪૦

૩૮ મંછેન્દર નામના એક મોટા સંત હતા ૪૨

૩૯ અંતરવૃત્તિ વડે ધ્યાન ભજનનો ખટકો રાખવો. ૪૪

૪૦ ભગવાનની ભક્તિ કરવી એજ સાચુ કામકરવાનું છે. ૪૫

૪૧ કાં ઓળખાણ પડે છે. ૪૭

૪૨ એક બાઈ હતા બહુજ ભક્તિવાળા એને વૈરાગ્ય પણ ઘણો હતો. ૪૮

૪૩ એક માણસને રસ્તામાં ચાલતા ચિંન્તામણી મળ્યો. ૪૯

૪૪ ગુરૂ કરવા તો જ્ઞાની કરવા ૪૯

૪૫ "વિજળીના ઝબકારામાં મોતી પરોવી લેવું" ૫૩

૪૬ મન જગતમાં ચાલ્યુ જાય છે. ૫૩

૪૭ આપણે દેહ ધર્યા પછી આ એકવાર મનુષ્ય જન્મ મળ્યો છે ૫૬

૪૮ ભગવાનનું સુખ અનંત અપાર છે, ૫૬

૪૯ ગઢડામાં એક સમયે અખાત્રીજના દિવસે સ્વામિનારાયણ ભગવાનને સંતોએ સુંગધીમાન ચંદનના વાઘા બનાવી પહેરાવ્યા ૫૭

૫૦ આપણાને આ દયાળું ભગવાન મળ્યા, ૫૮

૫૧ વિજાપુર ગામછે ત્યાં ભગવાન પધાર્યા ૫૮

૫૨ પ્રભાશંકરભાઈ એ પરણવાનું બંધ રાખી મહારાજ પાસે ગયા. ૫૯

૫૩ ડુંડસરમાં ગલુજી નામના ભક્ત હતા, ૫૯

૫૪ કચ્છમાં માનકુવા ગામના મુળજીભાઇ તથા કૃષ્ણજીભાઇ ૬૨

૫૫ ઝીઝાવદર ગામની પાદરમાંથી એક પઠાણ ચાલ્યો જતો હતો ૬૨

૫૬ તેજાભાઇ કરીને છાણી ગામમાં હરિજન હતા ૬૩

૫૭ માનકુવા ગામના અદાભાઇ ૬૩

૫૮ કચ્છ-ભુજમાં હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા હતા ૬૪

૫૯ મુળજી તથા કષ્ણજી ગઢડામાં રાધાવાવે રાતના ભગવાનની મુર્તિ સંભારીને એકદમપ્રેમથી કિર્તન ગાવા લાગ્યા. ૬૪

૬૦ અક્ષરધામમાં ભગવાનની કેવી મુર્તિ હશે, ૬૫

૬૧ એક સમયે શ્રીજી મહારાજ સભા ભરીને બેઠા હતા. ૬૫

૬૨ પાંચ વાના દ્રઢ થાય તો તેના ઉપર ભગવાનની કૃપા થાય છે. ૬૬

૬૩ આપણે આ લોકમાંથી જરૂર જવાનું થશે ૬૭

૬૪ આગળ તો માણસો પોતાના મોક્ષ માટે ૬૭

૬૫ મુળી દેશમાં સાયલા ગામના મુળચંદભાઇ ૬૮

૬૬ નીમાળ દેશમાં મહાનુભાવાનંદ સ્વામી સત્સંગ કરવા ગયા ૬૮

૬૭ ભગવાનની ભક્તિ કરવી તે પોતાના જીવના કલ્યાણને અર્થે જ કરવી ૭૦

૬૮ આપણી ભગવાનની મુર્તિના સુખમાં દ્રષ્ટિ પહોંચી જાયે ૭૦

૬૯ એક કઠીયારો હતો ૭૧

૭૦ "દુર્લભો મનુષ્ય દેહ" ૭૨

૭૧ રજોગુણ તમોગુણ વર્તતા હોય ત્યારે ધ્યાન કરવું નહી. ૭૩

૭૨ બાળકો ભગવાનનું ભજન કરજો ૭૪

૭૩ સંત હતા તે ભગવાની મુર્તિનું ધ્યાન ભજન કરતાં ૭૪

૭૪ "દયાળુ ભગવાન ભક્તાધીન છે. ૭૪

૭૫ ભગવાનના લીલા ચરિત્રો સંભાળવાથી રજોગુણ તમો ગુણ ટળી જાય છે. ૭૭

૭૬ વડતાલમાં મહારાજ વિરાજમાન હતા ૭૭

૭૭ અમારા સત્સંગીઓએ દિવસ ઉગ્યા પહેલા જાગી જવું. ૭૮

૭૮ વિરમગામની બાજુમાં એક ગામહતું ત્યાંના પ્રભુદાસ પટેલ હરિભક્ત હતા. ૭૯

૭૯ વડતાલ પાસે ગામના ઓધવજીની વાત. ૮૦

૮૦ પ્રહલાદ ભક્તની ભગવાને રક્ષા કરી. ૮૧

૮૧ તેમાં માળો કરી હોલો હોલી રહેતા હતા ૮૨

૮૨ રાત્રે સુતા પહેલા થોડીવાર ભગવાનની કથા વાંચીને સુઇએ તો જરૂર આનંદ આવશે. ૮૩

૮૩ આપણા અનેક જન્મના પુણ્ય વળે. ૮૩

૮૪ હું પરણું ને તેનાથી જે પુત્ર થાય, તેને ૧૨ વર્ષ મારી પાસે રાખીને પછી બીજા ને સોંપું. ૮૪

૮૫ ગીતાજીમાં કર્મયોગ તથા ભક્તિ યોગ કહેલ છે. ૮૬

૮૬ ખટવાંગ કરીને એક રાજા હતો ૮૬

૮૭ સાચુ નાણું ભગવાન છે ૮૯

૮૮ આહાર શુદ્ધ રાખજો. ૯૦

૮૯ રજોગુણ તમો ગુણ વરતતા હોય ત્યારે આવી લીલા સભાળવી ૯૦

૯૦ મોટા સત્પુરુષને ઓળખીને તેમનો શુદ્ધ ભાવે સમાગમ કરવો. ૯૫

૯૧ એક શેઠના ઘરના માણસ બહુ જ એકાંતિક ભક્ત હતા ૯૭

૯૨ ઓછી સમજણ વાળા હરિભક્તો માળા ફેરવતા હોય ત્યારે પણ તેમનું મન તો વ્યવહારમાં જ ભટકતું હોય ૯૭

૯૩ અશ્વમેઘ યજ્ઞનું પુણ્ય તેને આપે ત્યારે સારું થાય ૯૮

૯૪ આ લોકનું કાઇ સાથે આવવાનું નથી ૯૯

૯૫ "દાસના દાસ થઇ રહેશે જે સત્સંગમાં, ભક્તિ એની ભલી માનીશ, રાચીશ એના રંગમાં," ૧૦૨

૯૬ આજ્ઞા - ઉપાસના વિના કોઇ મોક્ષ સબંધી કાર્ય સિદ્ધ થતું નથી ૧૦૨

૯૭ આપણે અંતરમાં હંમેશાં ભગવાનની મૂર્તિ જ રાખવી. ૧૦૩

૯૮ એક વખત મહાનુભાવાનંદ સ્વામી ગામડેથી આવી ૧૦૫

૯૯ મહારાજ કહે, તમે અમારા દાખડા સામું તો જુઓ ૧૦૫

૧૦૦ કસ્તુરી મૃગની નાભિમાં હોય છે ૧૦૬

૧૦૧ આ મનુષ્ય દેહ પામીને ભગવાન ભજી લેવા ૧૦૬

૧૦૨ અત્યારથી જ જો ભગવાનને ભજવાની ટેવ પાડશો ૧૦૭

૧૦૩ ભગવાન પોતાના ભક્તને જે ગર્વ આવે તો તે ચલાવી નથી લેતા ૧૦૮

૧૦૪ "આખા જગતને લઇ જાઇએ અમારે ધામ" ૧૦૯

૧૦૫ નિત્ય બે વખતે ધ્યાન કરવું ૧૧૦

૧૦૬ શ્રધ્ધાવાળાને સાધનની વહેલી સમાપ્તિ થાય છે ૧૧૧

૧૦૭ કથાનો ખુબજ આગ્રહ હતો, ૧૧૧

૧૦૮ સ્વામી અમારુ સહેલામાં સહેલું કલ્યાણ કહ્યું ? કેમ થાયે ? ૧૧૩

૧૦૯ લેતીદેતીમાં ભાઇઓને તકરાર થઇ ૧૧૫

૧૧૦ મહારાજના ધામમાં જેવું સુખ છે તેવું બીજે ક્યાંય નથી ૧૧૭

૧૧૧ ભગવાન ભજવા હોય તેને તલવારની ધાર ઉપર ચાલવા જેવી તૈયારી રાખવી ૧૨૨

૧૧૨ કરોડ કામ મુકી ભજન કરવું ૧૨૨

૧૧૩ સંત હરિભક્તોનો ક્યારેય અવગુણ ન લેવો. ૧૨૩

૧૧૪ અંતકાળ બહુ વિષમ હોય ૧૨૩

૧૧૫ અંતરમાં શાંતી કેમ થાય ? ૧૨૩

૧૧૬ આવો અલૌકીક સત્સંગ ને યોગ ૧૨૩

૧૧૭ સંતોએ મહારાજની હયાતુનું એક દ્રષ્ટાંત આપ્યું. ૧૨૩

૧૧૮ શાસ્ત્રોમાં કહેલ છે કે ગુરુ કરવા તો જ્ઞાની કરવા. ૧૨૪

૧૧૯ જગતના જીવો બિચારને જમવા ન મળે ૧૨૬

૧૨૦ હરિભક્ત સુતરફેણીની માટલી ભરીને લાવ્યા ૧૨૭

૧૨૧ ગીંગો તથા ભમરાની વાત કરી ૧૨૮

૧૨૨ ભગવાનની રીત જ અલૌક્કિ હોય છે ૧૨૯

૧૨૩ શરીર કે કપડાં બગડે તો સોડા-સાબુથી સાફ થાયે. ૧૩૧

૧૨૪ દરરોજ દર્શને આવે અને સંતોને ખુબ હેત દેખાડે ૧૩૧

૧૨૫ દરેક હરિભક્તના ઘસારા ખમવા ૧૩૨

૧૨૬ પંચવિષયના રાગ ટાળવા ૧૩૩

૧૨૭ સેવાનું વ્યસન પડે તેની પોતાની મેળે વાસના ટળી જાય છે. ૧૩૪

૧૨૮ "દાસી થઇને રહેજે તુ દિન દયાળની" ૧૩૫

૧૨૯ નિષ્કામભાવે સેવા કરવી ૧૩૬

૧૩૦ મંદિરમાં દર્શન કરવાની રીત ૧૩૬

૧૩૧ શ્રીજી મહારાજ પણ માળા ફેરવતાં હતાં. ૧૩૮

૧૩૨ એક ગામમાં નવું મંદિર બનાવવું હતું. ૧૩૯

૧૩૩ દયાળુ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા ૧૩૯

૧૩૪ કેમકે મરી તો સર્વેએ જવાનું છે. ૧૪૦

૧૩૫ સત્સંગના દિવ્ય ગુણોરૂપી ધન ૧૪૧

૧૩૬ કલ્પવૃક્ષ સમાન દિવ્ય; અલૌકિક સત્સંગનો યોગ ૧૪૩

૧૩૭ બીજુ આવો અમુલો વખત ભગવાન ભજવાનો ૧૪૬

૧૩૮ આ લોકભોગમાંથી રાગો ટાળીને ૧૪૭

૧૩૯ આપણા આત્માનું શ્રેય કરી લેવું ૧૫૧

૧૪૦ આપણે આથી પહેલા અનેક અવતારે ધરી આવ્યા છીએ. ૧૫૬

૧૪૧ બીજું આવો સમય પાછો કોટી કલ્પે નહી મળે. ૧૫૮

૧૪૨ આવા સર્વોપરી સર્વ સુખના આપનારા, ૧૬૨

૧૪૩ મરી તો સર્વને જવાનું છે ; ૧૬૩

૧૪૪ શ્રી સ્વામિનારાયણ ભગવાન મળવા બહુ જ દુર્લભ છે. ૧૬૪

૧૪૫ આ જીવને કોઈ ઠેકાણે સુખ કે શાંતિ થતી નથી. ૧૬૬

૧૪૬ અનુકૂળ સમયે પોતાના ત્રણ દેહના ભાવ ટાળી ભજન કરવું. ૧૬૯

૧૪૭ પોતાને જે સ્વરૂપ મળ્યું હોય તેને વિશેજ પતિવૃત્તાના જેવી ટેક રાખવી ૧૭૬

૧૪૮ ગૃહસ્થના પાંચ નિયમો કહ્યાં છે ૧૭૭

૧૪૯ સત્સંગીયોએ બ્રાહ્મમુર્તમાં જાગી જવું ૧૭૭

૧૫૦ હરિભક્તો આદિ કોઇનો અવગુણ ન લેવો ૧૭૮

૧૫૧ આપણાને પણ માયા રૂપી કાટા લાગ્યા છે. ૧૮૨

૧૫૨ ભગવાન આવી ગયા પણ તેના પુન્ય નથી ૧૮૭

૧૫૩ ભક્ત હતા તે ક્યારેય પણ ક્રોધ ન કર્યો. ૧૮૭

૧૫૪ હું ભગવાનની મુર્તિ જોવાનો ઘણો ઘખડો કરું છું. ૧૮૮

૧૫૫ કચેડો રૂપિયા ખર્ચતા પણ આ સ્વામિનારાયણ ભગવાન મળતા નથી. ૧૮૯

૧૫૬ સાચુ સગપણ ભગવાનનું છે. ૧૯૩

૧૫૭ કલ્પતરૂ સાર સમાગમ સંતનો ૧૯૫

૧૫૮ સારૂ જીવન જીવવું એ જ સજજન મનુષ્યનું કર્તવ્ય છે. ૨૦૨

૧૫૯ મહારાજ સંતોને વેલા ઉઠાડીને ધ્યાનમાં બેસાડે ૨૦૪

૧૬૦ મહારાજે લોજમાં સેવા ભાવ બહુ જ દેખાડ્યો. ૨૦૫

૧૬૧ આ મારો ભક્ત આજે દુકાન બંધ કરવાનું ભુલી ગયા છે. ૨૦૭

૧૬૨ હે ભાઇ તે મનુષ્ય જન્મપામીને તે શું કમાણી કરી? ૨૦૮

૧૬૩ જ્ઞાનેશ્વર તથા ચાગદેવએ બંને મહાત્મા હતા ૨૧૦

૧૬૪ કેરાગામમાં સદ્ધબા ભગવાનના ભક્ત હતા. ૨૧૩

૧૬૫ શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે અંબરીશ રાજાની વાત કરી કે તે આત્મનિવેદી હતા. ૨૧૩

૧૬૬ આટલું મોટું રાજ્ય ને કાંઇ વારસદ્ધર (પુત્ર) નહીં. ૨૨૩

૧૬૭ નાથ ભક્ત હતા તે સારા સત્સંગી હતા તે ક્યારેય પણ ક્રોધ કરતા નહીં ૨૨૮

૧૬૮ મોક્ષ માટે ઘણાક પરોક્ષના સંતોને મળ્યા પણ તેમને શાંતિ થઇ નહીં ૨૨૯

૧૬૯ ભુજમાં બાલમુકુંદ ઘસજી ૬૦ વર્ષે સાધુ થયા હતા. ૨૩૦

૧૭૦ સત્સાસ્ત્રમાં લખલે છે કે, જનના તથા મનમાં તથા તનના અંતરાયમાં લોભાવું નહીં ૨૩૦

૧૭૧ વાંદરાને પકડવા માટે મદ્દારી ૨૩૧

૧૭૨ મોંઘો મનુષ્ય તન રે, ૨૩૨

૧૭૩ સત્સંગમાં લખેલ છે કે નવ ખંડ પૃથ્વીનું રાજ્ય મળે. ૨૩૩

૧૭૪ ચપર તાલુકામાં કથકોટ ગામછે. ત્યાં શ્રીજી મહારાજ ઘણીક વાર ગયેલા છે. ૨૩૫

૧૭૫ આ જીવાત્મા ભગવાનને વરે ને સુખિયા થાય. ૨૪૩

૧૭૬ ભગવાન જેતલપુર પધાર્યા હતા ૨૪૪

૧૭૭ એક કુંભાર હતો તે હંમેશા માટી ખોદવા જાય. ૨૪૫

૧૭૮ હે મન ગાંડુ તુ ભગવાન નું ભજન કર. ૨૫૧

૧૭૯ મારે આનંદનો આજ દિવસ છે ૨૫૧

૧૮૦ દ્રવ્યને જે સ્ત્રી એ બેમાં જગત આખુ બંધાણું છે ૨૫૨

૧૮૧ જે વિરક્ત રહે તેને બે હાથવાળા ભગવાન તુલ્ય કહેવાય. ૨૫૨

૧૮૨ હે કૃપા નાથ હે દયાળુ મારે ઘરે આપ જરૂર પધારો. ૨૫૩

૧૮૩ આપણાં સર્વેના જેવા જેવા પૂર્વ જન્મમાં કર્મ કર્યા હોયે તેવા તે ફળ મળે છે. ૨૫૬

૧૮૪ ચંકે રટ્યા નહી ચમતેનાથી તે દુઃખી રહે ૨૫૭

૧૮૫ એક છે છે ને છે બીજી નથી ને છે ત્રીજી નથી ને છે. ચોથી નથી નથી ને નથી આ ચાર વસ્તુ લાવો ૨૫૯

૧૮૬ માવજીભાઈ નામના સારા સત્સંગી હતા. ૨૬૩

૧૮૭ ભગવાને મંદિરો રૂપી સત્સંગરૂપી સત્પુરૂષોરૂપી શાળાઓ આપણને આપી છે ૨૬૭

૧૮૮ લાલજી સુતારની વાત. ૨૬૯

૧૮૯ જેને ભગવાનનો મહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોયે તેનાથી શું ન થાયે. ૨૭૮

૧૯૦ ભુજના સુંદરજીભાઈ સુતાર તે રાજાના કારભારી હતા ૨૭૮

૧૯૧ ભરત હરિ રાજાની વાત ૨૮૩

૧૯૨ ક્યાં ગયુ કુળ રાવણતણું સગર સુત સાઠ હજારજી ૨૮૫

૧૯૩ સારા ભગવાનના ભક્ત કે સજ્જન માણસ સાથે હેત રાખવુ ૨૮૭

૧૯૪ મોટા સત્પુરૂષોએ ગુરૂ શિષ્યનો સંવાદ લખ્યો છે ૨૯૨

૧૯૫ જીજ્ઞાસુ શિષ્ય ગુરૂને પુછે છે કે ભગવાન ક્યા રહે છે ૨૯૪

૧૯૬ "પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા અહોર્નિશ એમને ગાઉ રે મારા રે ૨૯૫

૧૯૭ ગંગામાં નહાવાથી પાપનો નાશ થાયે છે. ૨૯૬

૧૯૮ મારે ભવ એટલે સંસારરૂપી સમુદ્રમાંથી હું તરી ગયો ૨૯૭

૧૯૯ તે આપણું સારૂં જીવન હશે તો આપણને પણ શાંતી વર્તે ને સુખી થવાયે. ૨૯૮

૨૦૦ વર્ષના ૩૬૦ દિવસ થાયે તો પણ આ ગૃહસ્થના કાર્ય પુરા થાય જ નહી. ૩૦૧

૨૦૧ નિત્યાનંદ સ્વામી આદિ થોડા સંતો ભાલ દેશમાં સત્સંગ પ્રચાર્થે ગયા હતા. ૩૦૩

૨૦૨ બીજા કોઈને વિષે પ્રતીતી ન હતી એવા નિષ્ઠાવાળા ભક્ત હતા. ૩૦૫

૨૦૩ રૂપિયાના લોભે કરી તે કેટલુ બધુ કામકરે છે ૩૦૬

૨૦૪ કોઈ કોઈનું નથી રે કોઈ કોઈનું નથી રે, ૩૧૦

૨૦૫ જુવો ભાઈ જગબંધનની જેલ. ૩૧૧

૨૦૬ ક્ષણ ક્ષણ એડે જીવન જાયે પાછળથી પસ્તાયે શુ થાયે. ૩૧૨

૨૦૭ અંતકાળે તે ભક્તને ભગવાને દર્શન આપીને ધામમાં તેડી ગયા. ૩૧૪

૨૦૮ સિદ્ધાનંદ સ્વામીની વાત, ૩૧૪

૨૦૯ આ ચેટલો તો માચ લાડકવાયા માચા પ્રભુ ભગવાન જમે એવો છે ૩૧૫

૨૧૦ પિતાએ કમાવા મુક્યા તે વાત. ૩૧૭

૨૧૧ રસ્તામાં ચાલતા માણસે કહ્યું કે જુવો ભાઈઓ તમે ૧૨ જણા જ છો ને ૩૨૧

૨૧૨ જેને પોતાના જીવનું કલ્યાણ કરવું હોયે તેને સાચે ભાવે ભક્તિ કરવી ૩૨૩

૨૧૩ આ શરીર ક્ષણભંગુર છે માટે હાલમાં શરીર સારું છે માટે ભગવાનનું ભજન વિશેષ કરવું ૩૨૬

૨૧૪ કામરૂપી દ્વેષ આ જીવનો વેરી છે. ૩૩૨

૨૧૫ જેના ભાગ્ય ન હોયે તેને એ વસ્તુનું સુખ મળતુ નથી, ૩૩૪

૨૧૬ ભક્તિ કરી હોયે તે જ આયુષ્ય લેખે લાગે ૩૩૬

૨૧૭ ભલા માણસ આ તારો દેહ જ નકામો છે ૩૩૮

૨૧૮ આ કાયા જે દેહ ને કાયારૂપી નગર છે ૩૪૭

૨૧૯ જે માચા કહેવાયો છો તેમાં મારે એક તલ માત્ર કસર રહેવા દેવી નથી. ૩૪૮

૨૨૦ દસ પ્રાણ તે દસ પ્રાણના નામ ૩૫૧

૨૨૧ પીપા પાપ ન કીજ્યે તો પુન્ય કીયા સો વાર ૩૫૪

૨૨૨. નારદ મેરે સંત સે અધિક નહી કોઈ, ૩૬૩

૨૨૩ યુવાનીયા સાઠી ખોદવા વેલા ઉઠી નાહી પુજા કરી ને જતા ૩૬૪

૨૨૪ શ્રીજી મહારાજ આ પૃથ્વી ઉપર વિચરતા હતા ૩૬૭

૨૨૫ મહારાજ સંતોની સભા ભરીને ધર્મજ્ઞાન, વૈરાગ્યની વાતો કરતા હતા. ૩૬૯

૨૨૬ એક માણસ રાત્રે પોતાની પથારીમાં સૂવા ગયો તે પથારી સાફ સુફ કરે, ૩૭૨

૨૨૭ કુંજ પક્ષી પોતાની વૃત્તિ વડે તે ઇંડાનું સેવન કર્યા કરે ૩૭૩

૨૨૮ તુલસીદાસ તે સારા ભગવાનના ભક્ત હતા. ૩૭૪

૨૨૯ માણસ પાસે લાખો રૂપિયાની પાકીટ હોયે તો તે માણસની વૃત્તિ તે પાકીટમાં જ હોયે, ૩૭૫

૨૩૦ લોધીકા ગામના જજીભા બહુજ સારા ભક્ત હતા ૩૭૬

૨૩૧ મિત્રો હતા તે બીચારા વ્યવહારે દુઃખી હતા. ૩૭૮

૨૩૨ સખુબેન કરીને એક સારા ભગવાનના ભકત હતા. ૩૮૩

૨૩૩ કૃષ્ણ ભગવાન પાંચ પાંડવોમાંથી યુધિષ્ઠિર પાસે બેઠા હતા ને સત્સંગની વાતો કરતા હતા. ૩૮૬

૨૩૪ સંત સમાગમદુર્લભ ભાઈ, ૩૮૮

૨૩૫ મેમકા કરીને ગામછે. ત્યાં તે રામજીભાઈ શેઠ હતા. ૩૯૦

૨૩૬ કાશીપૂરીમાં એક પ્રેમદાસ કરીને સંત ગંગા કિનારે મોટા આશ્રમમાં કથા કરતા હતા. ૩૯૪

૨૩૭ પ્રભુને ભજતા હજી કોઈની લાજ જતી નથી. ૪૦૫

૨૩૮ કુંભારે ખાવા પીવાનું તથા ઉંઘવાનું બધુ ત્યાગ કરી આ સળગતા નીભાળાની ચારે બાજુ પ્રદક્ષિણા કરે ૪૧૦

૨૩૯ માનસીપુજામાં તો ભગવાનને વાઘા ધરાવું છું ૪૫૨

૨૪૦ ઉનાવા ગામછે ત્યાના સના પટેલ નામના સારા ભક્ત હતા ૪૧૩

૨૪૧ બ્રહ્માંનદ વ્હાલાની મૂર્તિ ઘડી છેટે મેલી કેમજાયે ૪૧૩

૨૪૨ મુક્તાનંદ સ્વામી પણ અખંડ મહારાજની મૂર્તિને સંભાળતા ૪૧૪

૨૪૩ સંતો ગામો ગામફરતા હતા તે સાધુનો શું ધર્મ ? ૪૧૫

૨૪૪ પ્રેમદાસ સારા ભક્ત હતા. ૪૧૯

૨૪૫ અનાદિકાળના સ્વભાવ પ્રકૃતિ કે વાસના ટાળીને મારે આ જન્મે જ મોક્ષ કરી લેવો. ૪૨૪

૨૪૬ માતાએ ભગવાનદાસને કહ્યું કે તું ભગવાન ખોળી આવ. ૪૨૮

૨૪૭ સાકર પુજામાં ધરાવે ને તે પ્રસાદી જમે પછે જ પોતે નાસ્તો કરે એવો એ ભક્તને નિયમહતો. ૪૩૨

૨૪૮ કરોડોપતિ સાલીભદ્રનામના શેઠ હતા. ૪૩૬

૨૪૯ એક માણસ હતો તે ઘણા પ્રકારના વેશ કાઢી ગામો ગામો ફરીને માણસોને બતાવતો ૪૩૯

૨૫૦ હું આ દુનિયામાં જન્મ્યો ત્યારે મારા પાસે કાંઈ હતું નહી ૪૪૫

૨૫૧ ૬૦ વર્ષની ઉંમર થઈ હતી તો પણ આને જગતના સુખની વાસના ટળી ન હતી ૪૪૭

૨૫૨ ભીલ વાલીયો લુંટારો હતો. ૪૪૭

૨૫૩ સારા ભગવાનના ભક્ત હતા તે રાજા પાસે નોકરી કરતા હતા ને રાજાના સુબા તરીકે ફરજ બજાવતા હતા. ૪૫૩

૨૫૪ ૫૦ બહેનો સંઘ કાઢી યાત્રા કરવા જતા હતા. ૪૫૭

૨૫૫ સંતોને વ્હાલા ભગવાન ૪૬૦

૨૫૬ ગ.પ્ર.પ્રનાર૩ ના વચનામૃતમાં માનસીપૂજાની વાત લખી છે. ૪૬૧

૨૫૭ શ્રીજી મહારાજ સંતો સાથે એક દિવસ કચ્છમાં માંડવીમાં પધાર્યા ૪૬૨

૨૫૮ મારા પિતાજી પાછળ સારો ઘડો કરવો. ૪૬૫

૨૫૯ નિતિ પ્રમાણે ઉદ્યમકરવો પણ અનિતિથી ધન ભેળુ કરવું નહી. ૪૬૭

૨૬૦ પોતાની હયાતીમાં જેતલપુર, ડભાણ આદિમાં વિષ્ણુયાગ કરાવતા હતા. ૪૬૯

૨૬૧ એક સમય મોરબીમાં ગયા ને શ્રીજી મહારાજ ત્યાં સભા કરી વિરાજમાન હતા ૪૭૨

૨૬૨ જુનાગઢ મંદિરમાં બે ગાયો દાનમાં આપવી. ૪૭૬

૨૬૩ આ કોણે બનાવ્યો ચરખો ચરખો નહી રહે સરખો ૪૭૯

૨૬૪ 'પ્રભુ તમવિના મારૂ કોણ છે, ૪૮૦

૨૬૫ ચકોર પક્ષીની વૃત્તિ ચંદ્રમાની સામી જ હોયે ૪૮૦

૨૬૬ ભમરો અને ગીંગો બંને મિત્ર હતા. ૪૮૧

૨૬૭ આપણે ભગવાન વિના બીજે સર્વે ઠેકાણેથી પ્રિતિ તોડી નાખવી ૪૮૨

૨૬૮ એક આત્મારામનામના દરજી હતા. ૪૮૩

૨૬૯ રસ્તામાં ચાલતા લાખો રૂપિયાનો હિરો મળ્યો ૪૮૬

૨૭૦ આજથી તમે અમારા ધર્મપત્ની ટળ્યા ૪૮૭

૨૭૧ "રટ રટ રે મન બાવરે એક નામહરિકો બીત જાત હે, ૪૮૮

૨૭૨ "આવો રૂડો અવસર રે, ઓળખવા એક હરિ મોંઘો ૪૮૯

૨૭૩ ભગવાન એના કર્મ પ્રમાણે રાજાને રંક બનાવે ને રંકને રાજા બનાવે ૪૮૯

૨૭૪ હું તો આ પગલા વાળાને આશરે બેઠી છું. ૪૯૧

૨૭૫ એક બ્રાહ્મણ માંગવા ગયા ત્યારે આ શેઠે તેને ચિંતામણી આપ્યો. ૪૯૩

૨૭૬ આપણે બધા આંધળા છીએ ને આ જગતના દરવાજાથી આગળ નીકળવું છે ૪૯૫

૨૭૭ દુર્લભો માનુષ્ય દેહો ૪૯૫

૨૭૮ જેમ મણીધર સર્પ હોયે તે વાંસડી વાગે ને જેમ તે વાંસડીના મધુર શબ્દોમાં ડોલ્યા કરે ૪૯૭

૨૭૯ ચાર વર્ણો તે ચાર વર્ણ કયા કહેવાયે ? ૫૦૫

૨૮૦ આજકાલના વિદ્યાર્થીઓ વિદ્યાકાળમાં પ્રેમમાં ફસાય છે. ૫૦૬

૨૮૧ ગૃહસ્થાશ્રમના નિયમો ૫૧૪

૨૮૨ ગોવિંદભાઈ તથા તેમના દિકરા જીજ્ઞેશ તથા તેમની દિકરી પ્રેમબાઈની વાત. ૫૨૦

૨૮૩ રાત્રે સૂતાં એક એકાંતિક સંતના પગમાં સર્પ વીંટવાયો તે વાત ૫૨૯

૨૮૪ નાનચંદભાઈને તેમના દિકરા જીતેન્દ્રભાઈની વાત ૫૩૦

૨૮૫ વાલજીભાઈ અને તેમના પત્ની રમાબાઈની ૧૨૫ જન્મોની બ્રહ્મચર્યની વાત ૫૩૮

૨૮૬ પ્રિતમભાઈ અને પ્રેમબાઈની અખંડ બ્રહ્મચર્યની વાત ૫૪૧

૨૮૭ માધવ નામના ભક્ત આત્મારૂપી વર્તતા હતા તે વાત. ૫૪૮

૨૮૮ આપણું જીવન બરોબર રાખીશું તો જ બીજા પર તેની અસર થાય તે ગુરૂ તથા તેના વીસ શિષ્યોની વાત ૫૫૦

૨૮૯ ભગવાનદાસની વાત ૫૫૬

૨૯૦ માવજી ભક્ત આંખે અંધ હતા છતાં ભગવાનનું ધ્યાન કરતા તે વાત. ૫૫૯

૨૯૧ શેઠ, સાહેબ, રાજા, ઈન્દ્રથી પણ મોટી પદવી ભગવાનના ભક્તની છે. ૫૬૧

૨૯૨ જેમાં કાયમ રહેવાનું ન હોય તે ધર્મશાળા જ કહેવાય. ૫૬૨
૨૯૩ આ કાયા જે આ દેહ તથા માયા જે આ દુનિયા તો તે સર્વે ખોટું છે. ૫૬૬
૨૯૪ તારા પાસે રૂપિયા હોય તો સારા કામમાં વાપર, કેમકે આ ધન કાંઈ દેહને અંતે ભેળું ચાલતું નથી. ૫૬૭
૨૯૫ ભજીલો ભગવાન આજીવન થોડું રહ્યું. ૫૬૭
૨૯૬ મનુષ્યનો જન્મપામીને તમે શું કરી કમાણી ? ૫૬૮
૨૯૭ ભગવાનનું ભજન કરો, આ ઉંમર વીતી જાય છે. ૫૬૯
૨૯૮ ઝાડ પર પંખી માળો બાંધીને રહેતા તે જંગલમાં લાય લાગી તે વાત. ૫૬૯
૨૯૯ શરીર છોડીને દુનિયામાંથી જવાનું થશે ત્યારે વાની ઢગલી બની જશે. ૫૭૧
૩૦૦ ચેતવું હોય તો ચેતી જાજો ગાડી ઉપડી જશે. ૫૭૧
૩૦૧ છાણીના હરિજન ભક્ત તેજાભાઈની વાત ૫૭૨
૩૦૨ અમદાવાદના મુસલમાન ભક્ત ડોસાભાઈની વાત. ૫૭૫
૩૦૩ વૈદ્ય ભગવાન મળ્યા છે તે ભવરોગ ટાળવાને માટે નાડી જોવાને માટે આવ્યા છે. ૫૭૯
૩૦૪ જેને ભગવાન ભજવાનો ખટકો છે તેને ભગવાન બધુ આપે છે. કીડીને કણ અને હાથીને મણ... ૫૮૦

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતૂરામ ॥

સત્શાસ્ત્રોમાં લખેલ છે કે દુર્લભો માનુષ્ય દેહો એનો અર્થ કે આ મનુષ્ય જન્મ બહુજ દુર્લભ છે તે આ મનુષ્ય જન્મને દેવો પણ માંગે છે, કે હે પ્રભુ અમારૂ પુણ્ય ભોગવતા કાંઈ બાકી પુણ્ય હોયે તો અમને ભરત ખંડમાં મનુષ્યનો જન્મ આપો, કેમ કે મનુષ્ય જન્મ વડે જ મોક્ષ સંબંધી કાર્ય થઈ શકે છે. તે મોટા સંતોએ કિર્તનમાં લખેલ છે કે ચિંતામણીમય દેહ મનુષ્યનો અધીક પુણ્યવંત પ્રાણી પાયે. આ ચિંતામણી તુલ્ય મનુષ્ય દેહ છે તેને ઘણાક પુણ્યવાળો જીવ જ આ મનુષ્યદેહને પામે છે. એવો આ ઉત્તમ મનુષ્યનો દેહ આપણાને મળ્યો છે ને વળી આ સત્સંગનો યોગ આપણાંને મળ્યો આવા દયાળુ સ્વામિનારાયણ ભગવાન મળ્યા તો આવા યોગને પામીને આપણે ભગવાનની ભક્તિ ભજન કરી આપણાં આત્માનું કલ્યાણ કરી લેવું ને આ છેલ્લો જન્મ કરી લેવો એ જ ખરૂં કરવાનું છે, પણ કેટલાક માણસો એમ બોલે કે શી ઉતાવળ છે ? આ જન્મે જો ભગવાનના ધામમાં નહી જવાયે તો બીજે જન્મે ભગવાનના ધામમાં જશું પણ બીજો જન્મ ક્યાં આવે ? એ કાંઈ આપણાાં હાથમાં નથી, ને બીજો જન્મ લેવો પડે તે સત્શાસ્ત્રમાં લખેલ છે કે છ લાખ ચોર્યાશી હજાર નરકના કુંડ છે તે નરકના કુંડમાં બહુજ દુઃખ છે, ને ત્યાં અપાર કષ્ટ ભોગવવું પડે છે. પણ એ છ લાખને ચોર્યાસી હજાર નરકના દુઃખો કરતાં પણ ગર્ભવાસમાં અધિક

દુઃખ છે. કેમ કે તેમાં ક્યાંય હવા ન આવે ખારૂં, ખાટું માતા ખાયે તેનું ગર્ભવાસમાં દુઃખ ભોગવવું પડે. આદિ ગર્ભવાસમાં બહુજ દુઃખ ભોગવવું પડે છે તેથી આ જીવ ગર્ભવાસમાં ભગવાનની બહુંજ પ્રાર્થના કરે કે હે પ્રભુ હે દયાળુ ભગવાન આ અપાર દુઃખમાંથી મને છોડાવો તો હું તમારૂં અખંડ ભજન કરીશ. તમારી આજ્ઞા બરાબર પાલન કરીશ માટે મને આ દુઃખમાંથી છોડવો. પછે ટાઈમ થાયે ત્યારે તે ગર્ભવાસમાંથી બાળકનો જન્મ થાયે ત્યારે બાળક બાળા સાદ કરે ઊવા ઊવા એમ જરા રૂંદન કરે તેનો અર્થ કે હવે બસ આ ગર્ભવાસમાંથી હું બારો નીકળી ગયો ને સુખી થઈ ગયો. પછે તે બાળક જેમ જેમ મોટો થાયે તેમ તેમ તેને આ લોકની માયા વળગતી જાયે ને ભગવાનનું ભજન જરાપણ કરે નહી. તે આ દુનિયાના મોજશોકમાં પડી જાયે ને પાપકર્મ કરે તેથી તેનો મોક્ષ ન થાયે, ને વળી કુતરા, ગધેડા, સાપ, સિંહ આદિ અનેક પ્રકારના જન્મ લેવા પડે ને અપાર કલેશ ભોગવવા પડે, પણ આ મનુષ્ય જન્મને પામીને સાચા સત્પુરૂષને ઓળખીને સાચે ભાવે સત્સંગ કરી ભગવાનનું ભજન કરી,ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરી લેશું તો જરૂર ભગવાન આ જીવાત્માનો મોક્ષ કરે છે ને મોક્ષ સંબંધી કાર્ય તો આ એક જ મનુષ્ય દેહમાં જ થાયે છે. એટલે જ આ મનુષ્ય જન્મ દુર્લભ કહ્યો છે. તે ભગવાનની દયાથી તથા પૂર્વેના પુણ્ય વડે આપણાંને જેવો જોઈએ તેવો આ સત્સંગનો યોગ પ્રાપ્ત થયો છે. તો આપણાંને ભગવાન પૂછશે કે તમોને

ભગવાન ભજવામાં શું ખામી હતી તે આપણે કાંઈપણ કહી શકશું નહી, માટે આવા યોગને પામીને આપણાં જીવાત્માના મોક્ષ સંબંધી કાર્ય કરી લેવું એ જ ખરો લાભ છે.

બીજું શ્રીજી મહારાજ એક સમય બોચાસણ ગામ પધાર્યા ત્યાં કાશીદાસ નામના બહુજ પ્રેમી સારા ભક્ત હતા. તેમને ઘેર શ્રીજી મહારાજ પધાર્યા ને તે ભક્ત શ્રીજી મહારાજને ખુબ જ પ્રેમથી થાળ કરીને જમાડ્યા. પછે તે ભક્ત ભગવાનને પોતાના ખેતરમાં લઈ ગયાને ભગવાનની આરતી ઉતારી ખુબ જ વિનયથી ભગવાનની પ્રાર્થના કરી કે હે પ્રભુ તમો આવા ને આવા અમને અખંડ દર્શન આપજો એ પ્રાર્થના સાંભળી ભગવાને પ્રકાશમાન તેજોમયરૂપે આ ભક્તને દર્શન આપ્યા તે આવા પ્રકાશમાન દર્શન કરવાને માટે અનેક ધામોથી તથા સ્વર્ગલોક આદિમાંથી અનેક વિમાનોમાં બેસી ઘણાં દર્શન કરવા આવ્યા ને તે ખેતરમાં ઘણાંક વિમાનો ઉતર્યા ને સર્વેએ ભગવાનના પ્રેમથી દર્શન કર્યા. તેથી આજે પણ તે ખેતર વિમાનીયું કહેવાયે છે, ને ત્યાં જે દર્શન કરવા જાયે છે તેને શાંતી શાંતી થઈ જાયે છે.

બીજું આપણે હંમેશાં નાહી ધોઈ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું, કેમ કે ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળી જાય છે. પછે તે ભક્તે તિલક ચાંલ્લો કરી ભગવાનની માનસીપૂજા કરવી. તે માનસીપૂજામાં ભગવાનને હેતે કરીને ભેટવું તથા ભગવાનના ચરણારવિંદ છાંતીમાં લેવા ને પછે ખુબજ ભગવાનની પ્રાર્થના કરવી ને પછે પૂજા કરીને પછે જ

પોતાનું વ્યવહાર કાર્ય કરવું. તે વ્યવહારિક કાર્ય કરતાં પણ ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખીને જ દરેક કાર્ય કરવું પણ અંતરમાં જગત ન ભરવું, કેમ કે જગત તો અનાદિકાળથી અંતરમાં ભર્યું છે પણ જ્ઞાને કરીને તે જગતને ટાળવું ને વિચારે કરીને અંતરમાં જગત ન ભરવું ને દરેક કાર્ય કરતા ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી સાચું સુખ: તો ભગવાનની મૂર્તિમાં જ છે. માટે એ મૂર્તિમાંજ અતિશય હેત કરવું ને આ લોકની બધી વાસના નિર્મૂળ કરી દેવી એ જ આ મનુષ્ય જન્મનો ખરો લાભ છે ને સાચે ભાવે સત્સંગ કરવાનું પણ સાચું ફળ એ જ છે.

બીજુ ક્ષણે ક્ષણે સમય ચાલ્યો જાયે છે ક્યારે આ દેહ પડશે, તે નિમિષ માત્ર નો પણ ભરોસો નથી. પરીક્ષિત રાજાને જાણવા મળ્યું કે સાત દિવસમાં પોતાનું મુત્યુ થાશે તેથી તેમણે શુકમુનિ પાસે ભગવાનની કથા સાંભળતાજ તેને જ્ઞાન થયું ને મોક્ષ થયો. શુકમુનિ ભગવાન વ્યાસના દિકરા હોવા છતાંય સદાય આંખો મીંચીને સતત ધ્યાન કરતા હતા. ત્યારે એક વાર નારદ ઋષિ તેમની પાસે જઈ ભગવાનના સ્વરૂપનું, ભાવવિભોર થઈ શ્લોકમાં વર્ણન કરી ગાયું તે સાંભળતાજ ધ્યાન માંથી જાગત થયા ધ્યાન કરતા જે તેમને આનંદ થતો તેના કરતા આ સાંભળ્યું તેથી તેમાં તેમને ઘણું સુખ આવ્યું. નારદજીએ પૂછ્યુ **કે કેમ આમા તમને આનંદ આવ્યોના.** એકલા ધ્યાનથી ભગવાન રાજી નથી થતા, આવું વાંચન પણ તમે કરો અને બીજાને પણ તમો સંભળાવો

જેથી જીવનું કલ્યાણ થાય. તમારા પિતા જે વ્યાસજીએ આવા કેટલાય પુસ્તકો લખ્યા છે આથી શુકમુનિ તે ભાગવત શીખ્યા તે ભાગવત કથા તેમના જેવી સારી કોઈ કહી શકતું નથી. તેમણે પરિક્ષિત રાજાને ભાગવતની કથા સંભળાવી. તેથી પરિક્ષિત રાજાને ભગવાનનું મહાત્મય બરાબર સમજાણું તેથી તેમનો સાત દિવસમાં મોક્ષ થઈ ગયો. તેવી જ રીતે આપણાંને ભગવાનનું મહાત્મય સમજાઈ જાય તો આ પંચ વિષયના સુખમાંથી રાગ ટળી જાયને ભગવાનની મૂર્તિના સુખમાં તદલીન બની જાય ને તેનો મોક્ષ થઈ જાય.

બીજુ **અમદાવાદના પ્રથમના વચનામૃતમાં કહ્યું છે કે એક આંખમાં સૂર્યનું ધ્યાન કરવું ને બીજી આંખમાં ચંદ્રનું ધ્યાન** કરી અદલ-બદલ કરી તેવા પ્રકાશ વચ્ચે મહારાજ તેજોમય સ્વરૂપે બેઠા છે. તેનું ધ્યાન કરવા કહ્યું છે તથા અમદાવાદ ના બીજા વચનામૃતમાં બે પ્રકારના ભક્તની વાત કરી છે. (૧) નાહી ધોઈને પૂજા કરે છે (૨) મળ મૂત્ર ભર્યો થકો પૂજા કરે છે. તેમા શ્રેષ્ઠ કોણ? ત્યાં કહેલું છે કે નાહીને પૂજા કરતો હોય પણ મનમાં બીજા વિચારો આવતા હોય તો તે પૂજા કનિષ્ટ છે. પણ જેનું મન અને અંત:કરણ સ્વચ્છ છે તેનીજ પૂજા શ્રેષ્ઠ છે, ને તે જ પૂજાને મહારાજ અંગીકાર કરે છે . બીજું શ્રધ્ધા, સત્સંગને સારૂં શરીર, એ ત્રણ સારા હોય તો ભગવાનને પ્રેમથી ભજી શકાય.

બીજું આપણા પર ભગવાને ઘણી દયા કરી ને આવો યોગ આપ્યો તો સાચે ભાવે સત્સંગ ભજન કરી લેવું ને અનાદિ કાળથી જે માયા આ જીવને વળગી છે, તે ભગવાનનું ભજન

કરી ને ટાળી નાંખવી. ને આપણે માળા, માનસીપૂજા, કથા વાર્તા ધ્યાન ભજન કરવામાં કાળજી રાખવી ને હાલતા ચાલતા દરેક વ્યવહારીક કામ કરતા મનમાં મનમાં સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું જેથી આપણી દરેક કસર ટળી જાય છે.

શરદ ઋતુમાં જેવુ નિર્મળ પાણી હોય તેવું સ્વચ્છ અંત:કરણ રાખવું. મનમાં વિચાર થાય તે તરત ઓળંખવા જોઈએ.

બીજું "અનુભવી આનંદમાં, બ્રહ્મરસના ભોગી રે,
જીવનમુક્તા જોગીયા અંતર અરોગી રે, - અનુભવી."

બીજું એક વાર પણ **જો એ આનંદ અનુભવીએ તો જગતના બધા ભોગ મિથ્યા લાગે** તથા ફિક્કા લાગે. બીજુ પતંગ ચગાવીએ ત્યારે દોર હાથમાં હોય છે. તેમ વિચારનો દોર હાથમાં હોવો જોઈએ. હું ચૈતન્યરૂપ આત્મા છું! મને આવા ભગવાન મળ્યા છે! તેનો કેફ રાખવો. બીજુ ભગવા કપડા રંગવાથી સાધુ નથી થવાતું પણ મન રંગાવું જોઈએ. મેલા કપડા પર રંગ ન ચડે તેમ સ્વચ્છ અંત:કરણ વગર ભગવાનમાં પ્રેમ થતો નથી. જેટલુ અંત:કરણ શુધ્ધ, તેટલો આનંદ ને તેટલીજ શાંતિ વધારે અંતરની શાંતિ તેજ સાચુ સુખ છે. બીજુ બે ભાઈઓ હતા નાના ભાઈને ટીબી થઈ ત્યારે દવાની શોધ થઈ નહતી. નાનો ભાઈ ભજન કર્યા કરે. ભક્ત હતો તેને ભગવાન ધામમાં લઈ ગયા. બીજા હાજર હતા તેમણે સર્વે એ સ્વામિનારાયણ ભગવાનના દર્શન કર્યા તે નાના ભાઈની કોઈ વાસના ઈચ્છા રહી નહોતી. બીજુ સત્સંગમાં આવ્યા પછી જેટલી કચાસ રહે છે તે પોતાની આળસને કારણે રહે છે. જેટલી આપણે ભક્તિ વધારે કરીશું તેટલુ સુખ ને

આનંદ વધારે આવશે. નાનુ વાછરડું જન્મીને તરતજ ગાયને ધાવે છે. નાનું બાળક પણ માતાને ધાવે છે. તેને કોણે શીખડાવ્યું? એ તો અનાદિ કાળથી જગત અંદર ભર્યું જ છે કેટલાય જન્મો થયા. આપણે જાણીએ છીએ છતાંય આ માયાના આવરણથી આપણે ભગવાન ભુલી જઈએ છીએ. એ આપણી કસર કહેવાય. માટે આપણી એ કસર ટાળી નાંખવી ને ભગવાનની મૂર્તિ સંભાળવી.

બીજુ જીવમાં જગત અનાદિ કાળથી ભર્યું છે તેને કાઢીને ભગવાનને અંતરમાં રાખવા. બીજુ એક ભરવાડ સાધુને મળ્યો તેણે સાધુને પુછ્યું કે ભગવાનનું નામ શું લઉં ? ત્યારે સાધુ કહે "ગોપાળજી ભરવાડને યાદ ન રહ્યુ. ગુચાળજા ગુંજળજા સમજીને બોલ્યા કરતો પણ સાચા ભાવથી બોલતો હતો તેથી તેને ભગવાને દર્શન આપ્યા. ને તે ભરવાડનું ભગવાને કલ્યાણ કર્યું તેવીજ રીતે આપણે સાચી ભાવનાથી આપણા ઈષ્ટ દેવ સ્વામિનારાયણ ભગવાનને દરેક કામ કાજ કરતા સંભારવા જેથી ભગવાન આપણું જરૂર કલ્યાણ કરશે.

બીજુ કિર્તનમાં લખ્યું કે "બ્રહ્માનંદના વ્હાલા, તમ સંગ મળતા, ઘડી ઘડી દિવાળી..... એમ આપણે ભગવાનની મૂર્તિના સુખમાં આનંદ રાખવો.

બીજુ કૃપાનંદસ્વામી સારા સંત હતા તેમને ભગવાન સિવાય જો બીજો સંકલ્પ થાય તો, લોખંડનો ગરમ સળીયો ગળામાં નાખે તેવું દુ:ખ થાતું. એવી રીતે **ભગવાનનમાં અખંડવૃતિ રાખવી.** બીજુ આપણાને નામનું,ગામનું અને જાતનું દ્રઢ જ્ઞાન

થઈ ગયું છે કોઈ આપણા નામની બુમ પાડે તો નજર ત્યાં જાય. પણ આપણે વિચાર કરવો કે આપણે દેહ નથી આત્મા છીએ. આત્માને ભગવાનંના મહાત્મયનો એવો નિશ્ચય થાય તો તરત મોક્ષ થઈ જાય. બીજુ ભુજમાં નરનારાયણ દેવની મૂર્તિ ચમત્કારી છે. બીજું ભુજના સુંદરજીભાઈ એ મહારાજને પશ્ન પુછ્યો કે ધ્યાન કેમ કરવું ? મહારાજે પોતાની પ્રકાશિત, દિવ્ય, શાંત ને તેજોમય મૂર્તિના દર્શન કરાવ્યા ને કહ્યું કે "આ મૂર્તિનું ધ્યાન કરવું." બીજું ૭ વર્ષ મહારાજ કચ્છમાં રહ્યા હતાં. ગંગારામ મલ્લ પણ પ્રેમી ભક્ત હતા. શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવવાના સમયે અસૂરે હેરાન કરતા હતા. તેથી શ્રી નરનારાયણ દેવના મંદિરના બારણાં રાત્રે અચાનક ખુલી ગયા. ને બન્ને દેવો બહાર નીકળીને અસૂરોને બેચાર લાકડી મારી પાછા મંદિરની અંદર આવી ગયા. પછી બારણાં બંધ થઈ ગયા. બીજુ ભુજના સાંખ્યોગી બાઈ સુરજબાબેન પણ તેવાજ પ્રેમી ભક્ત હતા. કોઈ ભક્તે ભગવાનને જમાડવા થાળ કરાવ્યો હતો. તે થાળ ત્રણ વખત લઈ જતા તે થાળ પડી ગયો. મહારાજ ન જમ્યા એટલે કોઈ સંતો વગેરે પણ ન જમ્યા બપોરે ચાર વાગે મહારાજે તે બાઈ ને દર્શન આપ્યા ને બાઈને વાત કરી કે જેના થાળ હતા તે પાપી હતા તેથી તે થાળ અમો જમ્યા નહી. પછે તે બાઈએ રોટલો, ગોળ, દહીંનો થાળ જમાડ્યા. તે ભગવાન સાક્ષાત છે. બીજુ માનકુવામાં પ્રસાદીનું લીંમડાનું ઝાડ હતું ત્યાં મહારાજ સભા કરતા હતા. બીજુ વાલજીભાઈ ભક્તની વાત છે કે તેમની દિકરી સાસરેથી ૧૦ દિવસ થયા ને ઘેર આવી પણ વાલજીભાઈ

પોતાની દિકરીને ઓળખી ન શકયા! તેમણે બીજાને પૂછ્યું કે આ નવલા બાઈ કોણ છે? તે વાલજીભાઈની વૃતિ અખંડ ભગવાનમાં જ રહેતી હતી. તેમણે પોતાના દેહનું કે બીજા કોઈનું ભાન રહેતું ન હતું. ભગવાનનું સતત ધ્યાન કર્યા કરતા તેમજ બીજા ભક્ત પણ એવાજ પ્રેમી ભક્ત હતા. જ્યારે સંતો તેની વાડીએ નાવા જાય ત્યારે પહેલા જય સ્વામિનારાયણ કહેતા. એક વાર સંતો એ તેમને જય સ્વામિનારાયણ કહ્યા વગર સંતો ન્હાવા ગયા નાહી ને વળતા જય સ્વામિનારાયણ કહ્યું તો પટેલે પુછ્યું ન્હાવા નથી જવું? ત્યારે સંતો કહે નાહી આવ્યા જુઓ આ ભક્તની ભગવાન સિવાય ક્યાંય બીજે વૃતિ રહેતી નહિ. નિરંતર ધ્યાન જ કર્યા કરે. બીજુ શુકમુનિ કાગળ લખતા હતા ત્યારે દીવો ઓલવાઈ ગયો, અંધારૂ થઈ ગયું મહારાજે પોતાની મૂર્તિમાંથી તેજ પ્રગટાવ્યું. તો પણ શુકમુનિ કહે કાંઈ દેખાતું નથી. પછી મહારાજે અંગુઠા માંથી તેજનો પ્રકાશ કર્યો તે પ્રકાશ માં શુકમુનિ એ કાગળ લખ્યો. બીજુ એક ગામમાં એક સારા સત્સંગી હરિભક્ત હતા તે વ્યવહારિક કાર્ય પોતે બધુ કરતા પણ દરેક કાર્યમાં ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખતા હતા તેવીજ રીતે તમે બધા ગૃહસ્થાશ્રમમાં ભલે રહો, વ્યવહારનું કાર્ય ભલે કરો પણ ભગવાનની મૂર્તિને સંભાળવાનો અભ્યાસ કરવો જો આપણે કાળજી રાખી ભજન કરીએ તો દયાળુ ભગવાન પોતાના ભક્તો ભેળા ભળી દરેક કાર્ય કરે છે માટે આપણે કાળજી રાખી ભજન કરવું.

બીજું **આપણા આગળના જન્મના પુણ્યથી આજે આવો**

આપણાને સત્સંગનો યોગ મળ્યો છે તો આપણે ભગવાન ભજી છેલ્લો જન્મ કરી લેવો. બીજુ એક બ્રાહ્મણ તીર્થ યાત્રા કરવા ગયો હતો તે શિયાળાની ઋતુમાં ગંગામાં હાથ ધોવા જતા પગ લપસ્યો તો કહે હવે લપસ્યો તો ગંગામાં માટે ગંગા માં નાહી લેવું. પછે તેણે ગંગામાં નાહી લીધું. તેમ આપણે ભગવાનની પ્રેમથી ભક્તિ કરવી. બીજુ એક ગુરૂ હતા તેમણે તેના શિષ્યને કહ્યુ કે મને અંત કાળે ભગવાન તેડવા આવશે ને દેવો નગારા વગાડશે. ને પુષ્પની વૃષ્ટિ થશે. તે મુજબ તેને અંત કાળ આવ્યો, પણ નગારા વાગ્યા નહી આદિ કાંઈ ન થયું. આથી બધા શિષ્યો મુઝાયા પણ એક ડાહ્યો શિષ્ય હતો. તે જ્યાં ગુરૂ સૂતા હતા ત્યાં જઈ ને સુતો ઉપર બોરડીના ઝાડમાં પાકુ બોર જોયું . તેણે તે બોર તોડ્યું. અંદર ઈયળ હતી તે થોડી વારમાં તે ઈયળનો દેહ પડતાં જ નગારા વાગ્યાને પુષ્પનીવૃષ્ટિ થઈ આટલા મોટા સંત હોવા છતા બોરમાં વાસના રહી જતા ઈયળ થવું પડ્યું. તેમ બીજા એક ગુરૂની વાત તે ગુરૂ આગળ એક ભક્તે આઠઆના મુક્યા. તે ગુરૂએ પોતાની પૂજામાં રાખ્યા. તે ગુરૂએ દેહના અંતે તે પોથી પોતાના એક શિષ્યને આપી હતી. ગુરૂનો દેહ પડી ગયો ને તેમની થાપણ રહી ગઈ. કોઈ સમય મહારાજ ફરતા ફરતા એક વાર ત્યાં આવ્યા ને મહારાજે તે શિષ્ય પાસેથી તે પોથી ખોલાવી તો તે ગુરૂની વાસના આઠઆનામાં રહી ગઈ તેથી તે સર્પ થયા. તે ગુરૂ હતા તો પણ તેની વાસના આઠ આનામાં રહી જતાં સર્પ થવું પડ્યું. માટે ગુરૂએ ધનની વાસના ન રાખવી અને ધન રાખવું પણ નહિ. બીજુ સ્ત્રીમાં વાસના રહી

જાય તો ભુત થાય છે. ને ધનમાં વાસના રહીજાય તે સર્પ થાય છે. માટે સર્વે માંથી વાસના ટાળીને સર્વે સુખના નિધિ ભગવાનને જાણી અને તે માધુરી મૂર્તિને વિષે જ પ્રિતી કરવી તેજ ખરો લાભ છે.

બીજું એક દિવસતો આપણે સર્વેએ જવાનું છે આપણે માયાના મુળિયા પાતાળમાં એવા સજ્જડ ચોટાડ્યા છે કે તેને ઢીલા કરતા કઠણ પડે છે તે કુટુંબ ઘર વગેરેના મુળિયા સજ્જડ ચોટાડ્યા છે પણ ભગવાનનો મહિમા સમજી ભગવાનમાં પ્રેમ કરી ને એ માયાના મુળિયા આપણે કાઢી નાંખવા તે માયાના મુળિયા કાઢી નાંખીશું તોજ આપણો મોક્ષ થશે. માટે આપણે કાળજી રાખી તે મુળિયા કાઢી નાખવા. બીજા એક રાજા હતા તેની રાણી અને તેનો કુંવર ત્રણે ભગવાનની અનન્ય ભક્ત હતાં. એક વખત વિપત્તિ પડતા રાજગાદી ચાલી ગઈ. ભૂખે જંગલમાં ફરતા ૪૯ અપવાસ થયા. ૫૦માં દિવસે થોડુક અન્ન મળ્યું પણ તેમણે એવો નિયમ કે ભિક્ષુકને જમાડ્યા વિના અન્ન ન જમવું તે ભિક્ષુક આવ્યો, તેને જમાડ્યો ને પોતે ભુખ્યા રહ્યા તેમ ગૃહસ્થનો નિયમ હોવો જોઈએ કે પહેલા ભિક્ષુકને જમાડી ને પછે પોતાને જમવું જોઈએ. બીજુ ગંગાબા નામના એક સ્ત્રી ભક્ત હતા. દરરોજ ભિક્ષુકને જમાડીને પછે જમવાનો નિયમ. એક સમય મહારાજ નીલકંઠવર્ણી સ્વરૂપે તપસ્વીરૂપે મહારાજ જેતલપુરમાં તળાવ કિનારે બેઠા હતા. તે બાવારૂપે ભગવાનને ગંગામાં કહે મારે ઘેર જમવા પધારો ત્યારે બ્રહ્મચારી રૂપે ભગવાન કહે મને તેડીને લઈ જાયો તો ચાલું ગંગામાં તે બ્રહ્મચારીને તળાવમાં

નવરાવી તે બ્રહ્મચારીને તેડીને પોતાને ઘેર જમવા લઈ ગયાને બ્રહ્મચારીને પ્રેમથી જમાડ્યા તેથી તે બ્રહ્મચારી રાજી થયા ને તે બ્રહ્મચારીનું રૂપ અદ્રશ્ય કરી ભગવાન સ્વરૂપે દર્શન આપ્યા. તે દર્શન કરી ગંગામાં બહુ રાજી થયાને પ્રાર્થના કરી. બીજું એક ભક્તે એક મહિનો અપવાસ કર્યા તેથી તેને ભગવાને દર્શન આપ્યા તે ભક્તને ભગવાન કહે મારા પાસે કાંઈ માગો તો તેમણે જમવા આદિક ન માંગતા આખા બ્રહ્માંડનું દુઃખ માગ્યું. બીજુ એક સંતે કહ્યુ કે "કાલ કરવું તે આજ કર આજ કરવું તે અબ મુળ વિનાનું ઢોકલું ઢળી પડશે ઢબ પછી કરેગા કબ."

બીજું **કરોડો જન્મના પુણ્યથી આપણને આવો દિવ્ય સત્સંગનો યોગ મળ્યો છે** તે આપણે કાળજી રાખી ભજન કરી લેવું. બીજુ આપણે કોઈ સંતો હરિભક્તોનો અવગુણ લેવો નહિ. દરેકના ગુણ લેવા ત્યાં દ્રષ્ટાંત કે સો માણસો જમતા હોય તે સર્વે આપણાને એક એક કોળીયો આપે તો આપણી થાળી ભરાઈ જાય તેમ સર્વેનો ગુણ લઈએ તો આપણા અંતરમાં શાંતિ થાય. બીજુ આપણાને કોઈ મારવા આવે તો આપણાને બીક લાગે છે કેમકે આપણામાં જીવ છે તેમજ ઝાડમાં પણ જીવ છે તો આપણે કોઈ જીવ પ્રાણી માત્રનો દ્રોહ ન કરવો.

બીજું બગાસું ખાતા કોઈ સાકરનો ગાંગડો મો માં મુકે તો તમે શું કરો ? જમી લ્યો. એમ આપણ ને સહેજે સહજે ભગવાન મળ્યા છે તેનો કેફ રાખવો. પહેલા તો ભગવાન મેળવવા ટાઢ, તડકો, ભૂખ-તરસ સહન કરી તપ કરતા. તો પણ ભગવાનનું દર્શન માંડ થતું. પણ આજે તો આપણાને સારો યોગ મળ્યો છે,

તો આપણે ભગવાન ભજી આપણા જીવનું કલ્યાણ કરી લેવું. બીજું આપણે વર્તમાન ધરાવતી વખતે કહીએ છીએ કે તન, મન અને ધન બધુજ તમને અર્પણ કરું છું. એટલે ભગવાને બાંધેલા નિયમોનું પાલન કરવું ને ભગવાનની આજ્ઞામાં બરાબર વર્તવું તે તન અર્પણ કર્યું કહેવાય ને ઈન્દ્રીયોને નિયમમાં રાખવી તે મન અર્પણ કર્યું કહેવાયે. એટલે ભગવાન સિવાય બીજો કોઈ સંકલ્પ ન કરવો. સતત ભગવાનનું ચિંતન કરવું ને ધન અર્પણ કરવું એટલે સારા કામમાં ભગવાન અર્થે ધન વાપરવું પણ ફેલ-ફતુરમાં ક્યાંય પૈસા ન વાપરવા ને એ ધન અર્પણ કર્યું કહેવાયે. શ્રીજી મહારાજે સંતો હરિભક્તો ઉપર ઘણાં કાગળ લખ્યા છે તે એક હિન્દીમાં કાગળ લખ્યો હતો તેમા લખ્યું છે કે ***"मेरा और जो अवतार हुअे थे ये और कामों के लीये थे, ये मेरा अवतार जीवकां मूळ अज्ञान टालने वास्ते है"*** બીજું એક સારા સંત હતા તેમણે સારા હરિભક્તને પુછ્યું કે, કેમ ભક્ત, ભગવાન ધામમાં લઈ જાય તો તૈયાર છો ને ત્યારે તે ભક્ત કહે હા સ્વામી હું તૈયાર છું ત્યારે મોટા સ્વામીએ તેમના નાના સ્વામીને કહ્યું કે મારા ખડિયામાં પ્રસાદીનો પત્ર છે તે લાવો આ ભક્તને સાંભળીયે એટલે ભગવાન તેમને ધામમાં તેડી જાય એટલે તે ભક્ત બોલ્યા કે સ્વામી હમણા થોડી વાર ઉભા રહો હું મારા દિકરાને ભલામણ કરી આવું ત્યારે મોટા સ્વામી કહે હવે હમણાં ભગવાન તેડવા નહિ આવે. બીજુ લક્ષ્મણજી ને બાણ વાગ્યું લક્ષ્મણજી બેભાન થયા ત્યારે હનુમાનજી વિશલ્યકર્ણી ઔષધિ લેવા ગયા. રાવણની યોગકલાને લીધે તે બધા ઝાડોમાં દીવા થઈ ગયા પછે આકાશવાણી

ચાલ્યા જ કરે ને પાછળ ચાલે તો પાછળ રહી જાય. નિરંતર ભગવાનની મૂર્તિમાંજ વૃતિ રહેતી બીજો કોઈ સંકલ્પ તેમને ન હતો. મહારાજે તેમને આજ્ઞા કરી તો તે સંતો કહે "અમને કાંઈ વાર્તા કરતા નથી આવડતું પછે શ્રીજી મહારાજે તેમને કહ્યું કે આ સ્વામિનારાયણ ભગવાન છે અને તેને શરણે જાઓ તો તમારો મોક્ષ થાશે નહિતર યમપુરીમાં જાશો એમ કહેજો." તે વાત સાંભળીને સંતો ઉમરેઠ આવ્યા. ઘણા માણસો આવે પણ કાંઈ બોલે નહિ. છાના માના બેઠા બેઠા ધ્યાન કર્યા કરે. ઉમરેઠના બ્રાહ્મણોને નવાઈ લાગી ને પછી બધાને થયું કે આ સંતો સાચા છે. સંતો બેજ વાત કરે બાકી સ્મરણને ધ્યાન કર્યા કરે તે જોઈ થોડાક દિવસમાં ઘણા સત્સંગી થયા. પછી બન્ને સંતો પાછા મહારાજ પાસે આવ્યા. મહારાજે પૂછ્યું સત્સંગી કર્યા તો સંતો કહે મહારાજ એતો તમે જાણો. કેટલા માણસો આવતા જતા તેની ખબર અમને નથી. થોડાક દિવસ પછે ઉમરેઠના સત્સંગી દર્શન કરવા આવ્યા. મહારાજે પૂછ્યું ક્યાંના છો? તો કહે ઉમરેઠના છીએ તેમને બીજા સંતો કહે કે આ સ્વામિનારાયણ ભગવાન છે તેમના દર્શન કરો ત્યારે તે કહે અમારા ગુરૂ કહે તો દર્શન કરીએ. પાછળ બન્ને સંતો બેઠા હતા તેમને આ સત્સંગીયો નમસ્કાર કરી દર્શન કર્યા. ગુરૂએ કહ્યુ કે આ સ્વામિનારાયણ ભગવાન છે પછે ભગવાનને દંડવત્ પ્રણામ કરી પ્રાર્થના કરી. ને ભગવાનના દર્શન કરીને બહુજ રાજી થયાને પછે પોતાને ઘેર ગયા ને ઘેર ખુબજ ભગવાનનું ભજન કર્યુ ને દેહને અંતે ભગવાન તેમને ધામમાં લઈ ગયા. બીજું ભગવાનના સંતોનો

થઈ તેથી તે પર્વત ઊંચકી લાવ્યા. ને તેમાંથી વિશલ્યકર્ણી ઔષધિ લાવીને લક્ષ્મણજીને પાઈ તેથી લક્ષ્મણજી સજીવન થયા. તે વચનામૃતમાં લખેલ છે કે આ જીવને પંચવિષયના ઘા વાગ્યા છે તે ભગવાનના જ્ઞાન રૂપી વિશલ્યકર્ણી ઔષધિએ પંચવિષયના ઘા નીકળી જાય છે માટે આપણે જેમ બને તેમ ભજન વિશેષ કરવું.

બીજુ વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા સમયે શાસ્ત્રીઓ, વિદ્વાનો, બ્રાહ્મણો આવ્યા હતા. તે સ્વામિનારાયણ ભગવાનને ભગવાન નહોતા માનતા. તે કહે તમે ભગવાનપણું બતાવો તો તમે ભગવાન ખરા, ત્યારે મહારાજની ઈચ્છાથી તેમણે બધાને લક્ષ્મીજીની મૂર્તિ નારાયણ દેવની જમણી બાજુએ દેખાઈ. બધાએ કહ્યુ કે તમે ભગવાન છો પણ મૂર્તિની પ્રતિષ્ઠા કરતાંય નથી આવડતી. ભગવાન કહે અમો બરોબર પ્રતિષ્ઠા કરી છે ચાલો આપણે બધા સાથે જઈએ બધા સાથે ગયા ત્યાં જોયું તો લક્ષ્મીજીની મૂર્તિ પાછળથી ચાલીને નારાયણદેવની ડાબી બાજુએ ગોઠવાઈ ગઈ. ત્યારે બધાએ વાત સાચી માની કે આ ભગવાન ખરા. બીજુ ઉમરેઠમાં કોઈ સત્સંગી ન હતા. મહારાજ પોતે ત્યાં ગયા. કથા વાર્તા કરી પણ સત્સંગી કોઈ ન થયા. સંતો કિર્તનકરી ગયા તો પણ કોઈ સત્સંગી થયા નહિ. પછે મહારાજે બે ભોળા જેવા સંતોને મુક્યા. બન્ને અતિશય ભોળા જેવા જેમને ડાબો હાથ કયો અને જમણો હાથ કયો તેની પણ ખબર ન પડે! ખાવા બેસે તો પાંચથી નવ લાડુ ખાય. કહો બસ એટલે અટકી જાય. આગળ ચાલતા હોય તો આગળ

ક્યારેય દ્રોહ ન કરવો. બીજુ ચિત્રકેતું રાજાને ૧ કરોડ સ્ત્રી હતી પણ ગૃહસ્થની શોભારૂપ છોકરો નહિ. તેણે ભગવાનને પ્રસન્ન કર્યા. ભગવાન કહે તારા સાત જન્મમાં પુત્ર નથી.

બીજું એક સારા સદ્‌ગૃહસ્થ હતા પણ તેમને ત્યાં પુત્ર નહી તેથી તેના મનમાં શાંતિ ન હતી એ એક દિવસ તેમને ઘેર સારા સંત આવ્યા ને આ સંતને પ્રેમથી જમાડ્યા તેથી તે સંત રાજી થયાને શેઠને માંગવાનું કહ્યું તેથી પોતાને ત્યાં પુત્ર નહી તે વાત કરી તેથી તે સંત રાજી થયા ને બોલ્યા કે જાયો તમારે ત્યાં દો લડકા આવેકા, પછે તે સંતના આશીર્વાદથી બે પુત્રનો જન્મ થયો તેથી તે શેઠ બહુ રાજી થયા ને વળી થોડા સમય પછે તે સંત તે શેઠને ઘેર આવ્યા. શેઠે તે સંતની ઘણી પ્રાર્થના કરી ને તે સંત પણ બહુજ રાજી થયા ને પછે સંત ચાલ્યા ગયા. આમાં કહેવાનું કે સાચા સંત રાજી થાયે તો તેના સર્વે મનોરથ પુરા થાય છે, ને તે સર્વ પ્રકારે સુખી થાયે છે માટે સારા સંતના આશીર્વાદ લેવા.

બીજું **તમારા મનમાં શાંતિ હોય ત્યારે એમ સમજવું કે ભગવાન અને ભગવાનના સંતો રાજી છે.** પણ જ્યારે અશાંતિ હોય ત્યારે એમ સમજવું કે ભગવાન કે ભગવાનના સંતો બરાબર રાજી નથી. બીજુ એક વૃતિથી ભગવાનનું સ્મરણ કરો બીજી વૃતિથી વ્યવહારિક કામકાજ કરો. દરરોજ રાત્રે સુતી વખતે તથા સવારે ઉઠતી વખતે ભગવાનનું ધ્યાન કરો, રજાને દિવસે ભગવાનની ભક્તિ વધારે કરો. એક કથામાં દરરોજ બેસતા હો, તો તે રજાના દિવસે બે કથામાં બેસો. બીજુ કુમળી ડાળીહોય તો તેને જેમ વાળવી હોય તેમ વાળી શકાય. પણ જાડુ થડ થયા

પછી તેને વાળી ન શકાય. તેમ આ નાની કે યુવાની ઉંમરમાં જે સંસ્કાર પડશે તેમાં સારૂ થશે પછી વૃધ્ધ અવસ્થામાં આ ટેવો પડશે નહિ. બીજું ભગવાન ભજવામાં કાળજી રાખીશું તેમ સારૂ થશે. બીજુ સવારે સુર્યોદય પહેલા જાગવું પોતાની ઉમર જેટલી માળા ઓછામાં ઓછી ફેરવીયે તો ભગવાન રાજી થાય. જે કાંઈ કચાસ રહે છે તે આપણી આળસને કારણે રહે છે. જેટલી આળસ ઓછી કરીને ભક્તિ વધારે કરીશું તેટલું સારૂં થશે. બીજુ આજ કરો કે કાલે કરો. આ જન્મે કરો કે બીજે જન્મે કે સો કે હજાર જન્મે કરો. પણ કરવાનું તો આ જીવને આ જ છે, તો પછી શામાટે કચાસ રાખવી. આજે ભગવાનની દયાથી સત્સંગનો સારો યોગ છે તો આપણે સાવધાની રાખી ભજન કરી લેવું.

બીજું **અમદાવાદના ભક્તો મહારાજ પ્રત્યે બહું પ્રિતી વાળા હતા.** તે મોહનભાઈ ને ઘેર મહારાજ સંતો સાથે પધાર્યા. મોહનભાઈએ સુંદર બાજોઠ ઉપર બેસાડી કેસર ચંદન ચર્ચી પુષ્પહાર પહેરાવી થાળ જમવા આપ્યો ખુબજ પ્રેમથી મહારાજ થાળ જમ્યાં. તેના બાજુમાં જ રળિયાતબાઈ રહેતા તેને ભગવાનમાં શ્રધ્ધા પણ આ સ્વામિનારાયણ ભગવાન છે એમ શ્રધ્ધા નહોતી. તેમણે મનમાં સંકલ્પ કર્યો કે ભગવાન મારૂ નામ લઈ ને ઘરમાં આવે, મે ગુલાબપાક, કોપરાપાક કર્યા છે તે માંગે તો માનું કે આ ભગવાન ખરાં. મોહનભાઈને ત્યાંથી મહારાજ નીકળ્યા ને બાજુના ઘરમાં આવવા લાંગ્યા. બીજા હરિભક્તો કહે અહીં કોઈ સત્સંગી નથી રહેતું મહારાજ કહે ચાલો તો ખરા. મહારાજે રળિયાતબાઈનું નામ લઈ બારણું ખખડાવ્યું. ત્યારે થોડી ખાત્રી

થતા બારણું ખોલ્યું પછી મહારાજે બાઈએ જે સંકલ્પ કર્યો હતો તે જ પ્રમાણે ભગવાને કર્યું તેથી તેને ભગવાનને વિશે અચળ દ્રઢ નિષ્ઠા થઈ. મહારાજને પ્રણામ કર્યા. મહારાજની પ્રાર્થના કરી. બીજું આ ઘનશ્યામ મહારાજ સાક્ષાત ભગવાન છે એમ માનવું પણ તેમાં મનુષ્યભાવ ન લાવવો. આ ઘનશ્યામ મહારાજની મૂર્તિમાં મૂર્તિભાવ ટાળીને એમ માનવું કે સાક્ષાત અક્ષરધામના પતિ છે. એમ માની તેમની ભક્તિ પ્રેમથી કરવી.

બાજું **શ્રીજી મહારાજ સુખના સાગર છે** તે માયિક પંચવિષયના સુખતો તુચ્છ છે. તેના રાગ માત્ર નિર્મૂળ કરવા ને ખારા પાણી કે'તા પંચવિષયની વાસના ટાળવી, ને મીઠા પાણીના શેડ ખોલી રાખવી કે'તા ભગવાનની મૂર્તિના સુખ રૂપી શેડ ખોલી રાખવી. બીજું વાલીયો લુંટારો વાલ્મીકી ઋષિ થઈ ગયા તેવી રીતે આપણે ભજન કરશું તો આપણું પણ સારૂ થાશે.

બીજું **કચ્છ સુખપરના વાલજીભાઈ તે નિરંતર ધ્યાન ભજન કરતા.** તેમજ સંતો ન્હાવા ગયા તેમને પણ દેખ્યા નહિ. અંતરવૃતિ ભગવાનમાંજ રહેતી. તેમજ દર અગિયારસે ભુજ દર્શન કરવા જતા પણ દ્રષ્ટિ ભગવાનમાંજ રાખતા. એકવાર સામેથી સંતો પસાર થયા તેમણે જય સ્વામિનારાયણ કહ્યું પણ આમને ખ્યાલજ નહી. પછી ભાસ થયો કે સંતો પસાર થયા. જે રસ્તામાં જતા સંતોને ન દેખે તે બીજુ શું દેખતા હશે ? સતત ભગવાનનું ચિંતન કર્યા કરતા. બીજું તેમણે વાડી ખેતર, ઘર, કુંટુબ બધુંજ હતું. તેમણે ભગવાન વિના બીજે ક્યાંય પ્રિતી ન કરી. તેવી રીતે આપણે ભગવાન વિના બીજે ક્યાંય પ્રિતી ન રાખવી ને અખંડ

ભગવાનની મૂર્તિ સંભાળવામાં કાળજી રાખવી તે ભગવાનની મૂર્તિમાંજ સાચું સુખ છે. આ લોકના સુખ તો સર્વે નાશંવત છે એમાંથી રાગ માત્ર નિર્મૂળ કરી સર્વે સુખના નિધિ ભગવાનને જાણીને ભગવાનની મૂર્તિમાંજ અખંડ પ્રિતી રાખવી.

બીજું એક રાજા હતા તેમણે જાહેર કર્યું કે **જે બકરાને ખાવામાં, જો તૃપ્ત કરે તેને ૧ લાખ રૂપિયા ઈનામ આપવું.** બકરાનો સ્વભાવ જ ખાવોનો, જે આપો ને જ્યારે આપો ત્યારે મોં નાખેજ ને ખાય કેટલાય તે બકરાને ખવરાવી-પીવરાવીને આંવતા પણ જેવું રાજા થોડુક ખાવાનું આપે તે તરતજ તે બકરૂં ખાય. આમ બધા નિષ્ફળ ગયા. એક જણને થયુ ચાલ હું જ ઈનામ જીતી લઉ. તેને બકરાને સાથે લીધુ, પછી બકરાને ખાવનું આપ્યું પણ બકરૂ જેવું ખાવા માટે મોં નાંખે કે તરતજ ધોકો મારે. વળી જેવું મોં નીચુ કરે કે તરતજ ધોકો તૈયાર રાખે ને મારે, આમ બપોર સુધી કર્યા કર્યુ. પછી સાંજે બધો ચારો ખાવા માટે નાખ્યો પણ બકરા એ મોં ન નાખ્યું ને ન ખાધુ. બકરાને ડર પેસી ગયો હતો કે મોં નાંખીશ તો ધોકલું ખાવું પડશે. પછે તે ભાઈ બકરાને રાજા પાસે લઈ આવ્યો. બકરાને ખવરાવવા અડધો કલાક પ્રયત્ન કર્યો પણ બકરૂ મોં નાંખેજ નહિ. પછે તે ભાઈને રાજાએ ઈનામ આપ્યું. તેમ આપણું મન છે તે પણ એવુંજ છે. માટે ભગવાન સિવાય બીજે મન જાય કે તરતજ વિચાર રૂપી ધોકલું મારવું. તે વિચાર શુ કરવો કે હું ભગવાનનો ભક્ત છું તો ભગવાન વિના બીજો વિચાર ન કરવો ને હાલતા ચાલતા ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી તો મન જીતાઈ જાય ને

બીજા વિચાર ન આવે ને મન સ્થિર થઈ જશે. તો આપણે સાચા ભગવાનના ભક્ત બનીશું.

બીજું આપણું નામ, ગામ, જ્ઞાતી ને વિશે દ્રઢ થઈ ગયું છે તેવું જો આત્મા અને પરમાત્માને વિશે દ્રઢ થાય તો આ જીવનું કલ્યાણ થયું જાણવું. **બીજુ ભગવાન પોતાના ભક્તની હંમેશાં રક્ષા કરે છે જ.**

બીજુ કંથકોટમાં સારા સત્સંગી હતા ને તેમની એવી ઈચ્છા કે અહીં યજ્ઞ કરવા પણ ત્યાં ના રાજાએ ના પાડી ને ગોડા લોકોને હરિભક્તોને હેરાન કરવા મોકલ્યા હતાં પણ તેમને શ્રીજી મહારાજે કહ્યું કે હમણાં તમે આ યજ્ઞ જલ્દી પુરો કરી બીજે જતા રહો. તે હરિભક્તો જલ્દી યજ્ઞ પુરો કરી ગાડામાં ઘરનો સામાન ભરી ને બીજે ગામ ચાલ્યા જતા હતા પણ આ ગોડા લોકો આ હરિભક્તોને હેરાન કરવા પાછળ આવતાં પણ શ્રીજી મહારાજે તે હરિભક્તોને ગોડા સહિત ઉચા ચાલતા કર્યા તે જોઈને ગોડા લોકો બી ને ભાગી ગયા. એમ શ્રીજી મહારાજ પોતાના ભક્તની રક્ષા કરે છે. માટે આપણે સાચા ભક્ત થઈ ભગવાનનું ભજન કરવું.

બીજું **અબંરીષ રાજા દરરોજ સવારના ત્રણ કલાક પૂજા કરતા.** જાતે પોતે ભગવાનના થાળ માટે લોટ દળતા, વાસણ માંજતા વગેરે દરેક કામ પોતેજ કરતા. નોકર ચાકર ઘણા હતા, છતા પણ ભગવાન પ્રત્યેના સ્નેહને લીધે દરેક કામ પોતેજ કરતા. દરરોજ સવારે કમંડળ લઈને ન્હાવા જાય. રાજાને ભક્ત કોણ કહે! તેણે સંકલ્પ કર્યો કે મને કોઈ ભગત કહે તો આનંદ આવે. દરરોજ એ સંકલ્પ કર્યા કરતા. એક સમય સ્ત્રી સવારના છાંણ

ભરેલો સુંડલો માથે ચડાવવા માંગતી હતી. તેણે દૂરથી રાજાને ભગવાનનું નામ સ્મરણ કરતા ન્હાવા જતા જોયા પેલી બાઈએ એ રાજાને દુરથી જોઈ "ભગત...એ...ભગત" કહી બુમ પાડી. રાજા એ સાંભળીને રાજી થયા તરતજ સુંડલો તે બાઈને ઉપડાવીને તે બાઈનું નામ ઠામ પૂછ્યું. તે બાઈએ પોતાની ઓળખાણ આપી પછે તે બાઈ મુંઝાઈ ગઈ કે આ રાજાને આ ક્યાં કામ કરવા કહ્યું. તેણે ઘેર જઈને વાત કરી બધા ગુસ્સે થયા. પણ રાજા .ને અતિ આનંદ થયો હતો. કેમ કે તે બાઈએ ભક્ત કીધા તેથી તે રાજાએ આખુ ગામ જમાડ્યું. બાઈ તથા બાઈના સંબંધીઓને તેડવા માટે ઘોડા ગાડી મોકલી ને સર્વેને રાજ દરબારમાં લઈ ગયા ને રાજાએ તે બાઈનું ખુબજ પ્રેમથી સન્માન કર્યું ને ઘણીક વસ્તુ ભેટમાં તે બાઈને આપી. ને રાજા રાજી થયા, તે મને ભક્ત કહ્યો તે ભક્તનો હોદ્દો સર્વથી શ્રેષ્ઠ છે.

બીજુ એક સંતે કિર્તન માં કહ્યું કે " હવે હું તો થઈ છું રે માતી, હરિના ગુણ સાગરમાં નાતી." **એમ ભગવાનના ગુણ રૂપી સમુદ્રમાં ન્હાયા જ કરવું.** બીજુ ગઢડા પ્ર.પ્ર.ના ૨૦માં વચનામૃતમાં કહેલ છે કે, "પોતાના સ્વરૂપને જોતો નથી તે અજ્ઞાની માં અજ્ઞાની, નીચમાં નીચ, મુરખમાં મુરખ ત્યારે શુકમનિએ કહ્યું પોતાનું સ્વરૂપ જોવું તે પોતાના હાથમાં છે ત્યારે ભગવાન કહે કયે દાડે દાખડો કર્યો અને ન દેખાણું" અભ્યાસ કરો તો જરૂર આત્મા દેખાય. બીજું મનને નવરૂંજ ન પડવા દેવું. ભગવાનના લીલા ચરિત્ર રૂપી જાળામાં મનને ભગવાનમાં જોડી દેવું. જગતમાં જાવા જ ન દેવું. પણ મનનો

સ્વભાવજ એવો છે કે જરા વાર નવરૂં પડે એટલે જગના સંકલ્પો કર્યા કરે. પણ આપણે મનને જરા વાર પણ નવરૂં રેવા ન દેવું. ભગવાનની મૂર્તિજ અખંડ સંભાળવી જેથી આપણને શાંતિ વર્ત્યા કરે. બીજુ આપણાને ગર્ભવાસનું તથા મુત્યુ સમયનું દુ:ખ યાદ આવે તો જરા વાર પણ ભગવાનને ન ભુલીયે પણ આપણે આ જગતમાં બંધાઈ જઈએ છીએ તે જગતમાં ન બંધાવું.

બીજુ ગીતાજીમાં કહેલ છે કે અંતે યા મર્તી શાગર્તીમ્ તેનો અર્થ જે **અંતકાળે જે ચિંતવન કરતો દેહ મૂકે તેવા દેહને પામે છ**. તે હમણા જો ભગવાનને નહિ સંભાર્યા હોય તો અંતકાળમાં ક્યાંથી ભગવાન યાદ આવે ? ન જ આવે! બીજુ જે ભગવાનને સંભાળે છે તેને ભગવાન જરૂર પોતાના ધામમાં તેડી જાય છે બીજુ જે ભગવાનને યાદ નથી કરતા તેને તો "પુન: અપિ જન્મ, પુન: અપિ મરણં, પુન:અપિ જનની જઠરે શયનં" માટે જે ભગવાનને યાદ નથી કરતા તેને તો જન્મ મરણના ફેરા ભોગવવા જ પડે છે.

બીજુ **મનનો સ્વભાવજ એવો છે** ત્યાં મદારીનું દ્રષ્ટાંત છે કે, એક મદારી હતો. તેની પાસે સર્પ બોકડુ અને વાંદરો ત્રણ ખેલ કરવા માટે હતા. એક વાર તે મદારી બીજે ગામ જતા હતા ત્યાં રસ્તામાં નદી આવી. વરસાદને લીધે પાણીમાં પૂર હતું. તેને બોકડાને અને વાંદરાને ખભે બેસાડ્યા ને સર્પને માથા પર ટોપલીમાં રાખી નદી પાર કરવા લાગ્યો. છાંટા પડતા હતા તેથી વાંદરાએ સ્વભાવ મુજબ અટકચાળું કર્યું છાંટાથી બચવા ટોપલાનું ઢાંકણું પોતાના માથા ઉપર મૂક્યું. તો સર્પ પાણીમાં પડી ગયો.

સર્પને પકડવા ગયો તો વાંદરા એ કૂદકો માર્યો તે વાંદરૂ તણાવા લાગતા મદારી તેને પકડવા ગયો. ત્યાં બોકડુ પણ પાણીમાં પડી ગયું. ને પોતે પણ તણાવા લાગ્યો. આમ દરેક પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે તો એવા હાલ થાય છે કે'તા સંસાર રૂપી નદીમાં તણાઈ જાય છે. તો આપણે મનગમતું ન કરતા ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તશું તો સંસાર રૂપી નદીમાં તણાતા ભગવાન રક્ષા કરેજ છે ને સદાય રક્ષા કરશે જ.

બીજુ **એકલશૃંગી મુનિ એવા હતા** કે તેને સ્ત્રિ-પુરૂષનું ભાન ન હતું. અખંડ ભગવાનું ચિંતન કરતા હતા. પણ જ્ઞાન વિના માયામાં લપટાઈ ગયા. તે શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન બધાનું વાંચના કરશો. તો જ્ઞાન થાશે ને જ્ઞાન થાશે તો જ મન જગતમાં નહિ જાય ને ધ્યાન બરાબર થાશે. માટે જ્ઞાન હોય તો ધ્યાનમાં વિઘ્ન ન આવે. બીજુ આંબાશેઠ નામના એક પ્રેમી ભક્ત હતા. તેણે સ્વામિનારાયણ ભગવાનનું નામ ન્યાલકરણ પાડ્યું હતું. તો આપણે ભગવાનનું બરાબર ભજન કરીશું તો આપણાને પણ ભગવાન જરૂર ન્યાલ કરી દેશે, માટે આપણે જેમ બને તેમ ભજન વિશેષ કરવું. બીજુ ભગવાને કહ્યું છે કે ગૃહસ્થો ભલે દૂધ,ચોખા અને સાકર જમે, ભલે હીંડોળા ખાતમાં ઝૂલે પણ ભગવાનનો આશરો રાખી ભજન કરે તો જરૂર ભગવાન સુખીયા કરે છે.

બીજુ બે માણસો હોય એક પૈસા વાળો હોય ને એક ગરીબ હોય તો તે સર્વે માણસો પૈસા વાળાનો જ વાદ કરે પણ **ગરીબનો વાદ કોઈ કરે નહિ.** તેમ ભગવાન સર્વે સુખના નિધિ છે. એમ

જાણી ભગવાનની મરમાળી મૂર્તિને વિશેજ પ્રિતી કરવી. બીજુ મનન દ્વારા બ્રહ્મનો સંગ કરીએ તો બ્રહ્મના ગુણ આવે. આપણે એમ માનવું કે હું બ્રહ્મ છું તો આ લોક માં હું શુ પ્રિતી રાખુ તે મનન દ્વારા બ્રહ્મનું મનન કરે છે તે બ્રહ્મરૂપ થાય છે ને બ્રહ્મને વિષે પરબ્રહ્મ ભગવાન વિરાજમાન છે. તે પરબ્રહ્મની મૂર્તિના સુખમાં જ ગરકાવ રહેવું. બીજુ એક હરિભક્ત હતા તેને બીજા એ પુછ્યું કે, તુ કોણ છો તેને કહ્યુ કે હું હરિજન છું. તેને બીજા માણસને કહ્યું કે તુ સો વાર કે, કે હું આત્મા છું, આત્મા છું, આત્મા છુ એમ સો વાર બોલ્યા. વળી પુછ્યું તુ કોણ છો, તો તે હરિજન બોલ્યો હુ હરિજન છું. તે જુઓ એ હરિજન ને તે દ્રઢ થઈ ગયું છે. તેમ આપણે એમ માનવું કે હું ભગવાનનો ભક્ત છું. એમ આપણે મનમાં ધારવું કે હું ભક્ત છું તે આપણે દ્રઢ નિશ્ચય થઈ જાય કે હું ભક્ત છું. તો આ માયિક પંચવિષયના સુખમાં શું પ્રિતી રાખુ એમ દ્રઢ નિશ્ચય થઈ જાય તો જરૂર મોક્ષ થાય. બીજુ કૌરવો અને પાંડવો નૈમિષારણ્ય શ્રેત્રમાં લડ્યા તો જે જીતી ગયા તેને રાજ મળ્યું, ધન મળ્યુ ને હાર્યા તેને સ્વર્ગ મળ્યુ. તેમ આપણે નિરંતર ભગવાનનું ભજન કરીશું તો જરૂર ભગવાન આપણાને સુખીયા કરશે. બીજુ જ્યાં મોટા સંતપુરૂષો રહેતા હોય ને અખંડ ભજન કરતા હોય ત્યાં નૈમિષારણ્ય શ્રેત્ર જાણવું.

બીજુ **આપણે ભગવાનની ભક્તિ કરી હશે.** એજ સાથે ચાલશે એજ ખરૂં ભાથુ છે. બાકી આ દુનિયાની વસ્તુ કાંઈ કામ આવતી નથી..ને આપણે આ લોક માંથી અચાનક જવાનું થાશે માટે શરીર સારૂ હોય ત્યાં સુધી ભજન કરી લેવું. જો આપણે કાળજી

રાખી ભજન કરીશું તો ભગવાન આપણાને સુખીયા કરશે. ને સાચુ સુખ ભગવાનની માધુરી મૂર્તિમાંજ છે. બીજુ આ લોકમાં વિદ્યાર્થીઓ સારી વિદ્યા ભણે છે. તો તે સાહેબ થાય છે ને ઘણા રૂપિયા કમાય છે. તેમ આપણે કાળજી રાખી ભજન કરીશું તો આપણાને ભગવાન જરૂર પોતાની માણિગર મૂર્તિનું સુખ આપશે. માટે આપણે કાળજી રાખી ભજન કરવું.

બીજુ **દીવામાં તેલ ખુટી જાય છે ત્યારે દીવો ઓલવાઈ જાય છે.** તેમ આપણું આયુષ્ય ખૂટતા આલોક માંથી જવાનું થાશે. માટે જ્યાં સુધી આ શરીર સારૂં હોય ત્યાં સુધી ભગવાનનું ભજન કરી લેવું. બીજુ જનક રાજા રાજ્ય કરતા હતા. પણ તેમને સાચ ગુરૂ મળ્યા તેથી તે રાજા સારા જ્ઞાની થયા ને તે માયાને તરી ગયા ને કોઈમાં મોહ ન પામ્યા. તેવી રીતે આપણે જ્ઞાન શીખી આ લોકમાં મોહ ન પામવો. બીજુ આ સંસાર સ્વપ્ના જેવો છે તેમા મોહ ન પામવું. બીજુ "વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે,

પર દુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે."

બીજુ **ચ્યવનઋષિએ ૯૬ હજાર વર્ષો સુધી તપ કર્યું.** તથા સૌભરઋષિએ ૬૦ હજાર વર્ષો પાણીમાં તપ કર્યું તો પણ તેમને ભગવાન મળ્યા નહિ. પણ આપણાતો મોટા ભાગ્ય છે. કે આપણાને ભગવાન મળ્યા તે ભગવાન મળ્યા. તેનો કેફ રાખી આનંદમાં ભગવાન ભજવા.

બીજુ **ભગવાન સુખના સાગર છે.** તેમની કૃપાથી બ્રહ્મા તથા બીજા દેવો સુખી છે. જેમ કોઈ ગરીબ હોય તેને લાખો રૂપિયા

મળી જાય તો તેને કેટલું અહો પણું થાય છે. તેમ આપણને અહો પણું થવું જોઈએ. કે આવા સાક્ષાત પૂર્ણપુરૂષોત્તમ ભગવાન મને મળ્યા છે. એ મારા ધન્યભાગ છે બીજુ સુખના સાગર ભગવાન પછી દુઃખ હોય જ ક્યાંથી? બીજુ ભગવાનના સુખમાં દ્રષ્ટિ પહોચી જાય તો આ લોકના સુખમાં પ્રિતી ન જ રહે. એક ભગવાન માંજ પ્રિતી રહે. એવી પ્રિતી ગોપીઓને ભગવાનના ચરણમાં હતી. તે ભગવાનના ચરણસુખ આગળ બધા સુખ તુચ્છ લાગતા હતા. બીજુ સ્વામિનારાયણ ભગવાનના સમયના એક હરિભક્ત ગઢડે ભગવાનના દર્શન કરવા ગયા. ગઢડામાં દાદાખાચરના દરબારમાં શ્રીજી મહારાજ મુક્તોની સભા કરી લીંબડાના વૃક્ષનીચે ગાદીતકીયા નખાવીને બેઠા હતા. ત્યારે તે ભક્તે ભગવાનના એકાગ્રતાથી દર્શન કર્યા, ને રોમાચિત્ત ગાત્ર થઈ ગયા અને અહો પણું થઈ ગયું. ને ગઢડામાંજ રોકાઈ ગયા. ૩ દિવસ રોકાણા ત્યારે મહારાજે તેને પૂછ્યું કે "કેમ ભક્ત તમારે ઘેર નથી જવું?" તો તે ભક્ત કહે અહીંથી હટવાનું મન જ નથી થતું. મહારાજે પૂછ્યું "તમારે ઘેર કોઈ છે" મારે ઘરે એક મારા માતા છે. મહારાજે તે ભક્તને આજ્ઞા કરી કે "જાવ તમારે ઘેર" તેથી તે ભક્ત ઘેર જવા નીકળ્યા, રસ્તામાં ભગવાનનુંજ ચિંતવન કર્યા કરે અહો..અહો પણું વર્ત્યા કરે. ચિત્ત ભગવાનનાજ ચરણમાં રાખી અખંડ ભગવાનનું ભજન કરતા. ઘેર જઈ પોતાની માતાને વાત કરી કે, હે માતા મને ભગવાન મળ્યા ત્યારે તેની માતા કહે જો ભગવાન મળ્યા હોય તો તે ભગવાનને મૂકીને અહીં કેમ આવ્યો. ત્યારે તે ભક્ત બોલ્યો હું જાઉ તો તમારી સેવા

કોણ કરે ત્યારે તે બાઈ કહે પશુપંખીની જેમ ભગવાન સેવા કરે છે. તેમ ભગવાન મારી રક્ષા કરશે. માટે તુ ગઢડા ભગવાન પાસે જા અને ત્યાં સાધુ થઈ ભગવાનની સેવા કરે પછે તે ભક્ત ગઢડા ગયા ને તેની માતાની વાત કરી તેથી તેને ભગવાને સાધુ બનાવ્યા ને તે સાધુ સારા થયા.

બીજુ સુરલોક, નાગલોક, નરલોક એ તીનુ માહીં સુખ નાહી,
કાં સુખ હરિ કે ચરણમેં કા સંતન કે માહી.

કહેવાનું કે સાચુ સુખ ભગવાનમાં તથા સંત માંજ છે બીજે નથી. બીજુ ચરણ ધોવા ધ્યો રઘુરાય....તે કિર્તન સારૂ છે. બીજુ આપણે બાપદાદાને સ્મશાન યાત્રા કરાવી આવ્યા છીએ. આપણે પણ આ દુનિયા માંથી જરૂર જવું જ પડશે. ને આ દેહ તો પડવાનોજ છે. માટે સંસારમાં રહી સંત જેવું થવું. મનથી સાધું થવું. ભગવાન સિવાય બીજે ક્યાંય મનને ચોટાડવું નહિ. કાળ આપણા ઉપર દિવસમાં ૫ વખત આંટા મારી જાય છે. જેમ ખેડૂત પાકી ગયેલા ફળ તોડી લે છે તેમ આપણાને કાળ અચાનક લઈ જશે. માટે આપણે જેમ બને તેમ ભગવાનનું ભજન વિશેષ કરવું. બીજુ આપણે ભગવાનની મૂર્તિના સુખમાં દ્રષ્ટિ પહોંચાડીને આ સંસારના ક્ષણિક સુખનો ત્યાગ કરવો.

બીજુ રામદાસજી નામના એક પ્રેમી ભક્ત હતા. તેમના પત્ની પણ ભક્ત હતા. દરોજ તેમના ઈષ્ટદેવ રામની આગળ ગળગળા થઈ પ્રાર્થના કરતાને રોમાંચિત્ત ગાત્રે વિનંતી કરતા કે "હે પ્રભુ અમને દર્શન આપવા અમારે ઘેર પધારજો. ત્યારે **આ ભક્તનો પ્રેમ જાઈ ફરતાં ફરતાં ભગવાન બાવાના રૂપે આ ભક્તની**

વાડીમાં ગયા બન્ને માણસ જમવાનું શરૂ કરતા હતા. ત્યાં આ બાવારૂપે ભગવાનને અતિથિ જાણીને જમવા બોલાવ્યા ને પ્રેમથી જમાડ્યા. ત્યારે મહારાજે પ્રસન્ન થઈ તેને શ્રીરામના રૂપે તેજોમય દર્શન કરાવ્યું. બન્નેની દ્રષ્ટિ સ્થિર થઈ ગઈ. મહારાજે કહ્યું તમે ભગવાનને દરરોજ બોલાવતા હતા ને તે આજે હું આ બાવારૂપે તમારી વાડીએ આવ્યો છું. તેમણે પ્રેમથી દર્શન કરી બહુજ રાજી થયા. બીજુ એક વાર મહારાજ કોટડાથી રાપર જતાં હતા. વચ્ચે એક હરિભક્તની યાદ આવતા રસ્તો બદલાવી તેના ઘેર ગયા. તે હરિભક્ત અને તેની પત્ની બન્ને સાંખ્યયોગી ગૃહસ્થ તરીકે રહેતા હતા. તેમને મહારાજ મળ્યા અને ભગવાનને ભૂખ લાગી હતી તેથી તે ભક્તે પ્રેમથી મહારાજને જમાડ્યા. મહારાજે, સાથેના હરિભક્તો ને સંતોને જણાવ્યું કે બંને પતિ-પત્નીને હજારો જન્મોથી સાથે રહીને ગૃહસ્થ હોવા છતાં બ્રહ્મચર્ય પાડે છે. માટે અમે ખાસ પાછા ફરી તેને મળવા આવ્યા છીયે પછે તે બંનેએ ભગવાનના પ્રેમથી દર્શન કર્યા. બીજુ આપણું આયુષ્ય પુરૂ થાશે ત્યારે ગમે ત્યારે આપણે આલોકમાંથી જવાનું થાશે માટે આપણે ભજન બરાબર કરી લેવું. બીજુ આપણે ભગવાનના પ્રેમથી દર્શન કરવા વિનયથી પ્રાર્થના કરવીને ભગવાનની મૂર્તિના સુખમાં તલ્લીન બની જવું. બીજુ આપણાને કોઈ મોટા શેઠ કે સાહેબ બોલાવે તો આપણે કેવા રાજી થાઈયે છીએ કેમ કે મને આ શેઠે બોલાવ્યા તેમ આપણાને ભગવાન બોલાવે કે તમો મારા છો તો તેનો કેફ રાખી આનંદમાં રહી ભજન કરવું. બીજુ ભગવાનની ઋતુ અનુસાર પાંચ વખત માનસીપૂજા કરવી તે

માનસીપૂજાનું બહુજ પૂણ્ય થાય છે. બીજુ ગૃહસ્થે ઉપરથી વ્યવહારીક કાર્ય કરવું પણ અંતરમાં જગત ભરવું નહિ. ને જેમ બને તેમ ભજન કરવામાં કાળજી રાખવી. કેમકે આપણે આ લોકમાંથી અચાનક જવાનું થાશે ને દેહને અંતે આ લોકના પદાર્થ કાંઈ કામ આવશે નહિ. માટે આપણે જેમ બને તેમ ભજન વિશેષ કરવું ને આવા ભગવાન મળ્યા આવા સ્ત્રી ધનના ત્યાગી સંતોનો સમાગમ મળ્યો. આવો ઉત્તમ મનુષ્ય દેહ મળ્યો તો આવા યોગને પામી ને આપણે ભગવાનનું ભજન કરી લેવું. ને આપણે કાળજી રાખી ભજન કરીશું તો ચોર્યાસીલાખ જન્મ લેવા નહી પડે ને જો ભજન બરાબર નહી કરીએ તો ચોર્યાસી લાખ જનમ લેવા પડશે માટે મૃત્યુનો ડર રાખી ફરી ગર્ભાવાસમાં ન જવું પડે એવું કામ આપણે કરી લેવું ને એ કામ કરવા માટે આપણાને સારો યોગ મળ્યો છે માટે સાવધાની રાખી ભજન કરી લેવું. બીજુ મુળીના સંતો એક ગામથી બીજે ગામ ચાલીને જતા હતા તે રસ્તામાં ખેડૂતો બપોરની ઉનાળામાં સાઠીયું કાપતા હતા તે જોઈને નાના સંતને બીક લાગી કે આવા ઉનાળામાં આ ખેડૂતોને કેટલી બધી તકલીફ છે. તો મારી જો ભગવાન ભજવામાં કશર રહી જશે તો મને આવો અવતાર આવશે તો કેટલુ દુઃખ થાશે. એમ અંતરમાં ગભરાઈ ગયા ને બેસી ગયા. ત્યારે મોટા સંતે સમજાવ્યા કે આપણાને આવા ભગવાન મળ્યા છે આવા મોટા સંતો મળ્યા છે. માટે ફરી આવો જન્મ ન લેવો પડે. આપણો મોક્ષ સ્વામિનારાયણ ભગવાન જરૂર કરશે. એમ સમજાવ્યા એટલે હિંમત આવી ગઈ ને ચાલવા લાગ્યા. જુવો આ સંતને

ખેડૂતને જોઈ કેટલી બીક લાગી તેમ આપણે જન્મ-મરણના ફેરા ન ભોગવવા પડે એવી કાળજી રાખી ભજન કરવું. ને ભજન કરતા જરા ભૂલ થઈ જાય તો ભગવાનની પ્રાર્થના કરવી ને વળી આપણે કાળજી રાખી ભજન કરવું. ને ગૃહસ્થાશ્રમ માં જેના જેવા નિયમો કહ્યા છે તે પ્રમાણે કાળજી રાખી વર્તીશું તો ભગવાન જરૂર સુખીયા કરશે. બીજુ યુવાન અવસ્થા હોય, શરીર સારૂં હોય ત્યાં સુધીમાં આપણી કશર માત્ર ટાળી નાંખવી. પછે વૃધ્ધ અવસ્થામાં ભગવાનનું ભજન બરાબર થઈ ન શકે માટે આપણે કાળજી રાખી ભજન કરવું.

બીજુ **આવા દયાળુ ભગવાન મળ્યા,** આવા સ્ત્રીધનના ત્યાગી સંતો મળ્યા, આવો દિવ્ય સત્સંગનો યોગ મળ્યો તો હવે સાચે ભાવે ભગવાન ભજી આપણા જીવનું કલ્યાણ કરી લેવું. બીજુ એક રાજા હતા તેને રોગ થયો હતો. તે ઘણાંક સાધુને મળ્યા પણ કોઈથી રોગ ન મટ્યો. પછે ભગવાન નીલકંઠવર્ણી રૂપે વનમાં ફરતા હતા ત્યાં રાજાને મળ્યા, ને રાજાનો રોગ મટાડ્યો. તેથી રાજાને ગુણ આવ્યોને તેને વૈરાગ્ય થયો તે રાજ છોડીને અખંડ ભગવાનનું ભજન કરતા હતા. તેથી તે રાજાને અંતકાળે ભગવાન અક્ષરધામમાં તેડી ગયા. બીજુ આપણું શરીર સારૂ હોય, સારો યોગ હોય ત્યાં સુધી ભજન કરી આપણા આત્માનું કલ્યાણ કરી લેવું કેમકે આ ક્ષણભંગુર દેહ અચાનક પડી જાય તેનો કાંઈ નિર્ધાર નહી માટે આપણે ભગવાન ભજી છેલ્લો જન્મ કરી લેવો. ને દેહને અંતે શ્રીહરિની હજૂર સેવોમાં રહી જવાય તેજ મોટો લાભ છે માટે ભગવાન ભજવામાં સાવધાની રાખવી.

ને વચનામૃતમાં લખ્યું છે કે જો એક ક્ષણમાત્ર પણ આપણે જો ભગવાનની મૂર્તિનું સુખ ભોગવ્યું હોય તો એમ થાય કે મેં લાખ્ખો વર્ષો સુધી સુખ ભોગવ્યું. બીજુ મોટા સંતો વાત કરતા તે સાખી...

પીપર પાન ખરતાં હસતા કુપણીયા, અમ વિતી તુમ વિતશે ધીર બાપડી.....

તેનો અર્થ કે, પીપરના કુમળા પાન હોય, તે જુના થયેલા પાન ખરી જાય છે, તે જોઈને કુમળા પાન હસે છે, તે જોઈને જુના થયેલા પાન કહે છે, અમો જૂના થઈ ખરી પડીએ છીએ તેમ તમો પણ જૂના પાન થશો ત્યારે તમારી પણ એજ હાલત થશે કે'તા તે જૂના પાન ખરી પડશે માટે ધીરા રહો. તેનો અર્થ કે, જુવાનીયા હોય તે વૃધ્ધ ને જાઈને હસે છે પણ કાળ જતા તે પણ વૃધ્ધ થાય છે માટે આપણે કોઈની પણ મશ્કરી ન કરવી.

બીજુ **મુક્તાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું કે શાંતિ કેમ થાય?** મહારાજે પોતાના જન્મથી ધામમાં ગયા ત્યાં સુધીના ચરિત્રોની વાતો કરી. પણ મુક્તાનંદ સ્વામી સમજ્યા નહી. ફરી પછે વળી પૂછ્યું ફરી મહારાજે એજ વાત કરી. તો પણ મુક્તાનંદસ્વામી ન સમજ્યા ને પૂછ્યું તો મહારાજ કહે" ગુજરાતમાં હરિભક્તોને ત્યાં જઈ ભગવાનની વાર્તા કરજો ને કેરી ખાજો તો શાંતિ થશે." તે ભગવાનની આજ્ઞા મુજબ ગુજરાત જવા તૈયાર થયા. ત્યારે બ્રહ્માનંદસ્વામી એ કહ્યું શી વાત છે? પછે મુક્તાનંદસ્વામીએ વાત કરી, તો બ્રહ્માનંદસ્વામી કહે ભગવાનના ચરિત્રો સાંભળવામાં કહેવામાં શાંતિ છે તેવી બીજે ક્યાંય શાંતી

નથી. ત્યારે મુક્તાનંદસ્વામી સમજ્યા, મહારાજને પ્રાર્થના કરી માફી માંગી.

બીજુ **ભગવાનના ચરિત્રરૂપિ જાળામાં મનને ગુંચવી રાખવું** તો મનના વિકાર માત્ર નાશ થાય ને માયાના વિકાર ટળી જાય ને અંતરમાં શાંતિ થાય છે. એજ સાચુ સુખ છે.

બીજુ સખી ગોકુળ ગામના ચોકમાં રે, ખાંતે માંડ્યો રસિલે ખેલ, રમે રાસ રંગીલો રંગમાં રે..... બીજુ હિંડોળા તથા બીજા સમૈયાને યાદ કરીએ તો આનંદ થઈ જાય. અભિષેક કરતા ભગવાનને યાદ કરીએ તો તરતજ ધ્યાન થાશે ને શાંતિ થશે. બીજુ આવા મહારાજ મળ્યા છે તથા તેમના સંતો મળ્યા છે તથા હરિભક્તો મળ્યા છે તેનો સંગ થાય તો જીવનું કલ્યાણ થાય છે. ભગવાનના ચરિત્રો સંભાળી, ગાઈ, સાંભળી રાખવાથી આનંદ થાય છે. અંત:કરણમાં શાંતિ થાય છે. માટે આપણે જેમ બને તેમ ભગવાનના લીલાચરિત્રો સંભાળવા ને ભજન વિશેષ કરવું.

બીજુ સ.ગુ. ગુણાતીતાનંદસ્વામીની વાતોમાં લખેલું છે કે, કોઈ સાધુ થવા આવે ત્યારે તેને **મોટા સંતો કહે તમારા સગા-સંબધી, મિત્રો, ઘર, ધન-દોલત વગેરેને બાળીને આવો.** એટલે કે આગ લગાડીને બાળી નાંખવા એમ નહિ પણ જ્ઞાનથી બાળી મુકવા કે'તા બધા દેહના સગા છે! હુ આત્મા છું. આત્માના સગા એક પરમાત્માજ છે. જ્ઞાનથી બધા નો નાશ કરીને મનથી સાધુ થવાનું. તે ગીતામાં કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગમાં આવે છે. કર્મયોગી સ્વર્ગને પામે છે. ત્યાં તેનું પુણ્ય હોય એટલું સુખ ભોગવી પાછો ચોર્યાશીના ફેરામાં પડે છે. પુન:અપિ જન્મ,

પુન:અપિ મરણ એ મુજબ જન્મ મરણના ફેરા ફરવા પડે છે. ને ભક્તિયોગી મોક્ષને પામે છે. કદાચ થોડી વાસના રહી ગઈ હોય તો પણ બીજા જન્મમાં સારા સંસ્કારી ઉચ્ચકૂળમાં જન્મને પામે છે, ત્યાં સત્સંગનો યોગ કરી છેવટે મોક્ષને પામે છે.

બીજુ **જનકરાજા ગૃહસ્થ હતા તે જ્ઞાને કરી વિદેહી કહેવાયા.** બીજુ એક સમયે ભગવાનની કથા બેઠી હતી. ઘણા સાધુઓ, મુનિલોકો સાંભળવા આવેલા જનકરાજા પણ આવેલા કથા કરનાર ત્રિકાળ જ્ઞાની હતા. તે જનકરાજા આવે પછીજ કથા શરૂ કરતાં. આથી સાધુને સંકલ્પ થયો આમાં કાંઈક સ્વાર્થ લાગે છે! કથા કરનાર તો સાચા સંત હતા તેમણે કાંઈ સ્વાર્થ ન હતો. પણ તે સાધુની વાતને જાણી ગયા. તેથી તે સંતે યોગબળથી મિથીલાનગરી બળતી હોય તેવું બતાવ્યું. દરેક પોત પોતાની વસ્તુઓ માટે દોડી ગયા. એક જનકરાજા બેઠા હતા. તેમને મુનિએ કહ્યું કે તમારી આ મિથીલાનગરી બળે છે. તે જનકરાજાએ જવાબ આપ્યો કે મિથીલાનગરી બળેછે તેમાં મારૂં કાંઈ બળતુ નથી. પછી મિથીલાનગરીમાં જે ગયા હતા તે પાછા આવ્યા. ત્યારે તે મુનિએ કહ્યું કે તમે તો કાનથીજ કથાનું શ્રવણ કરો છો, પણ અંતરમાં ઉતારતા નથી, જ્યારે આ જનકરાજા તો આચરણમાં કરી બતાવી જીવનમાં ઉતારે છે. જ્ઞાન અને વૈરાગ્ય જનકરાજામાં હતા. એકવાર જનકરાજાની દિકરીનો લગ્ન પ્રસંગ હતો. ત્યારે તેજ સમયે તેનો યુવાન કુંવર દેહ છોડી ગયો. જનકરાજા થોડી થોડી વારે ઓ...હો..હો... એમ કર્યા કરતા હતા. વળી થોડી વારે આ...હા....હા...કરતા હતા તેથી બીજાએ પૂછ્યું આમ

કેમ કરો છો? ત્યારે જનકરાજાએ જવાબ આપ્યો કે, દિકરીના લગ્નનો આનંદ છે અને પુત્રના મરણનો શોક છે માટે આમ કરૂં છું. તો તેમને બીજા કહે આ નાટક શોભે! જનકરાજા કહે આ જગત નાટક જ છે. ને તે જમાનામાં નાટક હતા આજે ફિલ્મ સિનેમા છે. મેં સિનેમા જોઈ નથી પણ આ બધા આવે છે તેમની વાતો પરથી ખબર પડે છે. પણ ફિલ્મ જોઈને ભગત નથી થવાતું.

બીજુ **આપણે એકલા આવ્યા છીએ** આ દુનિયામાં કાયમ કોઈ રહેતું નથી. આપણા બાપ-દાદાઓને આપણે કાંધે લઈ સ્મશાનયાત્રા કરાવીએ છીએ. તેમ આપણાને પણ કોઈ સ્મશાનયાત્રા કરાવશેજ. કાયમ કોઈ રહેવાનું નથી. જેમ કપડા જુના થાય ત્યારે તેને ઉતારી નાંખીએ છીએ, અને નવા કપડાં પહેરીએ છીએ. તેમ આપણે મુત્યુ પામ્યા પછી બીજો દેહ ધારણ કરીએ છીએ ને જેણે બરાબર ભજન કર્યું હોય તેનો મોક્ષ થાય છે. પૂર્વ જન્મના સંસ્કાર વડે આપણે સુખ દુઃખ ભોગવવું પડે છે. બીજુ આ બ્રહ્માંડ રચાણું છે ત્યારથી આ જીવ માયાનોજ વેપાર કરતો આવ્યો છે. ને માયામાં ફસાઈ જાય છે. તેમાથી નીકળી શકતો નથી ને માયાનો જ વેપાર કરે છે પણ આપણે બરાબર ભજન કરીશું તો જન્મ મરણના ફેરા ભોગવવા નહિ પડે ને મોક્ષ થઈ જાશે. માટે આપણે ભગવાન ભજવામાં કાળજી રાખવી.

બીજુ સંતો કહે **ઘણાને કહીએ છીએ તો પણ ભક્તિ કરતા નથી** અને ઘણાને કહીએ કે તરત ભક્તિ કરવા લાગી જાય છે. કારણ કે તેને પૂર્વમાં કંઈક સારૂ કામ કર્યું હશે. તેથી ભગવાનના

ભજનમાં સારૂ લાગે છે. બાકીતો કાંઈ એક દિવસમાં સાહેબ થઈ શકતું નથી. એ તો અભ્યાસ કરવાથી ધીરે ધીરે થાય છે. તે ગીતામાં કહ્યું છે કે ભગવાનને સંભાળ્યા કરશો તો જરૂર થઈ જશે.

બીજુ **એક શેઠ કરોડપતિ હતા ઘણાક રૂપિયા વાળા હતા.** ૬૦ પત્નીઓ હતી. તેને એક મહાત્મા મળ્યા. તેમણે કહ્યું કે આ સંસાર ખોટો છે. કાંઈ સાથે નહિ આવે બધુ અહી મુકીને જવું પડશે. આવી વાતો સાંભળી તેને વૈરાગ થઈ ગયો. તેણે નક્કી કર્યું કે મારે પણ સાધુ થઈ જવું. તેણે તેના મિત્રને વાત કરી કે દરરોજ હું એક પત્ની છોડીને બે મહિના પછી સાધુ થઈ જઈશ. ત્યારે તેનો મિત્ર કહે બે મહિના કોને જોયા છે? હમણાંજ મુકો તો ખરા! ત્યારે શેઠ કહે એમ કહેતા આવડે પણ મુકવુ કઠણ છે. મુકાય ત્યારે ખરૂ. તે સાંભળી તેના મિત્રએ તરતજ સંકલ્પ કર્યો ને ઘર સંસાર બધાનો ત્યાગ કરી સાધુ થઈ ગયા. જુવો તેમને કેટલો વૈરાગ્ય હતો. તમને અને બીજાઓને સંતો સાધુ થવાનું નથી કહેતા. ભલે ગૃહસ્થાશ્રમમાં રહો પણ નિયમ મર્યાદામાં રહો. ને સાચો વૈરાગ્ય તો મનનો છે. મનનો વૈરાગ હોય તો પછી ભગવા વસ્ત્રો પહેરવાની જરૂર નથી. સાચા સંતપુરૂષ કે ગૃહસ્થ સત્સંગીનો સંગ કરવો જરૂરી છે. બીજુ આત્મા તો આ દેહને છોડીને જરૂર જશે જ ને આત્માને કાંઈ બંધન છે નહી. આ દેહ કોઈનો ભાઈ થાય, કોઈનો દીકરો થાય, ભત્રિજો, ભાણેજ, મિત્ર, બાપથાય કોઈનો શેઠ થાય વગેરે તરીકે આ દેહ ઓળખાય છે. એ બધા દેહના બંધન છે, આત્માને કાઈ બંધન

નથી. આત્માને વિશે પરમાત્મા રહેલા છે આ જ્ઞાન આપણને દ્રઢ કરવાનું છે. બીજુ કરોળીયો લાળ ઉપર ચાલે છે. ચાલતા ભોય પર પછડાય છે પણ ફરીથી ઉપર ચડવા પ્રયત્ન કરે છે . તેથી તે લાળને આધારે ઉપર ચડી જાય છે. એમ વચનામૃતમાં કહેલ છે એમ આપણે મનની વૃતિથી ભગવાનની મૂર્તિ સંભાળવાનો અભ્યાસ કરવો.

બીજુ **સત્પુરૂષોનો સમાગમ કરવાથી આત્માને પરમાત્માનું જ્ઞાન થાય છે** ને આત્મા છે તે જ સાચો છે આ દેહ તો આથી અગાઉ આપણે ચોર્યાશી લાખ(દેહ)જન્મ ધરી આવ્યા છીએ. માટે આપણે દેહનો ભાવ ટાળીને દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત કરવું. એજ ખરો લાભ છે. માટે આપણે જેમ બને તેમ ભજન વિશેષ કરવું.

બીજુ આપણાને આવો ઉત્તમ મનુષ્ય જન્મ મળ્યો આવા સ્ત્રી ધનના ત્યાગી સત્પુરૂષો મળ્યા આવા ભગવાન મળ્યા તો આવા યોગને પામીને આપણા જીવનો મોક્ષ કરી લેવો.

બીજુ સ્વામિનારાયણ ભગવાન જ્યારે વનમાં વિચરતા હતા. ત્યારે એક સમયે **સ્વામિનારાયણ ભગવાન શિવમંદિરમાં ધ્યાન કરતા** હતા. ત્યાંનો રાજા ત્યાં દર્શન કરવા આવ્યો. બ્રહ્મચારીના મુખારવિંદ પર તેજ જોઈ મસ્તક નમાવ્યું. પછે ભગવાન કુંભારને ત્યાં ગયા. રાજા પણ કુંભારને ત્યાં ગયા પછે કુંભારને થયુ કે રાજાને ક્યાં બેસાડું, પછે કુંભારે ગુણીયા પાથરી દીધા રાજા તેની પર બેઠા, મહારાજે ધર્મ, જ્ઞાન વૈરાગ્યની વાતો કરી. તે રાજા પ્રસન્ન થયા તે પછે રાજાએ ખુબજ વિનંતી પૂર્વક પ્રાર્થના કરી

મહારાજને રાજી કર્યા. મહારાજે ચપટી વગાડી રાજાને તેના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન કરાવ્યા. પછે રાજા રાજી થઈ પોતાને ઘેર તેડી જવા ભગવાનને આમંત્રણ આપ્યું. તે રાજાનો અતિઆગ્રહ જોઈ મહારાજ રાજાને ત્યાં ગયા, તે રાજાએ પ્રેમથી પકવાનો બનાવી ભગવાનને પ્રેમથી જમાડ્યા. ને રાજાને ભગવાનના દર્શન માત્રથી ભગવાનની મૂર્તિ અંતરમા ઉતરી ગઈ, ને રાજાને સંસારની માયાના વાસનાના કાંટા નીકળી ગયા. અંતર નિર્મળ થઈ ગયું. તેવી રીતે આપણે પણ તે માયાના કાંટા કાઢવાના છે. એ માયાના કાંટા નીકળી જાય એટલે અંતર નિર્મળ થઈ ગયું જાણવું. એ કાંટા નીકળી જાય એટલે મહારાજની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે. એ રાજાએ ભગવાનને રોકવાનો વધુ આગ્રહ કર્યો. ત્યારે મહારાજ કહે તમારા સ્નેહને કારણેજ આટલુ રોકાયા હતા, હવે જાશું. બીજુ મહારાજ નાનીવયે વનવિચરણ કરતા તેનુ કારણ એ હતુ કે, વનમાં રહેતા સાધુપુરૂષો, યોગીઓ વગેરેની સાથે જ્ઞાનની વાતો કરી, તેમને મોક્ષ આપી કલ્યાણ કરવું. મહારાજે તે રાજાને દેહ મુકવા સમયે દર્શન આપી અક્ષરધામમાં લઈ ગયા.

અનેક જન્મ ખોયા અણ અર્થે પણ આવ્યું નહિ કાંઈ કામ,
એક જન્મ હરિ અર્થે કરી તો સરી જાય સર્વે કામ....

બીજુ **સંસારમાં જળ-કમળ વત્ રહેવું.** બીજુ આત્મા અણુ સમાન છે તે વાળના અગ્ર ભાગ છે તેના સો કટકા કરીએ તેના સોમા ભાગ જેટલો આત્મા સુક્ષ્મ છે. બીજુ દરેકમાં આત્મા સરખો છે. હાથી, કીડી કે મનુષ્ય હોય આત્મા દરેકમાં સરખો

છે. કીડીના પગમાં કાંટો વાગે તો શી રીતે કાઢવો? ચીપીયા વગેરે કામ ન આવે. એમ આત્મામાં સંસારની માયાના કાંટા વાગ્યા છે તેને આપણે ભજનમાં કાળજી રાખવી કાઢવા જોઈએ. બીજુ મુંબઈ જવુ હોય તો આપણે એ રસ્તે ચાલવા માંડીયે ને આગળ વધીએ તોજ મુંબઈ પહોચાય. બાકી ત્યાં બેઠે બેઠે મુંબઈ કેટલુ દૂર છે એમ વિચારીને ઉભા રહેવાથી મુંબઈ ન જવાય. બીજુ આપણે કાળજી રાખી ભજન કરીશું તો ભગવાન જરૂર દયા કરશે જ આપણે નાશીપાસ થવાની જરૂર નથી. તમે એક વાર પરીક્ષામાં નાપાસ થાવ તો મુકી ન દેવી પણ વધુ મહેનત કરી સારી રીતે પાસ થવા પ્રયત્ન કરવો તો જરૂર ભગવાન દયા કરે.

બીજુ આઠ પહોર માંથી બે પહોર ઊંઘ કરવી વધારે ઊંઘ ન કરવી. બીજુ આપણે મોક્ષ સબંધી કામ કરવામાં કાળજી રાખીશું તો ભગવાન જરૂર આપણો મોક્ષ કરશે.

બીજુ આપણે બધાએ ભગવાનની ભક્તિ કરવાની છે. આગળના સમયમાં સાધુ તો તપ કરતા. પણ સાચુ તપ એ છે કે, પાંચ ઈન્દ્રીઓ અને અંત:કરણની વૃતિને પ્રતિલોમ કરી ભગવાનની મૂર્તિને વિશે સ્નેહ કરવો.

બીજુ એક રાજા હતા. તે સંતોનો સમાગમ કરતા, **જ્ઞાનની વાતો સાંભળતા વૈરાગ્ય થઈ ગયો.** તેને થયું કે રાજ કરવાથી આત્માનું કલ્યાણ નથી થવાનું. આત્માનું કલ્યાણ જે મોક્ષ ત્યારેજ થશે જ્યારે હું ભક્તિ કરીશ. તેથી તે રાજા એ પોતાના કુંવરને રાજ્ય આપ્યું. કુંવરે કહ્યુ કે અહી રહીને ભજન કરો સાધુ ન

થાઓ. પણ રાજાને બહુજ વૈરાગ્ય તેથી સાધુ થઈ પોતાનો મોક્ષ કર્યો. બીજુ એક ખેડુત હતો તેને એક છોકરો હતો, તે ૧૫ થી ૨૦ વર્ષનો છોકરો થયો, એટલે તેને પરણાવી ૧૨।। હજાર રૂપિયા આપી બાકીના અડધા રૂપિયા પોતા પાસે રાખી ધરના ભાગ કરીને છોકરાને કહ્યું કે, મારે જવુ આથમણે ને તારે જવુ ઉગમણે આપણા રસ્તા જુદા છે. મારે ભક્તિમાં સમય ગાળવો છે. છોકરાએ આગ્રહ ભરી વિનંતી કરી કે, મારો કાંઈ અપરાધ થયો હોય તો માફ કરો. સાધુ શા માટે થાવ છો? પણ બાપે ના પાડી મારે તો સાધુ થવું છે. બાપા ભગવાનના મંદિરમાં સેવા કરવા લાગ્યા. એમ કરતા ઘણો સમય થઈ ગયો. એક વાર છોકરાને અગત્યનું કામ યાદ આવતા, રસ્તે મંદિર આવતા યાદ આવ્યું કે મારા બાપા અહી રહે છે. તેમને કહી આવું કે આ કામ તમે કરજો. કામ શું તો રાયલીનું પાનું કઢાવવું. બાપા ધ્યાન કરતા હતા બાપાને કહ્યું કે આ રાયલીનું પાનું કરાવાનું. બાપાએ ધ્યાન કરતા વિચાર્યું કે હું અહી મંદિરમાં રહી સંસારના આવા કામ કરીશ તો કાલે બીજુ લાવશે. માટે કાંઈક રસ્તો કરવો પડશે. તેણે ના ન પાડી લુહાર પાસે જઈ તે રાયલીનું પાનુ ન કરાવતા તે રાયલીના બે પડખો કાપી તેના છેડા છૂટા કરાવી નાખ્યાં ત્રણ ટુકડા કરાવી નાંખ્યા. કલાક પછી છોકરો પાછો ફરતા તેં લેવા આવ્યો. તેણે ટુકડા જોયા તે છોકરો ગુસ્સે ન થયો. તે પટેલે કહ્યું કે હું ટુકડા કરાવાનું સમજ્યો હતો. તે દીકરો સમજી ગયો કે બાપાને આ નથી ગમતું. એમ રાજા પણ પોતાના કુંવરને ગાદીએ બેસાડી પોતે જંગલમાં ચાલ્યો ગયો. ૧૦ વર્ષ સાધના

કરી આત્માને શુધ્ધ કર્યો ને પોતાનો મોક્ષ કર્યો. તેમ મોટા સંતો કહેતા કે પહેલા પોતાના આત્માને શુધ્ધ કરી પછી બીજાને ઉપદેશ કરવો.

બીજુ **એક સંત હતા તેની પાસે એક ભાઈ આવીને કહે મારે તમારા શિષ્ય થવું છે.** તે સંત કહે કસોટી સહન કરવી પડશે ને કામ પણ કરવું પડશે. તે ભાઈ કહે હુ કરવા તૈયર છું. સંતે તેની કસોટી કરી ખુબ કામ કરાવ્યું ને કસોટી કરી પણ આ કાંઈ બોલે નહી. એમ કરતા ૫ થી ૧૦ વર્ષ થઈ ગયા. એક વાર શિષ્યે પૂછ્યું બાજુના ગામમાં જઈ ઉપદેશ કરાવું ત્યારે સંત કહે તારી મશ્કરી કરશે કે ખાવા ન મળ્યુ એટલે બાવો થયો. કમાવાની પહોચ નતી તેથી બાવો થયો. શિષ્ય કહે મારશે તો નહીને સંત કહે લાકડીથી મારે પણ ખરા. શિષ્ય કહે આ દેહને મારશેને મારે શું આ દેહતો પડવાનોજ છે ને. સંત કહે હવે તુ બરોબર તૈયાર છે, જા. એમ આ રાજાને આત્મા પરમાત્માનું જ્ઞાન દ્રઢ થઈ ગયું. તે મુમુક્ષોને ઉપદેશ આપીને ધ્યાન ભજન કરાવતા ને પોતે પણ ધ્યાન ભજન કરતા, ને ધર્મ, જ્ઞાન વૈરાગ્ય, ભક્તિની વાતો કરતા જાય ને જીવોના કલ્યાણ કરતા જાય. ને સત્સંગ વધારતા જાય. એમ કરતા એક રાજ્યમાં આવ્યા. ને ભગવાનની વાતો સંભળાવતા તેથી ત્યાંના લોકો ઘણા પ્રભાવિત થઈ ગયા. ત્યાના રાજાને થયું કે મારા કરતા આશું મોટો હશે? બાવા પાસે કાંઈ હોયજ નહી પણ તે રાજાના કારભારીઓ પણ આ બાવાના વખાણ કરવા લાગ્યા. એટલે તે રાજાએ તે બાવા પાસે જવાનું વિચાર્યું. તે સંત તળાવની પાળ પાસે બેઠા હતા રાજાને આસન

આપી બેસાડ્યા. સંતે વાતો સંભળાવી વાતો સાંભળી રાજાને આનંદ થયો. પણ રાજા એ કહ્યું આ તમારી વાતોજ છે પણ આ રાજ્યમાં બધા લોકો મારૂ જ માને. તમારૂ કોણ માને ? સાધુ કહે આ સોય હું તળાવમાં ફેકીશ તો માછલી લઈ આવશે. રાજાને થયું કે આ બાવામાં કાંઈ અક્કલ ન હોય ને ગપ્પાજ માર્યા કરે. એમ બને જ નહી. સંત કહે હું બતાવું! તો એમ કહી બાવાએ સોય તળાવમાં ફેકી ને માછલીને સોય લાવવા કહ્યું. તરતજ બધી માછલી અંદર ગઈ અને એક માછલી સોય મોં મા લઈ આવી સાધુના ચરણમાં મૂકી ગઈ રાજા નવાઈ પામ્યો ને થયું કે આ સાધુતો સિધ્ધિવાળો છે. તેને જ્ઞાન થયું ને કહે આ સંત બહુ મોટા છે. ત્યારે આ સંત કહે આ શક્તિ ભગવાનની ભક્તિના બળથી આવી છે ને ભગવાનમાંથી આવી છે. એમ જેને ભગવાન વશ થઈ જાય એને બ્રહ્માંડ વશ થઈ જાય છે. તે રાજાને સંતે વાત કરીકે હું પણ એક ગામનો રાજા હતો. પછી તે સંત ને રાજા કહે મારા આત્માનો મોક્ષ થાય તેવો કાંઈ રસ્તો બતાવો. ત્યારે સંતે કહ્યું કે સંસાર માં જળ-કમળ વત્ થઈ ને રાજ્ય કરતા ભક્તિ કરો. મોક્ષ જરૂર થાશે. બીજુ પણ કહ્યું કે તમે મુનીમ ની માફક સંસાર માં રહો. જેમ મુનીમ બધો હિસાબ-કિતાબ કરે પણ છેવટે પોતે એમ જાણે આ બધુ શેઠનું છે, મારૂ કાંઈ નથી. આ વાત સાંભળી રાજા બહુજ રાજી થયા. તેવી રીતે વર્તીએ તો સાધુ થવાની કાંઈ જરૂર નથી. તમારૂ ઘર પણ મંદિર છે. ઘરના કુટુંબીજનો ભગવાનના બાળકો છે. તેની સેવા કરવી તમારી ફરજ છે. ભગવાનના બાળકોની સેવા કરો છો તેમ માનશો તો

ભગવાન ભક્તિજ માનશે ને તમને શાંતિ થશે. બીજુ ભગવાની સેવા માની ને કામ કરવું આપણે મુનિમ છીએ તેમ માનવું. ભગવા વસ્ત્રો પહેરવાની જરૂર નથી.

બીજુ **મંછેન્દર નામના એક મોટા સંત હતા** તેમણે બીજા તેમના શિષ્યોએ સોનાની પાટ આપી તેથી તે માયામાં લપેટાઈ ગયા તેના શિષ્યને ખબર પડી કે તરતજ ત્યાં મંછેન્દરનામના સંતના શિષ્ય ગોરખદાસ હતા તેમ ત્યાં ગયા ને તેમણે નાટક કરીને ગાયું "ચેત મંછેન્દર ગોરખ આયા" પછી ગોરખદાસે પોતાના ગુરૂને સમજાવ્યાને પોતાની સાથે લઈ આવ્યા રસ્તામાં ગરૂ પુછે કોઈ ભય તો નહી હૈ ગોરખ? તો ગોરખ કહે ના પણ ગોરખને થયું કે આમ વારંવાર ગુરૂ પૂછ્યા કરે છે તે શું છે. રસ્તામાં ગુરૂ દિશાએ ગયા ત્યારે ગોરખે જોયું તો પોટલીમાં સોનાની પાટ હતી તેણે તે નદીમાં ફેંકીને પથરો રાખી મુક્યો. ગુરૂ સ્નાન કરી આવ્યાને બન્ને ચાલવા લાગ્યા ગુરૂએ ફરી પૂછ્યું ભયતો નહી હૈના! ત્યારે ગોરખ કહે ભયકું નદીમે ફેંક દીયા. આ સાંભળી ગુરૂ શોક કરવા લાગ્યા ને ગુરૂ કહે કે, એમાંથી હું ઘન કરત... આશ્રમ બનાવત વગેરે માયા માટેનો ગુરૂનો શોક જોઈ ગોરખે ધૂળમાંથી સોનું બનાવી આપ્યું. તે જોઈ ગુરૂ નવાઈ પામ્યા તે જોઈ ગુરૂ કહે આ ક્યાંથી શીખ્યો! શિષ્ય કહે આપ ગુરૂ પ્રતાપે. ગુરૂ કહે મારા કરતા તું સવાયો થયો. ગોરખ કહે ના આ તો ભગવાનની ભક્તિનું બળ છે. ગુરૂને સોનાની પાટનો મોહ ઉતરી ગયો શિષ્ય સારા હોય તો ગુરૂને પણ માયા માંથી બચાવી લે છે. બીજુ કિર્તનમાં કહેલ છે કે,

સંત સમાગમ કીજે હો નિસદિન, સંત સમાગમ કીજી...
માન તજી સંતન કે મુખસે, પ્રેમ સુધા રસ પીજે.... સંત૦

આવા સંત મળ્યા આવા ભગવાન મળ્યા તો આપણે ભગવાનની ભક્તિ કરીશું તો ભગવાન જરૂર રાજી થશે. ગીતામાં કહ્યું છે કે, દેહ મરે છે આત્મા નથી મરતો. કોડીયામાં તેલ ખુટે તો શુ થાય? તેલ ખૂટતાજ દિવો ઓલવાઈ જાય, તેમ આપણું આયુષ્ય ખૂટતા દેહ પડી જશે. ને આત્માને બીજો દેહ મળશે ને મનુષ્ય જન્મ ફરી મળતો નથી. ગીતામાં કહ્યું છે કે નવા વસ્ત્રો પહેરીને જૂના ફેંકી દઈએ છીએ તેમ જીવ આ દેહને મૂકીને બીજો દેહ ધારણ કરે છે.જન્મ મરણથી છૂટવા માટે ભગવાનની ભક્તિ કરીએ. ભગવાનની ભક્તિ કરતા આત્માનું કલ્યાણ થાય છે. આપણે ખરૂ કરવાનું એજ છે. બીજુ હમણા આ યુવાનીમાં થાશે પછી ઘડપણમાં નહી થાય. બીજુ જેને એક નયાપૈસાની કિંમત ન હોય તે પૈસાદાર ન થઈ શકે ને એક મિનિટની કિંમત નહોય તેનો મોક્ષ ન થાય. એમ મોટા સંત કહેતા. બીજુ આ જગત બધુ નાશવંત છે એમ સમજીએ તો આ જગતમાંથી વૈરાગ્ય ઉત્પન્ન થાય ને જ્ઞાન અને સમજણ હોય તો જ ભક્તિમાં વધારે આનંદ આવે છે. માટે આપણે જ્ઞાન અને સમજણ બરાબર રાખવી. ને આ સમજણથી જ આપણો મોક્ષ થાય છે.

બીજુ એક એકાંતિક બ્રાહ્મણ હતા. તેમના કુંટુબમાં વારસાગત ભક્તિ હતી. તેમનો એક છોકરામાં બાળપણથી જ ધર્મભક્તિના સંસ્કાર પડ્યા હતા. સમય જતા તે મોટો સાહેબ થયો તેથી તેની ભક્તિ ઓછી થઈ ગઈ. ને જગત પ્રધાન તઈ ગયું ને જગતનું

શિખવા ગુરૂની જરૂર પડતી નથી. સત્સંગ કરવા માટે ગુરૂની જરૂર પડે છે. આ ભાઈ તો ભગવાનને ભૂલી ગયા. મંદિરે જાય પણ સંતોને ઉભા ઉભા જે જે કરે પણ આશિર્વાદ આપતા હોય તે રીતે કરે પણ તે મોટા માણસને કોણ કહે? પણ એક નાના સ્વામી હતા. વયમાં નાના હતા પણ જ્ઞાન અને સમજણની દ્રઢતા બહુ સારી હતી. તેમણે કહ્યુ કે તમે ભક્તિ કરતા તમારા બાપદાદા પણ સતત ભક્તિ કરતા. તમે આજે સાવ કશું કરતા જ નથી. આ તમને શોભે છે! આ જગત નાશવંત છે. સાહેબી કેટલા દિવસ રહે! આ વાત સાંભળીને રાજી થયાને સ્વામીના ચરણોમાં માથુ નમાવી દીધું. તમે સાચા ગુરૂ કહેવાય મને રસ્તો બતાવ્યો. મારી આંખ આડેના પડદા દૂર કર્યા. પછી તે એકાંતિક ભક્ત થયા ને પોતાનો મોક્ષ કર્યો. બીજુ આ સભામાં ને અક્ષરધામની સભામાં જરાય ફેર નથી. ગોલોક, વૈકુંઠલોક, શ્વેતદ્વિપલોક એના કરતા આ સભા અધિક છે ને ત્યાં બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામીના કિર્તનો ગવાય છે. દિવ્ય દ્રષ્ટિ થઈ હોયતો ભગવાન પૂજામાં પ્રત્યક્ષ દર્શન આપેછે. બીજુ જ્યાં ભગવાન ભક્તનો પ્રેમ હોય ત્યાં ભગવાન દર્શન આપેછે. પણ આપણી દ્રષ્ટિ એ સુખમાં નથી પહોંચી તેથી બરાબર ભગવાનની મૂર્તિનું સુખ નથી લેવાતું.

બીજુ કામ કરતા, માળા ફેરવતા, કથા સાંભળતા **અંતરવૃત્તિ વડે ધ્યાન ભજનનો ખટકો રાખવો.** ને કરોડો જન્મના પુણ્ય ઉદયથાય ત્યારે આપણાને સત્સંગ કરવો ગમે છે. બીજુ લખ્યુ છે કે, હવે હું તો થઈ છું રે માતી, હરિના ગુણ સાગરમાં નાતી...

તે ભગવાનના લીલા ચરિત્રોમાં ભગવાન કે તેની મૂર્તિને સંભાળવામાં કાળજી રાખવી. ને ભગવાનનું ભજન કરવાથી જીવ બળીયો થાય છે. માટે જેમ બને તેમ ભગવાનની મૂર્તિને સંભાળવાથી આપણાને અંતરમાં આનંદ આવશે ને પંચવિષયના સુખ તુચ્છ છે તેમાથી રાગ નિર્મૂળ કરવા ને જેમ બને તેમ ભગવાનનું ધ્યાન ભજન વિશેષ કરવું.

બીજુ **ભગવાનની ભક્તિ કરવી એજ સાચુ કામ કરવાનું છે** બાકી તો આ બધુ ખોટું છે ને અંતે કાંઈ કામ નહિ આવે માટે ભજન કરી લેવુ. બીજુ એક વખતે ઈન્દ્રરાજાના સિંહાસન ઉપર એક મંકોડો ચડવા માટે પ્રયત્ન કરતો હતો. પણ તે મંકડો પડી જાય ને ફરી ચડે તે જોઈને ઈન્દ્રરાજાને અભિમાન થયુ કે, આ તુચ્છ મંકોડો શુ આ મારી ગાદી પર બેસી શકે? ત્યારે ભગવાનની પ્રેરણાથી મંકોડાને વાચા થઈ. ને એ મંકોડો કહે હું અહીં ચાર વખત બેસી ગયો છું. પણ મેં ભગવાનની ભક્તિ બરોબર નહી કરી હોય તેથી આ મને મંકોડાનો અવતાર આવ્યો છે. તે ગીતામાં કર્મયોગ, જ્ઞાનયોગ ને ભક્તિયોગ વિશે બહુ સારી રીતે સમજાવ્યા છે. તેમા કર્મયોગી સ્વર્ગને પામે છે. ભક્તિયોગથી મોક્ષ મળે છે તેમા ભક્તિયોગ ત્રણમાં શ્રેષ્ઠ છે ભક્તિ કરતાં આ જન્મે અધુરી રહી જાય તો બીજો જન્મ સારે ઠેકાણે મળે છે. ભક્તિ કરવી એજ કઠણ છે. જેનું મન મેલું હોય તે ભક્તિ કરીજ ન શકે. કરોડો જન્મના પુણ્યના ઉદયે સત્સંગ મળે છે. ને ભગવાન ઓળખાય ને ભક્તિ કરી શકાય છે. ને બ્રહ્માંડ આખુ જીવથી ભર્યું છે. તેમા ભગવાન રાખવા તે સાચુ તપ છે ને? મન

ગમતું છોડી દેવુ તેજ ખરો ભક્ત છે. બીજુ ગુરૂની આજ્ઞા પ્રમાણે રહેવું, બીજુ નિષ્કામી ભક્ત હોય તેજ ભગવાનના ધામમાં જાય છે. સકામ ભક્તિવાળાને ધામ નથી મળતું! બીજુ ભગવાની પ્રસન્નતાર્થે જે કરો તે નિષ્કામી થાય છે. ને સર્વેના કર્તા હર્તા ભગવાનજ છે. એમ સમજાઈ જાય તો પછી જીવને કરવાનું કશું બાકી રહેતું નથી.

બીજુ એક રાજા હતા તે પોતાની રાણી સાથે એક દિવસ શિવમંદિરમાં દર્શન કરવા ગયા. ત્યાં તેને તેજસ્વી બ્રહ્મચારીને બેઠેલા જોયા તે જેમ લોઢું ખેંચાય તેમ રાજાની વૃત્તિ તે બ્રહ્મચારીમાં ખેંચાવા લાગી ને પ્રણામ કરી ત્યાં ઉભા. બ્રહ્મચારી તો ધ્યાનમાં બેઠા હતા ને ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિતો સદાય ભગવાનમાં જ રહે. આપણે પણ મનને કેળવવાનું છે. ને તે મન જગતમાં જાય તેટલી આપણી કચાસ કહેવાય. કામ તો ૭ કલાક કે ૮ કલાકે કે વધુમાં વધુ ૧૦ કલાક કરીએ છીએ. બાકીના સમયમાં મન ક્યાં હોય છે તે વિચારીએ તો ખ્યાલ આવે કે જો ભગવાનમાં રહે તો નિરંતર ભગવાનનું સ્મરણ જ રહે. તો આપણે કાળજી રાખી ભગવાનનું ભજન કરવું ને આપણે કરી કરી ને ખરૂ કરવાનું એજ છે. બીજુ આ ભગવાનની મૂર્તિનો ભાવ ટાળી પ્રત્યક્ષ ભગવાનનો ભાવ લાવવો. ભગવાન પૃથ્વી ઉપર હતા ત્યારે તેમાં મનુષ્યભાવ ટાળી પ્રત્યક્ષ ભગવાનનો ભાવ લાવવો ને એમ સમજાય તે જ મોક્ષને પામે છે. બીજુ શિક્ષાપત્રી એટલે મહારાજની વાણી તે સાક્ષાત ભગવાન રૂપ છે. એ પ્રમાણે રહે તો સુખ, શાંતિ સંતોષ હમંશા રહે. તમે બધા

એ આજ્ઞા મુજબ જ વર્તતા હશો તેમાં જ સુખ છે ને મન ગમતું કરવાથી મન જીતાતું નથી, પણ ભગવાન કે સંત કે શાસ્ત્રની આજ્ઞા મુજબ વર્તવાથી જ સુખી થવાય છે. પછી સ્વામિનારાયણ ભગવાનને આંખો ખોલી. રાજાએ વિનય પૂર્વક પ્રાર્થના કરી પ્રણામ કર્યા, મહારાજે તેને સમાધી કરાવી ને પાંચ મીનીટમાં વૈકુંઠધામ મોકલ્યા ને રામ લક્ષ્મણ જાનકીના દર્શન કરાવ્યા. તે દર્શન કરી રાજા ધન્ય થઈ ગયા. તેણે આંખ ખોલીને મહારાજની જગ્યાએ સાક્ષાત રામચંદ્રજીને જોયા, તેણે મહારાજને ભગવાન તરીકે માન્યા ને તે રાજાએ મહારાજને અખંડ રહેવા માટે આગ્રહ કર્યો. મહારાજે કહ્યું અમારે હજુ બીજા અનેક જીવોનું કલ્યાણ કરવાનું બાકી છે. પછી મહારાજ ત્યાં બે દિવસ રહ્યા ને પછી વનમાં ચાલ્યા ગયા ને રાજાને કહેતા ગયા કે તારો મોક્ષ આવતા જન્મમાં થાશે. રાજા પછી થોડા દિવસ રહીને દેહ છોડી ગયા. તેનો બીજો જન્મ સુરતમાં વાણિયાને ત્યાં પુત્ર તરીકે થયો. પંદર વર્ષ પછી મહારાજ સુરતમાં અરદેશરજીને ત્યાં પધાર્યા. હાથી પર અંબાળીમાં મહારાજ બેઠા હતા, સંતો સાથે હતા. અવું સરઘસ નીકળ્યું હતું છોકરાએ જોયું તો તેને થયું કે હાથી પર બેઠેલાને ક્યાંક મે જોયા છે. મહારાજ નીચે ઉતરી તે છોકરાને પુછવા *લાગ્યા, "કાં ઓળખાણ પડે છે?"* છોકરો બોલ્યો ઓળખતા નથી. પછી ભગવાને તેની સામે દ્રષ્ટિ કરી તેથી તુરત જ તે છોકરાને પૂર્વજન્મની સ્મૃતિ થઈ. તેને આગ્રહ ભરી વિનંતી કરી, મહારાજે તેને કંઠી પહેરાવી વર્તમાન ધરાવ્યા ને એ છોકરાને દેહને અંતે ભગવાન ધામમાં લઈ ગયા.

બીજુ **એક બાઈ હતા બહુજ ભક્તિવાળા એને વૈરાગ્ય પણ ઘણો હતો.** તે બાઈ પરણવાની ના પાડે ત્યારે મહારાજે કહેડાવ્યું કે તમે પરણો. એટલે બાઈ મહારાજની આજ્ઞા માની તૈયાર થયાને પરણ્યા. પરણ્યા પછે વરને ભેટ આપવાના સમયે બધા ભેટ આપવા લાગ્યા. ત્યારે બાઈ પોતાના સૌભાગ્યના વસ્ત્રો, ઘરેણાં આદિ લઈને તેના પતિને કહે લ્યો ભાઈ હું પણ આ તમને ભેટ આપું છું. એમ કહીને બાઈ તરતજ ચાલી નીકળ્યા. એટલો તીવ્ર વૈરાગ્ય તે બાઈને હતો. બીજુ મંદિરમાં ઘણા લોકો આવે સંતોની વાતો સાંભળે પણ ખરાં, પણ મંદિરની બહાર નીકળે એંટલે તરત જ પાછા જગતમાં અટવાઈ જાય છે. પણ એમ ન કરતાં જે કંઈ સાંભળો તેનુ મનન કરી, નિધીધ્યાસ કરો, બીજુ ભગવાનનું ધ્યાન કરો તો ભગવાનનો સાક્ષાતકાર થશે. બીજુ ભગવાનની મૂર્તિના દર્શન કરી મૂર્તિનું મનન કરશો તો તે મૂર્તિના દર્શન થશે. બીજુ ભક્તિ હમણા કરશો તો થાશે વૃધ્ધા અવસ્થામાં નહી થાય. મારા ગુરૂ મને ભીંત સામું બેસાડતા ને વારંવાર પૂછતા ને કહેતા કે જીવમાં હશે તો કામ આવશે. ચોપડીમાં હશે તો કામ નહિ આવે. બીજુ તમે બેંકમાં નોકરી કરતા હો તો કોઈ ભાઈ વ્યાજ પૂછવા આવે તો ચોપડીમાં શોધવા જાવ તો પેલો ભાઈ ચાલ્યોજ જાયને! તેમ ચોપડીમાં છે તે કામ નથી આવતું. બધુ યાદ કરી જીવનમાં ઉતારીએ તો જ કામ આવે છે. આ દેહનો ભરોસો એક ઘડીનો નથી, ક્યારે આ દેહ પડે તે ન કહેવાય! નિરંતર આત્મા-પરમાત્માનું જ્ઞાન દ્રઢ કરવું ને ભગવાનને યાદ કર્યા કરવા તે આવો અભ્યાસ કરશો

તો જરાય કઠણ નહી લાગે, એકદમ સુગમ થશે. બીજુ આવો સત્સંગનો આપણને યોગ મળ્યો છે, તો આપણે જરાપણ સમય નકામો ગુમાવવો નહી. બીજુ ગૃહસ્થને વ્યાવહારીક કામ પણ કરવું પડે, પણ ઉપરથી કરવું. જેટલી કચાસ છે તે દૂર કરીને આપણે ભગવાનમાં દિન પ્રતિદિન પ્રિતી વધારતા જવું, ને અખંડ ભગવાનની મૂર્તિની સ્મૃતિ રહે એજ આપણે ખરૂં કરવાનું છે માટે કાળજી રાખી ભજન કરવું.

બીજુ **એક માણસને રસ્તામાં ચાલતા ચિંન્તામણી મળ્યો** પણ તે ચિંન્તામણીને કાચનો ટુકડો સમજી કાગડા ઉડાડવામાં ખોઈ નાખ્યો. તેમ આપણાને મનુષ્ય જન્મ ચિંન્તામણી તૂલ્ય મળ્યો છે તેનો મહિમા જાણ્યા વિના તેને દેહના સુખમાં ખોઈ નાંખીએ છીએ તે આપણી ભૂલ છે તો આ મનુષ્ય જન્મ વડે ભગવાનનું ભજન કરી, ક્ષણે ક્ષણે સમય ચાલ્યો જાય છે મુત્યુ કોઈની વાટ જોશે નહી. ટાઈમ થાય એટલે આપણે ચાલ્યું જવાનું, માટે આપણું શરીર સારૂ હોય ત્યાં સુધી ભજન કરી લેવું. ને સર્વેસુખના નિધી ભગવાનને જાણી ને તે ભગવાનની મૂર્તિને વિશેજ હેત કરવું. આગળ ભગવાનને રાજી કરવાને માટે કેટલાય ઋષિમુનીઓ ટાઢ, તડકો, ભુખ તરસ સહન કરી ભગવાનને રાજી કરતા. ભગવાન પોતાના ભક્તની આ લોકમાં રક્ષા કરે છે ને પરલોકમાં પણ રક્ષા કરે છે.

બીજુ **ગુરૂ કરવા તો જ્ઞાની કરવા**, સત્ અસત્ ને જોઈ. 'ગુ' એટલે અજ્ઞાન રૂપી અંધકાર અને 'રૂ' એટલે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર. અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરી ચાચે રસ્તે લાવી

જીવન પસાર કરાવે તેજ સાચા ગુરૂ છે. બીજુ કાલે એક ભાઈ આવ્યા હતા તે કહે મારા ગુરૂ અગિયારસના ચલમ પીએ છે! પછી મને કહે, યે તો પ્રસાદકા હૈ પીઓ, એમ કહી મને આપે છે. આવા ગુરૂ હોય પછી શિષ્યોનો ઉધ્ધાર ન જ થાય ને? શાસ્ત્રમાં લખ્યું છે કે, એવા ગુરૂની આજ્ઞા માની ગાંજો આપવો! એવા ગુરૂથી મોક્ષ ન થાય, લોભી ગુરૂને લાલચુ ચેલા દોનુ નરકમાં ઠેલમ ઠેલા... ગુરૂ બનાવો તો જોઈને બનાવો. ગુરૂ એવા હોય તેમાં જગતનો દોષ ન હોય. ને ગુરૂ નિયમ ન પાળે તો ગુરૂ નરકમાં જાય, તો શિષ્ય પણ એવા ગુરૂની સાથે નરકમાં જ જાય છે. આપણે શાક લેવું હોય તો પણ જોઈને લઈએ છીએ. દરેક ચીજ લેતાં પહેલા આપણે બરાબર ખાત્રી કરી લઈએ છીએ. માટલુ લેવું હોય તો ટકોરા મારીને લઈએ છીએ. તેમ જેને ગુરૂ બનાવીએ તેને ગુરૂના ગુણની ખાત્રી કર્યા પછીજ ગુરૂ બનાવવા. ને ખાત્રી કર્યા વિના ગુરૂ બનાવીએ તો ગુરૂ ભેગો શિષ્ય પણ નરકમાં જાય છે. બીજુ એક ગુરૂ હતા તેને ચાર શિષ્યો હતા. તેને જ્ઞાન,વૈરાગ્ય,ધર્મ અને ભક્તિ વગેરેનું જ્ઞાન આપ્યું. પછી તેમણે દરેકને જૂદી જગ્યાએ એક વર્ષ માટે મુક્યા. ને કહ્યું તમારે ત્યાંથી આગળ-પાછળ ક્યાંય જવું નહિ. એકને વાઘની બોડના મોંઢા પાસે બેસાડ્યો, બીજાને સર્પના રાફડા પાસે બેસાડ્યો, ત્રીજા ને પનઘટના કુવા પાસે બેસાડ્યો, ચોથાને વેશ્યાના ઘર સાંમે બેસાડ્યો. વાઘની બોડ પાસેના શિષ્ય પાસે વાઘ આવ્યો તો જરા પણ ડર્યો નહી. ગુરૂની દયાથી વાઘ ચાલ્યો ગયો. દરરોજ આમ થતા વાઘ મિત્ર થઈ ગયો. સર્પ પણ બીજા

શિષ્યનો મિત્ર થઈ ગયો. પનઘટ વાળા શિષ્યને કેટલીક પનિહારી મેણાં મારે કે, ખાવા નથી મળતું એટલે બાવા થઈને બેઠા છો. કમાવાની પહોંચ નથી એવા મેણાં મારે ને કોઈ દૈવી જીવ વાળી સ્ત્રી ફળ-જળ પીવા આપી જાય. વેશ્યાને ત્યાં હતો તે શિષ્ય નીચુ જોઈ ધ્યાન જ કર્યા કરે. કોણ આવે ને કોણ જાય તેના તરફ ધ્યાન આપ્યા વગર ભગવાનનું ધ્યાન કર્યા જ કરે. ચાર પાંચ મહિના બાદ તે સ્ત્રીએ આવીને તે શિષ્ય પાસે માંગણી કરી કે મારી ઈચ્છા પૂરી કરો, શિષ્યએ નીચી જ દ્રષ્ટિ રાખીને જવાબ આપ્યો કે, હું બ્રહ્મચર્ય વ્રત પાલન કરૂં છું તેથી તારી ઈચ્છા હુ પુરી કરીશ નહી, ને તે શિષ્યે વેશ્યાને જ્ઞાન વૈરાગ્યની વાતો સંભળાવી દરરોજ તે વેશ્યા સાંભળતી તેથી તેને વેશ્યાનો ધંધો મૂકી ને ભક્તિ કરવા લાગી. એક વર્ષ પછી ચારેય શિષ્યો પાછા આવ્યા. ગુરૂ ત્રિકાળજ્ઞાની હતા. જાણતા હતા. તેમણે વેશ્યા વાળા શિષ્યને શ્રેષ્ઠ કહ્યો. તેને દ્રષ્ટિ,મનને મર્યાદામાં રાખ્યા હતા. પણ એક શિષ્યને જરા શંકા કરી તેથી ગુરૂએ ચારેયને સ્થાન બદલાવી ફરીથી એક વર્ષ માટે મુક્યા. વેશ્યાને ત્યાં જે શિષ્ય ગયો તેની મતિ ફરી ગઈ. તેણે કામ-વિકારની માંગણી કરી તો વેશ્યા એ કહ્યું તમારા ગુરૂ ભાઈ જે હતા તેતો મને ભક્તિ શીખાવીને ગયા હતા, તમે આવા કામી કેમ છો? આ વાત સાંભળતા જ તે શિષ્યનું મન ઠેકાણે આવ્યું ને નીચું મોં થઈ ગયું ને ભોંઠા પડી ગયા પછી તે શિષ્ય ગુરૂ પાસે આવ્યા ત્યારે કાંઈ બોલી શક્યા નહી. ગુરૂ કહે પહેલા જે વેશ્યા પાસે ગયા હતા તે જ શ્રેષ્ઠ શિષ્ય કહેવાય. કારણે કે તેમણે પોતાની ભક્તિ

મુકી નહી ને ગુરૂની આજ્ઞા બરાબર પાલન કરી તે જોઈને બીજા પણ ભક્ત થયા. કુસંગ માં રહી ને ભક્તિ કરે ને ભક્તિ કરી બતાવે તે જ સાચો ભક્ત કહેવાય. ભગવાનના એકાંતિક ભક્તને ભગવાન સિવાય બીજો કોઈ સંકલ્પ ન થાય તે જ ખરો ભક્ત કહેવાય. આપણે પણ એ જ કરવાનું છે ને જગતમાંથી પ્રિતી ઓછી કરી ભગવાનમાં વધારે પ્રેમ કરવો. બીજુ જનકરાજાને શુકમુનિ મળળા ગયા ત્યારે જનકરાજાએ તે મુનિને દરવાજે ઉભુ રહેવાનું કહ્યું ને સાત દિવસ વીતી ગયા પણ શુકમુનિ ત્યાંથી જરા પણ ન ખસ્યા. ખાવુ-પીવુ કાંઈ કશુ જ ન કર્યું. જાણે હમણા મને બોલાવે તો એમ બોલાવી રાત્રી પણ ઉધ્યા વગર પૂરી કરતા હતા. પછી રાજાએ ચોકી દારને પૂછ્યું કે પેલા સાધુ ત્યાં છે તો ચોકીદારે કહ્યું કે હા, દરવાજે જ છે. ત્યારે રાજાએ કહ્યું કે તે સાધુને કહો કે માયા છોડીને આવે. શુકમુનિ નગ્ન હતા. અને જન્મીને તરતજ રવાના થઈ ગયા હતા તો તે શુકમુની ના મનમાં માયાના વિકારો તો ક્યાંથી હોય? પણ દેહ છે તેથી તે દેહનું ભાન છે ત્યાં સુધી માયા તેમાં રહેલી કહેવાય. શુકમુનિ ત્યાં આવ્યા ને રાજાએ છપ્પન ભોજન જમવા માટે બેસાડ્યાને કહ્યું કે પ્રેમથી જમજો પણ તે રાજાએ યોગકળા વડે જમવા બેસવાની જગ્યાની ઉપર તેના મસ્તક પર ૭૦ મણ પથ્થરની શીલા સૂતરના તાંતણા પર લટકતી હતી, તે શીલા પડી જવાની બીકે જમવામાં મન રહ્યું નહિ, જાણે આ દેહ પડી જશે. દેહ ઉપર પડશે તો એવો ડર લાગતો હતો તેથી તરતજ જલ્દી જમીને ઉઠી ગયા. કારણકે આ દેહનું ભાન હતું. તેથી તે શુકમુનિ ને બીક

લાગી પણ આત્માનું પુરૂ જ્ઞાન થયુ હોત તો બીક ન લાગી હોત. પછે શુકમુનિને રાજાયે સમજાવ્યા કે દેહનું ભાન છે તેજ માયા છે. માટે આપણે જ્ઞાને કરીને આત્માનું જ્ઞાન શીખવું ને આત્માને વિશે પરમાત્મા ભગવાન અખંડ રહ્યા છે તો તે પરમાત્માની ઓળખાણ બરોબર થઈ જાય તો માયા ટળી કહેવાય ને આઠે પહોર આનંદ વર્તયા કરે તે પરમાત્માનું જ્ઞાન સતપુરૂષ થકીજ થાય છે માટે સતપુરૂષનો સમાગામ હંમેશા કરવો તે સાંભળી શુકમુનિ રાજા થયા. બીજું શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં જે આજ્ઞા કરી છે, તે પ્રમાણે કાળજી રાખી વર્તવું. ને જો તીવ્રશ્રધ્ધા રાખી આજ્ઞા બરાબર પાલન કરીશું તો જલ્દી મોક્ષ સંબધી કામ થઈ જશે. ને મંદશ્રધ્ધા રાખશું તો મોક્ષ કરવામાં વાર લાગશે. માટે આપણે તીવ્રશ્રધ્ધા રાખી ભજન કરવું. બીજુ જગતના જીવો કરતા કરોડો ગણું પુણ્ય હોય ત્યારેજ આપણાને ભગવાન ઓળખાય છે તે માટે આપણે સાચા સતપુરૂષને ઓળખી તેમનો સમાગમ કરવો. તે સતપુરૂષના શાસ્ત્રમાં ૩૦ લક્ષણ લખ્યા છે. તેવા ગુણ હોય તેને જ સત્પુરૂષ કહેવાય. પણ અમથું સતપુરૂષ થવાતું નથી માટે આપણે સાચા સત્તપુરૂષને ઓળખી સમાગમ કરવો.

બીજુ **"વિજળીના ઝબકારામાં મોતી પરોવી લેવું"** કેમકે વિજળીનો ઝબકારો કલાકો સુધી રહેતો નથી, એ તો ક્ષણ માત્ર રહે છે. માટે આપણે આ ક્ષણભંગુર દેહનો વિશ્વાસ ન કરતા જલ્દી ભગવાન ભજી લેવા.

બીજુ **મન જગતમાં ચાલ્યુ જાય છે.** ભગવાનના ભક્તનું મન

ભગવાનમાં જ રહેવું જોઈએ, પણ આપણા મનનો ઢાળો જગત તરફ હોવાથી ભગવાનમાં મન ન રહેતા જગતમાં જાય છે. તમારૂ મન શું કરે છે? જગતમાં જાય છે કે, ભગવાનમાં જાય છે, તે આપણે હંમેશા તપાસવું ત્યારે જણાશે. સંતો રાજી હોય તો મનમાં શાંતિ જણાય છે, જો અશાંતિ વર્તે તો સમજવું કે ભગવાન કે તેના સંતોનો દ્રોહ થઈ ગયો છે. બીજુ આ જગત નાશંવત છે. ભગવાન માં પ્રિતી રાખવાનો અભ્યાસ કરશો ને મનને એ માર્ગે વાળશો તો ભગવાન અંત કાળે યોગ ત. રોગ કે સો સદ્‌ગુરૂનું જ્ઞાન આપી મોક્ષ કરી આપે છે. તે ગીતામા કહ્યું છે કે આ મારી માયાને તરવી દુષ્કર છે. પણ જે મારે શરણે આવે છે તે તરત જ સહેલાઈથી તે માયા તરી જાય છે. બીજુ સાહેબ કે ઓફીસર એક દિવસમાં થવાતું નથી, તો આપણે આવો દિવ્ય સત્સંગનો યોગ મળ્યો છે, ને જો બરોબર ખટકો નહી રાખીએ, તેમ જ આળસ પ્રમાદમાં સમય વિતાવીસું તો મોક્ષ નહી થાય માટે ભગવાનમાં પ્રિતી રાખવી. બીજુ કહ્યું કે, "દુર્લભો મનુષ્ય દેહો" તે દેવો પણ ભગવાનને પ્રાર્થના કરે છે કે, હે ભગવાન અમારૂં થોડુ પણ પુણ્ય બાકી હોય તો અમને ભરતખંડમાં મનુષ્ય જન્મ આપો. કારણ કે મનુષ્ય દેહ વડે જ આત્માનું કલ્યાણ કરી મોક્ષ મેળવાય છે. સ્વર્ગમાં અમૃત પીવા માટે મળે છે, ફરવા માટે વિમાનો મળે છે, ને કલ્પવૃક્ષ મળે છે. છતા પણ એ બધા સુખો તુચ્છ છે. કલિયુગમાં ભગવાન સહેલાઈ થી મળી શકે છે આગળના સમયમાં ભૂખ, તરસ, ટાઢ, તડકો વગેરે સહન કરવા પડતા. ત્યારે માંડ ભગવાનના દર્શન થતા. ને આ કલિયુગમાં

તો "દૂધ, ભાત, સાકર જમો, હિંડોળા ખાટમાં ઝૂલો, મોટરમાં ફરો કે વિમાનમાં ફરો તો પણ ભગવાન મળી જાય છે. ને આપણે પણ કરી કરીને ભગવાનની ભક્તિજ કરવાની છે. જેટલી ભક્તિ વધારે કરીશું તેટલુ સુખ વધારે મળશે. બીજુ અંતરમાં શાંતિ છે તે જ ખરી શાંતિ કહેવાય માટે હાલમાં ભગવાન ભજી લેવા પછે, "ગુરૂદેવ મારા, ગઢપણમાં ગોવિંદ ગાશું" એમ નહિ થાય બાળપણું ખાધા ખેલ્યામાં ખોયું, યુવાની મોજ શોખ કે પંચ વિષયના સુખ ભોગવામાં પુરી થાય છે. ને વૃદ્ધ અવસ્થા થાય ત્યારે દેખાતું નથી. ને સંભળાતુ નથી તેથી ભગવાનને ભજી શકાતુ નથી. માટે હમણા જેટલો ખટકો રાખી ભજન કરીશુ તેટલુ સારૂ થશે. બીજુ ભગવાન પોતાના સાચા ભક્તની હંમેશા પરીક્ષા કરે છે. મીરાબાઈ, નરસિંહ મહેતા, પ્રહલાદ વગેરેના જીવનમાં કેટલી કસોટી કરવામાં આવી હતી. તે શાસ્ત્ર થકી આપણે જાણીએ છીએ: બીજુ કલોલ તાલુકાના કડી ગામના કલા ભક્ત હતા, સ્વામિનારાયણ ભગવાન ઉપર દ્રઢ શ્રધ્ધા ને એકાંતિક ભક્ત હતા. તેમની જમીન, ઘર વગેરે તેમના સગાએ લઈ લીધા, ફરીયાદ કરી તો કહેવામાં આવ્યું કે જો લોખંડનો ધગધગતો ગોળો હાથમાં લઈને ફરો તો જ તમને સાચા માનીએ. તે કલા ભક્તે ગોળા પર કીડીઓ ફરતી જોઈને ભગવાનનું સ્મરણ કરી ગોળો ઉપાડ્યો તે ગરમ ગોળો રૂ ના દડા જેવો હલકો, શિતળ લાગ્યો ને તે ગોળાને ઉપાડી ખેતરમાં ફર્યા ને જેટલી પોતાની જમીન હતી તેટલામાં ફર્યા પછી જ્યારે જમીન ઉપર ગોળો મુક્યો ત્યારે જમીન ઉપરનું ઘાસ સળગી

ગયું. ભગવાને પોતાના ભક્તની રક્ષા કરીને પોતાની જમીન પાછી મળી ગઈ.

બીજુ **આપણે અનેકવાર દેહ ધર્યા પછી આ એકવાર મનુષ્ય જન્મ મળ્યો છે**, તે વળે આપણે ભગવાન ભજી આપણા જીવનું કલ્યાણ કરી લેવું. કેમ કે આપણા બાપ દાદા ચાલ્યા ગયા તેમ આપણે પણ આ દુનિયામાંથી જરૂર જવાનું થાશે. ને દેહને અંતે આ લોકના પદાર્થ કાંઈ પણ કામમાં નહી આવે. માટે આપણું શરીર સારૂ હોય સારો જોગ હોય ત્યાં સુધી આપણે ભજન કરી લેવું. કેમ કે આપણે આ લોકમાંથી અચાનક જવાનું થાશે, માટે આપણે ભગવાન ભજી આ છેલ્લો જન્મ કરી લેવો. ને દરેક ક્રિયામાં ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી. કેમકે ભગવાનને સંભાળવાથી જ આ જીવનો મોક્ષ થાય છે. તે જુઓને આગળનો ભક્ત વાલીયો લુંટારો હતો તો પણ સંતને વચને રામ રામ કરી વાલીયો મટી વાલ્મીકી ઋષિ થઈ ગયા. ભગવાનના નામનો કેટલો મહિમા છે. તેવી રીતે આપણે પણ ભગવાન ભજવામાં કાળજી રાખવી.

બીજુ **ભગવાનનું સુખ અનંત અપાર છે**, તેમાં જો શ્રણમાત્ર પણ આપણી દ્રષ્ટિ પહોંચે તો આ જગતના દરેક સુખો તુચ્છ લાગે. જુઓ ચિત્રકેતુને ભગવાનનો મહિમાં સમજાયો તો કરોડો સ્ત્રીઓનો ત્યાગ કરી દીધો. ને જનક રાજા હતા પણ જ્ઞાને કરીને વિદૈહી કહેવાયા. બીજુ એક સમયે અખાત્રીજના દિવસે ગઢડામાં મહારાજ સભામાં પીત્તામ્બર પહેરીને બેઠા હતા. ત્યાં કેટલાક સંતો ચંદનથી પૂજા કરવા આવ્યા, તે સંતોએ ભગવાનની તે

ચંદનથી પૂજા કરી તે બાવાના ચંદનનું ૪૦ મણ ઉકળતા તેલમાં તે ચંદનનું એક ટીપું નાંખો તો તરત જ તે તેલ એકદમ ઠંડુ થઈ જાય છે. પછી તે તેલને એક મણ લાકડાનો તાપ આપીએ તો પણ તે તેલ જરાપણ ગરમ ન થાય. તેમ સાચા સંતો પણ ચંદન જેવા જ હોય છે. તેમના દર્શન તથા ચરણ સ્પર્શથી જ સુખ શાંતિ થઈ જાય છે.

બીજુ સ્વામિનારાયણ ભગવાન એક ગામમાં ગયા હતા. તેમના દર્શન કરવા એક સારા સત્સંગી ગયા હતા. તેમણે તેના છોકરાને કહ્યું કે ચાલ આ મહારાજના દર્શન કરવા, તો છોકરાએ કહ્યુ "પોય ગાલ" પોય ગાલ તે પોય ગાલ એટલે પછે વાત. એનો અર્થ એ કે પછી વાત. એમ આપણે હમણા ભગવાનનું ભજન કરવાનો યોગ સારો છે ને આવો અવસર ચાલ્યો જશે તે વળી પછે જન્મ મરણના ફેરા ભોગવવા પડે તો તે જન્મ મરણના ફેરા ભોગવવા ન પડે તેવી રીતે કાળજી રાખી ભજન કરવું. બીજુ આ સંસાર પાણીના પરપોટા જેવો છે. ને અચાનક આલોકમાંથી જવાનું થાશે, માટે આપણું શરીર સારૂ હોય ત્યાં સુધી ભગવાનનું ભજન કરી લેવું. તે ભગવાનના ભજનમાં એવું અલૌકીક સુખ રહેલું છે તે સુખમાં દ્રષ્ટિ પહોંચાડી આ લોકના રાગો ટાળવા.

બીજુ **ગઢડામાં એક સમયે અખાત્રીજના દિવસે સ્વામિનારાયણ ભગવાનને સંતોએ સુંગધીમાન ચંદનના વાઘા બનાવી પહેરાવ્યા** ને તેમાં નાના પ્રકારની શોભા કરેલ, ને એવા તો રમણીય દર્શન કે, દર્શન માત્રથી માણસની ચિત્તવૃતિ તેમા સ્થિર થઈ જાય. તે વાતની આખા ગામમાં ખબર પડી તેથી એ ગામના એક આસુબાઈ

બહુજ પ્રેમી ભક્ત હતા તે ભગવાનના દર્શન કરવા આવ્યા. આ બાઈએ એકાગ્રચિત્તથી ભગવાનના દર્શન કર્યા તેથી આ બાઈની વૃતિ ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગઈ, ને તે બાઈને પોતાના દેહનું ભાન ન રહ્યું ને ત્રણ કલાક થઈ ગયા. તેથી ભગવાને તે બાઈનું રૂપ લઈને તેના ઘેર ગયાને રોટલા બનાવી પાર્ષદોને જમાડ્યા. પછે બાઈ ભાનમાં આવ્યા ત્યારે પોતાને ઘેર ગયા, ને ખબર પડી કે આ મારા ભગવાન રોટલા બનાવી ગયા. તેથી તે બાઈએ મહારાજની પ્રાર્થના કરી કે હે કૃપાનાથ, મારા માટે તમોએ બહુ તસ્દી લીધી. આમાં કહેવાનું કે, આ બાઈએ ભગવાનની એકાગ્રચિત્તે દર્શન કર્યા તેથી તે બાઈની વૃત્તિ ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગઈ તેવી રીતે આપણે એકાગ્રચિત્તે ભગવાનના દર્શન કરવા તેથી આપણા ઉપર ભગવાન ખૂબજ રાજી થાય છે.

બીજુ **આપણાને આ દયાળું ભગવાન મળ્યા,** આવા સચ્છાસ્ત્રો મળ્યા, આવા સત્પુરૂષો મળ્યા, આવા યોગમાં આપણી જો કચાશ નહી ટાળીએ તો પછે ક્યારે ટળશે, મહારાજ પૂછશે તો આપણે શું જવાબ આપીશું. તો આવા યોગને પામી સર્વે કસરો ટાળી નાંખવી.

બીજુ **વિજાપુર ગામ છે ત્યાં ભગવાન પધાર્યા**ને ગામની બહાર લીંમડાના ઝાડ નીચે વિરાજમાન થયા ને બીજા હરિભક્તો જોડે મહારાજે વજીબાઈને કહેરાવ્યું કે અમો અહીં આવ્યા છીએ. તે વાત સાંભળી ત્યારે તે વજીબાઈનો દિકરો પરણતો હતો તે વજીબાઈયે લગ્ન પ્રસંગનો ગોતીડો માથા ઉપર ઉપાડ્યો હતો.

તે ગોતીડો એટલે માથે પાણી ભરેલી હેલ. તે આ વજીબાઈએ મહારાજને આવવાની વાત સાંભળી કે, તે ગોતીડો જે (હેલ) નીચે ઉતારી ઘેર ગયા ને મહારાજને માટે શીરો,પૂરી, ભજીયાં આદી બનાવીને થાળ ભરી ગામ બહાર જ્યાં લીંબડા તળે મહારાજ બેઠા હતા ત્યાં તે સર્વે થાળ લઈ. તે બાઈએ ભગવાનને અર્પણ કર્યા. મહારાજ પ્રેમથી તે થાળ જમ્યાને બહુજ રાજી થયા. કે તમે આવા લગ્ન પ્રસંગને પણ છોડી આ લાભ લીધો. બાઈ બોલી લગ્ન તો આવા ઘણાં થયા હશે પણ આવો લાભ ક્યાંથી મળે. આ જાણી મહારાજ બહુજ રાજી થયા પછે તે બાઈ પોતાને ઘેર ગયા ને દિકરાના લગ્ન કર્યા. જુઓ આ બાઈનો સાચો પ્રેમ.

બીજુ એક ગામમાં પ્રભાશંકરભાઈ પરણતા હતા ત્યાં મહારાજનો સંદેશો મળ્યો કે તમોને મહારાજ બોલાવે છે. તે સાંભળી **પ્રભાશંકરભાઈ એ પરણવાનું બંધ રાખી મહારાજ પાસે ગયા.** ને પ્રેમથી દર્શન કર્યા મહારાજ અંતર્યામી પણે જાણી બોલ્યા કે પરણીને આવવું હતું. ને તે સાંભળી પ્રભાશંકરભાઈ બોલ્યા કે પરણવાનું તો પછી થાય પણ તમારા જેવા આ દયાળુ ભગવાનના દર્શન ક્યારે થાય. તે સાંભળી ભગવાન બહુજ રાજી થયા. જુઓ કેવા પ્રેમી ભક્ત પરણવાની પણ પરવા ન કરી ને ભગવાનના દર્શન કરવા ગયા પછે ઘેર જઈને પરણ્યા. જુઓ આ ભક્તોનો સાચો પ્રેમ તેવી રીતે આપણે પણ ભગવાન ભજવામાં કાળજી રાખવી તે કાળજી રાખી ભજન કરીશું તો ભગવાન જરૂર રાજી થાશે.

બીજુ **ડુસરમાં ગલુજી નામના ભક્ત હતા,** તે તેમના માતુશ્રી

ધામમાં ગયા ને તે જ વખતે મહારાજના સમાચાર આવ્યા કે તમારે ગામ આવીએ છીએ. તે મહારાજના સમાચાર સાંભળી પોતાના માતુશ્રી દેહ મુકી ગયા હતા તેને એક કપડામાં બાંધી ઉંચે લટકાવી મુક્યો ને તે ગામના બીજા પ્રેમી ભક્તોને ધેર વાજતે ગાજતે સન્માન કરીને લઈ ગયા તે બીજા ભક્તને ધેર મહારાજ ત્રણ દિવસ રહ્યા ભક્તે મહારાજને જમાડ્યા પૂજા કરી આદિ કર્યું ને આ ગલુજી એ દૂરથી મહારાજના દર્શન કર્યા. મહારાજને અડ્યા નહિ. એમ ત્રણ દિવસ સુધી મહારાજને રાજી કર્યા. તે ચોથે દિવસે મહારાજ કહે આજ અમારે જવું છે. તે ગલુજી કહે ભલે કૃપાનાથ બીજે ગામ પધારો. મહારાજે અંતર્યામી પણે જાણી ગલુજીને કહ્યું કે જાઓ તમારી માતુશ્રીનો અગ્નસંસ્કાર કરો. એમ કહી મહારાજ ચાલ્યા ગયા. ને આ ગલુજીએ ધરે જઈને પોતાની માતુશ્રીના અગ્નીસંસ્કાર કર્યા. આમાં કેવાનું શું કે, પોતાના માતુશ્રી દેહ મુકી ગયા તો પણ લોક લાજની પરવા ન કરી ને મહારાજને રાજી કર્યા. એવી નિષ્ઠાવાળા તે ગલુજી હતા. આપણે પણ ભગવાનને રાજી કરવા માટે ભગવાનના નિયમો બરોબર પાલન કરવા.

બીજુ ડડુંસરના ગલુજી ખેતરેથી ધેર આવ્યા, હાથ પગ ધોઈ માનસીપૂજા કરી જમવા બેઠા ત્યાં એક ઘોડેસ્વાર કાગળ લઈને આવ્યો તે કાગળ ગલુજીને આપ્યો. તે કાગળ સ્વામિનારાયણ ભગવાને ગઢડાથી લખ્યો હતો. તેમા લખ્યું હતુ કે આ કાગળ વાંચી તમારા ધરમાં જે રૂપિયા હોય કે દાગીના હોય તે લઈને જલ્દી રવાના થઈ ગઢડા આવો તે કાગળ વાંચી ગલુજી જમાવા

બેઠા હતા તે જમ્યા નહિ, ને ઉઠી નીકળ્યાને ચાલતા થયા. ગલુજીની ધર્મપત્ની એ કહ્યું કે જમી તો લ્યો, ગલુજીએ કહ્યુ કે, મહારાજે જલ્દી આવવાનું લખ્યું છે. તેથી હું જમીશ નહી તેવું કહી રૂપિયા દાગીના લઈ ગલુજી ચાલી નીકળ્યા ને રાત્રે ગઢડા પહોંચ્યા. ગલુજીને મહારાજને કહ્યુ કે બપોરે જમીને આવ્યા છો ત્યારે ગલુજી કહે ના મહારાજ, આપે લખ્યું હતુ કે જલ્દી રવાના થઈ જાજો એટલે હું બપોરે જમ્યો નથી. મહારાજે કોઠારીને બોલાવી તે ગલુજીના દાગીના રૂપિયા હતા તે તિજોરીમાં રખાવ્યા, ને ભંડારીને બોલાવી ગલુજીને જમાડ્યા. જમીને ગલુજી સુઈ ગયા ને તે ગલુજીને પાંચ સાત દિવસ મહારાજે ગઢડે રાખ્યા. ને પછે ગલુજીને મહારાજે કહ્યું કે, હવે ભલે તમારે ગામ જાઓ. તે ગલુજી પોતાને ધેર ગયાને તેમના માતુશ્રી ત. તેમના ધર્મપત્નીએ વાત કરી કે, તમો ગયા પછી ધાડપાડુ લુંટારા અહીં આવ્યા હતા. ને તમારી વાત કરી કે તેમને ઉપાડી જવાના છે સર્વે રૂપિયા દાગીના લઈ જવાના છે. પણ તમોને ગઢડા મહારાજે તેડાવ્યા ને તમો જમવા પણ રોકાયા નહિ તેથી તમો બચી ગયા, ને સર્વે રૂપિયા દાગીના પણ રહી ગયા તે સાંભળી ગલુજી ત. તેમના ધર્મપત્ની તે સર્વે રાજી થયા કે આપણે ભગવાનની આજ્ઞા પાલન કરી તો ભગવાને રક્ષા કરી ને જો જમવા રોકાયા હોત તો તે ગલુજીના સર્વે રૂપિયા દાગીના લઈ જાત ને ગલુજીને પણ ઉપાડી જાત. તેવી રીતે આપણે ભગવાનની નાની મોટી આજ્ઞા બરાબર પાલન કરીશું તો ભગવાન આપણી જરૂર રક્ષા કરશે. માટે આપણે જેમ બને તેમ ભગવાનનું ભજન વિશેષ કરવું.

બીજુ **કચ્છમાં માનકુવા ગામના મુળજીભાઇ તથા કૃષ્ણજીભાઇ** બંને સારા સત્સંગી હતા તેમને સત્સંગ તથા સંતસમાગમથી વૈરાગ્ય થઇ ગયો ને ગઢડે મહારાજ પાસે સાધુ થવા ગયા તેમના માતા-પિતા ને ખબર પડી કે આ સાધુ થવા ગયા છે તે ગઢડે ગયા ને મહારાજને અરજ કરી કે આ બંનેને સાધુ બનાવશો નહીં પછી મહારાજે તે બંને ને કહ્યું કે તમો ઘરે જાઓ ને માતા-પિતાની સેવા કરો તે સાંભળી બંને માનકુવા પોતાને ઘેર આવ્યા પણ આમને તો એકદમ વૈરાગ્ય તેથી પોતાના માતા પિતાને કહ્યું કે અમારે આ સંસારમાં રહેવું નથી અમારે સાધુ થવું છે માટે રાજીપે રજા આપો પણ માતા-પિતાએ રજા ન આપી ને ઘણાક સમજાવ્યા પણ બંને તો અતિશય વૈરાગ્ય તેથી સમજ્યા નહીં ને પેશાબ કરવાની ઇન્દ્રીયને છરી થી કાપી નાખીને પોતાના માતા-પિતાને કહ્યું કે લ્યો આ તમારી માયા. તે જોઇ તેમના માતા-પિતાએ રજા આપી ને સાધુ થયા તે ભગવાનનું ભજન કરી ખુબ જ સુખીયા થયાં.

બીજુ **ઝીઝાવદર ગામની પાદરમાંથી એક પઠાણ ચાલ્યો જતો હતો** તે ચાલતાં તેને શાંતિ થઇ તેથી તેણે વિચાર કર્યો કે આ ગામમાં કોઇ ઓલિયા પુરુષ રહેતાં રહેશે. તેમ જાણી ગામમાં ગયાને આગળ ઉભા રહ્યાને બોલ્યા કે આ ગામમાં કોઇ ઓલિયા પુરુષ છે ? તેમના દર્શન કરવા છે. તે સાંભળી માણસો બોલ્યા કે ચોરા પાસે છે તે ગામમાં ચોરા પાસે આ પઠાણ ગયા ત્યાં એક બાવો બેઠો હતો અને હોકો પીતો હતો ને ગાંજો પીતો હતો. તે જોઇને પઠાણ બોલ્યો કે આ બાવાથી મને શાંતી ન થાય તે

આગળ ચાલ્યો તેને કોઇ કે કહ્યું કે આ ગામમાં અલૈયા ખાચરના ત્યાં એક ચમત્કારી બાવો આવ્યો છે. તે સાંભળી પઠાણ તે અલૈયા ખાચરના દરબારમાં દરવાજા પાસે આવી ઉભા રહ્યાને માણસોને પુછવા લાગ્યા કે આ ગામમાં કોઇ ચમત્કારી બાવો આવ્યો છે ? મને બહુ જ શાંતિ થઇ. તે અહીં છે ? તેથી કોઇએ કહ્યું કે, અહીં તો કોઇ એવા ચમત્કારી બાવો નથી પણ દરબારમાં એક બાવો છે ને કહું તો બીજા મને વઢે. તે જાણી પઠાણ ડેલી પાસે આવી કહ્યું કે હું અહીં આવ્યો ત્યારથી મને શાંતિ છે. માટે એ મહાત્માના મારે દર્શન કરવા છે તે સાંભળી તેમણે મહારાજને સંદેશો આપ્યો. મહારાજે તેમને આવવાની હા પાડી. પઠાણ મહારાજના દર્શન કરી બહુજ આનંદમાં આવી ગયો. થોડી વાર પઠાણે દર્શન કર્યા મહારાજે હાથને ઇશારે તે પઠાણને જવાનું કહ્યું. પઠાણ પાછે પગે ચાલે પણ તે પઠાણની વૃત્તી મહારાજની મુર્તિમાં તદલીન થઇ ગઇ હતી તે વળી પાછો આવે. મહારાજે કહ્યું કે આડુ કપડું રાખો તેથી બીજા ભક્તે આડુ કપડું ઝાલ્યુ પછી પઠાણ ગયા એમ તે પઠાણને મહારાજની મુર્તિમાં પ્રેમ થઇ ગયો હતો તેવી જ રીતે આપણે ભગવાનમાં પ્રેમ કરવો.

બીજુ **તેજાભાઇ કરીને છાણી ગામમાં હરિજન હતા** પણ પુર્વના યોગભ્રષ્ટ જીવ હતા તેથી તે ભગવાનની મુર્તિમાં તદલીન બની જતા. જુવો તે હરિજન હતા પણ ભગવાનને વિશે કેવો પ્રેમ તેવી જ રીતે આપણે ભગવાનને વિશે પ્રેમ કરવો.

બીજુ કચ્છમાં **માનકુવા ગામના અદ્યાભાઇ** બહુ સારા સત્સંગી હતા ને ખુબજ પ્રેમથી ભગવાનનું ભજન કરતા હતા તેવી રીતે

આપણે ભગવાનની ભક્તિ વધારે કરવી.

એક સમય **કચ્છ-ભુજમાં હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા હતા** તે વર્ષે ત્યાં વરસાદ વરસ્યો ન હતો ને દુષ્કાળ જેવું હતું. તે જોઇ ત્યાંના રાજાને કેટલાક માણસોયે ખોટુ ખોટુ ભરાવ્યું કે સ્વામિનારાયણ મંદિરમાં હરિકૃષ્ણ મહારાજની મુર્તિ પધરાવી છે તેથી દુષ્કાળ પડ્યો. એ સાંભળી રાજાએ ત્યાંના અસુરોને મોકલ્યા કે જાઓ એ મુર્તિ ઉખાડી નાખો. તે સાંભળી અસુરો મંદિરમાં આવવા તૈયાર થયા. તે વાતની માનકુવાના અદાભાઇને ખબર પડી તેથી તે ભુજ આવ્યા ને તલવાર હાથમાં ઝાલીને બોલ્યા કે જોઉ, કોણ અહીંયા આવે છે. અહીં જે આવશે તેનું માથું કાપી નાખીશ. તે સાંભળી અસુરો આવ્યા નહીં. ને રાત્રે નરનારાયણ ભગવાનના મંદિરના દરવાજા બંધ થતાં તે પોતાની મેળે ખુલી ગયાં ને નરનારાયણ દેવની મુર્તિઓ ચાલીને જમના દુતોને મળ્યાને તે જમના દુતોને કહ્યું કે આ રાજાને ધોકા મારો જમના દુતોએ તે ગામના રાજાને ખુબજ માર માર્યો તેથી તે રાજા બહુ જ ગભરાઇ ગયો ને અસુરોને કહ્યું કે હવે સ્વામિનારાયણ મંદિરમાં ન જશો એ નરનારાયણ દેવે પરચો પુર્યો.

બીજુ તે માનકુવાના **મુળજી તથા કષ્ણજી ગઢડામાં રાધાવાવે રાતના ભગવાનની મુર્તિ સંભારીને એકદમ પ્રેમથી કિર્તન ગાવા લાગ્યા.** તે મહારાજ અક્ષર ઓરડીમાં પોઢ્યા હતા તે મહારાજ જાગીને બોલ્યા કે ઓલ્યા કચ્છના મુળજી તથા કષ્ણજી કિર્તન બોલે છે તે અમને ખેંચે છે. એમ મહારાજ રાજી થયા. ને પારષદ ભગુજીને મહારાજ કહે, એ બંનેને અહીં બોલાવી લાવો તે

પારષદ ભગુજીએ દુરથી સાદ કર્યો કે હે કચ્છીઓ તમને મહારાજ બોલાવે છે તે સાંભળી કચ્છીયોને આનંદ થયો તે ખુબ જ રાજી થયાને દોડીને મહારાજ પાસે આવ્યાને મહારાજે તેમને પ્રેમથી બોલાવ્યા ને પછી તે બંને જણાને સાધુ બનાવ્યા તે સાધુ પછી ખુબજ ભગવાનનું ભજન કરતા તેવી જ રીતે આપણે ભજન કરવું. આપણ ને આજે જેવો જોઇએ તેવો યોગ મળ્યો છે તો આવા યોગને પામીને આપણી કસર માત્ર ટાળી નાંખવી.

બીજુ એક સમય શ્રીજી મહારાજ સવારે પુજા કરીને બેઠેલા ત્યાં એક પાર્ષદ આવ્યા. ને મહારાજને પ્રશ્ન પુછ્યો કે **અક્ષરધામમાં ભગવાનની કેવી મુર્તિ હશે,** ત્યારે ભગવાન બોલ્યા કે એક પીતાંબર પહેરેલ છે ને એક ઉપવસ્ત્ર ઓઢેલ છે તેવી મુર્તિ અક્ષરધામમાં છે. તે વાત સાંભળી પાર્ષદ સમજ્યા નહીં ફરી પુછ્યું તો પણ તેમ જ કહ્યું તો તે સમજ્યા નહીં પછી ત્રીજી વખત પુછ્યું ત્યારે શ્રીજી મહારાજ કહે, મુક્તાનંદ સ્વામી પાસે જાઓ તે સમજાવશે. મુક્તાનંદ સ્વામીને પુછ્યુ મુક્તાનંદ સ્વામીએ કહ્યું, કે જે મુર્તિ અક્ષરધામમાં તે આ મુર્તિ છે. તેમાં કાંઇ ફરક નથી તે જાણી પાર્ષદ રાજી થયા તેવી જ રીતે આપણે પણ આવા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનને જાણી તે મુર્તિને વિશે પ્રિતી કરવી.

બીજુ **એક સમયે શ્રીજી મહારાજ સભા ભરીને બેઠા હતા.** ત્યાં દુરથી એક વૈરાગી બાવો અડભગી મુર્ખ માણસ આવતો હતો ને જેમ તેમ ગાળો બોલતો હતો તે જોઇ શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું કે સ્વામી આ વૈરાગી બાવાને સમજાવો તે સાંભળી

મુક્તાનંદ સ્વામી તે વૈરાગી સામા જઇ દંડવત કરવા મંડ્યા ને કહ્યું કે અહો મહાત્માજી તમો તો ધર્મરાજાના પારષદ જેવા છો. આવો આવો એમ સારી વાતો કરી તેથી તે વૈરાગીનો ક્રોધ ઉતરી ગયોને મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યો કે હુ તો પારષદ નથી હું તો ગધેડા જેવો છું તમો ભગવાનના સંત છો. ને તે વૈરાગી રાજી થઇને મુક્તાનંદ સ્વામીને પગે લાગી ને ગયો આમા કહેવાનું એ કે એ વૈરાગી બહુ જ ક્રોધી હતો. ને જેમ તેમ બોલતો હતો પણ મુક્તાનંદ સ્વામીએ જરાપણ ક્રોધ ન કર્યો. ને પ્રેમથી બોલાવ્યો તેથી તેનો ક્રોધ ઉતરી ગયો. તેવી રીતે આપણે ક્યારેય પણ ક્રોધ ન કરવો.

ભગવનના પ્રેમથી દર્શન કરવા તેમાં મુર્તિ ભાવ ટાળી, પ્રત્યક્ષ ભાવ લાવી ભગવાનને પ્રાર્થના કરીએ તો તેવા પ્રેમી ભક્તોને ભગવાન મટકા મારતા દેખાય, હાથ હલાવતા દેખાય, ચાલતા દેખાય આદિ ભગવાન પોતાના પ્રેમી ભક્તોને પોતાની દિવ્ય મુર્તિનું સુખ આપે છે. માટે આપણે કાળજી રાખી ભજન વિશેષ કરવું.

બીજુ સારંગપુરના ૧૧ના વચનામૃતમાં કહેલ છે કે શ્રધ્ધા તથા સ્વધર્મ તથા વૈરાગ્ય તથા આત્માનિષ્ઠા તથા યોગ્ય રીતે બ્રહ્મચર્ય આ **પાંચ વાના દ્રઢ થાય તો તેના ઉપર ભગવાનની કૃપા થાય છે.** જેમ લક્ષ્મીજી ભગવાનની મુર્તિમાં તલ્લીન થઇ જાય છે તેમ આપણે આવા નિયમોનું પાલન કરીશું તો જરૂર ભગવાન આપણને પોતાની મુર્તિનું સુખ આપશે.

બીજુ કરોડો જન્મોના પુણ્યથી આપણાને આવો દિવ્ય સત્સંગ

મળ્યો છે તો સાચે ભાવે સત્સંગ કરવો. અને આલોકમાં હાની વૃધ્ધિ થાયે તેમાં જ્ઞાને કરીને સુખિયા રહેવું કેમ કે આપણા ને ક્યારેય થોડુ દુ:ખ આવે તો પાપનો ક્ષય થાય ને ક્યારેય વધારે સુખ આવે તેમાં બહુ હર્ષ ન પામવો કર્મ પ્રમાણે સુખ દુ:ખ આવ્યા જ કરે માટે જ્ઞાને કરી સુખિયા રહેવું.

બીજુ **આપણે આ લોકમાંથી જરૂર જવાનું થશે** ને કરેલા કર્મો સાથે ચાલશે માટે આપણુ શરીર સારૂ હોય ત્યાં સુધી ભગવાનનું ભજન કરી આપણા જીવનું કલ્યાણ કરી લેવું.

બીજુ **આગળ તો માણસો પોતાના મોક્ષ માટે** હિમાળામાં હાડ ગાળતા કહેતાં હીમાલય પર્વત છે ત્યાં ઠંડી બહુ પડે તેમાં બરફ બહુ હોય તે બરફમાં બેસી રહે ને બરફ ચારે બાજુ ફરી વળે તેથી તે ઠંડીથી દેહ પડી જાયે. આગળ માણસો એમ કરતા તથા જુનાગઢમાં ભૈરવનું મંદિર છે ત્યાંથી પડતું મુકે તે નીચે પડી જાય ને દેહ મુકી જાય. તથા કાશીમાં કરવતથી વેરાવતાને દેહ છોડી દેતાને એમ માનતા કે આમ કરવાથી સ્વર્ગ મળે. આગળ એવા દાખડા કરતા પણ આજ તો દયાળુ શ્રીજી મહારાજે આ કળીયુગમાં સતયુગ જેવા દેશકાળની સ્થાપના કરી ને ગૃહસ્થાશ્રમમાં રહે, દુધ ચોખાને સાકર જમે, હીંડોળા ખાટમાં ઝુલે તો પણ ભગવાન પોતાના ભક્તોને પોતાના ધામમાં તેડી જાય છે. માટે આપણે જેમ બને તેમ ભગવાનનું ભજન વિશેષ કરવું ને પાંચ નિયમોનું પાનલ કરવું. તે પાંચ નિયમો કહ્યા ? દારૂ ન પીવો તથા ઈંડા-માસ ન ખાવા તથા ચોરી ન કરવી તથા જુગાર ન રમવો તથા પર સ્ત્રીનો સંગ ન કરવો આ પાંચ નિયમો પાળીએ તો ભગવાન

રાજી થાય છે.

બીજુ **મુળી દેશમાં સાયલા ગામના મુળચંદભાઇ** બહુજ સારા સત્સંગી હતા. તે ભગવાનનું ધ્યાન ભજન કરતાં હતા ને દરરોજ ભગવાનની પ્રાર્થના કરતા કે હે કૃપાનાથ મારે ઘેર દયા કરીને પધારો એ ભક્તનો ભાવ જોઇ મહારાજ તેમના ઘેર ગયા. તે ભક્તે મહારાજના પ્રેમથી દર્શન કર્યાને હર્ષના આસુ વડે ભગવાનના ચરણ પલાળી દીધા ને મહારાજની બહુ જ પ્રાર્થના કરી તેથી મહારાજ તેમના ઉપર બહુ જ રાજી થયા તેવી રીતે આપણે ભગવાનનને વિશે પ્રિતી કરવી.

બીજુ **નીમાળ દેશમાં મહાનુભાવાનંદ સ્વામી સત્સંગ કરવા ગયા** હતા. તે સ્વામીએ સત્સંગની સારી વાતો કરી તેથી ઘણાક માણસો સત્સંગી થયા ને સ્વામીએ કહ્યું કે ગઢડે સ્વામિનારાયણ ભગવાન છે તેના દર્શન કરવા આવજો. ત્યાં ગઢડામાં સમૈયા હતો ત્યાં આ નીમાળ દેશના હરિભક્તો દર્શન કરવા ગયા તે બપોરના બે વાગે ત્યાં પહોંચ્યા. ને ત્યાં સંતો હતા તેમને પુછ્યું કે અમારે સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરવા છે તે સ્વામિનારાયણ ભગવાન કયાં છે ? ત્યારે સંતોએ કહ્યું કે, હમણાં ભગવાન પોઢી ગયા છે. તો નીમાળ દેશના ભક્તો પોઢી ગયા છે એટલે સુઇ ગયા એમ સમજ્યા નહીં. એમ સમજ્યા કે પોઢી ગામ છે એટલે તે નીમાળ દેશના ભક્તો કહે એ પોઢી અહીંથી કેટલું દુર થાય અમે ત્યાં જઇએ ત્યારે બીજા ભક્ત કહે પોઢી ગામ નથી. ભગવાન સુઇ ગયા છે. ત્યારે વળી તે નીમાળ ગામના ભક્તો બોલ્યા કે સુઇ ગયા છે તે ક્યારે જાગશે ? ત્યારે

સંતો કહે ૪। વાગે જાગશે ત્યારે વળી તે નીમાળ ગામના ભક્તો બોલ્યા કે ૪। વાગ્યા સુધી અમારાથી નવરા ન બેસી રહેવાય. કાંઇ કામ હોય તો કહો ત્યારે સંતો કહે આ ગાળ એટલે કે ગાય - ભેંસનું છાણ તથા માટી એ બંને ભેળા કરી ખુંદે તેને ગાળ કહેવાય. તે સંતોએ છાણ તથા માટી બતાવી ને બંને ભેળા કરી પગેથી આઠ - દસ જણા તે ગાળને પગે કરી ખુદવા માંડ્યા ને હાથે કરી ભેળુ કરવા મંડ્યા એમ કરતાં ૪। વાગ્યા મહારાજ જાગી ને બીજે જતા હતા ત્યાં બીજા સંતોએ કહ્યું કે આ સ્વામિનારાયણ ભગવાન છે તે સાંભળી ગાળ ખુંદવી મુકી દઇને ગાળવાળા હાથે ભગવાનના ચરણ પકડી લઇ ખુબજ પ્રેમથી પગે લાગ્યાને ભગવાનના ચરણ મુકે જ નહીં. તે જોઇ બીજા સંતો કહે હે ભક્તો આ ભગવાનને બીજે જવું છે માટે તેમના ચરણ મુકી દો. પણ આ ભક્ત તો ચરણમાં સમજ્યા નહીં ને મહારાજના ચરણ છોડે જ નહીં ત્યારે બીજા સંતોએ કહ્યું કે આ ભગવાનના પગ છોડી દો. ત્યારે ને ભક્તો કહે તમે એમ કહે કે ભગવાનના ટાંગા છોડી દો તે ગામમા ચરણ કે પગને ટાગા કહે પછી ભગવાનના ચરણ છોડી દીધા ને મહારાજ હાથપગ ધોઇ સભામાં બેઠા પછી આ સર્વે ભક્તોને પણ સભામાં બોલાવ્યા. ને મહાનુભાવાનંદ સ્વામીને પણ સભામાં બોલાવ્યા ને મહાનુભાવાનંદ સ્વામીએ તે નીમાળ દેશના હરિભક્તોને સ્વામિનારાયણ ભગવાનના મહિમાની તથા જ્ઞાન ધ્યાનની વાતો કરી તથા સ્વામિનારાયણ ભગવાનના વિશે પ્રેમ કરવાનું કહ્યું. સ્વામિનારાયણ ભગવાન પણ તે ભક્તોનો પ્રેમ જોઇ બહુ જ

રાજી થયા તેવી જ રીતે આપણે ભગવાનને વિષે પ્રેમ કરી આલોકના રાગ ટાળવાં.

બીજુ **ભગવાનની ભક્તિ કરવી તે પોતાના જીવના કલ્યાણને અર્થે જ કરવી** પણ આ લોકના પદાર્થની લાલચે ન કરવી ને આપણે ગર્ભાવાસમાં ભગવાનને કોલ દઇને અહીં આવ્યા છીએ પણ આ માયાનું આવરણથી આપણે ભુલી જઇએ છીએ માટે તે ન ભુલતા આપણે કાળજી રાખી ભગવાનનું ભજન વિશેષ કરવું. કેમ કે આવો સમય પાછો વખતો વખત મળતો નથી માટે આપણે કાળજી રાખવી ને ઇન્દ્રીયો અંત:કરણ સાથે લડાઇ લઇ માયાને જીતવી ને આપણે વિચાર કરવો કે આ જીવ કોઇનો ભાઇ નથી તથા કાકો નથી તથા કોઇના પિતા નથી તથા કોઇનો દિકરો નથી આ તો સર્વે દેહના સબંધી છે તે દેહના સબંધીમાંથી પ્રિતી તોડી ભગવાનમાં પ્રિતી કરવી ને ભગવાનની મુર્તિને વિશે જ પ્રિતી કરવી એ જ આ મનુષ્ય જન્મને પામીને ખરૂ કરવાનું છે બાકી આ જીવ અનાંદી કાળથી રખડતો આવે છે ને અનેક પ્રકારના પંચવિષયના સુખ ભોગવતો જ આવે છે માટે તેમાંથી પ્રિતી ટાળી ભગવાનની મુર્તિમાં જ પ્રિતી કરવી.

બીજુ **આપણી ભગવાનની મુર્તિના સુખમાં દ્રષ્ટિ પહોંચી જાયે** તો આ લોકના સુખ સર્વે ફીક્કા લાગે માટે આપણે ભગવાનની મુર્તિમાં અહોનિશ પ્રિતી કરવી ને જમતા જમતા સ્વામિનારાયણ ભગવાનનું નામ લેતા જઇએ ને કોળીયો મોઢામાં મુક્તા જઇએ. તે ગીતમાં લખેલ છે કે ચાર પ્રકારનું અનાજ ભગવાન કહે હું પચાવું છું તે આપણે એમ જાણીએ કે આ અનાજ રૂપી આહુતી

મારા હૃદયમાં રહેલા ભગવાન ને અર્પણ કરૂ છું એમ દરેક કામમાં ભગવાનની મુર્તિને સંભાળવામાં કાળજી રાખવી ને આપણે એવી ભાવના કરવી કે જાણે ભગવાન હાથ હલાવે છે જાણે ભગવાન મટકા મારે છે, જાણે ભગવાન આપણા સામું જુએ છે. એમ આપણે મુર્તિભાવ ટાળી પ્રત્યક્ષ ભાવના રાખીએ તો દયાળુ ભગવાન પોતાના પ્રેમી ભક્તોને પોતાની દિવ્ય મુર્તિનું સુખ આપે જ છે તે કિર્તનમાં કહ્યું છે કે " પડ્યું મારે સહજાનંદજી શું પાનું" તે આપણા ભાગમાં આવા દયાળુ સ્વામિનારાયણ ભગવાન આવ્યા છે એમ જાણી આનંદમાં રહી ભગવાન ભજવા તે કિર્તનમાં લખ્યું છે કે, "ન ગઇ ગંગા ગોદાવરી કાશી ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી" આપણાને આવા દયાળુ ભગવાન મળ્યા છે તેનો કેફ રાખી આનંદમાં ભગવાન ભજવા.

બીજુ **એક કઠીયારો હતો** તે જગલમાંથી ઝાડના લાકડા કાપી તે લાકડાના કોલસા બનાવે તે કોલસાને વેચીને તેમાં પોતાનું ગુજરાન ચલાવતો હતો. તેવા સમયમાં એક વખતે ત્યાંના મોટા રાજા ત્યાંથી પસાર થયા તે રાજા આ કઠીયારાને જોઇને રાજાને દયા આવી કે આ બિચારો કોલસા વેચે છે ને દુ:ખી છે તેથી તે રાજાયે દ્રાક્ષ તથા નારંગી તથા સારા ફળો પાકે તેવો સારો મજાનો બગીચો તે કઠીયારાને રાજાએ આપ્યો ને તે રાજા ત્યાંથી ચાલ્યા ગયા. આ કઠીયારાએ આ સારા ફળોનો બગીચો છે તેમ જાણ્યુ નહીં ને તે સારા ફળોના ઝાડો ને કાપીને તેના કોલસા બનાવીને વેચે એમ છ મહિના થયા એટલે તે સારા ફળોના સર્વે ઝાડોને કાપીને કોલસા કરી વેચ્યા એમ છ મહિના થયા વળી તે

રાજા ત્યાંથી બીજે ગામ જતા હતા તે રાજાએ આ કઠીયારાને કહ્યું કે આ સારા ફળોના ઝાડનું શું કર્યું ? કઠીયારાએ કહ્યું, કે તે સર્વે ઝાડને કાપી બાળી કોલસા કરી વેચ્યા. રાજા તે કઠીયારાને કહે અરે ભલા માણસ આ સારા સારા ફળો વેચીને ઘણા રૂપિયા કમાઇ જાત આ સારા ઝાડો કોલસા વેચવામાં ખોઇ નાંખ્યા તે સારૂ ન કહેવાય. આ દ્રષ્ટાંતના સિદ્ધાંતમાં એ કે ભગવાનને આપણાને આ સારા સારા ફળોવાળો આ મનુષ્યદેહ રૂપી સારો બગીચો આપ્યો. તેનો મહિમા જાણ્યા વિના કોલસા ઠેકાણે પંચ વિષયના સુખ ભોગવવામાં ખોઇ નાંખ્યો પણ જો આ મનુષ્ય જન્મ વળે ભગવાનની ભક્તિ - ભજન કર્યું હોત તો આપણો મોક્ષ થઇ જાત માટે આપણે મનુષ્ય જન્મ પામી ભગવાનને ભજી લેવા એજ મોટો લાભ છે. માટે આપણે કાળજી રાખવી.

બીજુ શાસ્ત્રોમાં લખેલ છે કે **"દુર્લભો મનુષ્ય દેહ"** આ મનુષ્ય દેહ બહુ જ દુર્લભ છે ભવ બ્રહ્માદીક દેવો પણ આ મનુષ્ય જન્મને ઇચ્છે છે એવો મનુષ્ય જન્મ આપણાને મળ્યો છે. આવા સંતો મળ્યા, આવા આચાર્યો મળ્યા, આવા મંદિરો મળ્યા,આવો દિવ્ય સત્સંગનો યોગ મળ્યો તો આવા યોગને પામી ને આપણે ભગવાનની ભક્તિ કરી આ લોકના રાગ માત્ર ટાળી ને દિન-દિન પત્યે ભગવાનની મુર્તિને વિશે જ અતિશય હેત કરવું. ને અનાદિકાળના જે માયાના વિકારો ટાળી ને ભગવાન ભજી આ છેલ્લો જન્મ કરી લેવો એજ ખરો લાભ છે. ને મનને જરાવાર નવરૂ ન રાખવું જરાવાર જો મન નવરૂ રહે તો બીજા જગતના સંકલ્પો કર્યા કરે માટે આપણે દરેક ક્રિયામાં ભગવાનની મુર્તિની

સ્મૃતિ રાખવી ને હાલતા - ચાલતાં સ્વામિનારાયણ ભગવાનનું નામ લીધા કરવું. તો આપણા અંતરમાં અહોનિશ આનંદ વર્તે ને અંતરનો આનંદ છે તે જ સાચો છે. માટે આપણે ભગવાનનો કેફ રાખી આનંદમાં રહેવું.

બીજુ શાસ્ત્રોમાં લખેલ છે કે ***' બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ ।***

સમઃ સર્વેષૂ ભૂતેષુ મદ ભક્તિઃ લભતે પરામ ॥"

તેનો અર્થ કે બ્રહ્મરૂપ થયો હોય તેનો આત્મા સદાય પ્રસન્ન રહે ને તે ક્યારેય હર્ષ શોકને ન પામે ને ભગવાનની મુર્તિમાં તલ્લીન બની જાયે. તે આવી રીતે બ્રહ્મરૂપ થઇ ધ્યાન ભજન કરવું વળી મહારાજે વચનામૃતમાં કહેલ છે કે, **રજોગુણ તમોગુણ વર્તતા હોય ત્યારે ધ્યાન કરવું નહિ.** ને સત્વ ગુણ વર્તતો હોય ત્યારે ધ્યાન કરવું. ને કેટલાક કહે કે, "ગુરુરાજ મારા ગઢપણમાં ગોવિંદ ગાશું" તે ગઢપણમાં દેખાય નહીં સંભળાય નહી ત્યારે ક્યાંથી ભગવાનનું ભજન થઇ શકે માટે આપણું શરીર સારૂ હોય ત્યાં સુધી ભજન કરી લેવું અને ઉપરથી વ્યવહારીક કાર્યો કરવા પણ અંતરમાં ભગવાનની મુર્તિ રાખવી. તે એક ન્યાયાધીશ ભક્ત હતા તે સંત સમાગમ કરતાં. તે સારા સંતે તે ન્યાયાધિશને ધ્યાન ભજનની વાતો કરી તેથી તે ન્યાયાધિશ મંદિરમાં દરરોજ કથા વાર્તા સાંભળવા આવતા ને કથામાં બેસી આંખો મીચી કથા સાંભળે, માળા ફેરવે, ધ્યાન કરે. તે જોઇ બીજા પટેલ ભક્ત હતા. તે પણ કથામાં આવતા તે પટેલ ભક્ત સંતને કહે સ્વામી આ ન્યાયાધિશ કથામાં તો સાવ સાદા થઇ જાય છે અને ધ્યાન

ભજન કરે છે પણ અમે અવાર નવાર કોર્ટના કામે જઇ ત્યારે આ ન્યાયાધિશ સિંહ જેવા જઇ જાય છે. તે સાંભળી સ્વામી બોલ્યા જો ભાઇ પટેલ એ તો જેવું કામ હોય તેવું કોર્ટમાં કરવું જ જોઇએ આમાં કહેવાનું કે તે ન્યાયાધિશ હતા તો પણ કેવું ધ્યાન - ભજન કરતાં. તે આપણે આવા ગુણ શીખવા.

બીજુ એક મોટા સંત હતા તે નાના નાના બાળકોને પણ પ્રેમથી બોલાવે ને કહે હે **બાળકો ભગવાનનું ભજન કરજો,** સત્સંગ કરજો તો સુખી થાશો. એમ આ નાના નાના બાળકોનો મહિમા સમજતા કે આ નાના છે પણ પુર્વના યોગભ્રષ્ટ જીવો છે તેમ આંપણે પણ નાના મોટા હરિભક્તોને મહિમા સમજી કોઇનો અવગુણ ન લેવો.

બીજુ એક સારા **સંત હતા તે ભગવાની મુર્તિનું ધ્યાન ભજન કરતાં** તે ભગવાનની મુર્તિના ધ્યાનમાં તલ્લીન બની જતાં ને જેમ મોરલી વાગે ને સર્પ જેમ ડોલે તેમ આ સંત ભગવાનની મુર્તિના સુખમાં તલ્લીન થઇ ને ડોલ્યા કરતાં. મેં પણ આવા ધ્યાન ભજન કરતાં બે - ત્રણ મોટા સંતોના દર્શન કર્યા હતા. તો આપણે પણ સાચે ભાવે સત્સંગ કરીને ભગવાનની મુર્તિનું ધ્યાન ભજન કરવામાં કાળજી રાખીયે તો આપણને ભગવાન જરૂર પોતાની દિવ્ય મુર્તિનું સુખ વિશેષ આપશે.

બીજુ એક સમય બ્રહ્માનંદ સ્વામી મહારાજને પ્રેમથી કહે હે કૃપાનાથ આજે મારે આસને રાત્રે પધારજો. **"દયાળુ ભગવાન ભક્તાધીન છે.** તે બ્રહ્માનંદ સ્વામીનો પ્રેમ જોઇને કહ્યું ભલે સ્વામી આજે રાત્રે ૧૦। વાગે આપને આસને આવીશ. ૯.૩૦

વાગ્યા દયાળુ શ્રી હરિ ચાલ્યા રસ્તામાં ચાલતા પ્રેમાનંદ સ્વામીનું આસન આવ્યું. પ્રેમાનંદ સ્વામીએ મહારાજને વિનંતી કરી કૃપાનાથ આ દાસનું આસન પાવન કરતાં જાઓ." શ્રી હરિ કહે હે સ્વામી હમણાં મારે બ્રહ્માનંદસ્વામીને આસને જવું છે વળી પ્રેમાનંદ સ્વામી કહે ભલે મહારાજ બ્રહ્માનંદ સ્વામીને આસને પધારજો પણ થોડીવાર આ દાસનું આસન પાવન કરતા જાવો ને. દયાળુ શ્રી હરિ પ્રેમાનંદ સ્વામીનો પ્રેમ જોઇ પ્રેમાનંદ સ્વામીને આસને પધાર્યા ને શ્રી હરિ ને પ્રેમાનંદ સ્વામીએ સારા આસન ઉપર બેસાડ્યા ને ખુબજ પ્રેમથી દર્શન કર્યા ને પ્રેમાનંદ સ્વામીનો ભગવાન ઉપર એટલો બધો પ્રેમ તે મહારાજના ચરણનો સ્પર્શ કરે, હાથનો સ્પર્શ કરે, મહારાજને ખુબ જ પ્રેમથી ભેટે વળી મહારાજ ને પેંડા આદિ જમાડે વળી મહારાજની આરતી ઉતારે આદિ એટલો બધો પ્રેમ કર્યો. તે દયાળુ શ્રી હરિ તે સ્વામીના પ્રેમમાં આવી ગયા તે સમયની પણ ખબર ન પડી ને સવારના ૪। વાગ્યા ઘડીયાળ સામુ જોયું તે ૪। વાગી ગયા. દયાળુ શ્રી હરિ ચિંતા કરવા લાગ્યા કે બ્રહ્માનંદ સ્વામીને ૧૦। વાગે રાત્રીના ટાઇમ આપ્યો હતો તે બહુ જ મોડુ થયું. દયાળુ શ્રી હરિ ઉતાવળા ઉતાવળા ચાલતા બ્રહ્માનંદ સ્વામીના આસને પધાર્યા. બ્રહ્માનંદ સ્વામીએ પ્રેમથી દર્શન કર્યા મહારાજને સારા આસન ઉપર પધરાવ્યા. ને બહુ રાજી થયા. બ્રહ્માનંદ સ્વામીને મહારાજ સાથે સખા ભાવ. બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને પ્રેમથી પુછ્યું. હે દયાળુ આપ રાત્રે ૧૦। વાગે પધારવાના હતા તે આટલીવાર ક્યાં સંતે પ્રેમમાં ભાગ લીધો. એમ કહી કિર્તન બોલ્યા ' સાચુ

કહો ને મારા શ્યામ કાનુડા કેણે તમોને ભરમાવ્યા' એ સાંભળી શ્રી હરિ બોલ્યા કે હે સ્વામી મારે આપને આસને ૧૦। વાગે આવવું જ હતું પણ રસ્તામાં પ્રેમાનંદ સ્વામીનું આસન આવ્યું. એટલે ત્યાં થોડી વાર રોકવવાનું હતું તે પ્રેમાનંદ સ્વામી એટલો બધો પ્રેમ કર્યો તેથી એમના પ્રેમના બંધનમાં આવી ગયો. એટલે ટાઇમ ની પણ મને ખબર ન પડી. તેથી આપને ત્યાં મોડુ થયું તેથી આપ રાજી રહેજો. તે સાંભળી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા ભલે મહારાજ એ સંત પણ મારા જ ગુરુભાઇ થાયને માટે કાંઇ વાંધો નહીં એ સાંભળી શ્રી હરિને સંતોષ થયો પછી બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજી મહારાજ માટે થાળ કરી રાખ્યો હતો તે જમાડ્યા આરતી ઉતારી ખુબ જ પ્રેમથી પ્રાર્થના કરી કે દયાના સાગર હે કૃપાના નીધી આપ આદાસ પર આવાને આવા રાજી રહેજો ને અખંડ તમારી માધુરી મુર્તિનું સુખ આપશો. એમ સાંભળી શ્રી હરિ ત્યાંથી ચાલી નિકળ્યા. આમા કહેવાનું એટલું કે પ્રેમાનંદ સ્વામીના પ્રેમમાં શ્રી હરિ બંધાઇ ગયા ને બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને આમંત્રણ આપ્યું કે હે કૃપાનાથ આ દાસને આસને પધારજો તેવી રીતે આપણે પણ ભગવાનની વિનયથી પ્રાર્થના કરીએ કે કૃપાનાથ મારે ઘેર જરૂર પધારજો તે આપણો પ્રેમ જોઇ દયાળુ શ્રી હરિ આપણા મનોરથો પૂર્ણ કરશે માટે આનંદમાં ભગવાનનું ભજન કરવું.

બીજુ મહારાજની મુર્તિની સ્મૃતિ રાખવી ને રજોગુણ તમોગુણ વર્તતા હોય ત્યારે ધ્યાન ન કરવું. ત્યારે ભગવાનના લીલા ચરિત્ર સંભારવા. તે લીલા ચરિત્ર તે શું તો જાણે ભગવાનને પંચામૃતથી

નવરાવીએ છીએ. વળી ભગવાન રંગે રમે છે. વળી ભગવાન સંતો હરિભક્તોને પીરસીને જમાડે છે આદી **લીલા ચરિત્ર સંભારીયે એટલે રજોગુણ તમોગુણ ટળી જાય** ને સત્વગુણ વર્તે અને શાંતિથી ધ્યાન ભજન થઇ શકે. તો આપણે પણ કરી કરીને ખરૂ તે જ કરવાનું છે કે ભગવાન ભજી આપણી સર્વે કસરો ટાળીને આ છેલ્લો જન્મ થઇ જાયે તો જ સર્વે કામ પુરા થયા કહેવાયે. માટે આપણે જેમ બંને તેમ ભજન વિશેષ કરવું.

બીજુ **વડતાલમાં મહારાજ વિરાજમાન હતા** ત્યાં બહારગામથી હરિભક્તો દર્શન કરવા આવેલ. તે હરિભક્તોએ મહારાજને કહ્યું કે અહીં પ્રસાદીના સ્થળોએ દર્શન કરવા જવાનું છે. તે સાંભળી ત્યાંના પાર્ષદ રતનજી પાસે બેઠેલા હતા તે રતનજીને મહારાજે કહ્યું કે આ હરિભક્તોને પ્રસાદીના સ્થળોએ દર્શન કરાવો. તે સાંભળી રતનજી તે હરિભક્તોને દર્શન કરાવવા ગયા.બધા પ્રસાદીના સ્થળોએ દર્શન કરાવ્યા. દર્શન કરી હરિભક્તો રાજી થયા. ને તે હરિભક્તો મંદિરે ગયા. આ રતનજી પાર્ષદ બહાર રસ્તા ઉપર ઉભા રહ્યા. ને માળા ફેરવતા હતા. બપોરનો સમય થયો બધા જમવા ગયા પણ ત્યાં જમવા રતનજી પાર્ષદ હતા નહીં મહારાજે બીજા પાર્ષદોને પુછ્યું કે રતનજી પાર્ષદ ક્યાં ગયાં છે ? ત્યારે બીજા પાર્ષદોએ કહ્યું કે એ તો હરિભક્તોને દર્શન કરાવવા ગયા હતા. તે પાછા આવ્યા નથી. મહારાજ બીજા પાર્ષદોને કહે જાઓ આજુ બાજુ તે રતનજી હોયે તેને બોલાવી લાવો. પાર્ષદ બહાર આજુ બાજુ ગોતવા ગયા. તે રસ્તામાં રતનજી ઉભા હતા. તેમને બીજા પાર્ષદે કહ્યું અહીં કેમ ઉભા છો

ચાલો તમને મહારાજ બોલાવે છે. તે સાંભળી રતનજી પાર્ષદ મંદિરે આવી મહારાજના દર્શન કર્યા. મહારાજ તે રતનજી ને કહે કેમ રતનજી તમો બહાર કેમ ઉભા હતા ? ત્યારે રતનજી પાર્ષદ કહે હે કૃપાનાથ આપે મને આજ્ઞા કરી હતી તે આ હરિભક્તોને દર્શન કરાવો તેથી મે તેમને દર્શન કરાવ્યા પણ તમોએ મને ક્યાં આજ્ઞા આપી હતી કે તમો દર્શન કરાવી અહીં આવો મહારાજ આ રતનજીની વાત સાંભળી બહુ જ રાજી થયા કે ખરા તમો આજ્ઞાપાલક. જુઓ આ રતનજીને દર્શન કરાવો એમ આજ્ઞા આપી હતી પણ અહીં દર્શન કરાવી પાછા આવો એમ નહોતુ કહ્યું તો બહાર ઉભા રહ્યા. એવા ભગવાનની આજ્ઞાપાલક આ ખરા ભક્ત કહેવાય. તેવી જ રીતે આપણે પણ શ્રીજી મહારાજની આજ્ઞા બરાબર પાલન કરીશું. તો આપણા ઉપર ભગવાન જરૂર રાજી થાશે. માટે આપણે આજ્ઞા બરાબર પાલન કરવી.

બીજુ શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કહેલ છે કે **અમારા સત્સંગીઓએ દિવસ ઉગ્યા પહેલા જાગી જવું.** કહેતા કે બ્રાહ્મમુર્હુતમાં જાગી જવું તે બ્રાહ્મમુર્હુત ક્યારે કહેવાય. કે ૪ વાગ્યાની આસપાસ બ્રાહ્મમુર્હુત કહેવાયે. આપણે ૪ થી ૫ વાગ્યાની આસપાસ જાગી જઇએ તો આપણાને અંતરમાં આનંદ આવે કેમ કે તે બ્રાહ્મમુર્હુતમાં કેટલાક ઋષિ મુનીયો યોગની સાધના કરતા હોય, કેટલાક મુક્તો ધ્યાન કરતાં હોયે તો તેનો કરંટ આપણાને લાગે તેથી આપણા અંતરની વૃત્તિ શાંત રહે ને શાંતિથી ધ્યાન ભજન થાય તે કેટલાક ભક્તો વહેલા ઉઠે ને પછી પુજા કરીને સુઇ જાય તે પણ બરાબર ન કહેવાય તે મોટા સંતો કહેતા કે જાગી જાગીને

સુવે તેનું જાગરણ પડ્યું કુવે, માટે આપણે વેલા ઉઠીને ધ્યાન ભજન કરવું. ને મંદિરમાં કથા-વાર્તા થતી હોય તે બરાબર સાંભળવી. ને રસ્તામાં ચાલતા કે ઘેર જઇએ ત્યારે જે કથા સાંભળી હોય, મોટા સંતોએ ભગવાનની વાતો કરી હોયે તેનુ મનન કરીએ તો આપણા અંતરમાં આખો દિવસ શાંતિ વર્તે ને એમ ન કરીએ ને કથામાંથી ઉઠ્યા ને મંદિરથી બહાર નીકળી ને ગ્રામ વાતો કરીએ તો આનંદ ન આવે તે કથા સાંભળીને નાંખી દીધી એમ કહેવાય. એમ ન કરવું. પણ કથા જીવમાં ઉતારવી ને તે પ્રમાણે કાળજી રાખીને વર્તવું.

બીજુ **વિરમગામની બાજુમાં એક ગામ હતું ત્યાંના પ્રભુદાસ પટેલ હરિભક્ત હતા.** ને તે ગામમાં સંતો અવાર નવાર જતા. તેથી તે પ્રભુદાસ પટેલના દીકરા ને સંતસમાગમથી સત્સંગ થયો તે ગામમાં બીજા સત્સંગી હતા નહીં તેથી બીજા માણસોએ આ છોકરાને કહ્યું કે તું સત્સંગ છોડી દે પણ આ છોકરો તો પાકો સત્સંગી થયો હતો. તેથી તેણે સત્સંગ છોડ્યો નહીં. તેથી તે ગામના લોકો કહેવા મંડ્યા કે આ છોકરાને સ્વામિનારાયણે ભુરકી નાખી છે. તેથી તે આખો દિવસ ભજન કરે છે. ને તે છોકરાને તાવ આવ્યો તેથી તે ગામના લોકો કહેવા મંડ્યા કે સ્વામિનારાયણનું નામ લે છે તેથી તે માંદો થયો. તે છોકરાને ગામના માણસોએ કહ્યું કે તુ સત્સંગ છોડીદે તો તાવ ઉતરી જાયે પણ આ છોકરે સત્સંગ છોડ્યો નહીં મહારાજે એ છોકરાનો સાચો ભાવ જોઇ એ છોકરાને દર્શન આપ્યાને તે છોકરાના શરીર ઉપર હાથ ફેરવ્યો. તેથી તે છોકરાને તાવ ઉતરી ગયો. ને

તે છોકરો કહે જુવો આ મારા ભગવાન સ્વામિનારાયણ ભગવાન દર્શન આપવા આવ્યા છે તે સર્વે દર્શન કરો. તે સાંભળી ગામના ઘણાક માણસો દર્શન કરવા આવ્યા પણ ભગવાન અંતર ધ્યાન થઇ ગયા પણ ભગવાનના કંકુવાળા બંને ચરણાવિંદના દરેકને દર્શન થયા ને સર્વે આશ્ચર્ય પામ્યા ને કહેવા માંડ્યા કે તારા સ્વામિનારાયણ ભગવાન સાચા. તે કંકુવાળા ચરણાવિંદ હતા તેમાં ઘણા માણસો પ્રસાદીના કંકુ એક ચરણવિંદના લઇ ગયા ને બીજુ ચરણાવિંદ ઢાંકી દીધુ ને તે કંકુવાળુ ચરણાવિંદ તે છોકરાને ઘેર પધરાવ્યું એમ સાચે ભાવે જે સત્સંગ કરે છે. તેની ભગવાન સહાયતા કરે જ છે. માટે આપણે સાચે ભાવે સત્સંગ કરવો.

બીજુ **વડતાલ પાસે એક ગામ છે** ત્યાં એક બાઇ સારા સત્સંગી હતા તેનો એક દીકરો હતો. તે **દીકરાનું નામ ઓધવજી હતુ** તે બાઇ વડતાલમાં મહારાજના રંગ ઓચ્છવના દર્શન કરવા જતા હતા. તે બાઇયે પોતાના દીકરા ઓધવજીને કહ્યું કે મારી સાથે ચાલ હું વડતાલ સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરવા જાઉ છું. તું પણ ચાલ તને ભગવાન રંગ ઉડાડશે ને ભગવાન પ્રસાદ આપશે. તે સાંભળી ઓધવજી કહે ભલે હું ભગવાનના દર્શન કરવા આવું તે સાંભળી એની માતા રાજી થયા ને બંને ચાલ્યા.

બંને રસ્તામાં ચાલ્યા જતા હતા પણ રસ્તામાં બોરડીનું ઝાડ આવ્યું તે છોકરો બોરા લેવા ગયો ને તેની માતા જાણે છોકરો પાછો ચાલ્યો આવે છે. પણ છોકરો તો બોરાલેવામાં રોકાઇ ગયો હતો. બાઇ ચાલીને વડતાલ પહોંચી ગયા હતાં. ત્યાં મહારાજ રંગ ઉત્સવ કરતા હતા. ને સર્વે ઉપર રંગ ઉડાડતા હતા. ને બાઇ

ઉપર પણ રંગ ઉડાડ્યો. ને તે રંગ ઓચ્છવના દર્શનમાં બાઇ તલ્લીન બની ગયા. તે બે કલાક થયા તો પણ પોતાના દેહનું ભાન ભુલી ગયા. મહારાજે આ બાઇનો શુભ કલ્પ જાણ્યો કે મારા દિકરા ઓધવજી ઉપર રંગ ઉડાડવો ને પ્રસાદ આપવો. તેબાઇનો અંતર્યામી પણે શ્રીજી મહારાજ સંકલ્પ જાણી ને બીજે રૂપે છોકરો જંગલમાં બોરા લેતો હતો. ત્યાં ગયાને છોકરા ઉપર રંગ ઉડાડ્યોને પ્રસાદીના પેંડા આપ્યા તે લઇ છોકરો રાજી થયો. ને ભગવાનને કહેવા લાગ્યો કે મારે વડતાલ આવવું છે. ભગવાન કહે આ ચરણાવિંદ જોતો જા ને આવ જે તે મહારાજ રસ્તામાં ચરણાવિંદ પાડતા જાયે. એ આધારે છોકરો વડતાલ ગયો ને તેની માતા ને રંગ ઉડાડ્યો ને પ્રસાદીના પેંડા ભગવાને આપ્યા તે વાત કરી. એની માતા તે જાણી રાજી થયાં. પછી છોકરો તથા તેની માતા ઘેર આવ્યા અને બંને રાજી થયા.

બીજુ **પ્રહલાદ ભક્તની ભગવાને રક્ષા કરી.** પ્રહલાદ ભગવાનના મહાન ભક્ત હતા. તેને એક દિવસ હોળીકાએ પોતાના ખોળામાં લઇને બાળવા હતા તે હોળીકા એ પહેલાં તેના ભાઇને કહેલ કે આ જે ભક્ત પ્રહલાદને મારા ખોળામાં લઇને બાળવા છે ને તે અગ્નિ ઓલાવવાનું કોઇ કહે તો પણ અગ્નિ ઓલાવ જે નહીં આજે ભક્ત પ્રહલાદને જરૂર મારે બાળવા છે. તે હોળીકાને દેવોનું વરદાન હતું, કે અગ્નિમાં બળે નહીં તે હોળીકા એ ભક્ત પ્રહલાદને ખોળામાં લઇ અગ્નિ પ્રગટાવ્યો તે હોળીકા ને દેવોનું વરદાન હતું કે અગ્નિમાં બળુ નહીં પણ ભક્ત પ્રહલાદનો દ્રોહ કર્યો તેથી દેવોના વરદાનનું ચાલ્યું નહીં ને હોળીકા બળવા માંડી

ને બીજાને કહે હું બળું છું આ અગ્નિ ઓલાવો પણ તે હોળીકાએ પહેલાં કહેલ હતું કે હું કહ્યું તો પણ અગ્નિ ઓલાવજો નહીં તેથી કોઇયે અગ્નિ ઓલાવ્યો નહીં. તેથી તે હોળીકા બળી ગઇ ને ભક્ત પ્રહલાદ એવી હળા હળ અગ્નિમાં પણ બળ્યા નહીં. તે જુઓ સાચા ભક્તની ભગવાન રક્ષા કરે જ છે માટે આપણે સાચા ભક્ત બનવું.

બીજુ એક સારૂ મજાનું ઝાડ હતું **તેમાં માળો કરી હોલો હોલી રહેતા હતા** પણ નીચે પારધીયે તે બંનેને મારવા બાણ તાક્યું હોલા - હોલીને ખબર પડી કે આ બાણ આપણાને લાગશે તો બંને મરી જશું એમ જાણી બંને જણે ઉડવા વિચાર કર્યો પણ ઉપર સિંચાણો બંને ને મારવા ઉડતો હતો. બંને બાજુથી મોત હતું તેથી ભગવાનને પ્રાર્થના કરી

સાખી.

'ઉડગનની બાત સિંચાન ગ્રહે તલ ખેંચ કમાન ઉભો ભીલ રે,
બયરી હુલરી પીયુકો સમરે અબતો સમરે મોરલી ધરરે,
કાળ કુકાળ ભોયગ ડંસો દગા બાજ કું લગ્યો સરરે,
જીન કું રક્ષપાલ ગોપાલ ધની, તીનકુ બલભદ્ર કહા ડરરે,

આમાં કહેવાનું એટલું જ કે આ હોલા-હોલીને બંને બાજુથી કહેતાં ઉડે તો સીંચાણો ખાઇ જાત ને બેસી રહે તો બાણથી મરી જાત પણ બંને જણે ગોપાલ ભગવાનને સંભાર્યા તો બંને બાજુથી કહેતાં નીચે પારધી બાણ તાકીને ઉભો હતો તેને ઝાડના થડમાંથી મોટો સર્પ નીકળ્યો ને પારધીના પગમાં ડંસ માર્યો તેથી તેના

હાથમાં બાણ હતું તે છુટી ગયું ને તે બાણ ત્રાસું થઇ ગયું તે હોલા - હોલીને ન લાગતા ઉપર સીંચાણાને લાગ્યું. તેથી સીંચાણો નીચે પડી ગયો ને મૃત્યુ પામ્યો. આમ જે ભગવાનનું સાચે ભાવે ભજન જે કરે તેની ભગવાન રક્ષા કરે છે.

બીજું આપણાને આ ગામની, આ નામની, આ નાતની, આ દેહની આદિનું દ્રઢ થઇ ગયું છે. પણ આપણા આત્માનું ગામ અક્ષરધામ છે આપણા ખરા સગા ભગવાન છે એવી ભાવના કરી આપણે ભજન કરીશું તો જરૂર આ દેહ, આ લોકના ભાવ ટળી જશે. બીજુ શિક્ષાપત્રી ભાષ્યમાં કહેલ છે કે આપણે ચાર વાગ્યાની આસપાસ જાગી જઇએ તો ઉત્તમ કહેવાય. ને થોડા થોડા તારા હોય ને જાગી જઇએ તે મધ્યમ કહેવાય. ને સૂર્ય ઉગ્યા પછી જાગીયે એ કનિષ્ટ કહેવાય માટે આપણે ચાર વાગ્યાની આસપાસ જાગી જવું. રાત્રે ટીવી આદિ બહુ ન જોતા ૧૦। વાગ્યાની આસપાસ સુઇ જવું. સુતા પહેલાં ભગવાનની થોડી માળા ફેરવી સુવું અથવા થોડીવાર ધ્યાન કરીને સુવું. સુતા સુતા ઉંઘ ન આવે ત્યાં સુધી મનમાં મનમાં ભગવાનનું નામ લેતા સુવુ. તો બીજા સ્વપ્ના પણ ન આવે. ભગવાનના સ્વપ્ના આવે માટે આપણે કાળજી રાખીને ભજન કરવું.

બીજુ **રાત્રે સુતા પહેલા થોડીવાર ભગવાનની કથા વાંચીને સુઇએ તો જરૂર આનંદ આવશે.** આ તમને ખોટીવાત નથી કહેતો આતો આપણે ભજન કરીને સુઇએ તો જરૂર ભગવાન રાજી થાશે.

બીજુ **આપણા અનેક જન્મના પુણ્ય વળે.** આપણાને આવા

દયાળુ સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. તો આપણા અહો ભાગ્ય છે. તેનો દ્રઢ આશરો રાખીને ભજન કરવું. બીજુ આપણે આગલાં જન્મમાં શુભ કર્મ કર્યા હશે તેથી આપણાને આવો સત્સંગ કરવો ગમે છે. ને ભગવાનના મંદિરે જવાનું મન થાય છે. તો હવે આપણે સાચે ભાવે ભજન કરી લેવું. ને પોતાના લાડકવાયા નાના નાના બાળકોમાં સારા સંસ્કાર રેડવા તો નાનપણથી જો સારા સંસ્કાર પડે તો યુવાનીમાં ફેલ ફતુરમાં ચડે નહીં માટે બાળકોને સારા સંસ્કાર આપવા.

બીજુ એક સત્સંગી કન્યા હતી તેમને તેમના માતા પિતાએ ભણાવ્યા, સારા સંસ્કાર આપ્યા. ને તે બાઇ ઉમર લાયક થયા પછી તે બાઇને તેના માતા-પિતાએ કહ્યું કે તમો કહો ત્યાં તમારા સારે ઠેકાણે લગ્ન કરીએ. તે સાંભળી તે બાઇ બોલ્યા કે હે પિતા હે માતા તમોએ કહ્યું તે બરોબર છે. પણ મારે એવો નિયમ છે કે **હુ પરણું ને તેનાથી જે પુત્ર થાયે તેને ૧૨ વર્ષ મારા પાસે રાખુને પછી બીજાને સોપ** તે સાંભળી તેના માતા-પિતા વિચારમાં પડી ગયા કે આવી શરતવાળા કોણ મળે તે ઘણાક માણસો આ બાઇને પરણવા આવ્યા પણ આ શરત સાંભળી કોઇ હા ન પાડે. એ બાઇના માતા-પિતા ચિંતા કરવા લાગ્યા કે આ બાઇની ઉંમર મોટી થઇ ને કોઇ હા પાડતા નથી એમ કરતાં થોડા વર્ષો વીતી ગયા. ને એક દિવસ એક ભાઇ આવ્યાને તેને આ શરતથી વાત કરીને સાંભળી આ ભાઇ રાજી થયા ને બોલ્યા કે ભલે એમા શું વાંધો એ બાઇનો દીકરો તે બાઇ પાસે ૧૨ વર્ષ રહે તેમાં સારૂ. તે બાઇ પોતાના દીકરાનું ખરાબ નહીં કરે ભલે ૧૨ વર્ષ એ

બાઇ એનાથી જે દીકરો થાયે તે ભલે એના પાસે રાખે એમ સમજી આ બાઇના લગ્ન કર્યા. બીજે વર્ષે આ બાઇને ત્યાં સુપાત્ર પુત્રનો જન્મ થયો તે જન્મથી જ આ બાઇ પોતાના બાળકમાં સારા સારા ધાર્મિક સંસ્કાર નાંખે ને ઘોડીયામાં સુવાળી બાઇ હાલરડુ ગાય ને કહે હે પુત્ર તુ આત્મા છો ભગવાનનો ભક્ત છો ભગવાનની ભક્તિ કરવી એમ નાનપણથી આ બાઇ પુત્રમાં સારા સંસ્કાર આપે એમ કરતાં પુત્ર ૧૦ વર્ષનો થયો ત્યારે પણ આ બાઇ પોતાના લાડકવાયા બાળકને એ જ વાતો કરે કે હે પુત્ર તુ ભગવાનની ભક્તિ કરજે પાપકર્મ ન કરજે, દારૂ જુગાર આદિ ફેલમાં ન ચડજે, સિગારેટ આદિ વ્યસન ન કરજે, ગાળો ન બોલજે, સમાજની સારી સેવા કરજે, સારી વિદ્યા અભ્યાસ કરજે માતા - પિતાની આજ્ઞા બરાબર પાલન કરવી, ભગવાનની ભક્તિ બરાબર કરવી. ભગવાનની ભક્તિ કરવાથી આ લોકમાં સુખી થવાય છે. ને દેહને અંતે મોક્ષ થાય છે આદિ સારા સારા સંસ્કાર આપ્યાને ૧૨ વર્ષ પુરા થયા એ છોકરાને એના પિતાને ઓળખાવ્યા તે પિતાને પગે લાગ્યો, વડીલોને પગે લાગ્યો ને આ છોકરાએ એના પિતા તથા વડીલોને વાત કરી કે મને મારી માતાએ આવી સમજણ આપી છે તે જાણી એ છોકરાના પિતા તથા તે છોકરાના સર્વે વડિલો રાજી થયા ને પછી તે છોકરો મોટો થયો. સારી વિદ્યા ભણ્યોને ઘણા રૂપિયા કમાણો ને લાખો માણસોને સારા સંસ્કારો આપ્યાને લાખો માણસોને સારા સત્સંગી બનાવ્યા. ને દેહને અંતે ભગવાનના ધામને પામ્યો. જુવો હે ભાઇઓ એ બાઇએ તેના લાડકવાયા પુત્રમાં કેવા સારા સંસ્કાર

નાનપણથીઆપ્યા તે કેવો સારો સંસ્કારી થયો તેવી જ રીતે સર્વે સદ્‌ગૃહસ્તોએ પોતાના લાડકવાયા બાળકોમાં સારા સંસ્કાર આપવા એજ માતા-પિતાની ખરી ફરજ છે.

બીજુ **ગીતાજીમાં કર્મયોગ તથા ભક્તિયોગ કહેલ છે.** તે કર્મ યોગ એટલે સંસારના વ્યવહારીક કાર્ય કરવા ને ભક્તિયોગ એટલે ભગવાનની ભક્તિ કરવી. બીજુ ગીતાજીમાં કહેલ છે કે, ॥ યોગ ક્ષેમ વહામ્યહમ ॥ તેનો અર્થ કે ભગવાન પોતાના ભક્તની આલોકમાં રક્ષા કરે છે ને પરલોકમાં પણ રક્ષા કરે છે.બીજુ ભગવાનનું ભજન કરતાં કાંઇ જરા વાસના રહી જાય તો ભગવાન પોતાના ભક્તને પવિત્ર બ્રાહ્મણ તથા પવિત્ર સત્સંગીને ત્યાં જન્મ આપે. ને પૂર્વનો યોગભ્રષ્ટ જીવ હોય તેને સત્સંગનો યોગ થાય એટલે તે જલ્દી મોક્ષ સંબંધી કામ કરે છે. આ લખ્યું છે તે ઠીક છે પણ ગર્ભવાસમાં જવું પડે ત્યાં દુઃખ પડે. માટે આપણે આને આ દેહે ભગવાનને ભજી આ છેલ્લો જન્મ કરી લેવો. ગર્ભવાસમાં જવું ન પડે એવી કાળજી રાખી ભગવાનનું ભજન કરવું. ને આપણી સાચી ભાવના હોય કે મારે આને આ જન્મે મારી સર્વે કસરો ટાળીને છેલ્લો જન્મ કરવો છે તો દળાયુ ભગવાન આપણાને રોગ આપે, યોગ આપે, સારા સત્પુરુષનું જ્ઞાન આપીને પણ આપણો મોક્ષ કરે જ છે. માટે આપણે કાળજી રાખીને ભજન કરવું.

બીજુ **ખટવાંગ કરીને એક રાજા હતા** તે સારી રીતે પોતે રાજ્ય કરતા હતા તેમને સારા જયોતિષીએ કહ્યું કે તમારો આ દેહ છ મહિનામાં પડી જશે. તે સાંભળી રાજાને થયું કે મારો આ દેહ છ

મહિનામાં પડી જશે માટે મારે મોક્ષ સબંધી કાર્ય કરી.લેવું. એવું વિચારી પોતાનું રાજ્ય પોતાના કુંવરને સોંપી દીધું ને પોતે યાત્રા કરવા ચાલી નીકળ્યા. યાત્રા કરતાં કરતાં ઘણાક મંદિરોમાં દર્શન કર્યા, ઘણાક સાધુ મહાત્માના દર્શન કર્યા, ઘણી નદીયો આદિમાં સ્નાન કર્યુ પણ આ રાજાને કયાંઇ શાંતિ થઇ નહીં એમ દર્શન કરતા યાત્રા કરતા ૬ મહિના વીતી ગયા. છેલ્લો દિવસ આવી ગયો તેથી આ રાજા જંગલમાં એક ઝાડ તળે બેઠા પાસે નદી વહેતી હતી તે રાજા મનમાં ચિંતા કરતા હતા કે અરે આ દેહ હમણાં પડી જશે.ને મારું મોક્ષ સબંધી કામ ન થયું એમ ચિંતા કરતા હતા. ને દેહ મુકવાના સમયનો પંદર મિનિટ બાકી હતી ત્યાં અચાનક એક બાવાને રસ્તામાં ચાલતા જોયા આ બાવાએ પણ આ રાજાને જોયા તે બાવાએ રાજાને જોઇ રાજા પાસે ગયા ને આ બાવા બહુ જ સારા હતા ને તે રાજાને સામુદ્રિક શાસ્ત્રમાં ભગવાનના લક્ષણ લખ્યા છે તે પ્રમાણે ભગવાનની મુર્તિનું વર્ણન કર્યું ને વળી કહ્યું કે, ભગવાનના ચરણાવિંદમાં ૧૬ ચિહ્ન હોય, તળીયા રક્ત હોય, ભગવાનની પ્રકાશમાન મુર્તિ હોયે આદિ ભગવાનની મુર્તિનું વર્ણન કર્યું તેથી તે ખટવાંગ રાજાને તે પ્રકાશમાન મુર્તિના દર્શન થયા ને તે સંતે કહ્યું કે બસ એ પ્રકાશમાન મુર્તિના જ દર્શન કરો ને ભગવાનનું નામ લ્યો ને ભગવાનની મુર્તિ વિના બીજે કયાંઇ પ્રિતી ન કરવી. એવી રીતે તે રાજાએ કર્યું તેથી ભગવાન પોતાના ધામ માંથી પ્રકાશમાન વિમાન લાવ્યા ને રાજાને ભગવાન પોતાના ધામમાં લઇ ગયા. આમાં કહેવાનું એ કે આ રાજા ૬ મહિના યાત્રામાં ફર્યા પણ

શાંતિ ન થઇ ને આ સારા સંત મળી ગયા તો ૦૧ કલાકમાં આત્મા પરમાત્માનું જ્ઞાન થઇ ગયું. ને મોક્ષને પામ્યા તેવી રીતે આપણે સાચી ભાવના રાખી ભગવાનનું ભજન કરીશું તો જરૂર ભગવાન આપણું સારું કરશે. બીજુ જનક રાજા રાજ્ય કરતાં હતા. પણ જ્ઞાને કરીને નિર્લેપ હતા. ને આ લોકમાં ક્યાંય બંધાણા નહીં.

બીજુ એક સારા સત્સંગી હતા ને શ્રીજી મહારાજની આજ્ઞા બરાબર પાલન કરતા હતા ને ભગવાનનું ભજન બરાબર કરતા હતા તેથી સત્સંગમાં તેમની સારી છાપ પડી તે જોઇ કેટલાક દ્વેષી માણસો ને ઇર્ષા થઇ ને થયું કે આને સત્સંગમાંથી પાછા પાડવા એમ ઘણાક વર્ષો થયા ને એક વખત આ હરિભક્ત બહાર ગામ જતાં હતા. ને રસ્તામાં રાત્રી પડી ગઇ ત્યાં એક માણસ મળ્યો ને આ સત્સંગીને કહે ચાલો મારી સાથે મારે સારો બંગલો છે ત્યાં ઉતરો ને સવારે ભલે જાજો. તે સાંભળી સત્સંગી તેમને ઘેર ગયા ને સારા બંગલામાં આ સત્સંગીને ઢોલીયા ઉપર સુવડાવ્યા તે આ સત્સંગી અહીં રાત્રે બંગલામાં સુતા છે તે એક કુસંગી બાઇને ખબર પડી. ને એ બાઇએ વિચાર્યું કે આ સત્સંગીની લાજ લઉં ને આખા ગામમાં ફજેત કરું. એમ વિચારી રાત્રે ૧૨ વાગે જ્યાં આ સત્સંગી સુતા હતા ત્યાં જઇ દરવાજો ખખડાવ્યો ને તે બાઇ બોલી કે દરવાજો ખોલો, મારે આ ઓરડામાંથી મારી વસ્તુ લેવી છે. તે સાંભળી આ સત્સંગી બોલ્યા કે હમણાં રાત્રે આ બારણું ખુલશે નહીં સવારે જે લેવું હોય તે લઇ જજો. એમ કહ્યું તો પણ આ બાઇ તો બારણુ ખખડાવ્યા જ કરે પણ આપણે

બારણું ખોલ્યુ નહીં પછી તે બાઇ ત્રીજે માળે ચડીને બંગલાના નળીયા ખોલવા માંડી ને અંદર જવા માંડી આ સત્સંગીએ ઘણી ના પાડી તો પણ તે બાઇ માની નહીં ને અંદર આવવા માંડી તે જોઇ આ સત્સંગીએ ત્રીજે માળેથી પડતુ મુકી ને જોરે જોરે ચાલવા માડ્યુ ને શ્રીજી મહારાજ ગઢડે વિરાજમાન હતા ત્યાં ગયા. તે ભક્તને જોઇ મહારાજ બોલ્યા કે આ મારો ભક્ત માયા જીતીને આવ્યો છે. તે ભક્તની બધી જ વાત સાંભળી શ્રીજીમહારાજ બહુ જ રાજી થયા. કે ખરો તુ ભક્ત તારી આટલી કસોટી થઇ તો પણ પોતાના નિયમોમાંથી જરા પણ ચલાયમાન થયો નહીં. મહારાજ આ ભક્ત ઉપર બહુ જ થયા કે ખરો તુ ભક્ત. જાયો હુ તમોને અંતકાળે તેડવા આવીશ ને અક્ષરધામમાં અમારી સેવામાં રાખીશું આમાં કહેવાનું કે કેટલી પરીક્ષા લીધે પણ જરાએ ઢીલા ન પડ્યા તેમ આપણે ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવી.

બીજુ **સાચુ નાણું ભગવાન છે** તે આપણે બોલીયે છીએ કે ' શ્યામ તમે સાચુ નાણુ...' તે સાચુ નાણું ભગવાન છે બાકી આ તો સર્વે ખોટુ છે માટે જ્યાં સુધી આપણું શરીર સારૂ હોયે, સારો યોગ હોય ત્યાં સુધી આપણી સર્વે કસર ટાળી નાખવી. ને કાળ કોઇની વાટ જોશે નહીં. આ સ્વામી છે કે આ સાહેબ છે કે આ શેઠ છે એ કોઇની વાટ જોશે નહીં. ટાઇમ થાશે એટલે દરેક ને જવાનું. પણ જ્યાં સુધી સારો યોગ હોય ત્યાં સુધીમાં આપણી સર્વે કસરો ટાળીને દીન દીન પ્રત્યે ભગવાનની મરમાળી મુર્તિમાં અતિશય હેતની વૃદ્ધિ કરવી એજ આ મનુષ્ય જન્મ પામીને તથા

સાચે ભાવે સત્સંગ કરવાનું સાચુ ફળ છે માટે આપણે જેમ બને તેમ ભજન વિશેષ કરવું તેથી કાળમાયાના ભયથી તરી જવાય છે.

બીજુ શ્રીજી મહારાજે વચનામૃતમાં તથા ગીતાજીમાં કહેલ છે કે **આહાર શુદ્ધ રાખજો.** આહાર એટલે જમવાનું. તે આહાર શુદ્ધ શું કહેવાયે કે આપણે ઘેર અનાજ બરાબર સાફ કરી તથા પાણી - દુધ - ઘી - તેલ બરાબર ગાળીને ભગવાનની મુર્તિની સ્મૃતિ રાખીને જે રસોઇ બનાવી હોય ને તે રસોઇ ભગવાનને ધરાવી ને તે પ્રસાદ જમીયે તે આહારની શુદ્ધિ કહેવાય. પરંતુ બજારની મિઠાઇ આદિ બજારની વસ્તુ ખાઇયે તો આહારની શુદ્ધિ ન કહેવાય. વિહારની શુધ્ધિ રાખવી એટલે વિના પ્રયોજન જ્યાં ત્યાં ફરવા જવું, જે તે વાતો સાંભળી આદિ કરીએ તે વિહારની શુદ્ધિ ન કહેવાય. પરંતુ યોગ્ય રીતે બોલવું ચાલવું આદિ કરીએ તે વિહારની શુદ્ધિ કહેવાય. બ્રહ્મચર્યની શુદ્ધિ રાખવી. એટલે ત્યાગીએ અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો. ગૃહસ્થોએ એક પત્નીવ્રત રાખવું બીજી પર સ્ત્રી સામું ક્યારેય ન જોવું, ખરાબ વિચાર ન કરવા. ને એકાદશી આદિ વ્રતમાં બ્રહ્મચર્ય પાલન કરવું તે બ્રહ્મચર્યની શુધ્ધિ કહેવાય.

બધા શાસ્ત્રોમાં એક જ સાર કે જેમ સોયકેડે એકદોરો સોસરો ચાલ્યો જાય છે તેમ આત્મા સત્ય છે. અને તેની અંદર રહેલા પરમાત્માતે બંને સત્ય છે. આવી આત્મનિષ્ઠા દ્રઢ કરવી. દરેક ક્રિયામાં ભગવાનનું સ્મરણ કરવું. ખરૂં કરવાનું એ જ છે.

બીજુ **રજોગુણ તમો ગુણ વરતતા હોય ત્યારે આવી લીલા**

સંભાળવી જેથી શાંતિ થાય.

(૧) આરતી વખતે જાણે અનંત મુક્તો મહારાજની સામું હાથ જોડી ઉભા છે. અને મહારાજ તે મુક્તો સામું કરૂણામય દ્રષ્ટિએ જોઇ રહ્યા છે.

(૨) ચાલ્યા જતા હોઇએ ત્યારે મહારાજે આપણા ખંભા ઉપર હાથ મૂક્યો છે. અને આપણે મહારાજના ખભા ઉપર હાથ મુક્યો છે. એમ સખા ભાવે ધારવું.

(૩) બાલ ઘનશ્યામ મહારાજ જાણે સિંહાસન ઉપર હિંડોળામાં ઝૂલે છે અને આપણે ઝૂલાવીએ છીએ અંતરવૃત્તિથી ધારવું.

(૪) બાલ ઘનશ્યામ મહારાજ જાણે પારણામાં રમકડાંથી રમતા સૂતા છે અને આપણે ઝૂલાવીએ છીએ.

(૫) મહારાજને સાચા મોતીથી તથા ફૂલથી વધાવવા.

(૬) મહારાજ માટે મોતીથી તથા ફૂલથી ચોક પુરવો અને ધારવું કે શ્રીજી મહારાજ ઉપર ચાલ્યા આવે છે અને તેજના કિરણો વડે મોતી ઝગમગ ઝગમગ થાય છે.

(૭) મહારાજ નીલકંઠ સ્વરૂપે જાણે ડુંગર ઉપર ચાલ્યા આવે છે ને પથરા મહારાજના તેજ વડે ઝગમગ ઝગમગ થાય છે.

(૮) મહારાજને પ્રેમથી મીઠડા લેવાને મહારાજને મળવું.

(૯) મહારાજ રંગરમતી વખતે જાણે મહારાજની કાંસ છૂટી ગઇ તેથી મહારાજની છાતીમાં અર્ધ ચંદ્રનું તથા છાપનું ચિન્હ તથા સ્તન આદિ દેખાય છે. ને રંગની રમત રમતી વખતે હાથમાં વેઢ વીટી વિજળીની માફક ઝબકારા મારે છે. ને વસ્ત્ર સમગ્ર ભીના પંચરંગી થઇ ગયા છે એમ ધારવું.

(૧૦) મહારાજ સાથે અંતરવૃત્તિ વડે રાસ રમવો અને જાણો કે મહારાજ આપણી સાથે જ રાસ રમે છે. ને તાળી દે અને લે છે ને મહારાજની અંગરખીની સેર આપણને અડે છે.

(૧૧) દરરોજ બે વખત મહારાજ તથા સંતો ના દર્શન કરવા.

(૧૨) મહારાજના કેશ ભૂરા ધારવા ને તેમાંથી તેજના કિરણો નીકળે છે તેમ ધારવું.

(૧૩) કયારેક મહારાજે જાણે આપણો હાથ ઝાલ્યો છે ને આપણે મહારાજનો હાથ ઝાલ્યો છે ને કહ્યું છે કે 'મારે પાર થવો ભવ પંથનો પ્રીત્યે ઝાલ્યો રે મારા હરીવરે હાથ જાઉં વાલાજીને વારણે'.

(૧૪) કયારેક મહારાજને હાથે હીરાની દોરીને ઉપર સોનેરી રૂપેરી ફુમકાવાળા સુંદર રાખડી મહારાજે હાથે બાંધી છે.

(૧૫) મહારાજને અતિસુંદરને મનગમતી જનોઇ પહેરાવી.

(૧૬) જ્યાં બેઠા હોઇએ કે હાલતે ચાલતે કે સુતી વખતે મહારાજને તથા મુક્તો તથા ભક્તોની સાથે જ બેઠા છે એમ ભાવના રાખવી પણ આપણે એકલા કયારેય રહેવું નહીં.

(૧૭) કયારેક મહારાજને બકી દેવી. તે. પેટમાં કે ગાલમાં દેવીને ..... (પાના.૧૧૯) બીજુ સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ ' પ્યારા ઘનશ્યામ, પૂરણ કામ રે, આવો ઓરા, ખોશું માથે તોરા' એમ મહારાજને બોલાવવાને મહારાજ સિંહાસનેથી ઉઠીને મહારાજ આપણી સામે આવે છે. તેમ ધારવું.

(૧૮) કયારેક મહારાજ આપણાને બોલાવે છે. ને તે હાથની ચેષ્ટાથી બોલાવે છે ને હું મહારાજ પાસે ગયો ને મહારાજ રાજી

થયાને આપણે પ્રેમથી દર્શન કર્યા. મહારાજે મારા માથા ઉપર હાથ મૂક્યો ને મેં મહારાજના ચરણવિંદ પર હાથ મૂક્યો.

(૧૯) કયારેક મહારાજે આપણા માથા ઉપર તથા મોઢા ઉપર તથા છાપી ઉપર તથા વાંસા ઉપર પોતાના કોમળ હાથ ફેરવ્યા. ને તેમજ આપણે મહારાજના શરીર ઉપર હાથ ફેરવ્યા.

(૨૦) કયારેક મહારાજને અતર ચોળવું ને કહ્યું છે કે 'ચોળી અત્તર કરી, કરી પ્યાર, વાલાને રસ રીતશું તેને નીરખે જે નરનાર, તે નાવે મનુમારમાં' મનુ એટલે કામરૂપી શત્રુ થકી દુઃખ પામતા નથી.

(૨૧) કયારેક મહારાજ ચાખડીઓ પહેરી ચાલ્યા આવે છેને ચાખડીનો અવાજ સાંભળી કેટલાક હરિભક્તોને સમાધિ થાય છે.

(૨૨) સ્નાન કરતાં કરતાં મહારાજની મૂર્તિમાંથી તેજના કિરણો નીકળે છે તેમ ધારવું.

(૨૩) સવારે મહારાજને નવડાવીને મહારાજનાં ચરણોમાં તુલસી ચડાવવા, અને ઉનાળામાં ચંદન ને કેશર વડે તિલક કરવું તથા ચરણમાં ચંદન ચર્ચવું અને ફુલના હાર, બાજુ બંધ તથા તોરા ધરાવવા તથા કપૂરની આરતી ઉતારવી.

(૨૪) મહારાજને જમવાના દૂધ, દહીં, પાણી તથા પકવાન તથા વસ્ત્રાલંકાર વગેરે તેજોમય ધારવું.

(૨૫) મહારાજ જમવા બેસે છે ત્યારે કાન ઉઘાડા રાખીને બેસે છે. પેટ ઉપર હાથ ફેરવે છે. ને વચ્ચે વચ્ચે પાણી પીએ છે. ને જમણો પગ ઉભો રાખીને માથે હાથ ફેરવે છે. ને ડાબા પગની

પલાઠી વાળીને બેસે છે.

(૨૬) મહારાજને ઉતારવાની આરતી સોનાની ને ઉપર ઠેકઠેકાણે જડેલા હીરાવાળી તથા સો દીવેટોવાળી ધારવી. તેમજ ઘંટડી, તેમજ જમવાના થાળ તથા બાજોઠ, કળશીયા વગેરે સોનાના હીરા જડિત અને તેજોમય ધારવાં.

(૨૭) ક્યારેક બાલ ઘનશ્યામ મહારાજ ચરણમાં ઝાંઝર પહેરીને રમે છે તે ઝાંઝરનો શબ્દ સાંભળી કેટલાક ભક્તજનોને સમાધી થાય છે તે 'ગોકુળગામના ચોકમાં ત્રીજા પદમાં લખેલ છે કે ' છેલ્લો ઠમકે માંડે છે પગ ઠાવકા વાજે ઘુઘરીઓની ઘેર.'

(૨૮) ક્યારેક આપણે પણ રમત કરીને પ્રેમાનંદ સ્વામીની જેમ ભગવાનને રાજી કરવાને માટે રમતા હોઇએ ત્યારે મહારાજ રાજી થઇને હાર આપણને પહેરાવે છે.

(૨૯) બીજું ધ્યાન કરીને પછી નાસીકા,.. કે મુખારવિંદ પર વૃત્તિ ઠેરાવવી. ને તે અંગમાંથી શીતળ તેજનાં કિરણો છુટી રહ્યા છે ને તે સુખમાં મુક્તોને સમાધિનું સુખ આવે છે તે આપણે પણ તેવી રીતે ભગવાનની મૂર્તિનું સુખ લેવું.

(૩૦) ભગવાનનું નામ લેતાં બહાર કે અંતરમાં મૂર્તિ દેખાવી જોઇએ તેમ અભ્યાસ કરવો.

(૩૧) કામકાજ કરતાં મહારાજ જાણે આપણી પાસે બેઠા છે ને વાતો કરે છે ને કે મહારાજને બાજોઠ કે પાટ ઉપર બેસાડવા. ને જાણે કે મહારાજ માટે બંગલો બંને છે ને મહારાજ તથા પરમહંસો તથા પાર્ષદો તથા હરીભક્તો અહીં વિરાજશે ને સભાઓ કરશે.

(૩૨) જેમ આપણી પાસે લાખ રૂપિયાની કિંમતી વસ્તુ કોઇ જગ્યાએ રાખી હોય કે પોતાની પાસે રાખી હોય તેની ઉપર કેવી વૃત્તિ રહે છે અને કંઇક ખડખડાટ થાય તો તરત જ તે વસ્તુને કોઇ ચોરી ન જાય તેવી કાળજી રાખીએ છીએ. તેમ મોંઘા એવા જે મહારાજને આપણા અંતરમાં અખંડ સંભારી રાખવા. જરાવાર પણ ભૂલવું નહીં.

(૩૩) જમતી વખતે ગોરધનભાઈની જેમ દેહભાવ ટાળી અંતરવૃત્તિએ ભગવાનને હૃદયમાં ધારીને કોળિયો મોઢામાં મુકીને ને કોળીયો ચવાઇ નહીં ત્યાં સુધી પાંચ કે સાત વખત સ્વામિનારાયણનું નામ લેવાઇ રહે ને કોળિયો ચવાઇ જાયે એમ આપણે અભ્યાસ રાખવો.

(૩૪) આપણે ક્યારે કોઇ વસ્તુ ઉપાડી હોય ત્યારે વસ્તુનો ભાવ ટાળી જાણે ઘનશ્યામ મહારાજને તેડ્યા હોય તેમ ભગવાનને સંભારવા.

(૩૫) દર્શન કરીએ ત્યારે આપણા હાથ મહારાજના ચરણમાં મૂકીને મસ્તક મહારાજના ખોળામાં મુંકવું ને આપણા નેત્રને પાંપણ મહારાજના ચરણમાં અડાડવા.

બીજુ **મોટા સત્પુરુષને ઓળખીને તેમનો શુદ્ધ ભાવે સમાગમ કરવો.** તે મોટા સતપુરુષ તો કેવા છે તો સમુદ્ર જેવા છે. સમુદ્રમાં ઝેરી સાપ - મગરમચ્છ - માછલા વગેરે અનંત જીવો રહ્યા છે તે બધાને એક જ પાણીમાં રાખે છે. જરાપણ પક્ષપાત રાખતા નથી. એમ મોટા સતપુરુષ પણ મોટાથી લઇને નાના સુધીના વિવિધ પ્રારબ્ધ કર્મોવાળા દરેક જીવને રાખે તેને કોઇ વ્હાલો કે

ખરાબ હોતો જ નથીં. જેમ સમુદ્રમાં ગમે તેટલી નદીઓ આવેલ છે તથા મોટા મોટા જીવો ખુબ જ પાણી પીએ છે. છતાં સમુદ્ર જરાપણ ઓછો થતો નથી. તેમાં વધઘટ થાય નહીં. હંમેશાં સ્થિર રહે એમ મોટા સતપુરુષ પણ સુખના ભંડાર જેવા છે. કોઇને વધુ ઓછું સુખ મળે તો એ તો પાત્રતા પ્રમાણે થાય માટે મોટા પુરુષ સાથે જીવ જોડી દેવો તથા તેની સાથે અંતરનું હેત રાખવું. બહારથી હેત ઘણું બતાવે પણ અંતરમાં હેત ન રહે તો તે શા કામનો માટે અંતરવૃત્તિથી જોડાઇ જવું. મોટા પુરુષને નિષ્કાળી, નિર્વિકારી - નિર્દોષ સમજે તો પોતે પણ નીર્દોષ થઇ જાય છે. તે (ગઢડા પ્ર.૫૮) ના વચનામૃતમાં લખેલ છે.

બીજુ 'માતા પિતા યુવતી સુત - બાંધત સંગ ચલત નહીં કોઇ સમજમન હરિ ભજતાં સુખ હોય' (પૂ.બ્રહ્માનંદ સ્વામી) એ કિર્તનમાં લખેલ છે.

તે ભગવાનનું ભજન કરવામાં જ સાચુ સુખ છે બાકી આ બધું એકવાર મુકવું જ પડશે. આ વ્યવહાર તો સમજીને અત્યારથી જ અંતરમાંથી કાઢી નાખવું. ને મોટા સંતો કહે કોઇ ભેળો ચાલવાનો નથી.બીજુ સ.ગુ.ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં લખ્યું છે કે અમને નવાઇ તો એ વાતની થાય છે કે જ્યાંથી કયારેય પાછા આવવાનુંનથી તે કામ આપણે બરાબર કરતા નથી. અને જ્યાંથી કઇ ઘડીયે ઉચાળા ઉપાડવા પડશે તે કાંઇ નક્કી નથી, ત્યાં આ જીવ પાતાળમાં પાયા નાંખી બેઠો છે તે ઉપર બગદાલ ઋષિનું દ્રષ્ટાંત આપ્યું કે તે ઋષીને કોઇએ પૂછ્યું તમારી ઉંમર કેટલી તો કહે આ નાળિયેર પડ્યા એટલા (૭૮) ચમાવતાર થઇ ગયા

તેટલી આવરદા છે. ત્યારે તે ભાઇએ કહ્યું કે તમને રહેવા માટે ઝૂંપડી જેવું તો કાંઇ બાધો તે સાંભળી ઋષી બોલ્યા કે થોડા કાળ જીવવું અને ઝૂંપડી શું બાંધવી જુવો આ ઋષિનું કેટલું લાંબુ આયુષ્ય હતું તો તેમણે રહેવા માટે ઝૂંપડી પણ ન બનાવી પણ આપણે તો આ દુનિયામાંથી અચાનક જવાનું છે તો કેટલા મોટા બંગલા બનાવી છીએ તે ભલે બંગલા બનાવો પણ એમ જાણવું કે આ બધુ ખોટુ છે ને અચાનક આપણે આ દુનિયામાંથી જવાનું થાશે એમ જાણી ભજન વિશેષ કરવું.

બીજુ **એક શેઠના ઘરના માણસ બહુ જ એકાંતિક ભક્ત હતા** તથા સમર્થ હતા. શેઠ પોતે ઘરના મનુષ્યના કહેવાથી માળા-પૂજા કરે. એક વખતે શેઠ પૂજા કરતા હતા ત્યારે કોઇએ આવીને પૂછ્યું કે શેઠને મળવું છે ત્યારે નોકરે કહ્યું કે શેઠ પૂજામાં બેઠા છે. ત્યારે તેમના ઘરના મનુષ્યે જવાબ આપ્યો કે ના, શેઠ ચમારવાડે ગયા છે. શેઠનું ચિત્ત પૂજામાં ન હતું મનની વૃત્તિથી શેઠ ચમારને ઘેર પહોંચેલ. શેઠે પૂજા કર્યા બાદ તેમણે પોતાની પત્નીને પૂછ્યું કે પૂજા કરતો હતો છતાં આમ કેમ કહ્યું તો તેના પત્નીએ કહ્યું પૂજામાં તમારૂ ચિત્ત ક્યાં હતું. તમે તો મનથી ચમારવાડે જઇ ત્યાંના માણસને બોલાવી કોઇ કામ સોંપવાનો વિચાર કરતા હતા.ને તે વાત શેઠે કબુલ કરીને પોતાની પત્નિને વિષે વધારે પ્રેમ થયો અને તે શેઠે પૂજા તથા ભજન કરવામાં વધારે કાળજી રાખવા માંડી.

બીજુ **ઓછી સમજણ વાળા હરિભક્તો માળા ફેરવતા હોય ત્યારે પણ તેમનું મન તો વ્યવહારમાં જ ભટકતું હોય** તો તેમણે

મનને વશ કરવું અને પૂજા કરતી વખતે મહારાજની મૂર્તિ સન્મુખ દ્રષ્ટિને રાખવી કદાચ મન બીજા વ્યવહારના વિચાર કરવા માડે તો ફરી તે વિચારમાંથી વૃત્તિ ઉખાડી ભગવાનની મૂર્તિમાં જોડવી. તે શિક્ષાપત્રીમાં પણ મહારાજે કહેલ છે. કે બ્રહ્મરૂપ થઇને જ પરબ્રહ્મની ભક્તિ કરવી. માટે પૂજા તો એકાગ્ર વૃત્તિથી ગદ્‌ગદિત થઇ રોમાચિત્ત ગાત્રોથી કરવી. પૂજાની મુર્તિ જે છે તે એમ જાણવું કે પ્રત્યક્ષ મહારાજની મુર્તિ છે તેમાં ચીત્રભાવ ટાળી નાખવોને એમ જાણવું કે આ મારા ઇષ્ટદેવ પ્રત્યક્ષ ભગવાન છે એમ જાણી પુજા કરવી. આવી રીતે પ્રત્યક્ષભાવ લાવશું તો વ્યવહારમાંથી પોતાની મેળે પાછી વૃત્તિ વળી આવશે. ને દેહ ને અંતે ભગવાન પોતાની સેવામાં રાખશે માટે આપણે ભજન કરવામાં વિશેષ કાળજી રાખવી.

બીજુ એક સમયે સંતો તથા હરિભક્તો કોઇ એક ગામ જતા હતા ત્યારે એક ભિક્ષુક બાઇ રસ્તા ઉપર મરવા પડેલી અને બહુ રિબાતી હતી. સંતોને વિનંતી કરી કે આ બાઇ બહુ રિબાય છે તો સ્વામીએ કહ્યું કે તેનું કર્મ જ એવું છે કે એ બેઠી ન થાય, છતાં કોઇ **અશ્વમેધ યજ્ઞનું પુણ્ય તેને આપે ત્યારે સારું થાય** ત્યારે પેલા કહે કે અમારા પાસે ક્યાંથી હોય? ત્યારે સંતોએ કહ્યું કે અહીંથી થોડે દૂર એક ખેતર છે અને તેમાં એક ડોશી, ભગવાનનું ભજન કરીને ઝૂંપડામાં રહે છે. તેની પાસે જાઓ તથા આ વાત કરજો તે સાંભળાથી તે ડોશી પાસે ગયા ને વાત કરી કે પાંચ અશ્વમેધ યજ્ઞનું પુણ્ય આપો તો એક બાઇ બહુ દુઃખી છે તે બેઠી થાય તો ડોશી તો ભગવાનની પરમ ભક્ત

હતી. તરત હા પાડી પાણી હાથમાં લઈ સંકલ્પ કર્યો કે મારા પુણ્યથી જો તે બાઇનું દુઃખ મટતું હોય તો પાંચ અશ્વમેધ યજ્ઞનું પુણ્ય આ પાણીમાં આપું છું. અને તે પાણી લઇ હરિભક્તોએ તો બાઇને પાયું તો બાઇને સારૂં થયું અને શરીરમાંથી શાંતી થઇ ગઇ ને હરિભક્તોએ સંતોને પૂછ્યું કે આ કેમ થયું ? તો સંતો કહે તે બાઇ ભગવાનના પરમ ભક્ત હતા અને ખેતરેથી મંદિર પગે ચાલીને જાય ત્યારે મૂર્તિ સંભારીને ડગલે-પગલે 'સ્વામિનારાયણ' બોલતી જાય છે તે આપણા શાસ્ત્રોમાં પણ કહે છે કે જે આ રીતે દર્શન કરવા જાય તેને ડગલે - પગલે એક અશ્વમેધ યજ્ઞનું પુણ્ય થાય છે. તો આપણે પણ ખટકો રાખી મંદિરે જતી વખતે શ્રી હરિને યાદ કરતાં જઇએ તો એક અશ્વેધ યજ્ઞનું પુણ્ય મળે છે.

બીજુ **આ લોકનું કાઇ સાથે આવવાનું નથી** તથા પ્રકૃતિ પુરૂષથી ઉત્પન્ન થયેલું બધું નાશવંત છે આ વિચાર દઢ કરવાથી આનું નામ સાંખ્ય વિચાર દ્રઢ કરે તે પુરૂષ-સ્ત્રી વ્યવહારમાં ભલે રહેલા હોય પણ મનથી આ બધુ નાશવંત છે અને ખોટું છે એમ સરખી ઘેડ્ય બેસાડી હોય તો વિકારો વિષયો કઇ નડે નહીં તે ઉપર શિવલાલ શેઠની વાત કરી કે તે શ્રી હરિની સેવા પુજા કરતાં હતા. ઘી ઢોળાયું તેના પિતા કહે, બેટા થોડું ધ્યાન રાખો તો સારૂં. શેઠ કહે બહાર ઢોળાવવાનું જ હતું તેને બદલે અહીં ઢોળાયું, શો ફેર પડે છે. તો આપણે આવો વિચાર કરીયે તો કાઇ બંધન થાય નહીં.

આ લોકનો વ્યવહાર જ એવો છે કે જો વિચાર કરી દેહથી

નોખો આત્મા થઇ છુટા પડશું તો ટળશે, નહિંતર એમને એમ ચાલ્યા કરશે પાણીનું ખાબોચિયું ભરેલું હોય તેના ઉપર તેલ રેડો તો બધું ઉપર તરી આવે તેને લાકડી મારી છુટું કરો તો ઘડીક નોંખુ થાય, પણ પાછું ભેગું થઇ જાય. માટે વ્યવહારમાંથી વૃત્તિ પાછી વાળવાનો પાકો નિશ્ચય ન હોય તથા સારી સ્થિતિને પામેલ સંતો હરિભક્તનો યોગ ન હોય તો નોખા ન થઇ શકાય. થોડા સંતો પાસે બેસો, ઘડીક કથા સાંભળો ત્યારે વિચાર કરી નોખા થાઓ પણ ઘેર જાઓ એટલે જો સંતોનો સમાગમ જીવમાં ઉતાર્યો ન હોય તો પાછા વ્યવહારમાં ભળી જાય. તે પાણી ભેગું થઇ જાય તેમ જાણવું. આ મેડી - મહોલ - માલ - ખજાના કાંઇ સાથે આવે તેમ નથી. એમ સમજો તો છો પણ આ બ્રહ્માંડ રચાયું ત્યારથી જ આ જીવ માયાનો વેપાર કરતો આવ્યો છે. એટલે સાંખ્ય વિચારની દ્રઢતા કરી શક્યા નથી તો સૌ પ્રથમ મહાત્મ્ય સહિત ભગવાનની ભક્તિ દ્રઢ કરશો તો જગતનું નાશપણું સમજાતું જશે અને સંતો વાતો કરે ત્યારે પણ મન જો જ્યાં ત્યાં ભટકતું હશે તો એટલી કાચપ રહી જાશે તે ઉપર લૌકિક દ્રષ્ટાંત આપ્યું કે એક ભગત વ્યવહારમાં હતા કોઇ સગાનું મરણ થતા ક્રિયા માટે સ્મશાને ગયા. મન ઉદાસ થઇ ગયું અને સંત સમાગમ પણ કરતા જેથી મનમાં વિચાર આવ્યો કે સંતો કહે છે તે ખરેખર કરવા જેવું છે. આ ભાઇની કચેડોની મિલકત આંહી પડી રહી કાંઇ કામ ન આવી અને ખાલી હાથે જવું પડ્યું તો હવે મારે તો બધું મુકી ત્યાગી થઇ ભગવાનને ભજી લેવા છે. આવા વિચાર કરવા લાગ્યા. સંતો તો બપોરે ચાર વાગે હરિભક્તોને

પાસે બેસાડી ભગવાનની રોજ વાતો કરતા આ ભાઇ ઘેર આવ્યા. નાહીને પવિત્ર થતા ત્યાં ઘણો ટાઇમ થઇ ગયો. મનમાં એમકે જલદી સ્વામી પાસે જાઉં અને ભગવાનની વાતો સાંભળું અને જવા લાગ્યા ત્યાં ઘરના મનુષ્યે કહ્યું, આ ચા પીતા જાઓ. સવારના ભૂખ્યા છો. તથા થોડો નાસ્તો પણ કરી લ્યો. આ સાંભળતાં જ જે સ્મશાનનો વૈરાગ્ય રૂપ વિચાર હતો. તે ઉતરી ગયો અને ચા-નાસ્તામાં બેસી ગયા. આ બાજુ સંતસમાગનનો ટાઇમ પણ પૂરો થઇ ગયો. તો આ ભાઇથી ઘર ત્યાગ તો શું પણ ચા પણ ન છૂટી કારણ તેલવાળું પાણી ફરી ભેગું થઇ ગયું. તો જ્યાં સુધી સંતોની વાતો તથા કથા-વાર્તા જીવમાં નહીં ઉતરે ત્યાં સુધી આવું રહે ત્યાં કહ્યું છે કે "માત, પિતા, યુવતી, સુત, બાંધવ, સંગ ચલત નહીં, કોઇ સમજ મન, હરિ ભજતાં સુખ હોય" માટે ખટકો રાખી જગતનું બધું નાશવંત જાણી સાંખ્ય વિચારને દ્રઢતા કરી લેવી અને તે સાંખ્ય વિચાર દ્રઢ થઇ જાશે તો ભજનનું સુખ પણ વિશેષ આવશે. માટે સાંખ્ય વિચારે કરી જગત ખોટું કરી ભગવાનમાં પ્રેમ કરવો એ જ ખરો લાભ છે માટે આપણે કાળજી રાખી ભજન કરી ચોખ્ખા થઈ જવું અને જો ચોખ્ખા હશો તો જ મહારાજના ધામમાં જવાશે ને ભગવાનની સેવામાં રહેવાશે.

ક્રિયા જે સેવા કરતા પહેલા તથા કરતી વખતે સૌ પ્રથમ એ વિચાર કરી લેવો કે આ ક્રિયા જે સેવા મારી મન ધારી છે કે ભગવાનની આજ્ઞાના પ્રમાણે છે. તો આપણે ભગવાનની આજ્ઞા પ્રમાણે દરેક કામ કરીએ તો આપણા ઉપર ભગવાન રાજી થાય

ને પોતાની મુર્તિનું સુખ આપે તો આપણે જેમ બને તેમ ભગવાન ભજવામાં બહુ જ કાળજી રાખવી ને દરેક ક્રિયામાં ભગવાનની મુર્તિની સ્મૃતિ રાખવી.

બીજુ શ્રી હરિ કહે, **"દાસના દાસ થઇ રહેશે જે સત્સંગમાં, ભક્તિ એની ભલી માનીશ, રાચીશ એના રંગમાં,"**

તે ક્રિયા જે સેવા પુરી થયા પછી નફા-નુકસાનનું નામુ માંડવું ને આ ક્રિયા જે સેવાથી મહારાજ તથા સંતો કેટલા રાજી થયા - ક્યાં ભૂલ થઇ તેની તપાસ કરી ભુલ હોય ત્યાં સુધારો કરી લેવો આ રીતે વિચારશોને તો આપણે ભગવાનની બરોબરીયાપણું નહીં રહે અને આગળ વધશો ને જેટલું ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તાય તેટલું નિર્વાસનીક ને જેટલું ભગવાનને આજ્ઞા પ્રમાણે ન વર્તાય તેટલું સવાસનીક કહેવાય માટે આપણે ભગવાનની આજ્ઞા પ્રમાણે બરાબર વર્તીએ તો સેવાની શુદ્ધતા કહેવાય ને આવી રીતે ન વર્તીએ તે બરાબર ન કહેવાય માટે આપણે બરાબર કાળજી રાખી ભગવાની આજ્ઞા પ્રમાણે બરાબર વર્તવુ.

બીજા શાસ્ત્રોમાં લખેલ છે કે, **આજ્ઞા - ઉપાસના વિના કોઇ મોક્ષ સબંધી કાર્ય સિદ્ધ થતું નથી.** તે આપણને મલ્યા છે જે શ્રી હરિ તે સર્વોપરી છે સદાસાકાર છે અને સર્વના કર્તા હતા પણ એજ છે. મારૂં, સારૂં કે ખરાબ ભગવાન સિવાય કોઇ કરવા સમર્થ નથી. મને સુખ કે દુઃખ આવે છે તેના પ્રેરનારા એ એક ભગવાન જ છે.ને ભગવાનના ભક્તને માય [illegible]ડી શકતી નથી તથા તેના ઉપર કાળ- કર્મનું જોર ચાલતું નથી. [illegible] ભક્તને જેટલું

સુખ આવે છે તેટલું આજ્ઞા પાળવાથી અને દુઃખ આવે છે તે આજ્ઞા લોપવાથી ને મને મળ્યા જે ભગવાન તથા આવા બ્રહ્મવેતા સંતો તે થકી જ મારો મોક્ષ થશે એમ નિશ્ચય રાખવોને હાથ-પગ કપાય તો વાંધો નહીં દેહ રહે, પણ જો ભગવાન તથા સંતોને જેવા છે તેવા સમજશું નહીં અને કોઇ પ્રાકૃત જેવું મનુષ્ય ચરિત્ર જોઇ દોષ લેશું તો ગળું કપાણું સમજવું. ને તે સત્સંગમાંથી પડી જાય છે. માટે આજ્ઞા ઉપાસના સમજીને દ્રઢ કરી રાખવી તથા આજ્ઞા માટે તો મહારાજે આપણા હાથમાં પોતાનું પ્રગટ સ્વરૂપ ચિંતામણી તુલ્ય-અમૂલ્ય શિક્ષાપત્રી આપી છે તથા તેમાં સ્પષ્ટ પણે કહેલ છે કે શ્લોક-૨૦૭ " તેમાં લખેલ છે કે જે બાઇ ભાઇ આ શિક્ષાપત્રી પ્રમાણે નહીં વર્તે તો અમારા સંપ્રદાય થકી બહાર છે એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી પુરુષોએ જાણવું" આપણે સર્વેએ આ બંને પાંખો પ્રમાણે રહી દેહના અંતે મહારાજ ભેળા રહી જવાય એ જ મોટો લાભ છે.

બીજુ **આપણે અંતરમાં હંમેશા ભગવાનની મૂર્તિ જ રાખવી.** બીજું કંઇ પેસવા દેવું નહીં અને અંતર ટાઢું રાખવું તે કેમ તો ભજન કરતાં કરતાં કોઇપણ ક્રિયા કરીએ તો અંતર ટાઢું જ રહે અને અંતરમાં ટાઢું જોઇ મોટા પુરુષો રાજી થાય છે તે ગ.મ.૪૮ના વચનામૃતમાં પ્રેમાનંદ સ્વામીએ વંદુના પદો મહારાજ સન્મુખ ગાયા, તેવી રીતે આપણે અંતરમાં ભજન કરતાં શીખવું તો તેણે કરી વિષયના રાગ ઓછા થઇ જશે. બીજુ એક ગામમાં સંતોની પધરામણી હતી ત્યારે કિર્તનો ગવાતા હતા. તેમાંથી એક કીર્તન, 'રે સગપણ હરિવર નું સાચું' એ ગવાતું હતું ત્યાં પાડોશમાં એક

નવાબ બની ગયા અને આજે પણ જુનાગઢમાં બહાઉદ્દીન કોલેજ તેના નામ ઉપર ચાલે છે. તો કોઇ નાની અમથી સેવા કરે તો મહારાજ તેની નોંધ રાખે અને " કોઇનો ભાર ન રાખે મુરારી". એ રીતે શ્રી હરિ તરત ફ્લ આપે છે.

બીજુ મનુષ્ય સુખી કે દુ:ખી થાય છે તેના માટે કોઇ બહારની પરિસ્થિતિ જવાબદાર નથી તે પોતે જ પોતાના વિચારો તથા વર્તન દ્વારા દુ:ખી થાય છે. સર્વ સુખનું મૂળ ભગવાન છે અને મને સર્વે સુખના નિધી શ્રી હરિ મળી ગયા છે. એમ સમજી ને આનંદમાં રહેવું. બીજુ જે માણસ આત્મસ્વરૂપે વર્તે તો સુખ દુ:ખ તેને દેખાય જ નહીં આવા મહારાજ તથા સંતો જીવના રૂડા સારૂં કેટલો દાખડો કરે છે તે દાખડા સામું આપણે જોવું.

બીજુ, **એક વખત મહાનુભાવાનંદ સ્વામી ગામડેથી આવી** મહારાજના ચરણસ્પર્શ કરવા ગયા. તો તત્કાલ મહારાજે ચરણ ખેંચી લીધા. ત્યારે મહાનુભાવાનંદ સ્વામી કહે મહારાજ અમે તમારી પ્રસન્નતા સારૂં માર સહન કર્યો, બહુ ગાળો ખાધી, અપમાન સહન કર્યા ને તમે અમારા દાખલા સામું જોતા નથી. તો મહારાજ કહે, આતો એવું છે કે કોઇ ચાકર તેના શેઠનું સામાન્ય કામ કરે અને તેના બદલામાં અડધો મણ સોનું માંગે તો કેવું કહેવાય ?

બીજુ **મહારાજ કહે, તમે અમારા દાખડા સામું તો જુઓ** અમે ઠેઠ ક્યાંથી તમ કારણે આવ્યા છીએ. માટે તમો સર્વે ભજન વિશેષ કરજો.

બીજુ, આ દેહ તથા દેહના સંબંધીમાં જેટલું હેત છે એટલું હેત

બાઇ રહેતા હતા તે સત્સંગી ન હતા ને ભગવાનને સમજતા ન હતા તેને આ કીર્તનનો રાગ તથા શબ્દો બહુ પસંદ પડ્યા અને યાદ રહી ગયા આખો દિવસ તે જ શબ્દોમાં આ કીર્તન ગાંયા કરે. તો તે બાઇનો અંતકાળ આવ્યો ત્યારે મહારાજ તે બાઇને તેડવા આવ્યા અને કહે તું હરિવર કહે છે તે હરિવર હું છું તો આ રીતે જાણે - અજાણે પણ જો શ્રી હરિનું નામ ઉચ્ચારીએ તો તેનું ફ્ળ મળે જ છે. ... બીજુ, મોટા સત્પુરુષની કૃપાથી બધું જ સિદ્ધ થઇ જાય છે અને તે સતપુરુષો ચાર પ્રકારના હોય એક દિવા જેવા, બીજા મશાલ જેવા, ત્રીજા વીજળી જેવા, ને ચોથા વડવાનલ અગ્ની જેમ એમ ઓળખી મોટા સત્પુરૂષનો સમાગમ કરવો તેથી આ જીવમાં આનંદ આવશે.

બીજુ એક વખત મહારાજના સંતો જંગલમાંથી પસાર થતાં હતા ઠંડી બહુ હતી અને એક સંતને થોડી ઠંડી વધુ લાગી, ત્યારે રસ્તામાં લાકડા વીણતો એક કઠીયાચે તથા તેના મા લાકડાની ભારી બાંધી ગામમાં જવાની તૈયાર કરતા હતાં. ત્યારે આ સંતે પેલા કઠિયારને કહ્યું કે અમારા સાધુ ઠંડીથી હેરાન થાય છે અને કદાચ માંદા પડશે. તો તમે થોડા લાકડાં આપો તો અમે તાપણી કરી સાધુને તપાવીએ. કઠિયારાની માએ આ સંતની વાત સાંભળી અને રાજી થઇને પોતાના દિકરાને કહ્યું કે ભાઇ, આતો અલ્લાહના ઓલિયા છે તેને કામ લાગે તેવા આપણા ભાગ્ય ક્યાંથી. લાકડાની ભારી આખી સંતો પાસે રાખી ને સંતોએ પણ તેને આશીર્વાદ આપ્યા કે તે અમારા સાધુની સેવા કરી તો આજથી તારા માથા ઉપર લાકડાની ભારી નહીં રહે તો આ રીતે કઠિયારામાંથી

જો ભગવાન તથા સાચા સત્પુરુષમાં થઇ જાય તો મોક્ષ સંબંધી કામ થઇ જાય.

બીજુ, **કસ્તુરી મૃગની નાભિમાં હોય છે** અને તેની સુગંધી ક્યાંથી આવે છે તેની મૃગને ખબર ન હતી. તે કસ્તુરીને પામવા આખા વનમાં તે મૃગ દોડે છે. તેવી જ રીતે આપણા જીવાત્માને વિષે અંર્તયામીરૂપે ભગવાન રહ્યા છે છતાં પણ તે સુખને પામવા આપણે બહારથી તે સુખ મેળવવા ઘણા પ્રયત્નો કરીએ છીએ. પણ આપણાને સાચુ સમજાશે ત્યારે એમ જણાશે કે આપણી પાસે જ છે જેથી તે સુખ આપણે નિત્યે ધ્યાન શ્રી હરિ નું કરવાનો અભ્યાસ કરવો તથા ભગવાનની મુર્તિની સ્મૃતિ રાખવી.

બીજુ, **આ મનુષ્ય દેહ પામીને ભગવાન ભજી લેવા** અને મોક્ષ સાધી લેવો એજ ખરો લાભ છે. બાકી, આ જગતની વસ્તુ તો સર્વે નાશવંત છે. અને આ જગતના સુખ નાશવંત છે તે કાંઇ ભેળા ચાલતા નથી. જેમ સંતો (સાધુ દીક્ષા પામીને) હરામના સમ ખાઇ બધું મૂકીને આવ્યા છે. તેમ એક વખત તમારે બધું મુકવું જ પડશે ને ? બહારથી ભલે સાધુ ન થાવ પણ અંતરથી તો બધાએ સાધુ થવું જ પડશે ત્યારે જ મહારાજનાં ધામમાં મહારાજ ભેળા બેસાશે તે સારૂં અત્યારથી સંતસમાગમ કરી ભગવાન ભજવાનો અભ્યાસ પાડશો તો થશે. બાકી તમે જાણો કે મોટા થશું, વૃદ્ધાવાસ્થા થશે પછી ભજન કરશું, અત્યારે શું ઉતાવળ છે. હમણાં તો મજા કરી લઇએ. તો આ દેહનો એક ઘડીનો પણ ભરોસો નથી. કાળ દરરોજ આંટા મારી તપાસ કરી જાય છે. જેમ માળી બાગમાં પાકેલા ફળની તપાસ કરતો રહે કે

ક્યું ફળ પાકેલ છે તે ઉતારી લઉં. તે રીતે કાળ પણ હંમેશા તપાસ કરતો રહે છે તે કઇ ઘડીએ લઇ જશે તેનું કોઇ નિમ નથી. તો ભગવાન ભજવાનું વાયદે રાખવા જેવું નથી અને અમારા ગુરુ કહેતા કે ઘડીમાં શું જોયું કે એક એક મીનીટ કરતાં જ કલાક થાય અને તે જ રીતે દિવસ-માસ- વર્ષો નીકળી જાય. તો એકપણ ઘડી વ્યર્થ બગાડવી નહીં અને આવા સંતો અને આવા ભગવાન મળવા તે મહા દુર્લભ છે એતો અનેક જન્મના પુણ્યનો ઉદય થાય છે ત્યારે જ સત્સંગ અને સાચા સંતોની ઓળખાણ થાય છે. જુઓ આજે આવા સ્ત્રી ધનના ત્યાગી સંતો મળ્યા અને આવા આપણને ગામ વચ્ચે ભગવાનના મંદિરો કરી આપ્યા, અન્ન વસ્ત્ર પણ મહારાજ સુખે આપે છે. કોઇ વાતની ખામી ભગવાને રહેવા દીધી નથી અને મહારાજ પૂછશે કે તમને રોટલા જમવા ન હોતા મળ્યા ? સાધુ ન હોતા મળ્યા ? તો આપણે શ્રી હરિને શું જવાબ આપશું ? ને જગતના જીવો બિચારાને આવો યોગ મળ્યો નથી.તે તો અભાગીયા જ છે પણ આપણને આવો યોગ મળ્યો સત્પુરૂષ મળ્યા છતાં જે ભજન કરી પોતાના જીવનનું કામ નથી કરી લેતો તે તો મહા અભાગીયો છે. માટે આપણે ભગવાન ભજવાનો ખટકો વિશેષ રાખવો.

બીજુ **અત્યારથી જ જો ભગવાનને ભજવાની ટેવ પાડશો** તો વૃદ્ધાવસ્થામાં સહેજે ભગવાન ભજાશે. અને જો આખી જિંદગી વ્યવહારિક કામમાં રચ્યાપચ્યા રહીએ તો પાછળથી બહુ આકરૂં પડશે. સંતો તમોને ભગવાન ભજવા માટે કંઇ સાધુ થઇ જવાનું કહેતા નથી એ તો વ્યવહારમાં રહીને પણ ભજન કરી શકાય છે.

પર્વતભાઇ, દાદોખાચર, ગોરધનભાઇ, મયારામ ભટ્ટ, આદિક બધા ગૃહસ્થો જ હતા ને છતાં તેમણે મહારાજને રાજી કરી લીધા, તેમ તમોએ વ્યવહારનું કામ કરતાં કરતાં મહારાજને સંભારવા. હાલતા, ચાલતાં, ખાતાં-પીતા, સુતા- બેસતા- ઉઠતા, સર્વે ક્રિયામાં મહારાજને સંભારવા અને આસ્તે આસ્તે ભગવાન ભજવાની ટેવ પાડશો તો જરૂર ટેવ પડી જશે. જરા પણ દાખડો કરવો નહીં પડે સહેજે સહેજે સાંભળ્યા જ કરશે

બીજુ **ભગવાન પોતાના ભક્તને જે ગર્વ આવે તો તે ચલાવી નથી લેતા** એ વાત ઉપર શાસ્ત્રમાં બ્રહ્માની વાત કરી કે મહારાજ પાસે બ્રહ્મા આવેલા અને તે બ્રહ્મા બોલ્યા કે મારાથી હવે કામ થતું નથી ત્યારે મહારાજે કહ્યું કે તમે આ કામ કરો છો તે બરાબર છે અને અમે તમારા પર રાજી છીએ. તો પણ બ્રહ્મા માન્યા નહીં તેથી ભગવાને ઘણા બ્રહ્મા બતાવ્યા તે બ્રહ્માનો મહારાજે ગર્વ ઉતાર્યો ત્યાં એક વાત છે કે ભગવાન શું જમે છે ? ભગવાન શું કરે છે? ભગવાન ક્યારે હસે છે ? તેના ઉત્તરમાં કે ભગવાન ગર્વ જમે છે. કોઇ ભક્તને અભિમાન આવે તો ભગવાન રહેવા દેતા નથી અને ભગવાન રાયને રંક અને રંકને રાય કરે છે. જ્યારે આપણે ગર્ભમાં હોઇએ ત્યારે ભગવાનની સ્તુતિ કરતા હોઇએ છીએ. કે હે મહારાજ આ પીડા સહન નથી થતી, આમાંથી છોડાવો, બહાર નીકળીને હું તમારૂં ભજન કરીશ, તમારી આજ્ઞા પાલન કરીશ એમ ભગવાનને કોલ આપે છે. પછી આ જીવ જગતમાં આવ્યા પછી બધુ ભૂલી જાય છે અને પંચવિષયમાં આસક્ત થઇ કાવાદાવામાં રચ્યો પચ્યો રહે છે અને

એક ક્ષણ પણ ભગવાનને યાદ કરતો નથી. આવી જીવની અળવાઇ જુએ છે ત્યારે ભગવાન હસે છે.

બીજુ ભગવાને લખ્યું કે જાણે **"આખા જગતને લઇ જાઇએ અમારે ધામ"**

"કેડે ન રાખીએ કોઇને એમ બોલીયા શ્રી ઘનશ્યામ"

મહારાજનો તો એવો આગ્રહ છે કે બધાને પોતાના ધામમાં લઇ જવા છે તો આપણે કાળજી રાખી ભજન કરીશું તો જરૂર ભગવાન ધામમાં લઇ જશે. બીજુ જેમ લુહાર હોય તો લોખંડના સળીયામાં સાંધો કરવા માટે બંને છેડાને લાલચોળ તપાસે છે તે તેથી તે સાંધો મળી જાય પણ એક છેડો ઠંઠો હોય બીજો તપે - તો સાંધો ન મળે. તેમ આપણો છેડો તપાવીશું તો સાંધો મળી જશે. અને તેમાં જો આપણે પ્રમાદ કરશું તો સાંધો મળશે નહીં. તો પછી એજ પાછા ચોર્યાશી ના ફેરામાં આપણે ફરવું પડશે બીજુ આ જીવ મરતો નથી અને દેહના તોટા નથી તેમ આપણા વગર ભગવાનના ધામમાં કંઇ અટકે એમ નથી કે આપણે ધામમાં જઇએ તો જ ત્યાં કામ થાય એમ નથી. એમ ચાલ્યા જ કરે છે. બીજુ આપણે જે કામ માટે આવ્યા છીએ તે કામ પૂરૂ કરી લેવું ને વળી નિરંતર એવો વિચાર કર્યા કરવો કે મહારાજે મને અહીં શા માટે મોકલ્યો છે ? મારે શું કામ કરવું છે ? અને તેમાંથી કેટલું કામ થયું અને કેટલું બાકી રહ્યું એ વિચાર કરવા, જેમ કોઇ ગુમાસ્તો પોતાના શેઠના બતાવ્યા પ્રમાણે બધુ કામ કરે તો ખુબ જ રાજીપો થાય તેમ આપણા શેઠ મહારાજ છે, તેની આજ્ઞાનું નિરંતર અનુસંધાન રાખશું તો મહારાજનો સર્વે પ્રકારે

આપણા ઉપર રાજીપો થશે અને અંતકાળે ભગવાન આપણને ધામમાં તેડી જાશે. બીજી સિંહ જેમ પોતાના પગલાંને પાછું વળી જો તો જાય તેમ નિરંતર આપણે પણ આપણા અંતર સામું જોયા કરવું અને તેમાં માયાંના વિકારો કેટલા ટળ્યા છે અને કેટલા ટાળવાના બાકી રહ્યા તે જોવું જેમ ડાહ્યો વાણિયો હોય તે નિત્યે નામું લખતો જાય તેમ આપણે પણ જો પોતાનું નામું રાખશું તો નફા-નુકસાનની ખબર પડશે. તે નામું તે શું તો જે હું સંત્સંગમાં આવ્યો ત્યારે કેવો હતો હવે કેવો છું, હજુ મારામાં કેટલી કાચપ છે તે વિચાર કરવો અને પોતાની કાચપ પોતા વડે ન ઓળખાય ત્યારે સત્પુરુષ કહે તેમ કરશું તો પણ કામ થઇ જશે.

બીજુ **નિત્ય બે વખતે ધ્યાન કરવું** તે સવારે ઉઠીને તથા રાત્રે સુતીવખતે મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું અને શ્વાસે શ્વાસે સ્વામિનારાયણ- સ્વામિનારાયણ એમ બે વખત બોલવું - ધીમેથી બોલવું અને પછી મહારાજની બહાર મૂર્તિ હોય તેવી જ અંતરમાં ધારવી અને તે મૂર્તિ ન ધરાય તો પણ કાયર થઇને ધ્યાનને પડતું મૂકવું નહીં અને આવા આગ્રહવાળા ભક્તને જરૂર ધ્યાન થશે અને વળી ધ્યાનમાં મહારાજ મટકા મારતાં હોય, ને હસતા હોય, બોલતા હોય, એવું ધ્યાન કરવું તથા ખુબ જ પ્રકાશની વચ્ચે મહારાજની મૂર્તિ ધારવી અને આવી રીતે ધીરે ધીરે અભ્યાસ કરવાથી મહારાજની મૂર્તિ સિદ્ધ થશે. અને માયાના વિકાર ટળતા જશે અને આપણો પણ ભજનભક્તિએ કરીને દિવ્ય દેહ બંધાતો જશે અને વાસના ટળતી જશે. અને કથામાં પણ ખટકો રાખીને આવી જવું. કથા એ જીવનો ખોરાક છે. જેમ અન્ન વિના

દેહ દુર્બળ થઇ જાય છે તેમ કથા વિના જીવ બળને પામતો નથી અને જેને કથાનો ખટકો ન હોય તેમની કોરની એમ અટકળ કરવી કે એમનામાં રૂડા ગુણ નહીં આવે અને આપણે કથામાં જઇને બેસીએ અને મંગલાચરણ થાય એટલે મહારાજ પણ સંતો સહિત સાક્ષાત પધારે છે. બીજુ કચ્છમાં સુખપરના હરિભક્ત હતા તેમની સ્થિતિ સારી હતી અને તે કથામાં બેસતા ત્યારે શ્રીજી મહારાજ સભામંડપની મૂર્તિમાંથી પ્રગટ થઇને તે ભક્તને દર્શન આપતા અને સારા સારા સંતો તથા હરિભક્તો હોય તેના ઉપર મહારાજ વ્હાલથી હાથ ફેરવતા તે દર્શન તે ભક્તને થયા માટે કથા સાંભળવામાં ખાસ ખટકો રાખવો. કોઇ કારણે ક્યારેક વ્યવહારિક કારણે ન અવાય તો વાંધો નહીં પણ ટાઇમ મળે એટલે ફરી શરૂ કરી દેવું. જેમ કોઇ રસ્તે ચાલતા કાદવમાં પડી જાય તો ફરી ઉઠી નાહી ધોઇને ચાલવા મંડવું પણ પડી ન રહેવું. તેમ ક્યારેક થોડા દિવસ સંજોગવસાત ન થાય તો વાંધોનહીં પણ ટાઇમ મળે પાછું શરૂ કરી દેવું.

બીજુ **શ્રધ્ધાવાળાને સાધનની વહેલી સમાપ્તિ થાય છે** અને મંદ શ્રધ્ધાવાળાને અનેક જન્મ થાય ને કહેતા વાર લાગે છે. જેમ કાશીએ જવું હોય અને રોજ વીસ-વીસ ગાઉ ચાલે તો તરત પહોંચી જવાય અને બબ્બે ડગલા ચાલે તો બહુ વાર લાગે માટે જેને મોક્ષનો ખપ હોય તેણે ખટકો રાખી ભજન ભક્તિ કરવાં.

બીજુ કચ્છમાં રામપર ગામમાં હરિભક્ત હતા તેને **કથાનો ખુબજ આગ્રહ હતો,** ક્યારેક કથામાં થોડા મોડા પહોંચે તો બહુ ઉતાવળા થઇ જાય અને કથામાં શું વાત આવી ગઇ. શું વંચાઇ

ગયું? હું રહી ગયો, એમ ધોખો કરતાં અને સારી સ્થિતિવાળા ભક્ત હતા તે એક દિવસ તેમની વાડીમાં ઘાસની ગંજીમાં આગલાગી ત્યારે સંતોને થયું કે આપણે તેને સાંત્વન આપી આવીએ એમ વિચારી સંતો તેમની વાડીએ ગયા અને કહ્યું, ભગત આ ઘાસ વગેરે બળી ગયું, તમને નુકસાન થયું, ખોટું થયું. ત્યારે ભગત કહે કે, હે સ્વામિ એવું કાંઇ બોલવાની જરૂર નથી, ચાલો, મંદિરે કથા વાર્તા કરીએ. હું તો આ સર્વેને બળેલું જ માનતો હતો. જુઓ આવી સ્થિતિવાળા ગૃહસ્થ ભગત હતા. એટલે એમણે કથા સાંભળીને જીવમાં ઉતારી હતી. ને મોટા સંતો અવાર નવાર કહેતાં કે કથા સાંભળી નાખી એટલે કે કથા સાંભળીને નાખી દેવી નહિં. પણ મનન કરી જીવમાં ઉતારવી. બાકી તો આંખો મીચીને બેસવાથી અને માળા ફેરવવાથી પણ જો ચિત્ત કથામાં ન હોય તો કંઇ જ લાભ થતો નથી તે ઉપર એક શેઠની વાત કરી કે એક શેઠ હતા તે દરરોજ કથા સાંભળવા નિયમિત આવે અને ખુબ જ ભાવથી કથા સાંભળવા નિયમિત આવે અને ખુબ જ ભાવથી કથા સાંભળતા હોય તેમ હોકારા, હરે, હરે, હરે એમ મોટેથી બોલે એક વખત એમના દિકરાએ કથા સાંભળવાની હઠ કરી તો સમજાવવા માટે પોતે પણ કથા સાંભળવા ગયા નહીં ત્યારે સંતોએ પૂછ્યું કે કેમ શેઠ દરરોજ નિયમિત કથામાં આવો છો ને હમણાં કેમ મોડું થાય છે અને કાલે તો કથામાં આવ્યા જ નહીં. ત્યારે શેઠ કહે, સ્વામી એ તો છોકરાએ કથામાં આવવાની હઠ લીધી હતી તેથી તેને સમજાવતાં મોડું થયું અને કાલે તેથી જ આવી શકેલ નહીં ત્યારે સંતોએ કહ્યું

કે એમાશું થઇ જાત, તમારા છોકરાને લાવવો જોઇએ ને એને પણ કથાના બે ચાર શબ્દો સંભળાય તો એનું પણ કલ્યાણ થાય ત્યારે શેઠ કહે, ના, ના સ્વામી, એ શું વાત કરો છો, એ તો હજુ બાળક છે તે તમારા શબ્દોથી રંગાઇ જાય તો વેપારનું કામ કોણ કરે ત્યારે સ્વામી કહે, આ શું કહો છો શેઠ તમે તો દરરોજ કથા સાંભળો છો, તે તમને હજુ કથાનો રંગ નથી લાગ્યો કે શું તો તે શેઠ બોલ્યા કે સ્વામી અમે તો હવે પાકા થયા, અમને એમ રંગ ન લાગે. એ તો મંદિરમાંથી અમે બહાર નીકળીએ ત્યારે કપડાં ખંખરી નાંખીએ. તે ભેળું એ બંધુ ખંખેરાઇ જાય જુઓ આપણે વિચાર કરીએ કે આ શેઠે કથા સાંભળી પણ સાંભળીને નાખી દીધી તો એવી કથા સાંભળવાથી કોઇ લાભ ન થાય માટે આપણે કથા સાંભળી જીવમાં ઉતારીયે ને તે પ્રમાણે વર્તીએ તો જ કથાનું ફળ મળે છે.

મહારાજે સ્વમુખે કહ્યું છે કે આ સભા તો બદ્રીકાશ્રમ, શ્વેતદ્વિપની સભાથી પણ અધિક છે અને અમે સર્વેને તેજોમય પ્રકાશે યુક્ત દેખીયે છીએ તો આવી સભામાં આપણાને બેસવા મળ્યું તે આપણા અહોભાગ્ય છે.

બીજુ, એક વખત એક હરિભક્તે ગોપાળાનંદ સ્વામિને પૂછ્યું કે **સ્વામી અમારુ સહેલામાં સહેલું કલ્યાણ થાય તે કહો ?** સ્વામી બોલ્યા કે શાસ્ત્રોમાં કલ્યાણના ઘણા પ્રકારો બતાવ્યા છે. વળી તે ભક્તે કહ્યું કે અમે દિવસ વ્યવહારિક કામમાં હોઇએ માટે અમને સહેલો ઉપાય કહો. ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા કે, 'જેવું તમારા દેહમાં હેત છે તેવું હેત ભગવાનમાં રાખજો અને

જેવું તમારા સગા સંબંધી ઉપર હેત છે તેવું હેત ભગવાનના સંતો ઉપર રાખજો અને જેવું તમારા તમને ઘર ઉપર હેત છે તેવું મંદિર ઉપર રાખજો. લ્યો જાયો આટલું કરશો તો તમારૂં કલ્યાણ થઇ જશે.''

આ વાત બોલવામાં તો સાવ સહેલી છે અને નાની છે પણ આચરણમાં મૂકવી બહુ કઠણ છે અને જો આચરણમાં આવી જાય તો તેના કલ્યાણમાં કાંઇ બાકી ન રહે. બીજુ એક ગામમાં મંદિર કરાવેલ હતું પણ હજુ ઉપર નળીયા ચડાવેલા ન હતા અને ત્યાં જ ચોમાસું આવી ગયું. જેથી મંદિરમાં સ્વામી હતા તે ચિંતા કરવા લાગ્યા અને બધા હરિભક્તોને વાત કરી કે નળિયા લઇ આવો તો સારૂ.

પણ તે ગામમાં તથા આજુ બાજુના ગામમાં નળીયા ન મળ્યા તેથી સ્વામી ચિંન્તા કરવા લાગ્યા કે વરસાદ પડશે તો ભીંતો બધી ધોવાઇ જશે અને મંદિર પડી જશે. તેવા સમયમાં બાજુના એક ગામથી હરિભક્ત દર્શને આવેલા તેમણે સ્વામીને કહ્યું કે કાંઇ મારા જેવું કામ હોય તો કહો સ્વામી કહે આ મંદિર તૈયાર થઇ ગયું છે પણ નળિયા મળતા નથી ત્યારે તે હરિભક્ત કહે કે સ્વામી નળિયાતો અમારા ગામમાં ઘણા મળે છે. તો ગાડા મોકલો તો ભરી આપું. તે હરિભક્તતો ગાડા જોડી પોતાને ગામ આવ્યા. અને આવીને સીધા પોતાના ઘર ઉપરથી નળિયા ઉતારીને ગાડામાં નાંખવા મંડ્યા ત્યારે સ્વામી કરે હાં, હાં, આ શું કરો છો તમારા ઘર ઉઘાડા થઇ જશે. ત્યારે હરિભક્તએ કહ્યું કે ઘર ઉઘાડા થઇ જશે તો ચાલશે, તેનો વાંધો નહીં પણ મંદિર ઢંકાઇ

જવું જોઇએ તેમ કહી ઘરના બધા નળિયા ઉતારી ગાડા ભરી નળીયા લઇ આવ્યાને તે નળિયાથી મંદિરને ઢાંકી દીધું તેથી તે સ્વામી રાજી થયા ને આર્શીવાદ આપ્યા કે તમે આવી સેવા કરી તો ભગવાન તમારા ઉપર બહુ જ રાજી થશે ને તમારો મોક્ષ કરશે ને પોતાના ધામમાં ભગવાન તમને સેવામાં રાખશે જુવો આ ભક્તે કેવી સારી સેવા કરી તેથી ભગવાન તથા સંતો રાજી થયા.

બીજુ એક વખત વ્યવહારિક કારણસર **લેતીદેતીમાં ભાઇઓને તકરાર થઇ** અને એકભાઇને બહુ ક્રોધ આવી ગયો. તેથી બાજુમાં કોસ પડેલી તે ઉપાડીને પોતાના ભાઇના માથા ઉપર મારી તેથી તેના ભાઇનું માથું ત્યાં જ ફાટી ગયું અને તેનો દેહ પડી ગયો. આ ભાઇઓ બ્રાહ્મણ હતા. ગામમાં આ વાતની ખબર પડતા ગામ આખું તેના ઉપર તિરસ્કાર કરવા લાગ્યું અને છેવટે નાતીલાઓ તથા ગામના લોકોએ મળી તેને ગામ બહાર તથા નાતબહાર કાઢી મુક્યો. જુઓ, ક્રોધનું કેટલું ખરાબ પરિણામ આવ્યું. ક્રોધ આવે ત્યારે ઘડીક ખમી જાવું. એમ સંતો અવારનવાર કહે છે અથવા મોઢેથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ નામ લેવું. તો ફેર પડી જાય. હવે આ ભાઇને તો ગામ બહાર મુકેલ એટલે તે તો બહાર પોતાની વાડી ઉપર જ રહેવા લાગ્યો અને ત્યાં જ ચંધતો અને જમતો. તેવામાં એકવખત કેટલાક સંતો આ ગામમાં ફરતાં - ફરતાં આવ્યા પણ બન્યું એવું કે ત્રણ ચાર દિવસ સુધી સંતો ગામમાં ભિક્ષા કરવા ગયા પણ કંઇ જ જમવાનું ન મળ્યું જેથી સંતો તો થાકી ગયા અને તરસ્યા પણ થયેલાં ત્યાં

સંતોને દૂરથી આ વાડી જોઇ એટલે સંતોએ વિચાર કર્યો કે સામે ખેતર લીલું દેખાય છે એટલે જરૂર ત્યાં પાણી હશે એમ વિચારી સંતો ત્યાં પહોંચ્યા. ભુખ અને થાક ને લઇને સંતો થાકી ગયા હતા. આ બ્રાહ્મણ વાડીમાં રહેતો હતો તેણે જોયું કે મારી વાડીમાં સાધુઓ આવ્યા છે પણ હું તો બહુ પાપી છું. મારાથી અન્ન-જળ-સંતોને કેમ અપાય. એક તો આ પાપનું ફળ ભોગવું છું. ત્યાં બીજું નવું પાપ ક્યાં કરૂં. આમ વિચાર કરતો હતો ત્યાં સંતો સામે જોયું ત્યારે વિચાર કરવા લાગ્યો કે પાપ થશે તો ભોગવું છું તેમ બીજું પણ ભોગવી લઇશ પણ સંતોને પાણી તો પીવરાવવું ને જમાડુ આમ વિચારી તે તરત સંતો પાસે ગયો અને કુવામાંથી પાણી કાઢી સંતો ઉપર છાંટ્યું અને બીજું પાણી ગાળીને સંતોને પાયું તેથી સંતો જરા ટેકામાં આવ્યા પછી તે બ્રાહ્મણે પોતા પાસે જે સીધું - સામાન સંતોને આપ્યા અને સંતોએ પણ નાહીધોઇ-ઠાકોરજીનો થાળ કરી ઠાકોર જમાડ્યાને સંતો રાજી થયા પછી જતી વખતે સંતોએ કહ્યું કે તમે તો આજ અમારી બહુ જ સેવા કરી, ચાલો, અમે વડતાલ મહારાજના દર્શને જઇએ છીએ તો તમને પણ લઇ જઇએ ત્યારે તેણે પોતાની બધી વાત કરી અને કહ્યું, સ્વામી હું તો ખુબ જ પાપી છું. મને ભગવાનના દર્શન ક્યાંથી થાય. એમ કહી પસ્તાવા લાગ્યો. ત્યારે સ્વામીએ તો પોતાના કમંડળમાંથી જળની અંજલી ભરી તેના ઉપર છાંટી કહ્યું કે જાવ, તમારા અત્યાર સુધીના બધા પાપ માફ. તેનો નાશ થઇ ગયો. અને પછી પોતાની સાથે વડતાલ તેડી ગયા. વડતાલમાં શ્રીજી મહારાજ દિવ્ય શોભાએ યુક્ત હરિભક્તોની સભા વચ્ચે

વિરાજમાન હતા. ત્યાં સંતો ગયા અને આ ભાઇએ તો જેવા મહારાજના દર્શન કર્યા કે તરત જેમ ચમકપાણને જોઇને લોઢું ખેંચાઇ જાય તેમ આની ચિત્તની વૃત્તિ મહારાજની મૂર્તિમાં તણાઇ ગઇ અને ધબ લઇને નીચે પડી ગયો. તે સભામાં બેઠેલા હરિભક્તે કહ્યું કે હે મહારાજ, પાપી જીવને સમાધી કેમ થતી હશે ? ત્યારે મહારાજે કહ્યું કે તમે જેને પાપી જાણો છો, તે પાપી નથી અને ધર્મી જાણો છો તે ધર્મી નથી. આ વાત વડતાલના વચનામૃતમાં લખેલ છે. જેણે ઘણાંક પાપ કર્યા હોઈ પણ ભગવાન કે ભગવાનના સંતો રાજી થાયે તો તેના બધા પાપ બળી જાયે ને શુદ્ધ થાયે ને સુખી થાયે.

બીજુ મહારાજની મૂર્તિનું સુખ અને **મહારાજના ધામમાં જેવું સુખ છે તેવું બીજે ક્યાંય નથી**. ને પંચવિષયોના સુખ તો તેની આગળ અતિ તુચ્છ છે. જેમ વનસ્પતિ - વૃક્ષ - વેલી આદિ માં સુખ છે તેના કરતાં કીડામાં સુખ છે. તેના કરતાં મનુષ્યમાં સુખ છે, તેના કરતાં રાજામાં સુખ છે, તેના કરતાં ચક્વતિ રાજામાં સુખ છે, તેના કરતાં દેવતામાં સુખ છે, તેના કરતાં ઇન્દ્રમાં સુખ છે, તેના કરતાં બૃહસ્પતિમાં સુખ છે, તેના કરતાં બ્રહ્માદીક તે ઇશ્વરમાં છે, તેના કરતાં વિરાટ પુરુષનું સુખ અધિક છે તે સર્વે થકી ભગવાનના અક્ષરધામમાં જે ભગવાનની મુર્તિનું સુખ અધિક છે તે મુર્તિના સુખમાં દ્રષ્ટિ પહોંચી જાય ત્યારે આલોકના પંચવિષયના સુખ તુચ્છ લાગે બીજુ એક માણસને રસ્તે ચાલતાં હીરો મળ્યો તે હીરાની કિંમતની તેને ખબર નહીં. તે લઇને ચાલ્યો. રસ્તામાં મોટું શહેર આવ્યું ત્યાં તેની કિંમત કરાવી, તો

તે હીરાની એક લાખ રૂપિયા કિંમત થઇ ત્યારે તેને તે હીરામાં ખુબ જ માલ મનાણો. ને ઘણું જ જતન કરી સાચવીને ચાલ્યો. ચાલતાં ચાલતાં તેને તરસ લાગી આજુબાજુ કુવો શોધ તો હતો તેને કુવો મળી ગયો કુવામાં દોરી લોટી લઇ નીચો નમી પાણી સિંચતો હતો. પણ તેના ખીચામાં હીરો હતો તે કુવામાં પડી ગયો તેથી તે બહુ ચિંતા કરવા લાગ્યો ને બહુ ઉદાસ થઇ બેઠો હતો. ત્યાંથી એક સંન્યાસી ચાલ્યા જતાં હતાં. તે સંન્યાસીએ આને પુછ્યું કે તમો આટલા ઉદાસ કેમ જણાયો છો ત્યારે તે સંન્યાસીને આ હીરાની બધી વાત કરી તે સંભાળીને સંન્યાસીએ કહ્યું કે તું મારી સાથે ચાલ તને બીજા હીરા બતાવીશ એમ કહી બંને ચાલ્યા, ખુબજ દુર પર્વતોની હારમાળાઓની અંદર એક ગુફામાં સંન્યાસીનો આશ્રમ હતો. ત્યાં બંને પહોંચ્યા. ત્યારે પેલા વટેમાર્ગુએ સંતને કહ્યું કે આટલે દૂર આવ્યા છીએ હવે મને તરસ ખુબ જ લાગી છે, તો જળ બતાવો ત્યારે સંન્યાસીએ એક પાણીનો ઝરો બતાવ્યો અને કહ્યું ત્યાંથી પાણી પી લેજો અને મારા માટે પણ પાણી લાવજો. વટે માર્ગુ તો ત્યાં ગયો, ખૂબ પાણી પીધું, મીઠું મધુર અને ઠંડુ પાણી પીવાથી તેને ખુબજ શાંતી થઇ, ઝરણું નિર્મળ હોતા તળીયે જગ્ગારા મારતી વસ્તુઓ દેખાતી હતી તેણે વસ્તુઓ ખોબો ભરીને ઉપાડી અને જોયું તો બધા જ સાચા હીરા. તેનો તો એક હીરો હતો. તેનાથી ઘણાજ મુલ્યવાન હીરા જોયા અને ખોબો ભરી લઇને તે તો તરત સંન્યાસી પાસે આવ્યો. સંન્યાસીએ પૂછ્યું, બેટા આ શું છે. તો વટેમાર્ગુ કહ્યું કે આ હીરા છે ત્યારે સંતે કહ્યું એ તારા હીરા તું રાખ. વેટમાર્ગુ તો

ખુબજ રાજી થયો. થોડા દિવસ પછી સંતે કહ્યું કે ચાલ આગળ જઇએ. બંને ખુબજ દૂર પર્વતની હારમાળાઓ ઓળંગી દુર દુર ચાલ્યા ગયા ત્યારે ખૂબજ ઝગારા મારતી જમીન આવી. વટેમાર્ગે તો ખુબજ અંજાઇ ગયો અને નીચે જુએ તો જેમ નદીની રેતીમાં કાંકરા હોય તેમ સર્વે ભૂમિ ઉપર હીરાના કટકા રખડતા પડેલા. તે તો આભો જ બની ગયો અને સંન્યાસી ને પૂછ્યું કે આટલા બધા હીરા ? સંન્યાસી કહે, બેટા, આ હીરાની ભૂમિ છે. આના માલિક તારે બનવું હોય તો તને બનાવી દઉં. આ બધા હીરા તારાં આટલા બધા હીરા જોઇ વટેમાર્ગુને પહેલો રસ્તામાંથી મળેલ હીરો યાદ આવતો જ નોતો. અને તેને ખોવાયાનું દુ:ખ પણ ભૂલી ગયો. કારણ કે તેથી વધુ કિંમતી, વધુ માલવાળી વસ્તુ તેને મળી એટલે પહેલાનો વૈભવ તેને તુચ્છ લાગ્યો અને તે વટે માર્ગુએ આ સંન્યાસીને પુછ્યું કે આટલા બધા હીરા ક્યાંથી આવ્યા સંન્યાસીએ વાત કરી કે આ હીરા તો જે ભગવાનનું ભજન ધ્યાન જે કરે તેને આવા હીરા વાળી અનેક ગણી પૃથ્વી મળે છે તે વાત જાણી આ વટેમાર્ગુ બોલ્યો ઓ હો હો સ્વામી આવું ભગવાનની મુર્તિમાં સુખ છે. સંન્યાસી બોલ્યા હા ભાઇ ભગવાનનું ધ્યાન ભજન જે કરે તેને આવા અનેક સુખો મળે છે. વળી વટેમાર્ગુ બોલ્યો ઓ હો હો સ્વામી આવુ ભગવાનમાં સુખ છે. હું પણ આવું ધ્યાન ભજન કરુ તો મને પણ ભગવાનની મૂર્તિનું સુખ મળે સંન્યાસી બોલ્યા હા ભાઇ, જે ભગવાનનું ધ્યાન ભજન કરે તે સર્વે ને મળે છે. તે વટેમાર્ગુએ સર્વે હીરા આદિનો ત્યાગ કરી તે પણ તે સંન્યાસી પાસે ત્યાગી થઇને રહ્યો

ને તેણે ભગવાનની મુર્તિનું ધ્યાન ભજન કરીને ખુબજ સુખીયો થયો બીજુ નોકર, વણિક અને ચોરએ ત્રણે ધન માટે ખુબ જ મહેનત કરે છે.

નોકરનું શેઠ ગમે તેટલું અપમાન કરે પણ તેની નજર તેના પગાર પર હોય કે જો કામ કર્યે જાઇશ તો આટલા રૂપિયા મળશે. જેથી તેને ધનમાં એવો માલ મનાઇ ગયો છે કે ગમે તેટલા અપમાન થાય તો સહન કરી લે છે. ચોર પણ ચોરી કરવા જાય ત્યારે ક્યારેક ઘણું ધન ભેગું કરી આવે અને ક્યારેક ફાંસીએ પણ ચડાવે અને જીવ જાય આવી હાલત તેની બીજા ચોર જોવે તો પણ બીજા ચોર પોતાનો ધંધો છોડતા નથી. તે જ રીતે વણિક વ્હેપાર કરે. તેમાં તેને ઘણા કષ્ટ સહેવવા પડે ગ્રાહકના કડવા વેણ સહન કરવા પડે મોટા ઓફિસર વઢે તો પણ તે સાંભળી લેવા પડેને વેપારમાં રાત-દિવસ જોયા વગર મહેનત કર્યે જાય પરદેશ જાય, ત્યાં ખાવા -પીવાનાં કંઇ ઠેકાણા ન હોય તે બધું દુઃખ સહન કરે કારણ તેને ધનમાં માલ મનાઇ ગયો છે. બીજુ એક હરિભક્તને પરદેશ આફ્રિકા જવાનું થતાં મંદિરે મોટા સંતોની રજા લેવા આવ્યા અને સંતોને કહે અમારે આફ્રિકા જવું છે. જેની બધી તૈયારી કરીને આવેલ છીએ. જવાની રજા આપો ત્યારે મોટા સંતોએ કહ્યું કે ભગત, હાલ ન જાવ તો સારૂં અત્યારે દેશ કાળ ખરાબ છે, લડાઇ વગેરે ચાલે છે. હરિભક્ત કહે સ્વામી, આફ્રિકામાં કમાણી બહુ જ સારી છે અને અમે પણ પૂરતી તૈયારી કરી રજા લેવા આવ્યા છીએ. ને રજા આપો તો સારૂં એમ બહુ આગ્રહ કર્યો ત્યારે સ્વામી કહે ભલે,

તમારી બહુ ઇચ્છા છે તો જાવ, ભગવાન ભજવાનો ખટકો રાખજો. ત્યારબાદ તે સર્વે હરિભક્તો સ્ટીંમ્બરમાં બેસી રવાના થયા. ચાર-પાંચ દિવસ તો બરાબર શાંતિથી ગયા. ત્યારબાદ મધદરિયે સ્ટીંમ્બર આવી ત્યારે દુશ્મનોએ ટોરપીડવીથી કહેતા તોડવાના હથીયારથી તે સ્ટીંમ્બર તોડી નાંખી. મુસાફરોમાં ખુબજ ગભરાટ થઇ ગયો.સ્ટીંમ્બરના કપ્તાનોએ દરેકને ડૌયા બંધાવ્યા અને પોત પોતાના ઇષ્ટદેવને સંભારી દરિયામાં કુદી પડવાનું કહ્યું અને એમ પણ કહ્યું કે દરિયામાં કુદી તરત એક માઇલ દૂર નીકળી જજો. નહિતર સ્ટીંમ્બર ડુબશે ત્યારે પાણીમાં મોટો ખાડો થશે. તેમાં નજીક હશે તે તણાઇને ડુબી જશે. તેમાં કેટલાક તો કૂદીને દૂર નીકળી ગયા અને જે ન ઉતર્યા તે સ્ટીંમ્બર સાથે ડુબી ગયા. જે લોકો દૂર નીકળી ગયા તે ઘરે પાછા આવી સ્વામીને વાત કરી કે ઓ હો હો સ્વામી દુઃખની તો શું વાત કરીએ. ત્રણ દિવસ અને ત્રણ રાત દરિયામાં ખાધા-પીધા વગર તરતા રહ્યા કઇ ઘડીએ જીવ જશે તે ભરોસો નહોતો. માછલા વગેરે જીવ જંતુએ આખે શરીરે ફોલી ખાધેલ. વળી પાણીથી પણ શરીર ફુલાઇ ગયેલ. ચોથે દિવસે હેલીકોપ્ટર આવ્યા, તે અમને ગોતીને બહાર કાઢ્યા અને પછી કેટલાક દિવસ હોસ્પિટલમાં રહેલ ત્યારે ઘરભેગા થયા. સ્વામી કહે, હવે કેમ કરશો. તો તે હરિભક્તો કહે સ્વામી, હવે તો સમખાઇ લીધા છે. ઘેર ગામમા જ અડધો રોટલો મળશે તો અડધો ખાઇ ભગવાન ભજીશું પણ બહાર ક્યાંરેય નહીં જઇએ.

એ વાતને અમુક વખત વર્ષ વીતી ગયા. પછી દેશકાળ

પરદેશમાં સુધર્યા અને ફરી બધા લોકો દેશાવર જવા લાગ્યા પેલા હરિભક્તો મંદિરે આવ્યા અને સ્વામિના દર્શન કરી. આફ્રિકા જવા રજા માગી સ્વામીને તો ખુબ નવાઇ લાગી. સ્વામી કહે, ભગત આશું કહો છો ? તમને કેટલા મોટા કષ્ટ પડ્યા, તમે જીવો ત્યાં સુધીન જવાના સમ ખાધા હતા. ને ફરી જવા તૈયાર છો તો તે કહે, સ્વામી, એ બધી વાત સાચી પણ દર વખતે કાંઇ થોડી સ્ટીંમ્બરો ડુબે છે, ત્યાં ખુબ જ લાભ છે ને ઘણા રૂપિયા માણસો કમાય છે. જેથી જવા માટે આવ્યા છીએ. આ દ્રષ્ટાંત આપી સ્વામિએ વાત કરી કે જુઓ, જીવને જે વાતમાં માલ મનાઇ જાય તે વાત સિદ્ધ કરતાં જીવ જાય તો ભલે જાય પણ મુકે નહીં. ગમે તેટલા અપમાન થાય, કષ્ટ પડે, પણ મંડ્યો જ રહે, તેમ આપણને જો ભગવાન ભજવામાં માલ મનાઇ જાયે તો કોઇનો અભાવ અવગુણ ન આવે ને ભગવાન ભજવામાં કાળજી રાખે.

બીજુ જેને **ભગવાન ભજવા હોય તેને તલવારની ધાર ઉપર ચાલવાના જેવી તૈયારી રાખવી** જોઇએ ને કર્તાહર્તા ભગવાનને જાણી ભગવાનનુ ભજન કરીયે તો ભગવાન ભક્તની જરૂર રક્ષા કરે છે ને કરશે જ.

બીજુ **કરોડ કામ મુકી ભજન કરવું** તથા કરોડ વાતની એક વાત કે નિવાર્સનીક થાવું અને ભગવાનમાં જોડાવું તે નિવાર્સનીક ક્યારે થવાશે તો જો નિત્ય અભ્યાસ હશે તો થશે બાકી તમે જાણો કે ભગવાન અધમ ઉદ્ધારણ છે તે પુરુ કરાવશે તો એ રીતે મહાત્મયની ઓથ લઇ ઢીલા પડવું નહીં ને હંમેશાં ભગવાન

ભજવામાં કાળજી રાખવી. તે કાળજી રાખી ભગવાનનું ભજન કરીશું તો જરૂર ભગવાન સારૂ કરશે.

બીજુ **સંત હરિભક્તોનો ક્યારેય અવગુણ ન લેવો.** કેમ કે અવગુણ લઈયે તો આપણે મોક્ષ બગડી જાયે.

બીજુ **અંતકાળ બહુ વિષમ હોય** પણ ભગવાનના ભક્તને તો જેમ માખણાંથી વાળ સહેલાઇથી નીકળે તેમ આ દેહમાંથી જીવ નોખો પડી દિવ્ય દેહે ભગવાનના ધામમાં જાય. બીજુ અંતરમાં શાંતી કેમ થાયે તેના ઉત્તરમાં કે ભગવાનના લીલા ચરિત્ર સંભાળવાથી શાંતી થાયે છે.

બીજુ બે હરિભક્તો કે બે સારા સંતો સાથે જીવ જોડી દેવો જેથી દેશકાળે કરીને સત્સંગમાંથી પાછો ન પડે.

બીજુ ભગવાન ભજવાનો **આવો અલૌકીક સત્સંગ ને યોગ** મળ્યો ને આવા યોગમાં રહીને જો ભગવાનનું ભજન બરાબર ન કરે તે મુર્ખ કહેવાય માટે આપણે કાળજી રાખીને ભજન કરવું.

બીજુ **સંતોએ મહારાજની હ્યાતુનું એક દ્રષ્ટાંત આપ્યું** કે મહારાજ એક વખત કોઇ એક ગામ બજારમાંથી સંતો હરિભક્તો સાથે ચાલતા જતા હતા. તે વખતે રસ્તામાંથી એક ફાટેલ કપડાં વાળો માણસ નાળિયેરનાં કાચલામાંથી અને દાતણની છડી અને દોરડાથી જેવો તેવો જોખવા માટેનો તે જમાનાનો કાંટો બનાવી એક બાજુ પથરા, બીજી બાજુ ધૂળ મૂકીને બોલ્યા કરે. લ્યો ભાઇ એલચી, લ્યો ભાઇ લવિંગ, મહારાજે પૂછ્યું. આ શું કરે છે ? ત્યારે ગામના માણસે જવાબ આપ્યો કે મહારાજ આ માણસ તો

આપવા માટે માટે જતા હતા. રસ્તામાં માર્ગ ભૂલ્યા અને કોઇ જગતના બાવા જે મઠ કરીને બેઠા હોય ત્યાં જઇ ચડ્યા. અને પોતાને જે ગામ જવું હતું તેનો રસ્તો પૂછ્યો. ત્યારે બાવાઓ તો રાજી થયા. આદરથી વિશ્વાસ બેસાડી સંતોને મઠમાં લઇ આવ્યા. ને પછી ચાર-પાંચ જણાએ બંને સંતોને પકડીને થાંભલા સાથે બાંધ્યાને વગર ગુને ખુબ જ કોરડા મારવા માંડ્યા તથા ગાળો આપી કહેવા લાગ્યા કે આજ ઠીક લાગમાં આવ્યા છે, તમારા તો નાક-કાન કાપવા જ છે. એમ કહી એક બાવો છરો લઇ આવ્યો તથા તેની ધાર ઘસવા લાગ્યો ત્યારે બ્રહ્માનંદ સ્વામી અકળાઇ ગયા. સંતો મહારાજનું ભજન કરતા હતા છતાં બ્રહ્માનંદ સ્વામી કહે સ્વામી હવે કેમ થશે ત્યારે મુક્તાનંદ સ્વામીએ જવાબ આપ્યો, આપણને જે મળ્યા છે તે મહારાજ અનેક કોટિ બ્રહ્માંડોના અધિપતી છે તથા તેનું ધાર્યું જ દરેક જગ્યાએ થાય છે કર્તા- હર્તા પણ મહારાજ જ છે માટે કંઇ ચિંતા કે બીક જેવું આપણે શા માટે રાખવું આટલું બોલ્યા ત્યાં તો રાઘવ નામનો જત સત્સંગના ગુણભાવ વાળો એકદમ બળવાળો માણસ મઠમાં પાણીપીવા આવેલ તેણે આ બધી ધમાલ જોઇ અને બાવાઓને પૂછ્યું કે અમારા સંતોને કેમ બાંધ્યા છે. બાવાઓ તેને પણ બાંધવા જતા હતા. તરત આ ભગતે તલવાર કાઢી બાવાઓને મારી ઘાયલ કર્યા. સંતોના દોરડા તોડી બધા વચ્ચેથી બહાર લઇ ગયા ને યોગ્ય જગ્યાએ રખેવાળ તરીકે ભેળો જઇ મુકી આવ્યો ત્યારે મુક્તાનંદ સ્વામી બ્રહ્માનંદ સ્વામીને કહે જુઓ મહારાજ પોતાના ભક્તની કેવી રક્ષા કરે છે. તે સાંભળી બ્રહ્માનંદ સ્વામી રાજી

ગાંડા જેવો છે પહેલા બહુ મોટો નગરશેઠ હતો અને કમાશેઠ તરીકે તેની દેશ-પરદેશમાં હૂંડીઓ ચાલતી. નસીબજોગે વૃતિ ફરી જેથી વેપારમાં ખોટ આવી બધુ પડી ભાંગ્યુ સગાસંબંધી કોઇ કામ ન આવ્યા બધા મુકીને જતા રહ્યા જેથી તેનું મગજ ફરી ગયું છે અને ગાંડો થઇ ગયો છે. એલચી લવિંગનો વેપારી તે સંસ્કાર કાયમ રહેતા હવે આ રીતે વેપાર કરે છે. ત્યારે મહારાજે હરિભક્તોની સામું જોઇને કહ્યું કે જે ભગવાન ન ભજે તે અમને બધા કમા ગાંડા જેવા જ લાગે માટે આપણે કાળજી રાખી ભજન કરી લેવું, કમા જેવા ગાંડા ન થવું.

બીજુ **શાસ્ત્રોમાં કહેલ છે કે ગુરુ કરવા તો જ્ઞાની કરવા** સત અસતને જોઇ સારા શુભ લક્ષણે યુક્ત હોય તેવા ગુરુ કરવા પણ નિયમો ન પાડતાં હોય તેવા ગુરુ કરવા નહીં. બીજુ કોઇ સંતો હરિભક્તો નો અવગુણ લેવો નહીં. યુધિષ્ઠીર રાજાને કોઇ ખરાબ માણસ ન દેખાયો માટે આપણે દરેકમાંથી ગુણ લેવો અને સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય દ્રઢ રાખવો સ્વામિનારાયણ ભગવાન સર્વોપરિ છે ત્યાં દ્રષ્ટાંત આપ્યું કે આપણે એક વાર લીમડાનું ઝાડ જોયું અને થયું કે આ લીમડાનું ઝાડ છે તેને બીજા ગમે તેમ કહે કે આ લીમડો નથી તો પણ આપણાને લીમડો જ છે. તેમ આપણે આપણા સ્વામિનારાયણ ભગવાનને વિશે જ સર્વોપરિ ભગવાન માનવા તો તે પાકો ભક્ત કહેવાય. માટે આપણે એ નિશ્ચય ક્યારેય ફરવા દેવો નહીં.

બીજુ એક વખત મુક્તાનંદ સ્વામિ તથા બ્રહ્માનંદ સ્વામી એક ગામથી બીજે ગામ મહારાજની આજ્ઞાથી હરિભક્તોને ઉપદેશ

થયા એમ ભગવાન ભક્તની રક્ષા કરે છે.

બીજુ **જગતના જીવો બિચારને જમવા ન મળે**, કપડા ન મળે તેથી દુઃખી થાય ને વળી ક્યારેય ઘણા રૂપિયા મળી જાય તો ફેલ ફતુર કરે ને વ્યસન વિકારમાં પડી જાયે તો દુઃખી ત્યારે સુખી કોણ તો ભગવાનું ભજન કરે ને સુખ માટે હંમેશા સંતનો સમાગમ કરે ને સંતોની કૃપા થાયે તો જ સદાય સુખી રહે તો આપણ ને આવા ભગવાન મળ્યા છે આવા સંતો મળ્યા છે તે તેમની અનુવૃત્તિમાં રહીએ ને તેમની આજ્ઞા બરાબર પાલન કરીએ તો જ આપણો મોક્ષ થાય બીજુ આણદજી સંઘાડીયા હરિભક્ત હતા પણ આગલા જન્મના અશુભ સંસ્કારથી તેની વ્યવહારે સ્થિતી નબળી હતી ને જારના રોટલા માંડ માંડ જમવા મળતા હતા. તેથી તેમની ઇચ્છા થઇ કે મુંબઇમાં માણસો કમાવા જાય છે ને ત્યાં સારું કમાય છે તેથી હું પણ મુંબઇ જઇ ને સારી કમાણી કરી આવું. ને સુખી થાવ એમ વિચારી મહારાજ પાસે આવ્યા. મહારાજ કહે, મને આજ્ઞા આપો તો મુંબઇ કમાવા જાઉં મહારાજ કહે આજે રોકાવ કાલે જજો બીજે દિવસ મહારાજની રજા લઇ મુંબઇ જવા રવાના થયા થોડું ચાલ્યા ત્યાં એક ગરીબ માણસ ચાલ્યો જતો હતો. તે ચાલતા થોડો થાંક્યો એટલે રસ્તામાં થોડીવાર એ માણસ ઉભો રહ્યો. તેને બીજાયે પૂછ્યું કે તમો કોણ છો ? ત્યારે તે બોલ્યો કે હું આણંદજી સંઘાડીયાનું પ્રારબ્ધ છું ને ભગવાનની આજ્ઞાથી હું મુંબઇ જાઉ છું કેમ કે આણદજી સંઘાડીના પ્રારબ્ધમાં જારના રોટલા જમવાનું છે તેથી મુંબઇમાં જલ્દી જાર ન મળે એટલે ભગવાનની આજ્ઞાથી મુંબઇ જઇને તે આણંદજી

સંઘાડીયાને જલ્દી જાર મળી જાયે એટલે હું મુંબઇ જાઉ છું. આ વાત જાણી આણદજી સંઘાડીયાએ વિચાર કર્યો હું મુંબઇ જઇશ,તો ત્યાં પણ જારના રોટલા મળશે તો મારે મુંબઇ નથી જાઉં ને આણંદજી સંઘાડીયા મહારાજને વિનયથી બોલ્યા કૃપાનાથ મારે ક્યાંય જવું નથી. આપ કહેશો તેમ હું કરીશ પછી મહારાજ તેની ઉપર રાજી થયા ને આણદજી સંઘાડીને મહારાજે સુખીયા કર્યા અને સુખેથી અન્ન - જળ મળ્યું અને તેણે ખુબજ ભજન કર્યું. બીજુ આપણાને આવો દિવ્ય સત્સંગનો યોગ મળ્યો તો આપણા સ્વભાવ-પ્રકૃતિ વાસના ટાળીને દિન-દિન પ્રત્યે ભગવાનની મુર્તિમાં વિશેષ હેત કરવું ને મોટા સંત્પુરુષોનો સમાગમ કરવો. મોટા સત્પુરૂષોનો જરા અવગુણ ન લેવો. ને ભગવાનના ભક્તના દાસના દાસ થઇને રહેવું.

બીજુ એક વખતે મહારાજ સભા ભરીને બિરાજમાન હતાં ત્યાં ખંભાતના **હરિભક્ત સુતરફેણીની માટલી ભરીને લાવ્યા**ને મહારાજ પાસે મુકી ત્યાં ગોરધનભાઇ નાહ્યા વિના દર્શન કરવા આવેલા તે ગોરધનભાઇને મહારાજે કહ્યું કે આ સુતરફેણી ભગવાનને જમાડો એમ મહારાજે કહ્યું એટલે ગોરધનભાઈ ત્યાં બેસી માટલીમાંથી સુતરફેણી કાઢીને ભગવાનની મુર્તિ અંતરમાં ધારી જમવા મંડ્યા તે જમતા જાયે મહારાજને પુછતાં જાયે કે મહારાજ જમશો? એમ કરતા બે ત્રણ માટલી સુતરફેણી જમી ગયા પછી મહારાજે તે ગોરધનભાઇને કહ્યું કે તમે આ સુતરફેણી જમો ને, ત્યારે ગોરધનભાઇ બોલ્યા કહે મહારાજ હું તો હજુ નાહીશ પૂજા કરી પછે જમાયના, ત્યારે મહારાજ કહે હવે રહેવા

દો, તરત ઉભા થયા. ત્યારે મહારાજ કહે તમો થોડી જમો ત્યારે ગોરધનભાઇ કહે મહારાજ, મેં તો હજુ દાતણ ક્યાં કર્યું છે ? દેહ ક્રિયા પૂજા બધું જ બાકી છે. આ વાત આવેલા હરિભક્તોને સમજાણી નહીં ને સંસય થયો અને મોટા સંતપાસેથી તે સંશયનો ખુલાસો કરાવ્યો ને સંત કહે ગોરધાનભાઇ તો મહારાજ સાથે એકાત્મ ભાવે જોડાઇ બધુ મહારાજને જમાડી દીધું તે જ દિવસે લાડુબાએ થાળ કરી મહારાજને જમવા પધારવા વિનંતી કરી તો મહારાજ મોઢામાંથી સુતરફેણીનો કટકો કાઢી બતાવીને કહ્યું કે અમે તો આજ ખુબ સુતરફેણી જમ્યા છીએ. અત્યારે નથી જમવું. તો આવી અલોક્કિ ક્રિયાઓ સમજી વિચારી મનમાં ઉતારીને લે તેને કોઇ દોષ નડતા જ નથી. તેવી જ રીતે કામાદિક દોષ ટાળવા માટે દેહને પણ નિયમમાં વર્તાવવો જોઇએ. ચાલતાં, ચાલતાં દ્રષ્ટિ ને જ્યાં ત્યાં ફેલાવવા ન દેવી. દ્રષ્ટિને નિયમમાં રાખે તો અયોગ્ય રૂપ-સ્ત્રી આદિકમાં વૃતિ ન જાય તો વાસના સહેજે જીતાય જાય છે. ને દરેક ક્રિયામાં ભગવાનની મુર્તિની સ્મૃતિ રાખે તો દરેક દોષ ટળી જાય છે.

બીજુ **ગીંગો તથા ભમરાની વાત કરી**, મોટા સંતોએ તે વાત કરી લોક્કિ દ્રષ્ટાંત આપ્યું. ગીંગો વિષ્ટામાં જ રહે તેને ભમરા સાથે મિત્રતા થઇ. ભમરો તો બધા ફૂલ ઉપર બેસે અને ખુબ સુગંધી લે અને સુગંધનું સુખ ભોગવે. જેથી ભમરાએ ગીંગાને કહ્યું કે તારે સારી સુગંધી ફુલનો અનુભવ કરવો હોય તો ચાલ મારી સાથે એમ કહી ગીંગાને પાંખ ઉપર બેસાડી જુદા જુદા પ્રકારની સુગંધીમાન બાગ-બગીચામાં પુષ્પો ઉપર ફેરવ્યો અને

પૂછ્યું, કેમ સુગંધ મળે છે કે નહીં ? તો ગીંગો કહે મને તો કાંઇ સુગંધ મળતી નથી. ભમરાએ વિચાર કર્યો આ ગીંગો નાકની અંદર, ગંદકીની ગોળીઓ ભરીને લાવ્યો હશે. ભમરાએ તેને બરાબર પકડી સરોવરમાં ચાર-પાંચ ડુબકી ખવરાવી મળ બધો સાફ થઇ ગયો તેથી ગીંગાને પણ સુગંધનું સુખ આવ્યું. આવી જ રીતે આપણે જગતની વાસનારૂપી વિકારોનો ત્યાગ કરીશું ત્યારે જ ભગવાનની મુર્તિનું સુખ મળશે માટે આપણે માયાનાવિકારો ટાળી નાખવા.

બીજુ **ભગવાનની રીત જ અલૌક્કિ હોય છે** તે ઉપર વાત કરી કે એક સમયે મહારાજ પગે ચાલીને બ્રહ્માનંદ સ્વામી સાથે ચાલીને જતાં હતા રસ્તે જતાં મહારાજે મનુષ્ય ચરિત્ર કર્યું અને સ્વામિને કહ્યું સ્વામી અમે બહુ થાક્યા છીએ. હવે ચલાશે નહિં. નજીકમાં એક ઝાડ નીચે જગ્યા સાફ કરી આસન પાથરી મહારાજને બેસાડ્યા. તે દરમ્યાન થોડા સમયમાં એક બળદગાડીવાળો ત્યાંથી પસાર થયો. મહારાજ કહે, સ્વામી આને ઉભો રાખો અને જો આપણને બેસાડે અને આગળ લઇ જાય તો સારૂં. ગાડાવાળાએ સાધુ જાણી ના ન પાડી. અને બેસાડીને આગળ ચાલ્યો. તે દરમ્યાન એક લગ્ન માટેની જાન ત્યાંથી પસાર થઇ, વાજતે - ગાજતે બધા ઉતાવળા ગાડાથી આગળ નીકળી ગયા. થોડે દુર જઇ જાન ઉભી રહી. અને તેના મોવડીઓ રસ્તામાં કોઇ વસ્તુ શોધતા પાછા આવતા દેખાયા. મહારાજે પૂછ્યું શું શોધો છો ? તે લોકોએ જવાબ આપ્યો - અમારો જાનમાંથી પહેરામણીનો અલંકારવાળો ડબો રસ્તામાં ક્યાંક પડી ગયો તે ગોતીએ છીએ

તમે બધા પાછળ જ આવો છો તો તમારી તપાસ પણ અમારે કરવી પડશે. મહારાજ તરત જ બોલ્યા કે એમાં તપાસ શું કરવાની હોય એ ડબો તો આ ગાડાવાળાએ લઇને સંતાડ્યો છે. ડબો લેવા માટે તે લોકોએ ગાડાવાળાને માર મારવા માંડ્યા. ગાડાવાળાની દ્રષ્ટિ મહારાજની મૂર્તિમાં સ્થિર થઇ ગઇ છતાં માર સહન ન થતાં રાડો પાડવા લાગ્યો. આ રીતે લગભગ ૧૫ મિનિટ માર પડ્યો ત્યારે મહારાજ કહે તમારો ડબો આગળ જુઓ ત્યાં ઝાડ નીચે પડ્યો હોય એમ અમને દેખાય છે અને એ રીતે તે લોકો ત્યાં ગયા અને ડબો મળી ગયો તેઓના ગયા પછી બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું કે મહારાજ આ તમે શું કર્યું ? આપણને બંનેને ખબર છે કે ગાડાવાળો નિર્દોષ છે. છતાં આમ કેમ કર્યું ? મહારાજ કહે અમારી સેવા કરી તો તેની સાત જન્મની વેરની કસર તે લોકો સાથે હતી તો અમારો યોગ કર્યો તો ૧૫ મિનિટમાં પુરુ કર્યું. આ રીતે ભગવાનની રીત જ અલૌકિક હોય છે. ત્યાં મહારાજે હરિભકતો ઉપર લખ્યું

સુખ દુઃખ આવે સર્વે ભેળુ તેમાં રાખજો સ્થિર મતિ
જાળવીશ મારા જનને વળી કરીશ જતન અતિ.
એમ કરતાં પંડ પડશે તો આગળ સુખ છે અતિ ઘણું.
પણવ્રત ટેક જો ટાળશો તો ભોગવશો સૌ સૌ તણું''
'' જાણું મારા જનને લઇ જાઇએ, અમારે ધામ
કેડે ન રાખીએ કોઇને એમ બોલ્યા શ્રી ઘનશ્યામ''

તે શ્રીજી મહારાજને આપણા સર્વેને સુખીયા કરવા છે. માટે આપણે કાળજી રાખી ભજન કરવું.

બીજુ લખ્યું કે '' જેને જોઇએ તે આવો મોક્ષ માંગવા રે લોલ''

આજ ધર્મ વંશીને દ્વાર જેને જોઇએ તે આવો મોક્ષ માંગવા રે લોલ.

બીજુ શાસ્ત્રમાં લખ્યું કે **શરીર કે કપડાં બગડે તો સોડા-સાબુથી સાફ** થાય લોહી બગડે તો ઔષધ લેવાથી સુધરે. પણ મન બગડે તો ત્યાં દવા - સાબુનું કામ નહીં ત્યાં તો સારા સંતોનો સમાગમને કથા - વાર્તા એજ ઉપાયથી મન શાંત થાય. મહારાજ વચનામૃતમાં કહેલ છે તે મુજબ કથાવાર્તામાં પ્રીતિ નહીં હોય તેની એમ અટકળ કરવી કે તેમાં રૂડા ગુણ નહીં આવે તે ઉપર તુલસીદાસની સાખી કહીં. '' એક ઘડી, આધી ઘડી, આધી મેં પુની: આધ્ય, તુલસી સોબત સંતકી કટે કોટી અપરાધ'' માટે આપણા અનુકુળ ટાઇમે સાચા સંતોનો સમાગમ કરવો.

બીજુ શાસ્ત્રમાં કહેલ છે કે '' સંસારમાં સરસો રહે મન મારી પાસ સંસાર જેને લોપે નહીં તે જાણું, મારોદાસ જનક વિદેહી તથા પર્વતભાઇ બોટાદના શીવલાલભાઇ આદિ ઘણા હરિભક્તો સંસારમાં રહેતા પણ નીર્લેપ રહેતાં.

બીજુ એક હરિભક્ત ભૂજ મંદિરે ગામડેથી **દરરોજ દર્શને આવે અને સંતોને ખુબ હેત દેખાડે** તે હરિભક્ત થોડા દિવસ આવ્યા નહીં. પછી જ્યારે આવ્યા ત્યારે પગ ભાંગી ગયેલ લાકડીના ટેકે માંડમાંડ આવ્યા. સંતોએ પૂછ્યું, ભક્ત, કેમ દેખાતા ન હતા અને આ પગમાં શું થયું ? તો કહે સ્વામી મારો છોકરો વ્યવહાર, મા-બાપને સાચવતો ન હતો. તેથી મારી સાથે થોડી તકરાર થઇ

તેથી તેને હું બહુ વઢ્યો એટલે મને ધક્કો માર્યો તેથી નીચે પડી ગયો અને પગમાં ફેકચર થયું. હવે પૂચ્છા કરવા પણ નથી આવતો. મેં તેના માટે આખી જિંદગી ઘસી નાખી. ત્યારે સંતોથી બોલાઇ ગયું કે (મૂવા એવા છોકરા - એવા છોકરા શું કામના) તો બાપા તરત ક્રોધ કરીને કહે સ્વામી, મૂવા તમે, ખબરદાર, મારા છોકરાને આવું કહેશો તો. જુઓ જીવનો આવો સ્વભાવ છે. માટે આપણે સરસ સમજણ રાખી ભગવાનમાં વૃત્તિ રાખવી. વ્યવહારમાં રહી ભગવાન ભજી લેવાને આવા ઝગડા કરે એવા છોકરામાં હેત ન રાખવું. બીજુ એક હરિ ભક્તે પુછ્યું કે અક્ષરધામનું સુખ કેવું છે ? તથા ભગવાનની મુર્તિનું સુખ કેવું છે ? તે સુખ અપાર છે પણ જેણે ભોગવ્યું હોય તે જ એ સુખને જાણે જે એક ક્ષણમાત્ર પણ ભગવાનનું સુખ આપણે ભોગવ્યું હોય તો જાણે કરોડો વર્ષો સુધી તે સુખ ભોગવ્યું હોય એવો કેફ રહે બીજુ આવા સુખના નિધી ભગવાનને ભૂલી જગતના જીવો ત્રિવિધ તાપમાં રાત-દિવસ બળ્યા કરે છે તેની અમને બહુ દયા આવે છે. એક વાર જીવની ગતિ અક્ષરધામમાં થઇ, પછી તેને જન્મ મરણના ફેરા ભોગવવા પડતા નથી. કોટિ કલ્પે આ યોગ ન મળે (એક કલ્પ એટલે મનુષ્યના ૪ અબજ ૩૨ કરોડ વર્ષો વિતે) એટલા વર્ષો થાય તો એવો આ યોગ છે તો આવા યોગને પામીને ભગવાનની ભક્તિ કરી આપણા જીવનો મોક્ષ કરી લેવો.

બીજુ શાસ્ત્રમાં મહારાજે લખ્યું કે **દરેક હરિભક્તના ઘસારા ખમવા** તથા બરોબરીયા પણું ન કરવું. દાસ થઇને રહેવું. તે ઉપર બે દ્રષ્ટાંત આપ્યા. મહારાજ અવારનવાર ગોરધનભાઇને

વખાણતા અને તેથી બીજાને ઇર્ષા થઇ. અને બરોબરીયાપણું કરવા લાગ્યા અને મહારાજને કહે મહારાજ તમે તો અમારી સામું જોતાજ નથી? મહારાજે તે વખતે હરિભક્તોને કહ્યું બે થાળ ભરી લાવો એકમાં સાકર ભરજો અને બીજામાં મીઠું ભરજો. થાળ સભામાં મુકાયો તથા ગોરધનભાઇને બોલાવી લાવવા આજ્ઞા કરી ગોરધનભાઇ આવી મહારાજ તથા સંતોને પગે લાગી મહારાજ સન્મુખ બેઠા તો મહારાજ કહે લ્યો ગોરધનભાઇ આ બન્ને થાળ પ્રસાદીના છે તે જમી જાઓ. ગોરધનભાઇએ ભલે મહારાજ એમ કહીને જમવાનું શરૂ કર્યું. એક થાળીમાંથી મુઠી ભરી સાકર જમે અને બીજામાંથી મીઠુ જમે અને મહારાજ સામે હસતા જાય અને બહુ સારી પ્રસાદી છે એમ વખાણતા જાય. અડધું જમ્યા ત્યારે મહારાજે તેમને રોક્યા. જલપાન કરાવી સભામાં બેસાડ્યા અને અગાઉ જે બરોબરીપણુ કરતાં તે હરિભક્તોને બાકીનું જે મીઠું ને સાકર હતી. તે જમવાની આજ્ઞા કરી બધા હરીભક્તો ઢીલા થઇ ગયા અને મહારાજને કહે મહારાજ, અમારી ભૂલ ઓળખાવી અમારા ગુના માફ કરો. એમ કહી મહારાજને તથા ગોરધનભાઇને દંડવત કરવા મંડ્યા. આવી આત્મક સ્થિતિ ગોરધનભાઇની હતી. તે મીઠુને સાકર બંને જમી ગયા. પણ તેમને મીઠાની ને સાકરની ખબર ન પડી જુઓ આવી સ્થિતિ વાળા ગૃહસ્થાશ્રમમાં ભક્ત હતા.

બીજુ શાસ્ત્રમાં કહેલ છે કે, **પંચવિષયના રાગ ટાળવા** કેમ કે તે રાગ વળે જગત ના જીવો દુ:ખ ભોગવે છે. એક સમય મહારાજ લોજમાં વિરાજમાન હતા ત્યાં પરોક્ષના બે સાધુ મહારાજના

દર્શન કરવા આવ્યા. મહારાજે તેમને પ્રેમથી જયસ્વામિનારાયણ કર્યા ને કહ્યું કે ક્યાં જાઓ છો ? ત્યારે તેમણે કહ્યું કે યાત્રા કરવા જઇએ છીએ. તેમને મહારાજે કહ્યું કે આ બધો સામાન અહી રાખી જાઓ વળતા લઇ જજો ત્યારે તેમણે વધારાનો સમાન રાખી દીધો ને સાથે ભગવાનનું પુસ્તક હતું તે પણ અહીં રાખી દીધુ ને બંને યાત્રા કરવા ગયા ત્યાં રસ્તામાં ચાલતાં બે સાધુમાંથી જે ગુરુ સાધુ હતા. તે દેહ મુકી ગયા. પછી તે શિષ્ય પણ યાત્રા કરવા ન ગયા ને પાછા અહીં આવ્યાને સર્વે સમાન લીધોને ભાગવતનું પુસ્તક પણ લીધું ને ભાગવતનું પુસ્તક ખોલ્યું ને તેમા નાનો ડબો હતો. તેમાં આઠ આના હતા તે ડબો ખોલ્યો તેમાં આઠ આના હતા ને નાનો સર્પનો કણો હતો તે જોઇ મહારાજે તે શિષ્યને કહ્યું કે જુઓ આ તમારા ગુરૂ ને આ આઠ આનામાં વાસના રહી ગઇ તે સર્પ થયા તો આના ઉપરથી આપણે વિચારીએ કે આને આઠ આનામાં વાસના રહી ગઈ તો ગૃહસ્થોએ રૂપિયામાં વાસના ન રાખવી, ઉપરથી વ્યવહાર કરવો અંતરમાં રાખવો નહી.

બીજુ શ્રીજી મહારાજે કહ્યું કે અમારી ઝોક લગાવશો નહી ને વિચાર કરવો કે કેનો આશ્રિત છું ને મહારાજની શુ આજ્ઞા છે એ કાળજી રાખવી વળી ભરવાડ ગાય વેચે તેના કાનમાં કહે કે મારી ઝોક લજાવજે નહીં. તેવી રીતે આપણે ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવી.

બીજુ શ્રીજી મહારાજે વચનામૃતમાં લખેલ છે ઉકાખાચરના પેઠે જેને **સેવાનું વ્યસન પડે તેની પોતાની મેળે વાસના ટળી જાય**

છે. વળી હરિભક્તોની મને, વચને દેહે જેવી બની શકે તેવી સેવા સાચાભાવે કરવી. તો ગમે, તેવો પાપી જીવ હોય પણ જે સંતહરીભક્તોની સેવા કરે તો બળિયો થાય. તે ઉપર વાત કરી કે સંતોની માટે ગણિકાએ આખી રાત ઘઉં દળ્યા. તો મહારાજે તેની વાસના ટાળી ચોખ્ખી કરી. તથા એક સંતને થોડી વર્તમાનમાં કાચપહતી તો મોટા સ્વામીએ સંતોની જાયગામાં તેને ગારનું લીંપણ કરવા કહ્યું અને મોટા સંતની જાગલમાં ગાર લીપી તો કાચપ હતી તે ટળી ગઇ. માટે સમજીને સાચા ભાવે સેવા કરવી. બીજુ એક હરિભક્તે ગોપાળાનંદ સ્વામીની સાચે ભાવે સેવા કરી આખી રાત્રી શરીર દબાવી આપ્યું તો સ્વામીએ કહ્યું કે મારી કળતર મટાડી. તો જા આજથી તારામાથે ચોર્યાશીના ફેરા નહીં રહે હું તારી બધી કસર મટાડીશ. બીજુ મહારાજ સભા ભરતા હતા તે જગ્યાએ કુતરાએ બગાડ્યું હતું તે એક બીજા કહેવા લાગ્યા કે આ કોણ બગાડ્યું એમ વાત કરતા હતા. ત્યાં ઉકાખાચર આવ્યા તેણે ખરાબો જાતે જ સાફ કરી નાખીને નાહીને પવિત્ર થઇ પાછા આવ્યા ત્યારે, મહારાજ કહે આ ઘરના ઘણી આવ્યા એવી ઉકા ખાચરને સેવા કરવાનું અંગ હતું. આપણે પણ સાચે ભાવે સેવા કરશું તો ભગવાન આપણા ઉપર બહુ રાજી થાશે માટે આપણે શ્રીજી મહારાજની આજ્ઞા બરાબર પાલન કરી ભજન કરીશુ તો આપણા ઉપર ભગવાન અતિશય રાજી થશે.

બીજું મોટા સંતોએ કહેલ કે **"દાસી થઇને રહેજે તુ દિન દયાળની"** જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું

છું. એમ શ્રી હરિએ સ્વમુખે કહેલ છે.

બીજુ **નિષ્કામ ભાવે સેવા કરવી** પણ કોઇ પ્રકારના ફળની ઇચ્છા ન રાખવી. ફક્ત ભક્તિએ કરીને માન -તજીને, ભગવાનની પ્રસન્નતા માટે કરવી. કોઇ વખાણે તે માટે ન કરવી. તે પર મ.નું. ૪૫નું વચનામૃતમાં કહ્યું. છે કે " ભગવાન ને સંત રાજી થાય એવું કર્મ કર્યું હોય તો તેને નરકમાં જવા જેવું પ્રારબ્ધ હોય તો પણ તે ભુંડા કર્મનો નાશ થઇ જાય છે અને પરમપદને પામે છે." એક વખત મહારાજ મંદિર ગઢડામાં બંધાવતા હતા. દિવસ પહોર એક ચઢી ગયો હતો. હરિભક્તો સર્વ સેવા કરતા હતા. મહારાજ દેખરેખ રાખતા હતા અને તે વખતે મહારાજ સ્વમુખે બોલ્યા કે આ મંદિરના પાયામાં જે કોઇ પથ્થર નાંખશે તેનું કલ્યાણ થાશે. આ શબ્દો રસ્તે ચાલતા એક ગરીબ મુસલમાને સાંભળ્યો તેની મહારાજ સન્મુખ દ્રષ્ટિ થઇને જાણ્યુ કે આ મોટા ઓલિયા છે એમ એના મનમાં થયું અને તરત પથ્થરના ઢગલામાંથી એક પથ્થર ઉપાડી તે પથ્થર પાયામાં નાખતા પહેલા મહારાજ સામે નજર કરી ઉચ્ચે અવાજે બોલ્યો હે ખુદા હે અલ્હા મેરી પર નજર રખીયો" એમ કહી પથ્થર પાયામાં નાખ્યો હતો તેવો જ પત્થર લઇ ભગવાન તેને તેડવા આવ્યા અને બોલ્યા ચાલો તમારૂ કલ્યાણ કરીશું ને તમારા ઉપર નજર રાખી છે એમ કહી શ્રી હરિ તે મુસલમાનને ધામમાં તેડી ગયા.

મંદિરમાં દર્શન કરવાની રીત

(૧) ભગવાનની મૂર્તિ સિવાય બીજી કોઇ વસ્તુ સાંભરે નહીં ને એકાગ્ર દ્રષ્ટિથી મુર્તિ અંતરમાં ઉતારતા જવું. તે ઉપર

કુશળકુંવરબાઇની વાત કરી કહ્યું કે દ્રષ્ટિ પલટાવીને મુર્તિ અંતરમાં ઉતારતા જવું.

(૨) દરેકે પોતાની શક્તિ પ્રમાણે માળા - દંડવત કરવા ભગવાનના દર્શન કરતી વખતે બીજે ક્યાંય મન ન જાય ને એકાગ્ર ચિત્તે દર્શન કરવા.

(૩) મંદિરમાં કોઇપણ હરિભક્તો બાઇ-ભાઇને આડા ઉભી બીજાને અગવડ થાય તેમ દર્શન ન કરવા.(ઉત્સવ-સમૈયા હોય તેમાં તો જેમ અનુકૂળતા હોય તે પ્રમાણે દર્શન કરવા.) અને જો આડા ઉભી દર્શન કરીએ અને બીજાને તકલીફ પડે તેવી રીતે દર્શન કરીએ તો ભગવાન આપણા ઉપર રાજી થાય નહીં.

(૪) મંદિરે દર્શન કરવા જઇયે ત્યારે ભગવાન સિવાય બીજી ગ્રામવાતો ન કરવી. અને ગ્રામવાતો સાંભળવી પણ નહીં, અને અવશ્યનું કામ હોય તો બહાર જઇને વાત કરવી પણ મંદિરમાં બીજી વાતો ન કરવી.

(૫) મંદિરમાં ઉંચા અવાજે કોઇપણ વાત કરવી નહીં.

(૬) શ્રી હરિ સનમુખ દ્રષ્ટિ રાખીને દર્શન કરવા પણ વૃત્તિને આડી અવળી જ્યાં ત્યાં જવા ન દેવી.

(૭) દર્શન કરતી વખતે ચિંતની વૃત્તિ એકાગ્ર કરી મહારાજના દર્શન કરવા તથા કોઇ હરિભક્ત એવી રીતે દર્શન કરતાં હોય અને આપણને તેનું અવશ્ય કામ હોય તો તે દર્શન કરી રહે ત્યાં સુધી રાહ જોવી પણ તેને વિક્ષેપ ન કરવો.

(૮) દર્શન કરતી વખતે મહારાજની મુર્તિને સંભાળીને આપણને આવડે એવા કિર્તન શ્રી હરિને મુર્તિને સંભારીને ગાવા પણ

બીજાને વિક્ષેપ ન થાય એવી કાળજી રાખવી. બીજુ કિર્તનો ગાવા તે ભગવાનને રાજી કરવા માટે જ ગાવા પણ તેમાં માન આવવા ન દેવુ.

બીજુ શ્રીજી મહારાજ સભા ભરીને વિરાજમાન હતા ને ધર્મ - જ્ઞાનની વાતો મહારાજ કરતાં હતાં ને સંતો હરિભક્તો એક એક મણકાથી માળા ફેરવતાં હતાં ને **શ્રીજી મહારાજ પણ માળા ફેરવતાં હતાં.** તેમાં મહારાજ તો બે-ચાર-છ માળાના મણકા સાથે જવા દઇ માળા ફેરવાતા હતા. તે ચરિત્ર જોઇ સંતોએ પુછયું કે મહારાજ આ શું લીલા કરો છો ? અમને કાંઇ સમજાતું નથી. મહારાજ કહે તમે માળા કેમ ફેરવો છો ? સંતોએ ઉત્તર કર્યો એક મણકો મૂકીને મહારાજ કહે અમે પણ એમજ કરીએ છીએ અને સંભાળીએ છીએ કે આ ગામમાં બે, આ ગામનાં ચાર, આ ગામના છ અમારા સાચા હરિભક્તો છે તેને યાદ કરી કરીને મણકા મૂકી માળા ફેરવીએ છીએ. આ દ્રષ્ટાંત ઉપરથી આપણે શું લેવાનું કે ભગવાન પોતે પણ પોતાના પ્રેમીભક્તને યાદ કરે છે ને ભક્ત વગર રહી નથી શકતાં. અને ભક્ત જ્યાં જ્યાં જાય છે તે ભક્ત ભેળા ભગવાન પણ સાથે જ જાય છે. જેમ ભક્ત ભગવાન વિના રહી શકતો નથી તેમ આવા ભક્ત વિના ભગવાન પણ રહી શકતાં નથી, માટે આપણે સાચા ભક્ત થાવું.

બીજુ શાસ્ત્રમાં લખ્યું છે કે પોતાની શક્તિ પ્રમાણે દાન - ધર્મ કરવું તે પોતાના જીવના કલ્યાણ માટે તથા ભગવાનને રાજી કરવા માટે કરવું. બીજુ તમે પ્રેમથી જે દાન કરશો તો ભગવાન

એવા દયાળુ છે કે આપણે જે આપશુ એનાથી આપણને ભગવાન ઘણું આપશે માટે આપણે પ્રેમથી દાન કરવું.

બીજુ **એક ગામમાં નવું મંદિર બનાવવું હતું.** શ્રીજી મહારાજ સંતો-હરિભક્તોની સંભા ભરીને વિરાજમાન હતા ને સભામાં એક મોટા પૈસાવાળા હરિભક્ત હતા. તેમને મહારાજે કહ્યું કે, શેઠ તમો આ મંદિર કરવા રૂપિયા આપશો. શેઠ જરા લોભિયા હતા. તેથી થોડા લખાવ્યા મહારાજ કહે તમો એમ જાણો કે અમો રૂપિયા આપશું ત્યારે મંદિર થાશે પણ મહારાજ કહે જુઓ અમો ધારીએ તો આ જમીનમાંથી પાયાથી કરી આખું મંદિર બહાર કાઢી બતાવીયે પણ આ તો તમો ગૃહસ્થ છો એટલે આપણી શક્તિ પ્રમાણે યોગ્ય રીતે ધન જો આવા મંદિર થતાં હોય તેમાં આપીએ તો તમારું કલ્યાણ થાય એ વાત સાંભળી શેઠે માફી માંગી ને મહારાજને કહે કે, હે પ્રભુ મારી ભુલ થઇ તમો કહો કેટલા રૂપિયા આ મંદિરમાં આપું પછી તે શેઠને મહારાજે કહ્યું કે તમારા પાસે રૂપિયા તો ઘણા છે માટે તમો પ્રેમથી આપો પછી તે શેઠે ઘણા રૂપિયા મંદિરમાં આપ્યા તેથી મહારાજ તેમના ઉપર રાજી થયા ને આર્શીવાદ આપ્યા ને કહ્યું કે તમારા દેહને અંતે અમારા ધામમાં અમારી સેવામાં રાખીશું આમા કહેવાનું કે આપણી શક્તિ પ્રમાણે પ્રેમથી યોગ્ય રીતે ધન આપણે આપીએ તો ભગવાન રાજી થાય.

બીજુ આપણાને આવા **દયાળુ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા** તો તેનો આપણે બરાબર દ્રઢ આસરો રાખી ભજન કરશુ તો દયાળુ શ્રી હરિ જરૂર આપણી સર્વે પ્રકારે રક્ષા

કરે જ છે. ને સદા રક્ષા કરશે માટે આપણે જેટલું બની શકે તેટલું વિશેષ ભજન કરવુંને દિન દિન પ્રત્યે તે ભગવાનની મરમાળી, માધુરી પ્રકાશમાન મુર્તિને વિશે હેત કરવું એજ આ મનુષ્ય જન્મ પામ્યાનું ને સાચે શુધ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચુ ફળ છે. માટે આપણે, આળસ પ્રમાદ મોહનો ત્યાગ કરી ભગવાન ભજી લેવા બાકી આ તો સર્વે ખોટુ છે ને દેહને અંતે આ લોકના પદાર્થ કાંઇ કામ નહીં આવે માટે આપણું શરીર સારૂં હોય ત્યાં સુધીમાં આપણી સર્વે કસર ટાળી નાખવી ને સર્વે સુખનાધામ શ્રીઘનશ્યામ મહારાજને જાણી તેમનું ભજન વિશેષ કરવું.

બીજુ **મરી તો સર્વેએ જવાનું છે** પણ આવી રીતે ભજન કરી પોતાનું જીવીતવ્ય પુરૂ કરવું એજ જીવ્યાનો મોટો લાભ છે. માટે કાળજી રાખી ભજન કરવું ને શ્રીજી મહારાજને એકદમ ચોખ્ખા કરીને દેહને અંતે પોતાના અક્ષરધામમાં આપણા સર્વેને તેડી જવાના છે તે ગ.મ.પ્ર. ના ૪૫ ના વચનામૃતમાં શ્રીજી મહારાજને કહેલ છે કે સર્વે સંતો બ્રહ્મચારી, ગૃહસ્થ, પાળા આદિ સર્વે સાવધાન રહેજો તમારા અંતરમાં કોઈ પ્રકારના માયાનો લોચો રહેવા દેવો નથી ને એકદમ ચોખ્ખા કરી મારા ધામમાં દેહને અંતે તેડી જવાના છે તો જુઓ ભાઈઓ દયાળુ શ્રીહરિને કેટલી બધી દયા આપણા ઉપર છે તો આપણે પણ તેમની માણિગર મૂર્તિને વિશે દિનદિન પ્રત્યે હેતની વૃદ્ધિ કરવામાં તથા આ લોકનાં ક્ષણિક ને નાશવંતને અંતે અપાર કલેશના આપનાર એવા જે માયીક પંચવિષયના સુખોના રાગો ટાળવામાં કાળજી રાખવી કેમ કે આ માયીક પંચવિષયના સુખો તો આપણે આથી અગાઉ

અસંખ્યાત અવતારો ધરીને ભોગવી આવ્યા છીએ. એતો વિષ્ટાના ખાતલ કીડાને પણ મળે છે. એ કાંઈ દુર્લભ નથી. પણ આવા સર્વ સુખના નિધિ શ્રી સ્વામિનારાયણ ભગવાન મળવા તથા આવો દિવ્ય સત્સંગનો યોગ મળવો એજ દુર્લભ છે તો આવા અતિ ઉત્તમ યોગને પામીને આપણી સર્વે કસરો ટાળી નાંખવી તે આપણે તીવ્ર શ્રદ્ધા રાખીને મંડીશું તો દયાળુ શ્રી હરિ જરૂર આપણા ભેળા ભળી આપણી સર્વે કસરો ટળાવી પોતાની મૂર્તિનું સુખ આપશે માટે આપણે બહુંજ કાળજી રાખી ભજન કરવું.

બીજુ આપણને શ્રી હરિ તથા **સત્સંગના દિવ્ય ગુણોરૂપી ધન** મળી જાય તે એ ગુણોરૂપી જે ધનના પ્રતાપથી આપણા અંતરમાં શાંતિ શાંતિ વર્ત્યા કરે ને અહોઅહોપણું વર્ત્યા કરે ને તેથી જ આપણા અંતરમાં આનંદ આનંદને આનંદનો સાગર વહેવા મંડે ને શ્રી હરિના દિવ્ય ગુણોરૂપી ધનથી આપણા અંતરમાં ભગવાનની મૂર્તિના સુખથી ઠંડા ઠંડા શેરડા પડવા માંડે ને તે સુખ વડે આપણા અંતરમાં અનેક જન્મોથી ઘુસી ગયેલા માયાના વિકારો કામ,ક્રોધ, લોભ અને ઈર્ષા આદિ અનેક દોષો નીકળી જાય છે માટે આપણે સત્સંગના દિવ્ય ગુણો રૂપી ધનને સાચવી રાખવું.

બીજુ આપણે બરાબર ભજન કરીશું તો આપણા અંતરમાંથી માયાના દુર્ગુણો વિદાયગીરી લે છે બીજુ શેઠીયાઓ કરોડપતી થાય છે. તેથી તે કેવા સુખી થઈને આનંદ ભોગવે છે. તેવી રીતે આપણે પણ શ્રી હરિના દિવ્ય ગુણો રૂપી ધનને પ્રાપ્ત કરીએ તો આપણે શ્રી હરિની માધુરી દિવ્ય પ્રકાશમાન મૂર્તિનું સુખ્ અહોર્નિષ ભોગવીએ ને ખૂબ જ આનંદના સાગરમાં નાહ્યા કરીએ. આપણે

આવી રીતે શ્રી હરિની મૂર્તિને વિશે અતિશય પ્રીતી કરીએ ને તે શ્રી હરિની દિવ્ય મૂર્તિના સુખના ભોક્તા બનીએ એ જ ખરો લાભ છે.

બીજુ આવો અમૂલો વખત ભગવાન ભજવાનો પાછો કોટી કલ્પે પણ નહીં મળે તો આવા યોગને પામીને આપણી કસરમાત્ર ટાળીને સર્વ સુખના નિધિ એવા જે શ્રી હરિ તેમની માધુરી પ્રકાશમાનને દિવ્ય મૂર્તિને વિશે જ અતિશય હેતની વૃદ્ધિ કરવી. ઓહોહો તે મૂર્તિને વિશે તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે. તેનું તો શું વર્ણન થઈ શકે એ સુખ જો આપણે એક આંખનું મટકું ભરીયે એટલીવાર પણ જો લીધું હોય તો તો એમ થાય કે મેં તે સુખ લાખો વર્ષો સુધી લીધું તો એ સુખમાં જો આપણી દૃષ્ટી પહોંચી જાય તો અનંતકોટી બ્રહ્માંડના માયીક પંચવિષયના સુખ ઝેર જેવા લાગે તો આપણે પણ તે સુખનો લોભ રાખીને આ લોકના ક્ષણિક ને નાશવંત પંચવિષયના સુખના રાગો ટાળવા-જુવો આપણે આથી પહેલાં અસંખ્યાત અવતારો ધરી આવ્યા છીએ ને જ્યાં જ્યાં આપણે જન્મો ધર્યા હશે ત્યાં ત્યાં પંચવિષયના સુખો આપણાંને મળ્યા જ હશે તો એ કાંઈ દુર્લભ નથી. એ તો વિષ્ટાના ખાતલ કીડાને પણ મળે છે. પણ આવા સર્વ સુખના નિધિ શ્રી હરિની માધુરી મૂર્તિનું સુખ મળવું તથા આવો દિવ્ય સત્સંગનો યોગ મળવો એ જ દુર્લભ છે. તો આપણે આ લોકભોગોના સુખનો ત્યાગ કરીને દેહને અંતે શ્રી હરિના અક્ષરધામમાં શ્રી હરિની હજુર સેવામાં રહી જવાય તો જાણે આ જન્મનો ફેરો સુફળ થયો જાણવો. તો આપણે ભગવાનનો મહીમા

સમજીને દિન દિન પ્રત્યે શ્રીહરિની મૂર્તિને વિશે જ અતિશય હેતની વૃદ્ધિ કરવી. એજ આ સાચે શુદ્ધભાવે સત્સંગ કર્યાનું સાચું ફળ છે.

બીજુ આપણને આવો **કલ્પવૃક્ષ સમાન દિવ્ય; અલૌકિક સત્સંગનો નો યોગ મળ્યા છે તે યોગ** મળવો અતિ દુર્લભ છે. આવો યોગ વારંવાર મળતો નથી. આવો યોગ તો આજે આપણાંને શ્રી હરિની અપાર દયાથી તથા આપણે આગળ કાંઈ સુકૃત કર્યા હશે તેથી જ મળ્યો છે. તો આવા યોગને પામીને આપણે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી ભગવાન ભજી લેવા. કેમ કે ભગવાનનું ભજન કર્યા વિના આ જીવને ક્યાંય સુખ કે શાંતિ થતાં નથી. માટે સત્ શાસ્ત્રોમાં લખ્યું છે કે જે, 'કાં સુખ હરિના ચરણમાં કાં સંતન કે માંય' માટે સાચું સુખ ભગવાનને વિષે તથા તેના સાચા સંત પુરૂષને વિષે જ રહેલું છે માટે તેનું મન, કર્મ, વચને સેવન કરવું એ જ આ સાચે શુદ્ધ ભાવે સત્સંગ કર્યાનું સાચું ફળ છે. બાકી તો આ લોક વિઘ્નકારી છે તે જુઓને કોઈ સત્શાસ્ત્રમાં એવું લખ્યું નથી કે આ લોકમાં સુખ છે. માટે આ લોકભોગમાંથી પાછી વૃત્તિ વાળી ભગવાનને વિષે હેત કરવું એ જ મોટો લાભ છે.

બીજુ પૂર્વેના પુણ્યના પ્રતાપથી અને શ્રીજી મહારાજની અપાર દયાથી આપણાંને આ સત્સંગનો યોગ પ્રાપ્ત થયો છે. સત્સંગનો યોગ ઉપરાંત સત્શાસ્ત્રો તથા સત્પુરૂષોનો પણ યોગ પ્રાપ્ત થયો છે. તો આવા શુભ અવસરને ઓળખીને પોતાના આત્માના મોક્ષ સંબંધી કામ કરી લેવું. એજ આ મનુષ્યજન્મનો મોટામાં

મોટો લાભ છે. બાકી તો સર્વે ખોટું છે. ને વળી આ લોકના નાશવંતને માયિક સુખોમાંથી પાછી વૃત્તિ વાળી શ્રી હરિની દિવ્ય,માધુરીને અલૌકિક મૂર્તિમાં જોડવી. કેમ કે શ્રી હરિની મૂર્તિનું એક નિમિષમાત્રનું સુખ તે ઉપર અનંતકોટી બ્રહ્માંડના જે વિષયસુખ છે. તે સર્વેને વારી ફેરીને નાખી દઈએ. અને ભગવાનના રોમમાં જેટલું સુખ રહ્યું છે. તેટલું સુખ અનંત કોટી બ્રહ્માંડના સુખ ભેળા કરીએ તો પણ તેના કોટીમાં ભાગની બરાબર પણ થાય નહીં. આ લોકના પંચવિષયના સુખ તો નરકના કુંડ જેવા છે. અને કેવળ દુઃખરૂપ છે. તેથી આ લોકના રાગ ટાળી આપણી કસર માત્ર ટાળીને શ્રી હરિની દિવ્ય મૂર્તિમાં દૃષ્ટિ જોડવી. અને એમ કરતાં કરતાં જો શ્રી હરિની અખંડ સેવામાં રહી જવાશે તો આપણું કામ થઈ જશે. માટે આપણે વિશેષ ખટકો રાખી શ્રી હરિનું જેમ બને તેમ વધુ ભજન કરવું. ને જેના .સંગથી અને જે શાસ્ત્ર સાંભળવાથી ભગવાનની ઉપાસનાનું ખંડન થતું હોય તો તે સંગનો તથા તે શાસ્ત્રનો ત્યાગ કરવો.

બીજુ જ્યારથી આ બ્રહ્માંડ રચાણું ત્યારથી આ જીવના જન્મમરણરૂપ ભવાટવીમાં ભટક્યા જ કરે છે. તો જેટલું સમુદ્રમાં પાણી છે તેટલું માતાનું દુધ ધાવી આવ્યો છે. તો હવે ફરી પાછું તે જન્મમરણને ચોર્યાસીમાં ભટકવું ન પડે તેવો ઉપાય કરી લેવો એ જ આ મનુષ્ય જન્મનું સુફળપણું છે માટે આપણે કાળજી રાખી ભજન વિશેષ કરવું.

બીજુ દેવોને પણ દુર્લભ એવો અલૌકિક; દિવ્ય સત્સંગને પામીને તથા આવા સર્વોપરી સર્વોવતારી, સર્વ-સુખના નિધિ શ્રી

સ્વામિનારાયણ ભગવાનને જાણીને તેમના પ્રત્યે એક દ્રઢ નિષ્ઠા રાખવી, ને તેમનો પર્વતપ્રાય નિશ્ચય કરવો, ને હાલતાં, ચાલતાં, ખાતાં,પીતાં આદિ શુભ ક્રિયામાં તથા અશુભ ક્રિયાને વિશે શ્રી સ્વામિનારાયણ ભગવાનનું નામીયે સહિત નામ સ્મરણ કરવું ને શ્રી હરિની સ્મૃતિ તે સર્વ વિપત્તીને નાશને કરનારી છે. તો હે ભાઈયો આ લોકમાંથી પાછી વૃત્તિવાળી બબે ઘડી વિચાર કરવો કે હું અહી શું કામ કરવા આવ્યો છું, ને શું થાય છે ને શ્રી હરિને કેવા કરીને પોતાની સેવામાં રાખવા છે, તે પર જ હવે તો અનુસંધાન રાખવું. ને જો હવે આવા ભગવાન મળ્યા ને ગાફલાઈમાં સમય જતો રહેશે તો મોટામાં મોટી હાની થશે. તે સત્શાસ્ત્રમાં કહેલ છે કે, 'કા હાનિ, તે સમય ની સ્મૃતિ ન રાખે તે માટે' - તે સમયને સદ્ઉપયોગ કરી લેવું એ જ સુજ્ઞજનોનું સુજ્ઞપણું છે. તો હવે તો આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી ભગવાનનું ભજન કરી લેવું. ને આપણે કાળજી રાખીને ભજન કરશું તો શ્રી હરિ આપણા ભેળા ભળી પોતાની સેવામાં રાખી દેશે. તો આપણે ભજન કરવામાં કાળજી રાખવી.

બીજુ આવા સર્વોપરી, સર્વ સુખના નિધિ, સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનને મેળવીને તથા આવો દિવ્ય, અલૌકિક, ચિંતામણિતુલ્ય સત્સંગને પામીને આપણે સર્વેએ તે શ્રી હરિની માધુરી, દિવ્ય પ્રકાશમાન મૂર્તિને વિશે દિનદિન પ્રત્યે હેતની વૃદ્ધિ થાય, ને આઠે પહોર તે શ્રી હરિની મૂર્તિને વિશે નિમગ્નપણે જોડાઈ જવાય, ને તે મૂર્તિના સુખ થકી આપણાંને આઠે પહોર અહોઅહોપણું વર્ત્યા કરે, ને તે મૂર્તિના સુખ થકી આપણે આઠે

પહોર આનંદ, આનંદ, ને આનંદના સારગમાં નાહ્યા કરાયને જેમ ચકોરપક્ષીને ચંદ્ર જ જીવન છે. તેમ આપણે પણ તે શ્રી હરિની મૂર્તિ જ જીવન બની રહે ને દેહને અંતે તે શ્રી હરિની માધુરી, દિવ્ય, પ્રકાશમાન મુર્તિની હજુર સેવામાં રહી જવાય એ જ આપણે સર્વેએ કરી કરીને ખરૂં કરવાનું છે. તો આપણે સર્વેએ બહુ જ કાળજી રાખવી ને જો કાળજી રાખીને ભજન કરીશું, તો દયાળુ શ્રી હરિ આપણાં ભેળાં ભળી આપણી કસરમાત્ર ટળાવી પોતાની સેવામાં રાખી દેશે. તો આપણે ભજન કરવામાં કાળજી રાખવી.

બીજુ આવો અમુલો વખત ભગવાન ભજવાનો પાછો કોટિ કલ્પે પણ નહી મળે. તો આવા યોગને પામીને આપણી કસરમાત્ર ટાળી નાખવી. ને વળી બબે ઘડી પાછી વૃત્તિ વાળી આપણે વિચાર કરવો કે હું અહીં શું કામ કરવા આવ્યો છું. ને શું થાય છે. ને શ્રી હરિને કેવા કરીને પોતાની સેવામાં રાખવા છે. તે ઉપર જ અનુસંધાન રાખવું. ને વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવાય એવી હોંશિયારી મોક્ષના માર્ગમાં રાખવી.

જુઓ ભાઈઓ, આપણે સર્વેએ આ લોકમાંથી ઓચિંતા જવાનું થાશે. ને આ લોકના નાશવંત સુખો દેહને અંતે કાંઈપણ કામ નહિ આવે. માટે જ્યાં સુધી આપણું શરીર સારૂં હોય, સારો સત્સંગનો યોગ હોય ત્યાં સુધીમાં આપણી સર્વે કસરો ટાળી નાખવી. ને તે કસરો ટાળવાને માટે દયાળુ શ્રી હરિએ આપણાંને જેવો જોઈએ તેવો આ દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે. તો આવા યોગને પામીને ભગવાનનું ભજન કરી લેવું. ને સર્વ

સુખના નિધિ શ્રી હરિને જાણીને તેમની માધુરી મૂર્તિને વિશે જ અતિશય હેતની વૃદ્ધિ કરવી. ને જેમ માછલાંને જળ જ જીવન છે; તેમ આપણે શ્રી હરિની માધુરી મૂર્તિ જ જીવન થાય, ને આ સંસારના માયિક પંચવિષયના સુખોમાં જરાપણ રાગો ન રહે ને દેહને અંતે શ્રી હરિની માધુરી, પ્રકાશમાન, દિવ્ય મૂર્તિની હજુર સેવામાં રહી જવાય, તો જાણે આ માનવજન્મનો ફેરો સુફળ થયો કહેવાય. ને આ સાચે શુદ્ધ ભાવે સત્સંગ કર્યાનું સાચું ફળ મળ્યું કહેવાય. તો આપણે સર્વેએ બહુ જ કાળજી રાખી ભજન કરવું. તે આપણે કાળજી રાખી ભજન કરીશું, તો દયાળુ શ્રીજી મહારાજ આપણાં ભેળાં જરૂર ભળશે. ને આપણી સર્વે કસરો ટળાવી દેશે. તો આપણે બહુજ સાવધાની રાખવી. ને રજ, તમનાં વેગો આવવા ન દેવા. સદાય સત્વગુણમાં રહેવું ને બહારવૃત્તિ બહુ ફેલાવવા ન દેતાં અંતરવૃત્તિ વડે ભજન કરવામાં કાળજી રાખવી.

બીજું આવા યોગને પામીને **આ લોકભોગમાંથી રાગો ટાળીને** દિનદિન પ્રત્યે શ્રી હરિની માધુરી, દિવ્ય, પ્રકાશમાન મૂર્તિને વિશે જ અતિશય હેતની વૃદ્ધિ કરવી. ને જેમ વજની પૃથ્વી હોય ને તેમાં વજની ખીલી ચોડી હોય, ને તેમાં જેમ ચોંટી જાય છે. તેમ જ આપણા મનની વૃત્તિ પણ શ્રીજી મહારાજની દિવ્ય મૂર્તિ વિશે જ જોડી દેવી. ને જેમ, ચમકપાણ પથરામાં લોઢુ ખેંચાઈ જાય છે. તેમ જ આપણી વૃત્તિ ભગવાનની માધુરી દિવ્ય, પ્રકાશમાન મૂર્તિને વિશે જ સ્થિર કરવી. તે મૂર્તિને વિષે અલૌકિક, દિવ્ય સુખ રહેલું છે. તેનું તો શું વર્ણન થઈ શકે, એ

સુખ જો આપણે એક નિમિષમાત્ર પણ લીધુ હોય, તો એમ થાય કે, મેં તે સુખ લાખો વર્ષો સુધી લીધુ. તો આપણે પણ તે જ સુખમાં દૃષ્ટિ પહોંચાડીને આ સંસારના માયિક સુખમાંથી વૃત્તિ પાછી વાળવી કેમ કે, આ સંસારના સુખો તો આપણે જયાં જયાં જન્મ ધર્યા હશે, ત્યાં ત્યાં અનેક વખત એ સુખો આપણે ભોગવ્યા જ હશે. એ કાંઈ દુર્લભ નથી. એ તો વિષ્ટાના આતલ કીડાને પણ મળે છે. પણ આવા સર્વસુખના નિધિ, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન મળવા એ જ દુર્લભ છે. તો આપણે તેનો કેફ રાખવો.

બીજુ આજે જગમાં હળાહળ કળીકાળ વ્યાપી ગયો છે, ને ત્રિવિધ તાપમાં જગતના જીવો બિચારાં રાત્રિ-દિવસ બળ્યા જ કરે છે. પણ આપણાં તો બહુ જ મોટાં ભાગ્ય છે કે, આપણાંને આવા સર્વ સુખના નિધિ, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની ઓળખાણ થઈ છે. તથા આવો દિવ્ય, અલૌકિક સત્સંગનો અમુલો યોગ મળ્યો છે. તેથી કેવા શાંતિથી ભજન કરીએ છીએ. ને આપણાંને આવો યોગ મળ્યો ન હોત, તો આપણી પણ એ જ હાલ હોત. તો આવા યોગને પામીને આપણે સર્વેએ આ સાચે શુદ્ધભાવે સત્સંગ કરીને આપણી સર્વે કસર ટાળી નાખવી. ને આપણાં અંતરમાં એક શ્રીહરિની માધુરી, દિવ્ય, પ્રકાશમાન મૂર્તિ જ રહે, ને તે વિનાં બીજા જગતના માયિક પંચવિષયનાં સુખ સર્વે ઝેર જેવાં થઈ જાય, ને આઠે પહોર તે શ્રી હરિની મૂર્તિના જ સુખમાં ગુલતાન બની જવાય ને દેહને અંતે તે શ્રી હરિની હજુર સેવામાં રહી જવાય એ જ આપણે સર્વેએ આ સાચે

શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચુ ફળ છે. બાકી આ તો સર્વ ખોટું છે. ને અચાનક લોકમાંથી આપણે સર્વેને જવાનું થાશે, ને દેહને અંતે આલોકના સુખ કાંઈ પણ કામ નહિ આવે. માટે આપણે સહુએ બહુ જ કાળજી રાખીને ચાલવું. તે કાળજી રાખી ચાલીશું તો બહુજ ભારે કામ થઈ જશે. ને જો આપણે આળસ, પ્રમાદ, મોહમાં લપેટાઈ જશુ, તો પછે બહુજ પસ્તાવો કરવો પડશે. તો આપણે પછી પસ્તાવો ન કરવો પડે એવું કામ કરી લેવું. ને તેવું કામ કરવાને માટે દયાળુ શ્રી હરિયે આપણાંને જેવો જોઈએ તેવો યોગ આપ્યો છે. વળી, અન્નવસ્ત્ર સુખે મળે છે.

બધી વાતનું સાનુકૂળ છે. આપણાંને શ્રી હરિ પૂછશે તો આપણને કોઈપણ બહાનું આપી શકીએ તેમ નથી. તો આપણે હવે એવું મંડવું કે, 'અર્થસાધ્યામિકે દેહ પાત્યામિ' તે જો આપણે એવી કાળજી રાખીને મંડશું, તો દયાળુ શ્રી હરિ જરૂર આપણી સર્વે કસર ટળાવી દેશે, તો આપણે ભજન કરવામાં બહુ જ કાળજી રાખવી. ને રજ તમના વેગો આવવા ન દેવા. સદાય સત્વગુણ માં રહેવું ને ઉત્થાન ઓળખીને જ દરેક કાર્ય કરવું ને જાણપણારૂપ ધામને દરવાજે રહી આપણાં અંતરમાં શ્રી હરિની મૂર્તિ વિના બીજું કાંઈ પેસી ન જાય એ ખાસ કાળજી રાખવી.

બીજું મરી તો સર્વને જવાનું છે પણ આવી રીતે ભગવાનનું ભજન કરતાં જે વખત જાય એ જ જીવ્યાનો ખરો લાભ છે. બાકી આ તો સર્વ સ્વપ્ના સમાન છે. ને આ લોકમાંથી આપણે અચાનક જવાનું થાશે; ને દેહને અંતે આ લોકના પદાર્થ કાંઈપણ કામ નહિ આવે, માટે આપણું શરીર સારૂં હોય, ત્યાં સુધીમાં

આપણી સર્વે કસર ટાળી નાખવી. ને દિનદિન પ્રત્યે શ્રી હરિની માધુરી મૂર્તિને વિશે જ અતિશય હેતની વૃદ્ધિ રાખવી. ને વળી આપણે બબે ઘડી પાછી વૃત્તિ વાળીને વિચાર કરવો કે હું અહીં શું કરવા આવ્યો છું; ને શું થાય છે ; ને શ્રી હરિને કેવા કરીને પોતાની હજૂર સેવામાં રાખવા છે. તો તે ઉપર વિચાર કરીને જાણપણા રૂપ જે ધામને દરવાજે અખંડ ઉભા રહી ને આપણાં અંતરમાં એક ભગવાનની મૂર્તિ અખંડ રહે ને તે વિના આ જગત અંતરમાં ન ભરાય એ આપણે સર્વેએ ખાસ કાળજી રાખવી. તે જો આપણે કાળજી રાખીને વર્તશું, તો દયાળુ શ્રી હરિ આપણાં ભેળા ભળીને આપણી સર્વે કસર ટળાવી દેશે તો આપણે બહું જ સાવધાની રાખવી અને આપણાં ઉપર દયાળુ શ્રી હરિએ અપાર દયા કરીને કેવો આ અમૂલો દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે તે આપણે કાળજી રાખીને ભજન કરશું તો થોડા સમયમાં બહુજ ભારે કામ થઈ જશે. ને જ્યાં અપાર અપારને અપાર અવિનાશી દિવ્ય સુખ રહેલું છે એવું જે શ્રી હરિનું અક્ષરધામ તેમાં શ્રી હરિ દયા કરીને પોતાની હજુર સેવામાં રાખી દેશે. ઓહોહો .... તે અક્ષરધામમાં તો શ્રી હરિને માધુરી મૂર્તિનું કાંઈક અલૌકિક દિવ્ય, સુખ રહેલું છે. તેનું તો શું વર્ણન થઈ શકે. આપણેપણ એ સુખનો લોભ રાખીને આલોકના સુખનો ત્યાગ કરવો. અને દેહને અંતે શ્રી હરિને હજુર સેવામાં રહી જવાય, એ જ આપણે સર્વે આ સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવાનો સાચુ ફળ છે. તો આપણે ભજન કરવામાં બહુ કાળજી રાખવી.

બીજુ આવા ચિંતામણી તુલ્ય માનવ દેહને પામીને **આપણા**

આત્માનું શ્રેય કરી લેવું એ જ મોટો લાભ છે. બાકી તો સર્વે સ્વપ્ના સમાન છે. ને આ લોકમાંથી આપણે અચાનક જવાનું થાશે ને દેહને અંતે આ લોકના માયીક પદાર્થ કાંઈપણ કામ નહીં આવે. માટે જ્યાં સુધી આપણું શરીર સ્વસ્થ છે. સારો યોગ છે. ત્યાં સુધીમાં આપણી કસરમાત્ર ટાળી નાંખવી. જુવો ભાઈઓ આપણે આથી પહેલાં અસંખ્યાન અવતારો ધરી આવ્યા છીએ. ને અનેક પંચવિષયના સુખો ભોગવવી આવ્યા હશું તો પણ હજુ લગી તે પંચવિષયના સુખની તૃપ્તિ થઈ નથી ને થાશે પણ નહીં એ તો શ્રીજી મહારાજે વચનામૃતમાં કહેલ છે કે પાતાળ સુધી પૃથ્વી ફાટે ને તેમાં ગમે તેટલું પાણી ભરીએ તો પણ ભરાય નહીં - વળી મોટા સંતોએ કિર્તનમાં કહેલ છે કે ભોગ સંસારી ભોગવી કોઈ તૃપ્ત ન થાયેજી. ઈન્દ્રિયો ઉંડી અપાર છે. વિષય નિરે ન ભરાયેજી એ તો જ્ઞાને કરીને આ લોકમાંથી પાછી વૃત્તિ વાળીએ તો જ આ જીવાત્માને સુખ થાયે તો આપણે શ્રીજી મહારાજનો અપાર મહીમા સમજવો કે આ સ્વામિનારાયણ ભગવાન છે તે સર્વ અવતારના અવતારી છે. સર્વ સુખના નિધિ છે. સર્વના નિયંતા છે. ને સર્વેને સુખના આપનાર છે. તો તેવા ભગવાનને જાણીને આ લોકના તૃચ્છ પંચ વિષયના સુખોના રાગો ટાળવાને સર્વ સુખના નિધિ એવા સ્વામિનારાયણ ભગવાનને જાણી દિનદિન પ્રત્યે તેમની માધુરી પ્રકાશમાન દિવ્ય મૂર્તિને વિશે અતિશય હેતની વૃદ્ધિ કરવી. ને રજતમના વેગો આવવા ન દેવા. સદાય સત્વ ગુણમાં રહેવું. ને જનના મનના અંતરાયોથી રહીત થાવું ને જ્ઞાને કરીને સુખી રહેવું ને આપણા અંતરમાં એક ભગવાનની

દિવ્ય મૂર્તિ વિના બીજું જગત પેસી ન જાય તે ખાસ કાળજી રાખવી. તે શ્રીજી મહારાજે ગઢડા મધ્યના ૪૫ માં વચનામૃતમાં કહ્યું છે કે સાધુ,બ્રહ્મચારીપાળા ગૃહસ્થ સર્વે સત્સંગી સદાય સાવધાન રહેજ્યો. તમારા હૃયદમાં પંચભૂત, પંચવિષય ચૌદ ઈન્દ્રીયોના દેવતા આદિ કોઈનો સંગ રહેવા દેવો નથી. તો શ્રીજી મહરાજનો તો આપણા સર્વે ઉપર આવો આગ્રહ છે તો આપણેપણ કાળજી રાખી ભગવાનની મૂર્તિ સંભાળીશું અને આલોકના રાગો ટાળવાં, ખટકો રાખીશું તો થોડા સમયમાં બહુ ભારે મોટું કામ થઈ જાય તેમ છે. માટે આપણે સર્વેએ આલોકમાંથી પાછી વૃત્તિ વાળીને ભગવાનની મૂર્તિમાં હેતની વૃદ્ધિ કરવામાં ખટકો રાખવો.

બીજુ આવા ચિંતામણી તુલ્ય માનવદેહને પામીને આપણા આત્માનું કલ્યાણ કરી લેવું એ જ આ મનુષ્ય જન્મનું સાર્થકપણું છે. બાકી આ તો સર્વ ખોટુ છે. ને આપણે આ લોકમાં મુસાફરી કરવા આવેલા છીએ. આપણા જીવાત્માનું મૂળ વતનનું ગામ આ નથી. આપણા જીવાત્માનું મૂળ વતનનું ગામ તો અક્ષરધામ છે. ને આપણા જીવાત્માના આ સાચા સગા નથી. આપણા જીવાત્માના સાચા સગા તો શ્રીજી મહારાજ તથા તેમના મુક્તો જ છે. એવી ભાવના જ્ઞાને કરીને રાખીને ઉપરથકી આલોકનો વ્યવહાર બજાવવો. પણ અંતરમાં આ વ્યવહાર ન ભરવો. અંતરમાં તો એક શ્રીજી મહારાજની પ્રકાશમાન દિવ્યમૂર્તિ જ રાખવી

ઓ...હો...હો...તેં માધુરી મૂર્તિ વિશે તો અલૌકિક; દિવ્ય

સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થઈ શકે. એ સુખ જો આપણે એક ક્ષણ માત્ર પણ લીધું હોય તો એમ થાય કે મે તે સુખ લાખો વર્ષ સુધી લીધુ. તો હે ભાઈઓ આપણે પણ એ જ માધુરી, દિવ્ય, પ્રકાશમાન મુર્તિના સુખના ભોક્તા થવાય. ને તે વિના આ સંસારના સુખના રાગો ટળી જાય. ને દેહને અંતે તે શ્રી હરિની હજુર સેવામાં રહી જવાય તો જાણે આ માનવ જન્મનો ફેરો સફળ થયો કહેવાય: તો આપણે સર્વેએ ભગવાનનું ભજન કરવાનો તથા તેમની આજ્ઞા બરાબર પાલન કરવામાં કાળજી રાખવી. ને જ્યાં સુધી આપણું શરીર સારું હોય, ત્યા સુધીમાં આપણી સર્વે કસરો ટાળી નાંખવી ને વિજળીના ઝબકારામાં મોતી પરોવી લેવાય એવી હોશીયારી મોક્ષ માર્ગમાં રાખવીને મૃત્યુ કોઈની વાટ જોશે નહી, ને આપણે અચાનક આ લોકમાંથી જવાનું થાશે, ને આ લોકના પદાર્થ કાંઈપણ કામ નહી આવે. માટે આપણે કાળજી રાખી ભજન વિશેષ કરવું.

બીજું આવો લાભ ભગવાન ભજવાનો પાછો કોટી કલ્પે નહી મળે. તો આવા લાભને પામીને આ લોકભોગમાંથી પાછી વૃત્તિ વાળીને સર્વ સુખના નિધિ શ્રીજી મહરાજને જાણીને તેમની માધુરી દિવ્ય મૂર્તિને વિશે જ અતિશય હેતની વૃદ્ધિ કરવી. ને તે મૂર્તિ જ આપણને જીવન થાય. જેમ માંછલાને પાણી જ જીવન છે ; તેમ આપણને તે શ્રીહરિની મૂર્તિ જ જીવન થાય ; ને તે મૂર્તિ વિના આ સંસારના સર્વે સુખ વિખ જેવા લાગે; એ જ આપણે સર્વેએ સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચુ ફળ છે. બાકી આ તો સર્વ ખોટુ છે. ને અચાનક આ લોકમાંથી આપણે જવાનુ થાશે

; ને દેહને અંતે આ લોકના માઈક સુખી કાંઈપણ કામ નહી આવે. માટે શ્રી હરિનો અપાર મહિમા સમજીને તે મૂર્તિને વિશે દિન પ્રતિદિન હેતની વૃદ્ધિ કરવી.

ઓહોહો... તે માધુરી; દિવ્ય; પ્રકાશમાન મૂર્તિને વિશે તો કાઈ અલૌકિક સુખ રહેલુ છે તો, તે સુખમાં જો આપણી દૃષ્ટિ પહોંચી જાય તો આ લોકના સુખમાં જરાપણ રાગ ન રહે. માટે આપણે સર્વેએ બહુ જ કાળજી રાખી ભજન વિશેષ કરવું.

બીજું આવો યોગ તો આ જ શ્રી હરિની અપાર દયાથી તથા પૂર્વજન્મના ભારે પુણ્ય પ્રતાપથી મળ્યો છે, તો આવા યોગને પામીને આ લોકના માયિક પંચવિષયના સુખનો ત્યાગ કરીને શ્રી હરિની મૂર્તિને વિશે આઠે પહોર જોડાઈ જવાય, ને તે શ્રી હરિની મૂર્તિને વિશે દિનપ્રતિદિન હેતની વૃદ્ધિ થાય, ને તે શ્રી હરિની માધુરી ; દિવ્ય; પ્રકાશમાન મૂર્તિના સુખ થકી આપણા અંતરમાં આઠે પહોર આનંદ, આનંદને આનંદના ઠંડા-ઠંઠા શેરડા પડ્યા કરે ને આ દેહને અંતે તે શ્રી હરિની હજુર સેવામાં રહી જવાય તો જાણે આપણો આ મનુષ્ય જન્મનો ફેરો સુફળ થયો કહેવાય.

બીજુ આપણે બબે ઘડી પાછી વૃત્તિ વાળીને નિરંતર વિચાર કરવો કે હું અહી શું કરવા આવ્યો છું, ને શું થાય છે, ને શ્રી હરિને કેવા કરીને પોતાની હજુર સેવામાં રાખવા છે, તે ઉપર નિરંતર અનુસંધાન રાખીને ચાલવું. તે જો આપણે બરાબર કાળજી રાખીને ચાલશું તો દયાળુ શ્રી હરિ જરૂર આપણા ભેળાં ભળીને આપણી સર્વ કસર ટળાવીને દેહને અંતે પોતાની હજુર

સેવામાં રાખશે. તો આપણે તે શ્રી હરિની મૂર્તિને વિશે અતિશય હેતની વૃદ્ધિ કરવી. ને સદાય સત્વગુણમાં વર્તવું. ને રજતમના વેગો આવવા ન દેવા.

બીજું આવા યોગને પામીને આપણે આળસ;પ્રમાદ; મોહનો ત્યાગ કરી સર્વ સુખના નિધિ; સર્વોપરી; શ્રી હરિની માધુરી મૂર્તિને વિશે જ અતિશય હેતની વૃદ્ધિ કરવી. એ જ આપણે સર્વએ આ સાચે શુદ્ધિ ભાવે સત્સંગ કરવાનું સાચુ ફળ છે. બાકી આ તો સર્વ સ્વપ્ના સમાન છે ને આ દેહ ક્ષણભંગુર છે. માટે જ્યાં સુધી આપણું શરીર સારુ છે ત્યાં સુધી આપણી સર્વે કસરો ટાળી નાંખવી ને તે કસરો ટાળવાને માટે દયાળુ શ્રી હરિએ આપણા ઉપર અપાર દયા કરીને કેવો આ લૌકિક; દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે. ને આવો યોગ મળ્યા છતા જો આપણી કસરો નહી ટાળીએ તો આપણા જેવા કોઈના અભાગ્ય ન કહેવાય.

માટે આપણે સર્વેએ શ્રી હરિનો અપાર, અપારને અપાર મહિમા સમજીને તેમને વિશે જ અતિશય પ્રેમ કરવો. પણ તે પ્રેમ કરવામાં આ સંસારરૂપ સમુદ્ર બહુજ અંતરાય કરે છે. તે જેમ સમુદ્રમાં મોટા, મોટા ખડકો હોય છે તે વહાણ તથા સ્ટીમ્બરો ચલાવનારા નાવીકો પોતાની માલીકીથી તે ખડકોમાં ન સપડાતાં સામે કિનારે વહાણ તથા સ્ટીમ્બરોને લઈ જાય છે. તેમજ આપણે પણ આ સંસારરૂપી સમુદ્રમાં કામ, ક્રોધ, લોભ આદિ ખડકોમાં ન સપડાતાં આપણી હોશીયારીથી નાવોને સામે કિનારે કે'તાં દેહને અંતે શ્રીજી મહારાજના અક્ષરધામરૂપી જે કિનારો ત્યાં જવાય ને શ્રી હરિની હજુર સેવામાં રહી જવાય તો જ

આપણે સર્વે સાચા ભક્તો થયા કહેવાઈએ. માટે આપણે સર્વેએ બહુ જ ચેતીને ચાલવું.

બીજું આવા અવસરને પામીને આપણા આત્માનું કલ્યાણરૂપ કાર્ય કરી લેવું એ જ મોટો લાભ છે. તો આપણે બહુ જ સાવધાની રાખવી ને વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવાય તેવી હોશીયારી મોક્ષના કાર્યમાં રાખવી.

કેમ કે, આ દેહનો એક ઘડીને નિર્ધાર નથી ; અચાનક આ લોકમાંથી જવાનું થાશે. ને દેહને અંતે આ લોકના પદાર્થ કાંઈપણ કામ નહી આવે. માટે આપણું શરીર સારુ હોય, સત્સંગનો સારો યોગ હોય ત્યાં સુધીમાં આપણી સર્વ કસરો ટાળીને ભગવાનની મૂર્તિને વિશે જ દિનદિન પ્રત્યે હેતની વૃદ્ધિ કરવી એ જ મોટો લાભ છે.

બાકી આ તો સર્વ ખોટુ છે. ને દેહને અંતે આ લોકના પદાર્થ કાંઈપણ કામ નહી આવે. માટે આપણે કાળજી રાખવી. તે આપણે કાળજી રાખીને ભગવાનનું ભજન બરાબર કરીશું ; તો દયાળુ શ્રી હરિ જરૂર આપણી સર્વ કસરો ટળાવી દેશે ને આ લોકમાં પણ સુખીયા કરશે. ને દેહને અંતે પણ શ્રી હરિ જરૂર અક્ષરધામમાં તેડી જાશે. ને પોતાની હજુર સેવામાં રાખશે.

તે અક્ષરધામમાં તો કાંઈ અલૌકિક; દિવ્ય સુખ રહેલું છે. તેનું તો શું વર્ણન થઈ શકે. માટે આપણે બહુ જ સાવધાની રાખી ભજન કરી લેવું.

બીજું આપણે આથી પહેલા અનેક અવતારો ધરી આવ્યા

છીએ. પણ આપણે બરાબર કાળજી રાખી ભજન નહી કર્યું હોય, તેથી મોક્ષ સંબંધી કાર્ય નથી થયુ તો આ જ શ્રી હરિએ બધો જ સારો યોગ આપણાને આપ્યો છે. માટે આપણે કાળજી રાખી ભજન વિશેષ કરવું.

બીજું આવા અવસરને પામીને આપણી સર્વ કસર ટાળીને; સર્વ સુખના નિધિ શ્રી હરિને જાણીને; તેમની માધુરી મૂર્તિને વિશે અતિશય હેતની વૃદ્ધિ કરવી ને તે મૂર્તિ વિના આ સંસારના ક્ષણિકને નાશવંત સુખના રાગો ટાળવાં કેમ કે, આ લોકના સુખ તો આપણે આથી પહેલા અસંખ્યાત અવતારોમાં ભોગવી આવ્યા છીએ. એ કાઈ દુર્લભ નથી. એ તો વિષ્ટાના ખાતલ કિડાને પણ મળે છે. તો આપણે બહુ જ કાળજી રાખીને ભગવાનનું ભજન કરવું.

કેવી રીતે તો જેમ મહા સમુદ્રમાં નાવ ચાલે છે. તે નાવિકો બહુ જ કાળજી રાખી નાવ ચલાવે છે. જો કાળજી ન રાખે તો સમુદ્રમાં ખડકોમાં નાવ અથડાઈ જાય ને નાવ તૂટી જાય. ને સામે કિનારે નાવ પહોંચે નહી. તેવી રીતે આ સંસારરૂપી મહાસાગરમાં આપણું જીવનરૂપી નાવ ચલાવવુ પણ તે સમુદ્રમાં ખડકો છે તેમ આ સંસારરૂપી સમુદ્રમાં કામ, ક્રોધાદિ રૂપી ખડકોમાં સપડાઈ જઈશું ; તો સામા કિનારાને ઠેકાણે અક્ષરધામની પ્રાપ્તિ ન પમાયે ; ને જન્મ મરણના ફેરા ભોગવવા જ પડે ને કેટલું બધું દુઃખ ભોગવવું પડે તે માટે આપણે આ દેહે કરીને સાચે શુદ્ધ ભાવે સંત્સંગ કરીને આપણી સર્વ કસર ટાળી નાખવી.

અને આને આ દેહે સાચે શુદ્ધ ભાવે ભજન કરી દેહને અંતે

અપાર ; અપારને અપાર જેમાં અલૌકિક દિવ્ય સુખ રહેલુ છે; એવું જે શ્રી હરિનું અક્ષરધામ તેમાં શ્રી હરિની હજુર સેવામાં રહી જવાય, તો જાણે આપણો આ માનવજન્મનો ફેરો સફળ થયો કહેવાય. માટે આપણે બહુ જ સાવધાની રાખવી ને વીજળીના ઝબકારામાં મોતી પરોવાય તેવી કાળજી રાખવી.

બીજું આવો સમય પાછો કોટી કલ્પે નહી મળ આવો સમય તો આ જ શ્રી હરિની અપાર દયાથી તથા પૂર્વના ભારે પૂણ્ય પ્રતાપથી આપણને મળ્યો છે. તો આવા યોગને પામીને આ લોકભોગમાંથી પાછી વૃત્તિ વાળીને સર્વ સુખના નિધિ શ્રી હરિને જાણીને તેમની માધુરી દિવ્ય,પ્રકાશમાન મૂર્તિને વિશે જ અતિશય હેતની વૃદ્ધિ કરવી.

ઓહોહો... તે દિવ્ય મૂર્તિને વિશે તો કાંઈ અલૌકિક ; દિવ્ય સુખ રહેલું છે, તેનું તો શું વર્ણન થઈ શકે. ને તે સુખમાં આપણી દૃષ્ટિ પહોંચી જાય તો આ સંસારના સુખ ઝેર જેવા થઈ જાયે.તો આપણે તે શ્રી હરિની મૂર્તિને જ સુખે સુખીયા રહેવું ; પણ આ લોકના સુખમાં ક્યાય પ્રિતિ ન રાખવી. કેમ કે આ લોકના સુખતો આપણે આથી પહેલા અસંખ્યાત અવતારોમાં ભોગવી આવ્યા છીએ. એ કાંઈ દુર્લભ નથી. પણ આવા સર્વ સુખના નિધિ શ્રી હરિની મૂર્તિનું સુખ મળવું તથા આવો દિવ્ય સત્સંગનો યોગ મળવો એ જ દુર્લભ છે. તો આપણે તે શ્રી હરિની મૂર્તિના સુખમાં દૃષ્ટિ પહોંચાડવી ને તે મૂર્તિ જ આપણું જીવન રહે. જેમ માછલાને જળ જ જીવન છે તેમ આપણે શ્રી હરિની મૂર્તિ જીવન થાયે ને આ સંસારના ક્ષણિક સુખના રાગો નિર્મૂળ થઈ જાયે ;

કેમ કે આ સંસારના સુખો તો આપણે આથી પહેલાં અસંખ્યાત અવતારોમાં ભોગવી આવ્યા છીયે, તો હવે શ્રી હરિનો અપાર; અપાર મહિમા સમજીને સર્વ સુખના નિધિ શ્રી હરિને જાણીને તેમની મૂર્તિને વિશે જ અતિશય હેતની વૃદ્ધિ કરવી. ને રજતમના વેગો આવવા ન દેવા. સદાય સત્વગુણમાં રહેવું.

બીજું આવો અમૂલ્ય લાભ પાછો કોટિકલ્પે નહી મળે. પણ આવો લાભ તો આ જ શ્રી હરિની અપાર દયાથી મળ્યો છે. તો હવે આપણે એવું મંડવું કે 'અર્થ સાધયામી કે દેહ પાતયામી' તો એવી કાળજી રાખી આપણે ભજન કરીશું તો દયાળુ શ્રી હરિ જરૂર આપણા ભેગા ભળીને આપણી સર્વ કસરો દબાવી દેશે. ને પોતાની દિવ્યમૂર્તિનું સુખ આપી દેશ. તો આપણે પણ તે સુખનો લોભ રાખીને ભગવાનની મૂર્તિ સંભારવામાં તથા તેમની આજ્ઞા બરાબર પાલન કરવામાં કાળજી વિશેષ રાખવી.

બીજુ આવા ચિંતામણિ તુલ્ય મનુષ્યદેહને આવા દિવ્ય સત્સંગમાં જન્મ પામીને આપણાં જીવાત્માનું મોક્ષ સંબંધી કામ કરી લેવું એ જ ખરો લાભ છે. બાકી આ દુનિયામાં આપણે ચાર દિવસ મુસાફરી કરવા આવ્યા છીએ. અને આપણાં જીવાત્માનું મૂળ વતનનું ગામ તો અક્ષરધામ છે. આપણાં જીવાત્માના ખરા સગા તો શ્રી હરિ તથા તેમના મુક્તો જ છે. એમ જાણીને આ લોકના પંચ વિષયના રાગો ટાળવા. અને તે રાગો ટાળવાને માટે શ્રીજી મહારાજે આપણાં ઉપર દયા કરીને દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે. ને શ્રી સ્વામિનારાયણ ભગવાને દયા કરીને આવા મંદિરો કર્યા છે ; આવા સત્શાસ્ત્રો કર્યા છે. તથા આચાર્યો મળ્યા છે

તથા સંતસમાગમનો યોગ આપ્યો છે. આવી રીતે શ્રીજી મહારાજે આપણાં ઉપર અપાર દયા કરીને જેવો જોઈએ તેવો સાનુકૂળ યોગ આપ્યો છે. તો આવા યોગને પામીને આપણી કસર બરાબર નહિ ટાળીએ; ને ભગવાનની મૂર્તિમાં બરાબર હેત નહિ કરીએ ને ભગવાનનો જેવો છે તેવો બરાબર મહિમા નહિ સમજીએ, તો આપણાં જેવા કોઈના અભાગ્ય કહેવાય નહિ. માટે આપણે હવે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી દિનદિનપ્રત્યે શ્રી હરિની મૂર્તિને વિશે હેતની વૃદ્ધિ થાય, ને શ્રી હરિની મૂર્તિ જ જીવન થાય. જેમ માછલાને પાણી જ જીવન છે તેમ આપણને શ્રી હરિની મૂર્તિ જ જીવન થાય. તેવી રીતે વર્તવાની આપણે કાળજી રાખવી. ને આપણે જો બરાબર કાળજી રાખીને વર્તશું. તો શ્રીજી મહારાજ તો એવા દયાળુ છે કે, આપણાં ભેળાં ભળી સર્વ કસર ટળાવી પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપશે. તો આપણે ભગવાન ભજવામાં અતિશય ખટકો રાખવો ને રજ, તમના વેગો આવવા દેવા નહિ. સદાય સત્વગુણમાં રહેવું ને ઉત્થાન ઓળખીને જ દરેક કાર્ય કરવું.

બીજુ આવો અમુલો લાભ પાછો કોટિ કલ્પે નહિ મળે આવો લાભ તો આજ જ શ્રી હરિની અપાર દયાથી મળ્યો છે તો આપણે એવું મંડવું કે અર્થ સાધ્યામી કે દેહપાતયામી. તો એવી કાળજી રાખીને આપણે ભજનકરીશું તો દયાળુ શ્રી હરિ જરૂર આપણા ભેળા ભળીને આપણી સર્વ કસરો ટળાવી દેશે. ને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપશે તો આપણે પણ તે સુખનો લોભ રાખીને ભગવાનની મૂર્તિ સંભારવામાં તથા તેમની આજ્ઞા બરાબર પાલન

કરવામાં, કાળજી વિશેષ રાખવી.

બીજુ ભજન કર્યા વિના આ જીવને ક્યાંય પણ સુખ કે શાંતિ મળતી નથી માટે સાવધાની રાખવી. બાકી આ લોકમાં તો આપણે વિદેશ કમાવાં આવ્યા છીએ.પણ આપણાં જીવાત્માનું મૂળ વતનનું ગામ તો અક્ષરધામ છે ને આપણાં ખરાં સગાં સંબંધી તો શ્રી હરિ તથા તેમના મુક્તો જ છે એવી ભાવના કેળવીને ઉપર થકી આ લોકની ફરજ બજાવવી.

તે જુઓ આગળ ગોવર્ધનભાઈ તથા પવર્તભાઈ, દાદાખાચર તથા શિવલાલભાઈ તથા મયારામભાઈ ભટ્ટ આદિ ઘણાંક શ્રી હરિના આશ્રિત હરિભક્તો હતાં તે સર્વ ઉપર થકી વ્યવહારિક કાર્ય કરતાં હતાં પણ અંતરમાં તે વ્યવહાર પેસવા દેતા ન હતા. તેવી જ રીતે આપણે પણ આ વ્યવહારિક કાર્યો યોગ્ય રીને કરવાં પણ અંતરમાં જગત ન ભરવું અંતરમાં તો એક શ્રી હરિની માધુરી મૂર્તિ જ રાખવી. ઓહોહો... તે દિવ્ય મૂર્તિને વિષે કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે. તેનું તો શું વર્ણન થઈ શકે. તો આપણે પણ તે દિવ્ય સુખનો લોભ રાખીને આ સંસારના ક્ષણિકને નાશવંત સુખમાંથી વાસના ટાળવી કેમ કે આ લોકના સુખ તો આપણે આથી પહેલા અસંખ્યાત અવતારોમાં ભોગવ્યા જ છે ને હજી ભગવાનના ધામમાં નહિ પહોંચાય ત્યાં સુધી જ્યાં જ્યાં જન્મ ધરીશું ત્યાં ત્યાં સર્વ ઠેકાણે મળશે એ કાંઈ દુર્લભ નથી. એ તો વિષ્ટાના ખાતલ કીડાને પણ મળે છે માટે આપણે બહુ જ સાવધાની રાખવી તે જુઓને આજે જગતમાં હળાહળ કળિયૂગ ચાલી રહેલો છે. તે જો આપણે જરાપણ ગાફલાઈ રાખશું તો

માયા તેજ વખતે પોતાના પંજામાં ખેંચી જાશે ને મોક્ષના માર્ગ થકી પાડી નાખશે, માટે આપણે સાવધાની રાખવી.

બીજુ **આવા સર્વોપરી સર્વ સુખના આપનારા,** સર્વાવતારી, શ્રી સ્વામિનારાયણ ભગવાન મળવા તથા આવો અલૌકિકને દિવ્ય સત્સંગનો યોગ મળવો એ તો આજે મળ્યો છે તે હરિની અપાર દયાથી તથા પૂર્વજન્મનાં ભારે પૂણ્ય પ્રતાપથી મળ્યો છે. તે કિર્તનમાં લખેલ છે કે, 'પૂર્વનું પુણ્ય ઉદય થયું જ્યારે,
સ્વામિનારાયણ મળીયા ત્યારે...'

તો આવા દયાળુ શ્રી સવામિનારાયણ ભગવાનને પામીને તેમનો દૃઢ આશરો રાખીને ; તથા તેમને વિશે પતિવૃતા પણાની નિષ્ઠા રાખીને; તથા તેમનો અપાર, અપાર મહિમા સમજીને તેમની માણીગર મૂર્તિને વિશે જ આઠે પહોર જોડાઈ જવાય, ને તે શ્રી હરિની માધુરી; પ્રકાશમાન દિવ્ય મૂર્તિના સુખ થકી આપણાં અંતરમાં આઠે પહોર આનંદ, આનંદને આનંદના ઠંઠા ઠંઠા શેરડા પડયા કરે, ને તે શ્રી હરિની મૂર્તિના સુખ થકી આપણાં અંતરમાં આઠે પહોર અહોઅહોપણું વર્ત્યા કરે; ને જેમ ચકોરપક્ષી ને ચંદ્ર જ જીવન છે. તેમ આપણાંને તે શ્રી હરિની મૂર્તિ જ જીવન થાય, તે આ દેહને અંતે તે શ્રી હરિની હજુર સેવામાં રહી જવાય એ જ આપણે સર્વેએ આ સત્સંગને પામીને કરી કરીને ખરૂં એ જ કરવાનું છે. તો આપણે પણ જાણપણારૂપ ધામને દરવાજે રહી આપણાં અંતરમાં તે શ્રી હરિની મૂર્તિ વિના બીજું કાંઈપણ પેસી ન જાય કહેતાં આપણું અંતર નિર્મળ રહે તેવી કાળજી રાખવી.

ને આપણે જો બરાબર કાળજી રાખીને મંડશું તો દયાળુ શ્રી હરિ આપણાને આ દેહને અંતે પોતાની હજુર સેવામાં રાખી દેશે. તો આપણે ખટકો રાખીને ભગવાનનું ભજન કરવું.

બીજું **મરી તો સર્વને જવાનું છે** ; પણ આવી રીતે ભગવાનનું ભજન કરીને પોતાનું જીવત્વ પુરૂં કરવું એ જ જીવ્યાનો મોટો લાભ છે. બાકી આ તો સર્વ ખોટું છે. તો આ લોક-ભોગાદિકમાંથી તથા દેહગેહાદિકમાંથી પાછીવૃત્તિવાળીને શ્રી હરિની મણીગર મૂર્તિને વિશે દિનપ્રતિદિન હેતની વૃદ્ધિ કરવી.

ઓ...હો...હો.... તે શ્રી હરિની માધુરી; પ્રકાશમાન; દિવ્ય મૂર્તિને વિશે તો કાંઈ અલૌકિક; દિવ્ય સુખ રહેલું છે ; તેનું તો શું વર્ણન થઈ શકે ! તે સુખ જો આંખનું એક મટકું ભરીએ તેટલીવાર લીધું હોય તો આ લોકના પંચવિષયના સુખો વારી ફેરી નાખી દઈએ. તેથી જ કિર્તનમાં લખેલ છે કે

'...વ્હાલા એ રસના ચાખડહાર
છાશ તે નવ પીયે રે લોલ...'

તો આપણે પણ તે શ્રી હરિની મૂર્તિના સુખના ભોક્તા થવાય; ને તે શ્રી હરિની મૂર્તિને વિશે જ આઠે પહોર ગુલતાનપણે જોડાઈ જવાય; તે જેમ માછલાને જળ જ જીવન છે. તેમ આપણાંને તે શ્રી હરિની મૂર્તિ જ જીવન થાય ; ને તે શ્રી હરિની મૂર્તિ વિનાં એક ક્ષણમાત્ર પણ ન રહેવાય; ને તે મૂર્તિના સુખ થકી આપણાં અંતરમાં આઠે પહોર અહોઅહોયલું વર્ત્યા કરે ને તે સુખ થકી આપણે આનંદ; આનંદ ને આનંદમાં સાગરમાં નાહ્યા કરીયે ને આ દેહને અંતે તે શ્રી હરિની હજુર સેવામાં રહી

જવાય એ જ. આપણે સર્વેએ કરી કરીને ખરૂં કરવાનું છે. માટે હાલતાં ચાલતાં, ખાતાં,પીતાં સર્વે શુભાશુભ ક્રિયાને વિશે નામીએ સહિત નામસ્મરણ કરવું. ને ઉત્થાન ઓળખીને જ દરેક કાર્ય કરવું.

બીજુ આવા સર્વોપરી ; સર્વવતારીને સર્વ સુખના આપનારા **શ્રી સ્વામિનારાયણ ભગવાન મળવા બહુ જ દુર્લભ છે.** તો આવા દયાળુ શ્રી હરિને પામીને તેમની માધુરી, પ્રકાશમાન; દિવ્ય મૂર્તિને વિશે અતિશય હેતની વૃદ્ધિ થાય ; ને આ દેહને અંતે તેમની હજુર સેવામાં રહી જવાય એ જ કરી કરીને ખરૂં કરવાનું છે. માટે આપણે આઠે પહોર તેમનો કેફ રાખીને આનંદમાં રહી ભગવાન ભજવા.

બીજુ અચાનક આ લોકમાંથી જવાનું થાશે ; ને મૃત્યુ કોઈની પણ વાટ નહિ જુએ. ને આ દેહને અંતે આ લોકના પદાર્થ કાંઈપણ કામ નહિ આવે. માટે જ્યાં સુધી આપણું શરીર સારૂ હોય સત્સંગનો સારો યોગ હોય ત્યાં સુધીમાં શ્રી હરિનો કેફ રાખીને આઠે પહોર આનંદમાં રહીને ભગવાનનું ભજન કરવુંએ જ આ મનુષ્ય જન્મનું ખરુ કર્તવ્ય છે.

બીજુ આ બ્રહ્માંડ રચાણું ત્યારથી કરીને આજ દિવસ સુધી આપણો આ જીવ માયામાં જ ભટકતો આવે છે. તેથી અંતરમાં જગત ભરાઈ ગયું છે. તો શ્રી હરિનો અપાર મહિમા સમજીને તથા સર્વ સુખના નિધિ શ્રી હરિને જાણીને તે મૂર્તિને વિશે અતિશય હેત કરવું તો જગત નીકળી જશે.

ઓ...હો....હો... તે શ્રી હરિની મૂર્તિને વિશે તો કાંઈ અલૌકિક

દિવ્ય સુખ રહેલું છે. તેનું તો શું વર્ણન થઈ શકે ! તો આપણે તે શ્રી હરિની મૂર્તિના સુખના ભોક્તા થવાય. એજ ખરો લાભ છે બીજુ મોરલી વાગે ને જેમ મણિધર સર્પ ડોલ્યા કરે; તેમ જ આપણે તે શ્રી હરિની મૂર્તિના સુખમાં ડોલ્યા કરવું. ને એમ જાણવું કે આ શ્રી હરિની મૂર્તિનું સુખ જ સાચું છે. બાકી આ લોકના સુખો તો ક્ષણિકને નાશવંત છે ને દેહને અંતે અપાર દુ:ખના આપનારા છે. ને તેની વાસના રહી જશે. તો જન્મ મરણના દુ:ખો ભોગવવા પડશે. માટે તે શ્રી હરિનો અપાર,અપારને અપાર મહિમા સમજીને તથા તે શ્રી હરિનો દૃઢ આશરો રાખીને આ લોકના રાગો ટાળવા.

બીજુ આવો ચિંતામણિતુલ્ય મનુષ્યદેહને પામીને આપણાં આત્માનું શ્રેય કરી લેવું એ જ મોટો લાભ છે. તો આપણે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી ભગવાન ભજી લેવા કેમ કે ભગવાનનું ભજન કર્યા વિના આ જીવને કોઈ ઠેકાણે સુખ કે શાંતિ થતાં નથી. ને આપણે આથી પહેલાં અસંખ્યાત અવતારો ધરી આવ્યા છીએ પણ ભગવાનનું બરાબર ભજન કરેલ નહિ હોય તેથી જન્મમરણનો ફેરો ટળ્યો નથી. તો આપણે આવા યોગને પામીને એવું મંડવું કે,

"અર્થ સાધ્યામિ કે દેહ પાત્યામિ"

તે આ દેહ ભલે પડી જાય પણ આપણા જીવાત્માના મોક્ષરૂપ કાર્ય કરી લેવું.

તો જો આપણે બરાબર કાળજી રાખીને મંડશું તો જરૂર દયાળુ શ્રી હરિ આપણાં ભેળાં ભળી આપણી સર્વ કસર ટળાવીને

પોતાના ધામમાં આ દેહને અંતે પોતાની હજુર સેવામાં રાખી દેશે. તો આપણે ધ્યાન ભજન વિશેષ કાળજી રાખીને કરવું. કેમ કે,ધ્યાન કર્યા વિના કારણ શરીરની વાસના ટળતી નથી. ને તે વાસના ટળ્યા વિના શ્રી હરિની હજુર સેવામાં રહેવાતુ નથી; કાં જે દેવની સેવા કરવી હોય તો પોતે દેવ જેવો થઈ સેવા કરે તો દેવ સેવા અંગીકાર કરે છે પણ અંતરમાં જગત ભર્યું હોયે તો દેવ સેવા અંગિકાર ન કરે માટે આપણા અંતરમાં જગત ભરવું નહી.

બીજુ ભગવાનનું ભજન કર્યા વિના **આ જીવને કોઈ ઠેકાણે સુખ કે શાંતિ થતી નથી.** અને આપણે આથી અગાઉ અસંખ્યાત અવતારો ધરી આવ્યા છીએ. પણ ભગવાનનું ભજન બરાબર નહીં કર્યું હોય તેથી આપણે મોક્ષની પ્રાપ્તિ કરી શક્યા નથી પણ આજે શ્રીજી મહારાજની અપાર દયાથી આપણને સત્સંગનો સાચો યોગ પ્રાપ્ત થયો છે. તો આપણે સર્વેએ સાચે શુદ્ધભાવે સત્સંગ કરીને જાણપણારૂપ ધામને દરવાજે રહીને આપણા અંતરમાં શ્રીજી મહારાજની મૂર્તિ વિના બીજું જગત પેસી ન જાય તે ખાસ કાળજી રાખવી. ઓહોહો... શ્રી હરિની મૂર્તિને વિશે તો અપાર દિવ્ય સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થઈ શકે તો આપણે પણ તે સુખનો લોભ રાખીને આ લોકના માયીક પંચવિષયના સુખોના રાગો ટાળવા.

બીજુ દેવોને પણ દુર્લભ મનુષ્યજન્મ આવા દિવ્ય સત્સંગમાં જન્મ પામીને આપણા આત્માનું આત્યંતિક કલ્યાણરૂપ કાર્ય કરી લેવું એજ મોટો લાભ છે. બાકી આ તો સર્વે સ્વપ્ના સમાન છે. માટે કાળજી રાખી ભજન કરવું કેમ કે આથી પહેલાં આપણે

અસંખ્યાત અવતારો ધરી આવ્યા છીએ. પણ ક્યાંય આવા સર્વોપરી ભગવાન મળ્યા નહીં હોય, આવો દિવ્ય સત્સંગનો યોગ પ્રાપ્ત નહી થયો હોય, તેથી આપણે આત્યંતીક 'કલ્યાણરૂપ કાર્ય કરી શક્યા નથી. ને આપણે જન્મમરણના ફેરા, ચોરાસી લાખ ગર્ભવાસ આદિના અસંખ્યાત દુ:ખો ભોગવ્યા હશે ને હજુ પણ જો આપણે જેવા છે તેવા શ્રી હરિનો નહી જાણીએ તથા સત્સંગનો મહીમા બરાબર નહીં જાણીએ તો જન્મમરણના ફેરા નહીં ટળે માટે હે ભાઈઓ ! આપ સર્વે સુજ્ઞ છો તો, આપણે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરવો, તથા કામ, ક્રોધલોભના વિકારોને આપણા હૃદયમાંથી નિર્મૂળ કરી નાંખવા ને અંતરમાં એક શ્રીજી મહારાજની પ્રકાશમાન માણીગર મૂર્તિ ને રાખવી ને આઠે પહોર તે મૂર્તિના જ સુખમાં ગુલતાન બની જવાય ને દેહને અંતે આપણે સર્વેએ તે શ્રી હરિની હજુર સેવામાં અક્ષરધામમાં રહી જવાય એજ આપણે સર્વેએ આ સાચે શુદ્ધભાવે સત્સંગ કરવાનું સાચું ફળ છે. તો આપણે સર્વએ ભગવાનનાં ભજન કરવામાં બહુજ કાળજી રાખવી.'

બીજું ભવ બ્રહ્માદિક દેવોને પણ દુર્લભ એવો આ માનવદેહ તેને આવા દિવ્ય સત્સંગમાં જન્મ પામીને આપણા આત્માનું કલ્યાણ કરી લેવું એજ માનવ જન્મનો મોટો લાભ છે. તો આપણે ભગવાનના ભજન કરવામાં ઘણી જ કાળજી રાખવી કેમ કે આપણે આથી અગાઉ અસંખ્યાત અવતારો ધરી આવેલા છીએ પણ ભગવાનનો જેવો છે તેવો મહિમા નહી સમજ્યા હોઈએ તથા ભગવાનની આજ્ઞા બરાબર પાલન નહિ કરી હોય

તેથી આપણે જન્મ-મરણના ફેરા ભોગવવા પડે છે. તો હવે આપણે શ્રી હરિનો અપાર મહિમા સમજીને સર્વ સુખના નિધિ શ્રીજી મહારાજને જાણીને તેમની માધુરી દિવ્ય મૂર્તિને વિષે જ અતિશય હેતની વૃદ્ધિ કરવી ને આ માયિક પંચ વિષયના સુખના રાગો ટાળવા કેમ કે માયિક પંચ વિષયના સુખો તો આપણે આથી અસંખ્યાત અવતારોમાં ભોગવી આવ્યા છીએ એ કાંઈ દુર્લભ નથી. એંતો વિષ્ટાના ખાતલ કીડાને પણ મળે છે તો એમાંથી રાગો ટાળવા ને ભગવાનની મૂર્તિને વિશે પ્રિતી કરવી.

બીજુ મરી તો સર્વેયે જવાનું છે. પણ આવી રીતે ભજન કરીને પોતાનું જીવીતવ્ય પુરૂ કરવું એ જ જીવ્યાનો મોટો લાભ છે. માટે કાળજી રાખી ભજન કરવું ને શ્રીજી મહારાજને એકદમ ચોખ્ખા કરીને દેહને અંતે પોતાના અક્ષરધામમાં આપણા સર્વેને તેડી જવાના છે. તે ગઢડા મધ્ય પ્રકરણના ૪૫ ના વચનામૃતમાં શ્રીજી મહારાજને કહેલ છે કે સર્વે સંતો બ્રહ્મચારી, ગૃહસ્થ, પાળા આદિ સર્વે સાવધાન રહેજો તમારા અંતરમાં કોઈ પ્રકારનો માયાનો લોચો રહેવા દેવો નથી. ને એકદમ ચોખ્ખા કરી મારા ધામમાં દેહને અંતે તેડી જવાના છે. તો જુઓ દયાળુ શ્રી હરિને કેટલી બધી દયા આપણા ઉપર છે તો આપણે પણ તેમની માણીગર મૂર્તિને વિશે દિન-દિન પ્રત્યે હેતની વૃદ્ધિ કરવામાં તથા આલોકના ક્ષણિકને નાશવંત ને અંતે અપાર કલેશને આપનાર એવા જે માયિક પંચવિષયના સુખોના રાગો ટાળવામાં કાળજી રાખવી. કેમ કે આ માયિક પંચવિષયના સુખો તો આપણે આથી અગાઉ અસંખ્યાત અવતારો ધરીને ભોગવી જ આવ્યા છીએ.

એ તો વિષ્ટાના ખાતલ કીડાને પણ મળે છે. એ કાંઈ દુર્લભ નથી. પણ આવા સર્વસુખના નિધિ શ્રી સ્વામિનારાયણ ભગવાન મળવા તથા આવો દિવ્ય સત્સંગનો યોગ મળવો એ જ દુર્લભ છે. તો આવા અતિ ઉત્તમ યોગને પામીને આપણી સર્વે કસરો ટાળી નાખવી. તે આપણે તીવ્ર શ્રદ્ધા રાખીને મંડીશુ તો દયાળુ શ્રી હરિ જરૂર આપણા ભેળા ભળી આપણી સર્વે કસરો ટળાવી પોતાની મૂર્તિનું સુખ આપશે. માટે આપણે બહુ જ કાળજી રાખી ભજન કરવું.

બીજું રાત્રે સુતી વખતે તથા સવારે ઉઠતી વખતે કે **અનુકૂળ સમયે પોતાના ત્રણ દેહના ભાવ ટાળી** પોતાના આત્માને અક્ષરધામ સાથે એકતા કરી શ્રીજી મહારાજની મૂર્તિનું ધ્યાન કરવામાં કાળજી રાખવી. કેમ કે ધ્યાન કર્યા વિના કારણ શરીરની વાસના ટળતી નથી. માટે તે પણ કાળજી રાખવીને દરેક વ્યવહારિક કાર્ય કરતા શ્રી હરિનું નામ સ્મરણ તથા મૂર્તિની સ્મૃતિ રાખવામાં કાળજી રાખવી.

બીજું આવો અમુલો વખત ભગવાન ભજવાનો કોટી કલ્પે મળે તેવો નથી. આવો અવસર તો આજ જ શ્રીજી મહારાજની અપાર દયાથી તથા પૂર્વેના ભારે પૂણ્ય પ્રતાપથી મળ્યો છે તો આવા અવસરને પામીને આપણે ભગવાનનું ભજન કરી લેવું કેમ કે આથી પહેલા આપણે ચોર્યાસી લાખ અવતારો ધરી આવ્યા છીએ. પણ આપણે જેવો છે તેવો ભગવાનનો મહીમા સમજ્યા નહી હોઈએ તેથી આપણો મોક્ષ થયો નથી. તો તેનો વિચાર કરીએ તો શું થાય કેમ કે સમય ગયો તે પાછો નથી

આવવાનો તો તેનો વિચાર ન કરતા આપણે ભગવાન ભજી લેવા ને હવે પછી ચોર્યાસી લાખ જન્મો ન ધરવા પડે તેવી કાળજી રાખવી. કેમ કે આથી અગાઉ આપણે ચોર્યાસી લાખ અવતારો ધરી આવ્યા છીએ ને હવે આપણે ચોર્યાસી લાખ અવતાર ધરવા નથી. તો આ માનવજન્મને પામીને આપણે એક કરોડ ને અણસઠલાખ જન્મની કસર આ જન્મે ટાળી નાખીને માયાના આવરણને ટાળીને પંચવિષયના રાગ માત્રને ટાળીને અષ્ટઆવરણ થકી પર એવું જે શ્રી હરિનું અક્ષરધામ તેમા અપાર-અપાર અને અપાર દિવ્ય અલૌકિક સુખ રહેલું છે તેને આ જન્મે જ પામવું છે. ને આ છેલ્લો જન્મ કરવાનો છે. તો આપણે સર્વ બહુજ કાળજી રાખી ભજન કરવું. મોટા સંતોએ લખેલ છે કે અર્થ સાધ્યામી કે દેહ પાત્યામી તો આપણે બહુ જ કાળજી રાખી ભજન કરવું તે આપણે કાળજી રાખી ભજન કરીશું તો દયાળુ શ્રી હરિ જરૂર આપણા ભેળા ભળી આપણી સર્વે કસર ટળાવી આપશે. તો આપણે બહુજ સાવધાની રાખવી. અને જાણપણારૂપ ધામને દરવાજે રહી આપણા અંતરમાં શ્રીહરિની મૂર્તિ વિના બીજુ પેસી ન જાય તે સાવધાની રાખવી. તે શ્રીજી મહારાજે ગઢડા મધ્ય પ્રકરણના ૪૫મા વચનામૃતમાં લખેલ છે કે સર્વે સંતો બ્રહ્મચારી, પાળા અને ગૃહસ્થો સાવધાન રહેજો તમારા અંતરમાં પંચભૂત આદિના વિકારો કઈ રાખવા નથી ને ચોખ્ખા કરીને અક્ષરધામમાં દેહને અંતે તેડી જાવા છે. તો શ્રી હરિનો એવો આગ્રહ છે તો આપણે પણ ભગવાન ભજવાનો તથા વિષયના રાગો ટાળવામાં અતિ આગ્રહ રાખવો અને તે

કસર ટાળવાને માટે દયાળુ શ્રી હરિયે આપણાને જેવો જોઈએ તેવો આ અમૂલો યોગ આપ્યો છે ને શિક્ષાપત્રી આદિ સત્શાસ્ત્રો તો દિવાદાંડીરૂપ આપણાંને આપ્યા છે તો આવા યોગને પામીને જો આપણે કસરો નહી ટાળીએ તો આપણા અભાગ્ય કહેવાય માટે આપણી કસર ટાળવામાં કાળજી રાખવી.

બીજું ભવ બ્રહ્માદિક દેવોને દુર્લભ એવો આ માનવદેહ તેને આવા દિવ્ય સત્સંગમાં જન્મ પામીને આપણા આત્માનું કલ્યાણ કરી લેવું એ જ માનવ જન્મનો મોટો લાભ છે. આવો સમય તો આજે જ શ્રી હરિની અપાર દયાથી તથા પૂર્વના પુણ્યના ભારે પ્રતાપથી મળ્યો છે તો હવે આપણે આ આવા યોગને પામીને આ લોકભોગમાંથી પાછી વૃત્તિ વાળી સર્વે સુખના નિધિ એવા શ્રીજી મહારાજને જાણીને તેમની મૂર્તિને વિશે દિનદિન પ્રત્યે હેતની વૃદ્ધિ કરવી તે શ્રી હરિની મૂર્તિને વિશે તો એવુ અપાર દિવ્ય સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થઈ શકે ? તો આપણે પણ એ સુખના ભોક્તા થવાય ને શ્રી હરિની મૂર્તિ જ આપણું જીવન બની રહે જેમ માંછલાને જળ જ જીવન છે તે જળ વિના એક ક્ષણ માત્ર પણ રહી શકે નહી તેવો પ્રેમ આપણે શ્રી હરિ પ્રત્યે કરવો અને તેના માટે દયાળુ શ્રીજી મહારાજે આપણાને જેવો જોઈએ તેવો દિવ્ય સત્સંગનો યોગ આપેલો છે. માટે આ યોગને પામીને આપણી દરેક કસર માત્ર ટાળી ભગવાનની મૂર્તિને વિશે હેત કરવું.

બીજું ભવબ્રહ્માદિક દેવોને દુર્લભ એવો આ માનવ દેહ તેને આવા દિવ્ય સંત્સંગમાં જન્મ પામીને આપણા આત્માનું કલ્યાણ

કરી લેવું એ જ માનવ જન્મનો મોટો લાભ છે. તો આપણે ભગવાનના ભજન કરવામાં ઘણી જ કાળજી રાખવી કેમ કે આપણે આથી અગાઉ અસંખ્યાત અવતારો ધરી આવેલા છીએ પણ ભગવાનનો જેવો છે તેવો મહિમા નહી સમજ્યા હોઈએ તથા ભગવાનની આજ્ઞા બરાબર પાલન નહી કરી હોય તેથી આપણે જન્મ મરણના ફેરા ભોગવીએ છીએ તો હવે આપણે શ્રી હરિનો અપાર મહિમા સમજીને સર્વ સુખના નિધિ શ્રીજી મહારાજને જાણીને તેમની માધુરી દિવ્ય મૂર્તિને વિશે અતિશય હેતની વૃદ્ધિ કરવી ને આ માયિક પંચ વિષયના સુખના રાગો ટાળવા કેમ કે માયિક પંચ વિષયના સુખો તો આપણે આથી અગાઉ અસંખ્યાત અવતારોમાં ભોગવી આવ્યા છીએ એ કઈ દુર્લભ નથી એ તો વિષ્ટાના ખાતલ કીડાને પણ મળે છે. તો એમાંથી રાગો ટાળવા.

બીજું આથી અગાઉ આપણે અસંખ્યાત અવતારો ધરી આવ્યા છીએ. ને જેટલું સમુદ્રનું પાણી છે એટલું માતાનું ધાવણ ધાવ્યા હોઈશુ ને જ્યારથી આ બ્રહ્માંડ રચાણું છે ત્યારથી આપણે માયાના જ વેપાર કર્યા હશે ને સતયુગમાં લાખ વર્ષની આયુષ્ય હતી તેમા પણ આપણો જન્મ હશે પણ ભગવાનનો જેવો છે તેવો મહિમા નહી સમજાણો હોય ને વાસના નિર્મૂળ નહી થઈ હોય તેથી જન્મ મરણના ફેરામાંથી આપણે મુક્ત થયા નથી તો હે ભાઈઓ ! આજે શ્રીજી મહારાજની અસીમ દયાથી કેવો આ અમૂલો વખત આપણાને પ્રાપ્ત થયો છે તો આવા યોગને પામીને આપણી સર્વે કસરો ટાળી નાંખવી ને દિન દિન પ્રત્યે શ્રી હરિની મૂર્તિને વિશે હેતની વૃદ્ધિ કરવી. ઓહોહો...તે મૂર્તિને વિશે તો કાંઈ

દિવ્ય અલૌકિક પ્રકાશમાન સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થઈ શકે. એ સુખ જો આપણે એકક્ષણ માત્ર લીધુ હોય તો એમ થાય કે મેં લાખો વર્ષ સુખ લીધું તો આપણે પણ તે સુખનો લોભ રાખીને આલોકના ક્ષણિકને નાશવંતને અંતે અપાર ક્લેશના આપનારા એવા જે પંચવિષયના સુખ તેના રાગો ટાળવા અને સર્વ સુખના નિધિ શ્રી હરિની માણીગર મૂર્તિને વિશે અતિશય પ્રેમ કરવો એ જ માનવ જન્મનું ખરુ કર્તવ્ય છે બાકી આ તો સર્વ ખોટુ છે માટે સાવધાની રાખવી.

બીજુ આથી પહેલા આપણે અનેક અવતારો ધરી આવ્યા છીએ પણ ભગવાનનો જેવો છે તેવો મહિમા સમજ્યા નથી ને ભગવાનની મૂર્તિને વિશે અતિશય હેત કર્યુ નથી ને આ લોકના રાગો નિર્મુળ કર્યા નથી તેથી આપણે જન્મ મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ તો આજે દયાળુ શ્રી હરિએ આપણને આવો અલૌકિક દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે તો આવા યોગને પામીને આ લોક ભોગમાંથી પાછી વૃત્તિ વાળીને સર્વ સુખના નિધિ શ્રીજી મહારાજને જાણીને તેમની મૂર્તિને વિશે અતિશય હેતની વૃદ્ધિ થાય અને તે વિના આલોકના રાગો નિર્મૂળ થઈ જાય ને દેહને અંતે શ્રીજી મહારાજની સેવામાં રહી જવાય તો જાણે આ માનવ જન્મનો ફેરો સફળ થયો કહેવાય માટે સાવધાની રાખવી.

બીજુ દયાળુ શ્રી હરિ પોતાના આશ્રિતોની જરૂર સર્વે પ્રકારે સહાયતા કરી જ રહેલા છે ને સદાય કરશે તો આપણે તેનો કેફ રાખી આઠે પહોર આનંદમાં રહી ભગવાન ભજવામાં કાળજી

રાખવી કેવી રીતે તો જેમ મોટા સંતો ભગવાનને રાજી કરવા માટે ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ નિયમો બરાબર પાલન કરી ભગવાનની માધુરી દિવ્ય પ્રકાશમાન મૂર્તિનું ધ્યાન ભજન બરાબર કાળજી રાખીને કરે છે તો તેમના અંતરમાં ભગવાન સાક્ષાત્ પ્રગટ થઈને પોતાની દિવ્ય માધુરી પ્રકાશમાન મૂર્તિનું સુખ નવીન નવીન આપે છે. ને તે મૂર્તિના સુખમાં તલ્લીન બની જાય છે. ને તે મૂર્તિના સુખમાં ગુલતાન બની જાય છે. અને તે મૂર્તિના સુખ વડે તેમના અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડે છે ને તેમના અંતરમાં આનંદ આનંદ ને આનંદ વર્ત્યા કરે છે ને આનંદના સાગરમાં નાહ્યા કરે છે. ઓહોહો એ મૂર્તિનું તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થઈ શકે ! તો જુઓ આવા એકાંતિક સંતો ભગવાનને રાજી કરવા માટે આવો દ્યખડો કરે છે તેથી કેવું અલૌકિક દિવ્ય ભગવાનની મૂર્તિનું સુખ ભોગવે છે. તો આપણે પણ ભગવાનને રાજી કરવાને માટે ભગવાનની આજ્ઞાઓ બરાબર પાલન કરવામાં તથા ભગવાનની મૂર્તિનું ધ્યાન ભજન કરવામાં શ્રદ્ધા વૃદ્ધિ પમાડવી એ જ આ મનુષ્ય જન્મનું સાચુ ફળ છે. તો આપણે સર્વેએ કાળજી રાખવી ને દયાળુ શ્રીજી મહારાજે આપણા ઉપર દયા કરીને કેવો આ દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે ને વળી દીવાદાંડીરૂપ શિક્ષાપત્રી આદિ શત્શાસ્ત્રો આપ્યા છે તે દીવાદાંડીને આધારે સ્ટીંમ્બરો આદિ સમુદ્રમાંથી સામે કિનારે પહોંચી આવે છે તો આપણે પણ સંસાર સાગરરૂપ સમુદ્રને તરીને અક્ષરધામરૂપ કિનારે દેહને અંતે પહોંચી જવાય તો જાણો કે આ આપણા માનવ જન્મનો ફેરો

સુફળ થયો કહેવાય, માટે આપણે ભગવાન ભજવામાં કાળજી રાખવી.

બીજું મરી તો સર્વને જવાનું છે પણ આવી રીતે ભજન-ભક્તિ કરીને પોતાનું જીવીતવ્ય પૂરૂ કરવું એ જ આ માનવ જન્મનો ખરો લાભ છે. માટે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી દિન-દિન પ્રત્યે ભગવાનની દિવ્ય, પ્રકાશમાન મૂર્તિને વિશે અતિશય હેત થાય એ જ મોટો લાભ છે. બાકી આ તો સર્વ સ્વપ્ન સમાન છે. વળી વિજળીના ઝબકારા જેવો આ લોક છે. માટે એમા ક્યાંય બંધાઈ ન જતા સર્વે સુખના નિધિ શ્રીજી મહારાજને જાણી તે માણીગર, પ્રકાશમાન મૂર્તિને વિશે અતિશય સ્નેહ થાય એ જ મોટો લાભ છે. ને વિજળીના ઝબકારામાં મોતી પરોવાય તેવી સાવધાની મોક્ષ કરવામાં રાખવી તે કિર્તનમાં લખ્યું છે કે "ધન-જોબન ને આવર્દાનો ન કરીએ નિર્ધાર, વિજળીના ઝબકારાની પેઠે જાતા ન લાગે વાર" આપણે અગાઉ ચોર્યાસી લાખ અવતારો ધરી આવ્યા છીએ પણ ક્યાંય આવા ભગવાન, ક્યાંય આવા સંતો, ક્યાંય આવા હરિ ભક્તો મળ્યા નહી હોય, ને જો મળ્યા હશે તો આપણે બરાબર યોગ કર્યો નહી હોય, નહીંતર તો આપળે સર્વે દેહને અંતે ભગવાનના અક્ષરધામમાં જરૂર ભગવાનની સેવામાં રહી ગયા હોત પણ તેનો વિચાર ન કરતા હવે આપણે કાળજી રાખી ભજન કરવું તો ભગવાન સારૂ કરશે.

બીજુ આપણે આપણા ઇષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનને વિશેજ સર્વોપરી પતિવૃતાના જેવી દ્રઢ નિષ્ઠા રાખવી આ સ્વામિનારાયણ ભગવાન છે તે રામકૃષ્ણાદિક અવતારોથી મોટા

છે ને આ સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે તે વચનામૃત મધ્યપ્રકરણના ૯/નામાં કહેલ છે કે સર્વ અવતારનાઅવતારી સર્વોપરી ભગવાન મને મળ્યા છે. તેને વિશે જ પતિવૃત્તાની ટેક રાખવી ને તે ભગવાનને સદા સાકાર જાણવાને બીજા અવતાર જેવા પણ ન જાણવા ને આવી વાર્તા કયારેય સાંભળી નથી ને સાંભળશું પણ નહીં. આ વાર્તા તો ન ભૂતો ન ભવિષ્યતી છે કે આ વાર્તા ભુતકાળમાં થઇ ન હતી ને ભવિષ્યકાળમાં પણ થાશે નહીં માટે આ સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી જાણી તેમને વિશે જ દ્રઢ નિષ્ઠા રાખવી ને તેમનું ભજન વિશેષ કરવું.

બીજુ ગઢડા છેલ્લા પ્રકરણના ૧૬ના વચનામૃતમાં કહેલ છે કે **પોતાને જે સ્વરૂપ મળ્યું હોય તેને વિશેજ પતિવૃત્તાના જેવી ટેક રાખવી**ને તે સ્વરૂપ ને બીજા અવતાર જેવા પણ ન જાણવા તેમાં કહેવાનું કે આપણા ને આવા સર્વ અવતારના અવતારી સર્વકારણના પણ કારણ એવા સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે તેને વિશે જ પતિવૃત્તાની ટેક રાખી તે મુર્તિનું જ ધ્યાન ભજન કરવું પણ બીજા અવતારનું ધ્યાન ભજન કરવું નહીં બાકી તો સ્વામિનારાયણ ભગવાને અનેક ભક્તોના મોક્ષાર્થે રાધાકૃષ્ણ દેવ, નરનારાયણ દેવ, લક્ષ્મીનારાયણ દેવ, રાધારમણ દેવ, મદનમોહન દેવ આદિ સ્વરૂપો ને પધરાવ્યા છે. તેને આપણે માનવા - પુજા - દર્શન કરવા કોઈની નીદા ન કરવી પણ ધ્યાન ભજન તો સ્વામિનારાયણ ભગવાન નું જ કરવું તેમાં જે મુર્તી આપણાને પ્રિય લાગે ને જેમાં આપણા મનનીવૃત્તિ સ્થિર થાયે એવા ઘનશ્યામ મહારાજ તથા હરિકૃષ્ણ મહારાજ અથવા સ્વામિનારાયણ ભગવાનની તે મુર્તિનું

જ ધ્યાન ભજન કરવું.

બીજુ ગૃહસ્થના પાંચ નિયમો કહ્યાં છે જે દારૂ ન પીવો, ઈંડા તથા માંસ ન ખાવા, ચોરી ન કરવી, જુગાર ન રમવો ને પર સ્ત્રી સંગ ન કરવો. આ પાંચ નિયમો પાલન કરવામાં કાળજી રાખવી ને ગ.પ્ર.પ્ર.ના ૩૪માં વચનામૃતમાં ગૃહસ્થો ને યોગ્ય રીતે ગૃહસ્થોના નિયમ પ્રમામે બ્રહ્મચર્ય વ્રત પાલન કરવાનું લખ્યું છે તે વાંચીને તે પ્રમાણે વર્તવું અને ગ.પ્ર.પ્ર.ના ૧૮માં વચનામૃતમાં લખેલ છે કે આહાર વિહાર શુદ્ધ રાખવો તે આહાર શુદ્ધ કયારે કહેવાય કે પોતા ને ઘેર અનાજ સાફ કરી, પાણી, દુધ, ઘી, તેલ ગાળીને ભગવાનને સંભાળી ને જે રસોઇ બનાવી હોયે તે ભગવાનને થાળ ધરાવીને જમીએ તે આહાર શુદ્ધ કહેવાયે ને તે પ્રમાણે ન કરીએ ને બજારૂ મીઠાઇ જે સાટા - જલેબી, લાડુ આદિ અને ગાંઠીયા, ભજીયા ભેળ પુરી, દાબેલી આદિ બજારૂ મીઠાઇ ખાઈયે ને ડુંગળી - લસણ - હીંગ આદિ વસ્તુ જો આપણે ખાઇએ તો આપણી બુદ્ધિ મલીન થઇ જાએ. અને અંતરમાં ભજન કરવામાં આનંદ ન આવે માટે તે પણ ન ખાવા.

બીજુ શ્રીજી મહારાજે શિક્ષાપત્રી અને સત્સંગીજીવનમાં લખેલ છે કે **સત્સંગીયોએ બ્રાહ્મમુર્તમાં જાગી જવું** ને બ્રાહ્મમૂર્ત કોને કહેવાયે તો સવારે ૪। થી ૫ વાગ્યા સુધી બ્રાહ્મમુર્ત કહેવાયે તો તે વખતે જાગી નાહી પુજા પાઠ કરવા. પુજા માટે પુજા પેટી આપણી નોંખી રાખવી કેટલાક માણસો પુજા પેટી ન રાખે ને ઘરે મુર્તિ હોય તેની પાસે બેસી માળા આદિ કરે તે માળા આદિ કરે તેનું પુન્ય થાયે પણ તે પુણ્ય ઘરની સ્ત્રીયોને મળે પુરૂષને એ

પુણ્ય ન થાયે એ પુણ્ય ઘરના બાઇયોને મળે માટે પુરુષોએ પોતાની પુજાની પેટી નોંખી રાખી નોખી પુજા કરવી.

બીજુ સવારે - બપોરે - સાંજે અને ચાર વાગે રાત્રે સુતી વખતે એમ પાંચ વખત માનસી પુજા કરવી ને સંજોગોવસાત પાંચ વખત ન થાય તો ત્રણ વખત તો જરૂર કરવી તે ત્રણ વખત ક્યા તો સવારે પૂજા કરીયે ત્યારે, બપોરે જમીયે ત્યારે, સાંજે જમીયે ત્યારે એમ ત્રણ વખત માનસીપૂજા કરવી ને સવારે ઉઠીયે ત્યારે કે રાત્રે સૂઈયે ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું તથા દિવસના પણ આપણાને અનુકૂળતા પ્રમાણે ધ્યાન કરવું તે ધ્યાન કરવાથી મનની સ્થિરતા થાયે માટે ધ્યાન કરવું. તે ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળી જાયે છે. બીજુ જમતી વખતે વાતો કરવી નહીં ને સ્વામિનારાયણ ભગવાનનું કોળીયે કોળીએ નામ લઇને જ જમવું પણ વાતો ન કરવી ને જમતી વખતે વાતો કરીએ તો પાપ લાગે છે. એમ શાસ્ત્રમાં લખેલ છે. બીજુ સુતી વખતે એમ ધારવું કે મારી પાસે મારા ભગવાન સુતા છે એમ ધારીએ તો બીજા વિચારો ન આવે ને ખરાબ સ્વપ્નુ પણ ન આવે.

બીજુ મંદિરનો કે આચાર્યો ને કે સંતોનો કે **હરિભક્તો આદિ કોઇનો અવગુણ ન લેવો** સર્વેમાંથી સારા ગુણ લેવા ને સારા સત્પુરુષનો સમાગમ કરવો સારા હરિભક્તો સાથે સત્સંગ કરવો પણ અસત પુરુષ કે કુસંગીનો સંગ ક્યારેય ન કરવો એ ખાસ કાળજી રાખવી તે શાસ્ત્રમાં લખેલ છે કે સંગની શુદ્ધિ ને નિરદોષ બુદ્ધિ રાખવી ને આપણા સર્વેના ગુરુના ગુરુસ્વામિનારાયણ ભગવાન છે તેને વિશેષ જ પતિવૃત્તાની ટેક રાખી જેટલું બને

તેટલું ભગવાનનું ભજન વિશેષ કરવું બીજુ આપણા દેશના જે આચાર્ય હોય તેમની પાસે થી જ ગુરૂમંત્ર લેવો ને તે ગુરૂમંત્રની માળા સવારે પુજા કરીએ ત્યારે એક કે બે કે પાંચ માળા ફેરવવી. બીજુ આ સંસારમાં રહ્યા તેને સુખ-દુઃખ આવે તેમાં જ્ઞાને કરીને સુખિયા રહેવું ને સારા સંત નો સમાગમ કરી આપણી કશર ટાળવી અને જ્ઞાને કરીને સુખિયા રહેવું. બીજું આપણા ને આવા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન મળ્યા, આવા આચાર્યા મળ્યા, આવા સંતો મળ્યા તે નો કેફ રાખી આનંદમાં રહી ભગવાનનું ભજન કરવું. બીજું મોટા સંતોએ ને શાસ્ત્રમાં લખેલ છે કે આપણા અંતરમાં શાંતિ વર્તતી હોય અને શાંતિથી ભગવાનનું ભજન થતું હોય તો એમ જાણીએ કે મારા ઉપર મારા ભગવાન, મારાગુરૂ, મારા માતા-પિતા આદિ રાજી છે અને જો આપણા અંતરમાં અશાંતિ વર્તતી હોય તો એમ જાણવું કે મારા ઉપર મારા ઇષ્ટદેવ ભગવાન અને મારા ગુરૂ તથા મારા માતા-પિતા રાજી નથી. તે આ અંતર જોવાનું મીટર છે માટે આપણે સદાય આનંદમાં રહી ભજન કરવું. ક્યારેય અશાંતિ થાયે તેવું વર્તન કરવું નહીં, ને શ્રીજી મહારાજની આજ્ઞા બરાબર પાલન કરવી. બીજુ મોટા સંતોએ લખેલ છે કે તારા સુખ તો તુજને શોધે તે જો આપણે ભગવાનનું ભજન બરાબર કરીયે એ ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરીએ તો આપણા સુખ આપણાને શોધતા જ આવે છે. બીજુ શિક્ષાપત્રીમાં કહેલ છે કે આ પ્રમાણે જે વર્તે તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેને નિશ્ચે પામે છે. માટે આપણે તે નિયમ પ્રમાણે વર્તવામાં કાળજી રાખવી. બીજુ આજ તો શ્રીજી

માણસને મારતો નથી અને ને સામે..... હાથ-પગને ચાટે છે તે સાંભળી રાજા ત્યાં આવ્યા ને તે પેલા માણસને પાંજરામાંથી બહાર કાઢ્યો ને તે રાજાએ તે માણસને પુછ્યું કે તને આ વાઘે કેમ માર્યો નહીં ને સામુ તારા હાથ-પગ ચાટે છે. આવી તે તારા પાસે શું વિદ્યા છે કે આ વાઘે તને માર્યો નહીં કેમ કે આ વાઘ તો ગમે તે માણસ આવે તેને મારી નાખે છે પણ તને કેમ માર્યો નહીં તે સાંભળી પેલો માણસ બોલ્યો કે હે રાજન મારા પાસે કોઇ એવી વિદ્યા નથી પણ એક સમય આ વાઘના પગમાં કાંટો વાગ્યો હતો તેથી તે વાઘના પગમાંથી કાંટો મે કાઢ્યો હતો તેથી વાઘ મને ઓળખી ગયો તેથી મને તે વાઘે માર્યો નહીં. તે સાંભળી રાજા રાજી થયા ને રાજાના મનમાં થયું કે, આ માણસ નિર્દોષ છે એમ જાણી તે માણસને છોડી મુક્યો. આમાં આપણે શું લેવાનું કે આ માણસે વાઘના પગમાંથી કાંટો કાઢ્યો તેથી તે વાઘે તે માણસ નો કેટલો બધો પક્ષ રાખ્યો કે તેને માર્યો નહીં. તેમ આપણું કોઇએ કાઇ સારૂં કર્યું હોય તે ઉપકાર ક્યારેય ભૂલવો નહીં તેમ જ આપણા ઉપર ભગવાને કેટલો ઉપકાર કરીને આપણાને આ મનુષ્ય જન્મ આપ્યો. વળી સત્સંગનો યોગ આપ્યો, વળી પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવી તો કેટલો બધો ભગવાને આપણા ઉપર ઉપકાર કર્યો તે ઉપકાર આપણે ક્યારેય ભુલવો નહીં કેમ કે, આ વાઘના પગમાંથી કાંટો કાઢ્યો તેથી તે વાઘે તેને માર્યો નહીં તેવી રીતે આપણે આપણા ભગવાનનો ક્યારેય ઉપકાર ભુલવો નહીં.અને તે ભગવાનનું ભજન કરવું અને તે ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવી. તો ભગવાન

મહારાજ પોતાના લાકડવાયા પ્રેમી ભક્તો ઉપર એટલા બધા અઢળક ઢળ્યા છે તે સત્યયુગમાં પણ આવા અઢળક નહોતા ઢળ્યા એથી વિશેષ ભગવાન પોતાના પ્રેમી ભક્તો ઉપર આજ અઢળક ઢળ્યા છે. માટે આપણે તેનો કેફ રાખી આનંદમાં રહી ભજન કરવું તે લખ્યું છે કે સાચાને સોઘાં ઘણા નથી મોઘા થયા મહારાજ ખોટાને ન જડે ખોડતા કે તે સમયકે વળી આજ માટે આજે શ્રીજી મહારાજ પોતાના સાચા ભક્તો ઉપર ખુબ જ રાજી છે. બીજુ એક સમય રસ્તામાં ચાલતા વાંઘના પગમાં કાંટો વાગ્યો હતો તેથી તે વાઘ રસ્તામાં જે જાયે તેને પોતાનો પગ દેખાડે પણ વાઘ પાસે કોઇ જાયે નહીં પણ એક માણસ રસ્તામાં ચાલ્યો જતો હતો તે વાઘને જોઇને એમ થયું કે આ વાઘના પગમાં કાંઇક વાગ્યું છે તે હિંમત કરીને તે વાઘ પાસે ગયોને વાઘના પગમાં મોટો કાંટો વાગ્યો હતો. તે માણસે તે વાઘનો કાંટો કાઢી ચાલ્યો ગયો પછે ઘણાંક વરસ થયા તે ગામના રાજાએ તે વાઘને પાંજરામાં રાખ્યો ને તે રાજયમાં જે કોઇ માણસ ગુનો કરે તેને તે રાજા વાઘના પાંજરામાં નાખે તેથી તે વાઘ માણસને મારી નાંખે એમ કરતાં ઘણાક મહિના થયા તે જેણે આ વાઘનો કાંટો કાઢ્યો હતો તે જરા કાંઇ કારણસર થોડો ગુનામાં આવ્યો તેથી તે માણસને પણ રાજાએ વાઘના પાંજરામાં નાંખ્યો પણ આ વાઘ આ માણસને ઓળખી ગયો કે આ માણસે મારા પગમાંથી કાંટો કાઢયો હતો તેથી તે વાઘ આ માણસના હાથ ચાટે, પગ ચાટે પણ જરા પણ આ માણસને માર્યો નહીં તે વાત રાજાને ત્યાંના કાર્ય કરતાએ કહી કે હે રાજન આ વાઘ આ

પોતાના ભક્તને સર્વ પ્રકારે સુખીયા કરે છે.

બીજું **આપણાને પણ માયા રૂપી કાટા** જે કામ, ક્રોધ, લોભ, મોહ માયા આદિ અનેક પ્રકારના કાંટા લાગ્યા છે તે આ માયારૂપી કાંટા આપણાને આ સૃષ્ટિનું મંડાણ થયું ત્યારથી આ કાંટા વાગ્યા છે. તે કાંટા એવા તો આ જીવમાં ગુસી ગયા છે તે જેવા તેવા હથિયારથી આ માયારૂપી કાંટા નીકળતા નથી પણ આપણા પ્રિય આપણા દયાળુ સ્વામિનારાયણ ભગવાન પોતાના લાડ કવાયા ભક્તના જીવમાંથી આ માયારૂપી કાંટા કાઢવા માટે અક્ષરધામથી એવા તો જાદુગારા હથિયાર જે ધર્મ, જ્ઞાન, વૈરાગ અને ભકતી આ ચાર જાદુગારા હથિયાર આપણા માટે લાવ્યા છે તે આ ચાર જાદુગારા હથિયારથી આ માયા રૂપી કાંટા જરૂર નીકળી જાયે છે તે દયાળુ આપણા ઇષ્ટ દેવ સ્વામિનારાયણ ભગવાન આપણાને મળ્યા છે તે આપણે ભગવાનનો આસરો દ્રઢ રાખવો ને આ માણીગર મૂર્તિને વિશે જ દીનદીન પ્રત્યે અતિસય હેત કરવું ને તેમની આજ્ઞા બરા બર પાલન કરવી તો જરૂર દયાળુ ભગવાન આપણને ખૂબ જ સુખીયા કરશે.

બીજુ એક રાજા હતા તેનું ચક્રવેણું નામ હતું. તે સાદાયથી પોતાના કુટુબનો વ્યવહાર ચલાવે ને ભગવાનની ભક્તિ કરે ને સત્યથી પોતાનું રાજ્ય ચલાવે. રાજ્યમાં જે વસ્તીમાંથી કરવેરાના રૂપિયા આવે તે વસ્તીના કામમાં વાપરે પણ પોતાના વ્યવહાર કાર્યમાં તે રૂપિયા વાપરે નહીં ને પોતાની જમીન હતી તે જમીન બીજા પાસે ખેતી કરાવેને તેમાંથી અનાજ આદિ આવે તેમાંથી પોતાના કુટુંબનો વ્યવહાર ચલાવે. અને તે રાજાની રાણી પણ

સાદાઇથી ચાલે બહુ સારા ભભકાદાર કપડા ન પહેરે ઘણા દાગીના ન પહેરે ને તે પણ સાદાઇથી જીવે એમ વર્તવાથી તે રાજા અને તેમનું કુટુંબ ખુબ જ સુખી ને આનંદથી વ્યવહાર ચલાવે અને તે રાજા પણ સત્યથી સારી રીતે ચલાવે કોઇની પાસેથી ખોટા રૂપિયા લે નહીં. ખુબજ સત્યથી રાજ ચલાવે તેથી તેમની પ્રજાના માણસો પણ બહુ જ રાજી થતાં કે આ રાજા કોઇની પાસેથી ખોટા રૂપિયા લેતા નથી. તેથી તે પ્રજાના માણસો રાજાનો કરવેરો થાય તે સામેથી આપી જાએ. એ સત્યથી રાજ્ય ચલાવતાને ખુબજ સુખીયા હતા. એક સમય તે ગામના મોટા શેઠને ઘેરથી શેઠાણી સારા સારા ફેન્સી કપડા તથા સારા સારા ઘણાક ઘરેણા પહેરીને તે રાજાની રાણી પાસે આવ્યાને તે આ રાજાની રાણીને આ શેઠાણી કહે અરે તમો રાજાની રાણી કહેવાયો. તે આવા સાદા કપડા પહેરો છો. દાગીના પણ બહુ પહેરતા નથી તે આ બરાબર ન કહેવાયે. જો અમે તમારી વસ્તી કહેવાઇએ તો મને તો શેઠ જો આવા સારા સારા કપડા લઇ આપે છે. આવા ફેન્સી મને ઘણાક દાગીના લઇ આપે છે અને તમને આ રાજા કેમ કપડા તથા દાગીના લઇ નથી આપતા એમ કહી થોડી વાતો કરીને તે શેઠાણી ચાલ્યા ગયા. આ શેઠાણીની વાત સાંબળી આ રાજાની રાણીને મનમાં થયું કે આવડુ મોટુ રાજ્ય, આવડા મોટા રાજા તેની રાણી હું કહેવાઉં ને સારા સારા કપડા અને સારા સારા ફેન્સીદાગીના હું પણ પહરું એમ મનમાં દ્રઢ નિશ્ચય કર્યો કે આજે રાજા આવે તેમને આ વાત કહી દાગીના અને સારા વસ્ત્રોની વાત કહ્યું બપોરનો ટાઇમ થયો રાજા ઘેર જમવા

આવ્યા. રાજાએ જમી લીધા પછી આ રાજાની રાણી રાજા પાસે કહેવા લાગ્યા કે આપણા ગામની વસ્તી જે શેઠાણી તે સારા સારા કપડા પહેરે, સારા સારા ફેન્સી દાગીના પહેરે ને હું તમારી રાણી તે મને કોઇ સારા કપડા પહેરવા ન મળે, સારા દાગીના પહેરવા ન મળે તે બરાબર નહીં. માટે મને સારા કપડા અને સારા ફેન્સી દાગીના લઇ આપો. તે સાંભળી રાજાએ તે રાણીને સમજાવ્યું કે જોઓ આપણે આ સાદાઇથી આપણી ખેતીમાંથી આપણુ ઘર ચલાવીએ છીએ. તેથી જુઓ તમને અને મને કેવી અંતરમાં શાંતી છે માટે આપણે આ સાદાઇથી જીવીએ છીએ. તે સારૂ છે. માટે તમો આવી હઠ ન કરો તો સારૂ. એમ રાજાએ શાંતિથી સમજાવ્યું. પણ આ રાણીને તો પેલા શેઠાણી ખુબ જ કહી ગયા હતા. તેથી આ રાણીને મનમાં સંતોષ ન થયો ને કહે મારે તો સારા કપડા અને દાગીના જોઇએ જ તે સાંભળી ફરી રાજાએ શાંતિથી સમજાવ્યા પણ આ રાણી સમજ્યા નહીં ને કહે મારે તો દાગીના અને સારા વસ્ત્રો જોઇએ. તેથી તે રાજા સમજી ગયા કે આ સ્ત્રી હઠ છે તે સમજશે નહીં માટે એને સારા કપડા અને સારા દાગીના લઇ આપવા પણ આ રાજા તો રાજ્યમાં કોઇની પાસેથી રૂપિયા લેતા નહીં. તેથી પોતા પાસે તે દાગીના તથા કપડા લેવાના રૂપિયા હતા નહીં. તેથી પોતાના કારભારીને બોલાવ્યા અને તે કારભારી ને તે રાજાએ કહ્યું કે આપણા ગામમાં સારા સોની પાસે જાઓ ને કહો કે આ રાજાએ આટલા દાગીના મંગાવ્યા છે તે આપો તે સાંભળી કારભારી સોની પાસે ગયા ને આ સોનીને રાજાના દાગીનાની વાત કરી પણ આ

સોનીને ખબર કે આ રાજા રૂપિયા રાખતા નથી તો આ દાગીના ના રૂપિયા ક્યાંથી આપશે ? તેથી તે સોનીએ દાગીના આપ્યા નહીં પછી તે રાજા કારભારીને કહે જાઓ. આ ગામમાં કપડાની સારી દુકાન છે ત્યાં જાઓ ને આવા સારા સારા કપડા લઇ આવો. તે સાંભળી કારભારી કપડાની દુકાને ગયા અને આ રાજાએ કપડા મંગાવ્યા છે તે આપો પણ આ કપડા વાળાને પણ ખબર હતી કે આ રાજા કાંઇ રૂપિયા રાખતા નથી તેથી તે કપડાવાળાએ પણ કપડા આપવાની ના પાડી પછી આ બંને વેપારીઓનીવાત સાંભળીને રાજાએ વિચાર કર્યો કે આ વેપારીઓ કપડા તથા દાગીના આપતા નથી અને આ રાણી કહે કે મને કપડા તથા દાગીના લઇ આપો પછી રાજાએ પોતાના સત્યને બળે સંકલ્પ કર્યો કે આ કિલ્લો આખો સોનાનો બની જાઓ. તેથી કિલ્લો સોનાનો બની ગયો અને બીજો સંકલ્પ કર્યો કે આ કિલ્લાની પાસે મોટી મોટી કપડાની દુકાનો બની જાઓ તેથી તે દુકાનો પણ બની ગઇ, ત્રીજો સંકલ્પ કર્યો કે કબુતરને ચણ નાખ્યું તે કબુતરો ચણ ખાવા આવ્યા ને રાજાએ સત્યને બળે સંકલ્પ કર્યો કે કબુતરો ચણ ચણે નહીં તે કબુતરો સ્થિર થઇ ગયા કોઇએ ચણ ચણ્યું નહીં આ બધુ જોઇને ત્યાના વેપારીઓ તથા બીજા માણસો તથા રાણી આ બધુ જોઇને આશ્ચર્ય પામી ગયા અને કહેવા લાગ્યા કે ઓહોહો આટલો બધો આ સત્યનો પ્રતાપ છે. તેથી દાગીના વાળા સોની વેપારી કહે હું જેટલા દાગીના જોઇએ તેટલા આપું. કપડાવાળા વેપારી કહે હું જેટલા જોઇએ તેટલા કપડા આપું. પછી રાજાએ સત્યના બળે વળી સંકલ્પ કર્યો

કે આ સોનાનો કિલ્લો પેલા હતો તેવો જ થઇ જાય. બીજો સંકલ્પ કર્યો કે કપડાની દુકાનો બંધ થઇ જાય. ત્રીજો સંકલ્પ કે પક્ષી ચણ ચણો. આ રાજાના સત્યને બળે કિલ્લો પેલા હતો તેવો થઇ ગયો. કપડાની દુકાનો હતી તે બધી અદ્રશ્ય થઇ ગઇ, પક્ષી જે કબુતરો ચણ ચણવા મંડ્યા. આ બધુ આશ્ચર્ય જોઇને બધા માણસો વાતો કરવા લાગ્યા કે અહો આટલું બધુ આ રાજાનું સત્ય છે ને સત્ય રાખવાથી આટલો બધો ફાયદો થાય છે. આ બધુ જોઇ રાણીના મનમાં થયું કે ઓહોહો... આ સત્યનો આટલો બધો પ્રતાપ છે. બસ હવે મારે ઘરેણા જોઇતા નથી તથા સારા સારા ફેન્સી કપડા પણ જોઇતા નથી ને પેલા જેમ સાદાઇથી ચાલતા હતા. તેવી રીતે વર્તવા મંડ્યા. તેથી તે રાણીને બહુ જ શાંતિ થઇ અને આ રાજાનું આવું સત્યનું બળ જોઇને સત્ય રાખવાથી શું થઇ શકે છે. તથા શું ફાયદો થાય છે. એ રાજાનું આવું વર્તન જોઇને ઘણાક માણસો સત્યને માર્ગે ચાલવા લાગ્યા. આમાંથી આપણે શું લેવાનું કે અહો આ રાજા આવા સત્યને સાદાઇથી ચાલતા ને રાજ્ય કરતા તો કેટલો બધો ફાયદો થયો.અને ભગવાનને કેટલું બધુ તે રાજાનું માન રાખ્યું. તે સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે આવા ભક્ત મને વ્હાલા છે તેવું મને બીજુ કાંઇ વ્હાલું નથી. તે મોટા સંતોએ કહેલ છે કે,

"સાચાને સોંઘા ઘણા નથી મોંઘા થયા મહારાજ,
ખોટાને મળે ખોળતા, કે તે સમય કે વળી આજ "

આમા કહેવાનું કે સાચા જે ભક્ત હોય તેની ભગવાન સર્વ પ્રકારે રક્ષા કરે છે. જુઓ આ રાજાની કેટલી સહાય કરી માટે

આપણે સત્યના માર્ગે ચાલવું અને ભગવાનની આજ્ઞા બહાબર પાલન કરીએ તો જરૂર ભગવાન તે ભક્તની સહાય કરે જ ને કરશે જ.

બીજુ એક પરોક્ષ ભગવાનના સંતે લખ્યું છે કે,

" ઉત્તર દેશથી સાહેબો આવશે, કાંકરીયે દેરા તાણસે,
પાંચની મંડળી બનાવશે ને રેલ્વે લાવશે "

એ આ ભજન હજુએ પરોક્ષના ભક્તો ગાયે છે. પણ એને ખબર નથી કે ઉત્તર દેશમાં જે છપૈયામાં સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થઇ ગુજરાત, કચ્છ, કાઠીયાવાડમાં આવ્યા ને કાંકરીયે તંબુ તાણીને બ્રાહ્મણોની ચોરાસી કરી પાંચ સંતોની મંડળી બાંધી ને રેલ્વે પણ આવી ગઇ પણ જગતના બીચારા જીવો ને ખબર નથી કે આ **ભગવાન આવી ગયા પણ તેના પુન્ય નથી** તેથી તે ભગવાનની વાટ જુવે છે.પણ આપણા તો મોટા ભાગ્ય કે આપણાને આવા આગળ ભાખી ગયા એવા સ્વામિનારાયણ ભગવાન મળી ગયા છે તેનો દ્રઢ આશરો રાખી આનંદમાં રહી ભજન કરવું તો શ્રી હરિ જરૂર આપણને સુખીયા કરશે જ.

બીજુ એક સારા ભગવાન ના **ભક્ત હતા તે ક્યારેય પણ ક્રોધ ન** કરે. તેની ગામમાં ઘણાક લોકોને ખબર પડી કે આ માણસ ક્રોધ નથી કરતા તેથી તેની આ દુનિયામાં બહુજ કિર્તી વધીને કેટલાક તેની કિર્તી ન દેખી શકે તેથી ઇર્ષ્યા કરવા લાગ્યા અને બે - પાંચ અડબગીયો તેની પાસે આવીને જેમ તેમ બોલે, ગાળો આપે, તોફાન કરે તો પણ આ ભક્ત કયારેય ક્રોધ ન કરે. પછી તેને આ માણસોએ પુછ્યું કે તમો જે આ આટલી બધી ગાળો

આપીએ છીએ. તો તમોને કાંઇ થતું નથી ? ત્યારે તે બોલ્યા કે, તમોએ મને ગાળો આપી હતી. તો તે જ વખતે એ ગાળો તમને પાછી આપી દીધી. મારા પાસે તો એ ગાળો છે જ નહીં તો મને શું થાયે પછી તે જમતા હોય તેમાં ધુળ નાંખી દે તો તે જમવાનું નાંખી દે પણ ક્યારેય ક્રોધ ન કરે. પછી આ એક એડબગી આ ભક્ત ભગવાનની પુજા કરતા હતા તે પુજાની મુર્તિયો ઉપર બેસી ગયા, તો પણ આ ભક્તે ક્રોધ ન કર્યો, ને બોલ્યા કે અહોહો.. તમારો તો ભગવાન પ્રત્યે બહુ પ્રેમ કે ભગવાન ઉપર તમો બેસી ગયા તમારો બહુ ભગવાન પ્રત્યે પ્રેમ આટલું બધુ કર્યું તો પણ તે ભક્તે કયારેય ક્રોધ ન કર્યો. તે જોઇ આ અડબગી માણસો શરમાઇ ગયાને આ ભક્તની માફી માંગી કે તમો ખરા ભગવાનના ભક્ત. અમારા ગુના માફ કરજો. આમાં કહેવાનું કે આ અડબગીયોએ કેટલું કર્યું તો પણ જરાયે ક્રોધ ન કર્યો આપણે પણ ક્રોધ કયારેય ન કરવો કેમ કે, શાસ્ત્રમાં કહેલ છે કે લાખો રૂપિયાનું દાન કરે ને તે જો એકવાર ક્રોધ કરે તો તે સર્વે પુન્યનો ક્ષય થઇ જાય છે. માટે આપણે કયારેય ક્રોધ ન કરવો. ને જો આપણે ક્યારેય ક્રોધ ન કરીએ તો ભગવાન આપણા ઉપર રાજી થાય અને સુખિયા કરે.

બીજુ ગુરુને શિષ્ય પૂછે છે કે હે ગુરુ મહારાજ **હું ભગવાનની મુર્તિ જોવાનો ઘણો દાખડો કરું છું.** પણ મારા હૃદયમાં ભગવાન દેખાતા નથી. ગુરુ તે શિષ્યને કહે છે કે આ બ્રહ્માંડ આખુ અંતરમાં ભર્યું છે તેથી ભગવાન ક્યાંથી દેખાય. વળી શિષ્ય પુછે કે હા,ગુરૂ મહારાજ એ બધુ નીકળી જાય અને ભગવાનની

મુર્તિ હૃદયમાં દેખાય એવી મારા ઉપર દયા કરો ત્યારે ગુરુ કહે તું મનમાં મનમાં સ્વામિનારાયણ ભગવાનનું અખંડ નામ લેવા નો અભ્યાસ કરશો તો જરૂર જગત નીકળી જશે ને ભગવાન અખંડ રહેશે પછી તે શિષ્યે એવી રીતે અભ્યાસ કર્યો તેથી જગત નીકળી ગયું ને અંતરમાં ભગવાન રહ્યા. તેવી જ રીતે આપણે ભગવાન ભજવાનો અભ્યાસ કરીએ તો આપણા અંતરમાં પણ અખંડ ભગવાન રહે.

બીજુ સ.ગુ.ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે **કરોડે રૂપિયા ખર્ચતા પણ આવા સ્વામિનારાયણ ભગવાન મળતા નથી** પણ આપણા અનેક જન્મના પુણ્ય વળે આ સ્વામિનારાયણ ભગવાન આપણાને મળ્યા છે. તેનો મહીમા સમજવો તે નિષ્કુળાનંદ સ્વામિએ સાર સિદ્ધી ગ્રંથમાં લખેલ છે કે સારમાં સાર છે હરિની મુર્તિજી. તેમાં જેણે રાખી મન ચિંતવૃત્તિજી તે ખરા કહીએ સંત મહામતીજી મહામતી તે સંત ખરા જે મુકે નહીં મહારાજની મુર્તિ અખંડ રાખે ઉર વિશે જાણી કમાણી મોટી અતી જે અખંડ ભગવાન અંતરમાં રાખે તેજ ખરા સંત અને ખરા ભગવાનના ભક્ત કહેવાય. અને વચનામૃત પ્ર.પ્ર.ના ૧ પેલામાં કહેલ છે ભગવાનની મુર્તિમાં અખંડ વૃત્તિ રાખવી તે કઠણમાં કઠણ સાધન છે ને અખંડ વૃત્તિ જે રાખે તે જ મોટી પ્રાપ્તિ છે. માટે આપણે ભગવાનની મુર્તિની અખંડ સ્મૃતિ રાખવાનો અભ્યાસ રાખવો તે મહારાજે વચનામૃત પ્ર.પ્ર.નાં.૨૦મા કહ્યું છે કે કયે દહાડે કરવા મંડ્યા ને ન થયું જે ભક્ત કાળજી રાખી આવી રીતે ભગવાનની મુર્તિમાં અખંડ વૃત્તિ રાખવાનો અભ્યાસ કરે તો

જરૂર અખંડવૃત્તિ રાખી શકે ને ભગવાન એવા ભક્ત ઉપર દયા કરે જ છે ને તે ભક્ત ઉપર ભગવાન ખુબ જ રાજી થાય છે.

બીજુ નિષ્કુળાનંદ સ્વામીએ પુરુષોત્તમ પ્રકાશના ગ્રંથમાં લખ્યું કે

'આનંદ આપ્યો અતિ ઘણો રે આ સમામાં અલબેલ પુરુષોત્તમ પ્રગટી રે,

અમૃતના સીધુ ઉલટયા રે રંગડાની વાળી છે રેલ પુરૂષોત્તમ પ્રગટી રે.'

આમાં કેવાનું શું કે, આવા હળાહળ ઘોર કળીકાળમાં સ્વામિનારાયણ ભગવાન અક્ષરધામથી પધારીને પોતાના લાડકવાયા પ્રેમી ભક્તોને ખુબ જ સુખિયા કર્યા અહો આપણા કેટલા મોટા ભાગ્ય કે આપણા ને આવા દયાળુ સ્વામિનારાયણ ભગવાન મળ્યા તો તેને વિશે જ પતિવૃત્તાની ટેક રાખી જેટલું બને તેટલું ભગવાનનું ભજન વિશેષ કરવું. એ જ મોટો લાભ છે.

બીજુ સ્વામિએ કિર્તનમાં લખ્યું કે

'કોઇ કોઇનું નથી રે અલ્યા નાહકના કાં મરો મથી મથી રે'

આના ઉપરથી આપણે શું લેવાનુ કે આ જીવનું સાચુ સગુ ભગવાન સિવાય કોઇ નથી આ દુનિયામાં આવે ત્યારે માતા થાય, પિતા થાય, દિકરા થાય આ બધુ થાય પણ આ લોકમાંથી અચાનક જવાનું થાય ત્યારે માતા-પિતા કે દિકરા આદિ કોઇ આ દુનિયામાં આવતું નથી. એક ભગવાન જ આ જીવના સાચા સંગા છે. એમ જાણી ભગવાનની માધુરી મુર્તિમાં જ અતિશય

હેત કરવું અને આ સંસારના સંગાસબંધિમાં ઉપરથી હેત રાખવું પણ ભગવાનના જેવું બીજે ક્યાય હેત ન રાખવું અને ભગવાન જ આપણા જીવ ના સાચા સંગા છે.

વળી સ્વામીએ કિર્તનમાં કહ્યું કે

'જેને જોઇએ તે આવો મોક્ષ માગવા આજ ધર્મ વંશી ને દ્વાર નર-નારી રે લોલ

જે ને જોઇએ તે આવો મોક્ષ માગવા રે લોલ'

તે આ કીર્તનનો એ અર્થ છે કે, હે ભાઇઓ જેને જોઇએ તે આવો મોક્ષ માંગવા આજ ધર્મવંશીને દ્વાર તે ધર્મદેવના પુત્ર ઘનશ્યામ મહારાજ.

તે ઘનશ્યામ મહારાજની માધુરી પ્રકાશમુર્તિને વિશે જ અતિસય હેત કરવું તો જરૂર આપણો મોક્ષ થઇ જશે અને વળી ધર્મવંશી જે આપણા બંને દેશના આચાર્યો તેમની પાસેથી ગુરુમંત્ર લેવો ને બે દેશની ગાદીની સ્વામિનારાયણ ભગવાને સ્થાપના કરી. તે બે દેશની ગાદી સિવાય બીજે જ્યાં ત્યાં માથા ભટકાવવા નહીં. તે સ્વામિએ કિર્તનમાં લખ્યું છે કે

'ભુડા સીદને ભટકો છો મત પંથમાં રે લોલ,

આવો સત્સંગ મેલીને મોક્ષ રૂપ જેને જોઇએ તે આવો મોક્ષ માગવા રે લોલ'

આહોહો... આવો અલૌકીક દિવ્ય સત્સંગ આપણા ને મળ્યો છે. તેનો કેફ રાખી આનંદમાં રહી મરમાળી માધુરી મુર્તિ જે ઘનશ્યામ મહારાજની તેમાં જ અતિશય હેત કરવું. તે એ માણીગર મુર્તિને વિશે જો હેત રાખશું તો જરૂર આપણો મોક્ષ થઇ જશે.

એમાં જરા પણ શંકા નથી. અને બીજે જયા ત્યાં માથા ભટકાવવા નહીં.

બીજુ મોટા સંતે કિર્તનમાં લખ્યું છે કે,

' બાંય ઝાલીને તાણી લીધી બારણે, નહીં તો વહી જાતીતી કયાંયની કાય,

અલબેલે જાઉં ધર્મ કુંવરને વારણે રે '

આ કિર્તનમાં આપણે શું લેવાનું કે આપણા બધાએ આ સૃષ્ટિનું મંડાણ થયું ત્યારથી કરી ને આજ દીન સુધી આપણે બધાયે માયા રૂપી મહાન મોટી નદીમાં તણાતા હતા. પણ આપણા પ્યારા જે ઘનશ્યામ મહારાજને આપણા ઉપર બહું જ પ્યાર છે તેથી આપણા ને તે માયારૂપી નદીમાંથી હાથ ઝાંલીને તે માયામાંથી બહાર કાઢી ને સત્સંગરૂપી નાવમાં બેસાડી દીધા. તે મોટા સંતોએ લખ્યું છે કે,

'નાવ નવિન નાંગરીયું છે વ્હાલે,

બેસો તો થઇ જાશો ભવ પાર.'

તેમાં કહેવાનું કે અક્ષરધામથી દિવ્ય સત્સંગરૂપી નાવ જે સ્ટીમ્બર અથવા વાણ તે લાવ્યા. તે જો આપણે સાચે શુદ્ધભાવે સત્સંગરૂપી નાવમાં બેસી જાશું, કહેતાં સાચે ભાવે સત્સંગ કરીશું. તો જરૂર ભવપાર એટલે ભવ એટલે સંસાર રૂપી સમુદ્ધ તરીને સામે કિનારે જે અક્ષરધામ તેને દેહને અંતે આપણે જરૂર પામીશું, એમાં જરા પણ શંકા નથી. તે મોટા સંતોએ કિર્તનમાં લખ્યું છે કે,

'મારે જાવું સામે તીર, સંતો જાવુ સામે તીર'

તે સામે તીર એટલે કે કિનારે. આપણે સામે કિનારે જે અક્ષરધામ તેને દેહને અંતે જરૂર પામવું છે. તે જો આપણે સાચે ભાવે ભગવાની ભક્તિ - ભજન કરીશું તથા તે ભગવાનની આજ્ઞા બરાબર પાળીશું તો જરૂર દયાળુ ઘનશ્યામ મહારાજ પોતાના અક્ષરધામમાં દેહને અંતે આપણાને તેડી જાશે. માટે આપણે તેનો કેફ રાખી આઠે પહોર આનંદમાં ભજન કરવું.

"બીજુ સ્વામીએ કિર્તનમા કહેલ છે કે,

'રે સગપણ હરિવરનું સાચુ,

બીજુ સર્વે ક્ષણ ભંગુર કાચુ રે'

તેમાં આપણે શું લેવાનું કે **સાચુ સગપણ ભગવાનનું છે.** બીજા સગપણ આપણે અનેક જન્મ થયા કરતાં આવ્યા છીએ. એ દેહ પુરો થાયે એટલે એ સગપણ પુરું થઇ જાય. પણ ભગવાનનું સગ પણ છે તે જ સાચુ છે. તો આપણે સાચે ભાવે ભગવાન જે આપણા ઇષ્ટદેવ સ્વામિનરાયણ ભગવાનને વિશે અતિશય પ્રિતી કરવી અને આ લોકના સગાસબંધી જે સ્ત્રી - પુત્ર આદિ હોય. તેમાં ઉપરથી વ્યવહારીક ફરજ બજાવવી પણ સાચો પ્રેમ તો ભગવાન ને વિશે જ કરવો.

બીજુ સ.ભૂમાનંદ સ્વામીએ કિર્તનમાં કહેલ છે કે,

'જુવો જીવ મોહ નિદ્રામાંથી જાગી રે,

વરી એને થાઓ અખંડ સોહાગી રે.'

આમાં આપણે શું લેવાનું કે, સ્વામી આપણા સર્વેને કહે છે હે જીવ, હે ભક્ત તું સંસાર રૂપી મોહ નિદ્રામાં સુતે લો છે. તો તુ જાગ ને આ મોહ નિદ્રાનો ત્યાગ કરીને ભગવાનનું ભજન કર.

તેમાં કહ્યું કે ભગવાન સાથે વરી એટલે ભગવાનને વિશે અતિશય પ્રેમ કર ને તે ભગવાન સાથે પ્રેમ કર. 'વરી એને થાઓ અખંડ સોહાગી' ભગવાન સાથે પ્રેમ થાય તો આપણા જન્મ - મરણના ફેરા ટળી જાય. ને દેહને અંતે ભગવાનની હજુર સેવામાં રહી જવાએ. એટલે આપણા જન્મ-મરણના ફેરા ટળી જાયે ને આ દુનિયામાં ફરી આવવું ન પડે. એટલે ભગવાનનો અખંડ સોહાગ રહે. તો આપણે સર્વે ભગવાન ભજવામાં તથા આ લોકની મોહ માયાને ટાળવામાં બહુ જ કાળજી રાખવી તે આપણે કાળજી રાખી ભજન કરીશું તો જરૂર આપણા ભેળા ભગવાન ભળી આપણી સર્વે કસર ટળાવી પોતાની હજુર સેવામાં રાખશે.

બીજુ સ્વામીએ લખ્યું છે કે,

'વ્હાલે સત્યુગ સમ ધર્મ સ્થાપીયો,
ટાળ્યા નિજજનના મનથી મદ માર.'

આમાં આપણે શું લેવાનું કે સ્વામિનારાયણ ભગવાને આવા હળાહળ કળીયુગમાં સત્યુગ જેવા સધર્મની સ્થાપના કરી ને પોતાના લાડકવાયા પ્રેમી ભક્તોના કામ આદિ દોષોને જ્ઞાનરૂપી હથિયાર વડે મારીને કાઢી નાંખ્યા. અહો આ કામ આદિદોષો જે સત્યુગમાં માણસો ટાળી ન હોતા શક્યા તે દોષો આજે સ્વામિનારાયણ ભગવાને પોતાના પ્રેમી ભક્તોના ટળાવીને પોતાના ભક્તોને સુખીયા કર્યા. એવા દયાળુ સ્વામિનરાયણ ભગવાન આપણાને મળ્યા છે તો ખરેખર આપણા અહો ભાગ્ય છે તેનો કેફ રાખી આનંદમાં ભજન કરવું.

વળી મોટા સંતોએ લખ્યું કે,

'સંત, ચંદન બાવ ના કામ ધેનુ **કલ્પતરૂ સાર સમાગમ સંતનો**,

એક પારસથી રે પારસ બને એક પારસથી હેમ હોય સમાગમ સંતનો,

એક તલભર તાતા તેલમાં ફરી તેલ તાતુ નવ થાયે સમાગમ સંતનો'

વળી શાસ્ત્રમાં લખ્યું કે ત્રીશ લક્ષણે યુક્ત જે સંત હોય તે બાવના ચંદન જેવા કહેવાય. તે બાવનું ચંદન એટલું બધુ સીતળ જે ઠંડુ હોય. જે લાખો મણ લાકડા સળગાવી ને તેલ ને તપાવ્યું હોય પણ આ બાવના ચંદનની એટલી બધી શીતળતા હોય તે તલભાર જેટલું તે બાવનું ચંદન તે કળકળતા તેલમાં નાખે તો તે એટલું બધુ શીતળ જે ઠંડુ થઇ જાય અને ગમે તેટલા લાકડા બારે પણ તે તેલ તપે નહી. તથા કામધેનુ ગાય કલ્પવૃક્ષ ઝાડ આદિ હોય તે કામધેનુ ગાય હોયે તે સંકલ્પ કરે તે તેને મળી જાયે અને કલ્પવૃક્ષ ઝાડ પાસે જે સંકલ્પ કરે તે મળી જાયે છે. આમાં આપણે શું લેવાનું કે, જે ત્રીસ લક્ષણે જે સત્પુરુષ હોય અને બાવના ચંદન કરતા તથા કામ ધેનુ ગાય કરતા અને કલ્પવૃક્ષ કરતાં પણ આવા ત્રીસ લક્ષણે યુક્ત જે સંતનનો સમાગમ અધિક છે. તે વડતાલના વચનામૃત ૧૯ માં કહેલ છે કે આ જીવને ભરતખંડમાં મનુષ્યનો અવતાર આવે ત્યારે ભગવાન અથવા ભગવાનના સંત જરૂર વિચરતા હોય. તે આપણે વડતાલ દેશ અને અમદાવાદ દેશ એમ બંને દેશમાં સંતો ઘણા છે. તેમાં આવા ત્રીસ લક્ષણે યુક્ત સંતોને ઓળખીને તેનો મન ક્રમ વચને

પ્રેમથી સમાગમ કરવો. તો આપણી જરૂર સર્વે કસરો ટળી જશે. તે શિક્ષાપત્રીમાં પણ લખેલ છે. નિત્ય પ્રત્યે આવા સંતનો સમાગમ કરવો વળી બ્રહ્માનંદ સ્વામીએ કિર્તનમાં કહેલ છે કે,

'સંત સમાગમ કીજે હો નીશ દીન,
સંત સમાગમ કીજે' "

ત્રીસ લક્ષણે યુક્ત જે સત્પુરુષનો સમાગમ કરીએ તો જરૂર આપણો સર્વનો મોક્ષ થાય છે. માટે આપણે એવા ત્રીસ લક્ષણે યુક્ત સંતનો સમાગમ કરી આપણો મોક્ષ કરી લેવો.

બીજુ સાચા એકાંતિક ભક્ત હોય તે અખંડ ભગવાનની મુર્તિની સ્મૃતિ રાખે ને તે આવા એકાંતીક ભક્ત જે હોયે તેને એક ક્ષણમાત્ર પણ ભગવાનની મુર્તિ ભુલાયે તો બહુ જ શોક કરે, કેવી રીતે તો જેમ લાખો રૂપિયાનો હિરો ખોવાઇ જાય તો માણસ કેટલો બધો શોક કરે તેમ આવા એકાંતીક ભક્ત જે હોય તે ક્ષણમાત્ર ભગવાન ભુલે તો બહુ જ શોક કરે તે આમાં આપણે શું લેવાનું કે એકાંતીક ભક્ત જરાવાર પણ ભગવાનની મુર્તિ ભૂલી જાય તો બહુ જ શોક કરે તેવી રીતે આપણે પણ દરેક ક્રિયામાં ભગવાનની મૂર્તિ સંભાળવી. એવો અભ્યાસ કરવો કે ક્ષણમાત્ર પણ ભગવાન ભૂલવા નહીં, એ આપણે ખાસ કાળજી રાખવી.

બીજુ સારંગપુરના દસના વચનામૃતમાં કહેલ છે કે બાર વૃત્તિથી જોઇએ તો ભગવાનનું ધામ ભગવાનની મુર્તિ લાખો કે કરોડો ગાઉ દુર છે ને અંતર વૃત્તિથી જોઇએ તો એક અણુ માત્ર પણ દુર નથી તો આપણે અંતરવૃત્તિ રાખીને દરેક કામ કરવું ને

ભગવાનને ભેળા રાખવા, જરાવાર પણ ભગવાન - ભુલવા નહીં તે આપણે કાળજી રાખી ભજન કરીશું તો ભગવાન આપણા ઉપર રાજી થાશે.

બીજુ મોટા સંતો એ કહેલ છે કે નામીયે સહિત ભગવાનનું નામ લેવું ને નામી વીના એવું કે વર વિનાની જાનને પુત્ર વિનાનું પારણું નામીયે સહિત નામ લેવું એટલે શું કે આપણે સ્વામિનારાયણ ભગવાનનું નામ લઇએ તો આપણા ઇષ્ટ દેવ સ્વામિનારાયણ ભગવાનના દર્શન થાય. આપણે ઘનશ્યામ મહારાજનું નામ લઇએ તો ઘનશ્યામ મહારાજ દર્શન આપે અને આપણે હરિકૃષ્ણ મહારાજનું નામ લઇએ તો હરિ કૃષ્ણ મહારાજ દેખાય. અને જેમ ઘશ્યામ મહારાજ છપૈયામાં નાના હતા ત્યારે ભક્તી માતા ઘનશ્યામ ઘનશ્યામ નામ બોલતા તે ઘનશ્યામ મહારાજ દોડતા દોડતા ભક્તી માતા પાસે જલદી આવતા તેવી જ રીતે આપણે એ ભગવાનનું નામ લઇએ તો તે ભગવાન આપણા પાસે દોડતા દોડતા આવે તે આ અભ્યાસ કરીએ તો જરૂર થાય છે. બીજુ મહારાજે પ્ર.પ્ર.ના ૨૦/ના વચનામૃતમાં લખેલ છે કે કહે દહાડે કરવા પડયા ને ન થયું અભ્યાસ કરે તો જરૂર ભગવાન દેખાય છે. બીજુ નામી વિના નામ એવું કે વર વિનાની જાન પુત્ર વિનાનું પારણું જેમ શોભે નહી તેમ નામી વિનાનું નામ બરાબર શોભે નહીં તો આમાં કહેવાનું કે વરવિનાની જાન શોભે નહીં ને પુત્ર વિનાનું પારણું શોભે નહી તેમ નામી વિના નામ શોભે નહીં એમ સત્શાસ્ત્રમાં મોટા સંતોએ લખેલ છે તે સત્ય જ હોય. જો કે આ સાધન દશાવાળાથી ન થાય પણ જો

કાળજી રાખી ભજન સિદ્ધ કરે તો જરૂર થાય. ન થાયે એવું શું છે તો આપણે આવી રીતે નામીયે સહીત ભજન કરવાનો આગ્રહ રાખીશું તો ભગવાનની દયાથી જરૂર થાય માટે આ પણે ભજન કરવા શ્રધ્ધા વિશેષ રાખવી.

બીજુ એક ગામમાં સારા સત્સંગી હતા તેમનું નામ જીજ્ઞેશભાઇ હતું તે ભગવાન ભજવામાં સારા જીજ્ઞાસુ હતા. નામ તેવા જ ગુણ હતા તે હંમેશા વહેલા સવારે ૪। વાગ્યાની આસપાસ જાગી જાય જાગી ભગવાનની મુર્તિનું ધ્યાન કરે. ધ્યાન કરી ન્હાવા જાય. નાહી પુજા કરે પછી જ વ્યવહારીક કાર્ય કરે. તે પોતે વેપાર કરતા હતા. પણ કામકાજ કરતા મહારાજની મુર્તિની અખંડ સ્મૃતી રાખતા હતા. અને અંતરમાં મુર્તિ અખંડ દેખતા હતા. તો પણ પ્રત્યક્ષ મુર્તિ ના દર્શનની હંમેશા ઇચ્છા રાખતા તે વખતે સ્વામિનારાયણ ભગવાન ગામો ગામ ફરી ભક્તના મનોરથો પુર્ણ કરતા. જો આ ભક્ત જીજ્ઞેશભાઇ હંમેશાં ભગવાનની પ્રાર્થના કરે કે હે કૃપા નાથ, હે દયાળુ, મારે ઘેર દયા કરીને પધારોને આ ભક્તની ભાવના જોઇ એક સમય આ ભક્તને ઘેર ભગવાન પધાર્યા આ ભક્તે ભગવાનને દુરથી ભગવાનને આવતા જોઇને ભક્તની વૃત્તિ ભગવાનની મુર્તિમાં તદલીન થઇ ગઇને જેમ મહારાજે વચનામૃતમાં કહેલ છે કે જેમ ચમકપાણ દેખી ને લોઢું ખેંચાઇ જાય છે તેમ આ ભક્તની વૃત્તિ ભગવાનની મુર્તિમાં લીન થઇ ગઇ. મહારાજ તે ભક્તને ઘેર ગયાને આ ભક્તને કહેવા લાગ્યા કે અરે ભક્ત જીજ્ઞેશ તમો હંમેશાં પ્રાર્થના કરતા હતા કે મારે ઘેર પધારો મારે ઘેર આવો

તે આ તમારો પ્રેમ જોઇને અમો અહીં તમારે ઘેર આવ્યા પણ તમો તો અમારા સામુ પણ જોતા નથી તે સામુ ક્યાંથી જુવે આ ભક્ત તો ધ્યાનમાં મહારાજની મુર્તિ અખંડ દેખતા હતા. તેથી તેમને ખબર ન પડી મહારાજે બહુ બહુ કહ્યું ત્યારે આ ભક્ત ધ્યાનમાંથી જાગ્યા જાગીને ભગવાનના પ્રત્યક્ષ દર્શન કરી ને આ ભક્તના અંતરમાં એટલો બધો આનંદ થયો તે આનંદ આનંદને આનંદ ના સાગરમા નાહવા લાગ્યાને અને આ ભક્તના અંતરમાં ભગવાનની મુર્તિ ના સુખવળે ઠંડા ઠંડા શેરડા પડવા લાગ્યા ને બોલવા લાગ્યા કે અહોહો આવું સુખ આવો આનંદ તે ભગવાનની મુર્તિના સુખમાં ડોલવા લાગ્યા પછી ભગવાન માટે થાળ બનાવ્યો ને થાળ સોનાના થાળમાં ધરાવ્યો ને મહારાજે ને પ્રેમથી જમાડતા જાય. મહારાજનો મોઢામાં કોડીયા આપતા જાય. મહારાજ જમતા જાય. તે પ્રેમાનંદ સ્વામીએ થાળ ગાયો છે. તેમાં લખેલ છે કે જમો જમોને મારા ઠાકરીયા તે ઠાકરીયા જે ભગવાન હે પ્રભુ તમે પ્રેમથી આ થાળ જમો વળી લખેલ છે કે હરિવાર મારે હાથે જમાડુ તેમાં કહેવાનું કે હે હરિવર ભગવાન તમને મારે હાથે કરી જમાડું તે પ્રેમાનંદ સ્વામીને ભગવાનને વિશે પ્રેમ ને મહારાજને પોતાના હાથે જમાડે ને મોઢામાં કોળીયા આપતા જાય. પ્રેમાનંદ સ્વામી મહારાજને જમાડતા જાય ને અંતરમાં તે મુર્તિને ઉતારતા જાય. તેવી રીતે આ જીજ્ઞેશ ભક્ત પણ મહારાજના મોઢામાં કોળીયા મુકતા જાય. ને મહારાજ જમતા હોય. તેના દર્શન કરતા જાય અને તે માધુરી મુર્તિ ને અંતરમાં ઉતારતા જાય. મહારાજ જીજ્ઞેશ ભક્તના હાથે ખુબ જ

પ્રેમથી જમ્યા પછી મહારાજના હાથ ધોવરાવ્યા, મોઢું ધોવરાવી પાણી પાઇ, મુખવાસ આપ્યો. મહારાજ પ્રેમથી મુખવાસ જમ્યા જમી લીધા પછી મહારાજ બોલ્યા અહો જીજ્ઞેશભાઇ આજ તો તમોએ અમોને ખુબ જ પ્રેમથી જમાડ્યા. મહારાજ આવા પ્રેમી ભક્તના હાથે જમી ને બહુ જ રાજી થયા પછી મહારાજને એક પાટ ઉપર ગાદી તકીયા નખાવી તે પાટ ઉપર ભગવાનને બેસાડીને પ્રેમથી ભગવાનની પુજા કરી પછી આરતી ઉતારી ને બહુ જ રાજી થયા ને પ્રેમથી પગે લાગ્યા આ ભક્તનો આવો પ્રેમ જોઇ મહારાજ બોલ્યા અહો જીજ્ઞેશ ભક્ત આજ તો તમોએ બહુ જ પ્રેમથી પુજા કરી તેથી તમારા ઉપર બહુ જ રાજી થયા છીએ. તમો કાંઇક માગો તે સાંભળી જીજ્ઞેશભાઇ બહુજ રાજી થયાને બોલ્યા કે હે કૃપા નાથ હે દયાળુ મારા ઉપર રાજી થયા હો તો આ તમારી માધુરી માણીગર મુર્તિ મારા અંતરમાં અહોનીશ રહે તેવી મારા ઉપર દયા કરજો તે કિર્તનમાં પણ મોટા સંતોએ લખેલ છે કે આ મુર્તિ અંતરમાં રહે જો અહોનીશ દર્શન દેજો એ સાંભળી ભગવાન રાજી થયાને મહારાજ તેમના મસ્તક ઉપર પ્રેમથી હાથ મેલ્યો ને ભગવાન બોલ્યા જાઓ તમને અમારી મુર્તિના અખંડ દર્શન થાશે. એમ મહારાજ વરદાન આપી ચાલ્યા ગયા, ત્યારથી આ ભક્તના અંતરમાં અખંડ મહારાજની મુર્તિ ના દર્શન થતા ને શ્વાસે ઉશ્વાસે સ્વામિનારાયણનું ભજન કરતાને દેહ ને અંતે શ્રીજી મહારાજ વિમાન લઇને અક્ષરધામમાં તેડી ગયા આમાં કહેવાનું કે, તે પોતે ગૃહસ્થાશ્રમમાં હતા. વ્યવહારીક કાર્ય દરેક કરતાં પણ તેઓ અખંડ ભગવાનનું ભજન કરતા તેવી

જ રીતે આપણે કાળજી રાખી ભજન કરીએ ને આવી ટેવ પાડીએ તો જરૂર શ્રીજી મહારાજ આપણા ભેળા ભળી પોતાની માણીગર પ્રકાશમાન મુર્તિનું દર્શન આપે છે. અને આપશે તો આપણે આગળ વધવું હોય. તો આપણાથી સારૂં ભજન કરતાં હોય. એમનું જોઇએ તો આપણે આગળ વધી જાઇએ.

બીજુ એક માણસ હતો તે જયા ત્યાં જાય ને રખડ્યા કરે જેમ તેમ બોલે, ગાળો બોલે, મસકરી કરે તે જોઇ બધા માણસો તેને મુરખો છે મુરખો છે એમ કહી તેને બોલાવે એના મનમાં થયું કે બધા માણસો મને મુરખો કહે છે. ચાલ બીજે ગામ જાઉં એમ વિચારી બીજે ગામ ગયા બીજા ગામમાં એક સારૂ ખેતર હતું તેમાં કુવો માણસો ત્રીકમ કોદાડી - હથિયાર લઇને ખોદતા હતા તે કુવા પાસે આ મુરખો ગયો ને જે માણસો કુવો ખોદતા હતા તે માણસો ઉપરને કુવામાં તે મુરખો થુકયો. ને જેમ તેમ બોલવા મંડયો તે જોઇ બધા માણસો બોલવા લાગ્યા અરે આ મુરખો ક્યાંથી અહીં આવ્યો જા અહીંથી ભાગી જા એ સાંભળી મુરખો ત્યાંના માણસોને પુછવા લાગ્યો અરે ભાઇ હું મુરખો છું તે તમોને કોણે કહ્યું મારા ગામમાં તો બધા મને મુરખો કહેતા તમો ને કોણે કહ્યું કે આ મુરખો છે તે સાંભળી તે મુરખાને તે માણસો કહેવા લાગ્યા, અરે ભાઇ આ તારૂ લક્ષણ કહે છે કે તુ મુરખો આ કુવો ખોદાતો હતો તેમાં સારૂ પાણી આવે તે વરૂણ દેવ કહેવાય. તેમાં થુક્યો એટલે તને બધા કહેવા લાગ્યા કે અરે આ મુરખો તે તારુ જીવન કહે છે આમાં આપણે શું લેવાનું કે આ મુરખો સારૂ જીવન ગાળતો ન હતો તેથી તેને બધા મુરખો

કહેવા લાગ્યા પણ આપણે આ મુરખાના જેવું જીવન ન કરતા સારૂં જીવન જીવીએ. સારા સંસ્કારી બનીએ. સારા સારા કાર્યો કરીએ તો આપણાને કોઇ મુરખો ન કહે ને સામુ આપણું જીવન સારૂ હોય અને આપણું સારૂ જીવન જોઇને ઘણાંક માણસો સારે માર્ગે ચાલે તો આપણાને પુન્ય થાય, માટે આપણે હંમેશાં સારૂ ને સંસ્કારી જીવન ગાળવું ને **સારૂ જીવન જીવવું એ જ સજ્જન મનુષ્યનું કર્તવ્ય છે.** માટે આપણે હંમેશાં સારૂ જીવન જીવવું.

બીજુ એક સમય કૃષ્ણ પરમાત્મા જયારે પૃથ્વી ઉપર મનુષ્યાકારે વીચરતા હતા ત્યારે પોતાના મહેલમાં પોઢયા હતા અચાનક રાત્રે બાર વાગ્યા જાગ્યાને મહેલમાંથી બહાર જવા નીકળ્યા તે જોઇ સતીરૂક્ષ્મણી બોલ્યા અરે, પ્રભુ રાત્રીના બાર વાગે કયા પધારો છો તે સાંભળી કૃષ્ણ પરમાત્મા બોલ્યા અરે, સતી હમણાં મારા ભક્ત અર્જુન મને સંભાળે છે તેથી હું ત્યાં જાઉ છું. સતી રૂક્ષ્મણી બોલ્યા અરે પ્રભુ અત્યારે રાત્રે ન જવાય. ભગવાન બોલ્યા મારા ભક્ત મને ગમે ત્યારે બોલાવે ત્યારે મારે જવું જ પડે માટે મારે તો જવું જ પડશે. એમ કહીં ભગવાન ચાલવા મંડ્યા. ત્યારે સતી કહે હું પણ સાથે ચાલું ત્યારે ભગવાન બોલ્યા અરે, સતી તમારે હમણાં સાથે ચાલવાની જરૂર નથી. તમારા ભક્ત તમને બોલાવે ત્યારે જજો હમણ તો મારા ભક્ત મને બોલાવે છે. એટલે હું જાઉ છું. તો પણ સતી માન્યા નહી ને સાથે ચાલ્યા. ચાલતા ચાલતા અર્જુનનો મહોલ આવ્યો ભગવાને સતીને કહ્યું કે હમણાં તમો અહીં બહાર ઉભા રહો હું મારા ભક્તને મળી તેમને બોલાવું ને સતી ને ઉભા રાખી ભગવાન

ધીરે ધીરે અર્જુનના મહોલમાં ગયા. અર્જુનના મહોલમાં ગયા અર્જુન પોઢેલા હતા. ભગવાન તે ભક્તના શરીર ઉપર ધીરે ધીરે હાથ ફેરવતા હતા. મસ્તક ઉપર હાથ ફેરવ્યો તેમા મસ્તકના વાળ ભીના હતા. તે વાળ ધીમે ધીમે પોતાની પામળી વળે લુતા હતા. ત્યાં સતી બહાર ઉભા હતા તે અંદર આવ્યા તે ભગવાન આ ભક્તના વાળ ને લુતા જોઇને સતીને થયું. આ ભગવાન આ ભક્તના વાળ લુવે છે તે જરૂર આ ભક્ત સારા હશે માટે હું પણ આ ભક્તના વાળ લુવું. એમ વિચારી ભગવાનને કહેવા લાગ્યા કે લાવો હું પણ આ ભક્તના વાળ લુવુ ભગવાન કહે તમને ભક્તની સેવા કરતા નહીં આવડે તમારા ભક્તની તમો સેવા કરજો તો પણ સતી કહેવા લાગ્યા કે મારે તો આ ભક્તની સેવા કરવી જ છે. બહુ આગ્રહ જોઇ ભગવાન એ ભક્તના વાળની સેવા કરવા સતીને હા પાડી તે સતીવાળ લુવા મંડ્યા તે વાળ જરા ખેંચાઇ ગયા તેથી અર્જુન જાગી ગયા પણ આ અર્જુનના વાળ અખંડ કૃષ્ણ કૃષ્ણ બોલતા હતા. તે સાંભળી સતી રાજી થયા કે ખરેખર આ ભક્ત બરાબર છે. તે અર્જુન જાગીને કૃષ્ણ પરમાત્માને અને સતીને જોઇને પગે લાગ્યા અને બોલ્યા અરે કૃપા નાથ આ રાત્રીના આપ આહી પધારવા તસ્તી લીધી ભગવાન બોલ્યા, અરે ભક્ત તમો અખંડ મને સંભાળો છો ને આ વાળ તમારા તે પણ કૃષ્ણ કૃષ્ણ બોલે છે. તેથી આ તમારા જેવા ભક્તની સેવા કરવા હું આવ્યો હતો. આમાં આપણે શું લેવા નું કે આ અર્જુન ભક્ત અખંડ કૃષ્ણ કૃષ્ણ બોલતા હતા અને તેમના વાળ પણ અખંડ કૃષ્ણ કૃષ્ણ બોલતા હતા તેવી રીતે

આપણે અખંડ ભગવાનને સંભાળવાનો અભ્યાસ રાખવો જેથી ભગવાન રાજી થાય.

બીજુ લોજમાં **મહારાજ સંતોને વેલા ઉઠાડીને ધ્યાનમાં બેસાડ** ને કોઇને જરા ડોલુ આવે તોમહારાજ વઢે તમોને આવું ભગવાનનું ધ્યાનનું સુખ મુકીને ઉંઘ કેમ આવે છે ? અમે તો સુઇએ છીએ તોય કાળનો ભય લાગે છે તેથી ઉંઘ નથી આવતી. આવો ભગવાનને ધ્યાન ભજન કરવા નો આગ્રહ છે. તે ભગવાનને કાંઇ કાળનો ભય હતો નહીં. એ તો ભગવાનના આશ્રિત જે હોય તેને પણ કાળનો ભય ન હોય, તો ભગવાનને કાંઇ કાળનો ભય હોય ? નજ હોય પણ આપણાને શીખડાવ્યું કે જેને ભજન કરવું હોય તેને કાળનો ભય રાખવો. હમણાં આ દેહ પડી જશે પણ ભગવાન ભજવાની કસર રહી જાશે તો વળી પાછુ ગર્ભવાસમાં જવું પડશે તે ગર્ભ વાસમાં બહુજ દુ:ખ છે કે છ લાખને ચોર્યાસી હજાર નરકના કુંડ છે. એમાં જેવું દુ:ખ છે એના કરતા પણ માતાના ઉદરમાં ઘણું દુ:ખ છે. ખારૂ ખાટું માતા ખાયે તેનું ગર્ભવાસમાં દુ:ખ થાય. આપણે કાળનો ભય રાખવો. અને જેમ બને તેમ ભજન વિશેષ કરવું અને ભગવાન ભજીને આ છેલ્લો જન્મ કરી લેવો. નહીતર ભગવાન ભજવામાં કસર રહી જશે અને વાસના નહીં ટાળીએ ને જરા પણ વાસના રહી જશે તો વળી આપણે જન્મ મરણનો ફેરો ભોગવવો પડશે માટે આપણે જન્મ મરણના ફેરા ભોગવવા ન પડે ને આ છેલ્લો જન્મ થઇ જાય તો જ આ મનુષ્ય જન્મનો ફેરો સુફળ થયો કહેવાય માટે આપણે ભગવાન ભજવામાં બહુ જ કાળજી રાખવી.

બીજુ **મહારાજે લોજમાં સેવા ભાવ બહુ જ દેખાડ્યો.** તે છાણ લેવા મહારાજ જાય તે બીજા બાઇઓને થોડી સમાધી કરાવી દે એટલે છાણ બીજી બાઇઓ ન લે ને તે છાણ ભગવાન લઇ ટોપલા ભરી મંદિરમાં લઇ આવે. છાણ ભેળુ થઇ જાય પછી બાઇઓને સમાધીમાંથી જગાડે. તે મુક્તાનંદ સ્વામી કહે, તમો છાણ બહુ લાવો છો બીજા બાઇઓ છાણ લેવા નથી આપતા ? ત્યારે આ ભગવાન કહે બીજા બાઇઓ છાણ લેતા નથી તેથી હું છાણ લઇ આવું છું કેમ કે બીજા બાઇઓને સમાધી કરાવી દે એટલે છાણ બીજા બાઇઓ ન લઇ શકે. એમ ભગવાન લોજમાં લીલા કરતાં. તે લીલા ભગવાન શા માટે કરતાં કે અનેક જીવોના કલ્યાણ અર્થે આવી ભગવાન લીલા કરતાં. તે વચનામૃત પ્ર.પ્ર.ના.૩૮મા લખ્યું છે કે, જેમ ફૂલે કરીને તિલ વસાય છે. તેમ આપણે ભગવાનની લીલામાં મન પરોવી દેવું. એટલે તે ભગવાનના લીલા ચરિત્રમાં મનને ગુંચવી દેવું. તેથી બીજા સંકલ્પો ન થાય. ભગવાને ઘણી લીલાઓ કરી છે તે એક દિવસની લીલાને સંભાળીએ તો પણ પાર ન આવે. મહારાજ રંગે રમતાં હોય, સંતોને પીરસતા હોય, સંતોને મળતા હોય, સંતોને માથે હાથ મુક્તા હોય,સંતો હરિભક્તો સાથે નહાતા હોય. આવી આવી ભગવાનની લીલા સંભાળીએ તેથી આપણા અંતરમાં શાંતિ શાંતિ થઇ જાય. તે મોટા સંતોએ લખ્યું છે કે 'હવે હું તો થઇ છું રે માતી, હરિના ગુણ સાગરમાં ન્હાતી....' તેમાં લખ્યું કે, હવે તો બહુ જ બળીયા થયા છીએ. શાથી ? કે, ભગવાનના ગુણ રૂપી સાગરમાં ન્હાયા જ કરીએ. કહેતા

ભગવાનના આવા લીલા ચરિત્ર સંભાળીએ એટલે આપણા અંતરમાં અહો અહો.. પણું વર્તા કરે. અને આનંદ આનંદ ને આનંદના સાગરમાં ન્હાયા જ કરીએ. અહો એ સુખની તો શું વાત કરીએ. તે યોગાનંદ સ્વામીએ લખ્યું છે કે,

' એ સુખની શું કહું વાત કહી નથી જાતી..,

એ સુખ સંભાળતા આજ ફાટે મારી છાંતી... મારે મંદિરે પધાર્યા શ્યામ કે થઈ બળ ભાગી' કહેતા એ ભગવાનની મુર્તિનું સુખ સંભાળીએ તો આપણા અંતરમાં આનંદ આનંદ વર્તા કરે. ને એમ થાય કે ઓ.. હો.. હો.. આટલો બધો ભગવાનની મુર્તિના સુખનો આનંદ છે આપણે ભગવાનની મુર્તિના સુખનો મહિમા સમજી આનંદમાં ભગવાન સંભાળવા. આવી રીતે ભગવાન સંભાળીએ એ જ મોટો લાભ છે. ને ખરૂં તે જ કરવાનું છે.

બીજુ અમદાવાદમાં એક સારા સત્સંગી હતા. તેમનું નામ ભાવેશભાઇ. તે હંમેશાં વહેલા ઉઠી પૂજા પાઠ કરે. ને તે વેપાર કરતાં હતા અને શ્રીજી મહારાજની આજ્ઞા બરાબર પાલન કરતા હતા ને પાંચ વખત માનસી પુજા કરે. સવારે સાંજે ધ્યાન ભજન કરે અને નીતિ પ્રમાણે વેપાર કરતાં. કોઇનો ખોટો પૈસા લેતા નહીં. એવા સારા પ્રેમી ભક્ત હતા ને દિવસના વેપાર કરે ને વેપાર કરતાં ભગવાની મુર્તિને સંભાર્યા કરે. ને અંતરમાં સ્વામિનારાયણ ભગવાનનું નામ અખંડ લીધા કરે. એવા એકાંતિક ભક્ત હતા તે દિવસમાં વેપાર કરીને રાત્રે દુકાન બંધ કરી ને પોતાના ઘેર જાય. ઘેર જઇ માનસી પુજા કરીને જમે. રાત્રે બધા

કુટુંબીઓ ભેગા મળી કથા-વાર્તા કરી, રાત્રે ભગવાનની મુર્તિનું ધ્યાન કરીને સુઇ જાય. એક દિવસ રાત્રે દુકાન બંધ કરતાં ભુલી ગયા. રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ દુકાન ખુલ્લી જોઇ ચોર ચોરી કરવા દુકાનમાં ગયા ચોરી કરવા આવ્યા. ત્યારે સ્વામિનારાયણ ભગવાન અંતર્યામીપણે જાણી ગયા. **આ મારો ભક્ત આજે દુકાન બંધ કરવાનું ભુલી ગયા છે.** તેથી ચોર ચોરી કરવા ગયા છે. તે જાણી ભગવાને પોલીસનું રૂપ લઇ દુકાનમાં લાકડી લઇ આખી રાત્રી ફર્યા કર્યા. ને દુકાનની ચોકી કરી. સવારે વેલા ઉઠી આ ભાવેશભાઇ હંમેશના નિયમ મુજબ નાહી ધોઇ, પુજા પાઠ કરી, નાસ્તો કરી દુકાને જવા લાગ્યા. દુકાનની ચાવી લેવા ગયા પણ દુકાનની ચાવી હતી નહીં. તે જોઇ આ ભાવેશભાઇને થયું કે દુકાનની ચાવી કોણ લઇ ગયું, પછી તેમને યાદ આવ્યું કે, રાત્રે દુકાન બંધ કરતાં ભુલી ગયા છીએ. તેથી ઉતાવળા ઉતાવળા તે ભાવેશભાઇ દુકાને ગયા. અને ભાવેશભાઇને દુકાને આવતા જોઇ પોલીસ રૂપે ભગવાન અદ્રશ્ય થઇ ગયા. આજુ બાજુના માણસો ભાવેશભાઇને કહેવા લાગ્યા કે, અરે ભાવેશભાઇ કાલે તમારી દુકાન રાત્રી આખી ખુલ્લી હતી ને એક પોલીસ રાત આખી લાકડી લઇને ચોકી કરતા હતા. તે પોલીસ ક્યાં ગયા ? તે સાંભળી ભાવેશભાઇ વિચારમાં પડી ગયા કે તે પોલીસ કોણ હશે ? પછી વિચાર કરવા લાગ્યા. અહો.. આ તો મારા ભગવાન સ્વામિનારાયણ તેમણે પોલીસનું રૂપ લઇને દુકાનની ચોકી કરી હશે. પછી ભાવેશભાઇએ ભગવાનની વિનયથી પ્રાર્થના કરી કે, હે કૃપાનાથ, હે દયાળુ તમો આ મારે માટે આખી રાત્રી

'धनानि भूमो, पशुवश्य गोष्ठे, भार्या गृहद्वारी, जनाना स्मशाने, देह चितायाम्, परलोक मार्गे कर्मानुगोगच्छती जीव एक'. આમા કહેવાનું કે, હે ભાઇ તું આ લોકમાં હમણાં મજા કરે છે પણ આ દેહ મુકીને આપણે આ લોકમાંથી જવાનું થશે, ત્યારે ધન હશે તે પૃથ્વીમાં દાટેલું જ રહેશે. આગળના વખતમાં ધન હતું તે ચાંદીના રૂપિયા - સોનાના સિક્કા હતા. તે માણસો જમીનમાં ઉંડો ખાંડો ખોદીને તેમાં દાટી મુકતા તે કોઇને ખબર ન પડે તે માટે. તે તુ દેહ મુકી જાઇશ ત્યારે આ ધનને પૃથ્વીમાં દાટેલું છે તે પૃથ્વીમાં જ રહેશે. તને તે ધન કાંઇ કામ નહીં આવે. વળી બીજુ કહ્યું કે, આગળના માણસો ઘેર ગાયો - ભેંસો રાખતા. તે ગાયો - ભેંસો હશે તે પણ ખીલામાં જ બાંધેલા રહેશે પણ તને તે ગાયો ભેંસોનું દુધ કાંઇ કામ નહીં આવે અને તારી ધર્મપત્નિ હશે તે ઘરના દ્વાર સુધી જ આવશે. પણ તારી સાથે નહીં ચાલે. તારા સંગા-સબંધી હશે તે સ્મશાન સુધી ચાલશે. પણ તારી સાથે કોઇ નહીં આવે.આ દેહ પણ ચિતામા બળી જાશે. પરલોકના માર્ગે આ જીવે જેવા કર્મો કર્યા હશે તે જ ભેળા ચાલશે ને જેવા કર્મો કર્યા હશે તે જીવને પોતાને જ ભોગવવા પડશે. આમા આપણે શું લેવાનું કે આ લોકમાં માણસ આવે ને ખુબ જ રૂપિયા કમાય. તેમાં જ મોજશોખમાં લેવાઇ જાય. ભગવાન શું વસ્તું છે તે આ દુનિયાના માણસોને ખબર જ હોતી નથી. તેને માટે મોટા સંતોએ તેને ઉપદેશ આપ્યો કે , હે ભાઇ ઉપર લખ્યા પ્રમાણે રૂપિયા, પશુ, પત્ની, સંગા-સબંધિ આદી કાંઇ પણ ભેળા ચાલશે નહીં ને તે જેવા કર્મો કર્યા હશે તે જ સાથે

જાગ્યા અને આ દુકાનની રક્ષા કરી એ મારો અપરાધ ક્ષમા કરજો. આમાં કહેવાનું કે, આ ભાવેશ ભક્ત બહુ જ પ્રેમી હતા અને ભગવાનની ખુબ જ ભક્તિ કરતાં હતાં. તેથી ભગવાને તેમની રક્ષા કરી. ભગવાને કહેલ છે કે, જેવા મારા ભક્તો મને વ્હાલા છે તેવું મને બીજું કાંઇ વ્હાલું નથી. તો ભગવાને આવા પ્રેમી ભક્તની રક્ષા કરી તેમજ આપણે સાચે ભાવે ભગવાનનું ભજન કરીશું તો આપણી પણ ભગવાન જરૂર સર્વ પ્રકારે રક્ષા કરશે. માટે આપણે ભગવાન ભજવામાં વિશેષ કાળજી રાખવી.

બીજુ એક સ્વામીએ કિર્તનમાં લખે છે કે,

'નર જન્મ પાયપાની તુમ કયા કરી કમાણી,
છોડી તે જીંદગાની, તુમ ક્યા કરી કમાણી..'

આમા કહેવાનું કે, **હે ભાઇ તે મનુષ્ય જન્મ પામીને તે શું કમાણી કરી?**

કમાણી એટલે આ લોકની કમાણી તો દુનિયા બધી કરે છે પણ ભગવાન ભજી પોતાના જીવાત્માનું કલ્યાણ કરી લેવું એ જ મોટી કમાણી છે ને વળી કહ્યું કે 'છોડી તે જીંદગાની' તેમાં કહેવાનું છે કે મનુષ્યનો જન્મ પામીને ભગવાનની ભક્તિ ન કરી ને જીંદગી આખી આ લોકના વ્યવહારમાં ખોઇ નાંખી. તો આપણાને આવો મનુષ્ય જન્મ ભગવાને આપ્યો છે ને વળી આપણાને આવો સત્સંગનો યોગ મળ્યો છે તો આ દેહે કરી ભગવાન ભજી આપણા જીવનું કલ્યાણ કરી લેવું. એ જ આ મનુષ્ય જન્મનો ખરો લાભ છે.

વળી એક મોટા સંતે ગૃહસ્થોને ઉપદેશ આપ્યો છે. શ્લોક

ચાલશે ને જેવા સારા કે ખરાબ કર્મો આ જીવે કર્યા હશે તે આ જીવને એકલાએ જ ભોગવવા પડશે માટે આપણે આ વાત વિચારીને જેટલા બને તેટલા સારા કર્મો કરવા. ખરાબ કર્મો ન કરવા અને સાચે ભાવે સત્સંગ કરી ને આપણી કસર માત્ર ટાળી નાંખવી અને દિન દિન પ્રત્યે ભગવાનની મુર્તિને વિશે જ પ્રિતી કરવી. તે આપણે ભગવાનની મુર્તિને વિશે પ્રિતી કરીશું તો આપણાને ભગવાન સર્વ પ્રકારે સુખિયા કરશે.

બીજુ એક મોટા સંતે લખ્યું કે, **જ્ઞાનેશ્વર તથા ચાગદેવએ બંને મહાત્મા હતા** તે ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરતાં હતાં ને યોગની સાધના કરતા હતા ને યોગની સાધના વડે સિંહને વશ કરે લો. તે એક સમય ચાગદેવ મહાત્મા સિંહની અસ્વારી કરીને એમના મિત્ર જ્ઞાનેશ્વરને મળવા આવતા હતાં. તે જ્ઞાનેશ્વર મહાત્માને ખબર પડી કે મારો મિત્ર ચાગદેવ મને મળવા આવે છે તો હું પણ મારા મિત્રને સામો જાઉં. એમ વિચાર કર્યો. તે જ્ઞાનેશ્વર મહાત્મા પથ્થરની ઓટલી ઉપર બેઠા હતા. તે પથ્થરની ઓટલીને જરા પગ માર્યો ને કહ્યું કે ચાલ મારા મિત્ર ચાગદેવના સામે જવું છે. તે સાંભળી પથ્થરની ઓટલી જેમ માણસ ચાલે તેમ ચાલવા માંડી. રસ્તામાં બંને મિત્રો ભેળા થયા બંને મિત્રો મળ્યા ને એક બીજાએ ભગવાનની તથા યોગની વાતો કરી બંને મિત્રો આનંદમાં ભાવવિભોર બની ગયા અને બંનેને ખુબ જ મજા આવી. થોડી વાતો કરી બંને મિત્રો પોતાને નિવાસ સ્થાને ગયા. આમાં આપણે શું લેવાનું કે ભગવાનના ભજન તથા યોગની સાધના વંડે કેટલી બધી શક્તિને તથા સિદ્ધિને પામે છે

કે, સિંહની અસ્વારી કરી કહેતા સિંહ ઉપર બેસીને ચાલ્યા. જેમ ઘોડા ઉપર કે હાથી ઉપર બેસીને માણસો ચાલે પણ આમણે તો સિંહની અસ્વારી કરી. તે સામાન્ય રીતે સિંહ માણસ માત્ર ને ભક્ષણ કરી જાય. પણ આ મહાત્માએ પોતાના યોગના બળથી તથા ભજનના બળથી સિંહને વશ કરીને સિંહની અસ્વારી કરી ચાલ્યા. બીજા મહાત્મા જ્ઞાનેશ્વર તેણે પણ પથ્થરની ઓટલી ચાલતી કરી. જેમ માણસ ચાલે તેમ પથ્થરની ઓટલી ચાલવા માંડી. ને પથ્થરની ઓટલી જડ વસ્તુ કહેવાય તે હાલે ચાલે નહીં પણ આ મહાત્માએ યોગના બળથી તથા ભજનના બળથી તે જડ વસ્તુ જે પથ્થરની ઓટલીને ચલાવી. આમાં આપણે શું લેવાનું કે, યોગ તથા ભજનના બળથી સિંહને વશ કર્યો તથા પથ્થરની ઓટલી જે જડ વસ્તુ તે પણ ચાલવા લાગી તે જુઓ આ યોગ તથા ભજનના બળથી કેટલી સિદ્ધી ને મેળવી તેવી રીતે આપણે ભજન કરીએ. તો જેમ તે મહાત્માએ સિંહને વશ કર્યો તેમ આપણા અંતરમાં જે કામ, ક્રોધ, લોભને વશ કરી શકીએ. આ દોષો સિંહને વશ કરવા કરતાં પણ વધારે બળવાન છે પણ ભગવાનના ભજનથી જરૂર એ દોષો ને જીતી જવાય વળી પથ્થરની ઓટલી યોગ બળથી કે ભજનથી ચાલી તેમ આપણાને ભગવાન મળ્યા ન હોય તો ઓટલી જેવા કહેવાઇએ. તે જડ જેવા જ કહેવાઇએ. જેમ એ ઓટલી જડ હતી પણ યોગ તથા ભજનના બળ વડે ચાલી તેમ આપણાને આવા ભગવાન ન મળ્યા હોત તો આપણે જડ જેવા જ હતા. પણ આપણે એ મહાત્માની પેઠે યોગ તથા ભજન કરીશું તો તે ભગવાનના યોગ

તથા ભજનના બળથી આપણે આપણા અંતરમાં ભગવાનની માધુરી મુર્તિને હાલતાં ચાલતાં કરી શકીએ. એ ઓટલી જડ હતી એને તો યોગ તથા ભજનથી હાલતી ચાલતી કરી પણ આ માધુરી મુર્તિને આપણા અંતરમાં હાલતી ચાલતી કરવી તે તો તે ઓટલી હલાવવી એના કરતા પણ ઘણું કઠણ કહેવાય પણ ભગવાનના ભજનથી તે થઇ શકે છે. તો આપણે જેમ બને તેમ ભગવાનનું ધ્યાન ભજન વિશેષ કરીશું તો જરૂર દયાળુ ભગવાન આપણા ઉપર દયા કરી પોતાની માધુરી પ્રકાશમાન મુર્તિનું સુખ આપશે. તે સિંહ તથા ઓટલીને હલાવવી તે તો સહેલું પણ આપણા પવિત્ર અંતરમાં ભગવાનની મુર્તિને હલાવવી તથા દોષને વશ કરવા એ તો બહુ જ કઠણ કહેવાય. પણ ભગવાનના ભજનથી ભગવાન પોતાના ભક્તને સુખિયા કરે છે, ને સદાય સુખિયા કરશે. માટે તેનો કેફ રાખી આનંદથી ભજન કરવું.

બીજુ કચ્છમાં **કેરાગઢ ગામમાં સદાબા ભગવાનના ભક્ત હતા.** તે હંમેશા વેલા ઉઠી ભગવાનનું ધ્યાન કરે. અને દરેક કામ કાજ કરતા ભગવાનની મુર્તિની અખંડ સ્મૃતી રાખે તે એક સમય ભગવાનની મુર્તિનું ધ્યાન કરતા ભગવાનની મુર્તિમાં તદ્‌લીન થઇ ગયા. પા કલાક એવી રીતે ધ્યાન કર્યું ને ધ્યાનમાં ભગવાનના અક્ષરધામમાં ભગવાનની પ્રકાશમાન માધુરી માણીગર મુર્તિના દર્શન થયા ને જાગીને બોલવા લાગ્યા કે અહો..અહો.. આ પ્રકાશમાન મુર્તિનું તો કાંઇ આલોકિક સુખ છે. એ સુખની શું વાત કરું. મને તો એમ થયું કે હું અહીં જ આ મુર્તિનું સુખ ભોગવું ને અહીં જ રહુ પણ ભગવાને મને એ સુખમાંથી બહાર

લાવ્યા પણ મારા મનમાં તો એ સુખ અખંડ સાંભળ્યા જ કરે છે. અને એ મુર્તિના સુખવળે તેમના અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડવા લાગ્યા. અને આનંદ આનંદના સાગરમાં ડોલવા લાગ્યાને પોતાના સગા સબંધીઓને કહેવા લાગ્યા કે અહો આ મુર્તિ જે ઘનશ્યામની મુર્તિમાં તો કાંઇ અલોકિક દીવ્ય સુખ રહેલું છે. તેનું તો શું વર્ણન થઇ શકે ને બીજા જે ગૃહસ્થ બેનો ને પણ ભગવાનના મહિમા તથા ધ્યાન ભજનની વાતો કરીને ઘણાક ને સત્સંગ કરાવ્યો.

બીજુ **શિક્ષાપત્રમાં શ્રીજી મહારાજે અંબરીશ રાજાની વાત કરીકે** અંબરીશ રાજાની પેઠે આત્મનિવેદી ભક્ત થાવું. તે અંબરીશ રાજા નિતીથી રાજ્ય કરતાં. ક્યારેય ખોટું કામ કરતાં નહીં. નિતીથી રાજ્ય તો ઘણાક રાજા કરે પણ આ રાજા તો રાજ્ય કરતા પણ સાથે સાથે ભગવાનની એકાંતિક ભક્તિ કરતાં. તે રાજા સવારે વ્હેલા ૪ વાગ્યાની આસપાસ જાગી જાય. હમણાંની પેઠે ઘેર ઘેર પાણીના નળ ન હતાં. તે વખતે નદીઓ તથા તળાવો હતા. તે અંબરીશ રાજા સવારે વેલા ઉઠી ભગવાની મુર્તિનું ધ્યાન કરતાં. તે શાસ્ત્રમાં લખેલ છે કે ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળી જાય છે. માટે દરેક મુમુક્ષ ભક્તોએ આ અંબરીશ રાજાની પેઠે ધ્યાન કરવાનો અભ્યાસ રાખવો. જો આપણે કાળજી રાખી ધ્યાન કરવાનો અભ્યાસ રાખીએ તો આસ્તે આસ્તે જરૂર ધ્યાન થાય ને ધ્યાને કરીને પોતાના હૃદયમાં ભગવાનના સુખ વડે આનંદ આવે છે. તે અંબરીશ રાજા આવી રીતે ધ્યાન કરી બહાર નદીએ ન્હાવા જતાં. એમ હંમેશાં નાહી ઘેર આવી ભગવાનની પુજા કરે. પુજા કર્યા પછી ભગવાનના

થાળ માટે લોટ પોતે દળે, પાણી પોતે ભરે, પછી ભગવાનના થાળ જે રસોઇ પણ પોતે કરે. જો કે એ રાજાના હજારો નોકરો હતા. તેમના રાણી પણ હતા. પણ કોઇની પાસે થાળ કરાવે નહીં ને પોતે જાતે જ ભગવાનના થાળ કરે અને થાળ કરી ભગવાનને પ્રેમથી થાળ જમાડે તે પછી પોતે માનસી પુજા કરે અને પછી પોતે ભગવાનનો પ્રસાદ જમે. આ બધુ કરીને પછી રાજ્યનું કાર્ય કરતા. આ બધુ કરતા હતા પણ તે રાજા હતા તેથી તેમને ભક્ત કોઇ કહેતું નહીં. તેથી તેમના મનમાં જરા રહ્યા કરતું કે મને કોઇ ભક્ત કહેતું નથી. પણ સંજોગો વસાહત તે રાજા હંમેશના નિયમ મુજબ સવારે વહેલાં ઉઠી નદીએ ન્હાવા ગયેલા અને નાહીને આવતા હતા ત્યારે રસ્તામાં એક બેન છાણનો સુડલો મોટો ભરી ને ઉભા હતા. ને મનમાં વિચાર કરતાં હતા કે કોઇ માણસ આવે તો આ સુડલો મને ઉપડાવે તો હું શાંતિથી ઘેર જાઉ. એમ વિચાર કરતાં હતા. ત્યાં આરાજા નાહીને આવતા હતા આ રાજા સવારે વેલા ઉઠીને નાહીને જતા હતાં. ત્યારે આ બાઇને મનમાં થયું કે વેલા નાહીને આવે છે તે કોઇ સારા ભક્ત હશે. એમ જાણી આ બાઇ દુરથી બોલ્યા, હે ભક્ત ! હે ભક્ત ... આ સુંડલો મને ઉપડાવશો ? આ વાત સાંભળી રાજા બહું જ રાજી થયાં. અને પ્રેમથી બોલ્યા લ્યો બેન, તમો કોણ છો ? તમારા પતિ કોણ છે ? કેવી જ્ઞાતિના છો ? આદિ બધી વાત પુછી ને પ્રેમથી સુંડલો ઉપડાવ્યો. તે રાજા ઘેર આવી હાથ પગ ધોઇ હંમેશના નિયમ મુજબ પુજા પાઠ કરી ને રાજ કચેરીમાં આવ્યા. ત્યાં પોતાના કારભારીને બોલાવ્યા. ને કારભારીને કહે

આજ આપણે રાજ્યના દરેક માણસોને જમાડવા છે અને જે બાઇને છાણનો સુંડલો ઉપડાવ્યો હતો તે બાઇ તે બાઇના સર્વે સબંધીને આ ઘોડા ગાડી મોકલીને બોલાવી લાવો. તે સાંભળી કારભારી ઘોડા ગાડી બોલાવી એક સારા માણસને ઘોડા ગાડી સાથે મોકલ્યો. ને કહ્યું કે, જાવો એ બાઇ તથા બાઇના સર્વે કુટુંબીના માણસોને આ ઘોડા ગાડીમાં આદરથી બેસાડી અહીં તેડી લાવો. એ સાંભળી ને માણસ તે બાઇને ઘેર ગયા. ને તે બાઇને કહ્યું કે તમે તથા તમારા સર્વે સબંધીને રાજા બોલાવે છે. માટે સર્વે ચાલો. આ સાંભળીને આ બેન તથા બેનના સર્વે સબંધિઓ બહુ જ ગંભરાઇ ગયા. કેમ કે આગળ રાજાશાહીમાં રાજ્ય હતું ત્યારે જે માણસે રાજ્યનો કાંઇ ગુનો કર્યો હોય તેને રાજા બોલાવતાં. તેવી જ રીતે આજે પણ કોઇ ગુનો કરે તો સરકાર પોલીસને મોકલી રાજ કચેરીમાં બોલાવે જ છે. આ ઘોડા ગાડી જોઇ. ને બેને પોતાના પતિ તથા પોતાના સગા સબંધીને સવારે સુંડલો ઉપડાવ્યો હતો. તે રાજાના માણસ છે અને આ રાજાની ગાડી છે. તે સાંભળી બધા ચિંતામા પડી ગયા કે રાજા આપણાને સજા કરશે. તેથી બહુ મુંઝાવા લાગ્યા. અને આ ઘોડા ગાડીમાં બેસે નહીં. તે જોઇ જે ગાડી સાથે માણસો આવ્યા હતા. તેમણે તે બેનને તથા તે બેનના સર્વે સબંધિઓને સમજાવ્યા. કે તમો કાંઇ બિઓ નહીં. તમને રાજા કાંઇ દંડ નહીં કરે. રાજા તમારા ઉપર બહુ જ રાજી છે. માટે તમો પ્રેમથી આ ગાડીમાં બેસો. મનમાં જરા પણ કાંઇ બીક ન રાખો. એ વાત સાંભળી બીતાં બીતાં ગાડીમાં સર્વે બેઠાને રાજ કચેરીમાં ગયા. રાજાએ

આ બેનનું તથા તેમના સર્વે સબંધીઓનું ખુબ જ સન્માન કર્યું. ઘણાક સારા સારા વસ્ત્રો આપ્યા, ઘણાક ફેન્સી દાગીના આપ્યા અને રાજા બોલ્યા કે અરે બેન તે મારૂ ભક્તનામ પાડ્યું તેથી હું તમારા ઉપર બહુ જ રાજી થયો છું. પછી રાજાએ તે બેન તથા સર્વે સબંધિઓને પ્રેમથી જમાડ્યા. ને પછી ઘોડા ગાડીમાં બેસાડી સર્વેને તેમને ઘેર મોકલ્યા. અને ત્યારબાદ રાજાએ તે ગામના સર્વે માણસોને જમાડ્યા અને બોલ્યા અહો.. અહો..આજ તો મને ભક્તનો ઇલ્કાબ કહેતા ભક્તની ડીગ્રી મળી. ને તે રાજા બહુ જ રાજી થયા ને ખુબ જ પ્રેમથી હંમેશાં ભગવાનની ભક્તિ કરે અને નીતિથી રાજ્ય ચલાવે ને તેમની પ્રજા પણ બહુ જ શાંતિથી તેમના રાજ્યમાં રહેતી હતી. કોઇને જરાપણ તકલીફ પડતી નહીં. એમ કરતાં થોડો સમય થયો અને આ રાજાની કિર્તિ આખા રાજ્યમાં ફેલાણી કે અહો આ રાજા કેવું શાંતિથી રાજ્ય ચલાવે છે, અને ખુબ જ પ્રેમથી ભગવાનની ભક્તિ કરે છે. તેથી પ્રજાને કોઇ પણ તકલીફ પડતી નથી. એ જાણી દુરવાસા ઋષિના મનમાં થયું કે અહો.. આ રાજા આવું રાજ્ય કરે છે અને સાથે સાથે ભગવાનની ભક્તિ કરે છે. માટે આ વાત સાચી છે કે ખોટી છે, ચાલ હું રાજાની પરીક્ષા કરવા જાઉં. એમ જાણી દુરવાસા ઋષિ પોતાના ૫૦ શિષ્યોને સાથે લઇને બારસના દિવસે રાજાના દ્વારમાં ઉભા રહ્યા બોલ્યા કે ભીક્ષાન્ દેહી. આ દુરવાસા ઋષિને જોઇ આ દુરવાસા ઋષિ તથા તેમના ૫૦ શિષ્યોને પ્રેમથી નમસ્કાર કર્યા ને પોતાના ઘેર બેસાડ્યા અને ઋષિને પ્રેમથી પૂછ્યું કે હે ઋષિ મહારાજ આજ તમો મારે ઘેર

આવ્યા તે બહુ જ સારૂ કર્યું. આજે તમે મારા મહેમાન કહેવાઓ. માટે તમો આજે મારે ઘેર સર્વે જમો. ૧૧ વાગે હું રસોઇ કરાવીને તમોને જમાડીશ. તે સાંભળી દુરવાસા ઋષિ રાજી થયા. અને કહે ભલે, હું તથા આ મારા સર્વે શિષ્યો તમારે ત્યાં પ્રેમથી જમશું પણ હમણાં અમો આ નદીએ સ્નાન કરીને આવીએ. તે સાંભળી રાજા કહે ભલે. તમો સ્નાન કરી ૧૧ વાગે જરૂર અહીં આવી જજો. તમોને પ્રેમથી જમાડીશું એ સાંભળીને ઋષિ પોતાના સર્વે શિષ્યને સાથે લઇને નદીએ ન્હાવા ગયા. તે ઋષિ ન્હાવા ગયા પછી આ રાજાએ પોતાના રસોયા પાસે પવિત્રતાથી તથા ચોખ્ખાઇથી રસોઇ બનાવીને ભગવાનનો થાળ પોતે બનાવ્યો તે સર્વે રસોઇ તૈયાર થઇ ગઇને પછી ભગવાનને થાળ ધરાવ્યો. ૧૧ વાગ્યા ઋષિની વાટ જોઇ કે ઋષિ આવે એટલે તેમને જમાડીએ. પછી હું જમું. કેમ કે ગૃહસ્થના નિયમમાં છે કે પોતાના ઘેર કોઇ ભિક્ષુક જમવા આવે તો પહેલાં તે ભિક્ષુકને જમાડીને પછી જ પોતાથી જમાય. એમ સત્શાસ્ત્રમાં કહેલ છે કે પોતાને ઘેર ભિક્ષુક જમવા આવ્યા હોય ને તે ભિક્ષુકને જમાડ્યા પહેલાં ગૃહસ્થ જમે તો તેના પુન્યનો નાશ થઇ જાય. તેથી તે રાજા જમ્યા નહીં ને તે ઋષિની વાટ જોઇ ૧૧ વાગે સમય થયો પણ ઋષિ આવ્યા નહીં. ૧૧.૩૦ થયા તો પણ ઋષિ આવ્યા નહીં તેથી અંબરીશ રાજા ચિંતા કરવા લાગ્યા. કે આજે ૧૨.૦૦ વાગ્યા સુધી બારસ છે અને પછી તેરસ બેસી જાય છે. તે અંબરીશ રાજા એકાદશીનું પુરૂં વ્રત કરતાં હતાં. તે પુરું વ્રત એકાદશીનું કર્યું ત્યારે કહેવા કે, દસમના દિવસે એક ટાઇમ

બપોરે જમે. એકાદશીના દિવસે નકોરડો ઉપવાસ કરે. તે નકોરડો ઉપવાસ કેને કહેવાય કે, કાંઇ પણ ફળાહાર કે ફુટ કે દુધ આદિ કાંઇ પણ ખવાઇ નહીં. ને બહુ જ તરસ લાગે તો એકાદ કે બે વખત ખાલી પાણી પીવાય પણ બીજુ કાંઇપણ ખવાઇ નહીં. તેને નકોરડો ઉપવાસ કહેવાય. તે એકાદશીના દિવસે આવી રીતે રાજા ઉપવાસ કરતાં હતાં અને બારસના દિવસે બારસના પારણા કરે તેને પુરૂં એકાદશી વ્રત કર્યું કહેવાય. તે અંબરીશ રાજા આવી રીતે એકાદશી વ્રત કરતાં હતાં. પણ સંજોગો વસાહત બારસનો ભાગ બપોરના ૧૨ વાગ્યા સુધી જ હતો. બારસનો ભાગ હોઇ તે પહેલાં જ પારણા કરે તેને જ તે એકાદશીનું વ્રત પુરું કર્યું કહેવાય. પણ ૧૨ના ભાગ પુરો થઇ જાય અને તેરસ બેસી જાય તો એકાદશીનું વ્રતનું પુન્ય બરાબર ન મળે. બપોરેના ૧૧.૪૫ વાગ્યા પણ આ દુરવાસા ઋષિ આવ્યા નહીં તે જાણી આ રાજા વિચારમાં પડી ગયાં. કે આ ઋષિ આવ્યા નહીં. ને ભિક્ષુકને જમાડ્યા વિના હું જમી લવું તો મને પાપ લાગે તેમ શાસ્ત્રમાં કહેલું છે. ને બારસના ભાગમાં પારણા નથી કરતો તો એકાદશી પુરું વ્રતનું પુન્ય ન મળે. એમ વિચાર કરતાં હતા ત્યાં એક સારાં જયોતિષી બ્રાહ્મણ આવ્યા તેમને આ રાજાએ વાત કરી કે આ બને વાતમાં મારે શું કરવું ? તે બધી વાત તે જયોતિષીએ જાણીને તે જયોતિષીએ કહ્યું કે હે રાજન, તમો જરાય ચિંતા ન કરો. તમો આ તુલસીના પાનવાળું પ્રસાદીનું થોડું પાણી પીલ્યો. તેથી બારસના પારણાનું પુણ્ય પણ જળવાઇ રહેશે. ને જમ્યા પણ નહીં કહેવાય. એટલે બંને જળવાઇ રહેશે. તે સાંભળી રાજા

રાજી થયા ને તેવી રીતે પ્રસાદીનું પાણી પીધુ એમ કરતાં એક વાગ્યાના સુમારે તે દુરવાસા ઋષિ પોતાના ૫૦ શિષ્યોને સાથએ લઇ નાહીને આવ્યા. રાજાએ બધી રસોઇ બનાવી રાખી હતી. ને આ ઋષિને વિનંતી કરી, હે ઋષિ મહારાજ, આપ સર્વે જમવા પધારો એ સાંભળી આ ઋષિ બોલ્યા, અરે રાજન તું આ ઋષિને જમવાનું આમંત્રણ આપીને ભિક્ષુકને જમાડ્યા વિના તમોએ જમી લીધું તે તમોને ખબર નથી કે આમંત્રીક ભિક્ષુકને જમાડ્યા વિના જો ગૃહસ્થ જમે તો સર્વે પુણ્યનો નાશ થાય છે. તે તમોએ જમી લીધું તેથી હવે મારે જમવું નથી ને સર્વે શિષ્યોને પણ જમવાની ના પાડી કે કોઇ જમશો નહીં. તે સાંભળી રાજાએ ખુબ જ પ્રેમથી વિનંતી કરી કે ઋષિ મહારાજ હું જમ્યો નથી. પણ બારસનો ભાગ વિતી જતો હતો. તેથી આ જયોતિષીના કહેવા પ્રમાણે મે ખાલી તુલસીના પાન વાળુ એક અંજલી પાણી પીધું છે. બીજુ કાંઇ પણ ખાધુ નથી. જોવો આ જયોતિષી બ્રાહ્મણને પુછો. તે જયોતિષી બ્રાહ્મણે કહ્યું, કે આ રાજા બીજુ કાંઇ જમ્યા નથી. આ રાજાએ કહ્યું કે બારસનો ભાગ ૧૨ વાગ્યા સુધી હતો. તેથી જો હું પારણા ન કરું તો મારૂ એકાદશીનું વ્રત નાશ પામે તેથી જયોતિષીના કહેવા પ્રમાણે એક અંજલી પાણી પીધું છે. માટે હે ઋષિ મહારાજ મારો તે અપરાધ ક્ષમા કરો. અને આ ભગવાનના થાળની પ્રસાદી જમો. તથા તમારા આ સર્વે શિષ્યોને પ્રેમથી જમાડો. પછી હું જમું. પણ આ દુરવાસાઋષિ તો પરીક્ષા લેવા આવ્યાં હતા. તેથી બપોરે મોડા આવ્યા. તેમને ખબર હતી કે આજે બપોરના ૧૨ વાગ્યા સુધી

જ બારસ છે એટલે નદીએ ન્હાવા ગયા પણ મોડા આવ્યા. અંબરીશ રાજાએ ખુબ જ જમવાની વિનંતી કરી પણ દુરવાસાઋષિ જમ્યા નહીં અને જેમ તેમ બોલવા મંડ્યા અને આ રાજાનું અપમાન કરવા લાગ્યા. તે રાજાનું અપમાન જોઇ ભગવાન સહન કરી ન શક્યા ને ભગવાને સુદર્શન ચક્રને દુરવાસાઋષિની પાછળ મોકલ્યું તે ભગવાનનું સુદર્શન ચક્ર દુરવાસાઋષિને બાળવા લાગ્યું. તે સુદર્શન ચક્રથી દુરવાસા ખુબ જ બીના ને દોડવા લાગ્યા પણ તે ભગવાનનું સુદર્શન ચક્ર તે દુરવાસાની પાછળ પાછળ ચાલે ને દુરવાસાને દુ:ખ થાય. આ દુરવાસા ઋષિ આખી પૃથ્વીમાં ફર્યા. મોટા મોટા રાજાઓ આદિથી કાંઇ રક્ષા થઇ શકી નહીં તેથી દુરવાસાઋષિ ખુબ જ દુખી થયા ને ઇન્દ્ર પાસે ગયા, બ્રહ્મા પાસે ગયા, શંકર પાસે ગયા પણ આ ભગવાનના સુદર્શનથી કોઇથી રક્ષા થઇ નહીં. છેવટે વિષ્ણુભગવાન પાસે ગયા કે પ્રભુ, મારો આ અપરાધ ક્ષમા કરી આ સુદર્શન ચક્ર થકી રક્ષા કરો. તે સાંભળી વિષ્ણુભગવાન બોલ્યા કે, હે ઋષિ તમોએ જો મારો અપરાધ કર્યો હોય તો હું રક્ષા કરું પણ તમોએ મારા એકાંતિક ભક્તનો અપરાધ કર્યો છે તેથી હું આ સુદર્શનથી રક્ષા કરી શકીશ નહીં. તે સાંભળી દુરવાસા ઋષિ ઉદાસ થઇ ગયાં અને બહુ જ વિનયથી બોલ્યા કે, હે પ્રભુ તમો કાંઇ કરો. ને મારો આ અપરાધ ક્ષમા કરી. મને કાંઇ ઉપાય બતાવો જેથી હું આ દુ:ખમાંથી છુટું. તે સાંભળી વિષ્ણુ ભગવાન બોલ્યા કે, હે ઋષિ તમારે આ દુ:ખમાંથી છુટવું હોય તો તમો તે મારા ભક્ત રાજાની પાસે જાઓ. ને વિનંતી કરો કે હે રાજન તમો મારો આ અપરાધ

ક્ષમા કરો અને આ સુદર્શન થકી મારી રક્ષા કરો. તો રાજા જ આ સુદર્શન થકી રક્ષા કરશે. તે સાંભળી દુરવાસા ઋષિ આખી દુનિયામાં ફર્યા. સ્વર્ગ, મૃત્યુ અને પાતળમાં ફર્યા. બ્રહ્માના લોકમાં ગયા. શંકરના લોકમાં ગયા. વિષ્ણુ પાસે વૈકુંઠમાં ગયા પણ કોઇએ આ સુદર્શન થકી રક્ષા ન કરી. છેવટે આ દુરવાસા ઋષિ અંબરીશ રાજા પાસે આવીને વિનયથી વિનંતી કરવા લાગ્યા કે, હે રાજન, તમારો અપરાધ મારાથી થઇ ગયો. તે અપરાધ તમો માફ કરોને મારી આ ભગવાનના સુદર્શન ચક્રથી રક્ષા કરો. એવા વિનયના વચન સાંભળી આ અંબરીશ રાજાએ ભગવાનનું પ્રસાદીનું પાણી તે સુદર્શન ચક્ર ઉપર છાંટીને બોલ્યા, 'હે સુદર્શન ચક્ર, મારો આ ઋષિ પ્રત્યે પહેલા મારે ઘેર ભિક્ષા માંગવા આવ્યા હતાં, તે વખતે મારો એ ઋષિ ઉપર જેવો પ્રેમ હતો તેવો જ પ્રેમ મારે આ ઋષિ ઉપર હમણાં હોય તો હે સુદર્શન ચક્ર તમો જ્યાંથી આવ્યા ત્યાં ભગવાન પાસે જાઓ.' આટલી વાત સાંભળીને તે સુદર્શન ચક્ર અદ્રશ્ય થઇ ગયું. ને આ રાજા દુરવાસા ઋષિને પ્રેમથી પગે લાગ્યા. અને પ્રેમથી આ દુરવાસા ઋષિને જમાડ્યા. ને દુરવાસા ઋષિ રાજી થઇને પોતાના સ્થાને ગયા. અહો.. આ રાજાની વાતમાંથી આપણે એ શીખવાનું કે, છાણ લેતાં હતા તે બેનને નિર્માની થઇને છાણનો સુડલો ઉપડાવ્યો. તે જો રાજાએ પોતે એમ માન્યુ હોત કે હું રાજા ને આ બેનને સુડલો છાણનો કેમ ઉપડાવું. પણ તે રાજાએ કેટલું નિર્માની પણું દાખવી છાણનો સુડલો તે બેનને ઉપડાવ્યો.ને તે બેને અજાણથી તે રાજાને ભક્ત કહ્યા તે ભક્ત નામ સાંભળી તે રાજા રાજી થયાં

અને આ બેનને સીરપાવ આપ્યો. અને તે બેનના સબંધી તથા રાજના સર્વે માણસનોને રાજાએ જમાડ્યા. અને કહ્યું કે મને આ બેને ભક્તનો ઇલ્કાબ કેતા ભક્તની ડીગ્રી આપી. તે શાસ્ત્રમાં લખેલ છે કે આ લોકમાં માણસો ભણે તેને વકીલની, સી.એ.ની, પ્રિન્સીપાલની, ન્યાયાધિશની, મંત્રીની, મુખ્યમંત્રી કે પ્રધાનની, ડોકટર, રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન આદિ અનેક પ્રકારની ડીગ્રી માણસોને લાયકાત પ્રમાણે મળે છે પણ ભક્તની ડીગ્રી સર્વે કરતાં શ્રેષ્ઠ છે. ભગવાને વચનામૃતમાં કહેલ છે કે, જેવા મારા ભક્ત મને વ્હાલા છે તેવું બીજું મને કાંઇ વ્હાલુ નથી. તે ગીતાજીમાં તથા ભાગવતમાં તથા રામાયણ આદિ શાસ્ત્રોમાં લખેલ છે કે, સર્વે કરતાં ભક્ત થાવું બહું જ દુર્લભ છે. ને જે ભક્ત થાય તેને ભગવાન આધિન થઇ જાય છે. તે લખ્યું છે કે, ભક્તાધિન ભગવાન માટે આપણે ભલે આ લોકની ડીગ્રી આપણા અધિકાર પ્રમાણે આપણાને મળે છે. પણ ભક્તની ડીગ્રી સર્વ કરતાં શ્રેષ્ઠ છે. તે શાસ્ત્રમાં લખેલ છે. કે ત્યાં ભગવાન કહે છે કે,

'મારા રે બાંધ્યા વૈષ્ણવ છોડે, વૈષ્ણવે બાંધ્યા મે નવ છુટે રે..,
કોઇ વૈષ્ણવ મને બાંધે તો, એ બંધન મે ના છુટે રે.

અહો આટલો બંધો વૈષ્ણવ જે સાચા ભક્તનો મહિમા છે. ને આપણે આ સાચા ભક્ત જે અંબરીશ રાજાની ઉપરની વાતથી જાણ્યુ કે દુરવાસા ઋષિ કેવા મોટા હતા તેમણે અંબરીશ રાજાનો અપરાધ કર્યો તેથી ભગવાને તે ભક્તની રક્ષા માટે સુદર્શન ચક્ર તે દુરવાસા ઋષિની પાછળ મોકલ્યું. તે આખી પૃથ્વીમાં ફર્યા,

ઇન્દ્ર લોકમાં ગયા, બ્રહ્મા પાસે ગયા, શંકર પાસે ગયા તે સર્વે એ કહ્યું કે આ ભક્ત રાજા અંબરીશની રક્ષા કરવા માટે આ ભગવાનના સુદર્શન ચક્રથી અમે રક્ષા કરી શકશું નહીં. છેવટે વિષ્ણુ ભગવાન પાસે વૈકુંઠમાં ગયા તે ભગવાને પણ કહ્યું કે, આ સુદર્શન ચક્ર મારા ભક્તના રક્ષણ માટે છે તે મારાથી તમારું રક્ષણ નહીં થાય. જુઓ, ભગવાને ભક્તનો કેટલો મહિમા કહ્યો કે જે ભક્તનું દુઃખ તેને ભગવાન સહન કરતા નથી ને ભગવાને પોતે પણ એ દુરવાસા ઋષિ થંકી ભક્તની રક્ષા કરી. ઓ હો.. હો... ભક્તનો આટલો બધો મહિમા ! તો આપણે સાચે ભાવે ભગવાનની ભક્તિ કરીશું તો દયાળુ સ્વામિનારાયણ ભગવાન જરૂર આપણી સર્વે પ્રકારે રક્ષા કરે જ છે. ને સદાય કરશે તેનો આપણે કેફ રાખી આનંદમાં રહી ભજન કરવું.

બીજુ એક રાજા હતા. તેમને ઘણીક રાણીયો હતી. પણ તેમને પુત્ર ન હોતા થયા તેથી તે બહુ જ દુઃખી હતા ને મનમાં બહુ જ ચિંતા કરતાં અને વિચારતાં કે અહો **આટલું મોટું રાજ્ય ને કાંઇ વારસદાર (પુત્ર) નહીં.** એમ કરતાં એક સમય એમને ત્યાં રાજ્યમાં અંગીરા ઋષિ આવ્યા. આ ઋષિની બહુ જ સેવા કરી. પ્રેમથી જમાડ્યા અને સારી સારી સત્સંગની વાતો સાંભળી પણ આ રાજાના મનમાં શાંતિ ન હતી. તેથી આ ઋષિ રાજાને પુછે છે કે, રાજન તમારૂ આટલું મોટું રાજ્ય છે પણ તમારા મનમાં કાંઇ ચિંતા લાગે છે. એ વાત સાંભળી રાજા વિનયથી આ ઋષિને કહેવા લાગ્યા કે, હે ઋષિ મહારાજ મારે આટલું રાજ્ય છે પણ પુત્ર નથી. તેથી મને ચિંતા થાય છે. માટે તમો મોટા

મહાત્મા છો માટે તમો મારા ઉપર દયા કરી મારે ત્યાં સારા પુત્રની પ્રાપ્તી થાય એવા આશિર્વાદ આપો. એ સાંભળી અંગીરા ઋષિ બોલ્યા કે, હે રાજન તમારે સાત જન્મમાં પુત્ર થાય તેમ નથી. તે સાંભળી રાજા બોલ્યા કે, અરે ઋષિ મહારાજ તમો કહો છો કે, સાત જન્મ સુધી પુત્ર નહીં થાય તો તમારા જેવા પવિત્ર મહાત્મા દયા કરે, તો ન થાય એવું શું છે ? તમારી દયા થાય તો જરૂર મારે ત્યાં પુત્ર જન્મે. તે સાંભળી ઋષિ બોલ્યા કે, હે રાજન, તમારે ત્યાં પુત્ર જન્મે તેવું નથી. વળી રાજા બોલ્યા કે તમો દયા કરો તો જરૂર પુત્ર થાય માટે મારા ઉપર દયા કરી મારે ત્યાં પુત્રનો જન્મ થાય એવી આશીષ આપો. વળી તે સાંભળી ઋષિ બોલ્યા કે, હે રાજન પુત્ર થાશે. તો પણ તમને તેમાં સુખ નહીં થાય. તે સાંભળી રાજા બોલ્યા કે, અ હો હે.. ઋષિ મહારાજ ભલે મને સુખ ન થાય. તો પણ મને પુત્ર જરૂર આપો. તે સાંભળી ઋષિના મનમાં દયા આવી. ભગવાનની પ્રસાદીનું પાણી આપ્યું અને કહ્યું કે આ તમારા ધર્મપત્નિને આ પાણી પીવડાવશો. ને દરરોજ ભગવાનના નામની પાંચ માળા ફેરવજો. તેથી ભગવાન સારૂ કરશે. તે પાણી લઇ પોતાની એક પત્નીને આપ્યું અને તે પાણી તે રાણીએ પીધું ને નવ માસે ભગવાનની તથા તે ઋષિની દયાથી તે રાણીને પુત્ર પ્રાપ્ત થયો. તે પુત્રની પ્રાપ્તી સાંભળી બહુ જ રાજી થયાં. ને ઋષિ પાસે આ વાત કરી ને ઋષિને કહે આ પુત્રનું શું નામ પાડવું. તે કૃપા કરીને કહો. તે સાંભળીને ઋષિ બોલ્યા કે, આ પુત્રનું નામ હર્ષશોક પાળજો. તે સાંભળી રાજાએ તે પુત્રનું નામ હર્ષશોક પાળ્યું. એમ કરતાં

ઘણો સમય થયો ને જે રાણી થકી પુત્ર જન્મ્યો હતો તે રાજાની માનીતિ થઇ ગઇ. બીજી બધી રાણીઓ પ્રત્યે આ રાજાને પ્રેમ થોડો ઓછો થયો. તેથી બીજી રાણીઓને ઇર્ષા આવી. કે આ રાણીને પુત્ર થયો તેથી વધારે માનીતી થઇ ગઇ અને આપણે અણમાનીતિઓ થઇ ગઇ. એમ જાણી બીજી બધી રાણીઓએ મનમાં વિચાર કર્યો કે આ પુત્ર થયો તેથી આ રાણી રાજાને પ્રિય થઇ ગઇને માટે આ પુત્રને મારી નાખીએ. એટલે એ રાણી પણ આપણા જેવી થઇ જાય. એમ બધી રાણીઓએ સંપીને ઝેર વાળો રૂમાલ રાત્રીના સમયે પુત્ર સુતો હતો તેને સુઘાડીને ચાલી ગઇ. આ ઝેરવાળો રૂમાલથી આ પુત્રનું મૃત્યુ થયું. સવારે જે રાણી થકી પુત્ર થયો હતો. તે રાણી ઉઠીને જુએ તો આ પુત્રનું મરણ થયું હતું. તે વાત આ રાણીએ રાજાને કરી આપણા પુત્રનું મૃત્યુ થયું છે. તે વાત સાંભળી આ રાજા પુત્ર પાસે આવ્યો ને જુએ છે તો પુત્ર મૃત્યુને જ પામ્યો હતો. તે જાણી રાજાને મનમાં બહુ જ શોક થયો. કે અરે આ ઋષિના આશિર્વાદથી પુત્રનો જન્મ થયો હતો ને હવે મૃત્યુ પણ પામ્યો. તે જાણી રાજા બહુ શોક કરવા મંડયા. તે રાજાને તેમના કારભારી આદિકે સમજાવ્યા ને ઘણુંક આશ્વાસન આપ્યું. તો પણ રાજાનો શોક ટળ્યો નહીં. ને રાજા કહે, આ પુત્રને ગમે તેમ કરીને સજીવન કરો. પણ આ પુત્રને બાળવા નહીં દઉ. એ સાંભળી રાજાને બીજા હેતુ સંતોષીઓએ સમજાવ્યા કે, હે રાજન આ પુત્ર મૃત્યુ પામ્યો છે. તે હવે સાજો ન થાય. માટે આ પુત્રને અગ્નિસંસ્કાર કરવા દો. પણ આ રાજા તો શોકમાં એટલા બધા ડુબી ગયા હતા. તેથી આ

પુત્રને અગ્નિસંસ્કાર કરવા ન આપે. એ સમયમાં વળી આ ઋષિ અચાનક આ રાજ્યમાં આવ્યા. તે ઋષિને આવતા જાણી રાજા રાજી થયાં કે આ ઋષિના આશીર્વાદથી મારે ત્યાં પુત્રનો જન્મ થયો હતો તો આ ઋષિ મારા પુત્રને જરૂર સજીવન કરશે. આ ઋષિ રાજા પાસે આવ્યાને દુર ઉભા રહ્યા રાજા આ ઋષિને અડયા નહીં ને દુર ઉભા રહી આ ઋષિની બહુ જ પ્રાર્થના કરી કે હે ઋષિ મહારાજ આ તમારા આશીર્વાદથી પુત્રનો જન્મ થયો હતો. માટે આ પુત્રને તમો સજીવન કરો. તમારા જેવા ઋષિના આશીર્વાદથી આ પુત્ર જરૂર સજીવન થાશે. આ સાંભળી ઋષિ બોલ્યા કે, હે રાજન, મેં તમને પહેલાં જ કહ્યું હતું કે તમારા પ્રારબ્ધમાં સાત જન્મ સુધી પુત્ર નહીં થાય. તો પણ તમારા આગ્રહથી પુત્રનો જન્મ થયો પણ ભગવાનની ઇચ્છાથી આ પુત્રનું મૃત્યુ થયું તે હવે આ પુત્ર સજીવન નહીં થાય. માટે તમો જરા પણ શોક ન કરો.ને આ પુત્રનો અગ્નિસંસ્કાર કરવા દ્યો. તે સાંભળી રાજા ફરી આ ઋષિને વિનંતી કરી કે, આ પુત્ર ને તમો જરૂર સંજીવન કરો. આ ઋષિએ બહુ બહુ સમજાવ્યા પણ આ રાજાએ હઠ છોડી નહીં. ને કહે જરૂર આ પુત્રને સજીવન કરો. તે આ રાજાનો અતી આગ્રહ જોઇ ઋષિએ આ મૃત્યુ પામેલા પુત્ર ઉપર ભગવાનની પ્રસાદીનું પાણી છાંટી સંકલ્પ કર્યો કે હે પુત્ર તું સજીવન થા. તેથી જરા વારમાં તે પુત્ર સજીવન થયો. સજીવન થયો જાણી રાજા તથા બીજા સર્વે બહુ જ રાજી થયા. ને તે સજીવન થયેલો પુત્ર બોલવા લાગ્યો કે અરે હે રાજન હુ તમારો પુત્ર નથી તમો મારા પિતા નથી આ તો આ સંસારમાં

લેણી - દેણી એ સંસ્કારે બધા જન્મે ને મરે. ને કેટલી વખત હુ તમારો પિતા થયો હોઇશ, કેટલી વખત તમે મારા પિતા થયા હશો. એમ ઋણાનુ બંધને આ દુનિયામાં થયા જ કરે. માટે તમો મારો જરા પણ શોક ન કરો ને આ સંસારમાં જન્મ - મરણ થયા જ કરે. ને આ સંસારમાં કાંઇ પણ સુખ નથી. સુખ માત્ર તો ભગવાનમાં જ છે ને સાચુ સુખ પણ ભગવાનનું છે. આ સંસારમાં ક્યાંઇ સુખ નથી. માટે તમારે સાચુ સુખ જોઇતું હોય તો તમો આ ઋષિના આશીર્વાદ લઇ ભગવાનનું ભજન કરશો તો જ તમો સુખીયા થાશો. હવે હું આ દુનિયામાંથી જાઇશ. તમો આ મારા દેહની કાંઇ પણ ચિંતા ન કરશો ને આ દેહનો અગ્નિસંસ્કાર કરી નાખશો. એમ વાત કરી આ પુત્ર મૃત્યુ પામ્યો. આ બધી વાત સાંભળી રાજા ચકીત થયા. કે અ..હો..હે.. આ દુનિયા આવી જ છે. ને રાજા દુરથી આ ઋષિને પ્રાર્થના કરવા લાગ્યા કે હે ઋષિ મહારાજ તમોએ મારા ઉપર દયા કરી. આ પુત્ર મારફત મને જ્ઞાન કરાવ્યું. હવે મારો મોક્ષ થાય. ને હું સુખી થાઉ. એવી દયા કરો. આ સાંભળી ઋષિ કહે હે રાજન, તમો આ પુત્રના અગ્નિ સંસ્કાર કરી નાખજો ને તમો ભગવાનનું ભજન કરજો. ભગવાન તમારૂં સારૂ કરશે. એમ કહી ઋષિ ચાલ્યા ગયા. પછી આ રાજાએ તે પુત્રનો અગ્નિસંસ્કાર કરી નાંખ્યો અને પછી આ રાજા ખુબ જ ભગવાનની ભક્તિ કરવા લાગ્યા ને એ રાજાને સાચી ભગવાનની વાત સમજાણી કે ભગવાન જ સાચા છે. આ સંસાર ખોટો છે. એમ જાણી આ રાજા ખુબ જ ભજન કરવા મંડ્યા.ને ભગવાનના ભજન વળે તે

રાજાને અંતરમાં ખુબ જ શાંતિ થઇ ગઇ. ને દેહને અંતે તે રાજાનો મોક્ષ થયો. આમા આપણે શું લેવાનું કે, આ દુનિયામાં કાંઇ સાચું સુખ નથી. ને આ દુનિયા દુઃખ રૂપ જ છે. તેમ જાણી આ દુનિયામાં ઉપર થકી વ્યવહારીક કાર્ય કરવું. પણ અંતરમાં ભગવાન રાખવા. ને જેટલું બને તેટલું ભગવાનનું ભજન વિશેષ કરવું અને ભગવાનના ભજન વળે આ જીવાત્માનો મોક્ષ થાય છે. ને તેને જન્મ - મરણના ફેરા મટી જાય છે.ને દેહને અંતે ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે. એથી ઉપરાંત બીજો કોઇ સાચો લાભ નથી. માટે આપણું શરીર સારૂ હોય, સત્સંગનો સારો યોગ હોય તેમાં આપણે કાળજી રાખીને ભજન કરી લેવું. એ જ આ મનુષ્ય જન્મ પામીને તથા સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચું ફળ છે. માટે જેમ બને તેમ ભજન વિશેષ કરવું.

બીજુ વડોદરાના **નાથ ભક્ત હતા તે સારા સત્સંગી હતા તે કયારેય પણ ક્રોધ કરતા નહીં** ને તે હંમેશાં વહેલા ઉઠી બહાર નદીમાં ન્હાવા જાય. તે એક વખત નદીમાં ન્હાવા જતા હતા ને નાહીને આવતા હતા ત્યો એક કુસંગી હતા તેમણે આ નાથ ભક્ત ઉપર થુક નાખી તેથી ફરી આ નાથ ભક્ત નદીએ નાહી આવ્યા. ત્યાં વળી આ કુસંગીએ થુક નાખી એમ ૭૦ વખત આ કુસંગી એ થુક નાખી ને આ નાથ ભક્ત ૭૦ વખત નાહી આવ્યા. આ જોઇ પેલા કુસંગી ને થયું કે હું ૭૦ વખત આ ભક્ત ઉપર થુક્યો તો પણ આ ભક્તે કાંઇ ક્રોધ ન કર્યો આ ભક્ત સાચો છે એમ જાણી તે કુસંગીએ આ નાથ ભક્તની માફી માગીને કહ્યું કે મારો અપરાધ માફ કરો. તમારા ઉપર હું ૭૦

વખત થુક્યો તો યેતમો એ જરા પણ ક્રોધ કર્યો નહીં તે સાંભળી આ નાથ ભક્ત બોલ્યા કેમારા પાસે ક્રોધ જ નથી. તો તારા ઉપર ક્રોધ કયાંથી કરૂને તું ૭૦ વખત થુક્યો તેથી હું ૭૦ વખત આ પવિત્ર નદીમાં નાહી આવ્યો. તેથી તમે મારા ઉપર સારી દયા કરી આ સાંભળી પેલો કુસંગી સરમાઇ ગયો. ને પગમાં પડી બહુ જ વિયનથી માફી માગી આમા કહેવાનું કે, આ માણસ ૭૦ વખત થુક્યો તો પણ જરાયે ક્રો ન કર્યો તેવી જ રીતે આપણે ક્યારેય પણ ક્રોધ ન કરવો ને શાસ્ત્રમાં લખેલ છે કે કરોડ રૂપિયાનું દાન કરે પણ તે જો એક વખત ક્રોધ કરે તો તે કરોડ રૂપિયાનું પુણ્ય નાશ પામે છે માટે આપણે શાંતી રાખવી, ક્રોધ ક્યારેય કરવો નહી.

બીજુ મોરબી પાસે જેતપુર ગામમાં દમાભાઇ લુહાણા હતા. તેમણે પોતાના **મોક્ષ માટે ઘણાક પરોક્ષના સંતોને મળ્યા પણ તેમને શાંતિ થઇ નહીં** પછી ભગવાનની દયાથી તેમને આપણા બ્રહ્માનંદ સ્વામી મળ્યાને બ્રહ્માનંદ સ્વામીએ ભગવાનના મહીમાની, જ્ઞાનની, ધ્યાનની ઘણીક સત્સંગ સબંધી સારી વાતો કરી. તેથી આ દમાભાઇના અંતરમા બહું જ શાંતિ થઇ ને મનમાં વિચાર્યું કે મે ઘણાક સાધુ જોયા પણ આવી અંતરની શાંતિ ક્યાંઇ થઇ નથી તેથી તે દમા ભાઇએ બ્રહ્માનંદ સ્વામી ને ગુરુ કર્યા ને તે સ્વામીનો ખુબ જ સમાગમ કર્યોને ધ્યાન ભજન કરી ખુબ જ સારા સત્સંગી થયા ને તે દમા ભક્તે લાખો માણસોને સત્સંગ કરાવ્યો ને પોતે ખુબ જ ભગવાનનું ધ્યાન ભજન કરતા ને દેહને અંતે ભગવાનના ધામમાં ગયા તેવી જ રીતે આપણે સારા

સત્પુરુષનો સમાગમ કરી આપણા આત્માનું કલ્યાણ કરી લેવું.

બીજુ **ભુજમાં બાલમુકુંદદાસજી ૬૦ વર્ષે સાધુ થયા** તેમના મનમાં થયું કે આ બધા સાધુ નાની ઉંમરમાં સાધુ થયા છે ને ઘણુંક ભજન કરી મારા કરતા આગળ છે પણ હું મોટી ઉંમરે સાધુ થયો તે પાછળ છું એમ જાણી પોતે ખુબ જ ભગવાની મુર્તિનું ધ્યાન કરે ને પલાઠી વાળીને બેસે તે પગ ઉપર પથરા રાખે જરા ઉંઘ જેવું થાય તો ચોટલી ને ઘોરીથી ખીલીએ ટીંગાળે જેથી જરા ખેંચાય એટલે ઉંઘ ઉડી જાય. એવું ધ્યાન કરવામાં ખટકો રાખતા ને તે અખંડ ભગવાનનું ભજન કરતાને ભગવાનની મુર્તિનું ધ્યાન કરતા ને તેમની પાસે કોઇ સારા સત્સંગી આવેને બેસે તો તેમને એમ કહે આ ભગવાનની મુર્તિનું ધ્યાન કરો આ ભગવાનની મુર્તિના ધ્યાનમાં બહુ જ આનંદને સુખ છે. એટલી વાત કરી વળી ભગવાનની મુર્તિનું ધ્યાન કર્યા કરે. એવી રીતે ભગવાનની મુર્તિનું ધ્યાન અખંડ કરે ને ભગવાનની સેવા જે હોય તે ભગવાનની મુર્તિને સંભાળીને કરે. પણ ભગવાની મુર્તિને જરાવાર પણ ભુલે નહીં તે આ સ્વામીનું આવું જીવન જોઇ ઘણાંક સત્સંગી થયા. ને આ સ્વામી અખંડ ભગવાનની મુર્તિને સંભાળતા હતા ને દેહ ને અંતે ભગવાનના ધામમાં ગયા તેવી જ રીતે આપણે ધ્યાન ભજન કરી આપણી સર્વે કસરો ટાળી ભગવાનની મુર્તિને વિશે જ હેત કરવું. એ જ મોટો લાભ છે. માટે આપણે કાળજી રાખી ભજન કરવું.

બીજુ **સત્સાસ્ત્રમાં લખલે છે કે, જનના તથા મનમાં તથા તનના અંતરાયમાં લોભાવું નહીં** કહેતા જનના એટલે માણસોના

કહેતા તે માણસો ગ્રામ વાતો કરતા હોય તેમાં આપણે ભળવું નહીં તો જનના અંતરાયમાં લોભાણા ન કહેવાયે તથા મનના અંતરાય કહેતા મનમાં વિના પ્રયોજન ખોટા સાચા ઘાટ ઘડ્યા કરે. તેમાં લોભાવું નહીં એમ જાણવું કે હું તો તે મન થકી નોખો આત્મા છું. એમ જાણી તે મનના ઘાટમાં ન લોભાવું ત્રીજુ તનના તન એટલે આ દેહ તે દેહ ક્યારેક માંદો થાય, કયારેક અશક્ત થઇ જાય તેમાં જરા પણ લોભાય નહીં તે જરા પણ અંતરમાં દુઃખી ન થાય. એ તનના અંતરાયમાં લોભાણો ન કહેવાય. તેવી જ રીતે આપણે એ ત્રણ ના અંતરાયમાં ન લોભાતા જેમ બને તેમ ભજન વિશેષ કરવું.

બીજુ **વાંદરાને પકડવા માટે મદારી** માટીના ઘડામાં ડાળીયા નાખી ને ઘડો બહાર ચોકમાં રાખે તેથી તે વાંદરાઓ તે ઘડામાં ડાળીયા લઇને મુઠી વાળે ને એ વાંદરાના હાથ એ ઘડામાં ભરાઇ જાય. તેથી આ મદારી વાંદરાને પકડી લે. ને આ વાંદરા પાસે ખેલ કરાવે. એ તો દ્રષ્ટાંત છે આ દ્રષ્ટાંતના સિદ્ધાંતમાં શું લેવાનું કે ડાળીયાને ઠેકાણે આ જીવને પંચ વિષયની વાસના તે વાસના રૂપી ડાળીયામાં આ જીવ માયામાં બંધાઇ જાય છે. તેથી આ જીવ જન્મ મરણના ફેરા ભોગવ્યા જ કરે છે. જેમ વાંદરા પાસે તે મદારી ખેલ કરાવે છે. તેમ આ જીવ માયામાં બંધાઇને જન્મ-મરણના દુઃખ ભોગવ્યા જ કરે છે. પણ આપણે સારી રીતે ભગવાનની ભક્તિ કરીએ તો ડાળીયા રૂપી જે પંચ વિષયની વાસના ટળી જાય. ને ભગવાનને સુખે સુખીયા થઇ જવાય. ને જન્મ મરણના ફેરા ભોગવવા ન પડે.ને દેહને અંતે ભગવાનની

સેવામાં ભગવાનના ધામમાં રહી જવાય. તો જ સર્વે કાર્યો પુરા થયા કહેવાય. માટે આપણે જેમ બને તેમ ભગવાનનું ભજન વિશેષ કરવું.

મોટા સંતોએ કિર્તનમાં લખેલ છે કે

'આવો રૂડો અવસર રે, ઓળખવા એક હરિ **મોંઘો મનુષ્ય તન રે,**

ના આવે તારે ફરી ફરી, ધન જોબન રંગ પતંગી વણશી જાયે,

વારંવાર એ સારૂ શું જતન કરે છે, સ્વપ્નનું આ સંસાર વાદળાની છાયા રે,

જોતા જોતા ચાલી ગઇ '

આનો એ અર્થ કે આવો સારો અવસાર ભગવાન ભજવાનો મળ્યો છે. તેથી ભગવાને ઓળખવાને વળી કહ્યું કે મોંઘો મનુષ્ય દેહને ફરી ફરી મળતો નથી. આતો અનેક જન્મના પુણ્ય વળે જ આ મનુષ્ય જન્મ મળ્યો છે. તો આ મનુષ્ય જન્મ વળે ભગવાનનું ભજન કરી લેવું. બીજું લખ્યું કે, ધન જોબન તે પતંગ ના રંગ જેવું છે. તે અચાનક નાશ પામે છે. માટે એના સારૂ તુ શું જતન કરે છે. જેમ વાદળાની છાયાને જોતા જાતામાં ચાલી જાય છે. ને જેમ સ્વપ્નુ આવે તે સાચું હોતું નથી. તેમ આ સ્વપ્ના જેવો સંસાર છે. તેમાં મોહન પામવો તે સર્વ સુખના નીધી ભગવાનને જાણીને પ્રકાશમાન મુર્તિને વિશે જ હેત કરવું ને આલોકના ક્ષણીકને નાશવંત જે પંચ વિષયના સુખમાંથી રાગ ટાળવા એ જ આ મનુષ્ય જન્મ વળે ખરૂ કરવાનું છે. માટે જેમ બને તેમ

ભગવાનનું ભજન વિશેષ કરવું.

બીજુ **સત્શાસ્ત્રમાં લખેલ છે કે નવ ખંડ પૃથ્વીનું રાજ્ય મળે** કુબેર ભંડારી જેટલું ધન મળે પણ જો ભવગાન ન મળે તોતે સર્વ નકામું છે. કહેતા આલોકનું રાજ્ય મળે તેથી તેને આલોકનું સુખ મળ્યું કહેવાય. પણ તે રાજા ભગવાનનું ભજન ન કરે તો દેહને અંતે તેને સુખ થાતું નથી. બીજુ લખ્યું કે, કુબેર ભંડારીના જેટલું ધન મળે તે કુબેરી ભંડારીને આખી પૃથ્વીનું ધન મળે પણ તે કુબેર ભંડારી ભવગાનનું ભજન ન કરે તો. તેને દેહને અંતે ભગવાનનું સુખ ન મળે તે શાસ્ત્રમાં કહેલ છે કે, રાજાબી દુખિયા, રંગબી દુખીયા, ધન પતી દુ:ખી, વિકારમે વિના વિવેક ભેખ દુ:ખી, ઉઘો સંત સુખી સંસાર મે. તેમાં કહેવાનું કે જેને ભગવાન ન મળ્યા હોય. તેવા રાજા પણ દુખી કેમ કે, તે રાજ્ય વૈભવમાં રચ્યા પચ્યા રહે. તે ક્યાંથી ભગવાનનું ભજન કરી શકે તે રાજાને ભલે આલોકનું સુખ મળે પણ તેના અંતરમાં સાચુ સુખ મળે નહીં તેથી લખ્યું કે, રાજા બી દુખી , બીજુ રંક બી દુ:ખી તે રંકને બીચારાને ટાઇમ સર જમવા મળે નહીં. સારા બંગલા રહેવાના મળે, સારા કપડા પહેરવા ન મળે, તેથી તે બીચારા દુ:ખીને વિના વિવેક ભેખ પણ દુખી તે ભેખ એટલે સાધુ તે સાધુને જો જ્ઞાન હોય ને ભગવાનની ભક્તિ કરે તો સાધુ જેવી કોઇ પદવી નથી. ને તે સાધુ ભગવાનનું ધ્યાન ભજન કરે તો સુખી પણ તેને વિવેક ન હોય, જ્ઞાન ન હોય. તો એવા ભેખ જે સાધુ તે અજ્ઞાને કરી તે પણ દુ:ખી ત્યારે સુખી કોણ તો કૃષ્ણ પરમાત્માએ ઉધ્ધવજીને કહ્યું કે, હે ઉધ્ધવ સંત સુખી સંસારમાં

સંત એટલે ભગવા કપડા પહેરે એટલે સાચા સંત બની શકાતું નથી. પણ વચનામૃત આદિ સત્સશાસ્ત્રમાં સંતના લક્ષણ કહ્યાં છે તે લક્ષણ ક્યાં તો સમ, દમ, ક્ષમા, ત્યાગ સંતોષ અને આર્જવમ, તીતીક્ષા આદિ ૩૦ લક્ષણે યુક્ત જે હોય. તે જ સાચા સત્પુરુષ કહેવાય. એવા જે સત્પુરુષ હોય. તે જ આ સંસારમાં સુખીયા રહે. કેમ કે એવા જે સાચા સત્પુરુષ હોય. તે આલોકમાં ક્યાંઇ બંધાય નહીં. ને ભગવાનનું અખંડ ભજન કરે ને તે ભગવાનની મુર્તિને જ સુખે સુખીયા રહે. અને બીજા જે તેમનો સમાગમ કરે તેને પણ ભગવાનના મહિમા આદિની સારી સારી વાતો સંભળાવીને તેને સુખીયા કરે. તે આવા સત્પુરુષ મળવા બહુ જ દુર્લભ છે. પણ સ્વામિનારાયણ ભગવાને વડતાલના ૧૯ના વચનામૃતમાં લખેલ છે કે, જ્યારે આ પૃથ્વીને વિશે મનુષ્ય જન્મને પામે છે તેને ભગવાનના અવતાર અથવા સત્પુરુષ જરૂર આ પૃથ્વીને વિશે વિચરતા હોય. તો આપણે એવા સત્પુરુષને ઓળખીને સત્પુરુષનો સમાગમ કરવો. તે શિક્ષાપત્રીમાંથી કહેલ છે કે નીત્ય પ્રત્યે સત્પુરુષનો સમાગમ કરવો. ને તે એવા સત્પુરુષનો સમાગમ કરી આપણી અનાદીકાળની જે કસરો ટાળી આપણા જીવનું કલ્યાણ કરી લેવું એજ મોટો લાભ છે. માટે આપણે જેમ બને તેમ ભગવાનનું ભજન વિશેષ કરવું.ને ભવગાનનું ભજન કરવાને માટે શ્રીજી મહારાજે આપણા ઉપર અપાર દયા કરીને આવા મંદિરનો યોગ આપ્યો છે, આવા આચાર્યનો યોગ આપ્યો છે, આવા સાચા સત્પુરુષનો યોગ આપ્યો છે. તો આવા યોગને પામીને આપણે ભગવાનનું ભજન

કરી આપણા આત્માનું કલ્યાણ કરી લેવું અને દેહને અંતે શ્રીજી મહારાજની સેવામાં રહી જવાય અને ફરી આ ભવાટીમાં આવવું ન પડે અને આ છેલ્લો જન્મ થઇ જાય તો જ આપણે આ મનુષ્ય જન્મનું સાર્થકપણું કહેવાય. માટે આપણે જેમ બને તેમ ભગવાનનું ભજન વિશેષ કરવું અને શ્રીજી મહારાજની આજ્ઞા બરાબર પાલન કરવી.ને શ્રીજી મહારાજની આજ્ઞા બરાબર પાલન કરીશું તો શ્રીજી મહારાજ જરૂર આપણાને સર્વ પ્રકારે સુખીયા કરે છે ને સદાય કરશે. તો તેનો કેફ રાખી આઠે પહોર આનંદમાં રહી ભજન કરવું.

બીજુ રાપર તાલુકામાં કથકોટ ગામ છે. ત્યાં શ્રીજી મહારાજ ઘણીક વાર ગયેલા છે. અને તે ગામની પૃથ્વીને પાવન કરી છે. તે મહારાજ આ પૃથ્વી ઉપર બિરાજમાન્ધા હતાં ત્યારે એક સમયે ત્યાંના કચરા ભક્ત લુહાણા હતા. તેમને ઘરે પધાર્યા હતાં અને તેમને ઘેર મહારાજ પધાર્યા તેથી તે કચરા ભક્ત બહુ જ રાજી થયા અને બોલ્યા, કે અહો મારા મોટા ભાગ્ય કે મારે ઘેર દયાળુ શ્રીજી મહારાજ પધાર્યાને તે ભક્તે પોતાના ઘેર થાળ બનાવી મહારાજને પ્રેમથી જમાડયા. મહારાજ જમી લીધા પછી મહારાજની ચંદન, પુષ્પ આદિ વડે પુજા કરી, પ્રેમથી આરતી ઉતારી, મહારાજની ખુબ જ પ્રાર્થના કરી કે હે મહારાજ અમારા ઉપર દયા કરી તમારી મુર્તિના મારા અંતરમાં અંખડ દર્શન આપજો. એ સાંભળી શ્રીજી મહારાજ તે ભક્ત ઉપર બહુજ રાજી થયા. મહારાજે તે ભક્તના મસ્તક ઉપર હાથ મૂક્યો ને બહુ જ રાજી થયા. પછી મહારાજ ત્યાંથી ચાલ્યા ગયા. અને આ ભક્ત પણ

શ્રીજી મહારાજની આજ્ઞા બરાબર પાલન કરી ભગવાનની મુર્તિનું ધ્યાન ભજન કરે. ને ભગવાનની મુર્તિને સંભાળીને પોતાનું વ્યવહારીક કાર્ય કરતાં. એમ કરતાં હિંડોળાના દર્શનનો સમય આવ્યો. તેથી આ ભક્તના મનમાં વિચાર આવ્યો કે હાલમાં હિંડોળા મહોત્સવ ચાલે છે.માટે વડતાલ ભગવાનના દર્શન કરવા જવાનો વિચાર કર્યો. તે વખતે મોટર ગાડીના સાધન બહુ ન હતાં. પણ ગાડા કે ઘોડા આદિ સાધન હતા. તેથી કથકોટ ગામના આહીર પટેલ ખેતી કરતાં હતા. તે આહીર પટેલને આ કચરા ભક્તે કહ્યું કે મારે વડતાલ ભગવાનના દર્શન કરવા જવાનું છે. માટે તમારૂ ગાડુ લઇને ચાલો. તે સાંભળી આહીર પટેલ રાજી થયા. ને કહે ભલે ચાલુ. એમ વિચાર કરી ગાડુ લઇ આ કચરા ભક્ત વડતાલ દર્શન કરવા ચાલ્યા. ચાલાતાં - ચાલતાં વડતાલ ગામ આવ્યા. તે સમયે હીંડોળા મહોત્સવ ચાલતો હતો. તેથી સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ પોતાની સારી કલાથી બાર બારણાનો હીંડોળો પ્રેમથી બનાવ્યો હતો. તેમાં શ્રીજી મહારાજને તે હીંડોળા ઉપર પ્રેમથી ઝૂલાવ્યા હતા. તે બારે બહારડેથી ભગવાનની મુર્તિના સન્મુખ દર્શન થતા હતા. જેમ અક્ષરધામમાં ભગવાન પોતાના મુક્તોને સદાય સન્મુખ દર્શન આપે છે તેવી જ રીતે અહીં વડતાલમાં ભગવાને પોતાની યોગ કળાથી સર્વે ભક્તને સન્મુખ દર્શન આપતા હતા. ત્યાં આ કથકોટ ગામના કચરા ભક્ત દર્શન કરવા ગયા ને તે ગાડાવાળા આહેર પટેલ ને પણ તે બાર બારણાના હીંડોળાના દર્શન કર્યા. તે દર્શન કરી કચરા ભક્ત બહુ જ રાજી થયા. ને આ ગાડાવાળા આહીર પટેલ

તે પણ બહુજ રાજી થયા પછી શ્રીજી મહારાજે સભા કરીને સભામાં સંતો હરિ ભક્તોને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યની વાતો કરી પોતાના ભક્તોને સુખીયા કરતાં હતાં. તે સભાના આ કચરા ભક્તે દર્શને કર્યા ને ગાડાવાળા આહીર પટેલે પણ તે સભાના દર્શન કર્યા, ને તે દર્શન કરી બને બહુ જ રાજી થયા ને ત્યાં બે ત્રણ દિવસ રોકાઇ ભગવાનની વાતો સાંભળી ને બંને તે પોતાના ગામ કંઠકોટ આવ્યાને પોત પોતાનું જે વ્યવહાર કાર્ય કરતા હતા. એમ કરતા ઘણાંક વર્ષો થઇ ગયા પછી આ કચરા ભક્ત વેપાર કરતાં હતા. તેને લુટવાને માટે લુટારા એ વિચાર કર્યો કે આ કચરા ભક્તને મારી નાખીયે તેનું જે ધનમાલ હોય. તે લુંટી જાઇએ. એમ કરતા હતા. તે વાતની ભગવાનને અંતર્યામી પણે ખબર પડી તેથી ભગવાને કચરા ભક્તને કહી મોકલ્યું કે લુંટારા આવી તમારો બધો માલ લુંટી લેશે ને તમોને પણ મારશે માટે તમો તમારો માલ સમાન ગાડામાં ભરી બીજે ગામ જ્યાં સારૂં લાગે ત્યાં જજો. એ સાંભળી કચરા ભક્ત પોતાના ઘરનો બધો સામાન ગાડામાં ભરીને બીજે ગામ જવા રવાના થયા. તે લૂંટારાને ખબર પડી કે અમે કોઇને વાત કરેલ નથી. આને કોણે કહ્યું એમ વિચાર કરતાં આ લુંટારા કચરા ભક્તને ઘેર જતા હતા. પણ આ કચરા ભક્ત ગાડા જોડી બધો સમાન ભરી જતા હતા. પણ આ લુંટારાને દુરથી તે ગાડુ સામાન ભરેલું તથા કચરા ભક્ત તથા તેમના સર્વે સંબંધીને ગાડુ આકાશમાં ઉડતું જણાણું. તે જોઇ લુંટારા લોકો બહુ મનમાં આશ્ચર્ય પામ્યા કે આ ભક્તને કોણે કહેલ હશે કે અમો તેમને લુંટવા જવાના છીએ. પણ પોતે જ

સમઝ્યા કે આ સ્વામિનારાયણના ભક્ત છે. તેથી તેના ભગવાનને રક્ષા કરી હશે. એના ભગવાન બહુ જાદુગારા છે. માટે એમના આગળ આપણું કાંઇ ચાલશે નહીં. એમ વિચારી પાછા પોતાને ઘેર ગયાને કચરા ભક્તને થોડી વખત આકાશમાં ગાડુ તથા પોતે તથા સગા સબંધી ઉડતા જણાણા તે થોડીવારે પાછા પૃથ્વી ઉપર આવી ગયા. ને પોતાને ઘેર ગયા ત્યાંના આજુ બાજુના માણસો આ કચરા ભક્તને વાત કરી કે તમો ગયા પછી અહીં લુંટારા આવ્યા હતાં. તે તમારી તપાસ કરતાં હતાં. ને કેહવા લાગ્યા કે એ કયાં ગયા છે. પણ અમે કહ્યું કે અમને ખબર નથી, તે અહીંથી ચાલ્યા ગયા. આ કચરા ભક્તે વિચાર કર્યો કે આતો આપણા ભગવાને રક્ષા કરી નહીંતર આ લુંટારા લુટીજાતને માર મારત પછી તે કચરા ભક્ત મહારાજના ગઢડા દર્શન કરવા ગયાને બહુ જ વિનયથી પ્રાર્થના કરી કે હે દયાળુ તમો એ અમારી સર્વ પ્રકારે રક્ષા કરીને જો તમોએ રક્ષા ન કરી હોય તો અમારે માલ લુંટીજાતને અમોને માર મારત પછી ભગવાન બોલ્યા કે હે ભક્તો તમારા જેવા ભક્તની અમારે રક્ષા કરવી જ પડે અને પછી તે કચરા ભક્ત બોલ્યા કે હે મહારાજ અમોને તથા ગાડુ આદિને ઉંચા ઉડાડીયા એવું તમોએ શું કર્યુ ? તે સાંભળી ભગવાન બોલ્યા કે હે ભક્ત કચારભાઇ જો અમોએ તમોને ઉંચા ન ઉડાડ્યા હોત તો તમો તથા ગાડુ આદિ જમીન ઉપર હોત તો આ લુંટારા તમાને મારી નાખત ને સર્વે માલ લઇ જાત. તેથી તમોને ઉંચા ઉડાડ્યા. તે સાંભળી કચરા ભક્ત બહુ જ વિનયથી બોલ્યા કે અહોકૃપા નાથ આ પામરદાસ માટે

તમોએ આટલી બધી તસ્તી લીધી તે અપરાધ અમોરો ક્ષમા કરો એ સાંભળી ભગવાન બોલ્યા રે ભક્ત કચરાભાઇ તમારા જેવા ભક્તની રક્ષા કરવીએ તો અમારી ફરજ કહેવાય. માટે તમો જરા પણ ચિંતા કર્યા વિના આનંદથી ભજન કરો તે સાંભળી કચરા ભક્ત બહુ જ રાજી થયાને ખુબ જ ભગવાનનું ભજન કરતા હતા. એમ કરતા થોડો ટાઇમ થયો ત્યારે કચરા ભક્ત વડતાલ હીંડોળાના દર્શન કરવા ગયા હતા. ને આહીર પટેલનું ગાડુ લઇ ગયા હતા. તે આહેર થોડા માંદા થયા ને અંત કાળનો સમય આવ્યોને મોટા મોટા મોઢાવાળા મોટી મોટી ભંયકર ડાઢો વાળા જમના દુતો તે આહીરને ત્યાં આવ્યા તે શાસ્ત્રમાં લખ્યું છે કે ભગવાનની જે ભક્તિ કરી હોય ભગવાનના નિયમો પાલન કર્યા હોય. તેને ભગવાન કે ભગવાનના મુક્તો તેડવા આવે ને શાંતીથી ભગવાનના ધામમાં તેડી જાયે. એ ને જરા પણ તકલીફ ન પડે પણ જેણે ભગવાનની ભક્તી ન કરી હોય. ભગવાનના નિયમોનું પાલન ન કર્યું હોય. તેને અંતકાળે યમના દુતો તેડવા આવે ને તેને મારી કુટીને યમપુરીમાં લઇ જાય ને યમપુરીમાં બહુ જ દુ:ખ આપે તેવી જ રીતે આ આહીરે ભગવાનની ભક્ત પણ કાંઇ કરી ન હતી તથા ભગવાનના નિયમો પણ પાલન કર્યા ન હતા. તેથી યમના દુતો તેડવા આવ્યા. તે યમના દુતો ને જોઇ આ આહીર પટેલ બહુ જ બી ગયા ને મનમાં ચિંતા કરવા લાગ્યા ને પછી તે આહેર પટેલને કચરા ભક્તયાદ આવી ગયાને ઉંચે સાદે બોલવા લાગ્યા કે અરે કચરા ભક્ત મને આ જમના દુતો મારે છે. તેમાંથી બચવાનો એમ ઉંચા સાદે કચરા ભક્તનું નામ

લેવા માંડ્યા તે કચરા ભક્તનું નામ લીધું તેથી યમના દુતો બીવા લાગ્યા ને યમના દુતો આ આહેર ને કહેવા લાગ્યા કે આ ભક્તનું તું નામ ન લે પણ આ ભક્તને વિશ્વાસ આવ્યો કે હું કચરા ભક્તનું નામ લઉં છું તેથી યમના દુતો દુર રહે છે પછી આ આહેર પટેલે કચરા ભક્તને કહી મોકલ્યું કે યમના દુતો મને મારે છે તે સાંભળી કચરા ભક્ત ઉભા થઇ એક હાથમાં કંઠી લીધી એક હાથમાં પ્રસાદીનું પાણી લઇ ચાલવા માંડ્યા ચાલતા ચાલતાં આ આહેરના ઘેર આવી ગયાને યમના દુતોને જોયા તેથી આ કચરા ભક્તે ઉંચે સાદે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભગવાનના નામની ધુન્ય કરી તેથી યમના દુતો બહુ જ બળવા લાગ્યાને આ કચરા ભક્તને કહેવા લાગ્યા કે આ નામ ન લ્યો. આ નામથી અમે બહુ જ બળીયે છીએ. તે સાંભળી કચરા ભક્ત કહેવા લાગ્યા કે આ ભગવાનનું નામ તો હું લઇશ જ ત્યારે યમના દુતો બોલ્યા જુવો ભક્ત તમો ભક્ત છો તે બરાબર પણ આ ક્યા તમારો ભક્ત છે. આને અમોને યમપુરીમાં લઇ જવાદ્યો. ત્યારે કચરા ભક્ત બોલ્યા, કે આને યમપુરીમાં લઇ જવા તમોને હું નહીં આપું. પછી કચરા ભક્તે આ આહેર પટેલને વાત કરી કે આપણે વડતાલ તમારૂ ગાડુ જોડી ને ગયા હતા. ને ત્યાં બાર બારણાના હીંડોળામાં ભગવાન ઝુલતા હતા તે મુર્તિ ને યાદ કરોને સ્વામિનારાયણ ભગવાનનું નામ લ્યો. તે સાંભળી આ આહેર પટેલ ભગવાનનું નામ લેવા મંડ્યા ને હીંડોળામાં ઝુલતાં ભગવાનના દર્શન કરી ને બોલવા લાગ્યા કે અહો આ મુર્તિ તો બહુ જ ચમત્કારી છે. એમ વાતો કરતા હતા ત્યાં કચરા ભક્ત

હાથમાં પાણી લઇ આ આહેર પટેલના હાથમાં આપીને વર્તમાન ધરાવ્યાને કંઠી પહેરવી. તેથી આ ભક્ત બની ગયા પછી કચરા ભક્ત યમના દુતોને કહેવા લાગ્યા કે જુઓ આ પટેલ ભક્ત થઇ ગયા છે. તેથી હવે તમારાથી તેમને લઇ જવાશે. નહીં તે સાંભળી યમના દુતો ચાલ્યા ગયાને પછી આ કચરા ભક્તે તે ભગવાનની મુર્તિનું સામુદ્રીક શાસ્ત્રમાં વર્ણન છે તે પ્રમાણે વર્ણન કરવા મંડ્યા તે સાંભળી તે આહીર ભક્તને તે ભગવાન દર્શન આપી પોતાના અક્ષરધામમાં લઇ ગયા. આ વાત ઉપરથી આપણે શું સમઝવાનું કે કચરા ભક્ત બહુ જ સારા સત્સંગી હતા. તેમની લુંટારા થકી ભગવાને રક્ષા કરીને આકાશમાં ઉડતા ભક્તો દેખાણા તે ભગવાન સાચા ભક્તની સર્વ પ્રકારે રક્ષા કરે જ છે ને સદાય રક્ષા કરશે જ બીજું આહીર પટેલને અંતકાળે યમના દુતો તેડવા આવ્યા પણ તેણે કચરા ભક્તનુંનામ લીધું તેથી યમના દુતો બીવા લાગ્યાને પછી તે કચરા ભક્તે વડતાલના બાર બારણાના હીંડોળાના દર્શનને યાદ કરવાનું કહ્યું તેથી તે આહીરને તે હીંડોળામાં ઝુલતા ભગવાનના દર્શન થયા. તેથી યમના દુતો ભાગી ગયા. ને આ આહીરનો મોક્ષ થયો. તે ગ.પ્ર.પ્ર.ના. વચનામૃતમાં કહેલ છે કે જેને ભગવાનની મુર્તિ અખંડ દેખાતી હોય. તેને પણ ભગવાનના ઓચ્છવ સમૈયાના દર્શન સંભાળવા શા સારૂ કે, રજોગુણ - તમોગુણના વેગ વળે અંતકાળે ભગવાનની મુર્તિ ભુલી જવાય તો આવા ભગવાનના ઓચ્છવ સમૈયાના દર્શન સાંભળી આવે તો તેને ભગવાનની મુર્તિ સાંભળી આવે. આ આહીર પટેલને જો હીંડોળા ઓચ્છવના

દર્શન યાદ આવી ગયા તો ભગવાનની મુર્તિની સ્મૃતી થઇ. તેથી આ આહીર પટેલનો મોક્ષ થયો. માટે આપણે પણ આવા ઓચ્છવ સમૈયાને અવાર-નવાર સંભાળી રાખવા. જેથી ભગવાનની મુર્તીની સ્મૃતિ થઇ આવે.

બીજુ મોટા સત્પુરુષોએ એક વાત લખી છે કે, એક વરરાજા પરણતા હતા. તે જાન લઇ સાસરાને ગામ ગયા. વરઘોડામાં વિરાજમાન થઇ વાજતે ગાજતે સાસરાના દરવાજે તે વરરાજા આવ્યા. ને ચાર પાયાવાળા બાજોઠ ઉપર વરરાજાને ઉભા રાખ્યા ને વરરાજાની સાસુ તે વરરાજાને પોખવા આવ્યા. ત્યાં તે ગામમાં ઘણાક વૈરાગીઓ અડબંગી રહેતા હતા. તે પાંચ સાત તે વૈરાગીઓ આવી ને આ વરરાજાને ધકામારીને બાજોઠથી નીચે ઉતારી દીધાને તે વરરાજાને દુર ઉભા રાખી દીધા ને એક વૈરાગી તે ચાર પાયાવાળા બાજોઠ ઉપર ઉભો રહ્યોને તે વરરાજાની સાસુને કહેવા લાગ્યો કે મારૂં પોખડુ પુખો કેતા મને વરરાજાને ઠેકાણે પોખો પણ તે સાસુયે વૈરાગીને પોખ્યા નહીં અને બધા ચિંતા કરવા લાગ્યા પછી ઘણાંક જાનૈયા તથા ઘણાક માંડવીયા સાથે મળી ને આ વૈરાગીને ધકામારી બાજોઠ ઉપરથી ઉતારી મુક્યો ને વરરાજાને બાજોઠ ઉપર ઉભા રાખ્યા. તે સાસુ જમાઇનું પોખણું પોખવા આવ્યા કહેતા જમાઇને પોખવા આવ્યા ત્યાં વળી બીજા ઘણાક વૈરાગીઓ આવીને આ વરરાજાને ધકામારી બાજોઠ ઉપરથી નીચે ઉતારી ને બીજો વૈરાગી તે બાજોઠ ઉપર ઉભો રહ્યો ને કહેવા લાગ્યો કે મારૂં પોખણું પોખો કહેતા મને વરરાજાને ઠેકાણે પોખો પણ તે સાસુએ તે વૈરાગીને પોખ્યા નહીં

એમ ઘણી વાર તે વૈરાગીઓએ તે વરરાજા ને પોખવા ન આપ્યા પછી આ જાનૈયા ત્યાંના રાજાને ત્યાં ગયાને તે વૈરાગીની ફરિયાદ કરી. તેથી તે રાજાએ ઘણાક પોલીસોને મોકલ્યાને તે વૈરાગીયોને પકડીને કેદમાં પુરી દીધાં પછી તે સાસુએ વરરાજાને પોખ્યા તે વરરાજાના લગ્ન શાંતીથી થયા. એ તો દ્રષ્ટાંત છે પણ તેના સિધ્ધાંતમાં શું લેવાનું કે,આ જીવ છે તે ભગવાનને વરવાને માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ અને ભક્તિએ ચાર પાયા વાળા બાજોઠ ઉપર ઉભો રહી ભગવાનને વરવાને માટે જાય છે પણ અંતરમાં કામ, ક્રોધ, લોભ, માન અને મોહ આદિ અનેક વૈરાગીઓ ને ઠેકાણે કહેવાય. ને આ વરરાજા રૂપી જે જીવ તેને ભગવાનને વરવા આપતા નથી ને ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિરૂપી જે બાજોઠ તેના ઉપરથી ઉતારી ને ભગવાનને વરવા આપતા નથી પણ પછી તે જાનૈયા રાજા પાસે ગયાને રાજાએ પોલીસને મુક્યાને વૈરાગીઓને પકડી કેદમાં પુરી મુક્યા પછી આ વરરાજાના લગ્ન થયા તેમ રાજાને ઠેકાણે ભગવાનને શરણે જાય તો ભગવાન તે કામ, ક્રોધ, લોભ, મોહ આદિને પકડી લે કહેતા તે દોષનો નાશ કરે તેથી **આ જીવાત્મા ભગવાનને વરે ને સુખિયા થાય.** તેવી રીતે આપણે બધાએ ભગવાનને વરવા જાઇએ છીએ પણ અંતરમાં માયારૂપી દોષો ભગવાનને વરવા આપતા નથી. તે ક્યારે વરવા નથી આપતા કહેતા આ સૃષ્ટીનું મંડાણ થયું ત્યારથી આ જીવને માયા મોહમાં ફસાવી દે છે તેથી ભગવાનને વરવા નથી આપતા પણ ભગવાનું શરણું આપણે લઇએ તો ભગવાન જરૂર આપણા ને માયામાંથી મુક્ત કરી પોતાની માધુરી મુર્તિનું સુખ આપશે,

ને આપણા બધા દોષો ટળાવી દેશે. ને આપણાને સર્વ પ્રકારે સુખિયા કરશે. માટે આપણે આનંદમાં રહી ભજન કરવું.

બીજુ એક સમયને વિશે **ભગવાન જેતલપુર પધાર્યા હતા** ને ત્યાંના હરિભક્તો ખુબ જ પ્રેમથી લાડુ તથા સાટા, જલેબી અને મેસુબ આદિના થાળ કરી ભગવાનને જમાડે ને ભગવાને રાજી કરે. ત્યાંના એક જીવણભાઈ કરીને એક સારા પ્રેમી ભક્ત હતા. પણ તેની વ્યવહારે સ્થિતિ નબળી હતી. તેથી તેમના મનમાં થયું કે, આ બધાએ હરિ ભક્તો સારા જલેબી આદિનો થાળ કરી ભગવાને જમાડે છે. પણ મારા પાસે રૂપિયા નથી તેથી સાટા આદિ ક્યાંથી જમાણું પણ આ ભક્તને ભગવાનને થાળ જમાડવાનો પ્રેમ તેથી તેમના ઘેરના માણસને વાત કરી કે આપણે ભગવાનને શું થાળ કરીને જમાડશું ? તે સાંભળી તેમના ધર્મપત્ની બોલ્યા કે આપણા ઘેર મઠનો લોટ છે તેથી મઠનો રોટલો હું સારો બનાવી આપુ. તે ભગવાનને જમાડજો. તે સાંભળી જીવણ ભક્ત રાજી થયા. આ બેને મીઠું મરચું આદિ નાખીને પ્રેમથી આ મઠનો રોટલો બનાવીને આ જીવણ ભક્તને આપ્યોને તે આ રોટલો નાના ડબામાં લઇને દુર બેસી રહ્યાને ઘણાક ભક્તજનો લાડુ સાટા, જલેબી આદિના થાળ બનાવી ભગવાને જમાડતા હતા. પણ આ જીવણ ભક્ત તો દુર બેસી રહ્યા કે આ બધા સાટા આદિના થાળ ભગવાનને જમાડી લેછે. હું આ મઠનો રોટલો જમાડવા જાઉં એમ વિચાર કરતાં કરતાં દુર બેસી રહ્યા પણ મનમાં થાય કે આ મઠનો રોટલો ભગવાન પાસે કેમ લઇ જવાય પણ મનમાં જરા સંકોચ પામતા હતા પણ આ ભક્તનો પ્રેમ

જોઈ ભગવાને આ જીવણ ભક્તને બોલાવ્યા ઓ હો અરે ભક્ત લાવો લાવો અમારા માટે તમો શું થાળ બનાવીને લાવ્યા છો ? લાવો તે સાંભવી જીવણ ભક્ત બહું જ રાજી થયા ને મઠનો રોટલો લાગ્યા હતા. તે મહારાજને આપ્યો તે રોટલો મહારાજ ત્યાં જ જમવા લાગ્યા ને બોલ્યા કે અહો આ રોટલો તો બહુ જ સારો છે તે મહારાજ પ્રેમથી જમ્યા ને બહુ જ રાજી થયા. આમા કહેવાનું કે બીજા હરિભક્તની સ્થિતિ સારી હતી તેથી લાડુ, સાટા આદિના થાળ લાવ્યા. તે મહારાજ જમ્યાને આ ભક્તની સ્થિતિ નબળી હતી પણ પ્રેમથી મઠનો રોટલો લાવ્યા તે મહારાજ પ્રેમથી જમ્યા મહારાજ પ્રેમથી જે સેવા કરે તેના ઉપર બહુ જ રાજી થાય છે. તો આપણે પણ ભગવાનને વિષે અતીસય પ્રેમ કરીશું તો ભગવાન તો દયાળુ છે તે આપણા ઉપર પણ ભગવાન જરૂર રાજી થાશે. માટે આપણે જેમ બને તેમ ભગવાનને વિશે અતિસય પ્રેમ કરવો.

બીજુ **એક કુંભાર હતો તે હંમેશાં માટી ખોદવા જાય.** ને માટી ખોદીને માટીમાંથી માટીના વાસણ બનાવીને વેચતા. ને તેમાંથી પોતાના ઘરનો વ્યવહાર ચલાવતા હતા. એમ કરતાં ઘણોક સમય થયો તે માટી હંમેશાં નિયમ મુજબ ખોદવા જાય. તે માટી ખોદતા એક દીવસ સોનાની ભરેલી વટલોઇ મળી ગઇ તે વટલોઇ જોઇએ આ કુભાર તો બહુ જ રાજી થયા. ને તે વટલોઇ સોનાની ભરેલી હતી. તે નજીકમાં પાણીની નદી વહેતી હતી. તે વટલોઇ તે નદીના પાણીમાં ધોવા ગયો. એક હાથે વટલોઇ ઝાલીને બીજા હાથે તે વટલોઇમાં માટી ચોટી હતી. તે ધોવા

મંડ્યો પણ તે નદીમાં અચાનક પાણીનું જોસથી પુરુ આવ્યું. તેથી તે સોનાની ભરેલી વટલોઇ પાણીમાં તણાઇ ગઇ ને વટલોઇ તણાઇ ગઇ તેથી તે બહું જ ચિંતા કરવા લાગ્યોને મનમાં મનમાં વિચાર કરવા લાગ્યો. ને પસ્તાવો કરવા લાગ્યો કે અરે મારા ઉપર ભગવાને દયા કરી આ સોનાની ભરેલી વટલોઇ મળી હતી પણ એ હું અભાગીયો આ વટલોઇ ખોઇ નાખી તે વટલોઇ તણાઇ ગઇ તેના શોકમાં તે કુંભાર ગાંડો બની ગયો, ને જયાં ત્યાં બોલવા લાગ્યો. હાય ધોતા ગઇ, હાય ધોતા ગઇ તે સાંભળી બીજા માણસો પુછે કે અરે, ભાઇ શું ધોતા ગઇ? પણ તે કુંભાર કાંઇ જવાબ ન આપે ને અખંડ બોલ્યા કરે કે હાય ધોતા ગઇ પછી તેના સગા સંબંધીયોયે પુછ્યું, અરે ભલા માણસ શું ધોતા ગઇ? તું બોલતો કાંઇ રસ્તો બતાવીએ તે સાંભળી કુંભાર બોલ્યાં અરે ભાઇઓ મને આ ખાણ ખોદતા સોનાની ભરેલ વટલોઇ મળી હતી. પણ હું અભાગીયો તેથી નદીમાં ધોવા ગયો તેથી તે વટલોઇ તણાઇ ગઇ. ઘેર આવીને ત્રાસમાં પાણી લઇને ધોઇ હોત તો તે વટલોઇ તણાઇ ન જાત પછી તેના સગા સબંધીયોયે સમજાવ્યા કે જો ભાઇ વટલોઇ ક્યાં તારી હતી. એ તો અચાનક મળી ગઇ હતી. તે તું હવે ચિંતા ન કર. તું તારૂં આ કુંભારનું કામ કરે છે તેમાં તારૂં ગુજરાન ચાલે છે. માટે તું કાંઇ ચિંતા ન કર. ભગવાન સારૂં કરશે. એ દ્રષ્ટાતના સિદ્ધાતમાં આપણે શું લેવાનું કે આપણાં ઉપર ભગવાને દયા કરી ને તે સોનાની ભરેલ વટલોઇને ઠેકાણે આ કેવો કિંમતી મનુષ્ય જન્મ આપ્યો પણ તેનો મહિમા જાણ્યા વિના જેમ તે

કુંભારે વટલોઇ ખોઇ નાખી તેથી તેને કેટલી ચિંતા થઇ તેવી રીતે આ મનુષ્ય દેહ રૂપ સોનાની ભરેલ વટલોઇ મળી ગઇ તો આ મનુષ્ય જન્મ વડે ભગવાનનું ભજન બરાબર કરીશું. તથા ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરીશું તો આ જન્મે મોક્ષ થઇ જશે ને અપાર સુખને પામીશું ને જો ભગવાનનું ભજન બરાબર નહીં કરીએ. તો પેલો કુંભાર કેમ બોલતો હતો. કે હાય ધોતા ગઇ , તેમ આપણાને આવા ભગવાન મળ્યા છે તો આપણે બરાબર કાળજી રાખી ભજન કરીશું. તો આપણે સુખીયા થાશું. ને જો બરાબર ભજન નહીં કરીએ તો પેલા કુંભારની પેઠે પસ્તાવો કરવો પડશે. કે અરે, ભગવાને મને મનુષ્ય જન્મ આપ્યો હતો પણ મેં બરાબર ભજન ન કર્યું તેથી મનમાં બહુ જ પસ્તાવો થાશે. માટે આવા મનુષ્ય જન્મને પામીને ભગવાનનું ભજન કાળજી રાખીને કરી લેવું. તે કાળજી રાખી ભગવાનનું ભજન કરીશું તો ફરી આપણે જન્મ મરણના ફેરા ભોગવવા નહીં પડે ને દેહને અંતે ભગવાનના ધામમાં ભગવાનની સેવામાં રહી જશું. ને આવા યોગને પામીને જો આપણે કાળજી રાખી ભજન નહીં કરીએ. તો ફરી આપણે ગર્ભવાસમાં જવું પડશે. તે કેટલાક માણસો એમ બોલે કે મોક્ષની શી ઉતાવળ છે. આપણી કસર રહી જાશે તો બીજે જન્મે કે ઘણે જન્મે મોક્ષ કરીશું. તેમાં આપણે વિચાર કરવો કે બીજે જન્મે કરીશું તો બીજો જન્મ ક્યાં આવે તે કાંઇ આપણા હાથમાં નથી. એ તો ગમે ત્યાં આપણા કર્મ પ્રમાણે ગમે તે યોનીમાં જન્મ આવે. ને જન્મ લેવો પડે તે શાસ્ત્રમાં લખેલ છે કે છ લાખ ને ચોર્યાસીહજાર નર્કના કુંડ છે

ને તેમાં ઘણું દુઃખ છે. એના કરતા પણ માતાના ઉદર જે પેટમાં ઘણું દુઃખ છે. કેમ કે ખારૂં, ખાટું માતા ખાય, કીડા, કરમીયા ગર્ભવાસમાં કરડે, ઉધુ માથુ ઉંચા પગને ગર્ભવાસમાં તો બહુ જ ઘણુ દુઃખ છે,એ દુઃખ જો આપણાને સાંભળે તો આપણે એક ક્ષણ પણ ભગવાનને ભુલીયે નહીં ને આપણે ગર્ભવાસમાં હોઇએ ત્યારે આપણે ભગવાનની પ્રાર્થના કરીએ કે, હે ભગવાન મને આ દુઃખમાંથી છોડાવો તો અખંડ તમારૂ ભજન કરીશ, તમારી બરાબર આજ્ઞા પાલન કરીશ પણ ભગવાન કહે તને મે ઘણી વખતે ગર્ભવાસમાંથી છોડાવ્યા છે, પણ તુત્યા જઇને માયામાં બંધાઇ જાય છે. માટે તુ મને જામીન આપ તો તને ગર્ભવાસમાંથી છોડાવું પછી આ જીવ ઇન્દ્ર પાસે જાય, બ્રહ્મા પાસે જાય, શંકર પાસે જાય ને કહે તમો મારા જામીન થાવ તો ભગવાન મને આ દુઃખમાંથી છોડાવે પણ કોઇ જામીન ન થાય પછી યમપુરીમાં યમ રાજા પાસે જાય ને કહે કે, હું આ દુઃખમાં થી છુટુ માટે મારા જામીન થાવ. યમરાજા કહે જો તું ત્યાં જઇને ભગવાનની ભક્તિ બરાબર નહીં કરે ને ભગવાનની આજ્ઞા બરાબર પાલન નહીં કરે તો આ જમપુરી તને ભોગવવી પડશે. તે યમપુરીના કેટલાક દુઃખો જેમ કે કેટલાકને છરી વળે કાપે, કેટલાકના આંખમાં ઉના ધગધગતાં સળીયા ખોશે, કેટલાકને ધગધગતા કોલસા ઉપર ચલાવે એવા એવા અનેક કષ્ટો યમપુરીમાં દેખાડયા. ને કહે કે જો તું ભગવાનની ભક્તિ નહીં કરે તો આવા દુઃખો ભોગવવા પડશે. ત્યારે આ જીવ કહે કે હું કાંઇપણ પાપ નહીં કરૂ ને ભગવાનની ભક્તી કરીશ. માટે મને આ ગર્ભવાસના

દુઃખમાંથી છોડાવો. એમ જામીન આપીને આ જીવને ગર્ભવાસમાં નવ મહિના થાય એટલે આ જીવનો જન્મ થાય. જન્મ થાય ત્યારે આ બાળક બોલે ઉવા ઉવા એવું કહે તેમાં કહેવાનું કે હવે આ દુઃખમાંથી છુટ્યો હવે મારે કાંઇ ચિંતા નહીં પણ વળી આ જીવને અંતકાળ આવે ત્યારે આ જીવે જેવા જેવા કર્મ કર્યા હોય. તેવા દુઃખો ભોગવવા પડે ને જો ભગવાનની ભક્તી બરાબર કરી હોય, ભગવાનના નિયમો બરાબર પાલન કર્યા હોય તો અંતકાળે ભગવાન કે ભગવાનના મુક્તો તેડવા આવે ને આનંદથી ધામમાં જાય.ને જો ભવગાનની ભક્તિ ન કરી હોય તો અંતકાળે યમના દુતો તેડવા આવે ને મારી - કુટીને યમપુરીમાં લઇ જાય. આ બધી વાતો ગરૂડ પુરાણમાં લખી છે તથા નિષ્કુળાનંદ સ્વામીએ યમપુરી ગ્રંથ લખ્યો છે. એમાં આ વાત છે તથા મોટા સત્પુરુષોએ પણ આ વાત કહેલ છે માટે આપણે કાળજી રાખી ભજન કરીશું તો સુખીયા થાશુ. ને જો બરાબર ભજન નહીં કરીએ. તો વળી ચોર્યાસી લાખ જન્મ ધરવા પડે તે આપણે આથી અગાઉ ચોર્યાસી લાખ જન્મ ધરી આવ્યા છીએ. ને હવે આપણે ચોર્યાસી લાખ જન્મ ધરવા નથી. તો એક કરોડને અણસઠ લાખ જન્મની કસર આપણે આ જન્મે ટાળવી છે તો જો આપણે કાળજી રાખી ભગવાનનું ભજન કરીશું. તો જરૂર ભગવાન આપણા ભેળાં ભળી આપણો મોક્ષ કરી આપસે. ને જો આપણે કાળજી રાખી ભજન નહીં કરીએ. તો ખગોળ ભુગોળનું વચનામૃત છે કહેતા છેલ્લા પ્રકરણના ૩૯માં વચનામૃત પછી ખગોળ - ભુગોળનું વચનામૃત છે તેમાં લખેલ છે કે અબજો વર્ષો જાય પછી આ

જીવને મનુષ્ય જન્મ મળે છે. ને મનુષ્ય જન્મ પણ આ ભરતખંડમાં તથા ગુજરાત - કચ્છ - કાઠીવાળ આદિ ઉત્તમદેશમાં મળે તો નહીંતર જો પાકિસ્તાન કે અરબસ્તાન આદિમાં જો મનુષ્ય જન્મ મળ્યો હોય. પણ ત્યાં ભગવાન કે ભગવાનના સંત પુરૂષોને યોગ ન હોય તો નકામો તો આજે આપણા ઉપર ભગવાને દયા કરીને આ ભરતખંડમાં તથા સારા દેશમાં તથા ઉત્તમકુળમાં જન્મ આપ્યો છે. નહીંતર જો હરિજન કે મુસલમાનમાં જન્મ મળ્યો હોય. તો ભગવાનની ભક્તિ બરાબર ન થાય. પણ આપણા ઉપર ભગવાને દયા કરીને ઉત્તમકુળ તથા સત્સંગના મધ્યમાં આપણાને ભગવાને જન્મ આપ્યો. તો આવા યોગને પામીને જો ભગવાનનું બરાબર ભજન નહીં કરીએ તો પછી લાખો કે કરોડો કે અબજો વર્ષો પછી મનુષ્યનો જન્મ મળે છે. ને મનુષ્ય જન્મ ભરતખંડમાં મળે ઉત્તમદેશમાં, ઉત્તમ કુળમાં મળે ને વળી સાચા સત્પુરુષોનો યોગ મળે તો જ આ જીવનો મોક્ષ થાય છે. તો આજે આવા યોગને પામીને આપણે ભગવાનનું ભજન કરી. આપણા જીવનું કલ્યાણ કરી લેવું ને આ છેલ્લો જન્મ થઇ જાય. ને દેહ ને અંતે ભગવાનના ધામમાં ભગવાનની સેવામાં રહી જવાય. તો જ આ મનુષ્ય જન્મનો તથા સાચે ભાવે સત્સંગ કરવાનું સાચું ફળ છે. તો આપણો આળસ પ્રમાદ મોહને ટાળી દીન દીન પ્રત્યે ભગવાનની પ્રકાશમાન મૂર્તિને વિશે જ અતિશય હેત કરવું. એજ મોટો લાભ છે.

બીજુ મોટા સત્પુરુષોએ લખેલ છે કે 'રટ રટ રે મન બાવરે એક નામ હરિ કો બીત જાત હે, અવસર એ સો જ્યુ લોહે કો

તાવ' આનો એ અર્થ છે કે **મન ગાંડુ તુ ભગવાન નું ભજન કર.** આ ભજન કરવાનો સારો યોગ મળ્યો છે. કેવો યોગ તો જેમ લોઢાના બંને છેડા તપાવે ને તેમાં ઘા મારે તો તે લોઢાના છેડાભેગા થઇ જાય. તેવી રીતે આજે આપણાં ઉપર ભગવાને દયા કરીને આવો દીવ્ય સત્સંગનો યોગ આપણાનો આપ્યો છે. તે આવા યોગને પામીને આપણે ભગવાનનું ભજન કરી લેવું તે આપણે સાચે ભાવે ભજન કરીશું. તો જરૂર દયાળુ ભગવાન આપણો મોક્ષ કરશે માટે આપણે આનંદમાં ભગવાનનું ભજન કરવું.

બીજુ મોટા સત્પુરુષોએ લખેલ છે કે 'મારે આનંદ દીન છે, આજ રે પ્રભુ પ્રગટ્યા, કલ્યાણ ને કાજરે એ છે અનંત બ્રહ્માંડના ઇશરે સુર મુની ઘરે જેને શીષરે'

આમાં કહેવાનનું કે **મારે આનંદનો આજ દિવસ છે** કે સ્વામિનારાયણ ભગવાન અનેક જીવોના કલ્યાણ કરવાને માટે આ પૃથ્વી ઉપર અવતાર ધરીને પોતાના ભક્તોના કલ્યાણ કર્યા છે ને એ ભગવાન કેવા છે તો અનંત કોટી બ્રહ્માંડના અધિપતી છે ને દેવતાઓ મુનીયો જેમને મસ્તક નમાવે છે એવા સ્વામિનારાયણ ભગવાન આપણાને મળ્યા છે તો આપણા મોટા ભાગ્ય માનીને તેમનું ભજન વધારે કરીશું તો તે દયાળુ પોતાના ભક્તને સર્વ પ્રકારે સુખિયા કરે જ છે ને વિશેષ સુખીયા કરશે. માટે આપણે તેનો કેફ રાખી આનંદમાં રહી ભજન કરવું.

બીજું સત્સશાસ્ત્રમાં લખેલ છે કે 'કનક કાંતા સૂત્રેયમ વિષ્ટાયમ જગતમ્ તાસુ તેસુ વિરકતા દ્વિભુજા પરમેશ્વર્ ।'

આમાં કહેવાનું કે કનક જે **દ્રવ્યને કાંતા જે સ્ત્રી એ બેમાં જગત આખું બંધાણું છે** ને એ બેની વાસના વળે જ આ જીવ ચોર્યાસીના ફેરા ફર્યા જ કરે છે ને આપણે પણ આ સૃષ્ટિનું મંડાણ થયું. ત્યારથી કરીને આ જ દીન સુધી એ બનેની વાસના બળે જ પુનરપી જન્મમ પુનરપી મરણમ એ બેની વાસના વળે જ જન્મ - મરણના ફેરા ભોગવતા જ આવ્યા છીએ. તો તેમાંથી જ્ઞાને કરીને બંનેની વાસના ટાળીને સર્વ સુખના નીધી ભગવાનને જાણીને ભગવાનની મુર્તિને વિશે પ્રિતી કરવી ને સંસાર મુક્યાની કાંઇ જરૂર નથી. આપણાં સંપ્રદાયમાં ગોરધનભાઇ, પર્વતભાઇ, દાદા ખાચર, મયારામ ભટ્ટ, શીવલાલભાઇ આદિ ઘણાંક ગૃહસ્થાશ્રમમાં હરિ ભક્તો રહેલા છે. તે કાંઇ ત્યાગી થયા ન હતા. ગૃહસ્થાશ્રમમાં જ હતા. તો પણ સંસારથી વીરક્ત હતા. તથા જનક રાજા પ્રીયવ્રત ઉધ્વ, અક્રુર આદિ પરોક્ષ ભક્ત હતા. તે પણ ગૃહસ્થાશ્રમ જ હતા. તો પણ આ સંસારમાંથી વિરક્ત હતા.

બીજુ લખ્યું કે સ્ત્રીના તથા દ્રવ્યથી **જે વિરક્ત રહે તેને બે હાથવાળા ભગવાન તુલ્ય કહેવાય.** ભગવાન તુલ્ય કહેવાય એટલે તે ભગવાન થતા નથી. ભગવાન તો એક જ સ્વામિનારાયણ છે પણ આવી રીતે જે ભગવાનનું ભજન કરે તે માયામાં બંધાય નહીં ને તેવા જે સંતો હોય કે ગૃહસ્થો હોય. તે અનેક જીવોને મોક્ષને માર્ગે ચડાવે છે. તો આપણે પણ સાચે શુદ્ધ ભાવે ભગવાનની ભક્તિ કરવીને સ્ત્રી દ્રવ્યથી વિરક્ત રહેવું જેમ ઉપર લખ્યા જે ગૃહસ્થ ભક્તો તે વ્યવહારીક કાર્યો કરતા હતા. પણ

જ્ઞાને કરીને સંસારમાં બંધાતા નહીં તે જ્ઞાને કરીને સંસારમાં ન બંધાયે. તે જ સાચો ભક્ત કહેવાય. આવી રીતે જે ભક્ત ભગવાન ભજવાનો અભ્યાસ કરે તો ભગવાન જરૂર દયા કરેને આસ્તે આસ્તે આવા ભક્ત થવાય છે.

બીજુ મોટા સંતોએ કીર્તનમાં લખેલ છે કે

"આવો આવો સહજાનંદ સ્વામી...
હું તમારો થયો તમો મારા થયા બહુ નામી....
આવો આવો સહજાનંદ સ્વામી....
હું તો વાટલડી તમારી જોતો તવ વિયોગે હું રોંતો
આંખો આંસું ભીંની રોઈ રોઈ થઈ છે ઝીણી બહુ નામી
આવો આવો સહજાનંદ સ્વામી"...

એક પ્રેમી સારા ભક્ત હતા તે હંમેશાં વેલા ઉઠી ભગવાનની પ્રાર્થના કરે કે **હે કૃપા નાથ હે દયાળુ મારે ઘરે આપ જરૂર પધારો.** હું તમારો ભક્ત છું. તમે મારા ઈષ્ટદેવ છો. માટે આપ દયા કરી મારે ઘરે જરૂર પધારો. હું તમારી પધારવાની વાટ જોયું છું. માટે દયા કરી જરૂર પધારોને તમારા વિયોગથી મને રડવું આવી જાયે છે. ને આંખમાં આસું આવી જાય છે. ને આંખો ઝીણી થઈ જાયે છે. માટે હે કૃપાળુ તમો મારા ઘરે જરૂર પધારો. આ ભક્તનો આવો પ્રેમ જોઈ ભગવાન ભક્તાધિન છે તે પોતાના પ્રેમી ભક્તોને જરૂર પોતાની માણીગર માધુરી મૂર્તિનું સુખ આપે છે. તો આપણે એવા સારા ભક્ત થાશું તો દયાળુ શ્રીહરિ જરૂર આપણાને સુખીયા

કરશે. બીજુ એક સંતે લખ્યું છે કે સ્વામિનારાયણ નામની હો કંઠી છે ડોકમાં, સ્વામિનારાયણ નામની હો માળા છે હાથમાં જૂઠું બોલાય નહી. જૂઠું લેવાય નહી, જૂઠું ખવાય નહી હો માળા છે હાથમાં જૂઠું ચલાય નહી, જૂઠું જોવાય નહિ, હો કંઠી છે ડોકમાં સ્વામિનારાયણ. નામની હો માળા છે હાથમાં, આમાં આપણે શું લેવાનું કે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની આપણી ડોકમાં કંઠી હોય સ્વામિનારાયણ ભગવાનની હાથમાં માળા હોય તેમણે ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવીને ભગવાનનું ભજન બરાબર કરવું. તે જો આપણે ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરીશું, તથા ભગવાનનું ભજન બરાબર કરીશું તો દયાળું ભગવાન પોતાના ભક્તને સર્વે પ્રકારે સુખીયા કરે છે ને સદાય સુખીયા કરશે તો તેનો કેફ રાખી આપણે આનંદમાં રહી ભજન કરવું.

બીજુ ગુજરાતમાં એક ગામમાં પ્રેમચંદ નામના સારા ભગવાનના ભક્ત હતા તે હંમેશાં ભગવાનની પ્રાર્થના કરે હે કૃપા નાથ હે દયાળુ હે પ્રભુ મારે ઘેર દર્શન આપવા જરૂર પધારો. આ ભક્તનો પ્રેમ જોઈ ભગવાન તેમને ઘેર પધાર્યા તે ભક્ત ભગવાનના દર્શન કરી બહુજ આનંદમાં આવી ગયા ને ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની ગયા ને ભગવાનની બહુ જ પ્રાર્થના કરી કે હે પ્રભુ હે કૃપા નાથ હે દયાળુ આપ દયા કરી ને મારે ઘેર પધાર્યા મારા અહો ભાગ્ય છે. ને પછી પોતાને ઘેર થાળ બનાવી ભગવાનને પ્રેમથી જમાડ્યા ને

પછી ભગવાનની પુજા કરી ભગવાન એ ભક્ત ઉપર બહુજ રાજી થયા ને ભગવાન આ ભક્ત ને કહેવા માંડ્યા કે અહો ભક્ત તમો એ અમારી બહુ સેવા કરી હું તમારા ઉપર બહુંજ પ્રસન્ન છું કાંઈ માંગો તમો જે માગો તે આપુ. એ સાંભળી આ પ્રેમચંદ ભક્ત વિનયથી બોલ્યા કે હે દયાળુ તમો મારા ઉપર રાજી થયા હો તો આ તમારી દિવ્યમૂર્તિનું સુખ અખંડ આપજો આ સાંભળી ભગવાને એ ભક્તના મસ્તક ઉપર હાથ મૂકી ને કહ્યું કે તમને અમારી મૂર્તિના દર્શન અખંડ થાશે.

બીજુ એક સંતે લખ્યું છે કે

"કર્મની રેખ આડી મેખ ન થાયે
એક રે માંતા ના દો દો બેટડા
એક રાજા ને એક રંજ જ હોયે
"કર્મની રેખ આડી મેખ ન થાયે
સ્વામિનારાયણ સ્વામિનારાયણ
એક રે દીવાલની દો દો રે હાટડી
એક ઝુકે ને એક ઝોલા રે ખાયે
કર્મની રેખ આડી મેખ ન થાયે
સ્વામિનારાયણ સ્વામિનારાયણ
એક રે સેઢાની દો દો રે વાડીયો
એક સુકી ને એક લીલી રે હોય

કર્મની રેખ આડી મેખ ન થાયે
એક રે ઓફીસમાં દો દો રે માણસો
એક સાહેબ ને એક પટાવાળો હોય.. સ્વામિનારાયણ"

આમાં આપણે શું લેવાનું કે **આપણા સર્વેના જેવા જેવા પૂર્વ જન્મમાં કર્મ કર્યા હોયે તેવા તે ફળ મળે છે.** તે લખ્યું કે એક જ માતાના બે પુત્ર હોયે તેમાં એક પુત્રે આગલા જન્મમાં સારા કર્મ કર્યા હશે ખુબ જ ભગવાનની ભક્તિ કરી હોય ઘણા પ્રકારના દાન પુણ્ય કર્યા હોયે ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરી હોયે તેથી તેને ભગવાન રાજા બનાવે છે. તથા બીજા દૃષ્ટાંતમાં દુકાનમાં ખુબ જ તેનો વેપાર ચાલે છે. ત્રીજા દૃષ્ટાંતમાં તેની વાડીમાં સારા મજાના મોલ થાયે છે. ચોથા દૃષ્ટાંતમાં મોટો સાહેબ થાયે છે ને સર્વ પ્રકારે સુખી જ થાય છે ને બીજા નંબરના પુત્ર રંક થાયે છે કે તા. તે ગરીબ થાય છે. તથા બીજા દૃષ્ટાંતમાં તેની દુકાન બરાબર ચાલતી નથી. ત્રીજા દૃષ્ટાંતમાં તેની વાડીમાં અનાજ આદિ પાકતું નથી. ચોથા દૃષ્ટાંતમાં પટાવાળો થાય છે આમાં આપણે શું જાણવું કે એક માણસે સારા કર્મો કર્યા છે તે સુખી છે બીજા માણસે આગલા જન્મમાં સારા કર્મો કર્યા નથી તેથી એ દુખી છે માટે આપણે આગલા જન્મોમાં સારા કર્મો કર્યા છે તેથી આપણે હમણા સુખીયા છીયે ને હમણા જો આપણે સારા કર્મો કરીશુ તો આગળ આપણાને સુખ મળશે ને આપણે હમણા જે સારા કર્મો નહી કરીયે તો આગળ દુઃખી

થવાયે માટે આપણે જેટલુ બને તેટલુ ભગવાનનું ભજન વિશેષ કરવું. ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવી તો ભગવાન આપણાને આ જન્મે પણ સુખી કરે છે ને પરલોકમાં સુખીયા કરે માટે આપણે જેટલુ બને તેટલું ભજન વિશેષ કરવું.

બીજું એક સંતે ભગવાનના દૃષ્ટાંતે ઉપદેશ આપ્યો છે

ત્યાં સાખી ધીં ગા ને આપે ધાન રંકથી રૂઠ્યો રહે
તારે આગે નહી પ્રધાન તને કોણ સમજાવે
શ્યામણા તેના ઉતરમાં સાખી
ધીંગે આપેલ ધાન આડા ઓડા બાંધીને
રાંકે રટ્યા નહી રામ તેનાથી તે દુઃખી રહે

આ આના ઉત્તરમાં એક સારા શેઠ હતા. તે ખુબજ સારા કામો કરતા ખુબજ દાન પુણ્ય કરતા ભગવાનના નિયમોનું પાલન કરતા તેથી ભગવાને તેને ખુબ જ સર્વ પ્રકારે સુખીયા કર્યા છે ને ખુબ જ રિદ્ધિ સિદ્ધિવાળા તે શેઠ હતા ને રાંકાથી રૂઠ્યો રહે એટલે રાંક એટલે ગરીબ માણસ તેનાથી હે ભગવાન તમો રૂઠ્યા રહો છો એટલે તેને ગરીબ રાખો છો. તારે આગે નહી પ્રધાન તને કોણ સમજાવે શામળા એટલે કહે હે ભગવાન તમો ગરીબ ને દુઃખી રાખો છો તેથી તમારી પાસે પ્રધાન નથી તેથી તમને કોણ સમજાવે એટલે કે આ ગરીબ માણસને હે ભગવાન તમો દુઃખી રાખો છો. તમારા આગળ પ્રધાન નથી તેથી તમોને કોણ સમજાવે પ્રધાન

એટલે રાજા પાસે પ્રધાન હોય.

ભગવાન પાસે મુક્ત હોય તે મુક્ત સમજાવે કે આ માણસને કેમ સુખી નથી કરતા હે ભગવાન તમો આવો અન્યાય કેમ કરો છો ત્યાં

<u>સાખી</u>

ધીંગે આપેલ ધાન આડાં ઓડા બાંધીને

રાંકે રટ્યા નહી રામ તેના થી દુઃખી રહે

તેના ઉત્તરમાં ધીંગે એટલે સારા શેઠ ને સારા સજ્જન માણસ તેમણે આડા ઓડા બાંધીને એટલે ગરીબ માણસોને અનાજ આપેલ છે. રૂપિયા આપેલ છે વસ્ત્રો આપેલ છે એમ દુઃખી માણસોની તેમણે ઘણી સેવા કરી છે તેથી ભગવાન જેવા જેવા કર્મો કરે છે તેવું તેવું તેને ફળ આપે છે. એમણે સારા કર્મો કર્યા છે તેથી ભગવાન તેને સુખીયા જ રાખે છે. એમા ભગવાન અન્યાય કરતા નથી તે રાંકે એટલે ગરીબ માણસ કાંઈ સારા કર્મો કરતા નથી ભગવાનનું ભજન કરતા નથી ભગવાનની આજ્ઞા બરાબર પાલન નથી કરતા તેથી તે રાંક રહે છે ને દુઃખી થાયે છે. તેમાં ભગવાનનો કોઈ વાંક કહેવાયે નહી કેમ કે આ સારા કર્મો નથી કરતો તેથી તે દુઃખી છે તો આપણે આના ઉપરથી શું લેવાનું છે કે સારા શેઠે સારા ધન પુણ્ય કર્યા ને ગરીબ માણસોને અનાજ આપ્યું તેથી તે સુખી થયાને ભગવાને તેમને ખુબ જ સુખીયા કર્યા ને રાંક એટલે ગરીબ માણસ તેમણે સારા કર્મો નથી કર્યા

તેથી તે દુઃખી છે. એમા ભગવાનનો કાંઈ વાંક કહેવાય નહી આ જીવ જેવા જેવા કર્મો કરે છે તેવા તેવા ફળ તે જીવને ભોગવવા જ પડે છે માટે આપણે જેટલા બને તેટલા સારા કર્મો કરીયે તો ભગવાન જરૂર આપણા ને સુખીયા જ કરશે ને જો આપણે સારા કર્મો નહી કરીયે પાપ કર્યા કરીશું તો તે જેમ રાંક રહ્યો તેમ આપણે દુઃખ ભોગવવું પડે માટે આપણે કાળજી રાખી ભજન કરવું.

બીજુ એક સંતે વાત લખી કે એક રાજા હતા તેમણે તેમના કારભારી ને વાત કરી કે તમો આ શહેરમાં થી ચાર વસ્તુ લાવો તે ચાર વસ્તુ કઈ તો **એક છે છે ને છે બીજી નથી ને છે ત્રીજી નથી ને છે. ચોથી નથી નથી ને નથી આ ચાર વસ્તુ લાવો** જુઓ આ ચાર વસ્તુનું કાઈ નામ નહી તે શું લાવે પણ આ રાજાનો કારભારી સારા સજ્જન માણસ હતા તેમણે સારા સત્પુરૂષનો સમાગમ કરેલો તથા સત્શાસ્ત્ર વાંચેલાં તેથી તેમને મનમાં સુઝી આવ્યું કે આ ચાર વસ્તુ આ કહેવાય. એમ વિચારી આ કારભારી મોટા શહેરમાં ગયા તે શહેરમાં એક મોટા કરોડપતિ શેઠ સારા હતા તે પોતાનો વ્યવહાર નીતિથી કરે. કોઈ પાસેથી ખોટા રૂપિયા લેતા ન હતા ને પોતે સારા ભગવાનના નિયમોનું પાલન કરતા હતા ને ગરીબ માણસોને અનાજ આપતા. ગાયોને ઘાસ નાખતા ને જે કોઈ દુઃખી માણસ હોયે તેની સારી રીતે સેવા કરતા ને તે ખુબ જ સારા રૂપિયા નીતિથી કમાતા ને આ શેઠને જોઈ આ કારભારીયે વિચાર કર્યો કે છે છે ને છે તે આ

શેઠ કહેવાય એમ જાણી આ કારભારીયે આ સારા મોટા શેઠને કહ્યું કે તમો ને રાજા બોલાવે છે તે આગળ રાજા શાહીરાજ હતુ તે રાજા જેને બોલાવે તેને તે રાજ્યમાં જવુ પડતું ને રાજાનો હુકમ માનવો પડતો તે આ કારભારીની વાત સાંભળી આ શેઠ રાજ્યમાં રાજા પાસે ગયા વળી આ કારભારી શહેરમાં આગળ ચાલતા ત્યાં બીજા શેઠ પોતાની સારી પેઢીમાં વેપાર કરતા હતા પણ આ શેઠ પાસે રૂપિયા ઘણા હતા પણ તે રૂપિયાનું કાંઈ દાન પુણ્ય કે સારેમાર્ગે તે રૂપિયા વાપરતા ન હતા ને રૂપિયા કમાતા હતા તે પણ ખોટા ધંધા કરીને રૂપિયા કમાતા હતા તેથી આ કારભારીયે જાણ્યું કે છે ને નથી આ કહેવાયે તે શેઠને પણ કારભારીયે કહ્યું કે તમો ને રાજા બોલાવે છે તે સાંભળી શેઠ પણ રાજ્યમાં રાજા પાસે ગયા આગળ ચાલતા કારભારીએ એક ગરીબ બ્રાહ્મણને જોયા. આ ગરીબ બ્રાહ્મણ સાવ ગરીબ ગામમાંથી ભીખ લઈ આવે ને જે મળે તેમાંથી પોતાના ઘરનું ભરણ પોષણ કરે ને કોઈ પ્રકારે પાપ ન કરે અને આખો દિવસ ભગવાનનું નામ લે ભગવાનની ભક્તિ કરે તેથી તેના અંતરમાં શાંતિ વર્તાતી હતી. આ કારભારીયે જાણ્યું કે આ બ્રાહ્મણ સારો છે. હમણાં બિચારા પાસે રૂપિયા નથી પણ તે સારી ભગવાનની ભક્તિ કરે છે કોઈ પાપ નથી કરતો તેથી હમણાં આના પાસે કાંઈ નથી પણ એ સારા નિયમો પાલન કરે છે ને ભગવાનની ભક્તિ કરે છે. તેથી આગળ એને ભગવાન સુખીયા કરશે માટે નથી ને છે તે આ કહેવાયે.

તેને કારભારીયે રાજા પાસે જવાનું કહ્યું ને કારભારી આ શહેરમાં આગળ ચાલતા એક કઠીયારો મળ્યો તે કઠીયારો બિચારો દુઃખી હતો તે લાકડાના ભારા વેચીને પોતાનો માંડ માંડ વ્યવહાર ચલાવતો સવારે જમવા મળે તો બપોરે જમવા ન મળે ક્યારેક બપોરે જમવાનું મળે તો સાંજે જમવાનું ન મળે એવો બિચારો દુઃખી હતો તે કારભારીએ વિચાર કર્યો કે નથી નથી ને નથી આ માણસ કહેવાય કેમ કે તેણે આગળ કાંઈ સારા કર્મો નહી કર્યા હોય તેથી હમણાં દુઃખી છે ને હમણાં કાંઈ સારા કામ કરતો નથી ને પાપ કર્મ કર્યા કરે છે. તેથી ભવિષ્યમાં તે સુખી નહી થાયે ને દુઃખી થાશે તે પહેલા દુઃખી હતો ને હમણાં દુઃખી છે ને સારા કાર્ય કરતો નથી તેથી ભવિષ્યમાં તે સુખી નહી થાયે માટે આ નથી નથી ને નથી આ કહેવાયે એને પણ આ કારભારીયે કહ્યું કે તમને પણ રાજા બોલાવે છે. તે પણ રાજ્યમાં ગયા આ બધાને કહી ને આ કારભારી રાજ્યમાં ગયા ને આ રાજા પાસે બેઠા તે આ કારભારીને જોઈ રાજા બોલ્યા કે એ ચાર વસ્તુ મંગાવી તે લાવ્યા તે સાંભળી કારભારી બોલ્યા હા રાજા સાહેબ એ ચાર વસ્તુ લાવ્યો તે સાંભળી રાજા કહે લાવો એ ચાર વસ્તુ એ સાંભળી કારભારીએ એ શહેરના સારા મોટા શેઠ હતા તેમને બતાવ્યા કે આ છે છે ને છે તે આ શેઠ કહેવાય તે સાંભળી રાજા બોલ્યા કે આ શેઠને તો હું ઓળખું છું. એ આ ગામના સારા સજજન શેઠ છે તે સાંભળી કારભારી બોલ્યા કે હે રાજન આ શેઠ સારા સજજન માણસ છે ને

સારા કાર્યો કરે છે કોઈ પાપ નથી કરતા ને ખુબ જ દાન પુણ્ય કરે છે ને નીતિથી રૂપિયા કમાય છે. તે હમણા સુખી છે ને પહેલા એમણે સારા કર્મો કર્યા હશે તેથી હમણા સુખી છે ને હવે તે સારા કર્મો કરે છે તેથી ભવિષ્યમાં પણ તેમને ભગવાન સુખીયા કરશે માટે તેમના પાસે પહેલા હતુ હમણા છે ને હવે સારા કર્મો કરે છે. તેથી ભવિષ્યમાં પણ ભગવાન તેમને આપશે તે પહેલા હતુ હમણા છે ને ભવિષ્યમાં પણ તે હમણા સારા કાર્યો કરે છે તેથી ભવિષ્યમાં પણ તેમને મળશે માટે છે છે ને છે તે આ કહેવાય. આ વાત સાંભળી રાજા રાજી થયા કે ખરી વાત છે બીજા શેઠે આગલા જન્મમાં કાંઈ દાન પુણ્ય કર્યુ હશે એ પુને હમણાં સુખી છે પણ હમણા સારા કર્મો કરતા નથી ને પાપ કર્યા કરે છે અનીતિથી ધન ભેગુ કરે છે તેથી ભવિષ્યમાં તે દુઃખી થાશે માટે હમણા રૂપિયા છે પણ તે સારા કર્મો નથી કરતા તેથી પરલોકમાં ભગવાન તેમને સુખી નહી કરે તે હમણા છે પણ ભવિષ્યમાં નથી માટે છે ને નથી આ કહેવાય તે જાણી ને રાજા રાજી થયા. ત્રીજો બ્રાહ્મણ તેણે આગલા જન્મમાં કાંઈ શુભ કર્મ નહી કર્યા હોયે તેથી હાલમાં તે બિચારા પાસે કાંઈ નથી પણ હવે એ સારા કર્મો કરે છે તેથી ભવિષ્યમાં તે સુખી થાશે. માટે નથી ને છે આ કહેવાય તે સાંભળી રાજા રાજી થયા કે બરાબર છે. ચોથો કઠીયારો તેણે આગલા જન્મમાં સારા કર્મો નહી કર્યા હોય તેથી તે હમણાં દુઃખી છે ને હમણા સારા કર્મો કરતો નથી તેથી ભવિષ્યમાં પણ તેને સુખ મળશે નહી

ને દુઃખી જ રહેશે તે પહેલા હતું નહી હમણા છે નહી ને પછી પણ નહી હોયે એટલે આ નથી નથી ને નથી, આ કહેવાય એ કારભારીની વાત સાંભળી રાજા બોલ્યા કે બરાબર છે આમાંથી આપણે શું લેવાનું કે પેલા શેઠે આગલા જન્મમાં સારા કાર્યો કર્યા હતા તેથી હમણાં સુખી છે હવે સારા કાર્યો કરે છે તેથી ભવિષ્યમાં સુખી થશે તો આપણે આગલા જન્મમાં સારા કાર્યો કર્યા હશે તેથી હમણા આપણને ભગવાને સુખીયા કર્યા છે. ને હવે આપણે સારા કર્મો કરીયે છીએ તો ભવિષ્યમાં પણ ભગવાન આપણને સુખીયા કરશે, પણ બીજા શેઠની પેઠે હમણા સારા કાર્યો નથી કરતા તો ભવિષ્યમાં નથી. ત્રીજા બ્રાહ્મણે આગલા જન્મમાં સારા કર્મો બરાબરં નહી કર્યા હોય તેથી હમણા બરાબર સુખી નથી, પણ ભવિષ્યમાં સુખી થાશે. ચોથો કઠીયારે પેલા સારા કર્મો કર્યા ન હતા તેથી હમણા દુઃખી છે ને હમણા પણ સારા કર્મો કરતો નથી તેથી તે પહેલા ન હતું હમણા નથી તે ભવિષ્યમાં પણ નહી હોયે માટે આ દૃષ્ટાંત ઉપરથી આપણે જેટલા બને તેટલા સારા કર્મો કરવા. પાપ કર્મ ન કરવા, આપણને ભગવાન જરૂર સર્વ પ્રકારે સુખીયા કરશે માટે તેનો કેફ રાખી આનંદમાં ભજન કરવું. કાંઈ પાપ કર્મ કરવા નહી. તેથી ભગવાન આપણને સદાય સુખીયા રાખશે.

બીજુ ગુજરાતમાં એક **માવજીભાઈ નામના સારા સત્સંગી** હરિ ભક્ત હતા તે હંમેશા ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા તે હાલતા ચાલતા ખાતાં-પિતાં આદિ સર્વ કામ કાજ કરતા

ભગવાનની મૂર્તિને સંભાળ્યા કરે ને ભગવાનની મૂર્તિના ધ્યાનમાં તલ્લીન બની જાયે ને જમતા જમતા પણ કોળીયે કોળીયે ભગવાનની મૂર્તિને સંભાળે સુતા સુતા પણ ભગવાનની મૂર્તિને સંભાળે આ ભક્તનો આવો ભગવાન પ્રત્યેનો પ્રેમ જોઈ ભગવાન તેમને ઘેર પધાર્યા ને ભગવાનના પ્રેમથી દર્શન કર્યા ને મહારાજને પોતાને ઘેર થાળ કરી ભગવાનને પ્રેમથી જમાડ્યા તે ભગવાન જમીને બહુ જ રાજી થયા પછી મહારાજને પાટ ઉપર ગાદી તકીયા ઉપર વિરાજમાન કર્યા મહારાજની પુજા કરી આરતી ઉતારી પ્રાર્થના કરી ભગવાન બહુ જ રાજી થયા ને ભગવાન અંતર્યામીપણે જાણી આ ભક્તે ભગવાન માટે સારા વસ્ત્રો તથા સારા સારા દાગીના બનાવીને રાખેલ હતા તે આ ભક્તના મનમાં હતું કે આ વસ્ત્રો તથા આ દાગીના ભગવાન મારા પાસે માગી લે તો મારે ભગવાનને આપવા તેનો અંતરનો સાચો ભાવ જોઈ મહારાજ કહે અરે માવજીભાઈ તમોએ અમારા માટે વસ્ત્રો તથા દાગીના બનાવી રાખેલ છે તે ક્યા સુધી રાખશો લાવો એ વસ્ત્રો તથા દાગીના મહારાજના આવા વચન સાંભળી માવજીભાઈ બહું જ રાજી થયા ને તે વસ્ત્રો તથા દાગીના મહારાજને અર્પણ કર્યા ને આ માવજીભાઈના મનમાં એવી ઈચ્છા હતી કે આ વસ્ત્રો તથા દાગીના ભગવાન પહેરે તેનો આવો અંતરનો ભાવ જોઈ મહારાજે તે વસ્ત્રો તથા દાગીના પહેર્યા. તે દર્શન કરી આ માવજીભાઈ બહુ જ રાજી થયા ને બોલ્યા આ મૂર્તિ અંતર માં રેજો અંતરમાં રેજો અહોર્નીશ

દર્શન દેજો આ મૂર્તિ અંતરમાં રેજો આવુ દિવ્ય દર્શન કરી આ માવજીભાઈ તો ભગવાનની મૂર્તિના સુખમાં ગરકાવ થઈ ગયા ને તેમના અંતરમાં ભગવાનના સુખ વળે આનંદ આનંદ ને આનંદના સાગરમાં ગરકાવ થઈ ગયા પછી મહારાજ ત્યાંથી બીજે ગામ ગયા પણ આ માવજીભાઈએ જે મહારાજના દર્શન કર્યા હતા તે હંમેશાં સંભાળે તેથી તે માવજીભાઈના અંતરમાં ભગવાનના સુખ વળે શાંતી શાંતી વર્તતી હતી ને તે માવજીભાઈ ભગવાનને સંભાળીને દરેક વ્યવહારીક કાર્ય કરતા હતા તે સંસારમાં જળ કમળવત રહી પોતાનું જીવન પુરૂ કર્યુ ને અંતકાળે મહારાજને માવજીભાઈયે જે વસ્ત્રો તથા ઘરેણાં અર્પણ કર્યા હતા તે વસ્ત્રો તથા તે દાગીના પહેરીને મહારાજ પધાર્યા ને માવજીભાઈને મહારાજ કહે જુવો માવજીભાઈ તમોએ જે અમોને વસ્ત્ર તથા ઘરેણા અર્પણ કર્યા હતા એ જ આ છે ને, તે જોઈ માવજીભાઈ રાજી થયા મહારાજ તે માવજીભાઈને ધામમાં તેડી ગયા, જુવો આ માવજીભાઈ કેવા સારા સદ્‌ગૃહસ્થ હતા ને ભગવાનને સંભાળીને વ્યવહાર કરતા હતા પણ તે વ્યવહારમાં બંધાણા નહી ને સાચે ભાવે ભગવાન સંભાળ્યા તો અંતકાળે ભગવાનં દર્શન આપી પોતાના દિવ્ય અક્ષરધામમાં મહારાજ તેડી ગયા તેવી જ રીતે સદ્‌ગૃહસ્થોએ ઉપર થકી વ્યવહારીક કાર્યો કરવા પણ અંતરમાં વ્યવહાર ન ભરવો અંતરમાં તો ભગવાનની માધુરી દિવ્યમૂર્તિ જ રાખવી તેથી ભગવાન રાજી થઈ સર્વેને સુખીયા કરશે.

બીજુ ગુજરાત દેશમાં એક સારા પટેલ હતા તેમનું નામ ભીમજીભાઈ હતું ને તે ખેતીનું કામ કરી પોતાનો વ્યવહાર ચલાવતા હતા ને ખેતીના કામ માટે બે સારા બળદ હતા તે બળદનું નામ કાબરીયા પાડ્યુ હતું એમ કરતા તેમને ત્યાં પુત્રનો જન્મ થયો તે પુત્રનું નામ રામજી પાડ્યું તે રામજી નામનો પુત્ર બે ત્રણ વર્ષનો થયો તે પોતાને ત્યાં જે બળદ હતા તેને ઘાસ ખવરાવે પાણી પાયે આદિને બળદ પાસે રમ્યા કરે ને તે બળદની સેવા કર્યા કરે પછી તે રામજી ચાર પાંચ વર્ષનો થયો ત્યારે તે રામજીના પિતા ભીમજીભાઈ તે રામજીને કહે હવે તું ભણવા જા એમ વિચારી રામજીને સ્કુલમાં ભણવા મોકલ્યો ત્યાં સ્કુલના શિક્ષકો રામજીને ભણાવે ૧,૨ આદિ લખી આપે ને ઘડીયા ભણાવે ક, ખ, ગ આદિ અક્ષરો ભણાવે પણ આ રામજીને તો પોતાને ઘેર જે બળદ જે કાબરીયામાં જ અતીશય પ્રીતી થઈ ગઈ હતી તેથી તે બળદ ને જ સંભાળે પણ ભણે નહી તે સ્કુલના સાહેબો તે રામજીને ભણાવવાનો ઘણો દાખડો કર્યો પણ આ રામજી તો જરા પણ ભણે નહી ને તે બળદને જ સંભાળ્યા કરે એમ કરતા મહીનો બે મહીના આ શિક્ષકે તે રામજીને ભણાવવાનો ઘણો દાખડો કર્યો પણ આ રામજી જરાપણ ભણ્યો નહી તેથી તે શિક્ષકોએ આ ભીમજીભાઈને એક દિવસ સ્કુલમાં બોલાવીને કહ્યું કે આ તમારો રામજી જરાપણ ભણતો નથી માટે તેને સમજાયો તેથી તે રામજીના પિતા ભીમજીભાઈ સ્કુલમાં ગયા ને તે રામજીને ઘણુ સમજાવે કે હે પુત્ર તુ ભણીશ તો તુ સુખી થાઈશ,

સાહેબ થાઈશ સારા બંગલા મળશે, સારી ગાડી મળશે ઘણા રૂપિયા મળશે એમ ભીમજી ભાઈએ ઘણા સમજાવ્યા. તે સાંભળી રામજી બોલ્યો પપ્પા મારા કાબરીયા મારા કાબરીયા પાસે મને લઈ જાયો મારે ભણવું નથી ને કાબરીયા ને જ આખો દિવસ સંભળાયા કરે વળી ફરી પણ આ ભીમજીભાઈએ રામજીને ઘણા સમજાવ્યા પણ આ રામજીતો એકનો બીજો ન થયો ને તે કાબરીયા બળદને જ સંભળ્યા કરે ને કહે મારે ભણવું નથી મારે તો મારા કાબરીયા બળદની સેવા કરવી છે તે સાંભળી સ્કુલના સાહેબ કહે ભીમજીભાઈ આ તમારો રામજી ભણશે નહી માટે તમારે ઘેર લઈ જાઓ તે સાંભળી ભીમજીભાઈ તે રામજીને ઘેર લાવ્યા તે રામજી બળદની જ સેવા કરે ને તે બળદ જે કાબરીયા તેને જ સંભાળ્યા કરે પણ ભણ્યો નહી. આના ઉપરથી મોટા સંતોયે લખ્યુ કે રામજીને ઠેકાણે આપણે બધા જીવો છીયે તે આ જીવને ભગવાન ભજવા માટે ભગવાને મનુષ્ય જન્મ આપ્યો ને આ કિંમતી મનુષ્ય જન્મ વડે બ્રહ્મવિદ્યા જે ભગવાનનું નામ લેવુ ભગવાનની ભક્તિ કરવી એ વિદ્યા ભણવાને માટે **ભગવાને મંદિરો રૂપી સત્સંગરૂપી સત્પુરૂષોરૂપી શાળાઓ આપણને આપી છે** પણ વાસનારૂપી કાબરીયા બળદનો તો આ સૃષ્ટિનું મંડાણ થયુ ત્યારથી કાબરીયારૂપી વાસના જે બળદને જ સંભાળ્યા કરીયે છીએ તેથી બ્રહ્મવિદ્યા આપણે શીખતા નથી. તેથી જન્મ મરણના ચોરાસીના ફેરા ફર્યા જ કરીયે છીએ જેમ રામજી છોકરાંએ કાબરીયા બળદને સંભાળ્યા કર્યા તે વિદ્યા

ન ભણ્યો પણ જો તે બળદને સંભાળ્યા ન હોત તો સારી વિદ્યા ભણ્યો હોત તો તે મોટો સાહેબ થાત તેથી તેનો સારા બંગલામાં રહેવા મળત, સારી એ.સી.વાળી ગાડી મળત. ઘણાંક રૂપિયા કમાત ને ખુબ જ સુખીયો થાત પણ તે અભાગીયો તેથી કાબરીયા બળદને જ યાદ કર્યા. તેથી વિદ્યાભણી ન શક્યો ને આખી જીંદગી તે બળદના જ પુછડા મરડ્યા કર્યા. તેવીજ રીતે આપણે બધાય આ બળદરૂપી વાસનાવળે આપણે ચોર્યાસી લાખ જન્મ ધરી આવ્યા છીયે ને જન્મ મરણના ફેરા ભોગવ્યા જ કરીયે છીએ પણ આજે ભગવાન ભજવાનો આપણાને સારો યોગ મળ્યો છે તો આપણે સાચે ભાવે સત્સંગ કરીને આપણી અનાદીકાળની જે વાસના પંચ વિષયની તેને જ્ઞાને કરીને ટાળી નાંખવી ને સંસારમાં જળ કમળવત્ રહેવું જેમ પાણીમાં કમળ રહે છે પણ તે કમળ ક્યારેય પાણીમાં ડુબતુ નથી તેવી જ રીતે આપણે સંસારમાં રહેવુ પણ તેમાં બંધાવું નહી. વળી મોટા સંતોએ લખ્યું કે સંસારમાં મહેતાજી તરીકે રહેવુ જેમ મોટા શેઠની પેઢી હોયે તેમાં લાખો કરોડોનો વ્યવહાર કરે પણ તે એમ જાણે કે હું તો મહેતાજી છું. આ પેઢી તો આ શેઠની છે એમ જાણી વ્યવહારીક કાર્ય કરવું ને શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું કે અમારા સત્સંગીઓએ કોઈ પ્રકારનું વ્યસન ન કરવું, તે વ્યસન તે સીંગારેટ,બીડી, ગોટકા માણેકચંદ તમાકુ આદિના વ્યસન ન કરવા કેમ કે તે વ્યસનથી શરીરમાં ટીબી થાયે છે તથા કેન્સર થાય છે, ને બીજા પણ ઘણાક

રોગો થાય છે ને સરકાર પણ લખે છે કે વ્યસનહાનિકારક છે માટે સત્સંગીમાત્ર કે સજ્જન માત્રે કોઈ પ્રકારે વ્યસન કરવા નહી તે વ્યસનથી ઘણાંક ને કેન્સર થાય છે તે આપણે દેખીયે છીએ માટે આપણે સમજી વિચારીને ત્યાગ કરવાને પહેલેથી જ આપણે નાની અવસ્થામાં જ ખરાબ સોબત ન રાખીયે ને સારી સોબત રાખીયે તો આપણને ખરાબ વ્યસનની ટેવ ન પડે તે શાસ્ત્રમાં લખેલ છે કે કપડું સફેદ હોયે પણ તેને જેવા કલરમાં બોળે તેવો તેમાં કલર થાય છે તે એક સંતે લખ્યુ છે કે જેને જેવો સંગરંગ તેવો તે થાશે. સારે સંગે સારો થશે. ભુડાથી ભુડો થશે માટે આપણે પેલેથી જ કાળજી રાખી સારી સોબત રાખવી તે સર્વે સદ્‌ગૃહસ્થની ફરજ છે કે પોતાના લાકડવાયા બાળકોનો ખ્યાલ રાખવો કે ખરાબ સોબત ન થવા દેવી ગૃહસ્થ હોયે તેને બાળકો હોય પણ તે પોતાના બાળકોની ખબર રાખવી કે ખરાબ સોબતે ન ચડી જાય ને સારી સોબત રાખે તે નાનપણથી જ પોતાના લાકડવાયા બાળકોમાં સારા સંસ્કાર નાખવા કે મંદિરે લઈ જવા પુજા પાઠ કરવા સારા સત્પુરૂષનો સમાગમ કરાવવો જો આવી રીતે નાનપણથી જ કાળજી રાખે તો તે બાળકોમાં સારા સંસ્કાર પડે ને સારી વિદ્યાભણેનેસારા સંસ્કારી થાયે તો પોતે સુખી થાયેને બીજા બાળકો ને પણ સુખીયા કરે માટે પોતાના બાળકોને સારી લાઈને ચડાવવાએ સદ્‌ગૃહસ્થની ફરજ છે.

બીજુ **લાલજી સુતારની વાત.** એક સમય શ્રીજી મહારાજ અલૈયા મોડા શેખપાટ આદિ ગામોમાં ગયા ને ત્યાંના ઘણાક

હરિ ભક્તોને સત્સંગની સારી વાતો કરી સુખીયા કર્યા હતા ને એક સમય શ્રીજી મહારાજ શેખપાટ પધાર્યા ત્યાંના લાલજીભાઈ સુતારને શ્રીજી મહારાજ કહે લાલજીભાઈ અમારે કચ્છ જવાનું છે તમારા જેવા સારા ભોમીયા અમારી સાથે લઈ જવાના છે તે સાંભળી લાલજીભાઈ કહે કૃપાનાથ મારા જેવો તો હું જ છું તો હું જ તમારી સાથે ભોમીયા તરીકે આવુ તે સાંભળી શ્રીજી મહારાજ કહે ભલે તમો ચાલો તે વખતે હમણાં ની પેઠે રસ્તા ન હતા રણમાંથી ચાલીને કે ગાડા કે ઘોડા ઉપર બેસીને રણમાંથી આવતા હતા તે મહારાજ તથા તે લાલજીભાઈ તથા પારષદો બે ચાર સાથે લઈ રણ રસ્તે ચાલતા હતા તે લાલજીભાઈએ થોડા રૂપિયા સાથે લીધા થોડો નાસ્તો લીધો પાણીના વાસણમાં પાણી લીધુ કેમ કે મહારાજને રસ્તામાં તરસ લાગે તો તે પાણી પાવા થાયે મહારાજને રસ્તામાં ભુખ લાગે તો તે નાસ્તો જમાડવા થાય તથા બીજી કાંઈ વસ્તુની જરૂર પડે તો મહારાજ માટે તે વસ્તુ લઈ શકાય. એમ જાણી આ રૂપિયા આદિ લીધા રસ્તામાં ચાલતા એક ભીક્ષુક સામો આવ્યો ને તે ભીક્ષુક બોલ્યો કે મને તરસ બહુ જ લાગી છે. થોડું મને પાણી આપો તો સારૂ તે ભીક્ષુકની વાત જાણી મહારાજે આ લાલજીભાઈને કહ્યું કે આ તમારી પાસે પાણી છે તે આ ભીક્ષુકને આપીદ્યો. તે સાંભળી લાલજીભાઈ બોલ્યા અરે કૃપાનાથ આ રણમાં ક્યાયે પાણી મળશે નહી. તમને તરશ લાગશે ત્યારે તમોને પાણી નહી હોય તો શું પાઈશ. તે સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા કે

અરે લાલજીભાઈ તમો આ પાણી માટે શા માટે ચિંતા કરો છો તમો આ ભીક્ષુકને પાણી આપીદ્યો. તે વાત સાંભળી લાલજીભાઈયે પાણી હતું તે ભીક્ષુકને પાઈ દીધું. આગળ ચાલતા બીજો ભીક્ષુક સામો આવ્યોને બોલ્યો કે અરે મને બહુજ ભુખ લાગી છે તમારી પાસે કાંઈ જમવાનું હોય તો આપો તે વાત સાંભળી શ્રીજી મહારાજ આ લાલજીભાઈને કહે આ તમારા પાસે નાસ્તો છે તે આ ભીક્ષુકને આપીદ્યો. તે સાંભળી લાલજી ભાઈ બોલ્યા અરે પ્રભુ આ રણમાં તમને ભુખ લાગશે તો તમોને શું જમાડીશ. આ રણમાં જમવાનું કાંઈ મળશે નહી તે સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા અરે લાલજીભાઈ તમે શા માટે તે ચિંતા કરો છો આ ભીક્ષુકને આ તમારી પાસે નાસ્તો છે તે આપીદ્યો. તે સાંભળી આ નાસ્તો તે ભીક્ષુકને આપી દીધો. આગળ ચાલતા શ્રીજી મહારાજ આ લાલજીભાઈને કહે અરે લાલજીભાઈ મને તરસ બહુ લાગી છે માટે પાણી હોય તો આપો તે સાંભળી લાલજીભાઈ બોલ્યા અરે કૃપાનાથ મારા પાસે પાણી હતું તે તો તમોએ ભીક્ષુકને અપાવી દીધું હવે પાણી મારા પાસે છે નહી તે સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા કે મને તો તરસ બહુજ લાગી છે માટે પાણી ગમે ત્યાંથી લાવો તે સાંભળી લાલજીભાઈ બોલ્યા અરે પ્રભુ આ રણમાં તો ક્યાંય પાણી મળે નહી તે સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા અરે લાલજીભાઈ અહી આ જમીનમાં ખાડો ખોદ્યો આમાંથી મીઠું પાણી નીકળશે. એ સાંભળી લાલજીભાઈએ રણમાં થોડો ખાડો ખોદ્યો તે

ખાડામાં પાણી આવ્યું ને તે પાણી ચાખી જોયું તો તે પાણી એકદમ મીઠું તે પાણી ગાળી શ્રીજી મહારાજને પાયુ તે લાલજીભાઈએ પીધું સાથે પારષદો આદિ હતા તે સર્વેને પાયુ, ને થોડા આગળ ચાલ્યા મહારાજ બોલ્યા અરે લાલજીભાઈ જાઓ જોઈ આવો તો આપણે એ ખાડામાંથી મીઠું પાણી પીધું તે કેવું છે તે સાંભળી લાલજીભાઈ તે ખાડામાં પાણી જોવા ગયા તો તે પાણી સાવ ખારૂં મીઠા જેવું. તે જોઈ લાલજીભાઈ ચકીત થઈ ગયા ને ભગવાન પાસે આવી બોલ્યા અહો કૃપાનાથ આ રણમાં મીઠું પાણી આપે કર્યું તે આપની કૃપા એમ વાત કરતા આગળ ચાલતા હતા. ત્યાં શ્રીજી મહારાજ કહે અરે લાલજીભાઈ આ સંસાર છે. તેમાં ક્યાં સુધી માયાની જાળમાં સપડાશો. તે સાંભળી લાલજીભાઈ બોલ્યા કે અહો પ્રભુ આ દાસને જેમ આજ્ઞા આપો તેમ કરૂં તે સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા કે અરે લાલજીભાઈ તમો સાધુ થઈ જાઓ તે સાંભળી લાલજી ભાઈ બોલ્યા કે અહો કૃપાનાથ જેમ આપની આજ્ઞા આપ જેમ કહો તેમ કરૂં તે સાંભળી શ્રીજી મહારાજે તે લાલજીભાઈની મુછુ કઢાવી નાખીને તેમને સાધુ બનાવ્યા. ભગવા વસ્ત્રો ધારણ કરાવ્યા ને તેમનું નિષ્કુળાનંદ સ્વામી નામ પડ્યું. તે રણમાં સાધુ બનાવ્યા તે લાલજીભાઈ ઘરેથી ચાલ્યા ત્યારે થોડા રૂપિયા પણ લીધા હતા તે નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા કે હે કૃપાનાથ આ રૂપિયા હવે હું સાધુ થયો તેથી રખાય નહી કેમ કે સાધુ તો સ્ત્રી ધનના ત્યાગી કહેવાય એટલે સાધુથી રૂપિયા રખાય નહી. માટે શું

કરૂ ? પછી શ્રીજી મહારાજ તે નિષ્કુળાનંદ સ્વામીને કહે આ જંગલમાં થોડો ખાડો ખોદી તેમાં રૂપિયા દાટીદો ને તેના ઉપર ઝાડો કરી આવો તે સાંભળી તે નિષ્કુળાનંદ સ્વામી તે રણમાં ખાડો ખોદીને તેમાં રૂપિયા દાટીને ઉપર વીષ્ટા કરી આવ્યા કેતા ઝાડો કરી આવ્યા ને નાહી બીજા કોરા વસ્ત્રો પહેર્યા એમ કરતા થોડા આગળ ચાલ્યા ને માયા મૂર્તિમાન થઈને શ્રીજી મહારાજ પાસે આવી દુરથી પગે લાગીને બોલી કહે પ્રભુ આ મારા-ઉપર ઝાડો કરે એવુ કોઈ અવતારે નથી કર્યુ આા તમોએ મારા માથે ઝાડો કરાવ્યો તે સારૂં ન કહેવાયે હું તો માયા કહેવાઉ હું માયા તો સ્વર્ગ મૃત્યુ પાતાળ એ ત્રિલોકીમાં રહેલી છું મારા વિના કોઈને ન ચાલે તે સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા કે આ સમય તો મારા સાધુને માયાને નહી અડવા આપુ માટે તું અહીથી જા તને લાગ મળે તો તુ મોઢામાં ભલે આવજે પણ આ સમયમાં મારા સાધુને તને અડવા નહી આપુ તે સાંભળી માયા ચાલી ગઈ એમ કરતા આગળ ચાલ્યા રણની ખડી પુરી થઈને આગળ ચાલતા કચ્છ વાગડમાં ભચાઉ તાલુકામાં આધોઈ ગામની નજીક આવ્યા. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા કે અરે નિષ્કુળાનંદસ્વામી આ ગામમાંથી ભીક્ષા માગી લાવો એટલે આપણે બધા અહીં નાહી ધોઈ પુજા કરી જમીએ ત્યાં એક તળાવ આવ્યુ ત્યાં સર્વે નાહ્યા ને પુજા કરી પછી નિષ્કુળાનંદ સ્વામી મહારાજને કહેવા લાગ્યા કે હે કૃપાનાથ તમોએ ભીક્ષા માગવાનું કહ્યું પણ આ ગામમાં તો મારા પૂર્વાશ્રમના સસરા રહે છે. તે

પૂર્વાશ્રમના સ્ત્રી પુત્રો આદિ અહિં રહે છે તેથી આ ગામમાં ભીક્ષા કરવા કેવી રીતે જાઉં ? બધા મને ઓળખે ને ખોટી માથાકુટ કરે તે સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા કે અરે નિષ્કુળાનંદ સ્વામી એમાં શું માથાકુટ કરે જાઓ તમારા સસરાના ઘેરથી જ તમારા પૂર્વાશ્રમના સ્ત્રી પાસેથી જ ભીક્ષા માંગી લાવો. એ સાંભળી નિષ્કુળનંદ સ્વામી પોતાના સસરાને ઘેર ભીક્ષા માંગવા ગયાને નારાયણ હરે સચ્ચીદાનંદ પ્રભો એમ બોલી ત્યા બારે ચોકમાં ઉભા રહ્યા. ત્યાં તેમના પૂર્વાશ્રમના ધર્મ પત્નીયે જોયુ ને પોતાના માતૃશ્રીને કહે મમી જુવો તો તમારા જમાઈ જેવા સાધુ થઈને આવ્યા છે. તે સાંભળી તેમના સાસુયે જોયુ તો ખરેખર તેમના પૂર્વાશ્રમના જમાઈ જ હતા. તેમની સાસુ પોતાની દીકરીને કહે તું તથા આ તારા બંને દિકરા એમની પાસે હાવભાવ કરોને વિનંતી કરો કે સાધુ ન થાવો ને પહેલા હતા તેવા થઈને અહી રહો એમ ઘણુ કર્યું પણ આ નિષ્કુળાનંદ સ્વામી એમાં ક્યાંય જરાપણ લોભાણા નહી ને કહેવા લાગ્યા કે ભેંસ હોયે તેને ઘાસ કે ખાણ ખવરાવે તેથી તે દુધ આપે પણ પાડો હોયે તેને ઘાસ કે ખાણ ખવરાવે તો દુધ ન આપે તેમ હવે હું આ સંસારમાં લોભાઈશ નહી તો પણ તેના પુર્વાશ્રમના બે દિકરા બહુજ હાવભાવ કરવા લાગ્યા પણ આ સ્વામી તેમાં જરાપણ લોભાણા નહી ને કિર્તન બોલ્યા.

કે હું આદિ અનાદી આ તો સર્વે ઉપાધી કોણ કુળ ને કુણ કુટુંબી કોણ માત ને તાત કોણ ભાઈ ને કોણ ભગીની બ્રહ્મ

હમારી જાત ક્યાં કાષ્ટને કહા કુહાડા કહાહે ઘડ નર હારા જબતે મોયે સદ્‌ગુરૂ મીલીયા મીટ ગયા સર્વે ચાળા. મે હું આદિ અનાદિ આ તો સર્વે ઉપાધી જે કારણ આ નરતન ધરીયુ તે સરીયુ છે કામ

કહે નિષ્કુળાનંદ મોયે પ્રગટ પ્રભુ મળ્યા ટડયુ ગામ ને નામ મેં હું આદિ અનાદિ આ તો સર્વે ઉપાધી એ કિર્તન સાંભળી તેમના સર્વે સંબંધીયોયે જાણ્યુ કે હવે આ સંસારમાં રહેશે નહી ને નિષ્કુળાનંદ સ્વામી એમના સગા સંબંધીને દુરથી કહેવા લાગ્યા કે તમારે જો મોક્ષ જોઈતો હોયે તો તમો રોટલા બનાવીને મને ભીક્ષા આપો તેથી ભગવાન રોટલા જમશે એટલે તમારૂં સર્વેનું સારૂ થાશે એ સાંભળી તેમના પૂર્વાશ્રમના પત્નીયે સારા રોટલા બનાવ્યા. સારૂ શાક બનાવીને તે સ્વામીને ભીક્ષા આપી. તે ભીક્ષા લઈ સ્વામી ભગવાન ગામ બહાર જ્યાં બેઠા હતા ત્યાં ભીક્ષા લઈને ગયા ને રોટલા ને શાક ભગવાન પાસે મુક્યું ને બધી વાત કરી તે સાંભળી ભગવાન બહુજ રાજી થયા ને કહ્યું કે તમે ખરા સંત પછી ભગવાન બેસી તે રોટલાને શાક જમ્યા ને સાથે પારષદોને તે રોટલા શાક જમાડ્યા આ સ્વામીને પણ રોટલા શાક જમાડ્યા ને પછી મહારાજ તથા તે સ્વામી તથા પાર્ષદો સર્વે ગઢડા આવ્યા ને મહારાજ ગઢડામાં રહી સંતો હરિ ભક્તોને જ્ઞાનની વાતો કરી ખુબ જ સુખીયા કરતા હતા ને આ સ્વામી પણ સંતના મંડળમાં રહી ખુબ જ ભજન કરતા હતા ને ભગવાનની આજ્ઞાયે કરીને સંતો દેશો દેશમાં જઈ

સત્સંગ કરાવતા હતા. આ સ્વામી પણ દેશો દેશમાં જઈ સત્સંગ કરાવતા હતા એમ કરતા ઘણો ટાઈમ થયો એક સમય શ્રીજી મહારાજ તથા ઘણાક સંતો સાથે સુરતમાં પધાર્યા ને તે સંતો સાથે આ નિષ્કુળાનંદ સ્વામી પણ હતા તે સુરતમાં ભાલચંદ્ર શેઠ ને ત્યાં પધાર્યા ભાલચંદ્ર શેઠ બહુ જ રાજી થયા ને પોતાને ઘેર સારી મજાની રસોઈ બનાવી સારી મીઠાઈ સારા ફરસાણ, પુરી-દાળ-ભાત-શાક આદિ રસોઈ કરી શ્રીજી મહારાજને જમાડ્યા પછી તે ભાલચંદ્ર નામના શેઠે ભગવાનની પ્રાર્થના કરી કે હે કૃપાનાથ આ સંતોને પીરસીને પ્રેમથી જમાડો. તે ભાલચંદ્ર શેઠનો ભાવ જોઈ શ્રીજી મહારાજે પ્રેમથી સંતોને જમાડ્યા ને પછે એક પાટ ઉપર શ્રીજી મહારાજને બેસાડીને તે ભાલચંદ્ર શેઠે પુજા કરી આરતી ઉતારી ને ખુબ જ પ્રાર્થના કરી કે હે કૃપાનાથ આવા ને આવા મારા હૃદયમાં અખંડ દર્શન આપજો તે શેઠ ભગવાનની મૂર્તિના અખંડ દર્શન કરતા જ હતા ને પ્રેમથી પ્રાર્થના કરી પછી ત્યાં પાટ ઉપર શ્રીજી મહારાજ બિરાજમાન હતા તેવા સમયમાં એક હરિભક્ત દર્શન કરવા આવેલા તે તેમણે ભગવાન પાસે પાંચ રૂપિયા ચોકડા ભેટ મૂકેલી તે રૂપિયા શ્રીજી મહારાજ હાથમાં લઈ મુઠ્ઠીવાળીને બેઠા હતા ત્યાં નિષ્કુળાનંદ સ્વામી જમીને શ્રીજી મહારાજ પાસે આવેલા શ્રીજી મહારાજ તે નિષ્કુળાનંદ સ્વામીને કહે સ્વામી આ તમારા માટે મુખવાસ છે તે લ્યો. તે સ્વામીયે હાથ ઝાલ્યો કે ભલે લાવો, પણ શ્રીજી મહારાજ કહે આ

મુખવાસ તો મારે હાથે તમારા મોઢામાં આપવો છે તે સાંભળી નિષ્કુળાનંદ સ્વામી કહે મને હાથમાં આપો મોઢામાં તે હું પરબારા નહી લઉં તે સ્વામીને ઘણા સમજાવ્યા પણ સ્વામીયે મોઢામાં મુખવાસ લીધો નહી ત્યાં મુક્તાનંદ સ્વામી બેઠા હતા તે બોલ્યા કે અરે નિષ્કુળાનંદ આ મહારાજ મુખવાસ આપે છે તેમાં તમને શું વાંધો છે? તમોને મહારાજ ઝેર તો નહી આપેને એટલે તે સાંભળી નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા કે મને ઝેર આપશે તો હું પ્રેમથી જમીશ પણ મોઢામાં તો હું નહી લઉં. એમ બોલ્યા પછી ભગવાને જાણ્યુ કે આ સ્વામી મોઢામાં મુખવાસ નહી લે એમ વિચારી ભગવાને મુઠ્ઠી ખોલી તો મુઠ્ઠીમાં રૂપિયા જોયાને શ્રીજી મહારાજ બોલ્યા અહો નિષ્કુળાનંદ તમને સાબાસ છે સાબાસ તમે અમારા છેતરાણા પણ છેતરાણા નહી તે જાણી સર્વે રાજી થયા કે અહો આ નિષ્કુળાનંદ ભગવાનની માયામાં જરા પણ ન લેવાણા માટે એમને ધન્યવાદ છે ત્યાં બ્રહ્માનંદ સ્વામી બેઠા હતા તે આ બધુ જોઈ છંદ બોલ્યા

<u>છંદ</u>

વીત સારૂ વઢી મરે રાય રંક નારી નર
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં જે નો જ નિવાસ છે.
યોગીયતી સંન્યાસી નવ તજે ધન વાસના છે
વીતની તેના તો તે દાસ છે દ્રવ્ય પર મળ મૂત્ર
કરી જેનો ત્યાગ કરે એવા તો આ સમય

સાધુ આપણી જ પાસે છે કહે બ્રહ્માનંદ શ્રી મુખે
શ્રી હરિ કહે નિષ્કુળાનંદને અધીક સાબસ છે.

બીજું શ્રીજી મહારાજે લોયાના ત્રીજા વચનામૃતમાં લખેલ છે કે **જેને ભગવાનનો મહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોયે તેનાથી શું ન થાયે.** સ્ત્રી હોયે તે પુરૂષનો ત્યાગ કરે પુરૂષ હોયે તે સ્ત્રીનો ત્યાગ કરે તેના ઉપર દૃષ્ટાંત કે શ્રીજી મહારાજે કાગળ લખ્યો કે અજા, જીવા, માતરા મામૈયા આદિ અઢાર જણા ઉપર કાગળ લખ્યો કે તમે સાધુ થઈ ભુજ આવજો ને જેને જ્યાં જ્યાં કાગળ મળ્યો ત્યાંથી રવાના થઈ ગયા ને સાધુ થઈને ભુજ આવ્યા. એક ભક્ત તો ચોરીમાં પરણતા હતા તેને ખબર પડી ને તે આદિમાં નામ હતું તે પણ પરણવાનો ત્યાગ કરી સાધુ થઈ શ્રીજી મહારાજ પાસેભુજ આવ્યા તે જોઈ શ્રીજી મહારાજ રાજી થયા.

બીજું **ભુજના સુંદરજીભાઈ સુતાર તે રાજાના કારભારી હતા** તે રાજાનું ખાંડુ જે જાન લઈને જતા હતા રસ્તામાં શ્રીજી મહારાજના દર્શન કરવા ગયા ત્યારે મહારાજે પુછ્યું કે તમો કુણ છો ત્યારે તે સુંદરજીભાઈ બોલ્યા મહારાજ હું તો તમારો દાસ છું. શ્રીજી મહારાજ કહે દાસના શું લક્ષણ ? ત્યારે બોલ્યા કે સ્વામી કહે તે કરે તે દાસના લક્ષણ. ભગવાન બોલ્યા કે હમણા જ સાધુ થઈ જાયો તે શ્રીજી મહારાજની વાત સાંભળી તે જ વખતે જરાપણ વિચાર કર્યા વિના સાધુ થઈ ગયા. જુવો સારા સજ્જન હરિ ભક્તો આ લાલજી સુતારને જંગલમાં સાધુ થવાનું કહ્યુ તો જરાપણ વિચાર કર્યા

વિના સાધુ થઈ ગયા આ અઢાર-ઓગણીસ જણા સાધુ થઈ ગયા. આ સુંદરજીભાઈ રાજાના કારભારી હતા. રાજાનું ખાડું જે જાન લઈને જતા હતા તે સર્વેને સ્ત્રી-પુત્ર-ધન-માલ-મિલકત બધુ હતું. પણ શ્રીજી મહારાજના વચનમાં કેટલો વિશ્વાસ કે મહારાજે કહ્યુ કે સાધુ થઈ જાયો તો, પોતે જરાપણ વિચાર કર્યા વિના બધુ મુકી સાધુ થયા ને નિષ્કુળાનંદ સ્વામીએ કીર્તનમાં કહેલ છે તે કીર્તન

સંતો સાંભળો સાચી વાર્તા
નથી લીધો આ ભુખે ભેખરે ગાડુ બળદને
ગાયને ઘરણી પરણી હતી
ઘેર રે છોટા છોટા છોકરા હતા
હતી માતાજીની મેર રે સંતો સાંભળો સાચી વાર્તા
આ નથી લીધો ભુખે ભેખરે તે સ્વામીયે

કહ્યું કે ભુખે મરતા આ સાધુ નથી થયા, સ્ત્રી પુત્ર ધન માલ મિલકત બધુ હતુ પણ શ્રીજી મહારાજના વચન ઉપર વિશ્વાસ રાખી આ બધુ મુકી સાધુ થયા. જુવો વ્હાલા ભક્તજનો શ્રીજી મહારાજના પ્યારા હરિ ભક્તો કેટલી કેટલી મિલકત હતી પણ જરા પણ વાર લગાડ્યા વિના શ્રીજી મહારાજના વચનમાં વિશ્વાસ રાખી બધુ ત્યાગ કરી સંત બન્યા. અહો ધન્ય છે ધન્ય છે આવા હરિભક્તોને જુવો વહાલા ભક્તજનો તમારે આવા સાધુ થવાની જરૂર નથી પણ હા સર્વેને સદ્‌ગૃહસ્થોના નિયમો તો જરૂર પાડવા પડશે. આ ઉપર કહ્યા

જે ભક્તજનો માયા ઉપર પગ દઈ સંત બની અભયપદ જે ભગવાનના ધામને પામ્યા તેવી જ રીતે તમારે પણ સર્વેને દેહને અંતે અભયપદ જે ભગવાનના અક્ષરધામને તો જરૂર પામવું છે ના.

કોઈને જમપુરીમાં જવાની ઈચ્છા નથી તો જુવો વહાલા ભક્તજનો આપણાને આવો દિવ્ય સત્સંગનો યોગ મળ્યો છે. તો આવા યોગને પામીને સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરીને આપણી સર્વે કસર ટાળી ને દિનદિન પ્રત્યે ભગવાનની માધુરી મરમાળી મૂર્તિને વિશે હેત કરીને દેહને અંતે શ્રીજી મહારાજની હજુર સેવામાં રહી જવાય તો જ આ મનુષ્ય જન્મનું સાર્થકપણું કહેવાય. ને સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું પણ સાચુ ફળ એજ છે. માટે જેમ બને તેમ ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવી ભગવાનનું ભજન બરાબર કરવું. એજ ખરો લાભ છે માટે આપણે ભગવાન ભજવામાં બહુજ કાળજી રાખવી ને ભગવાન ભજવા માટે દયાળુ શ્રીજી મહારાજે આપણાને કેવો આ અલૌકીક સારો સત્સંગનો યોગ આપ્યો છે તે આપણે વિચાર કરીયે કે આવો અલૌકીક યોગ તો આપણાને કોટી કલ્પે મળ્યો ન હતો. એવો આ અલૌકિક દીવ્ય યોગ મળ્યો છે. અહો આજ તો આપણાને કાંઈ અલૌકિક દિવ્ય યોગ મળ્યો છે તેનુ તો હે વહાલા પ્રભુ પ્યારા ભક્તો સુંવર્ણન કરીયે. માટે આવા યોગને પામીને આપણી અનેક જન્મોની કસરો ટાળીને આ છેલ્લો જન્મ થઈ જાય ને દેહને અંતે શ્રીજી મહારાજની હજુર

સેવામાં રહી જવાય એજ મોટો લાભ છે. બીજું મોટા સંતોએ કીર્તનમાં લખેલ છે કે જનુની જીવો ગોપીચંદની પુત્રને પેર્યો વૈરાગ્યજી. ગોપીચંદ મોટા રાજા હતા ને સારુ મજાનું રાજ્ય કરતા હતા. તે એક સમય નહાવા બેઠેલા તેસ્નાન કરતા હતા તે ઉપર માળેએ ગોપીચંદ રાજાના માતુશ્રી બેઠા હશે તે આ રાજાને સ્નાન કરતા જોઈ તેમને પોતાના પતી યાદ આવી ગયા કે અરે મારા પતી પણ રાજ્ય કરતા હતા તેમણે ભગવાનની બરાબર ભક્તિ કરી ન હતી ને તે આ લોકમાંથી અચાનક દેહ મુકીને ચાલ્યા ગયા તેવી જ રીતે આ મારો પુત્ર ગોપીચંદ રાજા પણ દેહને અંતે આ દુનિયામાંથી ચાલ્યા જશેને તે ભગવાનની ભક્તિ નહી કરે તો તે પણ કાળના કોળીયા થઈ જશે ને જન્મમરણના ફેરામાં ભટકવું પડશે ને મહાન કષ્ટ વેઠવું પડશે એમ જરા એમના મનમાં વિચાર આવ્યોને આંખમાંથી આંસુ ખરી પડ્યા તે ગોપીચંદ રાજા જ્યાં સ્નાન કરતા હતા તેમના શરીર ઉપરએ આંસુ પડ્યું તે શાસ્ત્રમાં લખેલ છે કે આંસુ બે પ્રકારના હોય છે એક હર્ષના બીજા શોકના ને જે હર્ષના આંસુ હોય તે ઠંડા હોય ને શોકના આંસુ હોય તે ગરમ હોયે તે ગોપીચંદ રાજાની માતાના આંસુ ગરમ હતા. તે આ રાજાના શરીરમાં પડ્યા. આ રાજાએ ઉપર જોયું તો તેમના માતૃશ્રી હતા. આ રાજાએ નાહી પોતાનું નીત્યનું કાર્ય કરી પોતાની માતાને પગે લાગી વિનયથી બોલ્યા અરે માતુશ્રી તમારૂં આવુ બધુ સુખ છે હું તમારો પુત્ર છું. તમોને શું દુઃખ થયું ને શું શોક થયો કે

તમોને આંસુ આવી ગયાએ સાંભળી તેમના માતુશ્રી બોલ્યા કે અરે પુત્ર એમાં કાંઈ નથી તમો ચીંતા ન કરો તે સાંભળી વળી ગોપીચંદ રાજા બોલ્યા ના માતુશ્રી તમોને તકલીફ હોયે તે કહો તમોને જરાપણ તકલીફ હોયે તે ટાળવી એ મારી પવિત્ર ફરજ છે. માટે જે હોય તે તમો કહો તો પણ તે માતુશ્રી કહે કાંઈ નથી તમો જરાપણ ચિંતા ન કરો. વળી ગોપીચંદ રાજા બોલ્યા કે તમો ને તકલીફ હોયે તે કહો ને તમો ને જે તકલીફ હશે તે દુર કરીશ. તમો મને જે હોયે તે પ્રેમથી કહો આવા આગ્રહ વાળા વચન સાંભળી તેમના માતુશ્રી બોલ્યા કે અરે હે મારા લાડકવાયા વહાલા પુત્ર મને થયું કે તમારા પિતાશ્રી પણ તમારી પેઠે રાજ્ય કરતા હતા પણ કાંઈ ભગવાનની ભક્તિ કરતા ન હતા તેથી તેમ ને કાળ ભક્ષણ કરી ગયો. કેમ કે સત્શાસ્ત્રમાં લખેલ છે કે જે ભગવાનની ભક્તિ નથી કરતા તેથી તેને કાળ ભક્ષણ કરી જાય છે. તેથી તેને જન્મમરણના દુઃખ ભોગવવા પડે છે એટલે તમને જોઈને મને જરા મનમાં વિચાર આવ્યો કે તમારા પિતાશ્રીએ કંઈ ભક્તિ ન કરી તેથી તે કાળના કોળિયા બની ગયા. ને જન્મ મરણના દુઃખ ભોગવવા પડે તેથી તમને જોઈને મારા મનમાં વિચાર આવ્યો કે આવો, આ મારો પુત્ર જો ભગવાનની ભક્તિ નહી કરે ને આ રાજ્ય વૈભવમાં ફસાઈ જશે તો એ પણ કાળના કોળીયામાં જતા રહેશે એટલે મારા મનમાં થયું તેથી આંસુ આવી ગયા. આ પોતાના માતુશ્રીની વાત સાંભળી તે ગોપીચંદ રાજાએ પૂછ્યું

કે અરે મારા સાચા માતુશ્રી હું શું કરુ તો એ કાળના કોળીયામાં ન જાવું પડે ને જન્મમરણના ફેરા ભોગવવા ન પડે ને મારો મોક્ષ થાયે એ સાંભળી એમના માતુશ્રી બોલ્યા અરે હે મારા લાડકવાયા પુત્ર એ તો જો ભગવાનની ભક્તિ કરે તો કાળના કોળીયામાં ન જવું પડે. બાકી તો સર્વેને કાળના કોળીયામાં જવું જ પડે. એ સાંભળી ગોપીચંદ રાજાને વૈરાગ્ય થયો ને પોતાના રાજ્યનો ત્યાગ કરી ભગવાનનું ભજન કરી પોતાના જીવાત્માનો મોક્ષ કર્યો ને કાળના કોળીયામાં જવું ન પડ્યું એટલે જ મોટા સંતોએ લખ્યું છે કે જનૂની જીવો રે ગોપીચંદની પુત્રને પેર્યો વૈરાગજી ગોપીચંદની માતાએ પુત્રને પેર્યો વૈરાગ જી જુવો આ ગોપીચંદ રાજાની માતુશ્રીએ પોતાના લાડકવાયા પુત્રને વૈરાગ્ય કરાવી તેનો મોક્ષ કર્યો તેની ઉપરથી આપણે શું લેવાનું ? કે આ રાજાની માતુશ્રી એ પોતાના પુત્રને સારો ઉપદેશ આપી તેનો મોક્ષ કરાવ્યોને તેના જન્મમરણના ફેરા ટળાવ્યા તો આપણે પણ ભગવાનનું ભજન કરીશું તો આપણો પણ મોક્ષ જરૂર થાશે એ રાજાની પેઠે ભલે રાજપાટ કે ઘર સંસાર મુકવાની જરૂર નથી પણ ભગવાનનું ભજન કરવામાં કાળજી રાખવી.

બીજું **ભરતહરિ રાજાની વાત** શાસ્ત્રમાં લખી છે તે ભરતહરિ રાજાની વાત જે તેમને સોળસો રાણીયો હતી મોટું રાજ્ય કરતા હતા પણ તેમને વૈરાગ થયો તેથી રાજ્યનો ત્યાગ કર્યો તથા સોળસો રાણીયોનો પણ ત્યાગ કર્યો ને એક વખત ભીક્ષા કરવા ગૃહસ્થને ઘેર ગયા હતા ત્યાં તેમની રાણીને

ખબર પડી કે ભરત હરિ રાજા સાધુ રૂપે છે તે દુરથી બોલવા લાગી ભેખરે ઉતારો રાજા ભરત હરિ પણ આ રાજાને તો એકદમ વૈરાગ ચડી ગયો હતો તેથી તેની વાતની જરાપણ અસર ન થઈ ને વળી તે રાણી દુરથી બોલ્યા કે થોડીવાર રહો તો હું ભીક્ષાને માટે ખીર બનાવી આપું તે કીર્તનમાં લખ્યું કે ખીર નીપજાવું ક્ષણ એકમાં તે તો ભીક્ષાને કાજજી તે ગુણાતીતાનંદ સ્વામીયે લખ્યું કે તે ખીર ભીક્ષા માટે આપત પણ તે ખીર જે દુધપાક ખવરાવી તે રાજાના હૃદયમાં જગત ભરાવી દેત તે વાત ભરતહરિ રાજા સાધુ થયા હતા તે જાણી ગયાને બોલ્યા કે આહાર કારણે ઉભો રહે તે યોગી નહી ભોગી જાણવો એમ કહી તે ચાલ્યા ગયા ને તે ભરતહરિ રાજા સાધુ થયા હતા તે ખુંબ જ ભગવાનનું ભજન કરી પોતાનો મોક્ષ કર્યો આના ઉપરથી શું વિચારવું કે તે રાજાને મોટુ રાજ્ય હતું સોળસો રાણીઓ હતી પણ ભગવાનનો મહિમા સમજાણો તો રાજ્યનો તથા સોળસો રાણીયોનો ત્યાગ કરી ભગવાનનું ભજન કરી પોતાના જીવનો મોક્ષ કર્યો તો ગૃહસ્થને ભલે રાજ્યનો કે સ્ત્રીનો ત્યાગ નથી કરવો પણ પંચવિષયની વાસનાનો તો જરૂર ત્યાગ કરવો જ પડશે ને એ પંચ વિષયની વાસના વળે જ આ જીવ જન્મમરણના ફેરા ભોગવ્યા જ કરે છે. તે અમદાવાદના ત્રીજા વચનામૃતમાં લખેલ છે કે આજીવ પંચ વિષયની વાસના વળે જ જન્મમરણના ફેરા ભોગવ્યા જ કરે છે તે એ જન્મ મરણના ફેરા ન ભોગવવા પડે તેનુ શું સાધન છે, તો ભગવાનનો મહીમા

સમજી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે ને તે ધ્યાન કરતા કરતા ઉપસમ દશાને પામી જાયે ત્યારે તે ભક્તને તે પંચ વિષયની વાસના ટળી જાયે છે. ત્યારે તેનો મોક્ષ થાય છે અહો હે વહાલા સદગૃહસ્થો હે વહાલા સજજન ભાઈયો આ બધી વાતો શાસ્ત્રમાં લખી છે તે કાંઈ બીક દેખાડવાને માટે નથી લખી પણ આ બધી વાતો આપણે સાંભળીયે જાણીયે તો આપણાને એમ થાયે કે અહો ભગવાનને રાજી કરવાને માટે કેવા કેવા કષ્ટ સહન કર્યા. રાજ્યનો ત્યાગ કર્યો રાણીયોનો ત્યાગ કર્યોને ઘણુંક તપ કર્યું તેથી ભગવાન રાજી થયા ને તે સર્વે મોટી પદવીને પામી ગયા તેવી જ રીતે આપણે કાળજી રાખી ભજન કરીશું, ભગવાનનીઆજ્ઞા બરાબર પાલન કરીશું તો દયાળુ શ્રી હરિ જરૂર આપણાને પોતાની માધુરી દીવ્ય મૂર્તિનું સુખ આપશે. માટે આપણે સર્વેએ જેમ બને તેમ કાળજી રાખી ભજન કરવું.

બીજું મોટા સંતોએ કીર્તનમાં લખેલ છે કે **"ક્યાં ગયુ કુળ રાવણતણું સગર સુત સાઠ હજારજી ન રહ્યુ નાણું રાજાનંદનનું સર્વ સ્વપના સમાનજી."** તેમાં કહેવાનું કે રાવણને ઘણી રાણીયો હતી. ઘણાંક પુત્ર હતા ને તે રાવણની કાણ કહેવાતી કેતા તે રાવણને કેટલાક પુત્ર જન્મે ને ઘણાંક મરે તેથી તેને સુતક ઉતરે જ નહી એવા મોટા રાવણ હતા. વળી સગર રાજા હતા તેને સાહીઠ હજાર પુત્ર હતા ને મોટુ રાજ્ય હતુ તો પણ તે એક દિવસ આ દુનિયામાંથી ચાલ્યા ગયા. તેવી જ રીતે આપણે પણ જરૂર જવુ પડશે ને વળી લખ્યું કે ન

રહ્યુ નાણું રાજાનંદનું તે નંદરાજા હતા તેના પાસે વરાહ ભગવાનની ડાઢ હતી તેના બળે આખી પૃથ્વીનું ધન્ય ભેળુ કર્યુ ને તેમને ખબર પડી કે મુસલમાન મરે ત્યારે તેના ઉપર રૂપિયો રાખતા. તે ખબર પડી તેથી તે મુસલમાનની ધોરો ખોદાવીને તેમાંથી પણ રૂપિયા કાઢી લીધા એમ આખી પૃથ્વીનું નાણું ભેળુ કર્યુ હતું પછી તેની રાણીઓમાં એક બીજામાં થોડા ઝઘડા થવા માંડ્યા તેથી એક રાણીએ બીજી રાણીને કહ્યું કે આગળની જે રાણી હતી તે મરી ગઈ હતી તેથી એક રાણી બીજી રાણીને કહે આ રાજા પાસે પહેલા જે રાણી તે દેહ મૂકી ગઈ છે તેની ડાઢ આ રાજા પાસે છે માટે એ ડાઢ જો આપણે લઈને પાણીમાં નાંખી દઈયે તો આપણા પ્રત્યે રાજાને પ્રેમ થાયે એમ વિચારી તે ભગવાનની ડાઢ એક રાણીયે લઈને પાણીમાં નાંખી દીધી પછી રાજા તે ડાઢ જોવા ગયા તે ડાઢ ન મળી તેથી રાજા બહુ જ ચિંતામાં પડી ગયાને રાણીને પૂછ્યું કે આ ડાઢ ક્યા ગઈ. પછી તે રાણી કહે પહેલા જે રાણી મરી ગઈ હતી તેની ડાઢ તમો રાખી બેઠા હતા તે ડાઢને તો મે પાણીમાં નાખી દીધી તે સાંભળી રાજા બહુ જ ચિંતા કરવા લાગ્યા કે આ ડાઢ વળેથી ધન ભેગુ થયુ હતું હવે આ ધન નાશ પામી જશે. આ ચિંતામાં તે નંદરાજાનો દેહ પડી ગયો. આ સર્વેમાંથી શું લેવાનું ? કે રાવણને ઘણીક રાણીયો હતી ઘણાક પુત્ર હતા તથા સગર રાજાને સાહીઠ હજાર પુત્ર હતા આ નંદ રાજાયે આખી પૃથ્વીનું નાણું ભેગુ કર્યુ એવા મોટા આ ત્રણે હતા, તો પણ

આ દુનીયામાંથી ચાલ્યા ગયા તેવી જ રીતે આપણે પણ આ દુનીયામાંથી અચાનક જવાનું થાશે. માટે આપણુ શરીર સારૂ હોયે ત્યાં સુધી આપણી કસર ટાળી નાંખવી ને મૃત્યુ કોઈની વાટ જોશે નહી. જેમ ખેડુતો હોયે તે બગીચામાં કેળા વાવે, જામફળ વાવે, પપૈયા વાવે આદિ ઘણાં સારા સારા ફળના ઝાડ વાવે ને તે સવારે હંમેશાં તે બગીચામાં ફળ જોવે કે કયુ ફળ પાકી ગયુ છે તે ફળ લઈ વેચીનાંખે તેમ આપણા ઉપર કાળ હંમેશાં આંટા મારે છે, કે કોનુ આયુષ્ય પુરુ થઈ ગયું છે, તે જેનું આયુષ્ય પુરુ થયુ હોયે તેને તેડી જાય છે.

બીજુ સત્શાસ્ત્રમાં લખ્યું છે કે સારા સત્પુરૂષ તથા **સારા ભગવાનના ભક્ત કે સજ્જન માણસ સાથે હેત રાખવુ** ને મન બાંધવું તે મન બાંધવું એટલે દોરડીથી બાંધવું એમ નહી પણ એક બીજાએ હેત રૂપી જે દોરડેથી મન બાંધવું. તેના ઉપર બે સારા મિત્રો હતા તેમણે એકબીજાએ મન બાધ્યું હતું તે એક સમય બંને મિત્રો બહાર ગામ જતા હતા ને એકની પાસે હજારો રૂપિયા હતા. તે બહાર ગામ જતા હતા આગળના વખતમાં હાલના જેવા હાઈવે રોડ ન હતા. ગાડા રસ્તા કે પગ રસ્તા હતા તે બંને મિત્રો બહારગામ ચાલીને જતા હતા પણ મારગમાં રસ્તો ભુલી ગયાને રાત્રી પડી ગઈ. મોટું જંગલ આવી ગયું, તે બંને વિચાર કરવા લાગ્યા કે આ રાત્રી પડી રસ્તો ક્યાંય જડતો નથી માટે આપણે કોઈ સારૂ ઝાડ મળે તો સુઈ જઈએ સવારે રસ્તો મળશે એટલે ચાલીશુ એમ સુવાનો વિચાર કરતા હતા તે જેની પાસે રૂપિયા હતા તે

બોલ્યો કે અરે મિત્ર આપણે બંને સુઈ જાશુ પણ મારા પાસે હજારો રૂપિયા છે તેનો આપણે બંને સુઈ જાશુ તો ઉંઘ આવી જાયને કોઈ ચોર આ રૂપિયા ચોરી જાય તો સારૂ નહી. માટે આપણે એક જણ વારાફરતી જાગીયે ને એક જણ સૂઈ જઈયે, એમ વાત કરી તે બંનેએ વિચાર્યુ કે હા ભલે આપણે વારા ફરતી એક જણ જાગીયે એમ વિચારી એક મિત્ર કહે હે મિત્ર તુ હમણાં સૂઈ જા, હું જાગુ છું. એમ વિચાર કરી જેના પાસે રૂપિયા હતા તે સુઈ ગયોને મનમાં વિચાર કર્યો કે મારો મિત્ર જાગે છે તેથી મારા રૂપિયા કોઈ ચોર ચોરી કરી નહી જાયે એમ વિચારી તે મિત્ર સૂઈ ગયો એક મિત્ર જાગતો હતો ત્યાં રાત્રીના બાર વાગ્યાની આસપાસ એક મોટો સર્પ નીકળ્યોને તે સર્પ જે મિત્ર સૂઈ ગયો હતો ત્યાં જવા માંડ્યો. ત્યારે જે મિત્ર જાગતો હતો તે ઉઠી ઉભો થયો ને તે મનમાં વિચાર કરવા લાગ્યો કે આ મારો મિત્ર મારે વિશ્વાસે સુતો છે ને સર્પ વડગે તે સારૂ નહી તે મિત્રેએ સર્પને કહ્યું કે એ મારો મિત્ર સુતો છે ત્યાં તુ ન જાયે, આવ તું મારા પાસે તને જે કરવુ હોયે તે કર, તે સાંભળી ભગવાનની ઈચ્છાથી સર્પ બોલવા લાગ્યો, ભાઈ મારે આગલા જન્મનું તેના પ્રત્યે વેર છે કેમ કે તેણે મને મારી ને મારી ડોકનું લોહી પીધું હતું તેથી તેની ડોકનું લોહી મારે પીવું છે, તેથી હું તેની ડોકને વડગીશ તો તેની ડોકનું લોહી પીઈશ તે સાંભળી તે મિત્ર બોલ્યો અરે સર્પ તને એની ડોકનું લોહી પીવુ છે તે તો ભલે હુ તને તેની ડોકનું લોહી આપુ તો તે

સાંભળી સર્પ બોલ્યો કે ભલે તુ તેની ડોકનું લોહી આપતો હો તો મારે તો તેની ડોકના લોહીનું કામ છે એ સાંભળી આ મિત્ર જે જાગતો હતો તેની પાસે નાની છરી હતી ને ઝાડના પાંદડાનો પડીયો કર્યો ને રાત્રે જે મિત્ર સુતો હતો તેના પાસે આ મિત્ર ગયો ને છરી વળે તે મિત્રનું ધીમે રહીને ગળામાં છરી મારી તે છરી મારી તેથી તે સુતેલો મિત્ર જાગી ગયો ને જોયુ કે આ મારો મિત્ર છે તે મારૂ ખરાબ નહી કરે તેથી તે સુઈ ગયો ને બીજા મિત્રે ધીમે રહીને ગળામાં છરી મારી તેથી લોહી નીકળ્યુ તે લોહી લઈને તે મિત્રે પડીયામાં થોડું લોહી લીધુ ને તે મિત્ર પાસે નાનકડો રૂમાલ હતો તે રૂમાલથી પાટો બાંધી દીધો ને પડીયામાં જે લોહી હતું તે આ સર્પને આપ્યુ. તે લોહી સર્પ પી ગયોને તે સર્પ ત્યાંથી ચાલ્યો ગયો પછી જે સુતો હતો તે મિત્ર જાગીને જાગતો હતો તે મિત્રને કહ્યુ કે હવે તમે સુઈ જાયો હું જાગુ છું. એમ કહી સુતેલો મિત્ર જાગ્યો ને જાગતો હતો તે મિત્ર સુઈ ગયો. સવાર થઈ સુતેલો મિત્ર જાગ્યો બંનેને રસ્તો મળતા રસ્તામાં ચાલતા હતા તે રસ્તામાં ચાલતા હતાં તે રાત્રે સુતેલો હતોને ડોકમાં છરી મારી હતી તે કાંઈપણ બોલ્યો નહી પણ જે મિત્રે છરી ડોકમાં મારી હતી તે બોલ્યો અરે મિત્ર મે તને રાત્રે ડોકમાં છરી મારી તારી પાસે હજારો રૂપિયા હતા તો તારા મનમાં જરાપણ ન થયું કે આ રાત્રે મને છરી મારી મને મારી નાંખશે ને રૂપિયા લઈ લેશે તે સાંભળી પેલો મિત્ર બોલ્યો અરે મિત્ર તુ મારો જીગરદાર મિત્ર

છો, આપણે બંને નાનપણથી મિત્રો છીયે તું મારો આવો સારો મિત્ર છો તે મને તારો પુરેપુરો વિશ્વાસ હતો કે તુ ભલે મારી ડોકમાં છરી મારે છે પણ તુ મારૂ સારુ જ કરીશ એમાં મને જરાપણ સંસય ન હતો. પછી તે મિત્ર બોલ્યો કે અરે મિત્ર રાત્રીમાં બાર વાગે એક મોટો સર્પ તારા પાસે વડગવા આવતો હતો તે મારા મનમાં એમ થયું કે આ મારે વિશ્વાસે સુતો છે તેથી તેને સર્પ કરડવા ન આપુ ભલે મને સર્પ વડગે પણ આ મારો મિત્ર મારે વિશ્વાસે સુતો છે તેને બચાવવો. તે મારી ફરજ છે. તેથી મે સર્પને કહ્યું કે તુ મને વડગ પણ સર્પને વાચા થઈ કે તને હું નહી વડગુ પણ આ સુતો છે તેના પ્રત્યે મારું આગલા જન્મનું વેર છે તેથી તેના ડોકનું લોહી મારે પીવું છે ને તેની ડોક ને વડગીશ. હું તેના ડોકનું લોહી પીશ કેમ કે આગલા જન્મમાં તે સિંહ હતો હું શીયાળ હતો તેથી મને તેણે મારીને મારા ગળાનું લોહી એણે પીધું હતું. તેથી એના ગળાનું લોહી હું પીશ ત્યારે જ મને શાંતી થાશે. પછી મે એ સર્પને કહ્યું કે એની ડોકનું લોહી હું તને આપુ તો તો તેને નહી વડગેને ? તે સાંભળી સર્પ બોલ્યો કે મારે તો તેની ડોકનું લોહી પીવુ છે ભલે તુ એના ડોકનું લોહી લઈ આવ તો તેને નહી વળગું. તેથી તને એ રાત્રે ધીમે રહીને છરી મારી હતી ને તારા ડોકનું લોહી લઈ એ સર્પને આપ્યું. તે લોહી પીને સર્પ ચાલ્યો ગયો. એ સાંભળી જે સુતેલો હતો તે બોલ્યો અરે મિત્ર મને સર્પ વળગવાને બદલે તે મને બચાવ્યો તેથી હે મિત્ર તને ધન્ય

છે ધન્ય તુ મારે બદલે મરતો હતો તે તુ પણ ન મર્યો ને મને પણ બચાવ્યો માટે હે મિત્ર તને ધન્ય છે ધન્ય છે. એમ જાણી બંને રાજી થયા ને આગળ ચાલતા બંને પોતપોતાને ઘેર ગયા ને તે બંને મિત્રો જીવ્યા ત્યાં સુધી એકબીજાના મિત્રો રહ્યા ને અરસપરસ એક બીજાનું સારુ કર્યું. આમાં શું લેવાનું ? કે બંને જીગરદાર મિત્રો હતા તે મિત્રને બદલે પોતે મરવા તૈયાર થયો ને બીજા મિત્રને રાત્રે ડોકમાં છરી મારી તો પણ તેના મનમાં જરાપણ સંચય ન થયો. જુવો મિત્રો કરવા તો આવા કરવા કે એકબીજાનું હિત ઈચ્છે તે શાસ્ત્રમાં કહેલ છે કે એક બીજાનું હીત ઈચ્છે તે જ ખરો મિત્ર કહેવાયે. તે શાસ્ત્રમાં લખેલ છે કે દુનીયાના બધા માણસો સાથે મિત્રતા રાખવી તે મોટા સત્પુરૂષોએ લખેલ છે કે જગમે વેરી કોઈ નહી, જો મન શીતલ હોયે, આપા મેટી ખેલીયે, તો દયા કરે સૌ કોઈ

તેનો અર્થ એ છે કે જો આપણુ મન શાંત હોયને પોતાનું મન ગમતુ મુકી દઈયે તો આ દુનિયામાં કોઈ વેરી જ ન હોય ને સર્વ આપણું સારૂ જ કરે એમ દરેક સાથે હેત રાખવુ ને મિત્રતા રાખવી એમ ન થાયે તો સો સારા માણસો સાથે મિત્રતા રાખવી એમ ન થાયે તો ચાર સારા સત્પુરૂષો તથા ચાર સારા સત્સંગી કે સજ્જન માણસ સાથે મિત્રતા રાખવી ને એમ ન થાયે તો એક સારા સત્પુરૂષ અથવા એક સારા સત્સંગી અથવા એક સારા સજ્જન માણસ સાથે મિત્રતા રાખવી કેમ કે એકબીજા સારા મિત્રો હોયેને એક બીજા સાથે

પ્રેમથી નિસ્વાર્થ ભાવે મન બાંધ્યું હોય તો સુખ દુઃખમાં ભાગ લે ને એકબીજાને મદદ કરે તે જ ખરો મિત્ર કહેવાયે.

બીજું એક મોટા સંતે સાખી લખી છે. કે

"નલની દલગત જલવત તરલવ
તદવત જીવીતય મતીસય ચપલમ
ક્ષણ મતી સજ્જન સંગતી રેખા
ભવતી ભવારણવ તરણવનૌ કા"

આનો અર્થ જે નલની એટલે કમળના પાંદ ઉપર પાણીનું ટીપુ હોયે તે ક્ષણમાં નીચે પડી જાય છે. તેવી જ રીતે આપણું આ જીવન ચંચળ છે કેતાં ગમે ત્યારે ક્ષણ માત્રમાં પડી જાયે છે પણ ક્ષણ માત્ર પણ જો સારા સત્પુરૂષ કે મારા સજ્જન માણસનો સંગ થાયે તો જેમ સમુદ્ર તરવાને માટે વહાણથી તરી જવાયે છે તેવી જ રીતે સંસારરૂપી સમુદ્ર તરવાને માટે સારા સત્પુરૂષ અથવા સારા સજ્જન માણસના સમાગમ થકી તરી જવાય છે તો આપણું આવું ક્ષણભંગુરને નાશવંત શરીર છે તો આપણું શરીર સારૂ હોયે ત્યાં સુધીમાં ભગવાનનું ભજન કરી આ લોકમાંથી નિર્વાસનીક થઈ દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાયે એજ ખરૂ કરવાનું છે. માટે આપણે કાળજી રાખી, સાચે શુદ્ધ ભાવે ભગવાનનું ભજન કરી લેવું.

બીજુ મોટા સત્પુરૂષોએ ગુરૂ શિષ્યનો સંવાદ લખ્યો છે તે વાત. ગુરૂને મુમુક્ષુ શિષ્ય પુછે છે કે હે ગુરૂ મહારાજ હું મારા

હૃદયમાં ભગવાનને જોવાને માટે ઘણો ઘાખડો કરૂ છું પણ મારા હૃદયમાં ભગવાન દેખાતાં નથી તેનું શું કારણ છે ? તે દયા કરીને મને કહો, ગુરૂ કહે છે કે હે શિષ્ય જ્યારથી આ સૃષ્ટિનું મંડાણ થયું ત્યારથી કરીને આજદિન સુધી તે તારા હૃદયમાં જગત જ ભર્યું છે એક સરી પેસે એટલી જગ્યા પણ તે ખાલી રાખી નથી તો ભગવાન ક્યા રહે, તે સાંભળી શિષ્ય બોલ્યો હા ગુરૂ મહારાજ તમારી તે વાત સાચી છે પણ હવે એ જગતમારા હૃદયમાંથી નીકળી જાયેને મારા હૃદયમાં અખંડ ભગવાન રહે તેવો મને દયા કરીને ઉપાય બતાવો. આવી શિષ્યની વાત સાંભળી ગુરૂ બહુંજ રાજી થયા કે અહો આ શિષ્યને ભગવાન જોવાનો સારો આગ્રહ છે એમ જાણી ગુરૂ બોલ્યા કે હે મુમુક્ષુ શિષ્ય તું મનમાં મનમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કર ને તે ભગવાનની મૂર્તિનું અંગો અંગનું ધ્યાન કર તો જરૂર તારા હૃદયમાં ભગવાનના દર્શન થાશે. એવા ગુરૂના વચન સાંભળીને તે શિષ્ય ધ્યાન કરવા મંડ્યા તેથી તે શિષ્યના અંતરમાં ભગવાનના દર્શન થયા નેં તે શિષ્યના હૃદયમાંથી જગત નીકળી ગયુ તેથી તે શિષ્યને બહુંજ આનંદ થયો આના ઉપરથી શું લેવાનું ? કે આપણા અંતરમાં પણ અનાદીકાળથી જગતભર્યું છે પણ આવી રીતે આપણે ધ્યાન તથા ભજન કરીશું તો દયાળુ ભગવાનની દયાથી આપણાને પણ ભગવાનના ભજનનો આનંદ આવશે તે ભગવાનના ભજનનો આનંદ છે તેજ ખરો આનંદ છે બાકી આ જગત તો ખોટુ છે. તે જગત ખોટુ છે.

એટલે જગત છોડવાની જરૂર નથી પણ જનક રાજાની પેઠે જ્ઞાને કરીને અંતરથી જગત છોડવું ને ઉપર થકી વ્યવહારિક કાર્ય કરવું પણ અંતરમાં જગત ન ભરવું. આ બધુ અભ્યાસથી થાયે છે તે વચનામૃતમાં લખેલ છે કે કયે દહાડે કરવા મંડ્યાને ન થયું. વિદ્યાર્થીઓ વિદ્યાઅભ્યાસ કરવા જાયે છે તે કાળજી રાખી વિદ્યા અભ્યાસ કરે છે તો તે વિદ્યાર્થીઓ ડૉકટરો, વકીલો, ન્યાયાધીશો, સી.એ., આદિની ડીગ્રીઓ મેળવે છે ને તે સુખીયા થાયે છે તે આપણે ભગવાનનું ભજન કરવાનો આવો આગ્રહ રાખીશું તો જરૂર ભગવાન દયા કરે જ છે. ને કરશે જ.

બીજુ મોટા સત્પુરૂષે ભગવાનની વાત લખી છે કે

(૧) **જીજ્ઞાસુ શિષ્ય ગુરૂને પુછે છે કે ભગવાન ક્યા રહે છે** (૨) ભગવાન શું જમે છે (૩) ભગવાન શું કામ કરે છે ને ભગવાન ક્યારે હસે છે તેનો ઉત્તર કે આ જીવ ગર્ભવાસમાં હોયે ત્યારે ભગવાનની પ્રાર્થના કરે છે કે હે પ્રભુ મને આમાથી છોડો તો હુ તમારૂ અખંડ ભજન કરીશ પણ અહી આવીને માયાનું આવરણ આવી જાયે છે. તેથી ભગવાનનુ ભજન ભુલી જાયે છે ને માયામાં લપટાઈ જાયે છે તે જોઈને ભગવાન હસે છે, બીજુ ભગવાન શું જમે છે ? તેનો ઉત્તર કે ભગવાન ગર્વ જમે છે કોઈને જરા ગર્વ આવી જાયે તો તે ગર્વનો ભગવાન નાશ કરે છે. એટલે ભગવાનને ગર્વ ગંજન કહ્યા છે કેતાં ગર્વનો નાશ કરે છે. ત્રીજુ ભગવાન

શું કામ કરે છે ? તો ભગવાન રાજાને રંક કરે ને રંકને રાજા બનાવે. રાજાને જરા અભિમાન આવે તો રાજાનું પતન થાયે તે રાજા રંક બની જાયે તે રાવણને અભિમાન આવી ગયુ તો તેનું રાજનાશ થઈ ગયું ને રંક બની ગયા ને કૃષ્ણ ભગવાનના વખતમાં સુદામાં રંક હતા કેતા દુબળા હતા પણ કૃષ્ણ ભગવાનની દયાથી મોટા રાજા જેવા થઈ ગયા, તો આપણે શું લેવાનું કે જરાપણ અભિમાન આવવા ન દેવું, અભિમાન આવવાથી આજીવનું પતન થાયે છે ને ભગવાનની ભક્તિ કરવાથી રંક હોય દુઃખી હોયે તેને ભગવાન સુખી કરે છે, માટે આપણે નિરમાની થઈ ભજન કરીશું તો ભગવાન જરૂર આપણાને સર્વ પ્રકારે સુખીયા કરે છે તે સદાય સુખીયા કરશે.

બીજું એક મોટા સંતે લખ્યુ છે કે

"પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા
અહોર્નિશ એમને ગાઉ રે મારા રે
બાંધ્યા વૈષ્ણવ છોડે પણ વૈષ્ણવ બાંધ્યા મે ન છુટે રે
લક્ષ્મીજી મારા અડધા અંગના પણ મારા સંતની દાસી
પ્રાણ થકી મને વૈષ્ણવ વહાલા
અહોર્નિશ એમને ગાઉરે"

આમાં કહેવાનું કે ભગવાન કહે છે કે મારા પ્રાણ થકી મને મારા ભક્તો બહું જ વ્હાલા છે મારા બાંધેલા

હોયે તેને મારા ભક્ત છોડી શકે છે પણ ભક્તે બાંધેલા મારાથી ન છુટે, બીજું લખ્યું લક્ષ્મીજી મારા અડધા અંગના કહેવાય પણ મારા સંતના એ પણ દાસી કહેવાયે અહો ભગવાને ભક્ત જે વૈષ્ણવનો કેટલો બધો મહીમા કહ્યો, વળી ભગવાને લખ્યું છે કે જેવા મારા ભક્ત મને વહાલા છે તેવું બીજું કાંઈ પણ મને વહાલુ નથી.

જુવો ભક્તનો કેટલો બધો મહીમા કહ્યો, તો આપણે સાચા ભક્ત થાશું તો દયાળુ ભગવાન જરૂર પોતાના ભક્તને વશ થઈ જાયે છે ને ભક્તને ભગવાન સુખીયા કરે છે.

બીજું એક મોટા સંતે સંતના મહિમા વિશે લખ્યું છે કે તે સાખી

"ગંગા પાપમ્ શશીતામ્ કલ્પવૃક્ષ દારીદ્ર નાશમ્
તાપ પાપ દારીદ્રમ નાશમ્ સંત સમાગમ"

આમાં લખ્યું છે કે **ગંગામાં નહાવાથી પાપનો નાશ થાયે** છે ને શરદપૂર્ણમાસીના ચંદ્રથી તાપનો નાશ થાયે છે, કલ્પવૃક્ષથી દારીદ્ર જે ગરીબીનો નાશ થાયે છે કેતા તેનું દુઃખ નાશ થાયે છે પણ સાચા સત્પુરૂષ જે હોય ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરતા હોયે ભગવાનનું ધ્યાન ભજન અખંડ કરતા હોયે એવા સત્પુરૂષના દર્શન તથા આશીર્વાદ મળી જાયે તો પાપ તાપ ને દારીદ્રપણુ સર્વે નાશ થાયે છે તે સાચા સંતનો આવો મહીમા કહ્યો છે તે સ્વામિનારાયણ ભગવાને ઠેકાણે ઠેકાણે લખેલ છે તથા રામાયણ તથા ભાગવત આદિમાં પણ

સાચા સંતનો મહિમા કહ્યો છે તો આપણેપણ સાચા સત્પુરૂષને ઓળખીને તેમનો સમાગમ કરવો તો આપણને પણ એવા સત્પુરૂષના આશીર્વાદ મળશે તો આપણે પણ જરૂર સુખીયા થાશું.

"બીજું એક મોટા સત્પુરૂષે લખ્યું છે કે

મારે પાર થયો ભવ પંથનો
પ્રીતે ઝાલ્યો રે મારો હરિ વરે હાથ જાઉ
વહાલાજીને વારણે મારે અણસઠ તીરથ"

અહીં મળ્યા તે આનો અર્થ એ કે **મારે ભવ એટલે સંસારરૂપી સમુદ્રમાંથી હું તરી ગયો** કેમ કે મારો હરિવર એટલે ભગવાને મારો હાથ ઝાલ્યો કેતા તે ભગવાને મને શરણે લીધો તેથી હવે મારે જન્મ મરણના ફેરા ભોગવવા નહી પડે તેથી આવા દયાળુ ભગવાનને વારણે જાઉં છું. બીજુ લખ્યું કે મારે અડસઠ તીર્થ અહી મળ્યા તે આ ભારતમાં અડસઠ તીર્થ છે તે તીર્થની યાત્રા કરવાથી જે પુણ્ય મળે છે તે તીર્થનું ફળ આજે મને ભગવાનના દર્શન કરવાથી મળી ગયું. હવે મારે તીર્થ કરવા જવાની જરૂર નથી આમાંથી આપણે શું લેવાનું ? આપણાને આવા દયાળુ સ્વામિનારાયણ ભગવાન મળી ગયા છે તેનો કેફ રાખી આનંદમાં ભજન કરીશું તો આપણાને જન્મમરણના ફેરા ભોગવવા નહી પડે ને આપણે ભગવાનના ધામમાં ભગવાનની સેવામાં રહી જાશું, માટે તેનો કેફ રાખી આનંદમાં રહી ભજન કરવું.

બીજુ એક સારા સંત હતા તે ભગવાનની કથા વાર્તા કરતા ને ભગવાનનું ભજન કરતા. તેથી તેમની પાસે ઘણાંક માણસો આવે ને સારો સત્સંગ કરાવે તે જોઈ એક બ્રાહ્મણ તે સંત ને કહે તમોને ઘણા માણસો માને છે તેમ મને પણ માને તેનો ઉપાય મને બતાવો. આ સંતે તે બ્રાહ્મણની વાત સાંભળી સંત કહેવા લાગ્યા કે જો ભાઈ આ બધા માણસો મારી પાસે આવે છે ને મને માને છે તે મારા પાસે જંત્ર મંત્ર તંત્ર નથી હું તો ભગવાનનું ધ્યાન ભજન કરૂ છું ને ભગવાનના નિયમોનું પાલન કરૂ છું ને મને ભગવાન સુજાડે તેવી કથા વાર્તા કરુ છું ને મને ભગવાન સુજાડે તેવી કથા વાર્તા સંભળાવું છું, તેથી તે માણસોને શાંતી થતી હશે તેથી આ માણસો માને છે. તમો પણ આવી રીતે ભગવાનનું ભજન કરો, ભગવાનના નિયમોનું પાલન કરો ને ભગવાનની કથા વાર્તા સંભળાવો તો તમારી પાસે પણ માણસો આવશે ને તમોને પણ ઘણા માણસો માનશે. **તે આપણું સારૂ જીવન હશે તો આપણને પણ શાંતી વર્તે ને** આપણો સમાગમ કરે તેને પણ શાંતી વર્તે બાકી આપણે કાંઈ નિયમો ન પાડીએ ભગવાનનું ભજન ન કરીયે ને ખાલી વાતો કરીયે એમાં માણસોને શાંતી ન થાય તો માણસો આપણી પાસે ન આવે માટે પહેલાં આપણુ જીવન સુધારવું ત્યાં એક સંતે લખ્યું છે કે પહેલા તો આપણા જીવને શુદ્ધ કરવો. તે આપણો જીવ શુદ્ધ કેમ થાયે તો પહેલા લખ્યું તેમ આપણે ભગવાનનું ભજન કરીયે ભગવાનના નિયમોનું પાલન કરીયે તો જીવ

શુદ્ધ થાયે છે. જેમ કપડું મેલું થઈ ગયું હોય તો તેને સાબુથી ધોઈએ તો મેલ નીકળી જાય ને સારૂ થઈ જાયે છે તેમ આપણું અંતર શુદ્ધ કરવાને માટે ભગવાનના નિયમોનું પાલન કરીયે ને ભગવાનનું ભજન કરીયે તો અંતરનો મેલ નીકળી જાય છે. ને અંતરનો મેલ ક્યો તો આપણા અંતરમાં જગતના સુખની વાસના તે વાસના વળે જ આપણે અનેક જન્મો ધરી આવ્યા છીયે ને હજુપણ તે અંતરની વાસના નહી ટળાયે તો જન્મ મરણના ફેરા ભોગવવા જ પડે. પણ હવે આપણે કાળજી રાખી ભજન કરીશુ તો જરૂર તે કસર ટળી જશે તે સ.ગુ.ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં લખેલ છે કે પહેલા તો પોતાના જીવને શુદ્ધ કરવો ને જીવ શુદ્ધ કરવાને માટે સાચે શુદ્ધ ભાવે ભગવાનનું ભજન કરવું. તે ભજનના પ્રતાપથી જરૂર જીવ શુદ્ધ થાયે છે. પછે તે બ્રાહ્મણ ભજન કરવા માંડ્યો તે નિયમ પાલન કરવા લાગ્યા તેથી તેને પણ ઘણા માણસો માનવા લાગ્યા તેથી તે રાજી થયા.

બીજું એક મોટા શેઠ હતા. તેમણે સો પોઠીયા એટલે બળદ, પેલાના જમાનામાં આવા ખટારા આદિ વાહન ન હતા. તે બળદ ઉપર એટલે કે બળદને પોઠીયા કહેતા. તેઓ પોઠીયા ઉપર ઘઉં કે ચોખા આદિ માલ ભરીને પોઠીયાના ચલાવનારા માણસને ભલામણ કરી કે આ પોઠીયા ઉપર માલ લઈ જાવો છો તે બરાબર ચેક કરજો કોઈ ચોરી ન કરે એ ખ્યાલ રાખજો ને ક્યાંય રાત્રી રહો ત્યાં બધાયે પોઠીયા બેસે પછી તમારે સુવું એમ ભલામણ કરી આ સો

પોઠીયા લઈ તે પોઠીયાનો માલીક ચાલ્યો. ચાલતા ચાલતા રાત્રી પડી. જ્યાં મોટુ મેદાન હતું. ત્યાં પોઠીયાને ઉભા રાખ્યાને પોઠીયાને ઘાસચારો ખવડાવ્યો. પાણી પાયુ ને માલીકે પણ જમી લીધુને આ પોઠીયા પાસે આવી બેઠા ને પોઠીયા ક્યારે બેસેને બધાયે બેશે એટલે પછી હું સુવુ. તે પોઠીયા જેમ જેમ રાત્રી પડતી આવી તેમ તેમ તે પોઠીયા બેસતા આવે તેમાં રાત્રીના ચાર વાગ્યાની આસપાસ ૯૯ પોઠીયા બેસી ગયાને પોઠીયાના માલિકે વિચાર કર્યો કે નવાણું બેસી ગયા છે હવે આ એક પોઠીયો બેસે પછે હું શાંતિથી સુવું. એમ વિચાર કરતા થોડીવારે બીજા બે ચાર પોઠીયા ઉભા થયા. એમ થોડીવારે થોડા બેસેને વળી થોડા ઉભા થાયે એમ કરતા ફરી નવાણું બેસી ગયા. પોઠીયાના માલીકે વિચાર કર્યો કે હવે એક બેસી જાયે એટલે હું શાંતિથી સુવું. થોડીવાર વાટ જોઈ પણ એક પોઠીયો બેઠો નહી એમ કરતા પાંચ વાગ્યાની આસપાસ થઈ ગયા પણ એક પોઠીયો તો બેઠો નહી તેથી પોઠીયાના માલિકે વિચાર કર્યો કે હવે આ એક પોઠીયાને બેસાડી દઉં એમ વિચારી તે પોઠીયા પાસે ગયો ને તેના પગ ઝાલી તે એક પોઠીયાને જોરે બેસાડ્યો તેનો અવાજ થયો તે બીજા નવાણુ પોઠીયા ઉભા થઈ ગયા એટલે આ પોઠીયાનો માલીક વિચાર કરવા લાગ્યા કે મને શેઠે કહ્યું કે બધા પોઠીયા બેસે પછે તારે સુવુ પણ સવાર થઈ તોય સોયે સો પોઠીયા બેઠા નહી પછે તે પોઠીયાનો માલીક સુતો નહી ને દિવસ ઉગ્યો. એટલે વળી તે પોઠીયાને રવાના કરી બીજે

ગામ જવા રવાના થયા વળી રાત્રી પડી ત્યાં વિસામો ખાધો પણ પોઠીયા તો બે બેસે ને ચાર ઉઠે પણ એક સામટા બધા પોઠીયા બેઠા નહી એમ સાતમે દિવસે જ્યાં ગામ જવાનું હતું ત્યાં પહોચ્યા. આ પોઠીયાના માલીકને સાત દિવસ ઉજાગરા થયા તેનું મોટા સંતો દૃષ્ટાંત આપતા કે આ સંસારરૂપી આ પોઠીયાની જાળ છે તે વર્ષના ૩૬૫ દિવસ થાય પણ કદાચ **વર્ષના ૩૯૦ દિવસ થાયે તો પણ આ ગૃહસ્થના કાર્ય પુરા થાય જ નહી.** એક કામ પુરૂ થાયે ત્યાં બીજું કાર્ય ઉભું જ હોયે. તે વેપારી જે હોય તે વેપારી હોલસેલનો હોયે તે જથ્થાબંધ ખાંડ રાખે, ગોળ રાખે, ચોખા રાખે આદિ ઘણીક વસ્તુ વેચવા રાખે તે ખાંડ વેચાયે તો વળી વિચાર કરે કે આ ગોળ વેચાય પછી હું શાંતીથી બેસું પણ એક પછી એક વસ્તુ વેચવાની બાકી જ રહે. વળી ખેડુત જે હોયે તે ઘઉં વાવે, ચોખા વાવે, બાજરો વાવે, કપાસ વાવે ને બાજરો ખરામાં આવે તેનું કામ પુરૂ થાયે ત્યાં ઘઉં આવે તે કામ પુરૂ થાયે ત્યાં ચોખા ખરામાં આવે એમ એક પછી એક વસ્તુ આવ્યા જ કરે પણ આ દુનિયાના કામ કોઈના પુરા થાયે જ નહી તેથી સ.ગુ.ગુણાતીતાનંદ સ્વામીયે લખ્યું કે ગૃહસ્થને આ દુનિયાનાં કામ જાણે પુરા કરીને પછે શાંતીથી ભગવાનની ભક્તિ કરૂ પણ આ દુનિયાના કામ ક્યારેય પુરા થાયે જ નહી. તો ગૃહસ્થે વિચાર કરવો કે ભગવાન ભજવાનો ટાઈમ થાયે ત્યારે એ દુનિયાના કામ થોડા આગળ પાછળ કરી ભગવાન ભજી લેવા, તે ભગવાન ભજવાનો ટાઈમ ક્યારે

કહેવાય તો સવારે ૪ વાગ્યાની આસપાસથી સવારે ૭, વાગ્યાની આસપાસ વ્યવહારીક કાર્ય ન કરતા ભગવાનની પુજા પાઠ માળા દેવ દર્શન આદિ કરી લેવું ને પછી વ્યવહારીક કાર્ય કરવું. સાંજના શ્રીજી મહારાજે કહ્યું કે અમારા સત્સંગી જે હોયે તેમણે સાંજના ભગવાનના મંદિરે જવું ને ત્યાં ભગવાનના દર્શન કરી કથાવાર્તા થતી હોયે તો કથા વાર્તા સાંભળવી. તે સાંજના ૭ વાગ્યાથી કરી રાત્રીના ૧૦ વાગ્યાની આસપાસ વ્યવહારીક કાર્ય આગળ પાછળ કરી ભગવાનની ભક્તિ કથાવાર્તા માળા માનસી પુજા આદિ કરવા. આવી રીતે કામ આગળ પાછળ કરીને ભગવાન ભજ્યે તો વ્યવહારી કાર્ય પણ થાયે ને ભગવાનની ભક્તિ પણ થઈ શકે તે સવારે અથવા સાંજે કે રાત્રે જેવો પોતાનો અનુકુળ સમય હોયે તે પ્રમાણે કાળજી રાખી ભગવાનનું ભજન કરી લેવું. ને એમ કાળજી રાખી ભજન ન કરીયે તો ગૃહસ્થને તો અનેક પ્રકારની વીંટમણા હોયે તે વીંટમણા કઈ તો બાળક જન્મે તેને ભણાવવા, તેના લગ્ન કરવા, માંદા થાયે આદિ અનેક પ્રકારની વ્યવહારીક વીંટમણા હોયે તેનાથી નવરાજન થાયે પણ આગળ લખ્યા પ્રમાણે સવારે સાંજે કામ કાજ આગળ પાછળ કરી ભગવાન ભજ્યે તો જ તે કાર્ય થાયે. બાકી તો આ લોકના કામ તો કોઈના પુરા થયા નથી ને થાશે પણ નહિ. વળી મોટા સંતોએ ઉંટનુ દૃષ્ટાંત આપ્યું છે કે ઉંટ ગાંગડતા પલાણ કરવું તે ઉટ ગાંગડતા પલાણ કરવુ તે શું કહેવાયે ? તો ઉંટ ઉપર બેસે ત્યારે એ ઉંટની ભાષામાં તે

ઉંટ બોલ્યા જ કરે એને ઉંટ ગાંગડો કહેવાયે તે ઉંટને માથે માણસ બેસીને ચલાવે એટલે તે ઉંટ ગાંગડા જ કરે કે તા બોલ્યા જ કરે તે બોલતા બંધ ન થાયે એ ગાંગડતા બંધ થાયે તેની વાટ ન જોવી કેતા તે ઉંટ બોલતો બંધ થાયે તેની વાટ ન જોવી એ તો બોલ્યા જ કરે ને ઉંટ માથે બેસનારો તે ઉંટ ગાંગડતા બંધ થાયે કેતા તે ઉંટ બોલતો બંધ થાયે પછે ઉંટ ઉપર બેસીયે એમ ન થાયે એ તો ઉંટ ગાંગડતા પલાણ કરીયે કેતા તે ઉંટ બોલતા હોયે તેની ઉપર બેસીને ચલાવીએ એનુ નામ ઉંટ ગાગડતા પલાણ કર્યુ કહેવાયે. આનું દૃષ્ટાંત કે આ દુનિયામાંથી નવરા થઈને ભગવાન ભજી શું, એવી આશા તો કોઈયે ન રાખવી એ તો વ્યવહારીક કાર્ય કરતા જવું ને સાથે સાથે ભગવાનનું ભજન કરતા જવું એજ મોટો લાભ છે બાકી આ તો સર્વે ખોટું છે.

બીજુ એક સમય **નિત્યાનંદ સ્વામી આદિ થોડા સંતો ભાલ દેશમાં સત્સંગ પ્રચાર્થે ગયા હતા.** ચાલતા ચાલતા મોડું થઈ ગયું રાત્રી પડી ગઈ એટલે સંતોએ વિચાર કર્યો કે આ રાત્રીમાં રસ્તા ભુલી જશું માટે આગળ ન ચાલતા ત્યા નજીકમાં ગોપનાથનું મોટું મંદિર હતું ત્યાં ગયા ને ત્યાં મંદિરમાં રાત્રી રોકાણ કરીશું એમ વિચારી ત્યાં વૈરાગીયો રહેતા હતા ત્યાં ગયા ને તે વેરાગીને વાત કરી કે અમારે અહીં રાત્રી રોકાણ કરવું છે તે રહેવા દેશો તે સાંભળી એ વેરાગી બોલ્યા કે અહીં સ્વામિનારાયણના સાધુને રાખતા નથી. સંતોએ ઘણી પ્રાર્થના કરી કે રાત્રે અહી રહેવાદ્યો. બાર

સમુદ્રની લેર આવે છે તેથી અમોને તકલીફ પડે માટે તમો દયા કરીને રાત્રી રહેવાદ્યો તો સારૂ અમો સવારે ચાલ્યા જઈશું એમ ઘણી વિનંતી કરી તો પણ તે વેરાગીઓએ ત્યાં રાત્રી રોકાણ કરવાની ના પાડી. પછી સર્વે સંતો રાત્રે બહાર બેસી રહ્યા. રાત્રે બાર વાગ્યાની આસપાસ સમુદ્રમાં લેર આવી તેથી પાણી નજીક આવવા માંડ્યું. સંતોએ વિચાર કર્યો કે આ પાણી નજીક આવશે પછે સર્વે સંતોએ સ્વામિનારાયણ ભગવાનની જોશથી ધુન બોલવા મંડ્યા ને ખુબ જ પ્રાર્થના કરી તેથી પાણી દુર થંભી ગયુ ને ભગવાની ઈચ્છાથી પાણી દીવાલની જેમ થઈ ગયું તેથી પાણી આ સંતો પાસે આવ્યું નહી. સવાર પડી ને જ્યાં જુવે તો ત્યાં દીવાલ ન હતી. તે જોઈ સર્વે સંતોએ વિચાર કર્યો કે આ તો આપણા ભગવાને આ પાણીની દિવાલ બનાવી આપણી રક્ષા કરી પછી સંતો ત્યાંથી ચાલતા થયા ને થોડા દીવસે ગઢડા પહોચ્યાં. ભગવાનને એ સમુદ્રના પાણીની વાત કરીને પાણીની દીવાલની પણ વાત કરી ને સંતોએ ખુબ જ પ્રાર્થના કરી કે હે કૃપાનાથ તમોએ અમારી સમુદ્રના પાણીથી રક્ષા કરીને દિવ્ય પાણીની દિવાલ બનાવી દીધી ન હોત તો અમો બધા સંતો સમુદ્રમાં તણાય જાત તો હે દયાળુ તમોએ આ સમુદ્રના પાણીથી રક્ષા કરી તેવી જ રીતે આ સંસારરૂપી સમુદ્રમાં અમો ક્યારેય તણાઈ ન જઈએ એ અમારી રક્ષા કરજો. તે સાંભળી દયાળુ ભગવાન રાજી થયાને બોલ્યા કે અહો હે મારા વહાલા સંતો તમારા જેવા સંતોનું રક્ષણ કરવા ને માટે જ હું પૃથ્વી ઉપર

આવ્યો છું. માટે તમારી જરૂર સંસારરૂપી સમુદ્ર થકી રક્ષા કરીશુ. તમો જરાપણ ચિંતા ન કરશો. ને આનંદમાં ભજન કરજો. આના ઉપરથી શું લેવાનું ? કે અડબગી વેરાગીયોયે ગોપનાથની જગ્યામાં રહેવા ન દીધા તેવા નિર્દય કોઈએ ન થાવું ને સમુદ્રના પાણીમાં રાત્રે સર્વે સંતો તણાઈ જાત પણ ભગવાને એ પાણીને થંભાવી દીધુને આ પાણી સંતો પાસે ન આવ્યુ એ ભગવાને રક્ષા કરી એ ભગવાનની દયા કહેવાય તે સંતોએ ભગવાનનું ભજન કર્યુ ને ભગવાનની પ્રાર્થના કરી તેથી ભગવાને રક્ષા કરી આમાં આપણે શું લેવાનું ? કે વેરાગીના જેવા નિર્દય ન થાવું ને કોઈ જરા તકલીફ આવે તો ભગવાનને સંભાળીએ તો ભગવાન પોતાના આશ્રીતની રક્ષા કરે જ છે ને રક્ષા કરશે જ, માટે એ ભગવાનનો દૃઢ આશરો રાખી ભગવાનનું ભજન કરવું તો ભગવાન જેમ માતા પોતાના બાળકની રક્ષા કરે છે તેમ ભગવાન પોતાના ભક્તની જરૂર રક્ષા કરે છે ને જરૂર રક્ષા કરશે જ માટે આનંદમાં રહી ભજન કરવું.

બીજું માંડણ નામના એક સારા સત્સંગી હતા તેમાં તે માલ વહાણમાં ભરીને સામે કિનારે જે ગામ હોય ત્યાં માલ પહોંચાડે તે કામ કાજ કરી પોતાનો વ્યવહાર ચલાવતા હતા ને ભગવાનનું ભજન પણ કાળજી રાખી કરતા હતા ને એક સ્વામિનારાયણ ભગવાનને વિશે જ દૃઢ નિષ્ઠા રાખતા હતા. **બીજા કોઈને વિષે પ્રતીતી ન હતી એવા નિષ્ઠાવાળા હતા** તે ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરતા હતા. એક સમય

વહાણમાં માલ ભરી સમુદ્રમાં જતા હતા તે સમુદ્રમાં બહુ જ તોફાન થવા માંડ્યું ને વહાણ ડોલવા માંડ્યું ને સમુદ્રના નાવીકે દરેકને કહી દીધુ કે આ સમુદ્રમાં તોફાન છે તો આ વહાણને જોખમ છે એ સાંભળી આ ભક્તને બહુ જ ચિંતા થવા લાગી કે વહાણ ડુબી જશે ને હું પણ ડુબી જાઈશ તેથી ભગવાનની બહુ જ પ્રાર્થના કરી કે હે પ્રભુ આ સમુદ્રમાંથી તમો રક્ષા કરજો એમ પ્રાર્થના કરી ખુબ ઉંચે સાદે સ્વામિનારાયણ ભગવાનના નામની ધુન કરવા મંડ્યા તે વચનામૃતમાં કહેલ છે કે કાંઈ દુઃખ આવી પડે તો ભગવાનની ધુન કરવી તથા ભગવાનની પ્રાર્થના કરવી તેથી ભગવાન પોતાના ભક્તની રક્ષા કરે છે તે માંડણ ભક્ત આવી ભગવાનની ધુન્ય તથા પ્રાર્થના ખુબ જ કરતા હતા ત્યાં ભગવાનની ઈચ્છાથી સમુદ્રમાં મોટું બેટ દેખાણું ને તે બેટમાં દેવાનંદ સ્વામી આદિ સંતોના દર્શન થયા તે આ માંડણ ભક્ત તે વહાણમાંથી ઉતરીને બેટમાં સ્વામીના દર્શન કરવા ગયા ને તે સમુદ્રમાં તોફાન છે ને આ વહાણ પણ ડુબી જાશે ને હું પણ ડુબી જઈશ માટે તમો દયા કરો જેથી આ વહાણ તથા મારી રક્ષા થાયે એ સાંભળી દેવાનંદ સ્વામી બોલ્યા કે હે માંડણ ભક્ત તમો જરાપણ ચિંતા ન કરશો અમે ભગવાનની ઈચ્છાથી અહી આવ્યા છીએ તમો ભગવાનનું ભજન કરો છો તે ભજન કર્યા કરો ને ભગવાનની પ્રાર્થના કરો છો તે પ્રાર્થના પણ કર્યા કરો તેથી થોડા સમયમાં આ સમુદ્રમાં જે તોફાન છે તે શાંત થઈ જશે ને સામે જે ધોધાનો કાંઠો છે ત્યાં વહાણ ઉતરશે.

તમો જરાપણ ચિંતા ન કરશો ભગવાન જરૂર તમારી રક્ષા કરશે ને અમે પણ ભગવાનની પ્રાર્થના તમારી વતી જરૂર કરીશું એમ વાત કરતા માંડણ ભક્ત બેટમાંથી પાછા વહાણમાં આવીને વહાણમાં બેસી ગયા ને ભગવાનની ધુન બોલવા મંડ્યા ને આ માંડણ ભક્ત સમુદ્રમાં જ્યાં બેટ હતું ત્યાં ગયા ને બીજા જે સમુદ્રમાં વહાણવાળા હતા તે સર્વેએ આ માંડણ ભક્તને બેટમાં ગયા ને જોયાને કહેવા લાગ્યા કે આ તમારા સ્વામીએ શું કહ્યું ત્યારે માંડણ ભક્ત બોલ્યા કે ભગવાન રક્ષા કરશે સર્વે ભગવાનનું નામ લ્યો એ સાંભળી સર્વે બીજા વહાણવાળા પણ ભગવાનનું નામ લેવા મંડ્યા ને સ્વામિનારાયણ નામની ધુન્ય બોલવા માંડ્યા તેથી થોડીવારે સમુદ્રમાં જે તોફાન હતુ તે શાંત થઈ ગયુ. ને વહાણવાળાએ આ માંડણ ભક્તનો ઉપકાર માન્યો કે તમારે લઈને અમે પણ વહાણ કિનારે પહોંચાડ્યા ને સર્વે રાજી થયાને સમુદ્રમાં બેટ દેખાણું ને દેવાનંદ સ્વામી આદિના દર્શન થયા હતા. તે સર્વે થોડીવારે અદ્રશ્ય થઈ ગયા તે જોઈ બધા આશ્ચર્ય પામ્યા કે અરે આ સમુદ્રમાં બેટ હતુ તે ક્યા ગયું ને સંતો કયા ગયા, બીજા સર્વે વહાણવાળા આ માંડણ ભક્તને પુછવા લાગ્યા કે આ બેટ તથા સંતો કયા ગયા એ સાંભળી માંડણ ભક્ત બોલ્યા હે ભાઈઓ એ તો મારા ભગવાન દયાળુ સ્વામિનારાયણે જ એ સર્વે બતાવ્યુ હતું ને ભગવાને જ સર્વેની રક્ષા કરી હતી. એ સાંભળી સર્વે રાજી થયા ને માંડણ ભક્તની પ્રસંશા કરી એમ કરતા સર્વે વહાણ ધોધાને કાંઠે ઉતર્યા પછે માંડણ

ભક્તે ભગવાનની બહું જ પ્રાર્થના કરી કે હે કૃપાનાથ હે દયાળુ તમોએ મારી આ સમુદ્ર થકી રક્ષા કરી તેમ સદાય રક્ષા કરજો ને માંડણ ભક્ત ભગવાનની ભક્તિ ભજન હંમેશાં કરતા હતા પણ આ સમુદ્ર થકી ભગવાને રક્ષા કરી તેથી તે માંડણ ભક્ત ભગવાનની ખુબજ ભક્તિ કરતા ને ભગવાનની મૂર્તિનું ધ્યાન ભજન કરતા ને આ સમુદ્રથી રક્ષા કરી તે બીજા દ્વેષીને વાત કરી તેથી ઘણાક દ્વેષી જીવો પણ ભગવાનના ભક્ત થયા ને તે માંડણ ભક્ત પણ ખુબ જ ભગવાનની ભક્તિ કરતા ને દેહને અંતે દયાળુ ભગવાન તે માંડણ ભક્તને અક્ષરધામમાં તેડી ગયા ને તે માંડણ ભક્ત અક્ષરધામમાં ભગવાનની હજુર સેવામાં રહી ગયા. આમાં શું લેવાનું કે માંડણ ભક્ત સારા ભગવાનના ભક્ત હતા તે સમુદ્રમાં તેમની વહાણથી ભગવાને રક્ષા કરીને તે ભક્ત ખુબ જ પ્રેમથી ભગવાનની ભક્તિ કરતા હતા તથા ભવાનની આજ્ઞા બરાબર પાલન કરતા હતા તેથી ભગવાને તે ભક્તની રક્ષા કરી આપણે પણ જો ભગવાનની ભક્તિ બરાબર કરીશું તથા ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરીશું તો આપણી પણ ભગવાન જરૂર રક્ષા કરશે ને જેમ માંડણ ભક્તને સમુદ્રમાં ડુબવા ન દીધા તેવી રીતે આપણાને સંસારરૂપી સમુદ્રમાં ડુબવા નહી દીયે.

બીજું આ લોકમાં મજુરો હોયે ને મજુરી કરતા જાયે તે ધીમે ધીમે કામ કરે પણ કોઈ બીલ્ડર હોયે તે ઉઘડું કામ

લે તે એમ જાણે કે આ કામ હું જલદી કરી લઈશ તો મને ઘણાંક રૂપિયા મળશે તે રૂપિયાના લોભ વળે ટાઢ પડે ગરમી પડે તો તેને નગણી ને બધા કામ કરે, રાત્રીના પણ મોડા સુધી કામ કરેને શરીરના થાકની પણ ગણના ન કરે ને જલદી કામ કરે શા માટે તો તે એમ જાણે છે કે હું આ કામ જલદી પુરૂં કરી લઈશ તો મને ઘણા રૂપિયા મળશે તે **રૂપિયાના લોભે કરી તે કેટલુ બધુ કામ કરે છે** તે રૂપિયા તો નાશવંત છે તો પણ કેટલું બધુ કામ કરે છે તેવી રીતે આપણે મોક્ષ સંબંધી કામ કરવામાં કાળજી રાખી શું તો જરૂર આપણો મોક્ષ થઈ જશે કેમ કે આપણે આથી અગાઉ ચોર્યાસી લાખ જન્મ ધરી આવ્યા છીએને ભગવાનની ભક્તિ બરાબર નહી કરી હોયે તેથી આપણે જન્મ મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ ને અનેક પ્રકારે દુઃખો ભોગવ્યા જ કરીયે છીયે હવે તે દુઃખો ભોગવવા ન પડે ને આ જન્મે આપણો મોક્ષ થઈ જાયેને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય એ જ મોટો લાભ છે ને ઉઘડું કામ લે તે જલદી કરે તેમ આપણે મોક્ષ સંબંધી કામ કરવામાં વિશેષ કાળજી રાખવી.

બીજું મોટા સંતે એક વાત લખી છે જે સુતાર હોય તે લાકડાને ઘડે તે લાકડાને ઘડવા બેસે ત્યારે તે સુતાર પોતાના હથિયાર વડે લાકડામાં સારો ઘાટ બનાવવા માટે પોતાના હથિયારનો ઘા મારે ને વળી તે લાકડું જુવે કે કેટલો ઘાટ થયો છે એમ આખો દિવસ લાકડામાં ડીઝાઈ બનાવવા માટે

વખતો વખત ઘા માર્યા જ કરે ને તે લાકડાને જોયા જ કરે તેથી તે લાકડામાં સારો મજાનો ઘાટ ઘડીને તે લાકડું સારૂં ઘાટવાળુ કે કોતરકામવાળુ થઈ જાય તેથી તેમાંથી ઘણાંક રૂપિયા કમાય છે ને તેથી તે સુતાર બહુ જ સુખીયો થાય છે તે તો દૃષ્ટાંત છે આ સિદ્ધાંતમાં આપણે શું લેવાનું કે ? આપણે ઘડીયે ઘડીયે આપણું હૃદય જોયા કરવુ કે મારામાં ભગવાન ભજવામાં શું ખામી છે ? આપણા કેટલા દોષ ટળ્યા છે કેટલા દોષ નથી ટળ્યા તે પોતાના હૃદયને જોઈને આપણી જે કાંઈ કસર હોયે તે ટાળી નાંખવી. ને જો નહી ટાળીયે તો વળી આપણે અનેક જન્મો લેવા પડે ને અનેક પ્રકારે દુઃખ ભોગવવા જ પડે તો કાળજી રાખી આપણી સર્વે કસર ટાળી નાખશું તો થોડા સમયમાં આપણો મોક્ષ થઈ જશે ને ખુબ જ સુખીયા થઈ જશું ને જો આપણે મોક્ષ સંબંધી કાર્ય જો નહી કરીયે તો અપાર કલેશ ભોગવવું પડે, માટે આપણે તે કલેશ ભોગવવા ન પડે એવી કાળજી રાખવી.

બીજું એક સંતે લખ્યું છે કે **કોઈ કોઈનું નથી રે કોઈ કોઈનું નથી રે,** અલ્યા નાહકના કા મરો મથી મથી રે, કોઈ કોઈનુ નથી રે.

આમાં કહેવાનું કે આ દુનિયામાં આ જીવ આવે ત્યારે કોઈનો બાપ થાયે કોઈનો દિકરો થાય કોઈનો ભાઈ થાયે કોઈનો મામો થાયે કોઈનો કાકો થાય એમ આ દેહને અનેક

પ્રકારના બંધન હોયે પણ અંતે કોઈ કોઈનું નથી માટે તુ શા માટે મથી મથીને મરી જાય છે. નાહક કેતા કામ વિના શા માટે મથી મથીને મરી જાવો છો, આમાં કહેવાનું કે પિતા ભાઈ આદિ અનેક પ્રકારના આ દેહને બંધન હોયે પણ અંતે કોઈ કોઈનું નથી કેમ કે આપણે આ દુનિયામાંથી જવાનું થાય છે ત્યારે કોઈ ભેળુ જતુ નથી. એટલે જ કહ્યું કે ભાઈ તારૂં કોઈ નથી માટે શા માટે તુ વલખા મારે છે, કેમ કે આપણે અહી આ દુનિયામાં આવ્યા પહેલા કોઈ સગુ ન હોય ને પછી આ દુનિયામાં આવીયે એટલે આજીવને માયા એટલી બધી લાગી જાય છે તે કોઈ રીતે માયામાંથી નોખો આ જીવ થઈ શકતો નથી ને અનેક પ્રકારના વૈભવમાં આ જીવ લોભાઈ જાયે છે. તેથી ભગવાન ભુલી જાયે છે. તો આપણે કાળજી રાખી ભગવાન ભુલવા નહી ભગવાનની મૂર્તિને સંભાળ્યા જ કરવા.

બીજું એક મોટા સંતે લખ્યુ કે **જુવો ભાઈ જગબંધનની જેલ.** તેમાં લખ્યુ કે જુવોભાઈ જગબંધનની જેલ તેને તોડવી મુશ્કેલ જુવો ભાઈ જગબંધનની જેલ. પૈસોને પ્રેમદા પગમાં બેડીયો જડેલ સંતાનરૂપી હાથમાં કડીયો ભીંસીને ભીડેલ જુવો ભાઈ જગબંધનની જેલ આમા શું લેવાનું કે જગ જે સંસારરૂપી જગતની માયા છે તેને તોડવી બહુ જ કઠણ છે બીજુ લખ્યું કે રૂપિયાને સ્ત્રી રૂપી માયા તેને પગમાં જડી દીધી સંતાનરૂપી હાથમાં કડીયો ભીસીને દીધેલ જુવોભાઈ જગબંધનની જેલ. આવી રીતે મોટા સંતોએ માયાનું લખ્યું તે જે ભગવાનના

ભક્ત ન હોયે ભગવાનના નિયમો બરાબર પાલન કરતા ન હોયે તેને આ માયા બંધન કરે છે પણ ભગવાનના ભક્ત હોયે ભગવાનના નિયમોનું પાલન બરાબર કરતા હોયે તેને આ માયા જરાપણ બંધન કરતી નથી. તે આપણે વિચાર કરવો કે આપણે કેટલા ભક્ત થયા છીયે ને આપણાને આ ઉપર લખ્યુ જે માયા તે કેટલુ બંધન કરે છે એમ વિચાર કરીને આ માયાને ટાળવી તો જરૂર ભગવાન રક્ષા કરે છે ને કરશે જ.

બીજું મોટા સંતોએ કીર્તનમાં લખેલ છે કે તમે ભાવે ભજી લ્યો ભગવાન

તમે ભાવે ભજીલ્યો. ભગવાન જીવન થોડું રહ્યું તમે આત્માનું કરી લ્યો કલ્યાણ જીવન થોડુ રહ્યું.

ક્ષણ ક્ષણ એડે જીવન જાયે પાછળથી પસ્તાયે શુ થાયે. ઉંમર બધી વ્યર્થ વહી જાયે પાણી પહેલા પાળ કરીલ્યો તમે ભાવે ભજીલ્યો ભગવાન જીવન થોડું રહ્યું. આમાં શું લેવાનું ? કે તમે પ્રેમથી ભગવાનનું ભજન કરી લ્યો કેમ કે આપણે આટલી આયુષ્ય વીતી ગઈ તેથી એટલી આયુષ્ય ઓછી થઈ તેથી બાકીની આયુષ્ય વડે ભગવાનનું ભજન કરી લેવું ને ક્ષણે ક્ષણે આપણી આયુષ્ય ચાલી જાય છે ને તે આયુષ્યમાં જે આપણે ભજન ન કર્યુ હોયે તો તે આયુષ્ય વ્યર્થ ગઈ કહેવાય ને આપણે તે આયુષ્યમાં જો ભજન ન કર્યુ હોયે તો પછે પાછળથી પસ્તાવો કરીયે એમાં શું થાય. પણ આપણે

પાછળથી પસ્તાવો ન કરવો પડે એવું આપણે કાળજી રાખી ભજન કરવુ ને આપણે ભગવાનનું ભજન ન કરીયે તો આયુષ્ય એડે ચાલી જાયે માટે વરસાદ વરસે ને ડેમ હોયે કે તળાવ હોયે તેને વરસાદ વરસ્યા પહેલા પાળ બાંધી હોય તો તે ડેમ કે તળાવમાં પાણી રહે પણ જો આગળથી પાળ બાંધી ન હોયે તો ડેમ કે તળાવમાં પાણી ન રહે. માટે જ્યાં સુધી આપણું શરીર સારૂ હોય ત્યાં સુધીમાં જો આપણે બરાબર ભજન કર્યુ હોયે તો પસ્તાવો કરવો ન પડે. માટે આપણે જેમ બને તેમ ભગવાનનું ભજન વિશેષ કરવું.

બીજું અમદાવાદમાં શ્રીજી મહારાજ વિચરતા હતા તે શ્રીજી મહારાજ રસ્તામાં ચાલ્યા જતા હોયે ને દુકાનમાં વેપારીયો બેઠા હોય ને વેપારીઓ ત્રાજવા લઈ માલ જોખતા હોયે તે શ્રીજી મહારાજના દર્શન કરતા તે વેપારીયો ભગવાનની મૂર્તિના દર્શન કરતા તેથી તે વેપારીયોના હાથમાં ત્રાજવા રહી જતા ને તે વેપારીયો ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જતા પછી મહારાજ આગળ ચાલે પછે તે વેપારીયો ભાનમાં આવે ને ત્રાજવા વળે માલ તે વેપારીયો જોખે ને તે રાત્રે પોતાને ઘેર જઈને પોતાના સ્ત્રી, પુત્રો આદિને તે ભગવાનની વાત કરે તે વાત સાંભળીને તે વેપારીયોના સ્ત્રી પુત્રાદીક પણ સારા સત્સંગી થયા ને સર્વે ભગવાનનું ભજન કરે ને ઘરના બહેનો ઘરમાં રસોઈ કરે તે ભગવાનની મૂર્તિને સંભાળીને રસોઈ કરે ને મનમાં વિચાર કરે અહો આ રસોઈ મારા ભગવાનને જમાડીશ તે રસોઈ કરી ભગવાનને થાળ જમાડે ને પછે તે

થાળની પ્રસાદી સર્વ સગા સંબંધીઓને જમાડે ને રાત્રે બધા જમી લે ને પછી બધા ઘરના માણસો ભેગા મળી ભગવાની કથા વાર્તા કીર્તન ભજન કરે આગળના જમાનામાં ટી.વી. ન હતી. રાત્રે સત્સંગીયો જે હોય તે સર્વ કુટુંબીયો ભેળા મળી કથા વાર્તા કિર્તન ધ્યાન ભજન કરતાને તે સર્વે વેપારીયો દિવસે ભગવાનને સંભાળીને પોતાનુ વ્યવહારીક કાર્ય કરે પણ અંતરમાં વ્યવહાર ન ભરે ને આવી રીતે ભગવાનનું ભજન કરતા ને દેહને અંતે શ્રીજી મહારાજ પોતાના ધામમાં પોતાની સેવામાં સર્વે ભક્તોને રાખી દીધા આમાં શું લેવાનું ? કે તે સર્વે વેપારીઓ પોતાની દુકાનનું કામ કરતા હતા તે ત્રાજવા વળે માલ જોખતા હતા પણ ભગવાનની મૂર્તિમાં સ્થિર થઈ જતા ને પોતાનું વ્યવહારીક કાર્ય પણ ભગવાનને સંભાળીને કરતા તેથી અંતરમાં શાંતી વર્તતી હતી ને શાંતીથી પોતાનું વ્યવહારીક કાર્ય કરતા ને ભગવાનને સંભાળતા તેથી **અંતકાળે તે ભક્તને ભગવાને દર્શન આપીને** પોતાના ધામમાં પોતાની સેવામાં રાખ્યા તેવી જ રીતે આપણે પણ દરેક વ્યવહારિક કાર્ય ભગવાનને સંભાળીને કરીશું તો આપણને પણ ભગવાન જરૂર સર્વ પ્રકારે સુખીયા કરશે માટે આપણે તે ભગવાનનો કેફ રાખી આનંદમાં રહી ભજન કરવું.

બીજું **સિદ્ધાનંદ સ્વામીની વાત,** એક સમય સિદ્ધાનંદ સ્વામી બગીચામાં ભગવાન માટે ફુલો લેવા ગયા ને ત્યાં બગીચામાં ઘણાંક સુગંધીમાન ફુલ હતા તે ફુલ વીણતા જાયેને ભગવાનની મૂર્તિને સંભાળતા જાયે તે એક સમય ગુલાબનું સારુ સુગંધીમાન

ફુલ હતુ તે હાથમાં ફુલ લીધુ ને મનમાં સંકલ્પ કર્યો કે અહો આ ફુલ તો મારા ઘનશ્યામ મહારાજને અર્પણ કરીશ એમ સંકલ્પ કર્યો. તેથી તેમની વૃત્તી ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગઈ ને ફુલ હાથમાં જ રહી ગયુ ને ચિત્તની વૃત્તિ સ્થિર થઈ ગઈ ને દેહનું ભાન ભુલી ગયા એમ ઉભા ઉભા હાથમાં ફુલને સ્થિર થઈ ગયા ત્યાં સચ્ચીદાનંદ સ્વામીયે બગીચામાં ફુલ લેવા આવ્યા ત્યાં આ સિદ્ધાનંદ સ્વામીને જોવાને તે સચ્ચિદાનંદ સ્વામીયે તે સિદ્ધાનંદ સ્વામીને હાથેથી જગાડ્યા ને બોલ્યા કે અરે ઉઠો ઉઠો એ તો આ સચ્ચિદાનંદ ફુલ લેશે એમ કહ્યું એટલે એ સ્વામી ધ્યાનમાંથી જાગ્યા આમાં કહેવાનું એ કે આ, સિદ્ધાનંદ સ્વામી ભગવાનની મૂર્તિને સંભાળીને ફુલ વીણતા હતા તેથી દેહનું ભાન ભુલી ગયાને ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા તે આ સ્વામી ભગવાનની સેવા કરતા હતા પણ ભગવાનની મૂર્તિને સંભાળીને કરતા હતા તેવી જ રીતે આપણે ભગવાનની મૂર્તિ સંભાળીને કામ કરવું.

બીજું એક પટેલ બેનની વાત. એક પટેલ બેન હતા તે હંમેશાં પોતાને ઘરે રસોઈ બનાવે તે એક દિવસ રસોઈ બનાવતા હતા તે બાજરાનો રોટલો સારો મજાનો ફુલ્યોને બહુ જ સારો થયો તે આ બેનને સંકલ્પ થયો કે અહો **આ રોટલો તો મારા લાડકવાયા મારા પ્રભુ ભગવાન જમે એવો** છે એમ મનમાં થયું ને ભગવાનની મૂર્તિને સંભાળીને તે બેન રસોઈ બનાવતા હતા. રસોઈ બની ગઈ. ઘરે ભગવાનની મૂર્તિ હતી તેને થાળ ધરાવી તે બેન જમ્યા ને પછે એમના

પતિ આદિ ખેતર કે વાડીયે હોય તે સુડલામાં રોટલા શાક આદિ ભરીને વાડીયે કે ખેતરે હોયે તેને જમવાને માટે સુડલામાં લઈ જાયે તેને ખેડુત લોકો ભતાર કહે તે સુડલામાં ભતાર લઈ તે બેન વાડીયે જતા હતા. રસ્તામાં બાવારૂપે ભગવાન એ બેન પાસે ઉભા રહ્યા ને કહેવા લાગ્યા કે મને ભુખ લાગી છે તે જમવાનું આપો તે સાંભળી તે બેને માથે ઉપાડેલ સુડલો નીચે ઉતાર્યોને માથે જે રોટલો હતો તે રોટલો ને થોડું શાક લઈ તે બાઈયે તે બાવાને આપવા લાગ્યા તે જોઈ બાવારૂપે ભગવાન બોલ્યા આ રોટલો મારો નથી. આ બાઈ બોલ્યા કે તમારો અહી રોટલો ક્યાંથી આવ્યો પછે એ બીજો રોટલો આપવા માંડ્યો વળી બાવારૂપે ભગવાન કહે આ રોટલો મારો નહી એમ એ બેને બે ચાર રોટલા વારાફરતી આપવા માંડ્યા પણ આ બાવાએ તે રોટલા લીધા નહી ત્યારે આ બાઈ કહે લ્યો આ તમારો રોટલો જે હોય તે લ્યો એ બેનની વાત સાંભળી ભગવાન બોલ્યા કે તમો સવારે રસોઈ બનાવતા હતા ને એક રોટલો બહુ સારો ને ફુલ્યો હતો. ત્યારે તમોએ શું સંકલ્પ કર્યો હતો. ત્યારે તે બાઈ બોલ્યા કે મારા મનમાં થયું હતું કે આ રોટલો મારા ભગવાન જમશે. ત્યારે આ બાવા બોલ્યા કે હું જ ભગવાન છું ત્યારે આ બેન બોલ્યા કે અહો તમો જ ભગવાન હો તો જુવો આમાં જે રોટલા છે તેમાંથી તમારો જે રોટલો હોય તે લઈ લ્યો. પછી એ બાવા રૂપે ભગવાને બે ચાર રોટલા ફેરવીને નીચે હતો તે રોટલો તે બાવારૂપે ભગવાને લીધો ને ત્યાં જ

તે રોટલોને શાક બાવારૂપે ભગવાન જમ્યા તે જાણી આ બેન બહુ જ રાજી થયા કે મારા અહોભાગ્ય કે મારે હાથે બનાવેલો રોટલો મારા ભગવાન જમ્યા તે જાણી બહુ જ રાજી થયા. આમા શું કહેવાનું કે આ બેનનો બહું જ સાચો પ્રેમ તે રોટલો સારો થયોને આ બેને સંકલ્પ કર્યો તેથી તે રોટલો ભગવાન જમ્યાને ભગવાન આ બેન ઉપર બહુ રાજી થયા. તેવી જ રીતે આપણે ભગવાન પ્રત્યે પ્રેમ રાખીશું તો જરૂર ભગવાન આપણી ઉપર રાજી થશે.

બીજુ એક છોકરાને તેના **પિતાએ કમાવા મુક્યા તે વાત.**

એક મોટા શેઠ હતા તેને એક દિકરો હતો તે દિકરાને સારી વિદ્યા ભણાવી છોકરો મોટો થયો તેના પિતાએ છોકરાના લગ્ન કરી આપ્યા ને પછે તે છોકરાને તેના પિતાએ કહ્યું કે હવે તમો મોટા થયા તો ક્યાઈ કમાવું જોઈએ. ત્યારે તે છોકરો બોલ્યો કે અરે પિતાશ્રી હું ક્યા કમાવા જાઉં તમો જ્યાં કહો ત્યાં હું જાઉ ત્યારે શેઠ કહે તમો આ મુંબઈ શહેર છે ત્યાં જાયો તમોને પાંચ લાખ રૂપિયા આપુ તમો ત્યાં સારા મોટા શેઠોને મળીને સારો ધંધો કરજોને સાથે સાથે એ પણ ખ્યાલ રાખશો કે ત્યાં કેટલાક ગંઠીચોરો હોયે તેનો વિશ્વાસ ન કરજો નહીતર તે ધુતારા છેતરી જાશે ને આપણું ધન લઈ જાયે એ બધી એ છોકરાના પિતાએ ભલામણ કરી પાંચ લાખ રૂપિયા આપ્યાને તે છોકરો રૂપિયા લઈ મુંબઈ કમાવા ગયો. આ શેઠનો દિકરો તેથી તેણે સારા કપડાં પહેરેલાને

મોટા શેઠના દિકરા જેવો લાગતો હતો. ચાલતા ચાલતા વાહન રસ્તે મુંબઈ પહોચ્યો. એ શેઠના છોકરાને જોઈ ત્યાંના ગંઠી ચોરો જોઈ ગયાને તે શેઠના છોકરાને બોલાવવા લાગ્યા કે અહો શેઠ ક્યાના છો ? ક્યા જવાના છો ? શું કરવા આવ્યા છો ? આદિ બહુ જ પ્રેમથી આ છોકરાને ગંઠીયાઓએ બોલાવ્યા. એ વાત સાંભળી આ છોકરો એના પ્રેમમાં આવી ગયો તેથી આ ગંઠીયાઓએ આ છોકરાને કહ્યું કે અહી સારા ધંધા ચાલે છે ને તમો માલ લેશો ને વેચશો તો સારી કમાણી થાશે ને પછે તે છોકરાને એક મકાન ભાડે લઈ આપ્યું. તથા ખાવા પીવાની વ્યવસ્થા બરાબર કરી આપી પછે તે કહે અમો અહી દલાલનું કામ કરીયે છીએ તમારી ઈચ્છા હોય તો આપણે અમુક માલ લઈને વેચીએ તો સારી કમાણી થાયે ત્યારે આ છોકરો કહે ભલે આપણે માલ લઈયે ને વેચીએ તેથી તે દલાલ મારફત અમુક માલ લીધોને વેચ્યો. તે સારો નફો થયો એમ બે ચાર વખત માલ લીધો ને વેચ્યો. એટલે સારો નફો થયો પછે તે દલાલ કહે આપણે અહી બીજો સારો માલ વધારે રોકડેથી લઈએ તો વધારે સારો નફો મળશે એમ વિશ્વાસમાં લઈ આ દલાલે આ છોકરા પાસેથી બધા રૂપિયા લઈ લીધા પછે આ દલાલો ક્યાય તે રૂપિયા લઈને જતા રહ્યાં. બે દિવસ, પાંચ દિવસ, પંદર દિવસ વાટ જોઈ પણ આ દલાલનું જે કામ કરતા તે રૂપિયા લઈ ગયા હતા. તે દલાલો પાછા આવ્યા નહી. પછે આ છોકરે શહેરમાં તપાસ કરી કે આ નામનો દલાલને ઓળખો છો. ત્યારે તે શહેરના

વેપારી કહે આ નામનો કોઈ દલાલ આ શહેરમાં અમોયે ક્યારેય જોયો નથી. ત્યારે આ છોકરે તે વેપારીને વાત કરી કે મારા પાસેથી ઘણાક રૂપિયા લઈ ગયા છે ત્યારે વેપારી કહે અહે ભલા માણસ આમ ઓળખ્યા વિના આટલા રૂપિયા દેવાતા હશે. તમો એ બહુ જ ભુલ કરી પછે આ છોકરો બહુજ ચિંતા કરવા લાગ્યો. મહિના સુધી આ છોકરે પોતાના પિતાને કાંઈ ખબર ન આપતા એના પિતાએ ખબર કાઢી કે કેમ કાંઈ સમાચાર નથી આવતા. એ સાંભળી આ છોકરે પોતાના પિતાશ્રીને ગંઠીયા રૂપિયા લઈ ગયા તે વાત કરી તે સાંભળી એમના પિતા વઢ્યા કે તમને કહ્યું હતું કે સારા શેઠોને મળજો ને ગંઠીયારાથી દુર રહેજો પણ તમે ગંઠીચોરોમાં છેતરાઈ ગયા તેથી તે ગંઠીયા રૂપિયા લઈ ગયા હવે તે રૂપિયા મળશે નહી. તમો મુંબઈથી પાછા ઘેર આવો તે સાંભળી છોકરો ઘેર આવ્યો. તેના પિતાએ થોડો ઠપકો આપ્યો કે તમને કહ્યું હતું કે ગંઠીચોરોથી દૂર રહેજો પણ તમો તે ગંઠીચોરોના વિશ્વાસમાં લેવાઈ ગયા તેથી રૂપિયા ખોયા. આ દ્રષ્ટાંતના સિદ્ધાંતમાં મોટાં સંતોએ વાત કરી કે એ છોકરાને ઠેકાણે આપણે જીવ છીએ પિતાને ઠેકાણે ભગવાન છે ને મનુષ્ય દેહને ઠેકાણે રૂપિયા છે તે ભગવાને આપણાને આ દુનિયામાં જન્મ આપ્યો ને કહ્યું કે તમો ત્યાં સારા મોટા સત્પુરૂષો તથા સારા સજ્જન માણસનો સમાગમ કરજો, તો તમારા જીવાત્માનું મોક્ષ સંબંધી કાર્ય થાશે ને ગંઠીચોરોને ઠેકાણે કુસંગીયો આ જીવને ખોટી ખોટી વાતો સંભળાવીને

આ સંસારની માયાની મોહજાળમાં ફસાવી દે ને આ મનુષ્ય દેહરૂપી રૂપિયા ખોવાઈ જાયે ને દેહને અંતે આપણા પિતા જે ભગવાન આપણને પુછે કે અરે ભલા માણસ તમોને આ મનુષ્ય દેહરૂપી ઘણા રૂપિયા આપ્યા હતા તમને ઘણુ કહ્યું હતું પણ તમે ખ્યાલ ન રાખ્યો ને આ દુનિયાની મોહમાયામાં ફસાઈ ગયાને આ મનુષ્ય દેહરૂપી ઘણાંક રૂપિયાને કુસંગી રૂપી જે ગંઠીચોરોમાં ખોઈ નાંખ્યા. તે આપણે આમાંથી શું લેવાનું ? કે આપણાને આવો મનુષ્ય જન્મ ભગવાને સત્સંગમાં આપ્યો પણ જો આપણે કાળજી રાખી ભજન નહી કરીયે ને કુસંગીની સોબતમાં લેવાઈ જશું તો મોટી ખોટ જાશે. માટે આપણે બહારના કુસંગથી તથા અંતરના કુસંગથી દુર રહી ભગવાનનું ભજન કરી લેવું. એ જ આ મનુષ્ય જન્મનો ખરો લાભ છે ને આપણે ખરું તે જ કરવાનું છે. માટે વિશેષ કાળજી રાખવી.

બીજુ મોટા સંતે એક વાત લખી છે.

બાર મિત્રો હતા. તે બાર મિત્રોએ વિચાર કર્યો કે આપણે બહાર ફરવા જવું એમ વિચાર કરી બારે મિત્રો ચાલ્યા. રાત્રી પડી ત્યાં કોઈ સારી ધર્મશાળામાં ઉતર્યા. સવારે ઉઠી નાહી દેહની ક્રિયા કરી નાસ્તો કરીને ચાલ્યાને બહાર બીજે ગામ જવા માટે રસ્તામાં ચાલતા થયા તેમાં એક મિત્રના મનમાં વિચાર આવ્યો કે આપણે બાર જણા હતા તે બાર જણા આપણે બરાબર છીએના એમ વિચાર કરી સર્વે થોડીવાર

ઉભા રહ્યાને એક મિત્ર બધાને ગણવા માંડ્યો તે ૧૧ થયા. પોતાને ગણવાનું ભુલી ગયો. બીજા મિત્રને કહેવા લાગ્યો કે અરે મિત્રો આપણે ગઈકાલે ઘેરથી નીકળ્યા ત્યારે ૧૨ જણ હતા. આજે એક આપણો મિત્ર ક્યાં ખોવાઈ ગયો ? એમ વિચારી બધા ચિંતા કરવા લાગ્યા. વળી બીજો મિત્ર ગણવા લાગ્યો તે પણ પોતાને ગણવાનું ભુલી ગયો. એમ વારાફરતી બધાયે ગણ્યા ને પોતાને ગણવાનું ભુલી જાયે તેથી બધા ચિંતા કરવા લાગ્યા કે, અરે આપણો એક મિત્ર ખોવાઈ ગયો. એમ ચિંતા કરતા હતા ત્યા. રસ્તામાં ચાલતા એક સારો માણસ ચાલ્યો જતો હતો. આ સર્વેને ચિંતામાં જોઈ અરે ભાઈયો શાની ચિંતા કરો છો સર્વેએ વાત કરી કે અમારો એક માણસ રસ્તામાં ખોવાઈ ગયો. તેણે પૂછ્યું કે કેટલા જણા હતા ત્યારે કહે અમે ૧૨ જણ હતા. આ માણસે સર્વેને લાઈનમાં ઉભા રાખ્યાને ગણાવ્યા તો બાર જણ થયા. **તે રસ્તામાં ચાલતા માણસે કહ્યું કે જુવો ભાઈઓ તમે ૧૨ જણા જ છો ને** ક્યાં માણસ ખોવાઈ ગયો. તે માણસે વાત કરી તેથી એક મિત્ર ગણવા લાગ્યો ને ૧૧ જણા જ થયા. ને તે મિત્રએ માણસને કહેવા લાગ્યો કે જુવો ભાઈ અમે ૧૧ જણ જ છીએ. ક્યા બાર છીએ. વળી તે માણસે લાઈનમાં ઉભા રાખી સર્વેને ગણવા લાગ્યા. ને આ માણસ કહે જુવો ભાઈઓ આ સર્વે અગીયારને તમો બારમાં, તે સાંભળી આ માણસ બોલ્યો કે હું મને ભુલી જતો હતો. આમાં આપણે શું લેવાનું કે આ દુનિયાના માણસો સગાસંબંધી સ્ત્રી,પુરૂષો,

પુત્ર, માતા, પિતા આદિ બધેનું કરે પણ પોતાના જીવાત્માના મોક્ષ સંબંધી કામ ન કરે તે આ ભુલકણા મિત્ર જેવો કહેવાયે માટે આ ગૃહસ્થ હોયને સ્ત્રી, પુત્ર, માતા,પિતા આદિ સર્વેનું કરે પણ પોતાના જીવાત્માના મોક્ષ સંબંધી કામ ન કરે તો એ મુરખા ૧૨ મિત્રો જેવો કહેવાય માટે ભલે આ સંસારમાં રહેલા હરિ ભક્તો હોયે સંસારમાં ભલે રહ્યા હોયને આ વ્યવહાર કાર્ય ઉપરથી કરે પણ અંતરમાં આ જગત ન ભરે, ને અંતરમાં તો ભગવાનની માધુરી પ્રકાશમાન મૂર્તિજ રાખે. પણ અંતરમાં આ જગત ન ભરે તે જ સાચો ભક્ત કહેવાય ને એ જ મોટા સુખને પામે છે. માટે આપણે જેમ બને તેમ ભજન વિશેષ કરવું ને ભજન વિશેષ કરીશું તો દયાળુ ભગવાન આપણાને જરૂર પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપશે. તે ભગવાનની મૂર્તિમાં તો એટલું બધું સુખ રહેલું છે કે તેનું તો શું વર્ણન થઈ શકે. તો આપણે ભગવાનની દિવ્ય મૂર્તિના સુખનો લોભ રાખી આનંદમાં ભજન કરવું.

બીજુ ગુજરાતમાં એક મણીબેન નામના સારા સત્સંગી હતા. તે હંમેશાં ભગવાનનું ભજન કરે માળા ફેરવે માનસી પૂજા કરે ધ્યાન કરે ને ભણવા જાય ને તેમના માતા-પિતા સારા સત્સંગી હતા. ને તે ગામના બીજા પણ સારા સત્સંગીઓ હતા. ભાઈઓ તથા બહેનોનું મંદિર પણ તે ગામમાં હતું. તે મણીબેન હંમેશાં વહેલાં ઉઠીને પૂજા કરીને એમના માતૃશ્રી સાથે મંદિરે જતા. ત્યાં સારા સારા બહેનો હોઈ તેનો આ મણીબેન સમાગમ કરતા ને પોતાના માતા પિતા જે પ્રમાણે

આજ્ઞા કરે તે પ્રમાણે આ મણીબેન વર્તતા હતા. ને પોતાની માતા જે પ્રમાણે રસોઈનું કામ શીખવાડે તે પ્રમાણે રસોઈનું કામ પણ શીખતાં હતા. ને તેમને ઘેર ઘનશ્યામ મહારાજની ચિત્ર પ્રતિમા હતી. તે પોતાને ઘેર ઘનશ્યામ મહારાજની મૂર્તિ ને થાળ ધરાવે, આરતી ઉતારે ને ભગવાનની ખૂબ જ પ્રાર્થના કરે કે હે દયાળું, હે કૃપાનાથ તમો મારા ઉપર દયા કરી તમારી દિવ્ય મૂર્તિનું સુખ આપજો ને અનાદિકાળની જે પંચ વિષયની વાસના છે તે ટળાવશો ને આ દુનિયાની મોહ માયામાં હું ફસાઈ ન જાઉં એવી મારા ઉપર દયા કરશો ને શાળાનો ટાઈમ થાયે ત્યારે ભણવા જાય ત્યાં વિદ્યા ગુરૂ જે પ્રમાણે વિદ્યા ભણાવે તેમ કાળજી રાખી વિદ્યા પણ ભણે એમ વિદ્યા ભણતા એસ.એસ.સી. પાસ થયા પછે બારમાં ધોરણમાં પાસ થયા. ભણવામાં પણ હોશીયાર હતા. તે ભણીને બી.કોમ. થયા તો આ બાઈ ભણવામાં કાળજી રાખતા ને પોતાની માતા રસોઈનું કામ શીખાડે તે પણ કાળજી રાખીને શીખે ને રસોઈ પણ સારી બનાવતા શીખી ગયા ને મળતે અવકાશે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે ને સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે પૂર્વેનો યોગ ભ્રષ્ટ જીવ હોયે ને તેને સારો સત્સંગનો યોગ મળી જાયે તો જલ્દી તે ભક્ત બની જાયે. તે અનુસંધાનમાં આ મણીબેન પણ પૂર્વેના યોગભ્રષ્ટ જીવ હતા તે નાનપણાથી જ એમને ભગવાનમાં પ્રેમ હતો. તે શ્રીજી મહારાજે વચનામૃતમાં કહેલ છે ને અમારો સ્વભાવ એવો હતો કે દેવ મંદિરે જવું, સંતસમાગમ

કરવો, કથાવાર્તા સાંભળવી આદિ હતું તે ભગવાનને કાંઈ કરવું હતું નહી પણ આપણાને શીખડાવ્યું કે **જેને પોતાના જીવનું કલ્યાણ કરવું હોયે તેને સાચે ભાવે ભક્તિ કરવી** તે મણીબેન પણ ખુબ જ કાળજી રાખી ભજન કરતા હતા એમ કરતા આ મણીબેનની અઢારથી વીસ વર્ષની ઉંમર થઈ ત્યારે તેમના માતા-પિતા કહે હે દિકરી તમો હવે મોટા થયા તે સારા સત્સંગી સાથે તમારા લગ્ન કરીએ તે સાંભળી આ મણીબેન બોલ્યા કે હે માતા હે પિતા મારે લગ્ન કરવાની ઈચ્છા નથી લગ્ન તો ચોરાશી લાખ જન્મમાં કર્યા છે મારે મારા ભગવાન સાથે લગ્ન કરી મારા જીવાત્માનું કલ્યાણ કરી આ છેલ્લો કરવો છે તે સ્વામીયે કિર્તનમાં કહ્યું છે કે રે સગપણ હરીવરનું સાચુ બીજું સર્વે ક્ષણભંગુર કાચુ, જો આ મણીબેન પૂર્વેના યોગભ્રષ્ટ જીવ હતા તે પોતાની યુવાની અવસ્થા હતી પણ એમને સાચે ભાવે સત્સંગ કર્યો હતો તો લગ્ન કરવાની ના પાડી ત્યારે એ મણીબેનના માતા-પિતા તે મણીબેનને કહે હે દિકરી તમારા લગ્ન તો કરવા પડે પરણીને ભગવાનનું ભજન કરજો તે સાંભળી મણીબેન બોલ્યા કે હે માતા, હે પિતા મે પેલા પણ તમોને કહ્યું હતું કે મારે લગ્ન કરવા નથી. તો પણ એ મણીબેનના માતા-પિતાએ મણીબેનને બહું જ સમજાવે કે તમો લગ્ન કરી ભગવાન ભજજો એમ ઘણુ ઘણુ સમજાવ્યું તો પણ આ મણીબેને તો લગ્ન કરવાની ના જ પાડી તો પણ એમના પિતા કહે લગ્ન તો કરવા જ જોઈએ, એમ કહી એમના માતા-પિતાએ પોતાની જ્ઞાતીમાં

સારા કુટુંબના દિકરા સાથે સગપણ કર્યુ ને થોડા સમય પછી લગ્ન કરવાનું નક્કી કર્યું ને લગ્ન પણ કર્યા, લગ્ન કર્યા પછી ઘણાંક સમાજમાં એવો રીવાજ હોયે કે જેના લગ્ન હોય તેને તેમના સગાંસંબંધીયો ચાંદલો કરતા હોયે તે અનુસંધાનમાં આ તેમના સગાંસંબંધીઓએ ચાંદલો કર્યો તે જોઈ આ મણીબેન પણ ત્યાં જ હતા ને પોતાના લગ્ન પ્રસંગે સગા સંબંધીઓને ચાંદલો કરતા જોઈ પોતાના હાથના તથા કાનના તથા નાકના તથા પગના આદિના દાગીના ઉતારીને પોતાના પતિના હાથમાં દીધા ને બોલ્યા લ્યો ભાઈ હું પણ આ તમોને ચાંદલો કરું છું એમ બોલી છેડાછેડી બાંધી હતી તે છોડી નાખીને મીંડોળ પણ છોડી નાંખીને ત્યાંથી આ મણીબેન ચાલી પોતાને ઘેર ગયા ને જાનમાં વરરાજાના તથા તેમના સર્વે સંબંધીઓ પોતાને ઘેર ગયા તે જોઈ આ મણીબેનને તેમના માતા-પિતાએ થોડો ઠપકો આપ્યો ત્યારે આ મણીબેન બોલ્યા જુવો માતા, જુઓ પિતા મે તમને પેલેથી જ કહ્યું હતું કે મારે પરણવું નથી મારે તો ભગવાનનું ભજન કરી મારા આત્માનું કલ્યાણ કરી લેવું છે. તે સાંભળી તેમના માતા-પિતાએ જાણ્યું કે આ બેનને ભજન કરવું છે તો ભલે કરે, પછી આ બેન તો ખુબ જ ધ્યાન ભજન કરે ને માતા-પિતાની આજ્ઞા લઈ બીજા પણ ઘણાંક બહેનોને ભગવાનની વાતો કરે કે જુઓ બહેનો આપણને આવો મનુષ્ય જન્મ મળ્યો તો આ મનુષ્ય જન્મને પામીને આપણાં જીવનો મોક્ષ કરી લેવો. આવી વાતો સંભળાવતા તેથી લાખો બહેનોને સત્સંગ કરાવ્યો

ને માતા-પિતાની આજ્ઞા વડે જે ઘરનું કામકાજ હોયે તે કરે ને ટાઈમ મળે ત્યારે ખુબ જ કાળજી રાખી ધ્યાન-ભજન કરે ને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા ભગવાનની મૂર્તિના સુખમાં તલ્લીન બની જતા ને દેહને અંતે તે બેનને ભગવાન તેડવા આવ્યા ને તે બેનને ભગવાન પોતાના ધામમાં તેડી ગયા ને તે ભગવાનના અક્ષરધામમાં બહું જ સુખ છે તે સુખને ભગવાને આ બેનને દેહને અંતે આપ્યું ને મહાસુખીયા થયા. આમાં શું લેવાનું કે આ બેનને ભગવાનને વિશે હેત થયું તેથી આ માયામાં ન લોભાતા ભગવાનની મૂર્તિમાં હેત કર્યું તેથી ભગવાનને સુખે સુખીયા થઈ ગયા તો આપણે ભગવાનનું ભજન કરી આપણાં જીવનું કલ્યાણ કરી લેવું એ જ મોટો લાભ છે માટે આપણે કાળજી રાખી ભગવાનનું ભજન વિશેષ કરવું. સંસાર છોડવાની જરૂર નથી.

બીજું ગુજરાતમાં એક ગામમાં એક સારા પટેલ હતા. તેમનું નામ રામજીભાઈ હતું. તે ખેતીનું કામ કરતા હતા. તે ખેતીનું કામકાજ કર્યા કરે ને ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રાખે. સવારે વહેલા ઉઠી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે પછી ન્હાય પૂજા કરે પાંચ વખત માનસી પૂજા કરે સાંજે-સવારે મંદિરે દર્શન કરવા જાય. કથા વાર્તા સાંભળે એમ દરેક કામકાજ કરતા ભગવાનની મૂર્તિનો અખંડ સ્મૃતિ રાખતા તેમને એક દિકરો હતો દિકરાનું નામ કરસન હતું તે દિકરો પણ સારો સત્સંગી હતો ને તે દિકરો મોટો થયો એટલે તે દિકરાને પરણાવી દીધો ને તે દિકરો પણ ખેતીનું કામ કરે

ને ભગવાનનું ભજન કરે એમ કરતા ઘણાંક વર્ષો થઈ ગયા આ પટેલની ઉંમર ૬૦ આસપાસ થઈ એટલે આ પટેલે વિચાર કર્યો કે **આ શરીર ક્ષણભંગુર છે માટે હાલમાં શરીર સારું છે માટે ભગવાનનું ભજન વિશેષ કરવું** કેમ કે આવો મનુષ્ય જન્મ ફરીફરી મળતો નથી માટે ભગવાનનું ભજન કરી દેહને અંતે ભગવાનની હજુર સેવામાં રહી જવાય એ જ મોટો લાભ છે માટે શરીર સારું હોયે ત્યારે સુધી ભગવાનનું ભજન બરાબર કરી લેવું એવો વિચાર કરી પોતાનો વ્યવહાર પોતાના પુત્રને સોંપી દીધો ને તે પોતાના પુત્રને કહે મારે હવે ભગવાન ભજવા છે. આ વ્યવહારીક કાર્ય તમો સંભાળજો તે દિકરો પણ સારો સત્સંગી હતો તેથી તેણે વિચારી ને બધુ વ્યવહારીક કાર્ય ભગવાનને સંભાળીને કરે ને આ પટેલે તો બધુ વ્યવહારીક કાર્ય પોતાના દિકરાને સોંપી દીધું ને પોતે તો અખંડ ભગવાનનું ભજન કર્યા કરે ને એમ કરતા વરસાદના દિવસો આવ્યા વરસાદ સારો થયો તેથી આ પટેલના દિકરાને ખેતીનું ઘણું કામ રહે તેથી તે પટેલના દિકરાએ એક દિવસે મંદિરના દરવાજા પાસે આવી પોતાના પિતા મંદિરમાં આખો દિવસ ભજન કરતા હતા તેને બોલાવીને રાપલીયો આપીને કહ્યું કે આ રાપલીયોનું પાનું કઢાવી આપજો, હું સાંજના લઈ જઈશ. તે સાંભળી આ પટેલે વિચાર કર્યો કે મેં આ દિકરાને બધો વ્યવહાર સોંપી આપ્યો છે ને કહ્યું હતું કે મારે હવે ભગવાનનું ભજન કરવું છે વ્યવહારીક કાર્ય મારે કાંઈ કરવું નથી તો પણ આ મારા દિકરાએ આ કામ કરવાનું કહ્યું તો

જો આ કામ બરાબર કરીશ તો વળી બીજું કામ કરવાનું કહેશે માટે હવે મારે ભગવાનનું ભજન કરવું છે એમ વિચારી તે રાપલીયો લઈ લોહાર પાસે આ પટેલ ગયા ને લોહારને કહે આ રાપલીયોના કાન કાપીદ્યો ત્યારે આ લોહાર બોલ્યા અરે પટેલ બાપા આ રાપલીયોના કાન કાપી નાખીએ તો આ રાપલીયો નકામી થાયે, માટે આ રાપલીયોના કાન કપાય નહી. ત્યારે પટેલ બોલ્યા મારો દિકરો કહી ગયો છે માટે કાપીદ્યો. ત્યારે વળી તે લોહાર બોલ્યા અરે પટેલ બાપા તમારા દિકરાએ આમ કહ્યું હોય તો આ રાપલીયો અહી રહેવાદ્યો. તમારો દિકરો આવશે એટલે જે કહેશે તે કરી આપીશ. તમો ભલે મંદિરમાં જાવ, ત્યારે વળી પટેલ બોલ્યા અરે ભલા માણસ આ રાપલીયોના કાનીયા કાપીદ્યો. તમારે શા માટે ચિંતા કરવી. આ રાપલી મારી છે માટે હું કહું તેમ કરો તે સાંભળી આ લોહારે રાપલીયોના કાન કાપી નાખ્યા તેથી તે રાપલીયો તથા રાપલીયોના કાનના કટકા લઈ આ પટેલ મંદિરે આવી એકબાજુ રાખી દીધા. સાંજ પડી આ પટેલનો દિકરો બીજું બધું કામ કરી આ મંદિરના દરવાજે ઉભા રહી પોતાના પિતાને બોલાવ્યા ને કહ્યું કે ઓલી રાપલીયોનું પાનુ કઢાવ્યું ત્યારે તેમના પિતા દુર ઉભા રહી બોલ્યા એ રાપલીયો આ સામે પડી છે તે લઈ જાયો તે સાંભળી આ દિકરો રાપલીયો પાસે આવ્યો ને જોયુ તો રાપલીયોનું પાનું કઢાવવાને બદલે રાપલીયોના કાન કાપેલ તે રાપલીયો તથા એ રાપલીયોના કાપેલ ટુકડા જોઈ છોકરાના

મનમાં જરા ગુસ્સો થઈ આવ્યો અરે મે આ રાપલીયોનું પાનુ કઢાવવાનું કહેલ ને આ રાપલીયોના કાન કાપી નાખ્યા ખરેખર આ રાપલીયો કંઈ કામ નહી આવે એમ જરા મનમાં થયું પણ આ છોકરો ગમ ખાઈ ગયો. જરાપણ ગુસ્સો ન કર્યો ને શાંતિથી પોતાના પિતાને કહેવા લાગ્યો કે અરે પિતાશ્રી આ રાપલીયોનું પાનુ કઢાવવાનું કહેલ પણ આ રાપલીયોનું પાનુ કઢાવવાને બદલે આ રાપલીયોના કાન કપાવી નાંખ્યા તેથી આ રાપલીયો કામ નહી આવે ને ઘણું નુકશાન થયું તે સાંભળી પટેલ શાંતીથી બોલ્યા કે જો દિકરા મને આવી કાંઈ ખબર ન હતી મને એમ કે તમે કાન કાપવાનું કહેલ હશે તેથી મે કાન કપાવ્યા તે સાંભળી છોકરાના મનમાં થયું કે હવે આ મારા પિતાને કાંઈ કામ કરવાનું કહેવું નહી એમ વિચારી તે રાપલીયો તથા તે રાપલીયોના કાન કપાયેલા સર્વે ટુકડા લઈ આ દિકરો ઘરે ગયો ને એ રાપલીયો રાખી દીધી ને ખેતીના કામમાં આવે તેવી બીજી રાપલીયો લઈ પોતે શાંતીથી કામ કરવા લાગ્યો ને એમ જાણ્યું કે હવે આ મારા પિતાને ભગવાનનું ભજન કરવું છે. આ વ્યવહારીક કાર્ય કરવાની ઈચ્છા નથી તો મારે આ વ્યવહારીક કામ મારા પિતાને ન બતાવું પછે તેના પિતા જીવ્યા ત્યાં સુધી આ છોકરે તેના પિતાને કાંઈપણ કામ ન બતાવ્યું તેથી તેના પિતા પણ શાંતિથી ભજન કરતા, જરાપણ વ્યવહારની ચિંતા ન કરતા ને ખુબ જ શાંતિથી ધ્યાન ભજન કરતા તે આ પટેલનું આવું જીવન જોઈ ઘણાં મુમુક્ષુયો આ

પટેલનો સમાગમ કરતા ને આ પટેલ પણ જે મુમુક્ષુયો આવે તેને ભગવાનના મહિમાની તથા સત્સંગ કરવાથી ઘણો ફાયદો થાયે, આદિ વાતો સંભળાવી તેથી હજારો મુમુક્ષુયો સત્સંગી થયા ને આ પટેલ ખુબ જ પ્રેમથી ભગવાનનુ ધ્યાન ભજન કરે ને ધ્યાન કરતાં ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ જતા. જેમ ચમકપાણને જોઈ લોઢું ખેંચાઈ જાય તેમ આ પટેલની ઈન્દ્રીયો અંતઃકરણ ભગવાનની મૂર્તિમાં ખેંચાઈ જતા તેમ આ પટેલ અખંડ ભગવાનનું ભજન કરતા એમ ભજન કરતા આ પટેલની આયુષ્ય ૮૦ વર્ષની થઈ તે એક દિવસ સવારના વહેલા ઉઠી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા હતા તે ધ્યાનમાં આ પટેલને ભગવાન કહી ગયા કે પાંચમે દિવસે તમોને નવ વાગે ધામમાં તેડી જશું. તમો તૈયાર રેજો. તે સાંભળી પટેલ ધ્યાનમાંથી જાગી જોયું તો ભગવાને પ્રત્યક્ષ દર્શન આપ્યા ને બોલ્યા કે કેમ ભક્ત તૈયાર છો ને ? ત્યારે આ પટેલ કહે અહો કૃપાનાથ હું તો ક્યારનોયે તૈયાર છું. એમ કહી ભગવાન અંતરધ્યાન થઈ ગયા. પછી આ પટેલે પોતાના દિકરાને તથા સર્વે સત્સંગીઓને તથા પોતાના સગાંસંબંધીઓને વાત કરી કે પાંચમે દિવસે નવ વાગે ભગવાન મને તેડવા આવશે, તે વાત સાંભળી સર્વે રાજી થયા ને પાંચમે દિવસે નવ વાગે ભગવાન તેડવા આવ્યા તે સર્વેને ભગવાનના દર્શન થયા ને આ પટેલ ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખતા ભગવાનના ધામમાં ગયા, અહો આ પટેલે કેવું શાંતિથી ભગવાનનું ભજન કર્યું તો ભગવાન દયાળુ તેમને પોતાના ધામમાં તેડી

ગયા આના ઉપરથી આપણે શું લેવાનું ? કે આ પટેલે પોતાની પચાસ વર્ષની આસપાસ ઉંમર થઈ તેથી તે વ્યવહારિક કાર્ય પોતાના પુત્રને સોંપી પોતે નિવૃત્ત થઈ અખંડ ભજન કર્યું તે સત્સશાસ્ત્રમાં કહેલ છે કે પાંચ વર્ષથી કરી પચીસ વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરવો ને જો વૈરાગ્ય હોય તો ત્યાગી થવું. ને વૈરાગ્ય ન હોયે તો ગૃહસ્થ થાવું ને ગૃહસ્થના નિયમો પ્રમાણે વર્તવું તે પચીસ વર્ષથી કરી પચાસ વર્ષ સુધી ગૃહાસ્થાશ્રમમાં રહેવું ને પચાસ વર્ષ પછી વાનપ્રસ્થ થવું ને પંચોતેર વર્ષ સુધી વાનપ્રસ્થ રહેવું એમ સત્શાસ્ત્રમાં લખેલ છે. વળી લખ્યું કે આ કળયુગમાં વાનપ્રસ્થાશ્રમ તથા સંન્યાસ આશ્રમની ના પાડી છે તો શું કરવું ? તો પચાસ વર્ષ થાયે એટલે આ પટેલની પેઠે પોતાનું વ્યવહારીક કાર્ય પોતાના પુત્રને સોંપીને ભગવાનના મંદિરો ગામમાં હોયે તો મંદિરોમાં જેટલો બને તેટલો વધારે સમય મંદિરમાં રહી ભજન કરવું ને કોઈ ગામમાં મંદિર ન હોય તો પોતાને ઘેર સારો રૂમ બનાવી તેમાં ભગવાનની મૂર્તિ રાખી ભજન કરવું. ને સારા સત્પુરૂષો મળે તો સત્પુરૂષનો સમાગમ કરવો ને તે યોગ ન મળે તો સંપ્રદાયના સત્શાસ્ત્રો વાંચવા ને જેમ બને તેમ ભગવાનનું ભજન ધ્યાન આદિ કરવા જેથી પોતાને ભગવાન ભજવામાં આનંદ આવે તે સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું છે કે આ દુનિયામાં જાણતા થકા અજ્ઞાન થવું પણ આ દુનિયામાં જીંદગી આખી ડાહ્યા થાયે તો વ્યવહારમાં બંધાઈ જવાઈ માટે આપણે આ પટેલની વાત સાંભળી જેટલું બને

તેટલું ભગવાનનું ભજન વિશેષ કરીશું તો જરૂર આ પટેલની પેઠે આપણો મોક્ષ થઈ જશે ને મહા સુખીયા થઈ જઈશું ને આવા યોગને પામીને જો ભગવાનનું ભજન નહી કરીએ તો વળી પાછા જન્મ-મરણના ફેરા ભોગવવા પડે માટે આપણે ભગવાનનું ભજન બરાબર કરવું, ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવી તો દેહ છતા પણ ભગવાન પોતાના ભક્તને સુખીયા કરે છે ને દેહને અંતે સુખીયા કરશે.

બીજું એક સંતે સાખી લખી છે કે

કામવેરી જીવ કો દુઃખ

રૂપચોર દેવ કો વીરહંત કોટીકવામશે નહી હોત

પુરણ કામ સે વૃદ્ધ રોગી અંધ બધીર કો કુળહીન

કાયર વીર કો નહી હોત પુરણ કામ સે સબસે કામકી કરકીન હે.

સાખીનો એ અર્થ છે કે જેને ભગવાન ઓળખાણા ન હોય, જેને સાચા સત્પુરૂષોનો સમાગમ ન હોયે જેને સજ્જન માણસોનો યોગ ન હોયે એવા જે જગતના જીવોને કામ જે જગતના સુખની વાસના તે આ વાસના મહાબળવાન છે તે લખ્યુ કે **કામરૂપી દ્વોષ આ જીવનો વેરી છે.** તે ચોર હોયે તથા દૈવી હોયે તેને પણ આ જગતના સુખની વાસના હેરાન કરે છે. ને દુઃખી કરે છે. તેમાં લખ્યું કે કરોડો સ્ત્રીઓ સાથે વ્યવહાર કરે તો પણ આ જગતની વાસના ટળતી નથી. તે મોટા સંતોએ કીર્તનમાં લખ્યું કે ભોગ સંસારી ભોગવી કોઈ

તૃપ્ત ન થાયે છે ઈન્દ્રીયો ઉંડી અપાર છે વિષય નીરે ન ભરાયજી તેમાં લખ્યું કે આ સંસારના જીવો જગતના સુખો ભોગવે તેમાં કોઈને તૃપ્તિ થતી નથી કેમ કે ઈન્દ્રીયો ઉંડી અપાર છે. તે વિષયરૂપી પાણીથી ક્યારેય ભરાય નહી. બીજું પણ મોટા સંતોએ લખ્યું કે પાતાળ સુધી પૃથ્વી ફાટે તો પણ આ જીવ જગતના સુખ ભોગવીને તૃપ્ત થતો નથી એ તો મોટા સત્પુરૂષોના સમાગમરૂપી જે જ્ઞાન,જળ વડે જ શાંતી થાય છે.વળી લખ્યું કે ૮૦ વર્ષનો વૃદ્ધ થાયે તો પણ તેને જ્ઞાન ન હોયે તો તેને પણ આ જગતની વાસના ટળતી નથી. વળી લખ્યું કે રોગી હોયે તે મહારોગ વડે મહાદુખ પામતો હોયે તેને પણ જગતની વાસના ટળતી નથી. અંધ હોયે તેને પણ જગતની વાસના ટળતી નથી. વળી લખ્યું બધીર એટલે બેહરો એટલે કાને કરી સાંભળે નહી તેને પણ જગતની વાસના ટળતી નથી. વળી લખ્યું કુળ હીન હોયે એટલે આ જગતમાં તેની કાંઈ આબરૂ ન હોયે તેને પણ જગતની વાસના ટળતી નથી. વળી લખ્યુ કે કાયર હોયે કેતા સાવ નમાલો હોયે તો તેને પણ જગતની વાસના ટળતી નથી. વળી લખ્યું કે વીર હોયે એટલે શુરવીર હોયે તેને પણ આ જગતરૂપ વાસના ટળતી નથી. આહાહા આવા આવા માણસો હોયે તેને આ કામરૂપી વાસના ટળતી નથી તે લખ્યું કે વિરહત કોટી વામશે એટલે કરોડો સ્ત્રીઓ સાથે વિહાર કરે તો પણ આ કામરૂપી વાસના આ જીવને ટળતી નથી. તે કામરૂપી વાસના વડે જ આ જીવ ચોર્યાશી લાખ જન્મ ધરે

છે. તો પણ આ જીવને તે વાસના ટળતી નથી. તેથી જ આ જીવ જન્મ મરણનાં ફેરા ભોગવ્યાં જ કરે છે. તો આપણે વિચાર કરી તે પંચ વિષયની વાસના ટાળીને ભગવાન ભજી લેવા ને જો તે વિષયની વાસના આપણે નહી ટાળીયે તો ચોર્યાશી લાખ જન્મો ધરવા પડશે ને અપાર અપાર દુઃખ કલેશ ભોગવવા પડશે માટે આપણે સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરીને આ લોકની વાસના ટાળી નાંખવી તે આ લોકની વાસના ટાળી નાખીશું તો આપણાં અંતરમાં આનંદ આવશે ને તે વાસના જો આપણે નહી ટાળીયે તો દુઃખ ભોગવવું જ પડશે માટે આપણે કાળજી રાખી એ વાસના ટાળી નાંખવી.

બીજું સત્શાસ્ત્રમાં લખેલ છે કે

સકલ પદાર્થ હે જગ માંહી ભાગ્ય હીન નર પાળત નાહી,

તેમાં કહેવાનું કે આ દુનિયામાં બધી વસ્તુઓ સારી સારી હોયે તે વસ્તુઓ ખાવાની હોય, પહેરવાની હોય, જોવાની હોય, આદિ ઘણીક પ્રકારની વસ્તુઓ હોયે પણ **જેના ભાગ્ય ન હોયે તેને એ વસ્તુનું સુખ મળતુ નથી,** આમાં કહેવાનું કે આગલા જન્મમાં જેણે સારા કાર્યો કર્યા હોયે તેને આ દુનિયામાં ઘણી સારી સારી વસ્તુઓ મળે છે પણ આગલા જન્મમાં જેણે સારા કાર્યો કર્યા ન હોયે, ખરાબ કર્મો કર્યા હોયે તેને આ લોકમાં સારી વસ્તુઓ મળતી નથી, તો આપણે આગલા જન્મોમાં સારા કાર્યો કર્યા હશે તેથી હમણાં આપણે

સુખીયા છીએ, પણ હવે જો આપણે સારા કર્મો નહી કરીયે ને ખરાબ કર્મો કરીશું તો વળી પછે આપણા ને ઘણુંક દુઃખ ભોગવવું પડે માટે આપણે ભવિષ્યમાં દુઃખ ભોગવવું ન પડે એવા સારા કર્મો કરવા. તો આપણાને આલોકમાં પણ બહુ જ સુખ મળે ને પરલોકમાં પણ ખુબ જ સુખ મળે માટે આપણે કાળજી રાખી સારા કર્મો કરવા. ખરાબ કર્મો ક્યારેય કરવા નહી.

બીજું એક સત્પુરૂષે વાત લખી છે કે એક નાનકડું ગામ હતું ત્યાં ગામ બહાર મોટા મોટા પથ્થર ખોડેલાં તે મોટા મોટા પથ્થરને જાડી ભાસામાં પાળીયા કહેવામાં આવે છે કે તે એક સમય એક માણસ બીજા ગામથી આ ગામમાં આવતો હતો તે માણસે આ પથ્થરના પાળીયા જોયા ને તે પથ્થરને હથીયારથી કોતર કરેલ તેમાં કોતરથી અક્ષર લખેલ તેમાં લખેલ કે પાંચ વર્ષ સાત વર્ષ આદિ લખેલ કે પાંચ વર્ષ કે સાત વર્ષ તે પાળીયામાં લખેલ તે પાળીયા શું હોયે તો આગળ કોઈ માણસ મરી ગયો હોયે તેને જે જગ્યાયે વિધી કરેલ હોયે તેને તે ઠેકાણે તે પથ્થર ના પાળીયા રાખે તેમાં આ કોતરણીથી અક્ષર લખેલ તે એક સમય બીજા ગામથી એક માણસ આ ગામમાં આવતો હતો તેણે આ પાળીઆમાં કોતરણીથી અક્ષર કરેલ વાંચેલ તેમાં પાંચ વર્ષ કે સાત વર્ષ આદિ લખેલ તે વાંચી આ માણસે વિચાર કર્યો કે અરે આ ગામના માણસો પાંચ વર્ષ કે સાત વર્ષ જ જીવતા હશે એમ જાણી આ માણસ તે ગામમાં ન ગયો ને પાછો

વળવા લાગ્યો તેને બીજા માણસે જોયેલા ને તેને પૂછ્યું કે અરે ભાઈ તમો આ ગામમાં આવતા હતા ને કેમ પાછા વળ્યા. તે સાંભળી આ માણસ બોલ્યો કે આ ગામના માણસો પાંચ વર્ષ કે સાત વર્ષ જ જીવે છે. તો તે ગામમાં જઈને શું કરૂ ? તે સાંભળી એ માણસ બોલ્યો કે અરે ભલામાણસ આ ગામમાં તો ઘણા સાઈઠ વર્ષો કે ૮૦ વર્ષોના માણસો જીવે છે પણ આ પાળીયામાં જે લખેલ છે કે જે માણસે આખી જીંદગીમાં જેટલા ભગવાન ભજ્યા હોયે તેટલા વર્ષો જ આ પાળીયામાં લખેલ છે. એ સાંભળી આ માણસ તે ગામમાં ગયા ને રાજી થયા. આમાં કહેવાનું કે આ પાળીયામાં લખેલ કે જેણે જેટલા વર્ષો ભગવાનની ભક્તિ કરી હોયે તેટલા જ વર્ષો લખેલ બાકીના બીજા વર્ષો લખેલ ન હતા. તે વાત સાચી જ છે કેતાં જે માણસે જેટલા વર્ષો ભગવાનની **ભક્તિ કરી હોયે તે જ આયુષ્ય લેખે લાગે** ને જે આયુષ્યમાં ભગવાનની ભક્તિ ન કરી હોયે તે આયુષ્ય બરાબર કહેવાયે નહી માટે આપણે આ મનુષ્ય જન્મને પામીને ભગવાનની આજ્ઞા પ્રમાણે બરાબર ચાલીને ભગવાનની ભક્તિ કરી લઈયે એ જ આયુષ્ય લેખે લાગે છે. બાકી તો આપણે અનેક જન્મોમાં ભગવાનની ભક્તિ નથી કરી તેથી એ આયુષ્ય લેખે લાગેલ નથી માટે આ જન્મે આવા યોગ ને પામીને ભગવાનની ભક્તિ કરી આયુષ્ય લેખે લગાડીને આપણાં જીવનું કલ્યાણ કરી લેવું એ જ મોટો લાભ છે.

બીજુ મોટા સંતોએ લખેલ છે હાથી, વાઘ, સિંહ, હરણ

ગાય, ભેંસ બળદ આદિ જાનવર મર્યા પછી કોઈ જાનવર જે ગાય ભેંસ આદિનું ચામડું કામ આવે છે કોઈ જાનવર જે વાઘ સિંહના નખ કામમાં આવે છે. ને નોખી નોખી વસ્તુઓ બનાવી શકાય છે ને તેના રૂપિયા પણ મળે છે. આ મનુષ્યનો દેહ પડી જાય પછે તેનું કાંઈ પણ કામમાં આવતું નથી. તે દેહને તો બાળી જ નાખવો પડે છે. પણ આ દેહમાં જીવ હોયે તો આ મનુષ્ય દેહને ચિંતામણી તુલ્ય કહ્યો છે. તો આ મનુષ્ય દેહ આ ભરતખંડમાં મળે ને તેને પૂર્વના શુભ કર્મો વળે તેને સાચા સત્પુરુષનો યોગ થઈ જાય સારા સજ્જન માણસનો યોગ જઈ જાય તેને દૈવ યોગે સારો સત્સંગનો યોગ થઈ જાયે તથા ભગવાનની ઓળખાણ થઈ જાયે તો તેનો મોક્ષ થઈ જાયે એટલે જ આ મનુષ્ય દેહ ઉત્તમ કહ્યો છે પણ જો આગળ કહ્યા પ્રમાણે જો સારો યોગ ન મળે ને પાપ કર્મ કરે તો તે આ મનુષ્ય દેહનું મરણ થાયે પછે કાંઈ કામ આવતુ નથી. માટે આ મનુષ્ય દેહ વળે ભગવાનનું ભજન કરી લેવું ને સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરી લેવો તો જ આ મનુષ્ય જન્મ શ્રેષ્ઠ છે.

બીજું એક ગુરૂયે પોતાના શિષ્યને કહ્યું કે તું કોઈને કામ ન આવે તેવી નકામી વસ્તુ લઈ આવ એ સાંભળી શિષ્યે વિચાર કર્યો આ દુનિયામાં નકામી વસ્તુ તો ઘણી હોયે, હમણાં હું નકામી વસ્તુ લાઉં એમ વિચારી રસ્તામાં ચાલતો થયો, ને રસ્તામાં ગાય ભેંસનું છાણ પડ્યું હતું તેથી તેણે વિચાર કર્યો કે આ છાણ કાંઈ કામનું નથી. રસ્તામાં માણસોના

પગ બગાડે છે માટે આ નકામુ છે એમ વિચારી તે છાણને હાથમાં લીધુ તે ભગવાનની ઈચ્છાથી તે છાણ બોલ્યુ અરે મને તુ ક્યાં લઈ જાય છે, ત્યારે આ શિષ્ય બોલ્યો તું કાંઈ કામનું નથી આ રસ્તામાં બીજાના પગ બગાડે છે તેથી તું નકામું છે એટલે મારા ગુરૂ પાસે લઈ જાઉ છું, છાણ કહે અરે ભલા માણસ હું નકામું નથી મારા વળે તો માણસો ગાળ બનાવી માણસો ઘરમાં લીંપે છે. તેથી તેનું ઘર સરસ થઈ જાયે વળી ગરીબ માણસો છાણા બનાવી તેની રસોઈ બનાવે છે માટે હું કામનું છું એટલે એ છાણને છોડી દીધું. આગળ ચાલતા નાનો પથર પડ્યો હતો એને લીધો કે આ નકામો છે રસ્તામાં માણસોને પગમાં વાગે છે તે પથર પણ ભગવાનની ઈચ્છાથી બોલ્યો કે મારા તો મોટા મોટા મકાનો થાયે છે હું બહુ જ કામનો છું, નકામો નથી. આગળ ચાલતા રેતી લીધી એ પણ બોલી કે મારાથી તો ઘણાંક મકાનો બને છે. હું કામની છું. આગળ ચાલતા રસ્તામાં કપડાંના ટૂકડા પડ્યા હતા તેને લીધા એ પણ બોલ્યા અમારા તો ઘણા કપડા બને છે માટે અમે કામના છીયે. આગળ ચાલતા ઉકરડામાં ખાતર પડ્યું હતુ તેને લીધુ, તે પણ બોલ્યું કે મારાથી તો ખાતર થાયે છે એનાથી ઘણા અનાજ પાકે છે. એને છોડી દીધુ આગળ ચાલતા માણસની વીષ્ટા જે ઝાડો તેને લેવા ગયો તે પણ બોલી કે અરે **ભલા માણસ આ તારો દેહ જ નકામો છે** ગઈકાલે સાંજે હું મીઠાઈ હતી પણ તારા જેવા માણસો મને જમી ગયા તેથી મારી આ હાલત થઈ છે

માટે હે ભાઈ આ તારો દેહ જ નકામો છે એ સાંભળી આ શિષ્ય ગુરૂ પાસે ગયો, ગુરૂ કહે નકામી વસ્તુ લાવ્યો. શિષ્ય બોલ્યો હા ગુરૂ મહારાજ લાવ્યો. ગુરૂ કહે લાવો એ નકામી વસ્તુ. શિષ્ય બોલ્યો કે હે ગુરૂ મહારાજ, મેં છાણ, પથરો, રેતી, આદિ ઘણીક વસ્તુ લીધી ને મારા મનમાં થયું કે આ નકામી વસ્તુ છે પણ તે સર્વે વસ્તુઓ ભગવાનની ઈચ્છાથી બોલી કે અમે કામની વસ્તુ છીયે. મેં પણ એ સર્વેની વાત સાંભળી ને મને થયું કે આ બધી વસ્તુ કામની છે પણ આ મારો દેહ જ નકામો છે તેની કાંઈ વસ્તુ કામ આવતી નથી. એ સાંભળી ગુરૂ રાજી થયા ને બોલ્યા કે હે શિષ્ય તમોને મારે એટલુ જ સમજાવવાનું હતું કે આ મનુષ્ય દેહની કાંઈ પણ વસ્તુ કામ નથી આવતી. બાકી બીજા જનાવરની વસ્તુ કામ આવે છે. માટે આ દેહ જ નકામો છે પણ હે વહાલા શિષ્ય આ દેહની કાંઈપણ વસ્તુ કામ નથી આવતી એ ખરી વાત પણ આ મનુષ્ય દેહ વળે જો ભગવાનની ભક્તિ ભજન કરીયે તો આ મનુષ્ય જન્મ જેવો બીજો કોઈ અવતાર કિંમતી નથી માટે હે વહાલા શિષ્ય આ મનુષ્ય દેહ વળે ભગવાનનું ભજન કરીયે તો જરૂર આપણા જીવાત્માનો મોક્ષ થાય છે માટે કાળજી રાખી ભજન કરવું.

બીજું મોટા, સંતે લખ્યું છે, એક સમય પાંચ સંતો એક ગામથી બીજે ગામ જતા હતા. આગલાના વખતે સંતો ચાલીને બીજે ગામ સત્સંગ કરાવવા જતાં. હમણાંની પેઠે મોટર આદિ વાહન ન હતા તે ઉનાળાનો વખત વૈશાખ

મહિનો એટલે મે મહીનો, તે વૈશાખ મહિનામાં માણસોને ગરમી બહુ લાગે ને ખેડુતો જે હોયે તે આ મહીના સાઠી કાપે તે સાઠી એટલે જેમાં કપાસ થાયે તે છોડને ખેડુતો સાઠીયો કહે તે નીલી સાઠી હોયે તેમાં કપાસના કાલા થાયે તે કાલા પાકી જાયે પછે તે કાલા લઈલે ને હોયે તે સાઠીયો ને કાપવા ને માટે કોદ્યરીથી કાપે તે એક સમય ખેડુતો બપોરના વખતે કોદ્યરીથી સાઠીયો કાપતા હતા ત્યાં આ પાંચ સંતો રસ્તે ચાલ્યા જતા હતા તે સાઠીયોને કોદ્યરીથી કાપતા ખેડુતોને નાના સંતે જોયા તે સાઠીયો કામતા જોઈ આ નાના સાધુને મનમાં બીક લાગી કે ઓ હોહો આવા તાપમાં આ ખેડુતો સાઠીયો કાપે છે તેને કેટલુ બધુ ગરમીમાં દુઃખ થતુ હશે એ જોઈને નાના સાધુ ગભરાઈ ગયા ને નીચે બેસી ગયા ને કાંઈ બોલી શકે નહી ને બહુ જ ચિંતા કરવા લાગ્યા તે સાધુને જોઈ મોટા સ્વામી કહે અરે સાધુરામ તને શું થયું ? ચાલો આગળ આપણે સામે ગામ પહોચવું છે. એમ બહુ કહ્યુ પણ આ નાના સાધુ તો અંતરથી બહું જ ગભરાઈ ગયા હતા તે કાંઈ બોલી શકે નહી પરસેવે રેબઝેબ થઈ ગયા વળી મોટા સંતોએ બહુ સમજાવ્યા કે અરે તમને શું થયું છે ? જે થયુ હોયે તે બોલો તો કાંઈ દવા કરાવીયે બહુ કહ્યું ત્યારે તે નાના સંત બોલવા મંડ્યા કે મને આ ખેડુત સાઠીયો કાપતા હતા તે જોઈ મને બીક લાગી કે મારામાં ભગવાન ભજવામાં કાંઈ ખામી રહી જશે તો આવા ખેડુતને ઘેર જન્મ લેવો પડે તો આવી કળકળતી ગરમીમાં આવી સાઠીયો

કાપવી પડે તે જોઈ ને મને બહુ જ બીક લાગી. તે નાના સાધુની વાત સાંભળી મોટા સ્વામી એ નાના સ્વામીને સમજાવવા મંડ્યા કે અરે સાધુરામ આપણાને આવા દયાળુ સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે આપણાને આપણા સમર્થ ગુરૂ મળ્યા છે તો હવે આપણાને આવા જન્મ લેવા ન પડે ને દેહને અંતે આપણો જરૂર મોક્ષ થાયે તમો કાંઈ ચિંતા ન કરો એ વાત કરી તો પણ તે નાના સંત સમજ્યા નહી ને બહુ જ ચિંતા કરવા લાગ્યા. વળી બે ત્રણ મોટા સંતો મળીને ખુબ જ શાંતીથી સમજાવ્યા કે અરે ભલા માણસ આપણાને આવા ભગવાન મળ્યા પછી આપણાને આવા જન્મ ન આવે માટે તમો જરાપણ ચિંતા ન કરો. ને મોટા સંતે ભગવાનની પ્રસાદીનું પાણી છાંટ્યું એટલે તે સાધુને સારૂ થયું. ને હિંમત આવી, કે મને આવા ખેડુતનો જન્મ નહી આવે પછે તે સાધુ ચાલતા થયાને આગળ જ્યાં બીજે ગામ જવાનું હતું ત્યાં ગયા ને આનંદથી તે સાધુ ભગવાનનું ભજન કરવા લાગ્યા ને પેલા જે આ સાધુ ધ્યાન ભજન કથાવાર્તા કરતા હતા તેનાથી વિશેષ ભગવાનનું ધ્યાન ભજન કરતા ને આ સાધુ અખંડ ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખતા ને ભગવાનના નિયમો પણ બરાબર પાલન કરતા હતા. તે જોઈ ઘણા હરિભક્તો આ સંતનો સમાગમ કરતા ને તે સ્વામીયે મોટા મોટા શેઠોને સત્સંગ કરાવ્યો ને સાધુના અંતરમાં ભગવાનના સુખ વળે ઠંઠા ઠંડા શેરડા પડતા ને ભગવાનની મૂર્તિના સુખમાં તલ્લીન બની જતા ને દેહને અંતે એ સાધુને ભગવાન અક્ષરધામમાં

તેડી ગયા. આમાં શું કહેવાનું કે, આ નાના સાધુને ગરમીમાં ખેડૂત સાઠીયો કાપતા હતા તેને જોઈને બીક લાગી કે ભગવાન ભજવામાં ખામી રહી જશે તો આવા ખેડૂતના જન્મ આવે ને આવી ગરમીમાં કેટલી તકલીફ સહન કરી પડશે તેને તે બહુ જ બીક લાગી તો જોવો તેને મરવાની કેવી બીક લાગી ને મરીને ખેડુત થાઈશ તો બહુ દુઃખ થાશે તે જોઈને બીક લાગી તો એના ઉપરથી આપણે શું વિચારવાનું કે આપણે ભગવાન ભજવામાં ખામી રહી જશે તો ગર્ભવાસમાં જવું પડશે ને બહું જ દુઃખ થાશે તે શાસ્ત્રમાં લખેલ છે કે ગર્ભવાસમાં બહું જ દુઃખ પડે તો આપડે કાળજી રાખી ભજન કરીશું તો ફરી ગર્ભવાસમાં જવું ન પડે ને જો ભગવાન ભજવામાં કાળજી નહી રાખીયે તો વળી જન્મમરણનાં ફેરા ભોગવવા પડે, માટે હે વહાલા ભાઈઓ હવે આપણે ભગવાન ભજવામાં બહું જ કાળજી રાખીશું તો ભગવાન આપણાને પોતાના ધામમાં જરૂર તેડી જશે. ને જન્મ મરણનાં ફેરા ભોગવવા ન પડે એ જ ખરો લાભ છે. માટે જેમ બને તેમ ભગવાનનું ભજન વિશેષ કરવું.

બીજું મોટા સંતે લખ્યું કે ભમર કુરંગ માતંગ મરે જો મીન પતંગા એક એક કે સ્વાદ તજે જો પ્રાણ પ્રસંગા નરતનું પાંચે પ્રબળ સકળ કુરસના જાણીયે એ અન્ય ઈન્દ્રી બસ કરે નહી જીતેન્દ્ર જાણીયે જબ રસના જીતે તબ જીતેન્દ્ર જાણીયે આમાં કહેવાનું કે ભમરને સુગંધ વિષય બળવાન છે તે ભમરો મોટા મોટા સુગંધીમાન સારા સારા ફુલના બગીચાઓ હોયે

ત્યાં તે સુગંધીમાન ફુલની સુગંધ લેવા જાયે તે મોટા મોટા બગીચામાં સુગંધીમાન સૂર્યમુખી કમળના ફુલ હોયે તે સુર્ય મુખી કમળ સુર્ય ઉગે એટલે તે સુર્યમુખી કમળ એકદમ ખીલે ને એકદમ સુગંધ આવે તે સુગંધ લેવા ભમરો જાયે તે એ સુગંધમાં ભમરો એટલો બધો તલ્લીન બની જાયે તે દેહનું પણ ભાન ભુલી જાયે તે સૂર્યમુખી કમળ હોયે તે સૂર્ય આથમી જાયે એટલે એ સૂર્યમુખી કમળ પણ બીડાઈ જાયે એટલે એ ભમરો સૂર્યમુખી કમળમાં બીડાઈ જાયે તે રાત્રે ઘણાંક જનાવર આવે તે સૂર્યમુખી કમળને ખાઈ જાયે તેથી તે ભમરો પણ ચવાઈ જાયે ને મૃત્યુ ને પામે. જુવો એ ભમરાને સુગંધ વિષય બળવાન છે ને સુગંધમાં એટલો બધો ગરકાવ થઈ જાયે ને સૂર્ય આથમે તો પણ તેને ખબર ન પડે તેથી તે મૃત્યુ પામે છે. બીજું કુરંગ જે હરણ તે હરણ જાનવરને શબ્દ વિષય બળવાન છે. તે પારાધી હરણને પકડવા માટે વાંસડી વગાડે તેથી તે હરણ તે વાંસડીના શબ્દમાં એટલું બધુ ગરકાવ થઈ જાયેને શરીરનું પણ ભાન ભુલી જાયે તેથી તે પારાધી હરણને બાણ મારે તેથી તે હરણ મૃત્યુ ને પામે છે. જુવો તેને શબ્દ વિષય બળવાન છે તેથી તે શબ્દ વિષયમાં બંધાઈ જાયે છે તેથી પોતાના પ્રાણ ગુમાવી દે છે.

ત્રીજો માતંગના જે હાથી તે હાથીને કામની વાસના કેતા સ્ત્રીની વાસના તે હાથીને બળવાન હોય છે તે હાથી બહુજ બળવાન જનાવર કહેવાયે જલદી પકડાય નહી પણ તેને

કામની વાસના બળવાન હોયે તેથી તેને પકડવાને માટે મોટો ખાડો ખોદે ને તે ખાડાની પાડ ઉપર કાગળની હાથણી સ્વરૂપવાન કેતા તે હાથીના જાનવરના પ્રમાણમાં હાથણી સ્વરૂપવાન બનાવે તે હાથણીને દુરથી તે હાથી જુવે તેથી તે કામ વળે કેતા જગતની વાસના વળે તે હાથી દોડી ને તે કાગળની હાથણીનો સ્પર્શ કરવા જાયે તેથી તે કાગળની હાથણી ભાંગી જાય ને તે હાથી તે ખાડામાં પડી જાયે ને તે હાથીને પકડી લે. જુવો આ હાથીને કામની વાસના બળવાન કે તા સ્ત્રી સુખની વાસના બળવાન હોય તેથી તે હાથી પકડાઈ જાયે છે. ચોથુ મીન જે માંછલું તે માછલાંને સ્વાદ વિષય પ્રધાન છે તે માંછલાને પકડવાને માટે પારધીઓ પાણીમાં જાળ પાથરીને પછે તે પાણીમાં સારૂ સારૂ ખાવાનું નાખે તે સારૂ સારૂ ખાવાને માંછલુ જાયે તેથી તે ખાવામાં તલ્લીન બની જાય તેથી પારધી જાળને ખેંચે તેથી તે માછલા જાળમાં સપડાઈ જાયે ને તે માછલા મૃત્યુ ને પામે છે.

પાંચમું પતંગ, પતંગને તેજ વિષય બળવાન છે. તે મોટા મોટા દિવા હોયે તે દિવાના પ્રકાશમાં તે પતંગ જાયે તે દિવાના અગ્નિમાં પડે છે. તેથી તે પતંગ મૃત્યુને પામે છે. જુવો હે વાલા ભક્તો આ પાંચેયને એક એક વિષય બળવાન હતા. તો તેમાં તે મૃત્યુને પામી જાયે છે ને મહાકષ્ટને પામે છે. પણ આ મનુષ્યને તો શબ્દ, સ્પર્શ, રૂપ, રસને ગંધ એ પાંચયે વિષયના સુખ હોયે છે તે જેને ભગવાન મળ્યા નહી

હોયે, સત્સંગ ન મળ્યો હોયે સાચા સત્પુરૂષોનો યોગ ન થયો હોયે એવા મનુષ્ય પંચ વિષયના સુખમાં લુબ્ધ બની જાયે છે. તેથી તે મહાકષ્ટને પામે છે. ને વળી લખ્યું કે સકલ કોરસના જાણીયે રસના એટલે સ્વાદ જે ઉપર લખ્યા મુજબ જેને ભગવાન ઓળખાણા નથી તેવાં જીવો સ્વાદમાં લોભાઈ જાયે છે ને બજારૂ મીઠાઈ ભેળ-પુરી આદિ સ્વાદમાં લોભાઈ જાયે છે. તેથી તેને ઘણાંક રોગ થાય છે કેમ કે બજારૂ મીઠાઈ હોયે તેમાં ઘણાંક લોકો પાણી ગાળે નહી, દુધ ગાળે નહીં અનાજ,લોટ સાફ ન કરે આદિ બરાબર સાફ કરે નહી. ઘી તેલ ગાળે નહી તેથી ઘણાંક જંતુવાળી વસ્તુની મીઠાઈ બનાવે તથા ઘણીક જગ્યાએ પાપી લોકો, વ્યસની લોકો બનાવતા હોયે કેટલેક ઠેકાણે વાસણો પણ બરાબર સાફ ન કરતા હોયે એવી બજારૂ મીઠાઈ ખવાઈ જાયે તેથી મન બુદ્ધિ બગડે ને ઉપર લખ્યા મુજબ રોગો પણ ઘણાંક લોકો ને થાય છે તે જોવા છે મળે માટે આ રસના ઈન્દ્રી જે સ્વાદ જીતે તો જ સકલ ઈન્દ્રીયો જીતાય છે પણ રસના ઈન્દ્રીય જીતી ન હોયે તો તે જીતેન્દ્ર કહેવાતા નથી. માટે રસના ઈન્દ્રીયને પેલા જીતવી એટલે કાંઈ મીઠાઈ ન ખાવી એમ નહી. મીઠાઈ ફરસાણ ભલે યોગ રીતે ખાવું પણ પોતાને ઘેર ચોખ્ખાઈથી બનાવો, બનાવી પોતાને ઘેર જે ભગવાનની મૂર્તિ હોયે તેને થાળ ધરાવી તે પ્રસાદી જમો તો તે જ વસ્તુ નિર્ગુણ થાયે છે.

ત્યાં એક મોટા સત્પુરૂષે લખ્યું છે કે ધૂત પકવન પયપકવન

કંદુ પકવન શુદ્ધા સમ એ તન ન ગ્રાહમ સદાચાર રતા દપી.

આમાં કહેવાનું કે ઘીમાં જે બનાવેલ વસ્તુ જે સુખડી આદિમાં દુધ કે પાણી ન આવે કેવળ ઘીમાં જ પાક બનાવેલ હોય તથા પયપકવન એટલે પય એટલે દુધમાંથી બનાવેલ હોયે, બરફી, બાસુંદી, આદિ વસ્તુ તે કંદોઈયે બનાવેલ હોયે તે શુદ્ર સમાન કહેવાય. એતનનગાહ્ય સદાચાર રતા દપી કેતાં આ વસ્તુ જે ઘીમાં બનાવેલી હોયે, દુધમાં બનાવેલ હોય ને સદાચારવાળો મનુષ્ય હોયે તો પણ ખાવી નહી એમ આ સાખી નો અર્થ થાયે છે. આવા વચનો મોટા સત્પુરૂષો શાસ્ત્રમાં લખી ગયા છે. તે કાંઈ કોઈને ભરમાવવા માટે લખેલ નથી. આ તો સત્શાસ્ત્રમાં કે મોટા સત્પુરૂષો હોયે તે માણસોની બુદ્ધિ સારી રહી સદાય સત્વગુણમાં રહે એટલે આવી રીતે આપણાને સમજાવે છે કે જો આપણે સમજીયે ને એ પ્રમાણે આપણે વતીએ તો જરૂર આપણા અંતરમાં શાંતી વર્તે એમાં જરાપણ શંકાને સ્થાન નથી. તે સ્વામીનારાયણ ભગવાને ગઢડા પ્રથમ પ્રકરણના અઢારના વચનામૃતમાં લખેલ છે કે પંચઈન્દ્રીયોના આહાર શુદ્ધ રાખશો તો તમારું અંતર શુદ્ધ રહેશે ને ભગવાનની મૂર્તિની સ્મૃતિ અખંડ રહેશે ને એ પંચઈન્દ્રીયોના આહાર શુદ્ધ ન રાખીએ તો આપણું અંતર શુદ્ધ ન રહે ને અંતરમાં અશાંતિ વર્તે માટે આપણે આવા વચનો સાંભળી ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરીએ તો સુખીયા થવાયે, બાકી તો હે વહાલા સજ્જન ભાઈયો આ વાંચીને આપણાને જેમ સાનુકુળ પડે એમ કરવું

બાકી તો આમાં કહેલ હોય તે પ્રમાણે કહેવું એ સત્પુરૂષની પવિત્ર ફરજ કહેવાયે એ પ્રમાણે જે વર્તે છે તે સદાયે સુખી જ હોયે છે. ને આવા ઘણાંક હરિભક્તો તથા સજ્જન માણસોને જોયેલા છે. ને આ પ્રમાણે નથી વર્તતા તે દુ:ખી પણ છે એ પણ ઘણાંક દાખલા છે. માટે આપણે સમજી વિચારી કાળજી રાખી શાસ્ત્રોના નિયમ પ્રમાણે વર્તવું તો દયાળુ શ્રી હરી જરૂર પોતાના ભક્તની સર્વે પ્રકારે રક્ષા કરે જ ને સદાય રક્ષા કરશે માટે આપણે આનંદમાં રહી ભજન કરવું.

બીજું ગઢડા મધ્ય પ્રકરણના ૧૨ ના વચનામૃતમાં કહેલ છે કે **આ કાયા જે દેહ ને કાયારૂપી નગર છે** તેમાં આજીવ છે તે રાજા છે કેમ કે આ આપણા આ દેહમાં જીવ છે ત્યાં સુધી આપણે ચાલીયે છીયે, બોલીએ છીએ,આદિ ક્રિયા આ જીવ છે ત્યાં સુધી કરીયે છીએ. પણ આ કાયારૂપી જે દેહ તેમાંથી આ જીવ નીકળી જાયે તો આ દેહ કાંઈપણ કરી શકતો નથી. એટલે જ આ વચનામૃતમાં કહેલ છે કે આ કાયા નગરને વિશે જીવ છે તે રાજા છે, જેમ આ લોકમાં કોઈ રાજા હોયે તે રાજનીતીને જાણીને રાજ્ય ચલાવે તો તે રાજાનું તેનું વસતી કહ્યું કરે ને હુકમ માને ને જો તે રાજા નીતી જાણ્યા વિના રાજ્ય ચલાવે તો તે રાજ્ય બરાબર ચાલે નહી ને તે રાજા નાદાર થઈને બેસી રહે તો તેની વસ્તી કોઈ રાજાનું માને નહી. ને સાંઢ થઈ જાયે સાઢ એટલે તે વસ્તી સ્વતંત્ર થઈ જાયે. એટલે રાજા ઓસીયાળો થઈ જાયે એ તો

દૃષ્ટાંત છે પણ આના ઉપરથી શું લેવાનું કે આ કાયા જે દેહમાં જે જીવ છે તે રાજા છે. ને ઈન્દ્રીયો અંત:કરણ તો તે જીવ રૂપી રાજાની વસ્તી છે. તે જો જીવ ભગવાનનું ભજન કરીને બળીયો થાયે તો ઈન્દ્રીયો અંત:કરણ પણ બરાબર નિયમમાં ચાલે તો આ જીવનો સુખેથી મોક્ષ થઈ જાયે ને જન્મમરણના ફેરા ભોગવવા ન પડે. માટે આપણે ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરીશું તો જરૂર આપણો મોક્ષ થઈ જાયે.

બીજુ ગ.મ.પ્ર.ના ૪૫ના વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે કે તમે સર્વે મુની મંડળ તથા બ્રહ્મચારી તથા સર્વે ગૃહસ્થ સત્સંગી તથા પાળા જે પાર્ષદ તથા અયોધ્યાવાસી અયોધ્યાવાસી એટલે આચાર્યો બંને દેશના એ તમે સર્વે મારા કહેવાયો છો. તે જો હું ખટકો રાખી ને તમને વર્તાવુ નહી ને તમો કાંઈ ગાફલપણે વર્તો ને અમારા થકી દેખાય નહી માટે જે **જે મારા કહેવાયો છો તેમાં મારે એક તલ માત્ર કસર રહેવા દેવી નથી.** માટે તમે પણ સુધા સાવધાન રહેજો. જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહી અને મારે તો જે તમે ભગવાનના ભક્ત છો તેના હૃદયમાં કોઈ જાતની વાસના તથા કોઈ જાતનો અયોગ્ય સ્વભાવ તે રહેવા દેવો નથી અને માયાના ત્રણ ગુણ, દસ ઈન્દ્રીયો, દસ પ્રાણ, ચાર અંત:કરણ, પંચભુત, પંચવિષય અને ચૌદ ઈન્દ્રીયોના દેવતા એમાંથી કોઈનો સંગ રહેવા દેવો નથી ને એ સર્વે માઈક ઉપાધી થકી રહીત સત્તા માત્ર એવો જે આત્મા તે રૂપે થઈને

ભગવાનની ભક્તિ કરો એવા સર્વેને કરવા છે, પણ કોઈ જાતનો માયાનો ગુણ રહેવા દેવો નથી. ને આ જન્મે જ સર્વે કસર ટળાવી નાખવી છે ને કઈ કસર રહેવા દેવી નથી. તે ત્રણ ગુણ તે ગુણનું નામ (૧) સત્વગુણ (૨) રજોગુણ (૩) તમોગુણ તે ત્રણ ગુણનું કાર્ય સત્વગુણનું કાર્ય આપણા અંતરમાં શાંતિ વર્તે શાંતીથી ભગવાનનું ભજન થાયે, શાંતીથી વ્યવહારિક કાર્ય થાયે ને એ સત્વગુણનું કાર્ય કહેવાયે. બીજો રજોગુણ રજોગુણનું શું કાર્ય ? કે આપણાં અંતરમાં સારા કે ખરાબ વિચાર આવ્યા જ કરે ને શાંતીથી ભગવાનનું ભજન થાયે નહી, વ્યવહારિક કાર્યમાં પણ વિઘ્ન આવે આને રજોગુણ કહેવાયે. ત્રીજો તમો ગુણ તમો ગુણનું કાર્ય શું ? તો અંતરમાં શૂન્ય વર્તે પોતાની મેળે અંતરમાં અશાંતિ વર્તે ને ભગવાનના ભજનમાં પણ સુખ ન આવે, વ્યવહારિક કાર્ય પણ શાંતિથી કરી ન શકાય ને અંતરમાં ઉદ્વેગ વર્ત્યા કરે તેને તમો ગુણ કહેવાયે. ત્યાં શ્રીજી મહારાજે પ્રથમ પ્રકરણના ૩૨ ના વચનામૃતમાં કહેલ છે કે ભગવાનના ભક્તને ગુણ ઓળખવા ને રજો ગુણ તથા તમોગુણ વર્તતા હોયે ત્યારે ધ્યાન ભજન ન કરવું. ને જ્યારે સત્વગુણ વર્તતો હોયે ત્યારે ધ્યાન ભજન કરવું તે સત્વગુણ વર્તતો હોય ત્યારે ધ્યાન ભજનમાં સારૂ સુખ આવે ને શાંતીથી ભજન થાયે, બીજું ગ.મ.પ્ર.ના ૪૫ ના વચનામૃતમાં કહેલ છે કે દસ ઈન્દ્રીયો તે દસ ઈન્દ્રીયો કઈ તો શ્રોત્ર, ત્વક, ચક્ષુ રસના ઘ્રાણ, વાક, પાદ, પાણી, ગુદા ને ઉપસ્થ એ દસ ઈન્દ્રીયોને તે દસ

ઈન્દ્રીયોનું શું કર્તવ્ય છે. તે શ્રોત્ર એટલે કાન ને સાંભળવાનો વિષય છે. ચક્ષુ એટલે આંખનો જોવાનો વિષય છે. રસના જેને જીભ તેને સ્વાદ લેવાનો વિષય છે. ને ઘ્રાણ જે નાક તેની સુગંધ લેવાનો વિષય છે. વાક જે વાણીને બોલવી તે જીભનો વિષય છે. પાદ જે પગ તેને ચાલવાનો વિષય છે. પાણી જે હાથ તેને કામ કરવાનો વિષય છે. ઉપસ્થ જે શિશ્નું જે પેશાબ કરવાનો વિષય છે ને ગૃહસ્થને જગતનું કાર્ય કરવાનો વિષય છે. ગુદ્યને મળ જે વિષ્ટા તેનો ત્યાગ કરવાનો વિષય છે.એમ આ દસ ઈન્દ્રિયો કહી ને તેના કાર્ય કહ્યા તે ગઢાડા પ્ર.૩૨ ના વચનામૃતમાં કહેલ છે કે ભગવાનના ભક્તને એ દસ ઈન્દ્રિયો ભગવાન સંબંધી કાર્ય કરે તે કાન ભગવાનની કથા સાંભળે ને જરૂર પૂરતી વ્યવહારીક વાત સાંભળે પણ વિના પ્રયોજન જે તે ગ્રામવાતો ન સાંભળે ત્વક જે ચામડી તે ભગવાન કે ભગવાનના સત્પુરૂષનો જ સ્પર્શ કરે ને જરૂર પુરતો બીજો સ્પર્શ કરે પણ જેને તેનો સ્પર્શ ન કરે. ચક્ષુ જે આંખો તે ભગવાનના જ રૂપને જુવે ને બીજુ પ્રયોજન પૂરતુ જુવે. રસના ને જીભ તે ભગવાનના પ્રસાદનો જ સ્વાદ લે ને બીજો પ્રયોજન પૂરતો જ સ્વાદ લે. ઘ્રાણ જે નાક, નાક તે ભગવાનને ચડીયા એવા જે સુગંધીમાન પુષ્પોનો જ સુગંધ લે તે વિના પ્રયોજન પૂરતો જ સુગંધ લે એ પાંચ જ્ઞાન ઈન્દ્રિયોનો વિષયને પાંચ કર્મ ઈન્દ્રિયો તે પણ ભગવાન સંબંધી જ વિષય ભોગવે વાક જે વાણી એ ભગવાન સંબંધી જ બોલે ને બીજું પ્રયોજન પૂરતુ જ બોલે. પાદ જે પગ, તે

ભગવાનના દર્શન કરવામાં ચાલે તથા ભગવાનની પ્રદક્ષિણા કરવામાં ચાલે, તે વિના પ્રયોજન પૂરતો જ બીજે ચાલે પણ જ્યાં ત્યાં ચાલે નહી, પાણી જે હાથ તે ભગવાનની માળા ફેરવવામાં રાખે તથા ભગવાનની સેવામાં જ રાખે તે વિના પ્રયોજન પૂરતી જ બીજું કાર્ય કરે પણ બીજે જ્યાં ત્યાં જાય નહી. ઉપસ્થ, જે શીક્ષુ ઈન્દ્રીને પેશાબ કરવાનું કામ કરે ને ગૃહસ્થ હોયે તે ભગવાન આજ્ઞા પ્રમાણે જ વ્યવહારીક કાર્ય કરવામાં રાખે ને ત્યાંગી ને તો તે જગતનો કાંઈ વ્યવહાર હોય જ નહી. ને ગુદ્યા તે મળ જે વિષ્ટાનો ત્યાગ કરે ને વિષ્ટા જે મળનો ત્યાગ કરી સ્નાન કરી લેવું. એમ દસેય ઈન્દ્રીયો ભગવાનના ભક્તની ભગવાન સંબંધી જ કાર્ય કરે ને દસ ઈન્દ્રીયોના દેવતા,કાનના દેવતા દીગપાળ, ત્વક જે ચામડી તેના દેવતા વાયુ તથા ચક્ષુ જે આંખના દેવતા સૂર્યદેવ રસના જે જીભ તેના દેવતા વરૂણદેવ, ઘ્રાણ જે નાકના દેવતા અશ્વિનીકુમાર, વાક જે વાણીના દેવતા અગ્નિ દેવ, પાણી જે હાથના દેવતા ઈન્દ્ર, તથા પાદ જે પગ તેના દેવતા વામન, ઉપસ્થ જે શીશ્નું ઈન્દ્રીય તેના દેવતા પ્રજાપતિ, ગુદ્યા જે મળ ત્યાગ કરવાની ઈન્દ્રીય તેના દેવતા યમરાજા. બીજુ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર તે મનના દેવતા ચંન્દ્રમા, બુદ્ધિના દેવતા બ્રહ્મા, તથા ચિત્તના દેવતા વાસુદેવ, અહંકારના દેવતા રૂદ્ર.

બીજુ **દસ પ્રાણ તે દસ પ્રાણના નામ** ૧. પ્રાણ ૨. અપાન, ૩.વ્યાન, ૪. ઉદાન, ૫. સમાન, ૬. નાગ, ૭. કુર્મ, ૮.

કુકળ, ૯. દેવદત્ત ૧૦.ધનંજય, આ દસ પ્રાણ કહ્યા હવે એ પ્રાણ કયા રહ્યા છે. તે કહેવામાં આવશે ૧. પ્રાણ, હૃદયમાં રહ્યો છે. ૨. અપાન, ગુદામાં રહ્યો છે. ૩. સમાન, નાભીમંડળમાં રહ્યો છે. ૪. ઉદાન, કંઠદેશમાં રહ્યો છે. ૫. વ્યાન, સર્વ શરીરમાં રહ્યો છે. પંચ પ્રાણના બીજા લક્ષણ ૧. પ્રાણ પ્રાણગતિવાળો શ્વાસોચ્છ્વાસ રૂપ જાણવો કેતા શ્વાસ લેવાનો તથા ઉસ્વાદ જે શ્વાસને બહાર કાઢવાનો એ પ્રાણનું કાર્ય કહેવાય. ૨. અપાન, તે અધોગતિવાળો ને મળમૂત્રોત્સર્જનનાં હેતુ કહ્યો છે. કેતા મળમૂત્રનો ત્યાગ કરે તે તેનું કર્તવ્ય કહેવાયે. ૩. સમાન, પ્રાણ તે ખાધેલા અને પીધેલા અન્ન જળને સમય પ્રમાણે સ્વ સ્વ માર્ગે પમાડે છે. આને સમાન માન્યો છે. કેતા ખાધેલા અન્નને તથા પીધેલા પાણીને યોગ માર્ગે પમાડે તેને સમાન માન્યો છે. ૪. ઉદાન, ઉત્ક્રમણને કરાવનારો દેહ થકી દેહાંતર ગમન માટે ઉત્ક્રાંતિ કરાવનારો કહ્યો છે. ૫. વ્યાન, પ્રાણ સર્વ અંગમાં અતિ વ્યાપીને ચેષ્ટાને કરાવનારો માન્યો છે. ૬. નાગપ્રાણ, ઉદ્‌ગારને કરાવનારો જાણો ૭. કુર્મપ્રાણ, કુર્મતોને ત્રોદ્‌ઘાટનને કરાવનારો કહ્યો છે. ૮. પ્રાણ કુસળ, કુસળ પ્રાણ ક્ષુધાને ઉપજાવે છે કેતા ભુખ લગાડે છે. ૯.પ્રાણ દેવદત્ત, પ્રાણ તે બગાસુ લાવનારો છે કેતા તે બગાસુ કરાવે છે. ૧૦,ધનંજય પ્રાણ તે શરીરને પોષણ કરનારો કહ્યો છે. આવી રીતે દસ પ્રાણ તથા દસ પ્રાણના લક્ષણ કહ્યા. બીજું પંચભુત ક્યા.

૧. પૃથ્વી, ૨. જળ, ૩. તેજ, ૪. વાયુ, ૫.આકાશ, આ

પંચભૂતનું આપણું શરીર છે. બીજુ પંચ વિષય તે વિષય કયા તો ૧. શબ્દ, ૨. સ્પર્શ, ૩. રૂપ, ૪. રસ, ૫. ગંધ, આ પંચ વિષય આ બધા ૫૧. નું ટોળુ છે. તે આપણા આ દેહમાં રહેલ છે તે ૫૧ બધાયે માયાનું જ કામ કરે, અહો હે પ્રભુ પ્યારા, અહો હે ભગવાનના લાડકવાયા ભક્તો જુઓ આ ૫૧ ના માયાના ટોળાને ટાળવાને માટે આપણા સર્વેના પ્રિય, આપણા સર્વેના સુખદાતા, આપણા લાડીલા આપણા ઈષ્ટદેવ દયાળુ સ્વામિનારાયણ ભગવાન પોતાના આશ્રીત જે ભક્તો માટે કેટલીબધી કાળજી રાખે છે. તે જાણી આપણું હૃદય ભરાઈ જાયે ને હર્ષના આંસુ આવી જાયે, કે આવા દયાળુ ભગવાન પોતાના ભક્તોની કસર ટળાવવાને માટે કેટલી કાળજી રાખે છે. એટલે જ સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે કેમ કે આગળ અનેક અવતારો થઈ ગયા ને હજુ ઘણાંક અવતારો થાશે પણ પોતાના ભક્ત માટે આટલી બધી કસર ટાળવાને માટે ને મોક્ષ કરવાને માટે તો આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન જ રાખે તે મ.પ્રકરણનું ૧૨ મુ વચનામૃત તથા મ.પ્ર.નું ૪૫ મું વચનામૃત અવારનવાર વાંચશો તો આપણાને ખબર પડશે કે પોતાના ભક્તો માટે ભગવાન કેટલો બધો દાખળો કરે છે. ને કહે છે કે તમારા હૃદયમાં એક તલ માત્ર પણ કસર રહેવા દેવી નથી. જુઓ ભગવાનને આપણી કસર ટાળવાને માટે કેટલી બધી કાળજી છે, તો આપણે પણ આપણી કસર ટાળવાને માટે કાળજી રાખીશું તો જરૂર આ જ જન્મે આપણી કસર માત્ર ટળી

જશે. માટે આપણે ભગવાનનું ભજન કરવામાં તથા ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવામાં બહુ જ કાળજી રાખવી. બીજું આ પ્રાણ, અપાન, આદિના વિગતસરના લક્ષણ સત્સંગી જીવનના ચોથા પ્રકરણમાં અધ્યાય ૭૦ માં શ્લોક, ૨૨ થી ૩૦ સુધીમાં આ પ્રાણ, અપાનની વિગતસર વાત લખી છે. અહો આ સત્શાસ્ત્રમાંથી આપણાને ઘણું જાણવાનું તથા ઘણું સમજવાનું મળે છે. એટલા જ માટે શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં લખેલ છે કે પોતાની બુદ્ધિ પ્રમાણે સત્શાસ્ત્રનો અભ્યાસ કરવો ને વળી વચનામૃત સત્સંગી જીવન આદિ સત્શાસ્ત્રમાં લખેલ છે કે સારા ત્રીસ લક્ષણે યુક્ત સત્પુરૂષનો સમાગમ કરવો તે વડતાલના ત્રીજા વચનામૃતમાં મોટા સત્પુરૂષના લક્ષણ કહ્યા છે. તે ૧. દિવા જેવા, ૨. મસાલ જેવા, ૩. વિજળી જેવા, ૪. વડવા નળ અગ્નિ જેવા એ ચાર પ્રકારના સંતના લક્ષણ જે દિવા જેવા હોયે તે થોડો વિષય રૂપી વાયુનો યોગ થાયે તો ઓલાઈ જાય.મસાલ જેવા હોયે તે વધારે વાયુનો યોગ થાય તો ઓલાઈ જાયે. વિજળી જેવા હોયે તે પાણીમાં રહે તો પણ ઓલાય નહી ને વડવા નળ અગ્નિ જેવા જે સત્પુરૂષો હોયે તે માયારૂપી પાણીયે ઓલાય નહી ને સમુદ્રના જળ જેવા ખારા જીવ હોયે તેને પણ મીઠા પાણી જેવા કરી આપે. ને ક્યારેય તે માયામાં લોભાય નહી. તે વડવાનળ અગ્નિ જેવા સત્પુરૂષ કહેવાયે તેવા સારા મોટા સત્પુરૂષને ખોળીને એવા સત્પુરૂષનો સમાગમ કરવો તે વડતાલના ૧૯ ના વચનામૃતમાં કહ્યું છે કે આ પૃથ્વી ઉપર

મનુષ્ય જન્મ જેને મળે તેને આ પૃથ્વી ઉપર ભગવાનના અવતાર તથા સત્પુરૂષ જરૂર વિચરતા હોયે તો તેનો યોગ થાયે તો આ જીવ માયાને તરી જાયે ને મોક્ષને પામે છે. માટે સત્પુરૂષનો સમાગમ કરવો.

બીજું એક ભક્તે લખ્યું કે

પીપા પાપ ન કીજીયે તો પુન્ય કીયા સો વાર, જો કછુ કા લીયા નહી તો દીયા લાખ હજાર, આના ઉપરથી શું લેવાનું કે પીપા નામના એક સારા ભક્ત હતા. તેમણે કહ્યું કે આપણે જરાપણ પાપ ન કરવું. પાપ એટલે શું ? કે ભગવાનને જે પ્રમાણે સત્શાસ્ત્રમાં આજ્ઞા કરી છે કે દારૂ ન પીવો, ઇંડા-માસ ન ખાવું, ચોરી ન કરવી, જુગાર ન રમવો, વ્યાભીચાર ન કરવો, આ પંચ મહાપાપ કહેવાયે. તે ૧. પાપ કયું તો દારૂ ન પીવો, તે દારૂ શા માટે ન પીવો ? તે શિક્ષાપત્રી ભાષ્યમાં સતાનંદ સ્વામીએ લખ્યું કે દારૂ શેમાંથી બને છે ? તો તેમાં લખ્યું કે મયુળા નામનું ફળ થાયે છે તે સડી જાયે એટલે તેમાં જંતુ થાયે તે જંતુ સહિત પીસે તેથી તે જંતુ પણ તેમાં પીસાય જાયે. પછી તેમાં અમુક નશાવાળા કેમીકલ નાંખે તેથી જે તે દારૂ પીયે તેને જંતુવાળો જે દારૂ પીયે તેને પાપ લાગે ને નશાવાળા કેમીકલ નાંખે તેથી જે દારૂ પીયે તેને નશો ચડી જાયે. જેથી તેને ભાન ન રહે. બેભાન થઈ જાયે ને તે ગાળો બોલે બીજા સાથે ઝઘડો કરે. આદિ તેને શું કરુ છું તે ભાન રહેતું નથી. તેથી તેને

ઘરમાં પોતાના જ સ્ત્રી, પુત્ર હોયે માતા-પિતા આદિ સજ્જનો હોયે પોતાના મિત્ર હોયે આદિ પોતાના હિતેચ્છુ હોયે પણ જે દારૂ પીયે તેથી તે સર્વે સાથે ઝઘડો કરે ને બેભાન થઈ જાય પછે જ્યારે તેને તે દારૂનો નશો ઉતરી જાયે ત્યારે ખબર પડે કે મે આ શું કર્યું. તેમજ તે દારૂ પીવાથી આપણા આ શરીરનું નેવલ ખરાબ થઈ જાયે તે નેવલ ખરાબ થાયે એટલે આ શરીરનું પતન થાયે છે. આવા દાખલા પણ મોટા સત્પુરુષોએ લખ્યા છે માટે દારૂ તો સત્સંગી હોયે તથા સારા સજ્જન માણસો હોયે તે કોઈએ દારૂ તો ક્યારેય ન પીવો. કેમ કે દારૂ પીવાથી ઉપર લખ્યા મુજબ બેભાન થઈ જાયે છે. ને જંતુમાંથી થાયે છે તેથી જે દારૂ પીવે તેને મહાપાપ લાગે છે. ૨. ઇંડા તથા માંસ ન ખાવું. તે પણ શિક્ષાપત્રી ભાષ્યમાં સ.ગુ.સ્વામી સંતાનંદ સ્વામીએ કહ્યું છે કે ઇંડા ખાવાથી મહાપાપ લાગે છે. કેટલાક અજ્ઞાની માણસો કહે કે ઇંડામાં જીવ ન હોયે તો તેને ખાવામાં વાંધો નહી, પણ શાસ્ત્રોમાં લખેલ છે કે જો ઇંડામાં જીવ ન હોયે તો મોટુ ન થાય ને તે ઇંડામાંથી બચ્ચુ પણ થાયે, માટે ઇંડા તો ક્યારેય ન ખાવા. ને માંસ તો જાનવરમાંથી થાયે છે. તે ગાય, બળદ, ભેંસ, આદિના માંસ ખાવાથી મહાપાપ લાગે છે. કેમ કે તે જનાવરને તલવાર કે કોહાડી આદિ હથિયારથી મારે છે. જેથી તેને કેટલું બધું દુઃખ થાયે છે, તેને મારીને તેનું માંસ જે ખાય તે તો મહાપાપી છે. માટે સત્સંગીયો હોયે કે સજ્જન માણસો હોયે તેમણે ઇંડા કે માંસ ક્યારેય ન ખાવા. કેમ કે

તે પશુને મારે છે ત્યારે તેને કેટલું બધું દુઃખ થાયે છે. આપણાને કોઈ તલવાર ઉગામે તો આપણાને કેટલી બીક લાગી જાયે છે. અરે ઝાડ છે તે ઝાડને કોઈ કાપવા જાયે છે ને તે કોહાડી ઉગામે છે. તો એ ઝાડ પણ ધ્રુજી ઉઠે છે. જુઓ આ ઝાડને કોઈ કાપે છે તો તેને પણ બીક લાગે છે. ને ધ્રુજી જાયે છે. તો ગાય આદિને મારવાથી ને તેનું માંસ ખાવાથી બહું જ પાપ લાગે છે. માટે માંસ ક્યારેય ન ખાવું. ૩. ચોરી ન કરવી. ચોરી કરવાથી મહાપાપ લાગે છે. ને જો ચોરી કરી હોયે તો બીજો જન્મ પશુ આદિનો આવે ને જેટલી ચોરી કરી હોયે તેને તેટલો હિસ્સો આપવો પડે. તેના ઉપર મોટા સત્પુરૂષે વાત કરી કે એક નાનો છોકરો હતો તે જ્યાં ત્યાંથી ચોરી કરી આવે ને તેની માતાને ચોરી કરેલ વસ્તુ કે રૂપિયા આપે તેથી તેથી માતા રાજી થતા એમ કરતા તે છોકરો મોટો થયો ને તેનો નાનપણાથી જ ચોરી કરવાનો સ્વભાવ પડી ગયો. તેથી તે ચોરી જ કરે. એક વખત રાજદરબારમાં રાજાનો ખજાનો તોડી ઘણાંક રૂપિયા તથા સોનાના દાગીના ચોરી લાવ્યો. પછી રાજાને ખબર પડી તેથી આ ચોરને પકડ્યો ને ચોરીનો ગુનો સાબિત થયો. તેથી રાજાએ આ છોકરાને ફાંસીએ ચડાવવાનો હુકમ કર્યો. ને પોલીસે કીધું કે તમો તૈયાર થઈ જાઓ. રાજાનો હુકમ છે તેથી તમોને ફાંસીએ ચડાવવા છે. તે સાંભળી આ છોકરો બોલ્યો કે પેલા મારી માતાને મમીને બોલાવો ને પેલા એને ફાંસીએ ચડાવો પછી મને ફાંસીએ ચડાવજો. એ સાંભળી

પોલીસે તેની માતાને બોલાવ્યા તે માતા તે રાજ દરબારમાં આવ્યા ને આ છોકરા પાસે આવ્યા તે જોઈ આ છોકરો પોલીસને કહે પેલા આ મારી માતાને ફાંસીએ ચડાવો પછી મને ફાંસીએ ચડાવજો. તે સાંભળી પોલીસ કહે અરે ભલામાણસ આ તારી માતા તો નિર્દોષ છે. એને શાં માટે ફાંસીએ ચડાવીએ ? ચોરી તો તે કરી છે. તે સાંભળી છોકરો બોલ્યો કે હું નાનો હતો ત્યારે ચોરી કરી આવી આ મારી માતાને આપતો તેથી તે રાજી થતા પણ હું નાનો હતો ત્યારે હું ચોરી કરી આવતો ત્યારે આ મારી માતા મને વઢત ને ચોરી કરવાની ના પાડત તો હું આવડી બધી મોટી ચોરી કરવા શીખ્યો ન હોત. એટલે જ હું કહું છું કે આ મારી માતાનો વાંક છે. માટે એને પેલા ફાંસીએ ચડાવો. એ સાંભળી પોલીસ ચકીત થઈ ગયા ને રાજા પાસે ગયા ને રાજાને આ બધી વાત કરી આ છોકરો પોતાને માતાને પેલા ફાંસીએ ચડાવવાનું કહે છે. તે વાત સાંભળી રાજા પણ વિચારમાં પડી ગયા ને આ છોકરા પાસે આવ્યા ને આ છોકરાને રાજા કહે છે કે આ તારી માતાએ તુ નાનો હતો ત્યારે ચોરી કરતો હતો ત્યારે આ તારી માતાએ તને સમજાવ્યો ન હતો. તે સાંભળી આ છોકરો બોલ્યો, ના રાજા સાહેબ જો હું નાનો હતો ત્યારે હું ચોરી કરી આવતો હતો ત્યારે આ મારી માતાએ સમજાવ્યો હોત ને મને ઠપકો આપ્યો હોત તો હું આ ચોરી ન કરત. તેથી આ મારી માતાનો વાંક કહેવાયે. એટલે જ હું કહું છું કે પેલા આ મારી માતાને ફાંસીએ ચડાવો એ સાંભળી આ

રાજાએ એ છોકરાની માતાને ઠપકો આપ્યો કે તમોએ આ નાનો હતો ત્યારે ચોરી કરતો ત્યારે તમારે આ છોકરાને ભલામણ કરી હોત તો આ છોકરો સુધરી જાત. આ સાંભળી તેની માતાએ પોતાની ભુલ કબુલ કરી ને રાજાની માફી માંગી ને છોકરે પણ રાજાની માફી માંગી. તેથી રાજા રાજી થયા અને તે છોકરાને તથા તેની માતાને ફાંસીએ ન ચડાવ્યા ને રાજાએ આ છોકરાને ભલામણ કરી કે હવે ક્યારેય આવી ચોરી ન કરજે. જો ચોરી કરવાથી કેટલું દુઃખ થાયે છે. માટે ક્યારેય પણ ચોરી ન કરવી. ૪. જુગાર, તે સત્શાસ્ત્રમાં કહેલ છે કે જુગાર ક્યારેય રમવો નહી. કેમ કે જુગાર રમવાથી મહાપાપ લાગે ને મહાન કષ્ટને પામે છે. તેના ઉપર સત્શાસ્ત્રમાં વાત લખી છે કે પાંચ પાંડવો જે યુધિષ્ઠિર તથા અર્જુન તથા ભીમસેન તથા સહદેવ તથા નીકુલ એમ પાંચ પાંડવો હતા. તે મહાન સત્યવાદી હતા ક્યારેય પણ અસત્ય કર્મ ન કરતા પણ દૈવીયોગે એમની બુદ્ધિ થોડી બગડી ને જુગાર રમ્યા તે જુગારમાં રાજ્ય હારી ગયા.રાજયની બધી મિલકત હારી ગયા. અરે પોતાની પ્રિય રાણી દ્રૌપદી તેને પણ હારી ગયા. ને બાર વર્ષ સુધી વનમાં રહેવું પડ્યું ને મહાન કષ્ટને પામ્યા. જુઓ જુગાર રમવાથી કેટલું દુઃખ ભોગવવું પડ્યું. માટે હે વહાલા સજ્જન ભાઈઓ, જુઓ આ જુગાર રમવાથી કેટલું બધું દુઃખ થયું, માટે ક્યારેય પણ જુગાર રમવો નહી. કેટલાક માણસો એમ વાત કરે કે અમે રૂપિયાથી જુગાર રમતા નથી. પણ અમથા અમથા ખાલી જુગાર રમીએ છીએ. જુઓ

વહાલા ભાઈઓ હમણાં ભલે રૂપિયાથી રમતા નથી. પણ આસ્તે આસ્તે આ જુગારની લપમાં ચડી જાયે તો તે મોટી રીતે પણ જુગાર રમે. જુવો પાંચ પાંડવો કેવા સત્યવાદી હતા પણ જુગાર રમ્યા તો પોતાના અડધા અંગના રાણી દ્રૌપદીને પણ હારી ગયા. તેથી દ્રૌપદીને કેટલું બધું દુઃખ થયું. માટે જુગાર તો ક્યારેય ન રમવો. બીજું સત્શાસ્ત્રમાં કહેલ છે કે વ્યાભિચાર ક્યારેય ન કરવો. તે વ્યાભિચાર એટલે શું ? તો પોતાની ધર્મપત્નિ સિવાય બીજી સ્ત્રી જોડે સંગ કરે તો તે વ્યાભિચાર કહેવાયે. તે વ્યાભિચાર કરવાથી મહાન પાપ લાગે છે. ને અપાર દુઃખ ભોગવવું પડે છે. તે શાસ્ત્રમાં લખેલ છે કે જે માણસ વ્યાભિચાર કરે છે. તેને યમદુતો દેહને અંતે મારી કુટીને યમપૂરીમાં લઈ જાય છે ને તે યમના દૂતો કાનમાં ઉના સીસાનો રસ રેડે, આંખમાં અણીવાળા ભાલા ખોંસે, તીક્ષ્ણ હથિયાર વડે પગ કાપે તથા હાથ કાપે તથા ગળુ કાપે ને ઘણોક માર મારે તથા ધગધગતા કોલસા ઉપર ચલાવે ને મહાન દુઃખ આપે ને આ ખૂબ જ રાડો પાડે પણ આ દુઃખમાંથી કોઈ છોડાવી શકે નહી. માટે હે વહાલા ભાઈઓ હે વહાલા સજ્જનો વ્યાભિચાર તો ક્યારેય ન કરવો. જો અજાણે પણ વ્યાભિચાર કરે તો પણ મહાન પાપો જે આ ઉપર લખ્યા મુજબ દુઃખ ભોગવવા પડે માટે કાળજી રાખી ક્યારેય પાપ ન કરવા. તે પીપાયે કહ્યું કે પીપા પાપ ન કીજ્યે. જુઓ પાપ કરવાથી કેટલું દુઃખ થાયે છે. માટે ક્યારેય પાપ ન કરવું. પાપ ન કરીયે તો પુન્ય કર્યા સો વાર

આવુ પાપ ન કરીયે તો સો વખત પુણ્ય કર્યુ હોયે એવું ફળ થાય છે. બીજુ લખ્યું કે

જો કછુકા લીયા નહી તો દીયા લાખ હજાર, તેમાં લેવાનું કે આપણે કોઈની પાસેથી કાંઈપણ ન લઈએ તો લાખ વાર આપ્યું કહેવાય. માટે આપણે કોઈની પાસેથી કાંઈપણ વસ્તુ લેવી નહી. જો આપણે કોઈની પાસેથી કાંઈપણ વસ્તુ લઈએ તો આપણા ઉપર તેનો ભાર ચડે ને તેને પરલોકમાં કેતા બીજે જન્મે ચૂકવવું પડે. માટે કોઈની પાસેથી કાંઈપણ વસ્તુ લેવી નહી. આપણે પોતે જાત મહેનત કરી કમાઈને પોતે જ પોતાની વસ્તુ તથા રૂપિયા વાપરવા પણ બીજા કોઈની પાસેથી ક્યારેય પણ વસ્તુ લેવી નહી. ત્યાં મોટા સત્પુરૂષે એક વાત લખી છે કે એક ભાઈયે બીજાભાઈને લાખ રૂપિયા વાપરવા આપ્યા હતા ને કહ્યું હતું કે તું આ રૂપિયા ભલે વાપરજે પણ પછી તુ કમાયે ત્યારે આ રૂપિયા પાછા આપજે. પછે ભગવાનની ઈચ્છાથી આ ભાઈ સારા ઘણાંક રૂપિયા કમાણો ને પેલા ભાઈએ રૂપિયા આપ્યા હતા તેને આપવાનો વિચાર કરે ત્યાં વળી બીજો ધંધો કરે તેમાં રૂપિયા રોકાઈ જાયે, એમ બે ત્રણ વખત થયું પણ તે પેલા ભાઈને રૂપિયા આપી શકયો નહી. ઉંમર થતા આ ભાઈનો દેહ પડી ગયો ને તેના ઉપર દેવું રહી ગયું. પછી થોડા સમય જેણે રૂપિયા આપ્યા હતા. તેનો દેહ પણ પડી ગયો. ને જેણે રૂપિયા આપ્યા હતા તે મોટો થયો ને સારો શેઠ થયો ને ઘણાંક રૂપિયા કમાણો અને જેણે પેલા જન્મમાં લાખ રૂપિયા લીધા

હતા. તે રૂપિયા આપ્યા વિના રહી ગયા તે ગરીબ રહ્યા. માંડ માંડ પોતાના ઘરનો વ્યવહાર કરે પછે એક સમય આ ગરીબ આ શેઠ પાસે ગયો ને નોકરીની વાત કરી તેથી તેને તે શેઠે નોકરીમાં રાખ્યો. ને તે શેઠનું કામ કાજ કરે આ શેઠ જે બતાવે તે કામકાજ કરે. ક્યારેક તો રાતના મોડે સુધી કામ કરાવે તે પણ આ ગરીબ માણસ કરે. ને તેને પગાર આપે તે આ ગરીબ માણસ નોકરી કરે ને જરૂર પૂરતો ઘરખર્ચો કરે ને બીજા રૂપિયા બચાવે એમ કરતા પાંચ વર્ષે આ ગરીબ પાસે લાખ બે લાખ રૂપિયા ભેળા થયા ને અચાનક માંદો થયો. ડૉકટર પાસે દવા કરાવી પણ સાજો ન થયો. ત્યા એક સમય એક જ્યોતીષ અચાનક આ ગરીબને ઘેર આવ્યો ને બોલવા માંડ્યો અરે ભાઈ તમને શું થયું છે ? આવો હું તમારૂ જ્યોતીષ જોઈ આપું ને જે તકલીફ હશે તે મટી જશે એ સાંભળી આ ગરીબ માણસ કહે ભલે જ્યોતીષ જુઓ, શું તકલીફ છે ? ને જ્યોતીષ સારા હતા તે પંચાંગ જોઈ આ ગરીબ માણસનું જ્યોતીષ જોઈને જ્યોતીષ બોલ્યા કે તમે આગલા જન્મમાં તમે જેને ત્યાં નોકરી કરો છો તેના પાસેથી તમે લાખ રૂપિયા લીધા હતા. તે લાખ રૂપિયાનું દેવું તમારા ઉપર રહી ગયું છે. તેનું દેવું આપી દેશો. એટલે તમને સારૂ થઈ જશે. આ જ્યોતીષની વાત સાંભળી તેને પોતાના પૂર્વે જન્મનું જ્ઞાન થયું ને પૂર્વેની વાત સાંભળી આવીને સમજાવ્યા કે આ વાત સાચી છે. પછી આ ગરીબ માણસ લાખ રૂપિયા લઈ પેલા શેઠ પાસે ગયા ને આ જ્યોતીષની વાત કહી તે

સાંભળી શેઠને પણ આગલા જન્મની સ્મૃતિ ભગવાનની ઈચ્છાથી થઈ આવી ને આ ગરીબ માણસે આ શેઠને લાખ રૂપિયા આપવા મંડ્યા પણ આ શેઠ કહે મે હમણાં ક્યાં તમને રૂપિયા આપ્યા છે. માટે આ રૂપિયા હું ન લઉં પણ આ ગરીબ માણસે આગલા જન્મની બધી વાત આ શેઠને કરી કે આ રૂપિયા રહી ગયા તેથી હું દુઃખી છું. માટે તમે જરૂર આ રૂપિયા લ્યો, બહુ આગ્રહ કર્યો એટલે આ શેઠને પણ પેલા જન્મની સ્મૃતિ તો હતી જ તેથી તે રૂપિયા લીધા તે આ શેઠને આ ગરીબ માણસે રૂપિયા આપ્યા તેથી તે સાજો થયો. ને પછે તે ગરીબ માણસ પણ ખુબ જ સુખી થયો. ને ઘણાંક રૂપિયા કમાણો. આમાં કહેવાનું કે આ ગરીબ માણસે બીજા પાસેથી રૂપિયા લીધા હતા. ને તે રૂપિયા રહી ગયા તો બીજે જન્મે પણ તે રૂપિયા ચૂકવવા પડ્યા ને પછી જ શાંતી થઈ. તે આ પીપા ભક્તે કહ્યું કે કછુ કા લીયા નહી તો દીયા લાખ હજાર. આ ભાઈએ રૂપિયા લીધા હતા તો બીજે જન્મે તે શેઠની નોકરી કરી તે રૂપિયા ચૂકવવા પડ્યા. માટે કોઈની પાસેથી ક્યારેય પણ કાંઈ લેવું નહી ને આપણી સાચી ભાવના હોયે ને આપણા પાસે ભલે રૂપિયા ન હોયે તો પણ આપણી સાચી ભાવના હોયે કે મારે દાન કરવું છે પણ સંજોગોવશાત્ પોતાના પાસે રૂપિયા ન હોયે પણ સાચી ભાવના હોયે તો એમણે લાખો રૂપિયાનું દાન કર્યું કહેવાય.

બીજુ મોટા સંતે કીર્તનમાં કહેલ છે કે **નારદ મેરે સંત સે**

અધિક નહી કોઈ, શ્રીકૃષ્ણ ભગવાને કહેલ છે કે હે નારદ મારા સંતથી બીજુ કાંઈ અધિક એટલે વધારે કાંઈ નથી. મમ ઉર સંત સંત ઉર હું મારા હૃદયમાં સંત રહેલા છે. ને સંતના હૃદયમાં ભગવાન રહેલા છે. જો મેરે સંત કે રતિ એક દુભે તો કાટુજડ નીધી તોયે આમાં કહેવા કે મારા સંતને જો કોઈ રતિ એટલે જરાપણ દુઃખાવે તો તેનું જડ મૂડથી નાશ થઈ જાયે. જુવો સંતનો કેટલો બધો મહિમા કહ્યો છે. સંત એટલે ભગવા કપડાં પહેરે એટલે સંત બની ગયા, ન બન્યા એ તો શાસ્ત્રોમાં સંતના લક્ષણ કહ્યા છે કે સત્ય, સૌચ, દયા, શાંતી, ત્યાગ, સંતોષ, આરજવ તીતીક્ષા સમ, દમ, દયા, શાંતી આદિ ત્રીસ લક્ષણે યુક્ત જે સંત હોયે તેને જ સાચા સંત કહ્યા છે. તો આવા ત્રીસ લક્ષણે યુક્ત સંતનો સમાગમ કરવાથી આ જીવનો મોક્ષ થાયે ને એવા સંત ભગવાનને વહાલા છે.

બીજું મૂળી દેશમાં મેમકા ગામ છે ત્યાંના યુવાનીયા સથવારા વૈશાખ જેઠ એટલે મે કે જૂન મહીનામાં ખુબ જ ગરમી થાયે તેવી ગરમીમાં યુવાનીયા છોકરાઓ સાંઠી સુડવા જાયે તે સાંઠી એટલે શું ? તો કાલા જેમાંથી કપાસ થાયે તે કાલા લઈલે પછે સાંઠીયો હોયે તેને ખોદવા જાયે તે આ **યુવાનીયા સાઠી ખોદવા વેલા ઉઠી નાહી પુજા કરી ને જતા** હતા. સવારના ૪ વાગે વેલા જાયે તે બપોરના ૧૨ વાગ્યાની આસપાસ તે સાઠી સુડવા કેતા તે સાંઠી કાપવા જાયે તે યુવાનીયાને મનમાં એમ વિચાર આવ્યો કે આપણે વેલા

સાંઠીયો કાપવા જઈએ છીએ. ચાલો પહેલાં અહી મોટા સંત રહે છે ત્યાં મંદિરમાં તે સંતના દર્શન કરી પછે સાંઠીયો કાપવા જઈએ એમ વિચારી ૪ વાગ્યાની આસપાસ મંદિરે ગયા. ત્યાં મોટા સંત વહેલા ઉઠી નાહીને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા હતા. ત્યાં આ યુવાનીયા છોકરા સ્વામીના દર્શન કરવા ગયા. આ યુવાનીયા છોકરાએ પ્રેમથી સ્વામીને ઉંચે સાદે જય સ્વામિનારાયણ કહ્યા. સ્વામી ધ્યાનમાંથી જાગીને બોલ્યા કે, અરે ભક્તો આજે આવડા વહેલા દર્શન કરવા કેમ આવ્યા? તે સાંભળી આ છોકરાઓ બોલ્યા અરે સ્વામી આજ અમો સાંઠીયો કાપવા જઈએ છીએ. સ્વામી કહે ભલે સાંઠીયો કાપજો, પણ એક એક ઘા મારી સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈ સાંઠીયો કાપજો, એ સ્વામીની વાત સાંભળી સ્વામીના દર્શન કરી ખેતરે ગયા. સર્વે છોકરાઓએ વિચાર કર્યો કે આપણાને સ્વામીએ સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈ એક એક ઘા મારીને નામ લેતા જવું ને સાંઠીયો કાપતા જવું. એમ વિચારી બધા સત્સંગી છોકરાઓ એક એક ઘા મારતા જાયે ને સ્વામિનારાયણનું નામ લેતા જાયે, એ ભગવાનના નામમાં એટલા બધા તલ્લીન બની ગયા કે પોતાને દેહનું પણ ભાન ન રહ્યું. દરરોજ બપોરે બાર વાગ્યાની આસપાસ કામ બંધ રાખી બપોરે જમે, થોડીવાર વિસામો ખાયે પછે બપોરે ફરી કામ કરે પણ આજે તો તેમણે બપોરની પણ ખબર ન પડી. ભુખ,તરસ કે પેશાબ-પાણી આદિની કાંઈ ખબર ન પડી. સાંજના છ વાગ્યા સુધી ભગવાનનું નામ

લઈ સાંઠીયો કાપી સાંજના સૂર્ય આથમ્યાનો વખત થયો ત્યારે એક ભક્તે સૂર્ય સામે જોયું કે અરે આ સૂર્ય હમણા ઉગે છે કે આથમે છે. પછે બરાબર તપાસ કરતા ખબર પડી કે, સૂર્ય આથમે છે. પછી સર્વેએ સાંઠીયો કાપવાનું બંધ કર્યું. ને વિચાર કર્યો કે અરે આપણે બપોરના જમ્યા પણ નથી. ને કામ પણ હંમેશાં કરતાં ચાર ગણું કર્યું. બધાના મનમાં આનંદ થયો કે અરે આજ તો આપણા ગુરૂ સ્વામીએ આપણાને કહ્યું હતું કે સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈ સાંઠીયો કાપજો ને એમ કરવાથી થાક પણ ન લાગ્યો ને કામ પણ ઘણું થયું. પછે સર્વેયે વિચાર કર્યો કે હવે આપણે હમણાં જમવું નથી ને સ્વામીના આશીર્વાદથી આપણે કામ ઘણું કર્યું તેથી આપણે બધાયે સ્વામિના દર્શન કરવા જઈએ એમ વિચારી બધા મંદિરે સ્વામીના દર્શન કરવા ગયા ને તેમણે જે કામકાજ કર્યું ને સ્વામિનારાયણનું નામ લીધુ તેથી કામ ઘણું થયું ને જમવાની પણ ખબર ન પડી. તે બધી વાત સ્વામીને કહી તે સાંભળી સ્વામી બહું જ રાજી થયા. ને બધાના માથા ઉપર હાથ મૂક્યા ને સારા આશીર્વાદ આપ્યા કે તમો ખુબ જ સુખીયા થાશો ને દેહને અંતે મોક્ષ થશે. એ સાંભળી બધા રાજી થયા ને પોતાને ઘેર જઈ હાથ-પગ ધોઈ માનસી પુજા કરીને પછે જમ્યા, ને દિવસનું જે કામ કર્યું તે વાત પોતાના માતા-પિતાને કરી, તે સાંભળી એમના માતા-પિતા પણ બહુજ રાજી થયા. ને આશીર્વાદ આપ્યા ને પછે તે છોકરા મોટા થયા ને સારો સત્સંગ રાખ્યો, સારા

રૂપિયા કમાણા ને ખુબ જ સુખીયા થયા ને દેહને અંતે મહારાજની સાથે તે સ્વામી આવીને ભગવાનના ધામમાં તેડી ગયા. આમાં શું કહેવાનું કે, આ છોકરાએ કાંઈ મંદિરનું કામ ન હોતું કર્યું, પોતાના ખેતરનું જ કામ કર્યું હતું, પણ મોટા સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી ભગવાન સંભારીને કામ કર્યું તો કામ પણ સારૂં થયું ને સંતના આશીર્વાદ મળ્યા ને ખુબ જ સુખીયા થઈ ગયા. તેવી જ રીતે આપણે પણ પોતાનું દરેક વ્યવહાર કાર્ય મોટા સત્પુરૂષ ત્રીસ લક્ષણે યુક્ત હોયે તેવા સંતના આશીર્વાદથી ભગવાનને સંભાળીને વ્યવહારીક કાર્ય કરીએ તો મોટા સત્પુરૂષ રાજી થાયે ને આ લોકમાં તથા પરલોકમાં સુખીયા થવાયે માટે આપણે જેમ બને તેમ ભગવાનનું ભજન વિશેષ કરવું ને ભગવાનનું ભજન કરી પોતાના જીવાત્માનું કલ્યાણ થાયે, ને દેહને અંતે શ્રી હરિની સેવામાં રહી જવાયે એ જ મોટો લાભ છે. માટે આપણે કાળજી રાખી ભજન કરવું.

બીજું **શ્રીજી મહારાજ આ પૃથ્વી ઉપર વિચરતા હતા** ત્યારે એક સમય શ્રીજી મહારાજ સૌરાષ્ટ્ર દેશમાં માંગરોળ ગામમાં પધાર્યા ને ત્યાં શ્રીજી મહારાજ સંતો-હરિભક્તોની સભામાં બિરાજમાન હતા ને સર્વે ભક્તજનો ભગવાનની મૂર્તિ સામું જેમ ચંદ્ર સામું ચકોર પક્ષી જોઈ રહે તેમ બધાયે સંતો હરિભક્તો ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેલા હતા ને શ્રીજી મહારાજ ધર્મ,જ્ઞાન,વૈરાગ્ય,ભક્તિની વાતો કરી ભક્તોને સુખીયા કરતા હતા ને સર્વે સંત હરિભક્તો પણ તે ભગવાનની વાતો

સાંભળીને આનંદના સાગરમાં નાહ્યા કરતા, ને સર્વેના અંતરમાં શાંતી શાંતી વર્તતી હતી ને બોલતા કે અહો અહો આવો આનંદ તો અમોને ક્યારેય મળ્યો નથી. એવા ભગવાનના સુખના આનંદમાં ગરકાવ થઈ જતા, જેમ ભમરો ફુલની સુગંધમાં ગરકાવ થઈ જાયે તેમ આ સંતો હરિભક્તો પણ ભગવાનની મૂર્તિના સુખમાં ગરકાવ થઈ જતા ને આનંદ આનંદને આનંદના સાગરમાં તરબોળ થઈ જતા ને અંતરમાં એમ થઈ જતું કે અહો આવુ ભગવાનની મૂર્તિમાં સુખ છે તે વાત પણ સાચી છે. સર્વેને સુખ આપનારા સ્વામિનારાયણ ભગવાન છે. એવા દયાળુ સ્વામિનારાયણ ભગવાન મને મળ્યા છે. એનો કેફ ચાખી સર્વે ખૂબ જ ભગવાનની મૂર્તિના સુખમાં તલ્લીન થઈ જતા, આ બધી વાતો ગામમાં ફેલાવા લાગી કે અહો આ ગામમાં સ્વામિનારાયણ ભગવાન આવ્યા છે ને ઘણાંક માણસો તેમના દર્શન કરવા જાયે છે ને તેમના દર્શન કરવાથી બહુ જ આનંદ આવે છે. તે વાત ત્યાના મુસલમાન રાજાએ સાંભળી ને તેમના મનમાં થયું કે આવા ચમત્કારી સ્વામિનારાયણ ભગવાન હોયે તો હું પણ તે ભગવાનના દર્શન કરવા જાઉં. એમ વિચારી તે રાજાએ પોતાના કારભારી જોડે કહેવડાવ્યું કે મને એ સ્વામિનારાયણ દર્શન કરવા આવવા દેશે ? તે કારભારી સ્વામિનારાયણ ભગવાન પાસે આવીને તે રાજાની વાત કરી કે તે રાજાને આપના દર્શન કરવા આવવું છે તે સાંભળી ભગવાન બોલ્યા કે, ભલે પ્રેમથી તે રાજા દર્શન કરવા આવે. તે સમાચાર

સાંભળી તે રાજા દર્શન કરવા આવ્યા. તે રાજાએ પ્રેમથી દર્શન કર્યા ને બહુ જ રાજી થયા. ને ભગવાન સામું જોઈ રહ્યા, ભગવાને તે રાજા સામું જોઈ ચપટી વગાડી તેથી તે રાજાને સમાધી કરાવી અક્ષરધામમાં મોકલ્યા, ત્યાં પ્રકાશમાન અક્ષરધામ જોઈ રાજાને બહુજ આનંદ આવ્યો. પાંચ મીનીટ થઈ ફરી ભગવાને ચપટી વગાડી રાજા સમાધીમાંથી જાગ્યા ને બોલવા મંડ્યા અહો તમો તો અલ્હા છો. તમો ખુદા છો એમ બહુ બહુ પ્રાર્થના કરી ને બોલવા મંડ્યા કે અહોહો ત્યાં તો કાંઈ નૂર હતું, ત્યાં તો કાંઈ આનંદ હતો, તે મુસલમાન લોકો તેજને નૂર કહે, અહો અહો એ તો કાંઈ અલૌકિક સુખ હતું. એ સુખ મૂકીને અહી તમે કેમ આવ્યા છો ? એમ ત્યાંના રાજા બોલ્યા, તે સાંભળી ભગવાન બોલ્યા કે અમે તો તમારા જેવાને એ સુખ આપવાને માટે જ અમો અહી આવ્યા છીયે. એ સાંભળી રાજા બહુજ રાજી થયા ને સત્સંગી થયા, ને ભગવાનનું ભજન કરી પોતાના આત્માનું કલ્યાણ કર્યું. જુઓ આ મુસલમાન રાજા હતા પણ ભગવાનના પ્રેમથી દર્શન કર્યા તેથી તે રાજા સુખી થયા.

બીજું એક સમય શ્રીજી **મહારાજ સંતોની સભા ભરીને ધર્મજ્ઞાન, વૈરાગ્યની વાતો કરતા હતા.** ભગવાનની વાતો સાંભળી બધા સંતો ખુબ જ ભગવાનની મૂર્તિના સુખમાં તરબોળ થઈ ગયા હતા. સભા પૂરી થયા બાદ બ્રહ્માનંદ સ્વામી કહે હે કૃપાનાથ, આપ દયા કરી મારે આસને પધારજો. તે સ્વામીનો પ્રેમ જોઈ શ્રીજી મહારાજ બોલ્યા કે, ભલે

સ્વામી આવતીકાલે સાંજના ૮ વાગ્યે તમારે આસને જરૂર આવીશું. એ સાંભળી બહું જ સ્વામી રાજી થયા ને બ્રહ્માનંદ સ્વામીને મહારાજ પ્રત્યે સખાભાવ હતો. મહારાજ પોતાને આસને પધારશે તેથી સારૂ મજાનું આસન પાથરી રાખ્યું ને આઠ વાગ્યે મહારાજ હમણાં આવશે એમ વાટ જોઈને બેઠા. શ્રીજી મહારાજ આઠ વાગે સ્વામીને આસને જવા રવાના થયા રસ્તામાં પ્રેમાનંદ સ્વામીનું આસન આવ્યું તે પ્રેમાનંદ સ્વામીયે મહારાજને પ્રેમથી પ્રાર્થના કરી હે કૃપાનાથ આ દાસનું આસન પાવન કરતા જાવ. પ્રેમાનંદ સ્વામીની વાત સાંભળી શ્રીજી મહારાજ પ્રેમાનંદ.સ્વામીને આસને થોડીવાર બેઠા ને પછે શ્રીજી મહારાજ ઉઠવાની તૈયાર કરતા હતા ત્યાં પ્રેમાનંદ સ્વામી તો પ્રેમની મૂર્તિને વળી શ્રીજી મહારાજ સામું જોયે, વળી હાથનો સ્પર્શ કરે, વળી પગનો સ્પર્શ કરે, વળી મહારાજને પ્રેમથી ભેટે, વળી પ્રાર્થના કરે એમ મહારાજની મૂર્તિના સુખમાં તરબોળ બની જતા ને ભગવાન પણ એમના પ્રેમમાં એટલા બધા તન્મય બની ગયા કે ટાઈમની ખબર ન પડી એમ કરતા આખી રાત વીતી ગઈ. સવારના છ વાગ્યા થોડું અજવાળું થવા માંડ્યું. શ્રીજી મહારાજને બ્રહ્માનંદ સ્વામીને આસને જવાની વાત યાદ આવી. શ્રીજી મહારાજ ઉતાવળા ઉતાવળા ચાલી બ્રહ્માનંદ સ્વામીને આસને પધાર્યા. બ્રહ્માનંદ સ્વામી તો આખી રાત્રી મહારાજની વાટ જોતા હતા. મહારાજ બ્રહ્માનંદ સ્વામીને આસને પધાર્યા. બ્રહ્માનંદ સ્વામીએ પ્રેમથી દર્શન કર્યા ને ભગવાનની પ્રાર્થના કરી અરે

કૃપાનાથ આવડા બધા મોડા આવ્યા તે ક્યાં રોકાણા હતા ? એમ કહી પોતાની લાવણતાથી કિર્તન બોલ્યા સાચુ કહો ને મારા શ્યામ કાનુડા કોણે તમને ભરમાવ્યા રે, ને તમોને કોણ મળ્યું ધુતારાજી એમ મર્મમાં સ્વામી કિર્તન બોલ્યા તે કિર્તન સાંભળી શ્રીજી મહારાજ ધીમે રહી બોલ્યા કે અરે સ્વામી એ તો પ્રેમાનંદ સ્વામીનું આસન રસ્તામાં આવ્યું તેથી પ્રેમાનંદ સ્વામીએ વિનંતી કરી કે આ દાસનું આસન પાવન કરતા જાયો તે સાંભળી થોડીવાર એમને આસને બેઠો પણ એ સ્વામી તો પ્રેમની મૂર્તિ ને એમના પ્રેમમાં હું આવી ગયો. તેથી ટાઈમની પણ ખબર ન પડી. એટલે આપને આસને મોડો આવ્યો. એ સાંભળી બ્રહ્માનંદસ્વામી રાજી થયા. ભલે દયાળું એ પ્રેમાનંદ સ્વામીને રાજી કર્યા તે સારૂ કર્યું. એ પણ મારા ગુરૂ ભાઈ થાયે. પછે બ્રહ્માનંદ સ્વામીએ ખુબ જ પ્રેમથી ચંદન પુષ્પથી પૂજન કર્યું ને શ્રીજી મહારાજને રાજી કર્યા. શ્રીજી મહારાજ પણ આ સ્વામી ઉપર બહુ જ રાજી થયા ને બ્રહ્માનંદ સ્વામીયે પ્રેમથી દર્શન કર્યા ને પછે પ્રેમથી કિર્તન બોલ્યા

"રહ્યું છે મારા રૂદીયામાં રૂપ તમારૂ,
રૂપ તમારૂ એક રૂદીયામાં રાખું
મે તો બીજુ સર્વે કાઢ્યું છે બારૂ
દુરીજન લોક ઓલ્યા દાઝી મરે છે
તેની ધડક હૈયામા સીદ ધારૂ.

બ્રહ્માનંદના વહાલા તમ સંગ રમતા
મારે દાડી દાડી છે દીવાળી રહ્યું છે
મારા રૂદિયામાં રૂપ તમારૂ"

આ કિર્તનને સાંભળી ભગવાન રાજી થયા ને સ્વામીને પ્રેમથી જય સ્વામિનારાયણ કહી ત્યાંથી રવાના થયા. આમા શું કહેવાનું કે, બ્રહ્માનંદસ્વામીની વિનંતીથી સ્વામીને આસને જતા હતા પણ પ્રેમાનંદ સ્વામીના પ્રેમમાં એટલા બધા શ્રીજી મહારાજ ગરકાવ થઈ ગયા તે ટાઈમની પણ ખબર ન પડી. તેવી જ રીતે આપણે પણ ભગવાનની મૂર્તિના ધ્યાનમાં તથા ભજનમાં લીન થઈ જશું તો જેમ પ્રેમાનંદ સ્વામીના પ્રેમમાં શ્રીજી મહારાજ તલ્લીન થઈને એમના પ્રેમમાં આવી ગયા તેવી રીતે આપણા પ્રેમમાં પણ શ્રીજી મહારાજ જરૂર આવી જાયે ને આપણાને પણ પોતાની માધુરી દિવ્ય મૂર્તિનું સુખ જરૂર આપે તો આપણે એ ભગવાનને વિશે હેત કરવામાં બહું જ કાળજી રાખવી ને બ્રહ્માનંદ સ્વામીને પણ શ્રીજી મહારાજને વિશે પ્રેમ તેથી કિર્તન બોલ્યા કે રહ્યું છે મારા રૂદિયામાં રૂપ તમારુ, રૂપ તમારૂ એક રૂદિયામાં રાખું, બીજું સર્વે કાઢ્યું છે બારૂ. જુઓ બ્રહ્માનંદ સ્વામીને મહારાજ પ્રત્યે કેટલો બધો પ્રેમ કે તમારી મૂર્તિ જ મારા રૂદિયામાં રાખું, બીજું કાંઈ ન રાખું, જોવો હે મારા શ્રીજી પ્યારા વહાલા ભાઈઓ સ્વામીએ ભગવાનની મૂર્તિ વિના બીજું બધું બહારે કાઢી મૂક્યું ને એક ભગવાનની માધુરી માણીગર મુર્તિ જ

હૃદયમાં રાખી તેવી જ રીતે આપણે પણ કાળજી રાખી ભજન કરીશું તો આપણા હૃદયમાં પણ દયાળું શ્રીજી મહારાજ જરૂર દર્શન આપશે, માટે આપણે ભગવાન ભજવામાં બહુજ કાળજી રાખવી, ને આ મનુષ્ય જન્મને પામીને આપણે સર્વેએ ખરૂં તે જ કરવાનું છે.

બીજું **એક માણસ રાત્રે પોતાની પથારીમાં સૂવા ગયો તે પથારી સાફ સુફ કરે,** વળી સારી રીતે પાથરે, વળી ચાદર પાથરે, એમ આખી રાત્રી તે પથારી પાથરતા ને સરખી કરતા વિતી ગઈ એમ કરતા સવાર પડી ગઈ. તે સૂઈ શક્યો નહી. એ તો દૃષ્ટાંત છે કે જેને આવા દયાળું સ્વામિનારાયણ ભગવાન મળ્યાન હોયે જેને આવો સત્સંગનો યોગ મળ્યો ન હોયે એવા જગતના બિચારા જીવો જે હોયે તે એક કામ કરે ત્યાં બીજું કામ તૈયાર હોયે, બીજું કામ કરે ત્યા, ત્રીજું કામ તૈયાર હોયે ને એમ વિચાર કરે કે આ કામ પૂરૂં કરી લઉં પછી ભગવાનનું ભજન કરું પણ દુનિયાનાં કામ કોઈનાયે પુરા થયા નથી. ને થાશે પણ નહી. માટે હે સારા સજ્જન માણસો, હે સારા સત્સંગી ભાઈઓ, આ દુનિયાના કામો કોઈનાયે પૂરા થયા નથી ને થાશે પણ નહી. માટે તમો ગૃહસ્થ છો તે વ્યવહારીક કાર્યો તો કરવા જ પડે પણ વ્યવહારીક કાર્યો કરતા જવું ને સાથે સાથે ભગવાનનું ભજન કરતા જઈએ તો બંને કામ થાયે. માટે આપણે કાળજી રાખી ભગવાનનું ભજન બરાબર કરવું.

બીજું મોટા સત્પુરૂષોએ લખ્યું કે કુંજ પક્ષી ઇંડા મૂકીને દૂર દૂર છેટે ઉડવા જાયે ને છ મહિને પછે તે ઇંડા પાસે આવે ત્યાં સુધી તે **કુંજ પક્ષી પોતાની વૃત્તિ વડે તે ઈંડાનું સેવન કર્યા કરે** ને છ મહિને પછે તે કુંજ પક્ષી પોતાના બચ્ચા પાસે આવે તે વૃત્તિ વળે તે ઇંડાનું સેવન કરે તેથી તે ઇંડામાંથી બચ્ચા થઈ જાયે ને છ મહિને આવે ત્યારે તે કુંજ પક્ષી પોતાના બચ્ચાને ઓળખી જાયે ને તે બચ્ચાં પણ તે કુંજ પક્ષીને ઓળખી જાયે. એમ વૃત્તિ વડે સેવન કરવાથી થાય છે. તેના ઉપર શું કરવાનું કે, આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન પોતાના પ્રેમી ભક્તોનું પોતાના અક્ષરધામમાં બેઠા થકા વૃત્તિ વડે આપણું સેવન કર્યા કરે છે. તે ભગવાન વૃત્તિ વડે કોનું સેવન કરે ? તો જે સાચા ભક્ત હોયે ભગવાનનું ધ્યાન-ભજન બરાબર કરતા હોયે, ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરતા હોયે, એવા જે પ્રેમી ભક્તોની વૃત્તિ વડે સેવન કરે છે, તો આપણું તે ભગવાન વૃત્તિ વડે સેવન કરે એવા સાચા ભગવાનના ભક્ત થવું, ને એવા ભક્ત થાશું તો જરૂર આપણી ભગવાન સહાયતા કરે છે. ને સદાય સહાયતા કરશે. તો આપણે તેનો કેફ રાખી આઠે પહોર આનંદમાં રહી ભગવાનનું ભજન કરવું, એ જ ખરો લાભ છે માટે કાળજી રાખી ભજન કરવું.

બીજું રામ ભગવાનના ભક્ત **તુલસીદાસ તે સારા ભગવાનના ભક્ત હતા.** એક સમય કોઈ ગામમાં ગયા ત્યાં હેત સંતોષવાળા ભક્ત આવેલા ને તુલસીદાસને તે ભક્તો કહે કે કાંઈ વાતો

કરો, ત્યારે તે તુલસીદાસ બોલ્યા કે એક ક્ષણ માત્ર ભગવાન ન ભુલીએ એ જ મોટો લાભ છે. ને એક ક્ષણ માત્ર ભગાવન ભુલાયે તે જ મોટી હાની છે. જો આ તુલસીદાસની કેવી સમજણ કે એક ક્ષણ માત્ર પણ ભગવાન ભૂલવા નહી. આપણાને પણ નિષ્કુળાનંદ સ્વામીએ કહેલ છે ત્યાં કિર્તન કે હવે મારા વહાલાને નહી રે વિસારૂં, શ્વાસે ઉસ્વાસે નિત્ય સંભારૂં. જુવો મોટા સંતોનો આવો સિદ્ધાંત કે શ્વાસે ઉસ્વાસે ભગવાનને સંભાળવાનો અભ્યાસ કરવો તે લખ્યું છે કે જો અભ્યાસ કરે તો નવા સત્સંગી હોયે તે પણ આગળ વધી જાયે ને જો ભગવાન ભજવાનો અભ્યાસ ન કરે તો ભલે જુના સત્સંગી હોયે તે પણ પાછળ રહી જાયે. માટે આપણે કાળજી રાખી ભજન કરીશું તો જરૂર ભગવાન આપણને સુખી કરે છે. ને સદાય સુખી કરશે. માટે આપણે તેનો કેફ રાખી આનંદમાં રહી ભજન કરવું.

બીજું મોટા સંતોએ લખ્યું કે કોઈ **માણસ પાસે લાખો રૂપિયાની પાકીટ હોયે તો તે માણસની વૃત્તિ તે પાકીટમાં જ હોયે,** જરા ખડખડે જરા કોઈ આવે પણ તે માણસની વૃત્તિ તે પાકીટમાં જ રહે. કેમ કે તેણે એમ માન્યું છે કે આ પાકીટમાં ઘણા રૂપિયા છે તે સાચવીશ તો જરૂર સુખી થઈશ. પાકીટમાં રૂપિયા તો માઈક હતા, પણ તે રૂપિયામાં માલ મનાણો હતો કે આ પાકીટમાં લાખ રૂપિયા ખોવાઈ ન જાયે તેથી કેટલી બધી તે પાકીટને સાચવવામાં કાળજી રાખે છે. જુવો ભાઈઓ આ રૂપિયા સાચવવામાં કેટલી બધી કાળજી

માણસો રાખે છે. તેવી જ રીતે આપણે ભગવાનને હૃદયમાં રાખવામાં ઘણી કાળજી રાખવી તે મોટા સંતોએ લખ્યું છે કે લાધ્યો હરિવર હિરલો જી રે હરિવર જે ભગવાનરૂપી જે લાંખો રૂપિયાનો હીરો તે આપણે સાચવામાં બહુ જ કાળજી રાખવી તે હરિવરરૂપી હીરો જો આપણે બરાબર સાચવી રાખશું તો આપણો બેડો પાર થઈ જાશે ને જન્મ મરણના ફેરા ટળી જશે. ને અપાર આપણે ભગવાનની મૂર્તિનું સુખ ભોગવીશું. તે આપણે ભગવાન ભજવામાં બહુ જ ખટકો રાખવો. ને ખટકો જો આપણે બરાબર રાખીશું તો જરૂર આપણો મોક્ષ થઈ જશે. માટે જેમ બને તેમ ભજન કરવાનો વિશેષ આગ્રહ રાખવો.

બીજું મોટા સંતોએ લખેલ છે કે **લોધીકા ગામના જીજીભા બહુજ સારા ભક્ત હતા** ને ભગવાનનું ભજન સારૂ કરતા હતા. પણ તેમના કુંવર અભયસિંહજી હતા તેમને કુસંગનો સંગ થઈ ગયો તેથી તે એકદમ કુસંગી થઈ ગયા ને ખરાબ લાઈને ચડી ગયા. ને વ્યસન,ફેલ ફતુર કરવા લાગ્યા. તેથી જીજીભાને ઘણું દુઃખ થયું. ને પોતાના કુંવરને ઘણા સમજાવ્યા પણ તે કુંવર જરાપણ માન્યા નહી પછે જીજીભાના મનમાં થયું આ કુંવરની વાત સ.ગુ.ગોપાળનંદ સ્વામીને કરૂં. ને તે સમજાવે ને સમજી જાયે તો સારૂ. એમ વિચારી જીજીભાએ ગોપાળાનંદ સ્વામીને પોતાના કુંવરની બધી વાત કરી તે સાંભળી ગોપાળાનંદ સ્વામી બોલ્યા, અરે જીજીભા તમો જરાપણ ચિંતા ન કરો એ તમારા કુંવરને સમજાવીને સારા

સત્સંગી બનાવીશું. એ સાંભળી જીજીભા રાજી થયા. પછે એક સમય જીજીભાને સ્વામીએ કહ્યું કે તમારા કુંવરને અહીં લઈ આવો. ત્યારે જીજીભા કહે સ્વામી એ તો અહી આવવાની ના પાડશે. આવશે નહી, પછે સ્વામી કહે તમે કહો કે સ્વામી તમને દર્શન કરવા બોલાવે છે. તે સાંભળી જીજીભાયે પોતાના કુંવરને વાત કરી તમને ગોપાળાનંદ સ્વામી દર્શન કરવા બોલાવે છે માટે ચાલો તો સારૂ થાશે. એમ સાંભળી એમનું અંતર ફરી ગયું ને સ્વામીના દર્શન કરવા આવ્યા. ને સ્વામીએ તેમને ભગવાનની વાતો સંભળાવી ને જે પાપ કરે છે તેને યમદૂતો ખૂબ જ માર મારે છે. યમપૂરીમાં ઘણું દુઃખ ભોગવવું પડે છે. આદિ ઘણીક સ્વામીએ વાતો સંભળાવી ને પછે સ્વામીએ તે અભયસિંહજી સામું જોયું. અભયસિંહજીએ સ્વામીજીની સામું જોયું. તેથી તે સ્વામીની દયાથી તેમનું અંતર ઓગળી ગયું ને સ્વામીને કહે, તમો જે આજ્ઞા કરો તે હું કરુ. તે સાંભળી સ્વામી બહુ રાજી થયા. ને સ્વામીએ માથે હાથ મૂક્યો ને ખૂબ જ ભગવાનના મહીમાની તથા ધ્યાન ભજનની વાત કરી તે સાંભળી તે રાજી થયા. સ્વામીએ વર્તમાન ધરાવી કંઠી બાંધી. પૂજા આપી પછે તે અભયસિંહજી હંમેશાં સ્વામીનો સમાગમ કરે ને પછે ધ્યાન ભજન કરે તે સ્વામીની દયાથી તે ખૂબ જ ધ્યાન ભજન કરે ને બધાય પાપો તથા વ્યસનો છોડી દીધા ને એકાંતીક ભક્ત થયા. આમાં કહેવાનું કે,આ અભયસિંહજીને કુસંગનો સંગ લાગ્યો તેથી તે બહુંજ કુસુંગી થઈ ગયા. પછે ગોપાળાનંદ સ્વામીનો સમાગમ

થયો તે બધાય પાપો તથા બધાય વ્યસનો છોડીને એકાંતીક ભક્ત બની ગયા ને પોતાના જીવાત્માનો મોક્ષ કર્યો. તે જુવો આ મહાન પાપી હતા પણ સ.ગુ. ગોપળાનંદ સ્વામીનો સમાગમ થયો તો મહાન ભક્ત બની ગયા. એટલે શ્રીજી મહારાજે શિક્ષાપત્રી ભાષ્યમાં કહેલ છે કે, નિત્યે પ્રત્યે મોટા સત્પુરૂષનો સમાગમ કરવો, ને વળી બ્રહ્માનંદ સ્વામીએ કિર્તનમાં કહેલ છે કે, સંત સમાગમ કીજે હો નિસદિન સંત સમાગમ કીજે. તે સત્પુરૂષનો મહિમા તો દરેક સત્શાસ્ત્રોમાં કહ્યો છે, તે સત્પુરૂષ કોને કહેવાયે ? બાવાયે ભગવા કપડાં પેર્યા એટલે સંત બની ગયા. ન બન્યા પણ શ્રીજી મહારાજે વચનામૃત,સત્સંગી જીવન તથા સ.ગુ.નિષ્કુળાનંદ સ્વામીએ ચોસઠપદી ગ્રંથ આદિમાં ત્રીસ લક્ષણે યુક્ત હોયે, સ્ત્રી ધનનાં ત્યાગી હોયે, તેને જ સત્પુરૂષો કહ્યા છે. તો એવા સત્પુરૂષોને ઓળખીને સત્પુરૂષનો સમાગમ કરવાથી આપણા જીવને શાંતી થાયે, ને સત્પુરૂષોનો સમાગમ કરવાથી જ આપણા જીવાત્માનો મોક્ષ થાયે છે. માટે આપણે પણ કાળજી રાખી મળતે અવકાશે સત્પુરૂષનો સમાગમ કરવો.

બીજું મોટા સંતોએ એક વાત લખી કે બંને **મિત્રો હતા તે બીચારા વ્યવહારે દુઃખી હતા.** માંડમાંડ પોતાના દેહનો વ્યવહાર ચલાવે પછે એક દિવસ બંનેએ વિચાર કર્યો કે આપણે અહી દુઃખી છીએ તો ચાલો આ મુંબઈ જેવું મોટુ શહેર છે, ત્યાં કમાવવા જઈએ. એમ વિચારી બંને મિત્રો મુંબઈ કમાવા માટે ચાલ્યા. ગાડી મારફ્તે મુંબઈ પહોંચ્યા.

મુંબઈમાં ગામ બહાર ગરીબ લોકો પતરાંના છાપરાં બાંધી, દાળીયા, મમરા, કુગા આદિ બનાવેને મુંબઈ શહેરમાં વેચી પોતાનો વ્યવહાર ચલાવે, ત્યાં આ બંને મિત્રો ગયા. ત્યાં દાળીયા આદિ બનાવતા હતા તેમણે આ બંને મિત્રોને પૂછ્યું કે તમો ક્યાના છો ? ક્યા જવાના છો ? શા માટે અહીં આવ્યા છો ? એ વાત સાંભળી આ બંને મિત્રોએ પોતાની વાત કરી કે અમો અહીં કમાવા આવ્યા છીએ. તે વાત સાંભળી દાળીયા બનાવતા હતા તે બોલ્યા, કે ભલે તમારે અહી રહી આ કામ કરવું હોયે તો અમે તમોને રાખીએ, ત્યારે આ બંને મિત્રો બોલ્યા કે શું પગાર આપો ? ત્યારે આ દાળીયાવાળા વેપારી બોલ્યા કે અહીં તમોને રહેવા આપીએ, જમવા આપીએ ને પચાસ રૂપિયા દરરોજના પગાર આપીએ. એ સાંભળી એક મિત્ર રાજી થયો કે અરે, અમારા ગામમાં તો કેટલી બધી મહેનત કરતા ત્યારે માંડ માંડ પંદર રૂપિયા પગાર મળતા. આ તો અહીં રહેવા મળે,જમવા મળે ને પચાસ રૂપિયા પગાર મળે તે સારૂં કહેવાયે. એમ જાણી ખુશી થઈ ગયો. ને ત્યાં દાળીયા બનાવવાવાળાને ત્યાં નોકરીએ લાગી ગયો. બીજો મિત્ર હોશિયાર હતો તેણે વિચાર કર્યો અહો આવડું મોટું આ મુંબઈ શહેર છે, તો હું આગળ જાઉં ને સારી નોકરી મળતી હોયે, સારો પગાર મળતો હોયે, તો આગળ જાઉં. ને જો સારી નોકરી નહી મળે તો પછી આ તો છે જ ના. એમ વિચારી મુંબઈમાં આગળ ચાલ્યો. ત્યાં ખાંડ-ગોળ-ચોખા-ઘી-તેલ આદિ વેચતા હતા

તેની દુકાન આવી ને જોઈ આ બીજો મિત્રે વિચાર કર્યો કે હું આ શેઠને વાત કરું તેથી આ શેઠને પોતાની બધી વાત કરી. તેથી તે શેઠ કહે, ભલે તમારે અમારા પાસે રહેવું હોયે તો, ખાવું, પીવું, ને સો રૂપિયા પગાર આપીએ. એ જાણી બીજે મિત્રે વિચાર કર્યો કે હજી આ મુંબઈ શહેર મોટું છે, આગળ જાઉં એમ વિચારી આગળ ચાલ્યો ત્યાં સોના-ચાંદીની દુકાન આવી ત્યાં આ શેઠને વાત કરી તો આ સોનાવાળો શેઠ કહે, ભલે તમારે અહીં નોકરી કરવી હોયે તો રહો. તમોને ખાવું પીવું ને બસો રૂપિયા પગાર આપીશું. એમ વિચારી વળી તે આગળ ચાલ્યો. ત્યાં હિરા-માણેક ઝવેરાતની દુકાન આવી ત્યાં આ મિત્રે પોતાની વાત કરી, તે ઝવેરાતનો વેપારી આ મિત્રને જોઈને રાજી થયો કે અહો આ માણસ હોશીયાર લાગે છે. માટે આને મારી આ પેઢી ઉપર રાખું ને તેને આ કામ શીખાડું ત્યારે આ મિત્ર બોલ્યો કે મને શું પગાર આપશો ? તે સાંભળી આ હીરાવાળા શેઠ બોલ્યા કે ખાવું, પીવું, રહેવાનું ને તમોને પાંચસો રૂપિયા પગાર આપીશું. ને તમો વધારે કામ કરશો, વધારે માલ વેચી આપશો, તો દસ ટકા કમીશન પણ આપીશું. આમ સાંભળી રાજી થયો ને ત્યાં તે ઝવેરાતવાળાની દુકાને કામ કરે ને બીજે પણ આજુબાજુ જઈ સારી ગરાગી લાવે તેથી આ શેઠ બહુ રાજી થયા ને તેને પગાર ઉપરાંત સારૂ કમીશન આપે ને સારૂ મજાનું મકાન પણ રહેવા આપે ને આ તો ખુબ જ સુખીયો થયો. ને દસ થી પંદર લાખ રૂપિયા કમાઈ ગયો ને લગભગ

બે વર્ષ ત્યાં થઈ ગયા પછે તેને થયું કે મારા માતા-પિતાને મળવા જવું, તે વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે કે કુટુંબીનો સંબંધ વડ તથા થોડના ઝાડ જેવો છે. તે પડ્યો પડ્યો પણ તે પાગડયા કરે કેતા મોટા થાયે ને તે સંબંધ ભલભલા માણસોથી પણ છુટી શકતો નથી. ને તે કુટુંબીને વિશે હેત છે એ જ માયા છે. તે આ છોકરો ઘણાંક રૂપિયા કમાણો તેથી પોતાના માતા-પિતાને મળવા વિચાર કર્યો ને આ શેઠ પાસે વાત કરી કે મારે વતનમાં મારા માતા-પિતાને મળવા જાવું છે. તે સાંભળી આ શેઠે કહ્યું કે ભલે જાયો, એક મહિને પાછા આવી જજો. તે સાંભળી આ છોકરો ઘણાંક રૂપિયા લઈ પોતાના કુટુંબને મળવા ચાલ્યો, પણ તેને પોતાને મિત્ર યાદ આવ્યો કે મારો મિત્રો જો સાથે ચાલે તો તેને પણ સાથે લેતો જાઉં, એમ વિચારી આ મિત્ર પેલા મિત્રને મળવા ગયો. પણ આ મિત્ર તો દાળીયાના ભઠા ઉપર દાળીયા બનાવતો હતો. તેથી શરીરે પણ જરા ગરમીને લઈ થોડો કાળો થયો હતો. ત્યાં આ મિત્ર ગયો ને કહ્યું કે કેમ મિત્ર મજામાં છો ને ? હું તો મારા કુટુંબને મળવા જાઉં છું. માટે તારે ચાલવું છે ? તે સાંભળી આ દાળીયાવાળો મિત્ર બહું જ દિલગીર થઈ ગયો ને બોલ્યો અરે મિત્ર, તુ તો બહું જ સુખી લાગે છે. હું તો હજુ બહુ રૂપિયા કમાણો નથી. તેથી મારે તો દેશમાં ચાલવું નથી. ને બોલ્યો અરે મિત્ર તુ તો બહુજ સુખી લાગે છે. તે સાંભળી આ મિત્રે પોતાની બધી જ વાત કરી ને કહે હું તો બહું જ સુખી છું. ને ઘણાં

રૂપિયા કમાણો. તે વાત સાંભળી તે મિત્ર બહું પસ્તાવા લાગ્યો ને બોલ્યો કે અરે હું કેવો અભાગીયો તે અહીં રોકાઈ ગયો. તુ તો બહું જ સુખી થઈ ગયો. એમ વિચારી બહું જ ચિંતા કરવા લાગ્યો. આના ઉપરથી આપણે શું લેવાનું કે ભગવાને આપણાને આ ભરતખંડમાં મનુષ્યનો દેહ આપ્યો તો આપણાને અહીં કમાવવા મોકલ્યા છે. ને મુંબઈને ઠેકાણે આ સત્સંગ છે. તે સાચે ભાવે જો આપણે બરાબર સત્સંગ કરીશું. મોટા સત્પુરૂષોને ઓળખીને સત્પુરૂષનો સમાગમ બરાબર કરીશું. પ.પૂ. આચાર્ય મહારાજ પાસેથી ગુરૂમંત્ર લઈ પ.પૂ.આચાર્ય મહારાજ જે પ્રમાણે ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવાનું કહે, ભગવાનનું ભજન કરવાનું કહે, સત્સંગ કરવાનું કહે, તે પ્રમાણે કરીએ તો સુખી થવાયે, ને મોટા સત્પુરૂષને ઓળખીને સાચે ભાવે સત્સંગ કરતા જવું. તો પેલો જે બુદ્ધિવાળો હોંશીયાર મિત્ર આગળ ચાલ્યો ને આગળ ચાલતા તેને સારા હીરા પારેખ શેઠ મળી ગયા તેથી તે ઘણાંક રૂપિયા કમાઈ ગયો. ને ખુબ જ સુખીયો થયો ને પેલો બિચારો મિત્ર દાળીયાવાળાની દુકાને દાળીયાનું કામ કર્યું તેથી તે આગળ ન વધ્યો. ને બરાબર સુખી ન થયો. તે દૃષ્ટાંત તેના ઉપરથી આપણે શું વિચાર કરવો ? કે પેલા મિત્રને થોડો સત્સંગ મળ્યો તેમાં જ રહી ગયો ને આગળ ન વધ્યો પણ બીજો મિત્ર હોંશીયાર હતો તેણે આગળ આગળ સંત સમાગમ કર્યો. આચાર્યો પાસેથી ગુરૂમંત્ર લીધો. આચાર્યે ભગવાનની વાતો કરી, સત્સંગની વાતો કરીને તે મુજબ

સાચે ભાવે સત્સંગ કર્યો તો તે ખુબજ સુખીયો થયો. તેવી જ રીતે આપણે સાચા સત્પુરૂષોને ઓળખી સમાગમ કરવો. પ.પૂ. આચાર્યો પાસેથી ગુરૂમંત્ર લઈને ભગવાનની વાતો સાંભળી, ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવાનું કહે તે પ્રમાણે આપણે વર્તીયે તો આપણે પણ ખુબ જ આગળ વધી જઈએ. ને ભગવાનની મૂર્તિના સુખમાં તલ્લીન બની જવાયે. ને દેહને અંતે અક્ષરધામમાં ભગવાનની હજુર સેવામાં રહી જવાયે, એ જ મોટો લાભ છે. માટે કાળજી રાખી ભજન કરવું.

બીજું મોટા સંતોએ લખ્યું કે એક ગામમાં **સખુબેન કરીને એક સારા ભગવાનના ભકત હતા.** તે હંમેશાં ભગવાનની ભક્તિ કરે, માળા ફેરવે, પુજા કરે, ધ્યાન ભજન કરે ને ભગવાનનું ભજન સારૂં કરે પણ તેમના ઘરમાં સત્સંગ નહોતો. તેમના પતિ પણ સંત્સંગી ન હતા. આ એક જ બેન સત્સંગી હતાં. તે હંમેશાં ભગવાનના દર્શન કરવા જાયે. ભગવાનનું ભજન કરે, એમ કરતાં મંદિરમાં ફુલડોળનો સમૈયો આવ્યો તે ફુલડોળના સમૈયામાં ઘણાંક બહેનો દર્શન કરવા જાયે, તે સમૈયાની આ સખુબેનને ખબર પડીને વિચાર કર્યો હું પણ આ ફુલડોળના સમૈયામાં દર્શન કરવા જાવું. તેથી તેમના પતિ તથા સાસુને વાત કરી કે મારે આ સમૈયમાં દર્શન કરવા જવા વિચાર છે. માટે મને દર્શન કરવા જવાની રજા આપો. તે સાંભળી આ બેનના પતિ તથા તેમના સાસુ સત્સંગી હતા નહી તેથી આ બેનને સમૈયામાં જવાની ના

પાડી તેથી આ બેન ઉદાસ થઈ ગયા. કે મારે જરૂર સમૈયામાં જવાનું હતું, પણ મને જવા ન મળ્યું. તેથી આ બેને ભગવાનની ખુબ જ પ્રાર્થના કરી કે, હે કૃપાનાથ મારે જરૂર આ સમૈયાના દર્શન કરવા જવાનું છે. તે આ બેનની સાચી ભાવના દર્શન કરવાની હતી, ને ભગવાનની ખૂબ જ પ્રાર્થના કરી, તેથી આ બેનની પ્રાર્થના સાંભળી ભગવાન એક બેનનું રૂપ ધારણ કરી આ બેન પાસે ગયા ને કહ્યું કે કેમ બેન તમારે દર્શન કરવા સમૈયામાં જવાનું છે, તો ભલે તમો જાવો. સમૈયાના દર્શન કરી આવો ત્યાં સુધી આ તમારા ઘરનું કામ હું કરીશ. એ સાંભળી આ બેન બહુજ રાજી થયા ને પોતે જે ઘરનું કામ કરતા હતા, તે આ બેનને સમજાવી તે બેન ભગવાનના દર્શન કરવા ગયા. ને આ બેન દર્શન કરવા ગયા પછે આ બેનનું રૂપ લઈ ભગવાન આ બેનના ઘરનું કામકાજ કરે એ બેનના જેવું જ રૂપ,બેનના જેવી જ બોલી, બેન જે કામ કરતા હતા તે પ્રમાણે કામ કરે તેથી તે બેનના ઘરના ને કાંઈ ખબર ન પડી. ને આ બેન ત્યાં સમૈયામાં ભગવાનના દર્શન કરવા ગયા. તેથી તે બેન ભગવાનના દર્શન કરી ખુબ જ રાજી થયા ને ખુબ જ ભગવાનની મૂર્તિનું સુખ ભોગવ્યું ને ભગવાનની મૂર્તિના સુખમાં તલ્લીન બની ગયા. પછે તે બેનનો દેહ પડી ગયો ને અગ્નિ સંસ્કાર કર્યો. બે-ત્રણ દિવસ થયા, જીવુબા તથા રાજબાઈને ખબર પડી કે આ બેન દેહ મૂકી ગયા છે. ને તેમને ઘેર ભગવાન તે બેનનું રૂપ લઈ કામ કરે છે. તે વાત જાણી રાજબાઈ તે બાઈને જ્યાં અગ્નિ

સંસ્કાર કરેલો ત્યાં જઈ ત્યાં વાનીમાં આ રાજબાઈયે પાણી છાંટ્યું ને સંકલ્પ કર્યો કે આ બેન સજીવન થાયે તેથી તે બેન સજીવન થયા ને આ રાજબાઈ કહે અરે, સખુબેન તારે માટે મારા ભગવાન તારા ઘરનું કામ કરે છે. માટે તું જા તારા ઘરનું કામ કર મારા ભગવાનને જલ્દી છોડી દે. એ સાંભળી આ બેન પોતાને ઘેર જવા રવાના થયા. દૂરથી આ બેનને આવતા જોઈ ભગવાને આ બેનનું રૂપ અદ્રશ્ય કરી ગયા. આ બેન પોતાને ઘેર ગયા ને ઘરનું કામકાજ કરે ને સાથે સાથે ભગવાનનું સ્મરણ કરે, ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે ને પોતે જે કુલડોળમાં ભગવાનના દર્શન કર્યા હતા તેને સંભાળ્યા કરતા, ને આ બેને ખુબ જ ભજન કર્યું તેથી દેહને અંતે તે બેનને ભગવાન તેડવા આવ્યા ને આ બેનની સાચી ભક્તિ જોઈને ભગવાન પોતાના અક્ષરધામમાં તેડી ગયા ને અક્ષરધામમાં પોતાની મૂર્તિનું સુખ આપ્યું. આમાં શું લેવાનું ? કે આ બેનને ભગવાનના કુલડોળના દર્શનની ઈચ્છા હતી પણ તેમના સગાસંબંધીએ જવાની ના પાડી પણ આ બેનની કુલડોળના દર્શન કરવાની અતિ ઈચ્છા હતી, તો ભગવાન આ બેનનું રૂપ લઈને આ બેનને દર્શન કરવા જવા દીધાં. ને આ બેનના ઘરનું કામકાજ કર્યું તે ભગવાને વચનામૃતમાં લખેલ છે કે, મારા ભક્ત જેવા મને વહાલા છે તેવું બીજું મને કાંઈ વહાલું નથી. મારા ભક્તને અર્થે અમારો દેહ પણ કૃષ્ણાઅર્પણ કરી રાખ્યો છે. ઓહોહો જુવો ભાઈઓ, જુઓ સજ્જન પુરૂષો, ભગવાન પોતાના ભક્તો માટે કેટલું કેટલું

તેથી તેને કોઈ દોષવાળો કે ખરાબ માણસ જોવામાં ન આવ્યો તો આપણે પણ ધીમે ધીમે આવી વૃત્તિ કેળવીયે તો કોઈ ખરાબ માણસ ન લાગે. ને બધાય સારા લાગે ને કોઈનો દોષ જોવામાં ન આવે. તો જો આપણાને કોઈનો દોષ જોવામાં ન આવે તો આસ્તે આસ્તે આપણી બુદ્ધિ પણ દરેકમાં નિર્દોષ લાગે. તો આપણા અંતરમાં બહું જ શાંતી વર્તે ને અંતરમાં શાંતિ વર્તે એ જ ખરૂં સુખ છે કેમ કે આ લોકનાં માણસોમાં અનેક પ્રકારની આધિ-વ્યાધિ-ઉપાધિ હોયે તેથી તેના અંતરમાં શાંતી ન હોયે, ને અંતરની શાંતી ન હોયે, તો તે શાંતીથી ભગવાનનું ભજન કરી ન શકે. માટે આપણે જ્ઞાને કરી સદાય શાંતી રાખવી ને શાંતીથી ભગવાનનું ભજન કરવું. એ જ આપણું ખરુ કર્તવ્ય છે.

બીજું સત્શાસ્ત્રમાં લખ્યું કે એક સમય કૃષ્ણ ભગવાન પાસે દુર્યોધન બેઠેલા હતા ને ધર્મ-જ્ઞાનની વાતો કરતા હતા. તેમાં ભગવાને દુર્યોધનને કહ્યું કે આ હસ્થિનાપુરમાંથી સારા માણસો લઈ આવો. તે સાંભળી દુર્યોધન હસ્થિનાપુરમાં ગયા ને ઘણાંક મોટા મોટા શેઠને જોયા. ઘણાંક મોટા મોટા સાહેબોને જોયા. બીજા પણ ઘણાંક માણસોને જોયા પણ તેની બુદ્ધિમાં કોઈ સારો માણસ જોવામાં ન આવ્યો. આખા ગામમાં ફરી આવ્યા. ઘણાંક માણસો જોઈ આવ્યા પણ આની દૃષ્ટિમાં કોઈ સારો માણસ જોવામાં ન આવ્યો. ગામમાં ફરી ભગવાન પાસે આવ્યા, ને ભગવાને પૂછ્યું કોઈ સારો માણસ લાવ્યા. તે સાંભળી દુર્યોધન બોલ્યા, અરે ભગવાન આ ગામમાં કોઈ

કરે છે. તો આપણે ભગવાનના સાચા ભક્ત બનશું તો આપણા ઉપર પણ ભગવાન જરૂર રાજી થાશે. બીજું રાજબાઈએ બેનની વાની ઉપર પાણી છાંટી આ બેનને સજીવન કર્યા, એ પણ કામ ભગવાનનું જ કહેવાયે. પણ જુવો આવા પ્રેમીભક્તો ભગવાનના જેવુ જ કામ કરે તો આપણે ભગવાનના સાચા ભક્ત બનવું ને ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવાની ટેવ પાડવી, તે કાળજી રાખી ભજન કરીશું તો જરૂર ભગવાન દયા કરશે.

બીજું સત્શાસ્ત્રોમાં લખેલ છે કે એક વખત **કૃષ્ણ ભગવાન પાંચ પાંડવોમાંથી યુધિષ્ઠિર પાસે બેઠા હતા ને સત્સંગની વાતો કરતા હતા.** પછે કૃષ્ણ ભગવાને આ યુધિષ્ઠિર રાજા ને કહ્યું કે આ હસ્થિનાપુર મોટું શહેર છે. તેમાંથી કોઈ ખરાબ માણસ ગોતી આવો. આ યુધિષ્ઠિર રાજા હસ્થિનાપુરમાં ખુબ જ ફર્યા. ઘણા માણસોને જોયા પણ આની દૃષ્ટિમાં કોઈ ખરાબ માણસ જોવામાં ન આવ્યો. ને આખા શહેરમાં ફરીને ભગવાન પાસે આવ્યા. ભગવાને પૂછ્યું કોણ ખરાબ માણસ લાવ્યા. તે સાંભળી આ યુધિષ્ઠિર રાજા બોલ્યા કે, હે પ્રભુ આ ગામમાં કોઈ ખરાબ માણસ નથી. હું જ ખરાબ માણસ છું. એ સાંભળી ભગવાન રાજી થયા કે, અહો આ ગામમાં કોઈ ખરાબ માણસ નથી. ઘણાયે ખરાબ માણસો હોયે, પણ આ યુધિષ્ઠિર રાજાની નિર્દોષ દૃષ્ટિ હતી તો તેની દૃષ્ટિમાં કોઈ ખરાબ માણસ જોવામાં ન આવ્યા. આના ઉપરથી શું લેવાનું કે? આ યુધિષ્ઠિર રાજાની એવી નિર્દોષ દૃષ્ટિ થઈ ગઈ

સારો માણસ જ નથી. આ શેઠ આમ કરે, આ સાહેબ જેમ તેમ વર્તે માટે કોઈ સારો માણસ નથી. હું જ સારો માણસ છું. તે સાંભળી ભગવાન દિગમુડ થઈ ગયા કે અરે આ ગામમાં કોઈ સારો માણસ નથી બધાયે ખરાબ છે. આમાં કહેવાનું કે આ ગામમાં ઘણાયે સારા માણસો હતા પણ આની દૃષ્ટિ જ ખરાબ ને દોષ બુદ્ધિવાળી તેથી તેને કોઈ સારો માણસ જોવામાં ન આવ્યો. આમાં શું લેવાનું? કે આ દુર્યોધનની બુદ્ધિ તથા દૃષ્ટિ દોષે યુક્ત હતી. તેથી તેને કોઈ સારો માણસ જોવામાં ન આવ્યો. માટે આપણે આવી દોષે યુક્તિ દૃષ્ટિ તથા બુદ્ધિ ન રાખવી ને સર્વેમાંથી સારા ગુણ લઈએ તો આપણાને અંતરમાં આનંદ આવે ને ભગવાનનું ભજન સુખેથી થાય. પણ બીજાના દોષ જોવા જઈયે તો આપણી બુદ્ધિ મલીન થઈ જાયે. ને ભગાવન ભજવામાં સુખ ન આવે. માટે આપણે સાચે શુદ્ધભાવે સત્સંગ કરીને સર્વેમાંથી ગુણ લઈને આપણે આનંદમાં ભગવાનનું ભજન કરવું. ભગવાનનું ભજન સુખેથી થાયે એ જ આપણું ખરુ કર્તવ્ય છે. ને એ જ મોટો લાભ છે.

બીજું મોટા સત્પુરૂષે સાખી લખી છે :

"માત મીલે પુનીતાત મીલે, સુત ભ્રાત મીલે યુવતી,
સુખ દાઈ રાજ મીલે ગજ બાજ મીલે
સુખ સાજ મીલે મન વાંછીત પાઈ
એહી લોક મીલે સુરલોક મીલે

વૈકુંઠહી પાઈ સુંદર ઓર સમાજ મીલે
પણ સંત સમાગમ દુર્લભ ભાઈ,

આમાં કહેવાનું કે માતા મળે, પિતા મળે, પુત્ર મળે, ભાઈ મળે, સ્ત્રી મળે, રાજ મળે, હાથી મળે, ઘોડા મળે, સુખ આપનારી સર્વે સંપતી મળે, મનની ઈચ્છા પ્રમાણે સુખ મળે, આલોકનું સુખ મળે, દેવલોકનું સુખ મળે, સ્વર્ગનું સુખ મળે, વૈકુંઠ ધામનું સુખ મળે, પણ સુંદર દાસના સંત કહે સંત સમાગમ અતિ દુર્લભ છે. આમાં કહેવાનું કે આ દુનિયાના બધા સુખ મળે પણ સંત સમાગમ મળવો અતિ દુર્લભ છે. તે સંત સમાગમ દુર્લભ છે. શા માટે ? તો સંત સમાગમ કેતા સાચા ત્રીસ લક્ષણે યુક્ત જે સંતનો સમાગમ થાયે તો તેને આત્મા પરમાત્માનું જ્ઞાન થાયે છે. ને આત્મા પરમાત્માના જ્ઞાનથી તેનો મોક્ષ થાય છે. ને મોક્ષ થાવો એ સર્વે સાધન કરતા અધિક કામ છે. એટલે સંત સમાગમ દુર્લભ કહ્યો છે. માટે આપણે પણ સાચા સત્પુરૂષ ત્રીસ લક્ષણે યુક્ત હોય તેને ઓળખીને તેમનો સમાગમ કરવો. તે સમાગમ થકી સર્વે પ્રકારે સુખીયા થવાય છે. તેમાં માણસો દલીલ કરે કે આ હળાહળ ઘોર કળયુગ વ્યાપી ગયો છે. તો તેમાં આવા ત્રીસ લક્ષણે યુક્તને સ્ત્રી ધનના સાચા સંત મળવા બહુજ દુર્લભ છે. હા તે વાત સાચી છે પણ શ્રીજી મહારાજે વડતાલના ૧૯ ના વચનામૃતમાં કહેલ છે કે જ્યારે આજીવને ભરતખંડમાં મનુષ્ય જન્મ મળે છે. ત્યારે ભગવાનના અવતાર તથા

ભગવાનના સાચા સત્પુરૂષો વિચરતા હોય ને તેનો યોગ થઈ જાય તો, આ જીવાત્માનો મોક્ષ થઈ જાય. તો જો આ કળયુગમાં આવા સંતો ન હોયે તો આ શ્રીજી મહારાજનું વડતાલનું ૧૯ મુ વચનામૃત ખોટું પડે તો તે વચનામૃત ખોટું ન કહેવાયે ને જરૂર વિચરતા જ હોયે તો આપણાને એવી સાચી ભાવના હોયે તો જરૂર એવા સત્પુરૂષો મળી જાયે. માટે આપણે એવા સાચા સત્પુરૂષને ઓળખીને સમાગમ કરીને આપણા આત્માનું કલ્યાણ કરી લેવું. એ જ આ મનુષ્ય જન્મનું સાર્થકપણું છે. માટે આપણે કાળજી રાખી ભજન કરવું.

બીજું મોટા સત્પુરૂષોએ લખેલ છે કે મૂળી દેશમાં **મેમકા કરીને ગામ છે. ત્યાં તે રામજીભાઈ શેઠ હતા.** તે ચાલીસ માણસોનો સંઘ લઈ ગઢડા દર્શન કરવા જતા હતા.હમણાંની પેઠે મોટા હાઈરોડ ન હતા ને તેમજ હમણાંની પેઠે મોટા વાહનો તથા મોટરગાડી ન હતા. એ વખતે ગાડા તથા ઘોડા આદિ વાહનો હતા. તે સર્વે રસ્તામાં ચાલ્યા જતા હતા. તે ચાલતાં ચાલતાં રસ્તો ભૂલી ગયાને રાત્રી પડી ગઈ. અંધારી રાત રસ્તામાં કાંઈ ખબર પડે નહી ને ઘોર જંગલ આવી પડ્યું ને હિંસક જનાવરો જે સિંહ તથા વાઘ આદિ તથા સર્પ આદિ રસ્તામાં ચાલ્યા જાયે. આ સર્વે હરિભક્તોને આવા હિંસક જનાવરો જોઈને બહું જ બીક લાગવા માંડી. તો સર્વે વિચાર કરવા લાગ્યા કે આવા જંગલમાં ક્યાં જશું ને આપણે શું કરીશું ? તો આપણે આ જંગલમાંથી બહાર નીકળીએ તે

સર્વે વિચાર કરવા લાગ્યા. એમાં આ રામજીભાઈ કહે શ્રીજી મહારાજે વચનામૃત મ.ના ચોથામાં કહેલ છે કે ભગવાનનું અખંડ ભજન કરે તેની ભગવાન જરૂર સહાયતા કરે છે. તેમ વિચારી બધા સ્વામિનારાયણ નામની ધુન્ય બોલવા લાગ્યા. એમ થોડીવાર સર્વે ધુન્ય બોલવા લાગ્યા તેથી એક હરિભક્તને દુર તાપણી બળતી દેખાઈ. તે તાપણી કોને કહેવાયે તો શિયાળાની ઋતુ હોયે ત્યારે ખેડૂત લોકો તથા ભરવાડ લોકો હોયે આદિ ગરીબ લોકો હોયે તે જંગલના લાકડા લઈ તપાવે તેને તાપણી કહેવાય. તેવી તાપણી એક હરિભક્તે જોઈ તે જોઈ બધા હરિભક્તો ત્યાં ગયા ને ત્યાં એક ભરવાડ પોતાના બકરાને ચારવા આવેલો, તે ઘણાંક બકરાં સાથે ભરવાડ ત્યાં તાપણી તાપતો હતો. તે ભરવાડને જોઈ બધા રાજી થયા કે આ જંગલમાંથી કાંઈ રસ્તો આ ભરવાડ બતાવશે. તે રામજીભાઈએ આ ભરવાડને પૂછ્યું કે તમો ક્યાંના છો ? ત્યારે ભરવાડ બોલ્યો કે હું આ નજીક ગામનો છું. ને હું આ બકરા આદિમાંથી જે દૂધ થાયે તે વેચીને હું મારો વ્યવહાર ચલાવું છું. પછી તે ભરવાડ બોલ્યો કે તમો ક્યાંના છો ? ને ક્યાં જવાના છો ને ક્યાથી આવો છો ? તે સાંભળી આ રામજીભાઈએ પોતાની બધી વાત કરી ને કહે અમો ગઢડા જવાના છીએ પણ આ જંગલમાં રસ્તો ભુલી ગયા છીએ. તે સાંભળી ભરવાડ બોલ્યા, કે હું એ રસ્તાનો ભોમીયો છું. તમો ચાલો મારી સાથે તમોને ગઢડાનો રસ્તો બતાવું. તે ભરવાડની વાત સાંભળી બધા રાજી થયા. ને બોલ્યા અરે

ભાઈ, તમો ગઢડાનો રસ્તો બતાવતા હો તો સારૂ, તમારો અમે બહુજ ઉપકાર માનશું, એ સાંભળી ભરવાડ આગળ ચાલ્યા ને બધા માણસો તે ભરવાડની પાછળ ચાલ્યા, બે ચાર કિલોમીટર ચાલ્યા એટલે સારો મજાનો મોટો રસ્તો આવ્યો ને તે ભરવાડ કહે જુઓ, ભાઈઓ આ રસ્તે ચાલ્યા જશો એટલે ગઢડા આવી જશે. તેમ કહી તે ભરવાડ ચાલ્યા ગયા. આ બધા સારે રસ્તે રાત આખી ચાલ્યા. સવાર થઈ ત્યાં ગઢડું દેખાણું. તે જોઈ બધા રાજી થયા. ને ગઢડામાં લીંમડાના ઝાડ નીચે શ્રીજી મહારાજ સભામાં બિરાજમાન હતા. ત્યાં આ સર્વે હરિભક્તોએ શ્રીજી મહારાજના પ્રેમથી દર્શન કર્યા ને બહુજ રાજી થયા. શ્રીજી મહારાજે સર્વેને પ્રેમથી પૂછ્યું કે રસ્તામાં કાંઈ વિઘ્ન તો આવ્યું નહતું ને ? તે સાંભળી સર્વે ભક્તો બોલ્યા અરે કૃપાનાથ, રસ્તામાં વિઘ્ન તો બહું જ આવ્યું હતું. રસ્તો ભુલી ગયા હતા. રાત્રીમાં મોટું જંગલ આવ્યું ને બધા ચિંતા કરવા લાગ્યા, પછી તે જંગલમાં એક ભરવાડ, બકરાં ચારવા આવેલો ને તે જંગલમાં તાપણી તાપતો હતો પછી અમે બધા તે ભરવાડ પાસે ગયા ને રસ્તા ભૂલ્યાની વાત કહી તેથી તેણે અમને ગઢડાનો રસ્તો બતાવ્યો. તેથી અમો અહી શાંતીથી આવ્યા છીએ. તે સાંભળી શ્રીજી મહારાજ ખૂબ જ પ્રેમથી બોલ્યા કે અહો, હે મારા લાડકવાયા પ્રેમી ભક્તો, તમો રસ્તો ભૂલી ગયા હતા ને મોટુ જંગલ આવ્યું તે જંગલમાં મોટા મોટા સિંહ, વાઘ, સર્પ આદિ અનેક હિંસક જનાવરો રહેતા હતા. ઘોર રાત્રીમાં તે હિંસક જનાવરો

તમોને મારી નાખત. તેથી ભરવાડરૂપે મારે જ તમારા જેવા પ્રેમી ભક્તોની રક્ષા કરવા આવવું પડ્યું ને અમે જ તમોને તે ગઢડાનો રસ્તો બતાવ્યો હતો. જુવો તે જંગલમાં ભરવાડ કે બકરાં કાંઈ હોઈ તો એક જણ જોઈ આવો તે સાંભળી જોવા ગયા તે ભરવાડ નહી, બકરાં નહી, આદિ કાંઈ હતું નહીં. તે સર્વે વાત આ સર્વે ભક્તોને કહી તે સાંભળી સર્વે ભક્તો બહું જ રાજી થયા. ને મહારાજની ખુબ જ પ્રાર્થના કરી કે હે કૃપાનાથ હે દયાળું તમોએ અમારી આવા જંગલમાં રક્ષા કરી તેવી જ રીતે હે દયાના સાગર તમો અમારી આ સંસારરૂપી મોટું દાવાનળ જંગલ થકી રક્ષા કરજો ને એ સંસારરૂપી મોટા જંગલમાં ક્યાંય બંધાઈયે નહી ને દેહને અંતે તમારી સેવામાં અખંડ રાખજો. એ ભક્તોની વાત સાંભળી શ્રીજી મહારાજ બહું રાજી થયા ને બોલ્યા કે અહો એ મારા લાડકવાયા પ્રેમી ભક્તો તમારા જેવા પ્રેમી ભક્તોને માટે જ અમો અક્ષરધામમાંથી અહીં આવ્યા છીએ. માટે તમો જરાપણ ચિંતા રાખ્યા વિના આનંદમાં રહી, આનંદથી અમારું ભજન કરજો પછે બધાં હરિભક્તોને જમાડ્યા ને આ સર્વે ભક્તો પ્રેમથી જમ્યા ને બે ત્રણ દિવસ ત્યાં રોકાણા ને ભગવાનની ખુબ જ વાતો સાંભળી. સર્વે ખુબ જ રાજી થયા. ને પછે આ ભક્તો પોતાને ઘેર આવ્યા ને ઘેર આવી પોતાની જંગલમાં જે ભગવાને ભરવાડ રૂપે આવી રસ્તો બતાવી ગયા ને ખુબ જ સુખીયા કર્યા ને પ્રેમથી ગઢડામાં ભગવાનના દર્શન કર્યા તે વાત સાંભળી તેમના સગાસંબંધીઓ તથા હેતુ

સંતોષી ભાઈઓ ખુબ જ રાજી થયા ને બધા ભગવાનના ભક્ત થયા ને દેહને અંતે શ્રીજી મહારાજ દિવ્ય દર્શન આપી પોતાના અક્ષરધામમાં તેડી જઈ પોતાની હજુર સેવામાં રાખ્યા. આમાં આપણે શું લેવાનું ? કે આ સાચા ભક્તો હતા, ને રસ્તો ભુલી ગયા તો, ભગવાને ભરવાડ રૂપે આવી રસ્તો બતાવ્યો. તો આપણે પણ જો સારા ભક્ત બરાબર બનીશું તો આપણી પણ દયાળુ શ્રીજી મહારાજ સર્વે પ્રકારે રક્ષા કરી સુખીયા કરશે. તો તેનો કેફ રાખી આનંદમાં રહી ભજન કરવું ને ભગવાનનું ભજન કરવું એમા જેવું સુખ છે તેવું બીજે ક્યાંઈ સુખ નથી. તો આપણે ભગવાનના સુખનો લોભ રાખી આ સંસારના ક્ષણીક ને નાશવંત ને અંતે અપાર કલેશના આપનારા એવા જગતના સુખનો ત્યાગ કરવો, તે ત્યાગ કરવો એટલે સંસાર છોડી દેવો ? ના, છોડવો પણ અંતરમાંથી સંસાર છોડવો. અંતરમાં જગત ન ભરવું. અંતરમાં તો માણીગર ભગવાનની મૂર્તિ જ રાખવી એ જ મોટો લાભ છે.

બીજું સત્શાસ્ત્રમાં લખેલ છે કે **કાશીપૂરીમાં એક પ્રેમદાસ કરીને સંત ગંગા કિનારે મોટા આશ્રમમાં કથા કરતા હતા.** તે સંત સારી કથા વાર્તા કરતા હતા ને હજારો લોકો તેમની કથા વાર્તા સાંભળવા આવતા ને તેમની કથા સાંભળતા તેને સંત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ભગવાનના મહિમા આદિની સારી વાતો કરતા ને તેમની વાતો સાંભળનારા માણસોને બહું જ શાંતી થતી ને તે વાત પણ સાચી છે કે જે સારા

સત્પુરૂષો પોતાના નિયમ ધર્મ પાલન કરીને જે બીજાને બોધ આપે તેની બીજાને અસર થાયે. ને જે પોતાના નિયમ ધર્મ બરાબર પાલન ન કરે ને બીજા ને ઉપદેશ આપે તે ઉપદેશ કહેવાયે પણ તે ઉપદેશથી બીજાના અંતરમાં શાંતી ન થાયે પણ આ પ્રેમદાસ સંતતો સારા નિયમ ધર્મ પાલન કરતા હતા. ને જે કથા સાંભળવા આવતા તેના અંતરમાં ભગવાનના સુખ વડે શાંતી શાંતી થઈ જતી. તે આ વાત આખા શહેરમાં ફેલાણી કે અહો ગંગા કિનારે એક મહાત્મા જે સંત આવ્યા છે તે સારી ભગવાનની વાતો કરે છે તે સુવાસ આખાય કાશીપુર શહેરમાં ફેલાણી તે સારા સંત હોયે તે પોતે એમ નથી કેતા કે હું સારો છું. મારી કથા વાર્તા સાંભળો પણ એવા સંતનું જીવન જ એવું હોયે કે તેના જીવનથી જ હજારો કે લાખો માણસોના અંતરમાં શાંતી થાયે, તેમાં એક મોટા સત્પુરૂષે લખેલ છે કે, હે ભાઈઓ, હે સંતો, હે સજજનો એવા સત્પુરૂષો કે એવા સજજન માણસોના જીવનથી જ હજારો લોકો કે લાખો માણસો સારા ચરિત્રવાન બને ને સારા ભક્તો બને તે આપણું જીવન થી જ હજારો ભક્તો બને તો આપણું જીવન પણ એવું સારૂ મજાનું બનાવવું કે, બીજાને ગુણ આવે. જેમ સારું મજાનું મોગરાનું કે ગુલાબ આદિનું સુગંધીમાન ફુલ હોયે તે ફુલ નથી કહે તુ કે તમે મારી સુગંધ લ્યો. પણ એ સુગંધીમાન ફુલમાં સ્વભાવિક જ સારી સુગંધ હોયે તેથી બીજાને તે સુગંધીમાન ફુલની સુગંધ લેવાની ઈચ્છા થાયે તેવી જ રીતે આ પ્રેમદાસ નામના સારા સંત

ચરિત્રવાન હતા ને તે સારી ભગવાનની વાતો સંભળાવતા હતા. તેથી તે શહેરમાંથી મોટા મોટા શેઠો સાહેબો આદિ ઘણાંક સારા સારા માણસો આ સંતની કથા વાર્તા સાંભળવા આવતા. એક સમયે આ સંતે વાત કરી કે જે માણસો યજ્ઞો કરે છે તેને ભગવાન દર્શન આપે છે. તે શ્રીજી મહારાજે ગ.મ.પ્ર.૮ ના વચનામૃતમાં કહેલ છે કે જે યજ્ઞ કરે છે તેને યજ્ઞ નારાયણ મૂર્તિમાન આવીને આહુતી લે છે ને વળી તે જ વચનામૃતમાં લખેલ કે સર્વે સજ્જન માણસોએ યજ્ઞ તો જરૂર કરવા તે સત્શાસ્ત્રોમાં યજ્ઞના રૂપ કહ્યા છે. જપ યજ્ઞ, જપ યજ્ઞ એટલે ભગવાનની ધુન્ય કરવી. તપ યજ્ઞ એટલે એકાદશી, રામનવમી, જન્માષ્ટમી આદિના ઉપવાસ કરવા. ધારણા પારણા કરવા. ધારણા પારણા એટલે શું ? તો એક દીવસ નકોડો ઉપવાસ કરવો. બીજે દિવસે એક વખત જમવું એને ધારણા પારણા કહેવાયે. બીજું ચાંદ્રાયણ વ્રત કરવું ને ચાંદ્રાયણ વ્રત કેને કહેવાયે તો લીંબુ જેટલા નાના ચુરમાના ૮ લાડુ બનાવાને તે નાના લાડુ બપોરે ૮ એક જ વખત મહીનો સુધી જમે તેને ચાંદ્રાયણ વ્રત કહેવાયે. તે આ તપ યજ્ઞ કહેવાયે, આ યજ્ઞ વડે પણ ભગવાન રાજી થાયે છે. જ્ઞાન યજ્ઞ કરવા તે જ્ઞાનયજ્ઞ કોને કહેવાયે ? તો ભગવાનના લીલા ચરિત્ર ગાવાને સાંભળવા ને ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ ભગવાનના મહિમાની વાતો કરવી, અથવા સાંભળવી, તેને જ્ઞાન યજ્ઞ કહેવાયે, તેવી રીતે આ પ્રેમદાસ નામના સંત ભગવાનની કથા વાર્તા કરતા હતા. ને હજારો દૈવીજીવો કથા

સાંભળવા આવતા હતા. તે આ સ્વામીએ વાત કરી કે જે યજ્ઞ કરે છે તેને ભગવાન દર્શન આપે છે.તે સાંભળી એક સારા મોટા શેઠને ઈચ્છા થઈ કે જો ભગવાન દર્શન આપતા હોયે તો મારે આવો જ્ઞાનયજ્ઞ કરવો કેતા સાત દિવસની પારાયણ કરવી એમ વિચારી સારા વિદ્વાન બ્રાહ્મણ પાસે કથા કરાવવા વિચાર કર્યો ને તે બ્રાહ્મણ પાસે કથા કરાવવાનું ચાલુ કર્યું. તે વિદ્વાન બ્રાહ્મણ કથા વાંચે, બધા સગાસંબંધીઓ કથા સાંભળે ને હંમેશાં ભગવાનના દર્શનની વાટ જોવે, એમ કરતા એક દિવસ, બે દિવસ એમ હંમેશાં ભગવાનના દર્શનની વાટ જુએ ને છેલ્લો સાતમો દિવસ આવ્યો. પણ ભગવાનના દર્શન થયા નહી. કથાની સમાપ્તિ સાતમે દિવસે થઈ તો પણ ભગવાનના દર્શન થયા નહી. આઠમે દિવસે બ્રાહ્મણ જમાડવાનો રીવાજ તે રીવાજ મુજબ પચાસ બ્રાહ્મણોને જમાડવાનો વિચાર કર્યો. બ્રાહ્મણોને જમાડવાનો વિચાર કરી બ્રાહ્મણોને કહ્યું કે આવતીકાલે મારે ઘેર જમવા પધારો. એ સાંભળી પચાસ બ્રાહ્મણોએ જમવાની હા પાડી. આગલા જમાનામાં બ્રાહ્મણો પોતાને જાતે રસોઈ કરીને જમતા. બીજા કોઈના હાથનું રાંધેલ અનાજ જમતા નહીં. તેથી આ શેઠે કાચું સીધુ જે લોટ, ખાંડ, ઘી, દાળ,ભાત,શાક હવેજ મસાલા આદિ કોરુ સીધું સામાન આપ્યું. આ બ્રાહ્મણો રસોઈ કરવા લાગ્યા. રસોઈ બાર વાગ્યાની આસપાસ થઈ ગઈ. ને બ્રાહ્મણો જમવાની તૈયારી કરતા હતા. આ શેઠ તો ભગવાનના દર્શનની વાટ જોતા હતા. કે મોટા સંતે કહ્યું કે જ્ઞાનયજ્ઞ કરે

તેને ભગવાન જરૂર દર્શન આપે છે. તેથી તે સંતનું વચન ખોટું ન પડે માટે જરૂર ભગવાન દર્શન આપશે એમ વિચારી ભગવાનના દર્શનની વાટ જોતા હતા. ત્યાં ભિક્ષુકરૂપે ભગવાન શેઠને ત્યાં આવ્યા ને ભીક્ષન્ દેહી ભીક્ષાન્ દેહી એમ બોલતા જાય ને આગળ ચાલતા જાયે. ને જ્યાં બ્રાહ્મણોએ રસોઈ બનાવી હતી ત્યાં જવા માંડ્યા ત્યાં જતા હતા ત્યાં આ બ્રાહ્મણોએ રોક્યા કે અરે બાવલીયા ત્યાં ક્યાં જાય છે. ત્યાં તો અમારા બ્રાહ્મણોને જમવાની રસોઈ છે.ત્યાં ન જાઓ. પણ આ ભિક્ષુક રૂપે ભગવાન તો ભીક્ષાન્ દેહી, ભીક્ષાન્ દેહી બોલતા હતા. ને જ્યાં બ્રાહ્મણોએ રસોઈ બનાવેલ હતી ત્યાં જવા મંડ્યા. આ બ્રાહ્મણોના મનમાં થયું કે આ બ્રાહ્મણોને જમવાની રસોઈ બનાવી છે ત્યાં જશે. તો આ બ્રાહ્મણોની રસોઈ અભડાઈ જશે. કેતા અશુદ્ધ થાશે. તેથી બ્રાહ્મણોને જમવા કામ નહી આવે. તેથી બ્રાહ્મણો આ ભિક્ષુક રૂપી ભગવાનને રોકવા લાગ્યા. પણ આ ભિક્ષુકરૂપે ભગવાન રોકાણા નહી. ને આગળ ચાલવા જ લાગ્યા. પછે યુવાનીયા બ્રાહ્મણોને ગુસ્સો જે ક્રોધ આવ્યો તેથી આ ભીક્ષુકરૂપી ભગવાનને બે-ચાર છપાટો મારીને બોલાવા મંડ્યા કે અરે બાવલીયા તને સમજાવીએ છીએ કે આ બ્રાહ્મણની રસોઈ અભડાઈ જશે. કેતા આ અશુદ્ધ થઈ જશે. તોય તું સમજતો નથી. એમ કહી વડી તે બ્રાહ્મણોયે ભિક્ષુકરૂપી ભગવાનને મારવા લાગ્યા ને બોલ્યા કે અરે શેઠ શેઠ ક્યા ગયા આ બાવો અમારી રસોઈ અભડાવી દેશે. તો બ્રાહ્મણો ભુખ્યા જશે તો તમને પાપ

લાગશે. એમ ઉંચે સાદે તે બ્રાહ્મણો બોલવા લાગ્યા ત્યાં આ શેઠ આવી ગયા ને બોલવા લાગ્યા કે અરે બાવાજી આ બ્રાહ્મણો કહે છે તો તમે કેમ માનતા નથી. પછે આ શેઠને થયું કે આ બ્રાહ્મણોની રસોઈ આ બાવો અભડાવી દેશે, ને આ બ્રાહ્મણો ભુખ્યા જશે તો મને પાપ લાગશે. તેથી આ શેઠને પણ જરા ગુસ્સો આવી ગયો ને આ શેઠે પણ આ ભીક્ષુકરૂપી ભગવાનને બે-ચાર છપાટો મારી. ને બ્રાહ્મણોએ આ ભીક્ષુકરૂપે ભગવાનને ધક્કામારીને કાઢી મૂક્યા. આ જાણી ભીક્ષુકરૂપે ભગવાન ચાલ્યા ગયા ને ગંગા કિનારે જ્યાં પ્રેમદાસસ્વામીનો આશ્રમ હતો ત્યાં ગયા ને રૂમ ખોલાવીને આ સ્વામીપાસે ગયા ને ભગવાન બોલ્યા જુવો સ્વામીજી તમોએ કથામાં કહ્યું હતું કે યજ્ઞ કરે તેને ભગવાન દર્શન આપે છે. એ તમારું વચન ખોટું ન પડે એટલે હું એ શેઠને દર્શન આપવા ગયો પણ ત્યાં તો ત્યાંના બ્રાહ્મણોએ મને ખૂબ જ માર્યો તે બ્રાહ્મણોએ મને માર્યો તેમાં વાંધો નહી પણ એ શેઠે પણ મને ખૂબ જ માર્યો. જુઓ આ માર્યાના નિશાન, એ માર્યાના નિશાન જોઈ તે પ્રેમદાસ બહુજ દિલગીર થઈ ગયા ને રડવા લાગ્યા કે અરે પ્રભુ અરે દયાળુ તમો મારું વચન સિદ્ધ કરવા ગયા ને તમોને આવા બ્રાહ્મણો તથા શેઠે માર માર્યો તે જોઈ આ મહાત્મા બહું જ દિલગીર થઈ ગયા. ભગવાન તે મહાત્માનો આવો શોક જોઈ ભગવાન પણ દિલગીર થઈ ગયા ને ભગવાન બોલ્યા કે અહો એ સ્વામી આમાં તમો જરાપણ શોક ન કરો તમારા જેવા સંતોને માટે

તો અમારો દેહ કૃષ્ણાઅર્પણ કરેલ છે. તમો જરાપણ ચિંતા ન કરો. ને આજે મારમાર્યાના નિશાન છે ત્યાં તમો હાથ ફેરવો એટલે બધુ મટી જશે. એ સાંભળી તે સ્વામીએ ધીરે રહીને હાથ ફેરવ્યો તેથી સર્વે માર્યાના નિશાન જતા રહ્યા. ને ભગવાનને જરા દુઃખાવો હતો તે પણ મટી ગયો. ને ભગવાન તથા તે સંત સત્સંગની વાર્તાનો આલાપ કરતા હતા ત્યાં તે પેલા શેઠ ત્યાં મહાત્માનાં આશ્રમમાં આવતા હતા. તે શેઠને દુરથી જોઈ ભગવાન આ મહાત્માના આશ્રમમાંથી અદૃશ્ય થઈ ગયા. આ શેઠે મહાત્મા પાસે આવી ધીરે રહીને બોલ્યા કે તમારે વચને કરી મે જ્ઞાનયજ્ઞ કરાવ્યા ને તમારી વાત ક્યારેય ખોટી ન પડે પણ મને ભગવાને દર્શન આપ્યા નહી. તે શેઠેની વાત સાંભળી આ સંત બોલ્યા કે અરે ભલામાણસ, તમારે ઘેર બાવારૂપે ભગવાન આવ્યા હતા. તે તમોએ કાંઈ ભિક્ષા ન આપીને સામુ બ્રાહ્મણોએ તથા તમોએ ખુબ જ માર માર્યો તેમાં તે મારના નિશાન પણ હતા. તે ભગવાન અહી આવ્યા હતા. ને તે મારના નિશાન પણ મે જોયા. આવું કરાતા હશે તે શાસ્ત્રમાં લખેલ છે કે ગૃહસ્થને ઘેર કોઈ ભિક્ષુક આવે તેને ભગવાન સમાન જાણી ભિક્ષા આપવી ને જો તે ભિક્ષુકને ભિક્ષા ન આપે તો તેના આ જન્મના તથા અનેક જન્મોના પુણ્યનો નાશ થાયે છે. તે ભિક્ષા ન આપીએ તો ઠીક પણ બ્રાહ્મણો તથા તમોએ ખૂબ જ માર માર્યો તે તમોયે સારૂ ન કર્યું. એ વાત સાંભળી આ શેઠ બહુ જ રડવા મંડ્યા. કે મને આવી ખબર ન હતી કે

આ બાવારૂપે ભગવાન હશે. જો મને ખબર હોત કે આ ભગવાન છે તો હું મારત નહી માટે હે સ્વામી તમો મારા ઉપર દયા કરીને મારો આ ગુનો માફ કરી મને ભગવાનના દર્શન કરાવો એ સાંભળી સ્વામી બોલ્યા કે આવુ બધુ થયું તેથી હમણાં ભગવાનના દર્શન નહી થાયે. તમો હાલમાં તમારે ઘેર જાઓ ને તે બ્રાહ્મણો તમારે ઘેર જમ્યા છે. તે સર્વેને યથાશક્તિ દક્ષિણા આપીને તેમને ઘેર જવાદ્યો. એ સાંભળી શેઠ શોક કરતા ઘેર ગયા ને બ્રાહ્મણોને યથાશક્તિ દક્ષિણા આપી બ્રાહ્મણોને વિદાય આપી પછે આ શેઠના મનમાં બહુ જ દુઃખ થયું કે અરે હું બહું અભાગિયો કે ભગવાને મને દર્શન આપ્યા તે દર્શન કરી ન શક્યો. ને સામું મે તે ભગવાનનો અપરાધ કર્યો. એમ જાણી તે શેઠના મનમાં બહુ જ દુઃખ થયું ને બે ચાર દિવસ જમ્યા નહી. ને વ્યવહારિકનું કાંઈ કાર્ય કરે નહી ને આખો દિવસ ચિંતામાં રહે. તેની આ સંતને ખબર પડી તેથી આ સંતે તે શેઠને પોતાના આશ્રમમાં બોલાવ્યા ને સમજાવ્યા કે તમો કાંઈ ચિંતા ન કરો.ભગવાન તમારૂ સારુ કરશે. ને તમો જમો તથા વ્યવહારિક કાર્ય કરો તે સાંભળી શેઠ રડવા માંડ્યા, કે અરે સ્વામી તમારે વચને મને ભગવાને દર્શન આપ્યા ને હું અભાગીયો દર્શન કરી ન શક્યો ને સામું મે ભગવાનને માર્યું. તેથી મને બહું જ દુઃખ થાય છે. ને હવે મારે આ દુનિયામાં રહેવું નથી. હવે હું જીવીને શું કરૂં. તે સાંભળી સંતના હૃદયમાં દયા આવી ને કહે શેઠ તમો જરાપણ ચિંતા

ન કરો. ભગવાન તમારૂ સારૂ કરશે. માટે તમો સુખેથી રહો ને તમારૂ વ્યવહારિક કાર્ય કરો. તે સાંભળી તે શેઠ બોલ્યા કે હે સ્વામિ મંને જ્યાં સુધી ભગવાન દર્શન નહી આપે ને મારા આ ગુના માફ નહી કરે તો હું ભલે મરી જાઉં પણ મારે હવે આ દુનિયામાં જીવ્યાનો શો અર્થ ? એ સાંભળી આ સ્વામીના હૃદયમાં દયા આવીને ભગવાનની પ્રાર્થના કરી કે દયાળુ આ શેઠે અજાણે તમારો અપરાધ કર્યો છે ને તેથી તે બહું જ પસ્તાય છે ને કહે છે મારે હવે આ દુનિયામાં રહેવું નથી. તો હે કૃપાનાથ આ શેઠના ગુના માફ કરોને તમો જરૂર શેઠને દર્શન આપો. આ શેઠનું અંતરનું દુઃખ જોઈ મારાથી સહન થતું નથી. માટે તમો જરૂર આ શેઠને તથા મને દર્શન આપો. એ સ્વામીની આવી પ્રાર્થના સાંભળી ભગવાને તે જ વખતે પ્રકાશમાન તેજોમય રૂપે દર્શન આપ્યા ને ભગવાનના દર્શન કરી આ શેઠ તથા તે સ્વામી બહુ જ રાજી થયા ને આ શેઠે ખુબ જ પ્રાર્થના કરી હે કૃપાનાથ મારાથી તમારો અજાણે અપરાધ થયો તો હે કૃપાળુ મારો એ અપરાધ ક્ષમા કરો. એ સાંભળી ભગવાન રાજી થયા કે અરે શેઠ તમો જરાપણ ચિંતા ન કરો. તમારો કાંઈ વાંક નથી એ તો અજાણે અપરાધ થયો. તો જુઓ તમારા આ જન્મના તો ખરા પણ અનેક જન્મના ગુના માફ, તમો આનંદમાં રહી મારૂ ભજન કરજો ને તમો બીજા સારા દૈવી જીવોને સારો સત્સંગ કરાવજો ને તમો પણ ખુબ જ ધ્યાન ભજન કરજો એ સાંભળી સ્વામી રાજી થયા ને આ શેઠ પણ રાજી થયા

ને બોલ્યા કે, અહો કૃપાનાથ આપે દયા કરીને આ શેઠને દર્શન આપ્યા તે બહું જ સારુ કર્યું. તે સાંભળી ભગવાન બોલ્યા કે અહો, હે સ્વામી તમારા જેવા સંતો અમને બોલાવે તો અમારે જરૂર આવવું જ પડે. અહો, જુવો સાચા સંતોનો કેટલો બધો મહિમા કે ભગવાનની પ્રાર્થના કરી તો ભગવાન અક્ષરધામમાં હતા પણ આ સ્વામીએ પ્રેમથી પ્રાર્થના કરી તો અક્ષરધામમાંથી ભગવાન પધાર્યા તે સત્સંગી જીવનમાં પણ સંતોનો મહિમા લખ્યો છે તે સત્સંગી જીવન પ્રકરણ ૧લું અધ્યાય-૩૨ નો શ્લોક ૪૬ તેમાં લખ્યું કે

દૃષ્ટ્વા સ્પૃષ્ટ્વા નતાવા કૃત પરિચરણ ભીજાતા:
પ્રપુજાતા વા સદ્ય પુંસામ ધૌંઘા બહુ જ નિજનિ તં.
ન્ધન્તિ યે વૈ સમુલમ્ પ્રોક્તા કૃષ્ણે નયેવા
નિજ રહ્ય સમા યત્યદે તીર્થ જાતં તેષાં ભાત:
પ્રસંગાત્કિમિહનનુ સતાં દુર્લભં સ્યન્મુમુક્ષોય

આ શ્લોકનો અર્થ કે આવા બ્રહ્મનિષ્ઠ સંતોના કોઈ દર્શન કરે, કોઈ સ્પર્શ કરે, કોઈ નમસ્કાર કરે, કોઈ પૂજન કરે, કોઈ ભોજન કરાવે તો તેના અનેક જન્મોના પાપ બળીને મૂળ સહિત નાશ પામી જાયે છે. કેમ કે આવા સંતો તે ભગવાનનું હૃદય છે. ને આવા સંતના હૃદયમાં તમામ તીર્થો રહેલા છે. આવા સંતોનો જેને ભેટો થયો એમના માટે મોક્ષનું દ્વાર ઉઘડી જાયે છે. ઓ હોહો, હે પ્રભુ પ્યારા, હે લાડકવાયા ભાઈઓ, હે સજ્જનો આટલો બધો આવા ત્રીસ લક્ષણેયુક્ત

સત્પુરૂષનો મહિમા કહ્યો છે. તો આપણે આવા સત્પુરૂષને ઓળખીને સમાગમ કરીશું તો જરૂર આપણો આ જન્મે જ મોક્ષ થઈ જશે. માટે આપણે સત્પુરૂષનો સમાગમ જરૂર કરવો. ને પછે તે શેઠ પણ પોતાને ઘેર ગયા ને આનંદથી ભગવાનનું ભજન કરે, તેમને જોઈ ઘણાંક માણસો આ શેઠનો સમાગમ કરવા આવતા ને આ શેઠ પણ પોતાને જે અનુભવ થયો હતો. તે સર્વે વાત બીજા આગળ કરતા તેથી લાખો જીવો સારે માર્ગે ચાલ્યાને સાચા ભક્તો થયા. ને આ શેઠ પણ ખુબ જ ભગવાનનું ભજન કરે ને પોતે વ્યવહારિકની સર્વે પ્રવૃત્તિ પોતાના સુપુત્રને સોંપીને આ શેઠ અખંડ ભગવાનનું ભજન કરતા. ને દેહને અંતે તે શેઠને ભગવાન દર્શન આપીને પોતાના ધામમાં તેડી ગયા. આમાં શું લેવાનું કે આ મહાત્માએ કથામાં વાત કરી કે જે યજ્ઞ કરે છે તેને ભગવાન દર્શન આપે છે. તે મહાત્માનું વચન સત્ય કરવાને માટે ભગવાને ભિક્ષુક રૂપે દર્શન આપ્યા. પણ આ શેઠ ભગવાનને ઓળખી ન શક્યા ને સામું તે ભગવાનને માર્યા તેથી ભગવાન તે સંત પાસે ગયા પછે તે સંતે ભગવાનના શરીર ઉપર હાથ ફેરવ્યો. તે સર્વે મટી ગયું. આ હા હા કેટલો બધો સાચા સંતનો મહિમા આપણે પણ સાચા ત્રીસ લક્ષણેયુક્તને સ્ત્રી-ધનના સાચા ત્યાગી સત્પુરૂષને ઓળખીને તેમનો સમાગમ કરીશું તો આપણો પણ જરૂર મોક્ષ થાશે. એમાં જરાપણ શંકાને સ્થાન નથી.ને પછે આ શેઠે અજાણથી ભગવાનનો અપરાધ થયો તૈથી પોતાને બહું જ પસ્તાવો થયો ને ઘણું

દુ:ખ થયું ને જમ્યા પણ નહીં. ખુબ જ પસ્તાવો કર્યોને પોતાને અજાણે ભગવાનનો અપરાધ થયો ને ખૂબ જ વિનયથી ભગવાનની માફી માગી તો સંતને દયા આવી ને વળી સંતે ભગવાનની પ્રાર્થના કરી તેથી, તથા સંતને વચને કરીને ફરી ભગવાને આ શેઠને દર્શન આપ્યા. ને આ શેઠે ખૂબ જ ભક્તિ કરી તેથી ભગવાને તે શેઠનો મોક્ષ કર્યો. આમાં શું લેવાનું કે ? આ શેઠે અજાણે ભગવાનનો અપરાધ કર્યો પણ પોતાના ગુના જોઈને ખુબ જ ભગવાનની પ્રાર્થના કરી તો તે શેઠનો ભગવાને ઉધ્ધાર કર્યો. તેવી જ રીતે આપણાથી મને-વચને દેહે કરીને કાંઈ ભગવાનનો અપરાધ થઈ ગયો હોય તો આ શેઠની પેઠે ભગવાનની માફી માગીએ તો ભગવાન જરૂર પોતાના પ્રેમી ભક્તોને સુખીયા કરે છે જ. ને સદાય સુખીયા કરશે. માટે આપણે તેનો કેફ રાખી જેમ બને તેમ ભગવાનનું ભજન કરવું. તે ભગવાનનું ભજન કરવાથી આપણા અંતરમાં આનંદ વર્ત્યા કરે ને અંતરનો આનંદ છે તે ખરો આનંદ છે.

બીજું એક મોટા સંતે લખ્યું છે કે **પ્રભુને ભજતા હજી કોઈની લાજ જતી નથી.** જાણી રે વાલે નરસિંહ મહેતાનો હાર હાથો હાથ લીધો રે વ્હાલે મીરાંબાઈનું ઝેર હળાહળ પીધુંરે. આનો અર્થ જે ભગવાનનું ભજન કરે છે તેની ભગવાન સર્વે પ્રકારે લાજ રાખે છે જ, ને તે કૃષ્ણ ભગવાનના વખતમાં નરસિંહ મહેતાને એવી ઈચ્છા હતી કે મારો હાર ભગવાન હાથે લઈને પહેરે તે વાત બીજા માણસે કરી કે

આવી રીતે તે ભગવાન કાઈ હાથોહાથ હાર લેતા હશે એમ જાણી ઘણા માણસો મસકરી કરતા પણ આ નરસિંહ મહેતાને પુરેપુરો વિશ્વાસ હતો તેથી ભગવાનની પ્રાર્થના કરી તેથી ભગવાન પ્રગટ થઈને હાથોહાથ હાર લઈને પહેર્યો તે નરસિંહ મહેતા બહું જ સારા ભક્ત હતા. તે એક સમય કોઈક ઠેકાણે ગયા ને ત્યાના ભક્તે નરસિંહ મહેતાને ભગવાનના ભજન કરવાનું કહ્યું તેથી આ નરસિંહ મહેતા તો ભજન કરવા મંડ્યા ને ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની ગયા ને પોતાના દેહનું તથા આ લોકના વ્યવહારનું ભાન ભુલી ગયા. બીજી બાજુ તેમના ભાણેજના લગ્ન થતા હતા તે લગ્ન વખતે ભાણેજને મામેરૂં આપવાનું હતું પણ આ નરસિંહ મહેતા તો તે સર્વે ભુલી ગયા ને ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની ગયા પછે ભગવાને વિચાર કર્યો કે આ મારો ભક્ત મારા ભજનમાં લીન બની ગયો છે ને ભાણેજને મામેરૂ આપવા નહી જઈ શકે તો તેનું આ લોકમાં ખરાબ લાગશે ને લાજ જશે તેથી ભગવાને તે નરસિંહ મહેતાનું રૂપ લઈને જ્યાં ભાણેજના લગ્ન થતા હતા ત્યાં જઈ તે ભાણેજને મામેરૂં આપી આવ્યા. જુવો આ નરસિંહ મહેતા ભગવાનનું ભજન બરાબર કરતા હતા તો ભગવાને તે નરસિંહ મહેતાનું રૂપ લઈ મામેરૂં આપી આવ્યા ને વળી નરસિંહ મહેતા એક સમય ભજન કરતા હતા ત્યાં બોલ્યા કે ગરથ તો ગોપી ચંદનનું ને તુલસી હેમનો હાર, સાચુ નાણું મારે શ્યામળો મારી દોગતમાં ઝાંઝને પખાજ રે શ્યામળા ગીરધારી. તથા મીરાબાઈ પણ સારા

ભગવાનના ભક્ત હતા ને તેમને પરણવાની ઈચ્છા ન હતી ને એમના મનમાં હતુ કે મારે પરણવુ નથી મારે મારા ભગવાનનું ભજન કરી મારા જીવાત્માનું કલ્યાણ કરી લેવું એમ વિચારી નાનપણાથી જ ભગવાનનું ભજન કરતા હતા પણ તે મીરાંબાઈના માતા-પિતાએ આગ્રહ કર્યો કે તુ લગ્ન કર, પણ મીરાંબાઈને તો લગ્ન કરવાની જરાપણ ઈચ્છા ન હતી તો પણ તેમના માતા-પિતાએ લગ્ન કરાવ્યા. આ બાઈ સાસરે ગયા પણ આ બાઈને તો વ્યવહારમાં જરાપણ ઈચ્છા ન હતી ને ભગવાનની પ્રાર્થના કરી કે હે પ્રભુ મારી રક્ષા કરજો, ને આ મીરાબાઈની સાચી ભક્તિ જોઈ એમના પતિની વૃત્તિ પણ બદલાવી નાખી. તેથી આ બાઈ સંસારમાં બંધાણા નહી ને અખંડ ભગવાનનું ભજન કરે પણ તેમના પતિ ભક્ત ન હતા તેથી આ મીરાંબાઈને અવાર નવાર દુઃખ આપતા પણ આ મીરાંબાઈતો અખંડ ભગવાનનું ભજન કરતા હતા. વળી એક દિવસ તેના પતિ તે મીરાંબાઈને કહે આ તારા ભગવાને ખોટા ને તુ યે ખોટી, માટે ભગવાનનું ભજન છોડી દે પણ મીરાંબાઈના અંતરમાં તો ભગવાન વિરાજમાન થયા હતા તેથી ભગવાનનું ભજન છોડ્યુ નહી.તેથી વળી તેના પતિ ગુસ્સે થઈને ક્રોધ કરીને બોલ્યા કે લે આ ગ્લાસમાં ઝેર છે તે તુ પી જા તો તારો ભગવાન સાચો હશે તો તુ મરીશ નહી ને તારા ભગવાન ખોટા હશે તો તુ મરી જઈશ. એમ કહી તેના પતિ જરા ગુસ્સે થઈ ઝેરનો પ્યાલો આપ્યો. તે હાથમાં લઈને આ મીરાંબાઈયે તો અંતરમાં

ભગવાનને ધારીને આ ઝેરનો પ્યાલો જેમ પાણી પીયે તેમ પી ગયા ને એના પતિને થયું કે આ મીરાબાઈ હમણા મૃત્યુ પામી જશે, પણ આ બાઈને કાંઈપણ થયુ નહી. તેમાં લખ્યુ કે મીરાબાઈયે ઝેર હળાહળ પીધુ રે તે ઝેર અમૃતના સમાન થયુ. આ મીરાંબાઈને કાંઈપણ થયુ નહી એ જાણી એના પતિને થયું કે આની સાચી ભક્તિ છે. તેની ભગવાને રક્ષા કરી પછે આ મીરાંબાઈ તો ખુબ જ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે ને પોતાના ઘરનું કામકાજ હોયે તે કરે ને ભગવાનની મૂર્તિ અખંડ સંભાળતા. તે આ મીરાંબાઈનો દેહ બ્રહ્મરૂપ થઈ ગયો હતો તે મીરાંબાઈનો દેહ કયા પડ્યો ને ક્યાં અગ્નિ સંસ્કાર કર્યો એવું ક્યાઈ શાસ્ત્રમાં વાત આવતી નથી. આ મીરાંબાઈ તો ભગવાનની મૂર્તિ અંતરમાં ધારીને ભગવાનની મૂર્તિમાં લીન થઈ ગયા તે સારંગપુરના ૧૧ ના વચનામૃતમાં શ્રીજી મહારાજે લખ્યું છે કે લક્ષ્મીજી ક્યારે નોખા રહ્યા થકા ભગવાનની સેવા કરે ને ક્યારેક તો ભગવાનની મૂર્તિમાં જોડાઈ જાઈ ને પોતાના દેહનું પણ ભાન ન રહે તેવી જ રીતે આ મીરાંબાઈ દેહ છતા જ ભગવાનની મૂર્તિમાં જોડાઈ ગયા ને તેનો દેહ પણ બ્રહ્મરૂપ થઈ ગયો. બીજુ આપણા શાસ્ત્રમાં મોટા સંતે લખ્યું છે કે ગુજરાતમાં કલોલ ગામ છે. ત્યાંના કલા ભક્ત પટેલ હતા તે પણ અખંડ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા તે એક સમય તેમના સગા સંબંધી સંગાથે વ્યવહારમાં જરા વિવાદ થયો ને એના સંબંધી કહે આ ખેતર મારૂ છે, તે ખેતર એમનું ન

હતું. ખેતર તો કલા ભક્તનું જ હતું. પણ આ એમના સંબંધીએ રાગદ્વેષથી ઝગડો કર્યો ને કહે આ ખેતર કલા ભક્તનું નથી ને જો એનુ ખેતર ખરેખર હોયે તો આ લોઢાનો મોટો ગોળો અગ્નિમાં તપાવીને ખુબ જ લાલચોળ થાયે ને તે ઉપાડે ને એની જે જમીન હોયે તેમાં ફરે ને તે બળે નહી તો તે કલા ભક્ત સાચોને ખેતર પણ તેનું સાચુ ને જો કલો ભક્ત બળે તો તે ખોટો ને ખેતર પણ તેનુ ન કહેવાયે. આગલા જમાનામાં આવો કોઈ વાદવિવાદ થાયે તો લોઢાનો ગોળો તપાવીને ઉપાડતા તેવી રીતે કલા ભક્તના વિઘ્ન સંતીષીયોએ વાત કરી ત્યારે આ કલા ભક્ત તો સાચા હતા ને તેમને ભગવાનનો પુરે પુરો વિશ્વાસ હતો. તેથી તેમણે કહ્યું કે ભલે લોઢાનો ગોળો ગરમ કરો પછે લોઢાનો ગોળો એકદમ તપાવ્યોને લાલ ચોળ થયો ને ઘણા માણસો ભેળા થયા ને બોલ્યા ને કલા ભક્તને કહ્યું કે લ્યો તમે સાચા હો તો આ ગોળો ઉપાડો એ સાંભળી કલા ભક્ત તો એકદમ હીંમતમાં આવી જરાપણ બીના વિના આ ગોળા પાસે આવ્યા તે ગોળાને લાલચોળ જોયો પણ ભગવાને એ લાલચોળ ગોળા ઉપર કીડીયો ચાલતી દેખાડીને આ કલાભક્ત તો સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈને ગોળો ઉપાડ્યો ને જેટલામાં પોતાની જમીન હતી તેટલામાં ફર્યા ને પછે એક ઠેકાણે જ્યાં ઘાસનો ઢગલો પડ્યો હતો ત્યાં તે ગોળાને ફેક્યો. તે ઘાસનો ઢગલો બળી ગયો પણ આ કલા ભક્તને તો ઠંડો મજાનો બરફનો ગોળો હોયે તેવો તે ગોળો લાગ્યો,

ને કલા ભક્તના હાથપણ જરા બળ્યા નહી. તે જોઈને ગામના સર્વે મનુષ્યો આશ્ચર્ય પામ્યા ને બોલવા મંડ્યા કે આ કલા ભક્ત સાચા છે એના ભગવાન પણ સાચા એ પણ સાચા ને એની ભક્તિ પણ સાચી. આ સામેના મનુષ્યો ખોટા છે ને સર્વે ગામના મનુષ્ય સામેના મનુષ્યને વઢવા મંડ્યા ને કહેવા લાગ્યા કે આવા ખોટા ગપ્પા મારીને બીજાની જમીન પચાવી પાડવી હતી. આવા ગપ્પા ન મારજો ને આવી રીતે ન કરજો ને આવા ખોટા ગપ્પા મારશો તો દુઃખી થાશો. એ સાંભળી એ માણસો ભોઠા પડ્યા ને આ કલા ભકતની માફી માગી કે તારી ભક્તિ સાચી. તમારા ભગવાન પણ સાચા ને તમો પણ ખરા ભક્ત એમ કહી માફી માંગી ચાલ્યા ગયા ને કલા ભક્તની જમીન હતી તે કલા ભક્તને આપી દીધી.

બીજું મોટા સંતોએ કહેલ છે કે એક ગામમાં એક કુંભાર હતા તે કુંભાર હંમેશાં માટી ખોદીને માટીના વાસણો બનાવે. તે એક સમય માટીના વાસણો બનાવીને રાખેલા ને ઘણાંક વાસણો ભેળા થાયે એટલે નીભાળો સળગાવીને વાસણો પકાવે ઘણાંક વાસણો ભેળા થયા તેમાં એક મોટુ વાસણ હતું તેમાં બિલાડી બચ્ચા મૂકી ગયેલી. તે આ કુંભાર નીભાળો ખળકતો હતો ને બીજા બધા કાચા વાસણો નીભાળામાં લઈ ગયા, તે ભેળા આ બચ્ચા વાળુ વાસણ પણ તે નીભાળામાં ખડકાઈ ગયું ને નીભાળો અગ્નિ વડે સળગાવ્યો ત્યાં થોડીવારે જે બીલાડી બચ્ચા જે વાસણમાં મુકી ગઈ હતી ત્યાં આ બીલાડી આવી ગઈ પણ ત્યાં તે બીલાડીએ પોતાના નાના

બચ્ચાને ત્યાં જોયા નહી તેથી તે બીલાડી ત્યાં ખુબ જ જોરથી રાડો પાડવા મંડી. તે જોઈ આ કુંભારે ત્યાં તપાસ કરી ને બીજા માણસોએ કહ્યું કે એક મોટા વાસણમાં આ બીલાડીના બચ્ચા હતા તે જાણી આ કુંભાર બહું જ ચિંતા કરવા લાગ્યો કે અરે આ નીભાળો અગ્નિ વળે સળગાવ્યો તે અગ્નિમાં આ બચ્ચા બળી જશે તે મને પાપ લાગશે તે જાણી આ **કુંભારે ખાવા પીવાનું તથા ઉંઘવાનું બધુ ત્યાગ કરી આ સળગતા નીભાળાની ચારે બાજુ પ્રદક્ષિણા કરે** ને અખંડ રામ રામનું ભજન કરે ને ખુબ જ વિનયથી પ્રાર્થના કરે કે હે પ્રભુ અજાણે આ બીલાડીના બચ્ચા અંદર નીભાળામાં ખટકાઈ ગયા છે પણ હે પ્રભુ તમો આ બચ્ચાની રક્ષા કરજો એમ ત્રણ દિવસને ત્રણ રાત્રી અખંડ આ કુંભારે ભગવાનનું ભજન કર્યુ ને ચોથે દિવસે આ કુંભારે નીભાળો ખોલ્યો ને પાકેલા વાસણો લેવા મંડ્યો એમ કરતા ઘણાક વાસણો પાકેલા લીધા પણ બરાબર વચમાં થોડા વાસણો કાચા રહી ગયા તે કાચા વાસણો અડખે પડખે થોડા લીધા ત્યાથી તે બચ્ચા જીવતા નીકળ્યા ને તે બચ્ચા દોડીને જ્યાં તે બીલાડી બેઠી હતી ત્યાં તે બચ્ચા ગયાને બચ્ચા જ્યાંથી નીકળ્યા તેના નીચે પણ થોડા વાસણો કાચા હતા તે જોઈ કુંભાર રાજી થયા ને બોલ્યા કે અહોહો આવા ઘોર અગ્નિમાંથી મારા પ્રભુએ આ બીલાડીના બચ્ચાને જીવતા રાખ્યા તે ખરેખર ભગવાનની દયા કહેવાય. આમાં શું લેવાનું કે નરસિંહ મહેતા ભગવાનનું ભજન એકદમ કરતા હતા ને ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની

ગયા હતા. તેથી ભગવાને તેનુ રૂપ લઈ મામેરૂ પુર્યું તથા મીરાંબાઈ મહાન ભક્ત તેને હળાહળ ઝેર આપ્યુ તો તે ઝેર પણ અમૃતના સમાન થઈ ગયું ને આ કુંભારના નીભાળામાં બીલાડીના બચ્ચા ખડકાઈ ગયા હતા તો પણ અગ્નિમાં દાઝ્યા નહી. ને તે બીલાડીના બચ્ચા જીવતાં નીકળ્યા. જુવો ભગવાન પોતાના ભક્તની સર્વ પ્રકારે રક્ષા કરે છે ને કરશે તો આપણે પણ ખરા ભક્ત બનશુ તો આપણી પણ ભગવાન જરૂર રક્ષા કરશે તે મોટા સંતે લખ્યું છે કે

સાચાને સોઘા ઘણા નથી

મોઘાં થયા મહારાજ ખોટા ને ન જડે ખોડતાં તે દીન કે વળીઆજ તેમાં કહેવાનું કે સાચા જે ભગવાનના ભક્ત હોયે તેને માટે ભગવાન સોઘાં જ છે. ને ભક્તને માટે ક્યારેય મોઘા ભગવાન થયા નથી ને ખોટા જે હોયે તે ભગવાનને ખોળવા જાયે તો પણ ભગવાન તેને મળતા નથી માટે આપણે સાચા ભક્ત થાવુ ને સાચા ભક્ત થાશું તો ભગવાન સાચા ભક્તની જરૂર સર્વ પ્રકારે રક્ષા કરે જ છે ને સદાય કરશે.

બીજું મોટા સંતોએ લખેલ છે કે ગુજરાતમાં એક સારા પ્રેમી ભક્ત હતા ને હંમેશાં ભગવાનનું ધ્યાન ભજન કરે ભગવાનની ભક્તિ કરે ભગવાનના નિયમો બરાબર પાલન કરે ને પાંચ વખત માનસી પુજા કરતા તે માનસી પુજામાં ભગવાનને સારા મજાના વાઘા હંમેશાં પહેરાવતા ને બહુ જ રાજી થતા પણ એક દિવસ એમના મનમાં થયું કે **માનસીપુજામાં**

તો ભગવાનને વાઘા ધરાવું છું પણ ભગવાન માટે સારા વાઘા બનાવી ભગવાનને પહેરાવું એમ વિચાર કરી ભગવાનને સંભાળીને વાઘા બનાવવા મંડ્યા ને મનમાં વિચાર કરે કે અહો આ વાઘા મારા ભગવાનને પ્રેમથી પહેરાવીશ એમ ભગવાનને સંભાળીને વાઘા બનાવ્યાને ભગવાન માટે તે વાઘા લાવ્યા તે વાઘા ને લાવતા જોઈ ભગવાન ઢોલીયા ઉપર બીરાજમાન હતા તે નીચા ઉતરીને આ પ્રેમી ભક્તના વાઘા લીધા ને મહારાજે તે જ વખતે તે વાઘા પહેર્યા ને બોલ્યા કે અહો આટલા આટલા વર્ષો થયા ઘણા હરિભક્તો વાઘા લાવે છે પણ આ વાઘા બહુ જ સારા છે ને વાઘા પહેરી ભગવાન બહું જ રાજી થયા. આમાં કહેવાનું કે આ ભક્તનો પ્રેમ સાચો હતો કે આ વાઘા મારા ભગવાનને પહેરાવીશ તે વાઘા પહેરેલા ભગવાનના દર્શન કરી આ ભક્ત બહુ જ રાજી થયા ને એક બે દિવસ રોકાઈ પોતાને ઘેર ગયા ને ત્યાં ભગવાનનું અખંડ ભજન કરતા ને તે ભક્તને અંતકાળે ભગવાન તેડવા આવ્યા ને બોલ્યા કે જુવો ભક્ત તમોએ અમને જે વાઘા પહેરાવ્યા હતા તે જ છે ને તે જોઈ ભક્ત રાજી થયા ને ભગવાનના ધામમાં ગયાં.

બીજું ગુજરાતમાં **ઉનાવા ગામ છે ત્યાના સના પટેલ નામના સારા ભક્ત હતા** તે ખેતીનું કામકાજ કરતા હતા ને દરેક કામમાં ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખતા હતા એક સમય સાંજના ૪ વાગે મંદિરમાં ભગવાનની માનસી પુજા કરવા બેઠા તે માનસીપુજામાં તે ભક્ત ભગવાનની મૂર્તિમાં

તલ્લીન બની ગયા તે ૬ કલાક સુધી પણ પોતાના દેહની ખબર ન પડી, જુવો આ ભક્ત ખેતીનું કામ કરતા હતા પણ જો આવો હંમેશાં ધ્યાન ભજન કરવાનો અભ્યાસ રાખતા હતા તો ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા તેવી જ રીતે આપણે ભગવાન ભજવા કાળજી રાખીશું તો આપણાંને પણ ભગવાનને વિશે પ્રેમ થાશે માટે ભજન વિશેષ કરવું.

બીજું બ્રહ્માનંદ સ્વામીએ કિર્તનમાં લખ્યું કે **બ્રહ્માંનદ વ્હાલાની મૂર્તિ ઘડી છેટે મેલી કેમ જાયે** મને વહાલો લાગે છે કુંવરનંદનો આમાં શું લેવાનું કે બ્રહ્માનંદના વહાલીની મૂર્તિ કંઈ હતી ? તો આપણા ઈષ્ટદેવ સર્વ અવતારી સ્વામિનારાયણ ભગવાન હતા. તો તે ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રાખવી ને તે મૂર્તિને એક ઘડી માત્ર પણ છેટે જવા ન દેવી કેતા અખંડ એ મૂર્તિને સંભાળ્યા જ કરવી ને તે મૂર્તિ ધર્મદેવના પુત્ર ઘનશ્યામ મહારાજ છે તો આપણે એ ભગવાનની માણીગર માધુરી મૂર્તિને અખંડ સંભાળ્યા કરવી જરાવાર પણ એ ભગવાનને છેટે જવા ન દેવા. આપણે જો આવો ભગવાન ભજવાનો આગ્રહ રાખીએ તો દયાળુ ભગવાન જરૂર પોતાના પ્રેમી ભક્તોને પોતાની મૂર્તિનું સુખ આપે છે ને આપશે જ.

બીજું મુક્તાનંદ સ્વામીની વાત મોટા સંતે લખી કે **મુક્તાનંદ સ્વામી પણ અખંડ મહારાજની મૂર્તિને સંભાળતા** ને એક સમય શ્રીજી મહારાજ ચોકમાં સભા કરીને બિરાજમાન હતા ત્યાં મુક્તાનંદ સ્વામી ગયા ને મહારાજને રાજી કરવાને માટે

ચોકમાં ગુલાલ પાથર્યો ને મહારાજની મૂર્તિના દર્શન કરતા જાયે ને હાથમાં કળતાલ વગાડતા જાયે. પગના ઠમકા કરતા જાયે ને ભગવાનને રાજી કરવાને માટે નાચ કરતા જાયે ને પગ વડે હાથીનું ચિત્ર કર્યુ ને તે હાથીની અંબાળી ઉપર ભગવાનની મૂર્તિને બિરાજમાન કરી તે જોવો આ સ્વામી પગના ઠમકા કરતા જાયે, હાથમાં કરતાળ વગાડતા જાયે ને નાચતા જાયે ને તે ગુલાલ ઉપર ભગવાનની મૂર્તિ બનાવી દીધી. જો આ સ્વામીયે કેટલી બધી વૃત્તિ કેળવી તે શ્રીજી મહારાજે ગ.છે.પ્ર.ના ૯-ના વચનામૃતમાં આ વાત કહી છે કે અમારા મોટા મોટા પરમહંસો છે તે જાણપણા રૂપ ધામને દરવાજે અખંડ ઉભા રહે છે ને પોતાના હૃદયમાં ભગવાનની મૂર્તિ વિના બીજુ કાંઈ પેસવા દેતા નથી તે મુક્તાનંદ સ્વામી સત્સંગની બધી સેવા કરતા હતા પણ દરેક કામમાં ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખતા હતા તેવી રીતે આપણે પણ તે મૂર્તિને સંભાળવાની ટેવ પાડવી તે આપણે એવી ટેવ પાડીશું તો જરૂર ભગવાન પોતાના પ્રેમી ભક્તોને પોતાની મૂર્તિનું સુખ આપશે.

બીજું મોટા સંતોએ લખ્યું કે **સંતો ગામો ગામ ફરતા હતા તે સાધુનો શું ધર્મ ?** કે સર્વજીવહિતાવહ કેતા સર્વનું હિત કરવું, આનુ હિત કરવુ કે આનુ હિત ન કરવું એવું સાચા સંતોના મનમાં હોય જ નહી. તે એક ગામમાં સંતો ગયા ત્યાં ભરવાડ ઘણાં રહેતા હતા. તે ભરવાડોને જોઈને આ સંતો તે ભરવાડોને કહેવા લાગ્યા કે હે ભાઈઓ, હે ભરવાડો

તમે ભગવાનનું ભજન કરશો તો ભગવાન તમને સુખીયા કરશે. એ સાંભળી આ ભરવાડો બોલ્યા અરે સાધુ રામ, એ ભગવાન વળી શું કહેવાયે ? પછે એ સંતે કહ્યું કે જુઓ આગળ રામ ભગવાન થઈ ગયા, કૃષ્ણ ભગવાન થઈ ગયા તેવી રીતે આ વખતે સ્વામિનારાયણ ભગવાન ગઢડામાં બિરાજમાન છે. તે એ ભગવાનનું જે ભજન કરે તે સુખીયા થાયે છે. એ સાંભળી આ ભરવાડ લોકો બોલ્યા કે અરે સ્વામી, એ ભગવાન વળી શું ? એ ભગવાન અમે ક્યાં દીઠા છે. અમે તો તમોને જોયા છે. તે તમોને જોઈને અમારા મનમાં શાંતી થાય છે કેમ કે અમારા સાધુ અમારે ઘરે આવે તેને અમારે ઘેર લઈ જઈએ. તેને બાજરાના રોટલા-ગોળ-ઘી-દુધ ખવરાવીએ ને સાંજે ખાટલા ઉપર ગોદ્દુ પાથરી બેસારીએ તે એ સાધુ કહે તમારા પાસે કેટલા બકરા છે. અમને પાંચ બકરા આપો. પાંચ મણ બાજરો આપો. એવી વાતો કરતા ને બે-ચાર દિવસ રહી ચાલ્યા જતા. તેથી અમને કાંઈ સુખ થાતુ નહી પણ તમારી આવી સારી વાતો સાંભળી અમને બહુજ શાંતી તથા સુખ આવે છે. ને અમને એમ થાયે છે આ સાધુ સારા છે. માટે તમો બે ચાર દિવસ અહી રોકાવો અમોને સુખ આપો. એવી ભરવાડોની વાત સાંભળી સંતો રાજી થયા ને સત્સંગની તથા ભગવાનની સારી સારી સંતોએ વાતો સંભળાવી તેથી તે ભરવાડો રાજી થયા ને પછે સંતો કહે તમો ભગવાનના સત્સંગી થાયો તે સાંભળી ભરવાડો કહે, હે સ્વામી તમો જેમ કહો તેમ કરીએ અમારૂં સારું

કરજો. પછે સંતોએ એ ભરવાડોને વર્તમાન ધરાવી સત્સંગી કર્યા. ને માળા આપી, ભગવાનની મૂર્તિ આપી ને કહ્યું કે જુઓ આ માળા સવારે નાહીને પાંચ ફેરવજો. તે માળા ફેરવતા સંતોએ શીખડાવ્યું. તથા જે મૂર્તિ ભગવાનની આપી તેના હંમેશાં દર્શન કરી પછે જ આ બકરા આદિ ચારવા જવું. એમ કહી મૂર્તિ તથા માળા લઈ ઘેર ગયા. ને આ સંતોએ ભગવાનની વાતો સાંભળાવી હતી ને વાતો પોતાના ઘરના માણસને કહી, આ માળા ફેરવવાની વાત કરી,મૂર્તિ લાવ્યા તે વાત કરી. આ બધુ જાણી ભરવાડના ઘરના રાજી થયા. ને તે ઘરના માણસો પણ ભગવાનની માળા ફેરવે, ભગવાનની મૂર્તિના દર્શન કરે ને રાજી થાયે. એમ સંતો બે-ચાર દિવસ રહીને જવાની તૈયારી કરીને આ ભરવાડોને સંતોએ કહ્યું કે હવે અમે ગઢડા જશું. તમો ત્યાં દર્શન કરવા આવજો ત્યાં તમોને સ્વામિનારાયણ ભગવાનના દર્શન થાશે એમ વાત કરી સંતો ગઢડા ગયા થોડો સમય થયો આ સર્વે ભરવાડો ગઢડા દર્શન કરવા આવ્યા. આ ભરવાડો ગઢડા આવ્યા ત્યારે બે ત્રણ વાગ્યા હતા ને ત્યા ગઢડામાં બીજા સંતોને જોઈને પૂછ્યું કે અમારે ગામ સાધુ આવ્યા હતા ને તે કહેતા હતા કે ગઢડા આવજો ત્યાં સ્વામિનારાયણ ભગવાનના દર્શન થાશે તે સ્વામિનારાયણ ભગવાન ક્યાં છે ? તેમના અમારે દર્શન કરવા છે તે સાંભળી સંતો બોલ્યા કે એ સ્વામિનારાયણ ભગવાન પોઢી ગયા છે. તે સાંભળી આ ભરવાડો બોલ્યા કે એ પોઢી ગામ કેટલુ છેટુ છે અમે ત્યાં જઈએ ત્યારે સંતો

કહે પોઢી ગામ નથી ભગવાન હમણાં સુઈ ગયા છે તે સાંભળી બોલ્યા કે ક્યારે એ જાગશે ત્યારે સંત કહે એ ભગવાન ૪ વાગે જાગશે ત્યાં સુધી અહી બેસો એ સાંભળી ભરવાડ બોલ્યા કે અમો તો વગડામાં આખો દિવસ ફરીયે તેથી બેસી રહેવું ન ફાવે, કાંઈ કામ હોયે તો કહો તે સાંભળી સંતો કહે જુઓ આ છાણ ને માટી છે તે ભેગા કરી એને ખુદ્યો તે સાંભળી તે ભરવાડો છાણ તથા માટી ભેગા કરી પગવળે ખુદવા મંડ્યા ને હાંથેથી વળી તે ગાળ ભેળી કરે ને વળી તે ગાળ ખુદે એમ કરતા થોડી વારે ભગવાન જાગ્યા હતા ને રસ્તામાં ચાલ્યા જતા હતા. તે જોઈ બીજા સંતોએ આ ભરવાડોને કહ્યું કે જુઓ, એ જાય છે તે સ્વામિનારાયણ ભગવાન છે. તે જોઈ ગાળ ખોદવું મૂકીને જલદી ભગવાન પાસે આવ્યાને દંડવત કરવા લાગ્યા ને ગાળવાળા હાથ વડે ભગવાનના ચરણ પકડી રાખ્યા, ને તે ભગવાનના દર્શન કરી આ ભરવાડો રાજી થયા. ને ભગવાનના ચરણ પકડી રાખ્યા તે છોડે જ નહી. ત્યારે બીજા સંતો કહે અરે ભરવાડો આ ભગવાનના ચરણ છોડો, ભગવાનને જવાનું છે તો પણ આ ભરવાડો ભગવાનના ચરણ છોડે નહી. વળી બીજા સંતોએ કહ્યું કે આ ભગવાનના ચરણ છોડીદ્યો. તો પણ આ ભરવાડો સમજયા નહી, પછે બીજા સંતે તે ભરવાડોનો હાથ ઝાલી બોલ્યા કે આ છોડીદ્યો. ત્યારે તે ભરવાડોએ કહ્યું તમો એમ કહો ને કે આ ભગવાનના ટાંગા છોડીદ્યો. તે ભરવાડ લોકો પગને ટાંગા કહે, પછે તે ભરવાડોએ ભગવાનના

ચરણ છોડી દીધા. ભગવાનના ચરણ ગાળવાળા હતા તે બીજા સંતોએ પાણીથી ધોઈ નાખ્યા ને ભગવાન અક્ષર ઓરડીમાં ગયા ને આ ભરવાડોએ પણ હાથપગ ધોઈ તે સર્વે ભરવાડો ત્યાં સ્વામિનારાયણ ભગવાનના દર્શન કરવા ગયા. ભગવાનના દર્શન કરી આ ભરવાડો ખુબ જ રાજી થયા ને જે સ્વામિએ તે ભરવાડોને સત્સંગ કરાવ્યા હતો તે સ્વામીની પુછા કરી કે અમારે ગામમાં આવ્યા હતા તે સ્વામી ક્યાં છે ? પછે તે સંતોને બોલાવ્યા ને તે સંતોના દર્શન કરી આ ભરવાડો રાજી થયા ને બે-ત્રણ દિવસ ભગવાન પાસે રોકાણા ને ભગવાનની વાતો સાંભળી બહું જ રાજી થયા ને બોલ્યા કે અરે સ્વામી આ સ્વામિનારાયણ ભગવાને તો અમોને ન્યાલ કરી દીધા. આહાહા આવો આનંદ તો અમારી જીંદગીમાં ક્યારે ભોગવ્યો ન હતો. એમ તે ભરવાડ લોકો ખુબ જ રાજી થયા ને પોતાને ગામ ગયા ને તે ભગવાનની મૂર્તિને સંભાળ્યા કરે ને સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભગવાનનું નામ લીધા કરે, એમ કરતા તે ભરવાડોની આયુષ્ય પુરી થઈ ગઈ. ભગવાન એ ભરવાડોને દેહને અંતે પોતાના અક્ષરધામમાં લઈ ગયા ને મહાન સુખીયા તે ભરવાડો થયા. આમા શું કહેવાનું કે, આ ભરવાડો જાડી કોમના હતા તેમને કાંઈ જ્ઞાન ન હતું ? પણ ત્યાં સંતો ગયા ને સંતોનો સમાગમ થયો તેથી તેમને ભગવાન ઓળખાણા ને ભગવાને તેનો મોક્ષ કર્યો. તેવી રીતે આપણે મોટા સત્પુરૂષોનો સમાગમ કરી આપણી કસરમાત્ર આને આ જન્મે ટળી જાયે ને દેહને અંતે જેમ

ભરવાડો ભગવાનની સેવામાં રહી ગયા તેવી રીતે આપણે ભગવાનની સેવામાં રહી જવાયે એ જ મોટો લાભ છે. ને ખરૂં તે જ કરવાનું છે.

બીજું મોટા સંતોએ લખેલ છે કે **ગુજરાત દેશમાં એક પ્રેમદાસ સારા ભક્ત હતા.** તે ભગવાનને સંભાળીને પોતાનું વ્યવહારિક કાર્ય કરે ને સવારે વહેલા ઉઠી નાહી પૂજા પાઠ કરે, ભગવાનની મૂર્તિનું ધ્યાન ભજન કરે ને ખાતાં પીતાં હાલતા ચાલતા દરેક કામમાં ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખતા ને અંતરમાં ભગવાનની મૂર્તિ દેખતા તો પણ હંમેશાં મહારાજની પ્રાર્થના કરે, હે કૃપાનાથ, હે દયાળુ તમો મારા ઉપર દયા કરી મારે ઘરે પધારો તે હંમેશાં આ ભક્ત પ્રાર્થના કરતા હતા ને આ ભક્તનો અંતરનો પ્રેમ જોઈ એક સમય મહારાજ તેમને ઘેર પધાર્યા. તે દૂરથી ભગવાનને આવતા જોઈ એ ભક્તના અંતરમાં બહું જ આનંદ થયો. મહારાજ એમને ઘેર પધાર્યા. આ ભક્ત શ્રીજી મહારાજને પોતાને ઘેર સારો મજાનો પલંગ તેના ઉપર ગાદી તકીયો બીછાવી શ્રીજી મહારાજને બિરાજમાન કર્યા. ને મહારાજની મૂર્તિ સામું જેમ ચકોર પક્ષી ચંદ્ર સામુ જોઈ રહે તેવી રીતે આ ભક્ત ભગવાનની મૂર્તિ સામુ જોઈ રહ્યા. ને મૂર્તિ સામુ જોતા જોતા તે ભક્તની વૃત્તિ મૂર્તિમાં તલ્લીન બની ગઈ. ને પોતાના દેહનું પણ ભાન ભૂલી ગયા. થોડીવારમાં શ્રીજી મહારાજે તે ભક્તને ધ્યાનમાંથી જગાડ્યા. જાગીને આ ભક્ત ખુબ જ આનંદમાં આવી ગયા ને બોલ્યા કે,પાતળીયે હર્યા પ્રાણ બેની

મારા પાતળીયે હર્યા પ્રાણ તે ભક્તના અંતરમાં ખુબ જ આનંદ આનંદ થઈ ગયો ને આનંદના સાગરમાં નાહવા લાગ્યા. પછે ભગવાનની ચંદન પુષ્પો વડે પુજા કરી ભગવાનની આરતી ઉતારી ભગવાન આ ભગવાનનો પ્રેમ જોઈ બહુજ રાજી થયા ને બોલ્યા કે અહો ભક્ત તમોએ બહુજ અમારી સેવા કરી કાંઈક માંગો. જે માંગો તે આપીએ. આવી લાવણ્યતાની વાત ભગવાનની સાંભળી આ ભક્ત બોલ્યા કે તે કીર્તન આ મૂર્તિ અખંડ રેજો ઉર એ વર અમે માંગીયે એ સાંભળી ભગવાને તેમના મસ્તક ઉપર હાથ મૂકી રાજી થયા. અહો ભક્ત તમારો આવો પ્રેમ છે તો જરૂર તમને દર્શન અંતરમાં થાશે. એમ ભગવાન વરદાન આપી શ્રીજી મહારાજ ત્યાંથી ચાલ્યા ગયા. ભગવાન ચાલ્યા ગયા ત્યારથી આ પ્રેમી ભક્તના અંતરમાં ભગવાનની માધુરી માણીગર મૂર્તિના અખંડ દર્શન થતા ને અખંડ ભગવાનનું સ્મરણ કરતા ને ભગવાનની મૂર્તિને સંભાળીને પોતાનું વ્યવહારિક કાર્ય કરતા ને રાત્રે સૂવે ત્યારે પણ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીને સૂવે. તેથી રાત્રીના પણ તે ભક્તને ભગવાનની મૂર્તિના જ સપના આવે ને દિવસના પણ દરેક ક્રિયામાં ભગવાનની મૂર્તિની સ્મૃતી રાખતા. અહો જુઓ આ ભક્ત ત્યાગી સંત બન્યા ન હતા. ગૃહસ્થાશ્રમમાં જ હતા પણ જુઓ આ ભક્તે આવી રીતે સમજણ કેળવી તો ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખતા હતા ને આ ભક્તે બીજા ઘણાંક સારા સદ્‌ગૃહસ્થને સત્સંગી બનાવ્યા. તે શ્રીજી મહારાજે વચનામૃતમાં કહેલ છે

કે પોતા પાસે જ્ઞાન હોયે તે બીજાને આપવું તે અનુસંધાનમાં આ પ્રેમી ભક્તે ઘણાંકને ભગવાનની વાતો સંભળાવી ને ભક્ત બનાવ્યા. ને દેહને અંતે શ્રીજી મહારાજ તે ભક્તને અક્ષરધામમાં લઈ જવાને માટે આવ્યા. તે આ ભક્ત બોલ્યા કે જુઓ ભાઈઓ આ મારા પ્રભુ સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવ્યા છે. ને હું તે ભગવાનના અક્ષરધામમાં ભગવાન ભેળો જાઉં છું. તે અક્ષરધામમાં જવાના પણ બે પ્રકાર છે. એક ધૂમ માર્ગ ને બીજો અર્ચી માર્ગ એમ શ્રીજી મહારાજે ગ.પ્ર.પ્ર.ના ૨૧ ના વચનામૃતમાં લખેલ કે જે અખંડ ભગવાનનું ભજન જે ભક્તો કરતા હોયે જરા પણ આ દુનિયામાં વાસના ન હોયે તેને ભગવાન અર્ચી માર્ગે ધામમાં તેડી જાયે છે. તે એકક્ષણ માત્રમાં ભગવાનના ધામમાં તે એકાંતીક ભક્ત પહોંચી જાયે છે. બીજો ધૂમ માર્ગ એટલે ફરતા ફરતા જાયે તે કયા તો વૈકુંઠ તથા ગોલોક તથા બદ્રિકાશ્રમ તથા શ્વેતદ્વિપધામ એમ બધે ઠેકાણે ફરતા ફરતા જાયે ને ત્યાં વળી કોઈ સિદ્ધિઓ આવે તો વળી તે ક્યાંય લોભાઈ જાયે, તો વળી તેને ભગવાનના અક્ષરધામમાં જતા વાર લાગે. અહો જુઓ પ્રભુ પ્યારા, હે ભગવાનના લાડકવાયા, હે વ્હાલા ભક્તો, જુઓ આ પ્રેમદાસ કાંઈ સંત બન્યા ન હતા. ગૃહસ્થાશ્રમમાંજ હતા પણ તેમણે કેટલીબધી બુદ્ધિ ખેલાવી તે વ્યવહારિક કાર્ય પણ બરાબર કર્યુ ને સાથે સાથે ભગવાનની મૂર્તિને પણ સાંભળી તેથી તે મહાન સુખીયા થઈ ગયા. ને દેહ છતાં પણ ભગવાનની મૂર્તિને સુખીયા હતા.

ને દેહને અંતે જે મોટો યોગીયોપણ જે ભગવાનના અક્ષરધામને નથી પામતા તે આ ભક્ત ગૃહસ્થાશ્રમમાં રહીને સાચે ભાવે ભગવાનની ભક્તિ કરી તો તે મહાન મોટી પદવીને પામી ગયા. આમાં આપણે શું લેવાનું કે, આ ભક્ત વ્યવહારિક કાર્ય કરતા હતા પણ સાથે સાથે સારી બુદ્ધિ ખેલાવી ને ભગવાનનું ભજન પણ કર્યું તે શ્રીજી મહારાજે કહ્યું છે કે અમને બુદ્ધિવાળો બહુ ગમે છે. તે બુદ્ધિવાળો વ્યવહારમાં બહુ જાણે તેને કહેવાયે ? તે બુદ્ધિવાળો ન કહેવાયે.તે શ્રીજી મહારાજે ગ.પ્ર.પ્ર.ના ૫૦ ના વચનામૃતમાં કહેલ છે કે પોતાના મોક્ષનું જતન કરતો હોયે તેને જ ખરો બુદ્ધિવાળો કહ્યો છે. વળી મોટા સંતોએ લખેલ છે કે વડોદરા શહેરમાં પેલા નાથ ભક્ત હતા તે સારા ભગવાનના ભકત હતા ને ખુબ જ ભગવાનનું ભજન કરતા હતા બીજું પેલા રાજાશાહી રાજ હતું ત્યારે વડોદરાના રાજાના દિવાન હતા તે વડોદરાનું દિવાનપણું કરતા હતા. તે ઘણી બુદ્ધિવાળા હતા તેને આ લોકની બુદ્ધિ હતી પણ મોક્ષની બુદ્ધિ ન હતી. તેને આ લોકની બુદ્ધિવાળા કહ્યા છે ને વડોદરાના નાથ ભક્ત હતા તે આ લોકમાં બુદ્ધિ ઓછી હતી પણ ભગવાનનું ભજન બરાબર કરતા હતા. ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરતા હતા તેને મોક્ષ માર્ગમાં બુદ્ધિવાળા કહ્યા છે. તેવી જ રીતે આ પ્રેમચંદભાઈ પણ પોતાના મોક્ષમાર્ગમાં બુદ્ધિ ખેલાવીને પોતાનો મોક્ષ કર્યો. ખરેખર આ પ્રેમચંદભાઈને ધન્યવાદ છે કે પોતે ગૃહસ્થાશ્રમમાં રહ્યા, વ્યવહારિક દરેક ફરજ બજાવીને

સાથે સાથે સાચે ભાવે સત્સંગ કરીને પોતે અભયપદને પામ્યા તે એમના મોટા ભાગ્ય છે તેવી જ રીતે સર્વે સત્સંગીઓ ભલે ગૃહસ્થાશ્રમમાં રહો પણ સાથે સાથે આ પ્રેમચંદભાઈની પેઠે બુદ્ધિ ખેલાવી મોક્ષ સંબંધી કાર્ય કરવામાં કાળજી રાખવી.

બીજું મોટા સંતોએ લખેલ છે કે એક સારા ભક્ત હતા. સત્સંગી હતા. તેને નાનપણાથી જ ભગવાન પ્રત્યેનો પ્રેમ. તેનું નામ વિનોદ હતું. તેના પિતાશ્રી દેહ મૂકી ગયા હતા. તેમના માતૃશ્રી હતા તે આ વિનોદ ભણવા જાયે. વિદ્યા ભણે, પણ તેના અંતરમાં વિચાર રહ્યા કરે કે મારા **અનાદિકાળના સ્વભાવ પ્રકૃતિ કે વાસના ટાળીને મારે આ જન્મે જ મોક્ષ કરી લેવો.**એને નાનપણથી જ આવો વિચાર રહ્યા કરતો. તે સત્શાસ્ત્રમાં લખેલ છે કે પૂર્વેના યોગભ્રષ્ટ જીવો હોયે તેને સારે ઠેકાણે ભગવાન જન્મ આપેને નાનપણથી જ તેને ભગવાનનું ભજન કરવાનો આગ્રહ હોયે તેવી રીતે આ વિનોદને પણ નાનપણથી જ ભગવાન પ્રત્યે પ્રેમ તેને બીજા સત્સંગી થકી સાંભળ્યું કે ગઢડામાં સ્વામિનારાયણ ભગવાન બિરાજે છે ને ભક્તોને સુખીયા કરે છે. તે સાંભળી આ વિનોદના મનમાં થયું કે અહો આવા દયાળું સ્વામિનારાયણ ભગવાન ગઢડામાં છે તો હું પણ ત્યાં જાઉં ને તે ભગવાનના દર્શન કરું. એમ વિચારી આ વિનોદ ગઢડા ગયા. ગઢડામાં સ્વામિનારાયણ ભગવાન લીંમડાના ઝાડ તળે સભા ભરાઈને બિરાજમાન હતા ને ત્યાં ભગવાન ધર્મ,જ્ઞાન,વૈરાગ્ય ભક્તિની વાતો સર્વે સંતો-હરિભક્તોને સંભળાવતા હતા. ત્યાં જઈ આ

વિનોદ ભક્તે પ્રેમથી દર્શન કર્યા ને દૂર સભામાં બેઠા. ભગવાનની વાતો સાંભળતા હતા તે વાતો સાંભળીને આ વિનોદના અંતરમાં શાંતી શાંતી થઈ ગઈ ને ભગવાનના સુખ વડે આનંદ આનંદ થઈ ગયો. ને અંતરમાં ભગવાનની મૂર્તિના સુખ વડે ઠંઠા ઠંઠા શેરડા પડવા લાગ્યા. ને તેના અંતરમાં જે અનાદિકાળના રહેલા જે માયાના વિકારો ટળવા લાગ્યા ને બધા વિકારો ટળી ગયા તેથી તેનું હૃદય હળવું ફુલ જેવું થઈ ગયું, શાંતી શાંતી થઈ ગઈ. તેથી તેના અંતરમાં વિચાર થયો કે અહો આ ભગવાનના દૂરથી દર્શન કર્યા, દૂરથી વાતો સાંભળી તેથી મારા સર્વે વિકારો ટળી ગયા. બસ હવે મારે બીજે ક્યાંય જવું નથી ને અહીં જ રહી ભગવાનનું ભજન કરી મારા જીવનું કલ્યાણ કરી લેવું. એમ વિચારી ત્યાં બેઠા થોડીવારે સભાની પૂર્ણાહૂતિ થઈ. સર્વે સંતો હરિભક્તો પોતાને ઠેકાણે ગયા. સભા ખાલી થઈ પણ આ છોકરો તો ત્યાં જ બેસી રહ્યો. થોડીવારે ભગવાનને ખબર પડી કે છોકરો દર્શન કરવા આવ્યો છે. ને હજુ ત્યાં જ કેમ બેસી રહ્યો છે. તે શા માટે બેસી રહ્યો છે ? એમ વિચારી ભગવાન આ છોકરા પાસે આવ્યા ને તે છોકરાને પૂછ્યું કે અરે ભક્ત, તમો ક્યાંના છો ને ક્યાંથી આવ્યા છો ને તમારું નામ શું છે ? એમ ભગવાને પૂછ્યું તે સાંભળી આ છોકરે પોતાની બધી વાત કરી ને તે છોકરો બોલ્યો કે અહો હે દયાળુ, હું મનમાં વિચાર કરીને આવ્યો હતો કે મારામાં અનાદિકાળના માયાના વિકારો રહ્યા છે તે ટળી જાયે ને મને મનમાં શાંતી

થાયે એમ વિચારી હું અહી આવ્યો હતો. તેથી હે દયાળુ આપના આશીર્વાદથી મારા સર્વે વિકારો ટળી ગયા ને મને શાંતી થઈ. તેથી હવે મારે આ સંસારમાં જવું નથી ને મારે અહીં જ રહી મારા આત્માનું કલ્યાણ કરી લેવું છે. વળી ભગવાને પૂછ્યું કે તારા સગા સંબંધી કોણ છે ? ત્યારે આ છોકરે પોતાની માતા છે એમ વાત કરી તે સાંભળી ભગવાન બોલ્યા કે જુઓ ભાઈ, તારી એક જ માતા છે તું એકનો એક એ માતાનો દિકરો છે તેથી તારે તે માતાની સેવા કરવી જોઈએ. તુ ત્યાં તારી માતા પાસે જા ને તારી માતાની સેવા બરાબર કરજે તે સાંભળી આ છોકરાના મનમાં થયું કે, અરે મારે મારી માતા પાસે જવું નથી. મારે તો અહીં જ રહી ભગવાનનું ભજન કરી મારા આત્માનું કલ્યાણ કરવું છે. એ મનમાં વિચાર કરી ભગવાનને આ છોકરે કહ્યું કે મારે હવે ઘરે જવું નથી. મારે તો અહીં રહી મારા આત્માનું કલ્યાણ કરવું છે. તે સાંભળી ભગવાન બોલ્યા કે તારી માતાને તું એકનો એક જ છોકરો છો માટે અમે તને અહી રાખી શકશું નહી, તું હમણાં જા તારી માતાની સેવા કરજે એમ ભગવાને ઘણું કહ્યું ને એ છોકરે મનમાં વિચાર કર્યો કે ભગવાન મને અહી નહી રાખે એમ જાણી તે છોકરો ત્યાંથી ચાલતો થયો. ને પોતાને ઘેર આવ્યો. ને પોતાની માતાને બધી વાત કરી કે મને તો ભગવાન મળી ગયા. મારે તો ત્યાં જ રહેવું હતું પણ ભગવાને મને કહ્યું કે તારી માતાની સેવા કર. એટલે હું અહી આવ્યો છું. તે સાંભળી તેની માતા કહે અરે બેટા,

તને ભગવાન મળ્યા હોયે તો તે ભગવાનના જેવી બીજી કંઈ વસ્તુ સારી છે ? જા તું પ્રેમથી ભગવાનની સેવામાં રહેજે. તે પોતાની માતાના આવા વચન સાંભળી તે છોકરો બોલ્યો કે અરે મમ્મી, તે ભગવાન મને એમજ રાખશે નહી. ત્યારે વળી એ છોકરાની માતા બોલ્યા, એમ ન રાખે તો ચાલ, હું પણ તારી સાથે આવું. ને એ ભગવાનને કહ્યું કે ભલે આ છોકરાને તમારી સેવામાં રાખો એમ વિચાર કરી તે છોકરો તથા તે છોકરાની માતા ગઢડા આવ્યા ને તે છોકરાની માતા ભગવાનને કહે આ મારા છોકરાને તમારી સેવામાં રાખો તે સાંભળી ભગવાન બોલ્યા અરે ડોશીમાં આ તમારો એકનો એક છોકરો છે તેને સાધુ બનાવશો તો તમારી વૃદ્ધ અવસ્થામાં કોણ સેવા કરશે ? માટે આને સાધુ બનાવવો નથી. જાઓ લઈ જાઓ તમારે ઘેર, એને અમારે અહી રાખવો નથી. તે સાંભળી આ બેન બોલ્યા કે વૃદ્ધા અવસ્થામાં કોણ સેવા કરશે. એ તો ગર્ભવાસમાં જેણે રક્ષા કરી હતી તે જ ભગવાન રક્ષા કરશે. વળી પશુ પક્ષીના દેહમાં ક્યાં છોકરા સેવા કરે છે. માટે હે ભગવાન તમો મારી જરાપણ ચિંતા ન કરો, આ છોકરાને હું રાજીખુશીથી રજા આપું છું. તમો પ્રેમથી એને અહીં રાખી સાધુ બનાવો ને તમારી સેવામાં રાખો. આ છોકરાની માતાના આવા વચન સાંભળી ભગવાન બહું જ રાજી થયા. અરે બેન તમને ધન્યવાદ છે કે આ એક જ છોકરો તેને તમો જરાપણ ચિંતા કર્યા વિના સાધુ થવાની રજા આપો છો એ તમારી સારી સમજણ છે,

એમ જાણી એ બેને ત્યાં ભગવાન રૂબરૂ જ કંકુનો ચાંદલો કરી તે છોકરાને ભગવાનને સોંપી દીધો. ને તે બાઈ પોતાને ઘેર ગયા. ભગવાને પછે આ છોકરાને સાધુ બનાવ્યો ને સાધુ બહુજ સારા થયા ને ખુબ જ ભગવાનનું ધ્યાન ભજન કરે ને તે સાધુએ લાખો જીવોને સત્સંગ કરાવ્યો ને તે પણ ખુબ જ ભજન કરે ને દેહને અંતે તે સ્વામીને ભગવાન દર્શન આપી પોતાના ધામમાં તેડી ગયા ને તે સ્વામી ભગવાનની હજુર સેવામાં રહી ગયા. જુઓ આ છોકરો પૂર્વેનો યોગ ભ્રષ્ટ જીવ હતો. તે નાનપણથી જ ભગવાનની ભક્તિ કરતા ને ભગવાનના દર્શન કર્યા તેથી તેના અંતરના બધા માયાના કાંટા નીકળી ગયા ને તે સાધુ થયા ને લાખો જીવોને સત્સંગ કરાવ્યો પણ વિશેષ એની માતાને ધન્યવાદ કહેવાયે કે વિધવાબાઈ કોઈ કમાવવાવાળું નહી ને પોતાનો એકનો એક છોકરો તેને પ્રેમથી રજા આપીને સાધુ બનાવ્યા તે બાઈની ઘણી જ ઊંચી સમજણ કહેવાયે. નહીતર કોઈને બે-ત્રણ દિકરા હોયે તો પણ એક દિકરાને સાધુ બનાવવા હોયે તો પણ આ દુનિયાના માણસો ના જ પાડે, પણ આ બાઈને એક જ દિકરો તેને સાધુ બનાવ્યા. તે આ બાઈની ઘણી જ ઊંચી સમજણ કહેવાયે. તમારા લાકડવાયા દીકરાને ભલે સાધુ ન બનાવો પણ સારા ભકતતો બનાવવા જ જોઈએ. ને આપણે પણ ભગવાનનું ભજન કરી આપણાં જીવનું કલ્યાણ તો જરૂર કરી લેવું એ જ મોટો લાભ છે.

બીજું મોટા સંતે કહેલ કે એક ગામમાં ભગવાનદાસ

નામના સારા ભક્ત હતા તેની **માતાએ ભગવાનદાસને કહ્યું કે તું ભગવાન ખોળી આવ.** તે સાંભળી ભગવાનદાસ બોલ્યા કે અરે માતા એ ભગવાન કયા રસ્તામાં મળે. એ ભગવાનને ખોડવાને માટે તો કેટલાયે રૂષી મુનીયો કેટલી મહેનત કરે તો પણ તે ભગવાન મળતા નથી તો મને ક્યાંથી મળે ત્યારે એના માતા કહે જો દીકરા તારી સાચી ભાવના હશે તો જરૂર મળશે. લે હું તને ભાતું જે ટીંમણ બનાવી આપુ. એ સાંભળી તે ભગવાનદાસ ભગવાનને ખોળવા જવા તૈયાર થયા. તે વાતની તેના ધર્મપત્નીને ખબર પડી ને તે ભગવાનદાસને કહેવા લાગ્યા કે તમો ભગવાનને ખોળવા જાવો તે જો ભગવાન જલદી મળી જાયે તો ઠીક પણ જલદી ન મળે ને તમો જલદી પાછા ઘેર ન આવો તો મારૂં શું થાશે ? માટે તમો ભગવાનને ખોળવા ન જાવો તો સારૂં. તે સાંભળી ભગવાનદાસ બોલ્યા કે આપણી માતાની સાચી ભાવના છે મને પણ ઈચ્છા છે કે જરૂર ભગવાનને હું તેડી લાવીશ. તું જરાપણ ચિંતા ન કર. તારી સાચી પતીવ્રતાની ટેક હશે તો હું જરૂર ભગવાનને ખોળી લાવીશ. તું જરાપણ ચિંતા ન કર, તે સાંભળી તેના પત્નીને જરા શાંતી થઈ ને બોલ્યા કે ભલે જાયો ને ભગવાનને ખોળી જલદી આવજો એ સાંભળી ભગવાનદાસ રાજી થયા ને એમની માતાએ ભાતુ બનાવી દીધુ ને આશીર્વાદ આપ્યા કે જા દીકરા તું ભગવાનને તેડીને જલદી આવજે એ સાંભળી ભગવાનદાસ બોલ્યા કે અરે માતા ભગવાનને ખોળવા તો જાઉં પણ એ

ભગવાનને હું કેવી રીતે ઓળખુ કે આ ભગવાન છે ત્યારે એની માતા કહે એ ભગવાનને પડછાયો ન હોયે તથા કાચમાં જેમ આરપાર દેખાય તેમ તે ભગવાનની આરપાર દેખાય ને ભગવાન હોયે તેના ચરણમાં સોડ ચિન્હો હોયે આ ત્રણ લક્ષણ હોય તે ભગવાન કહેવાયે. ભગવાનદાસના માતાએ સત્શાસ્ત્રમાંથી જાણેલું એટલે તે પોતાના પુત્રને વાત કરી એ સાંભળી ભગવાનદાસ ભાતું લઈ ભગવાનને ખોળવા ચાલ્યા ને મનમાં વિશ્વાસ કે હું જરૂર ભગવાનને ખોળી આવીશ.તે ભગવાનદાસ રસ્તામાં ચાલવા મંડ્યા તે ચાલતા ચાલતા એક સમય ભગવાન બાવારૂપે એક ઝાડ નીચે બેઠેલા ને આ ભગવાનદાસ ચાલતા હતા તે ચાલતા હતા ત્યાં બાવારૂપે ભગવાને આ ભગવાનદાસનું નામ લઈને બોલાવ્યા કે અરે ભગવાનદાસ એ ભગવાનદાસએ સાંભળી ભગવાનદાસ જોવા લાગ્યા કે ક્યાંથી અવાજ આવે છે. તે જોયું તો એક ઝાડ ટળે બાવા જેવા બેઠા હતા. તે બોલાવતા હતા. તે ભગવાનદાસ આ બાવા પાસે ગયા ને આ બાવાને ભગવાનદાસે દૂરથી પ્રણામ કર્યા તે બાવારૂપી ભગવાન કહે અરે ભગવાનદાસ આવળા ઉતાવળા ઉતાવળા ક્યાં જાઓ છો ? તે સાંભળી ભગવાનદાસ તો જાણી ગયા કે આ બાવો ચમત્કારી લાગે છે કેમ કે મને એ ઓળખતા નથી મેં આ બાવાને ક્યાંય જોયા નથી, પણ તેમણે મારૂં નામ લઈ બોલાવ્યા એટલે ચમત્કારી તો લાગે છે. ને તે બાવાએ એ ભગવાનદાસને બોલાવ્યા એટલે એ ભગવાનદાસ ઝાડ નીચે બેઠેલા બાવા

પાસે ગયા. બાવારૂપે ભગવાન કહે છે કે, અરે ભગવાનદાસ તમને ઉતાવળ તો હશે,પણ આ મારા પગમાં કાંટો વાગ્યો છે તે જરા કાઢી આપશો ? એ સાંભળી આ ભગવાનદાસ બોલ્યા કે આ બાવો ચમત્કારી લાગે છે, માટે મારે આમનો કાંટો જરૂર કાઢવો પડે. એમ જાણી પોતાની પાસે કાંટો કાઢવાનું કાંઈક સાધન હશે તેથી કાંટો કાઢવા મંડ્યા ને પેલા તે બાવાના જમણા પગને પાણીથી ધોઈ કાંટો કાઢવા લાગ્યા. પણ તે પગમાં કાંઈ કાંટો દેખાણો નહી ને નવ ચીન્હ દેખાણા, પછે તે ભગવાનદાસ કહે આ પગમાં તો કાંટો દેખાતો નથી એ સાંભળી બાવારૂપે ભગવાન કહે તો એ પગમાં કાંટો નહી વાગ્યો હોયે, આ ડાબા પગમાં કાંટો વાગ્યો હશે. તે ભગવાનદાસે ડાબો પગ પાણીથી ધોઈ કાંટો કાઢવા લાગ્યા, પણ તેમાં પણ કાંટો દેખાણો નહી ને તેમાં સાત ચિન્હ દેખાણા. આ જોઈ ભગવાનદાસ કહે આમાયે કાંટો નથી.પણ તે ભગવાનદાસના મનમાં થયું કે મારી માતાએ કહેલ હતું કે, ભગવાનના ચરણમાં સોળ ચિન્હો હોયે તે આમના ચરણમાં સોળ ચિહ્ન છે તો ભગવાન હશે પણ બીજા બે ચિન્હો એમની માતાએ કહેલ કે કાચની પેઠે આરપાર દેખાય ને પડછાયો ન હોય તેવું વિચારી આ ભગવાનદાસ જોવા મંડ્યા. તો તડકામાં પડછાયો દેખાણો નહી ને એમના શરીર સામુ જોયુ તો કાંચની પેઠે આરપાર દેખાણું આ ત્રણે નિશાન એમની માતાએ કહેલ તે ત્રણે નિશાન જોઈ ભગવાનદાસ બોલ્યા અહો પ્રભુ મારી માતાએ

કહ્યું કે ભગવાનને ખોળી આવ, તો આપ જ ભગવાન છો, તો આપ દયા કરી મારે ઘરે પધારો એ સાંભળી આ બાવારૂપે ભગવાન કહે, અરે ભલામાણસ હું તો બાવો છું. હું કાંઈ ભગવાન નથી. તે વાત સાંભળી આ ભગવાનદાસ બોલ્યા કે મારી માતાએ કહેલ હતું તે સર્વે નિશાની તમારામાં છે માટે તમે જ સાક્ષાત ભગવાન છો. માટે મારે ઘરે જરૂર પધારો. આ બાવારૂપે આ ભગવાનદાસની વાત સાંભળીને બોલ્યા કે અરે ભક્ત તમારા જેવા પ્રેમી ભક્તોને ઘેર જરૂર આવું. ચાલો એમ કહી બાવારૂપે ભગવાન હતા તે બાવાનું રૂપ અદૃશ્ય કરી સારા મજાના વસ્ત્રો ઘરેણાં પહેરી ભગવાનરૂપે આ ભગવાનદાસને દર્શન આપ્યા ને તે ભગવાનદાસને ભગવાન બંને ચાલ્યા ને તે ભગવાનદાસનું ઘર આવ્યું ત્યાં બંને આવ્યા ને ભગવાનદાસ ખુબ જ હરખમાં આવી બોલ્યા, અરે અરે માતા અરે પિતા હું ભગવાનને ખોળી આવ્યો તે સાંભળી એ ભગવાનદાસના પિતા તથા માતા તથા તે ભગવાનદાસના સર્વે સંબંધી રાજી થયા ને ભગવાનની પુજા કરી, પ્રાર્થના કરી. આમાં શું લેવાનું કે આ ભગવાનદાસ તથા તેમના સર્વે કુટુંબીજનોને ભગવાને ખોળવાને ભગવાનના દર્શન કરવા તે તેમનો સાચો ભાવ હતો. તે ભગવાને તે સર્વેને દર્શન આપ્યા. તેવી જ રીતે આપણે સાચી ભાવના ભગવાન પ્રત્યે રાખીએ તો આપણાને પણ ભગવાન જરૂર દર્શન આપે. માટે આપણે ભગવાન ભજવામાં ખુબ જ કાળજી રાખવી. સત્સંગી હરિભક્તોએ પુજા કરવી ને પુજામાં સાકર,કાજુ, દ્રાક્ષ આદિ

જે પોતાને સાનુકુળ હોયે તે ભગવાનને પૂજા કરતી વખતે ધરાવવું.

બીજું એક સારા સત્સંગી ગુજરાત દેશના હતાં. તેનું નામ રામદાસ હતું. તે હંમેશાં ભગવાની પુજા કરતા ને ભગવાનને **સાકર પુજામાં ધરાવે ને તે પ્રસાદી જમે પછે જ પોતે નાસ્તો કરે એવો એ ભક્તને નિયમ હતો.** એક સમય બીજે ગામ ઘણા હરિભક્તો યાત્રા કરવા ગયા તેમની સાથે આ ભક્ત પણ યાત્રા કરવા ગયા હતા. ત્યારે સવારે નાહી ધોઈ પુજા કરવા બેઠા તે પુજા કરવા બેઠા પણ પુજામાં સાકર હંમેશાં ધરાવતા હતા. તો તે આગલે દિવસે સાકર લાવતા ભુલી ગયા હતા તેથી પુજામાં સાકર ધરાવી શક્યા નહી. આજુબાજુ સાકર ઘણી ગોતી પણ સવારના વેલા સાકર મળી નહી ને પુજા કરી લીધી તે સર્વે યાત્રાવાળા હરિભક્તો બીજે ગામ જવા રવાના થયા તેની સાથે આ ભક્ત પણ રવાના થયા. બીજા યાત્રીકોયે સવારે નાસ્તો કર્યો પણ આ ભક્તને એવો નિયમ હતો કે ભગવાનને સાકર જમાડ્યા વિના પોતે જમતા નહી. બીજા યાત્રીકોએ આ ભક્તને કહ્યું કે તમો નાસ્તો કરી લ્યો ત્યારે આ ભક્ત બોલ્યા કે મારે તો એવો નિયમ છે કે મારા ભગવાનને પુજામાં સાકર જમાડી નથી તેથી મારાથી જમાય નહી. ત્યારે બીજા યાત્રીઓએ આ ભક્તને કહ્યું કે આ યાત્રામાં તે આવા નિયમ રખાતા હશે. માટે તમો નાસ્તો કરી લ્યો, પણ આ ભક્તે નાસ્તો કર્યો નહી, સર્વેની હારે ચાલ્યા ને રસ્તામાં કોઈ ગામ ન આવ્યું. લાંબો રસ્તો હતો,

પછે બપોરનો વખત થયો ત્યારે બીજા સર્વે હરિભક્તો જમ્યા પણ આ ભક્તને બીજા ભક્તે જમવાનું કહ્યું પણ આ ભક્ત જમ્યા નહી. બીજા ભક્તે ઘણા સમજાવ્યા પણ આ ભક્ત બપોરે પણ જમ્યા નહી, ને સર્વે આગળ ચાલ્યા ને રસ્તામાં મોટું જંગલ આવ્યું ને મોટા ઝાડો આવ્યા. મોટા મોટા પર્વતો રસ્તામાં ચાલતા આવ્યા. તે રસ્તામાં ચાલતા પર્વતો જાણે સાકર હોયે તેવા લાગવા મંડ્યા. તે પર્વતો જોઈ સર્વે યાત્રીકોએ ગાડી ઉભી રાખીને જોવા મંડ્યા કે આ ખરેખર સાકરના પર્વત છે કે પથ્થરના છે એમ વિચારી તે પર્વતમાંથી એક હરિભક્ત નાનો પથ્થર લાવ્યાને ભાંગીને જરા ચાખ્યો તે ખરેખર સાકર જેવો જ મીઠો લાગ્યો. તે જોઈ બધા આશ્ચર્ય પામ્યા ને જે ભક્ત જમ્યા ન હતા, તે ભક્તને બધા કહેવા લાગ્યા કે, અરે રામદાસ ચાલો ચાલો જુઓ આ સાકરનો પર્વત છે તે તમો તેમાંથી તમારે જેટલી જોઈયે તેટલી સાકર લ્યો, ને તમારા ભગવાનને જમાડો. તે સાંભળી આ રામદાસ ભક્ત બોલ્યા કે અરે ભલામાણસ આ જંગલમાં તે આવી સાકરનો પર્વત હોયે ખરો, ને આવી સાકર તે આ જંગલમાં હોયે ખરી, તે સાંભળી બીજા ભક્ત કહે જો ભાઈ રામદાસ અમોએ બરાબર ચાખી જોઈ છે. તે ખરેખર સાકર જ છે. ચાલો તમો જુવો એ સાંભળી આ રામદાસભાઈ નીચે ઉતર્યા ને ખરેખર આખો પર્વત સાકરનો જ લાગ્યો. આ રામદાસભાઈયે તે પર્વતમાંથી સાકર લીધી તે પોતે નાહીને ફરી ભગવાનની પુજા કરીને ભગવાનને તે પર્વતની સાકર જમાડી ને પોતે તે

સાકર જમ્યા ને બીજા સર્વે યાત્રીકો પણ તે સાકર જમ્યાને આ ભક્તે જે રસ્તામાં નાસ્તો સાથે હતો તે જમ્યા. થોડે આગળ ગાડી ચલાવી ને બધા વિચાર કરવા લાગ્યા કે આવા ઘોર જંગલમાં ને આવા મોટા મોટા પર્વતોમાં તે કાંઈ સાકર હોયે ? ન જ હોય, ચાલો આપણે જોઈ આવીયે એમ વિચારી ગાડી તે પર્વત પાસે લાવ્યા ને તે પર્વતમાંથી એક નાનો પથ્થર લાવ્યા ને તે પથ્થર ભાંગીને જરા ચાખ્યો તે એકદમ મોળો લાગ્યો, જરાપણ મીઠો ન લાગ્યો. એમ વારાફરતી બે-ચાર પથ્થરો લઈને ભાંગ્યા ને ચાખ્યા તો એકે પથ્થરો સાકરનો ન લાગ્યો. તે જોઈ બધા આશ્ચર્ય પામ્યા કે અરે પા કલાકમાં આ જ પર્વતના પથ્થરા સાકરના લાગતા હતા ને તે જ પર્વતના પથ્થરા ખરેખર પથ્થર છે.એકેય પથ્થર સાકરનો લાગ્યો નહી. આ બધુ જોઈ બધા યાત્રીકોએ જાણ્યું કે ખરેખર આ પર્વતમાં સાકર થઈ એ તો આ રામદાસને માટે જ થઈ હોયે એવું લાગ્યું. બધા રાજી થયાને રામદાસને કહેવા લાગ્યા કે અરે રામદાસભાઈ ખરી તમારી ભક્તિ, ને ખરી તમારી સાચી ટેક. તમારી આવી ટેક તથા તમારી આવી ભક્તિને જોઈ ભગવાનને પથ્થરના પર્વતને સાકરનો પથ્થર બનાવ્યો. બધા રાજી થયા ને તે રામદાસની પેઠે બધા ભગવાનનું ભજન કરવા લાગ્યા કે, અહો ભગવાન સાચા ભકતને માટે ખરેખર શું નથી કરતા ? ભક્તને માટે ભગવાન બધુ જ કરે છે. આમાં શું લેવાનું કે, આ રામદાસ ભકતને ભગવાનને સાકર જમાડવાનો નિયમ હતો તે સાકર ભગવાનને

ધરાવ્યા વિના પોતે સવારે નાસ્તો ન કર્યો. બપોરે પણ જમ્યા નહી ને સાંજના ૬ વાગ્યા સુધી જમ્યા નહી તે જાણી આ ભક્તને માટે ભગવાને જંગલમાં પથ્થરના પર્વતને સાકરનો પર્વત બનાવ્યો. ત્યાં એક ભક્તે લખ્યું છે કે ભક્તની વારે પ્રભુ ક્યારે નથી આવ્યા ? એમ કહે છે. રણછોડરાયા તેમાં રણછોડરાયા ભક્ત કહે છે કે ભક્તને જ્યાં જ્યાં તકલીફ પડે છે તેની વારે એટલે તેનું રક્ષણ કરવાને માટે જરૂર ભગવાન જાયે છે,તે ભગવાન પોતાના સાચા પ્રેમી ભક્તોની સર્વ પ્રકારે રક્ષા કરે છે ને સદાયે રક્ષા કરશે. માટે આપણે તે ભગવાનનો કેફ રાખી આનંદમાં રહી ભગવાનનું ભજન કરવું.

બીજું ગુજરાતમાં એક મોટા **કરોડોપતિ સાલીભદ્રનામના શેઠ હતા.** તથા બીજા કાલીભદ્ર નામના મોટા શેઠ હતા. એ બંને જીગરદાર મિત્રો હતા. એ બંને અવાર-નવાર ભેળા થતા ને સત્સંગની સારી વાતો કરતા. એમ ઘણોક સમય થયો. એક સમયે બંને મિત્રો બેઠા હતા ને ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય ભક્તિની વાતો કરતા હતા. તેમાં જનુની જીવો ગોપીચંદની તથા ભરતહરિ રાજા તથા ચિત્રકેતુ રાજા આદિ ઘણાંકની વાતો કરતા હતા ને બોલ્યા કે અહો આવા આવા મોટા મોટા રાજાઓ રાજપાટ મૂકી ચાલ્યા ગયા તો આપણે વિચાર કરીએ કે આપણાને ભગવાને મનુષ્ય જન્મ આપ્યો તો આ મનુષ્ય જન્મ વડે ભગવાન ભજી આપણા આત્માનું કલ્યાણ કરી લઈએ તો સારૂં એમ અરસ-પરસ વાતો કરતા હતા. ત્યાં

કાલીભદ્ર બોલ્યા કે આપણે આવી વાતો તો કરીએ છીએ કે આ રાજાએ આમ કર્યું. આ રાજાએ રાજ્ય છોડ્યું, આ રાજાએ આટલી સ્ત્રીઓનો ત્યાગ કર્યો, આ બધી વાતો તો આપણે કરીએ છીએ પણ આપણાં જીવનમાં તો ઉતારતા નથી. એ સાંભળી સાલીભદ્ર બોલ્યા કે, હે ભાઈ કાલીભદ્ર જુવો મારે ૬૦ પત્નીઓ છે. દરરોજ એક એક પત્નીનો ત્યાગ કરતો જઈશ ને ૬૦ દિવસે ૬૦ પત્નીઓનો ત્યાગ કરીશ. એ સાંભળી કાલીભદ્ર બોલ્યા, જુવો ભાઈ સાલીભદ્ર એમ ૬૦ દિવસ છોડીયે એ ૬૦ દિવસ કોણે જોયા છે ? તેમાં શું નવાઈ કરી કહેવાયે. એ સાંભળી સાલીભદ્ર બોલ્યા કે જુઓ ભાઈ, કાલીભદ્ર એ વાત કરવી સહેલી છે પણ એમ કરવું કઠણ છે. એ સાંભળી કાલીભદ્ર બોલ્યા કે જુઓ મારે ૯૦ સ્ત્રીયો છે. તે મેં આજ થી જ ત્યાગ કર્યો. હવે મારે ઘેર ન જવું. એ સાંભળી સાલીભદ્ર બોલ્યા કે અરે મિત્ર કાલીભદ્ર, તમોએ આજથી જ ૯૦ સ્ત્રીઓનું ત્યાગ કર્યો તો હું પણ આજથી જ ૬૦ સ્ત્રીઓનો ત્યાગ કરૂં છું. એમ બંનેએ સ્ત્રીયોનો તથા ઘર સંસાર અનેક પ્રકારના વૈભવનો બંનેએ ત્યાગ કરી સંત બની ગયા, ને બંને સાથે મળી સારા આશ્રમમાં રહી ખુબ જ ધ્યાન ભજન કરે આવુ આ બંનેનું જીવન જોઈ લાખો માણસો આ સંતોનો સમાગમ કરે ને આ સંતો સારી ભગવાનની વાતો કરે તેથી ઘણાંક માણસો સારો સત્સંગ કરે ને તે માણસો પણ સારા સજ્જન માણસો થયા ને પોતાનું જીવન સુધારી ભક્ત બન્યા. ને આ બંને સંતો

ખુબ જ ભગવાનનું ભજન કરે ને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરી પોતાનું જીવન પૂરૂં કર્યું ને દેહને અંતે ભગવાનના ધામમાં ગયા. આમાં આપણે શું લેવાનું કે જુઓ કેવા મોટા સારા સદ્‌ગૃહસ્થો હતા ને ઘણીક પ્રકારની રિદ્ધિ સિદ્ધિ હતી. ઘણી માલ-મિલ્કત હતી. બંને સારા મિત્રો હતા. બંને સારા સજ્જન હતા ને બંને સાથે મળી સત્સંગ કરતા. તેથી બંનેને વૈરાગ થઈ ગયો ને સ્ત્રી, પુત્ર, માલ-મિલ્કતનો ત્યાગ કરી સંત બની ગયા ને સારા સાચા સંત બન્યા ને તેમનું આવું જીવન જોઈ લાખો ભક્તો બન્યા. ને પોતે ધ્યાન ભજન કરી દેહને અંતે અપાર અપારને અપાર ભગવાનના ધામમાં સુખ છે તે ભગવાનના ધામને પામ્યા. તો જુઓ, વહાલા સજ્જનો જુઓ વ્હાલા સદ્‌ગૃહસ્થો આ બંને કેવા મોટા સદ્‌ગૃહસ્થો હતા ને બંને સાથે મળી સત્સંગ કરતા તેથી બંનેએ ઘરસંસારનો તથા સ્ત્રી,પુત્ર, માલ-મિલકતનો એકક્ષણ વારમાં ત્યાગ કરી ભગવાન ભજી અભયપદને પામી ગયા. તો તમારે ભલે એવી રીતે સંસારનો ત્યાગ કરવાની જરૂર નથી પણ અનાદિકાળના જે માયાના દોષો તથા અનાદિકાળની માયાની વાસનાનો તો સર્વેને જરૂર ત્યાગ કરવો જ પડશે. તો આપણે સાચે શુદ્ધ ભાવે સારા સજ્જન સારા સદ્‌ગૃહસ્થોનો અરસ-પરસ સત્સંગ કરીએ તો જરૂર આપણે દેહને અંતે માયાનો ત્યાગ કરી ભગવાનના ધામને પામીયે એ જ આ મનુષ્ય જન્મનું સાર્થકપણું છે. ને એ જ સાચે ભાવે સત્સંગ કરવાનું સાચું ફળ છે. બીજું હે વહાલા સદ્‌ગૃહસ્થોએ બંને શેઠને

સાચા સંતનો સમાગમ ન હતો પણ પોતે પોતાની રીતે સત્સંગ કરી મોટી પદવીને પામી ગયા. પણ આપણા ઉપર તો દયાળુ સ્વામિનારાયણ ભગવાને કેટલી બધી દયા કરીને આવા મંદિરોનો યોગ છે, આવા આચાર્યનો યોગ છે. આવા સ્ત્રી ધનના ત્યાગી બ્રહ્મવેતા સંતોનો યોગ છે તો આવા યોગને પામીને સાચે શુદ્ધ ભાવે ભજન કરીને આપણા જીવાત્માના મોક્ષ સંબંધી કાર્ય કરી લેવું એ જ આપણે સર્વે ખરૂં કરવાનું છે. તે જો કાળજી રાખી ભજન કરીશું તો દયાળુ શ્રી હરિ જરૂર આપણું સારૂ કરશે. માટે આપણે આળસ પ્રમાદ મોહનો ત્યાગ કરી દિનદિન પ્રત્યે ભગવાનની માધુરી મરમાળી પ્રકાશમાન મૂર્તિને વિશે હેત કરી દેહને અંતે ભગવાનની હજુર સેવામાં રહી જવાયે એ જ ખરો લાભ છે.

બીજું મોટા સંતે એક વાત લખી છે તે **એક માણસ હતો તે ઘણા પ્રકારના વેશ કાઢી ગામો ગામો ફરીને માણસોને બતાવતા** ને તેમાંથી પોતાનો નિર્વાહ કરતો. એક સમય મોટા શહેરમાં ગયો ત્યાના રાજાએ તેને બોલાવ્યા કે તમને કયા કયા વેશ કાઢતા આવડે છે. તે સાંભળી તે બોલ્યો કે સિંહનો તથા સાધુનો તથા સતીનો આદિ ઘણાંક પ્રકારના વેશ કાઢતા આવડે છે. તે સાંભળી તે રાજા બોલ્યા કે તમોને જે કહીએ તે વેશ કાઢશો. ત્યારે તે બોલ્યો હા, તમો જે કહેશો એ વેશ હું કાઢી બતાવીશ. તે સાંભળી રાજા બોલ્યા કે તમો આવતીકાલે સાધુનો વેશ કાઢી બતાવો. તે સાંભળી આણે બીજે દિવસે સાધુનો વેશ કાઢવાનું નક્કી કર્યું ને તે રાજાએ પોતાના ઘણાંક

માણસોને તે વેશ જોવા બોલાવ્યા ને તેણે સાધુનો વેશ કાઢ્યો. ભગવા કપડાં પહેર્યા, ડોકમાં કંઠી, હાથમાં માળા, ખંભે તુબડુ પતર એવો વેશ કાઢી હાથમાં માળા ફેરવતા ફેરવતા આગળ ચાલવા મંડ્યા. ત્યા તે રાજાએ આ સાધુની પરીક્ષા લેવા માટે રસ્તામાં ઘણાંક રૂપીયા નાખી દીધા. ઘણાંક દાગીના રસ્તામાં રાખ્યા, ઘણાંક મોટા મોટા શેઠો હાથમાં રૂપિયા લઈને કહેવા મંડ્યા, અરે સાધુ મહારાજ લ્યો આ રૂપિયા તમો આ રૂપિયા લઈ અમારૂં સારૂ કરજો. રસ્તામાં સારા સારા કપડાં પહેરી ઘણી સ્ત્રીયો ઉભી હતીયો. ને તે સ્ત્રીઓ બોલે અરે સાધુ મહારાજ લ્યો આ દાગીના તમોને દાન આપીએ. આ દાગીના લઈ અમારૂ સારૂ કરજો. એમ આ રાજાએ ઘણી પ્રકારની વસ્તુઓ રાખી હતી. પણ આ સાધુયે તો કોઈના રૂપિયા ન લીધા, કોઈના દાગીના ન લીધા, કોઈ સ્ત્રીઓ સામુ જોયું પણ નહિ, કોઈ સ્ત્રીયો પાસેથી કાંઈપણ વસ્તુ લીધી પણ નહી. પછે તે રાજાએ પોતાના કારભારીને બોલાવીને કહ્યું કે આ પચીસ હજાર રૂપિયા લઈ આ સાધુને દાન આપો ને કહેજો કે આ રાજાએ મોકલ્યા છે. ને તે રાજાનું સારૂં કરજો. ત્યારે આ સંત બોલ્યા કે અરે ભાઈઓ, હું તો સાધુ છું. આ રૂપિયા હું રાખતો નથી. આ રૂપિયાને અજાણે અડાઈ જવાય તો મારે, આખો દિવસ ઉપવાસ કરવો પડે.આ સ્ત્રીઓ સામું અજાણે જોવાઈ જવાય તો ઉપવાસ કરવો પડે. આ રાજાએ ઘણી ઘણી પરીક્ષા કરી પણ આ સંત કયાઈ પણ લોભાણા નહી. એ સાધુનો વેશ

જોઈ આ રાજા બહુજ રાજી થયા કે તમોએ સાધુનો વેશ બરાબર બજાવ્યો. તમો ક્યાંય લોભાણા નહી. રાજાએ અભિનંદન આપ્યા ને બહુ જ રાજી થયા. પછે રાજા બોલ્યા કે હવે તમો સિંહનો વેશ કાઢો. તે સાંભળી આ બોલ્યા કે અરે રાજા સાહેબ, એ સિંહનો વેશ તો જંગલમાં કઢાય. આ વસ્તીમાં ન કઢાય તે સાંભળી રાજા બોલ્યા એમાં શું અહીં અમારા દરેક માણસો આ વેશ જોઈ શકે. જંગલમાં કોઈ જોવા ન આવે, માટે તમો સુખેથી અહીં જ તે સિંહનો વેશ કાઢો. તે સાંભળી આ વેશવાળા બોલ્યાં કે જુઓ રાજા સાહેબ, સિંહની તો તમોને ખબર જ હોયના, કે કાંઈ તે સિંહને છેડે તો તેના ઉપર સિંહ ગુસ્સો કરીને તેનું ખરાબ થઈ જાયે માટે અહીં વસ્તીમાં આ વેશ ન કઢાવો તો સારૂં. ત્યારે રાજા બોલ્યા કે એમાં કાંઈ વાંધો નહી. તમો પ્રેમથી જ અહી વસ્તીમાં જ આ સિંહનો વેશ કાઢો તો સર્વે જોયે. ત્યારે આ વેશવાળો કહે તમો લખી આપો કે કોઈ સિંહને અડે ને તે સિંહ કાંઈ ગુસ્સો કરે ને કાંઈ તકલીફ થાયે તો તે વેશવાળાની જવાબદારી નહી, પણ આ રાજાને તો તે સિંહનો વેશ જોવાની બહું જ ઈચ્છા હતી. તેથી લખી આપ્યું કે કાંઈપણ થાયે તો આ વેશવાળાની જવાબદારી નહી. તે લખાણ લઈ આ વેશવાળો ચાલ્યો ને બીજે દિવસે રાત્રે સિંહનો વેશ લીધો તે બરાબર સિંહ જેવો જ લાગે ને હુંકારા કરતો તે સિંહ સભામાં ધીમે ધીમે ચાલવા મંડ્યો. ઘણાંક માણસો જોઈને થકીત થઈ ગયા કે ખરેખર આ સાચો

સિંહનો જ વેશ કહેવાયે એમ આગળ તે સિંહ ચાલ્યો જતો હતો ત્યાં રસ્તામાં તે રાજાનો કુંવર ઉભેલો હતો. તે કુંવર દસથી બાર વર્ષનો હતો. તેની સંભાળ રાજાનો નોકર રાખતો હતો. પણ અચાનક તે નોકરને જરા કામ પડી ગયુ તે જરાવાર બીજે ગયા ત્યાં આ રાજાનો કુંવર હતો તે આ સિંહને જોઈને તે સિંહને જરા નાની લાકડી અડાડી ને તે સિંહની સામે જરા હાથ ઉગામ્યો. આદિ થોડી રમત કરવા લાગ્યો. તેથી તે સિંહ જરા ખીંજાઈ ગયો ને તે રાજાના કુંવરને પછાડ્યો. તેથી તે રાજાના કુંવરને જરાં તકલીફ થઈ. ને તે સિંહ આગળ ચાલતો જતો હતો એક કલાક થઈ એટલે તે સિંહનો વેશ પુરો થયો પણ રાજાના કુંવરને જરા તકલીફ થઈ તેથી રાજાના મનમાં જરા લાગી આવ્યું કે અરે આ સિંહે મારા કુંવરને હેરાન કર્યો તેથી જરા ગુસ્સે થયા પણ લખી આપ્યું હતું તેથી તે સિંહના વેશવાળાને કાંઈ કહ્યું નહી. પણ જરા રાજાને લાગી આવ્યું ને આ સિંહનો વેશ જોઈને બધાને થયું કે આ ખરો સિંહનો વેશ કહેવાયે. ત્રીજે દિવસે રાજાએ કહ્યું કે સતીનો વેશ કાઢો. તે સાંભળી ત્રીજે દિવસે સતીનો વેશ કાઢ્યો તે સતીનો પતિ મરી ગયો ને તેના પતિને અગ્નિસંસ્કાર કરવા ગયા ને તેની પાછળ આ સતી થઈને હાથમાં સળગતાં કાકડા લઈ જયઅંબે જયઅંબે એમ બોલતી જાયે ને જ્યાં તે પતિને અગ્નિસંસ્કાર કરવા ગયા ને ચીતા સળગાવી તે ચીતામાં જે સતીનો વેશ લીધો હતો તે જયઅંબે બોલી ચીતામાં પડી પણ આ રાજાને થયું કે આણે ખરેખર

સતીનો વેશ લીધો પણ આને બળવા ન દઉં એમ જાણી આ રાજાએ તે સતીનો હાથ ઝાલ્યોને અગ્નિમાંથી બહાર ખેંચવા લાગ્યો તે જોઈ આ સતી બોલી કે અરે હે રાજન, તમો મને અડ્યા તે મારો પતિવ્રતાનો ધર્મ બગાડ્યો. જાઓ મને આપ અડશો નહી. હું તો સત્યવાદી છું. તે જેનો વેશ લઉં તે બરાબર બજાવું. હાલમાં સતી છું તે સતીનો ધર્મ શું ? કે પતિ પાછળ બળે તે જ ખરી સતી કહેવાયે ને પતિ પાછળ જે ન બળે તે સતી ન કહેવાયે. તે તો કુતી કહેવાય. એમ કહી આ સતી પતિને સાથે બળી ગઈ. અહો ખરેખર આ વેશ બજાવનાર સતી હતી તો તેને સાધુનો વેશ બરાબર બજાવ્યો. રૂપિયામાં જરાપણ લોભાણા નહી, સ્ત્રીઓ સામુ જોયુ નહી ને સિંહનો વેશ પણ બરાબર બજાવ્યો ને સતી પતિ સાથે બળતી હતી ત્યારે આ રાજાએ ઘણું સમજાવ્યું કે આ પતિ સાથે બળ નહી ને તને લાખ રૂપિયા ઈનામ આપું, તો પણ આ સતી જરાપણ લોભાણી નહી ને વળી, પણ રાજા બોલ્યા કે તે ખરેખર ત્રણે વેશ બરાબર બજાવ્યા. તુ બળ નહી તો પણ, આ સતીતો પોતાના પતિ સાથે બળી ગઈ. અહો જુઓ વહાલા ભાઈઓ આ વેશવાળાએ ત્રણે વેશ બરાબર બજાવ્યા. ને છેલ્લે સતીના વેશમાં બળી મરી. જુવો આના ઉપરથી આપણે શું લેવાનું કે દેહ નિર્વાહને અર્થે વેશ કાઢીને ફરતો હતો પણ તેણે વેશ કાઢ્યો હતો તે સતીના વેશમાં બળવા મંડ્યો. તેમા રાજાએ ઘણું સમજાવ્યું. ઈનામ આપવા મંડ્યું તો પણ તેમાં જરાપણ ન લોભાતા સાચે સાચુ

બળી ગયો.જુવો આ કાંઈ સાચા સંત ન હતા તો પણ તેણે સંતનો વેશ બરાબર બજાવ્યો. રૂપિયામાં તથા સ્ત્રીયોમાં જરાપણ લોભાણા નહી. સિંહના વેશમાં રાજાના કુંવરે જરા મશ્કરી કરી તેથી તે રાજાના કુંવરને પણ જરા હેરાન કર્યો. છેલ્લે સતીના વેશમાં પતિ સાથે બળવા લાગ્યો. રાજાએ ઘણા સમજાવ્યા. ઈનામ આપવા લાગ્યા તો પણ તેમાં જરા પણ લોભાણા નહી ને પતી સાથે બળી ગયો. જુઓ વહાલા ભાઈઓ આ વેશવાળાએ વેશ લઈ પોતાનો નિર્વાહ કરતો હતો તો તેણે ખરેખર સાધુનો તથા સિંહનો તથા સતીનો વેશ બરાબર બજાવ્યા.ને છેલ્લે પતિ સાથે બળી ગયો. જુઓ તે વેશ બજાવતો હતો તો તેણે ખરેખરો વેશ બજાવ્યા તો આપણે તો સાચા સત્સંગી છીએ, તો આપણે સાચા સત્સંગી થઈને સાચે ભાવે ભગવાનનું ભજન કરવું. ભગવાનના નિયમોનું પાલન કરવું તો જ આપણે સાચા સત્સંગનો વેશ બજાવ્યો કહેવાયે. ને એમ ન કરીએ તો સાચો સત્સંગનો વેશ બજાવ્યો ન કહેવાયે. માટે આપણે સાચા સત્સંગી થઈ સાચે ભાવે ભગવાનનું ભજન કરવું. તે જ આપણે ખરૂં કરવાનું છે માટે આપણે જેમ બને તેમ ભગવાનનું ભજન બરાબર કરવું.

બીજું મોટા સંતોએ વાત લખી કે એક સારા સજજન માણસ હતા. તે વિદેશમાં કમાવવા ગયા ને ત્યાં બે વર્ષ રહ્યા ને સારા રૂપિયા કમાણા પછે આ ભાઈને એમ થયું કે હાલમાં હું કુટુંબ સહિત દેશમાં જઈ આવું, ને માતા-પિતા તથા

સગાસંબંધીઓને મળી આવું. એ વખતે માણસો દરિયામાં વહાણ અથવા સ્ટીંમ્બર મારફત મુસાફરી કરતા હતા. તે આ ભાઈએ પોતાના સ્ત્રી-પુત્રાદિક સાથે મળી સ્ટીંમ્બર મારફત દેશમાં જવા રવાના થયા ને પોતા પાસે સારો કિંમતી સામાન હતો. ઘણાંક રૂપિયા હતા, ઘણાંક દાગીના હતા તે સર્વે લઈ આ શેઠ દેશમાં જવા રવાના થયા. રસ્તામાં ચાલતા સમુદ્રમાં એકદમ તોફાન થવા લાગ્યું ને સ્ટીંમ્બર પણ ડુબવા લાગી ને જાણે હમણાં આ સ્ટીંમ્બર ડુબી જશે તે સમય સ્ટીંમ્બરના ચલાવનારાયે સર્વેને વાત કરી, આ તોફાન છે. તે જોખમ જેવું છે. તે સ્ટીંમ્બરમાં લાકડાના બુયા હોયે કેતાં લાકડાના પાટીયા જેવું હોયે, તે સ્ટીંમ્બરના ચલાવનારા કહે આ સ્ટીંમ્બર ડુબશે ને માણસો પણ ડુબશે. આ લાકડાના બુયા જે પાટીયા જેના જેના હાથમાં આવ્યા તે તરી સામે કિનારે આવ્યા ને બાકીના સ્ટીંમ્બર તથા સ્ટીંમ્બરમાં બેઠેલા સર્વે માણસો સમુદ્રમાં ડુબી ગયા ને આ માણસના હાથમાં બુયુ જે લાકડું હાથમાં આવ્યું એટલે ઘણેક દાખડે આ માણસ સામે કિનારે આવ્યો ને તેમના જે સ્ત્રી પુત્રાદિક સર્વે સમુદ્રમાં ડુબી ગયા ને રૂપિયા તથા દાગીના તથા સારો કિંમતી સામાન તે સર્વે સમુદ્રમાં ડુબી ગયું, ને એકલા પોતે સમુદ્ર કિનારે પહોંચી આવ્યા. તેથી પોતાને જરા આઘાત લાગી આવ્યો ને મનમાં વિચાર કરવા લાગ્યા કે અરે મારે માથે કઈ થઈના કેમ કે સ્ત્રી પુત્રાદિક તથા સર્વે કિંમતી દાગીના તથા સારા સારા વસ્ત્રો સર્વે સમુદ્રમાં ડુબી ગયા. તે વિચારી મનમાં જરા લાગી આવ્યું કે

અરે બહું દુઃખ કહેવાયે એમ વિચારી થોડીવાર મનમાં બહુજ દુઃખ થયું પણ તેમણે સંતોનો સમાગમ કરેલ હતો. તેથી ફરી સારો વિચાર આવ્યો કે **હું આ દુનિયામાં જન્મ્યો ત્યારે મારા પાસે કાંઈ હતું નહી**, તે હું જીવતો છું તો વળી ભગવાન આપી દેશે. એમ વિચારી દેશમાં ગયા ને પોતાને ઘેર થોડો ટાઈમ રહ્યા ને પાછા વિદેશમાં ગયા. તે ત્યાં ઘણાંક રૂપિયા કમાણાને ફરી લગ્ન કર્યા, ને બે પુત્રનો જન્મ થયો ને સુખીયા થઈ ગયા ને પેલાનું જે દુઃખ હતું તે સર્વે વિસરી ગયું ને મહાન સુખી થઈ સુખેથી ભજન કરતા. આમાં આપણે શું લેવાનું કે સમુદ્રમાં બધુ ડુબી ગયું પણ પોતે હયાત હતા તો વળી પાછું બધુ સારૂ થઈ ગયું. તેમ આપણાને દૈવયોગે જરા સુખ થાયે, ક્યારેક જરાક દુઃખ થાયે, તો જ્ઞાને કરીને સુખીયા રહેવું. કેમ કે આ સંસાર એવો જ છે, ક્યારેક સુખ થાયે, ક્યારેક દુઃખ થાયે. પણ જ્ઞાને કરી સુખીયા રહીયે તો જ સુખી થવાયે. બાકી તો આ લોક જ એવો છે તેમાં સુખ દુઃખ આવે પણ જ્ઞાને કરી સુખીયા રહીયે તો સદાય સુખીયા રહેવાયે, ને જો જ્ઞાન ન હોયે તો જરા દુઃખ આવે પણ પાછા જ્ઞાને કરી સુખીયા રહીયે તો સુખીયા રહેવાયે. જો આ શેઠને કેટલું દુઃખ આવ્યું તો પણ જ્ઞાને કરીને સુખીયા રહ્યા. તો આપણે જ્ઞાને કરી સુખીયા રહેવાયે એ જ મોટો લાભ છે. તો આપણે ભગવાન ભજવામાં વિશેષ કાળજી રાખવી.

બીજું એક માણસ હતા તેના ધર્મપત્ની દેહ મૂકી ગયા

તેની ૬૦ વર્ષની ઉંમર હતી પણ તેને સંસારના સુખની વાસના ઘણી હતી તેથી તેની લગ્ન કરવા ઈચ્છા હતી. તે લગ્ન કરવા તપાસ કરતા હતા. એક ગરીબ ઘરની કન્યાને ઘણાંક રૂપિયા આપીને લગ્ન કરવાનું નક્કી કર્યું. જાન જોડી લગ્ન કરવા જતા હતા ત્યાં વરપક્ષના માણસો ફટાકડાં ફોડતા હતાં ત્યાં આ જે ભાઈ લગ્ન કરવા જતાં હતા તે ફટાકડાથી ઘણાં દાઝી ગયા તેથી લગ્ન બંધ રહ્યા, લગ્ન થયા નહી ને જાન પાછી ઘેર ગઈ. આ ભાઈ ઘણાંક દાઝયા હતા તેથી બેભાન થઈ ગયા હતા, ને બોલ્યા કરે મારી જાન જોડોને ને મારી જાન જોડો ને, એમ અવાર નવાર બોલ્યા કરતા હતા પણ તે વધારે દાઝી જવાથી તેનો દેહ પડી ગયો ને તેને અગ્નિ કુંવારીને પરણાવી દીધા કેતા તેનો અગ્નિ સંસ્કાર કરી આપ્યો. આમા કહેવાનું કે આની **૬૦ વર્ષની ઉંમર થઈ હતી તો પણ આને જગતના સુખની વાસના ટળી ન હતી** તેથી લગ્ન કરવા ગયા પણ ફટાકડાંથી દાઝી ગયા, જુઓ જેને જ્ઞાન ન હોય, ભગવાનનું ભજન ન કરતા હોયે એવા જગત જીવોને વાસનાથી કેવી કફોડી હાલત થાયે છે ને કેવુ કમોતે મોત થાયે છે, માટે હે સારા સજ્જનો આપણે વિચાર કરી આપણું શરીર સારું હોયે ત્યાં સુધીમાં ભગવાનનું ભજન કરી આ જગતની વાસના ટાળી ભગવાન ભજી લઈયે તો સુખીયાં થવાયે.

બીજું મોટા સંતે લખ્યું કે **વાલીયો ભીલ વાલીયો લુંટારો હતો.** તે જયાંથી માણસો બીજે ગામ જાયે તે રસ્તા ઉપર તે

બેસતોને જે માણસ એ રસ્તેથી જાયે તેને મારીને તેના પાસે જે હોયે તે.લુંટી લેતો, એમ કરતા ઘણા વર્ષો થઈ ગયા. તે રસ્તેથી એક સમય નારદઋષી જતા હતા. તે નારદ ઋષીને જોઈને આ વાલીયો લુંટારો બોલ્યો, અરે બાવલીયા ઉભો રહે ક્યાં જાયે છે ત્યારે આ નારદ ઋષી બોલ્યાં કે અમે સામે ગામ જઈયે છીયે, ત્યારે આ વાલીયો બોલ્યો, કે મારે એંવો નિયમ છે તેને મારીને તેના પાસે જે વસ્તુ હોયે તે લઈ લેવી એ સાંભળી આ નારદ ઋષી બોલ્યા કે અરે ભલા માણસ અમે સાધુ કહેવાયે, અમારા પાસે શું હોયે ? માટે અમારે સામે ગામ જવું છે તો અમને જવાદ્યો. ત્યારે આ વાલીયો બોલ્યો કે તમારા પાસે જે હોયે તે હું લઈશ, ને પેલા તો થોડો માર મારીશ ને પછે જે વસ્તુ હોય તે લઈને પછે જ જવા આપુ. આ નારદ ઋષી બોલ્યા જો ભાઈ અમે સાધુ કહેવાયે, ને અમારા પાસે આ માળા હોય, તુંબડી હોયે, કંઠી હોયે, પુજા હોય બીજુ અમારા પાસે કાંઈ હોય નહી. માટે અમને સામે ગામ જવાદ્યો. તે સાંભળી વાલીયો બોલ્યો, ભલે તમારા પાસે જે હોયે તે લઈશ પણ એમ જ તમને જવા નહી દઉં. એ સાંભળી આ નારદ ઋષીને દયા આવી કે આ માણસને મારે સુખી કરવો છે. પછે આ નારદ ઋષી બોલ્યા અરે ભાઈ તું આવડા બધા પાપ કરે છે ને વગર વાંકે માણસોને મારે છે, માણસોને હેરાન કરે છે તેથી તુને પરલોકમાં આ પાપનુ ફળ જરૂર ભોગવવું પડશે, ને પરલોકમાં જમના દૂતો મારી મારીને તારા હાંડકાં ભાંગી નાંખશે ને તું

ઘણું દુઃખ ભોગવીશ માટે આવા પાપ ન કર. એ સાંભળી આ વાલીયો બોલ્યો અરે હે સ્વામી, મારે એ પાપ ભોગવવું નહી પડે. એ પાપના ભોગવનારા તો મારા સગાંસંબંધી બહુ છે. તેથી મારે આ પાપ ભોગવવું નહી પડે. તે વાત સાંભળી આ નારદ ઋષી બોલ્યા કે અરે ભલામાણસ, એ સગાં સંબંધીઓ કોઈ જ પાપ નહી ભોગવે. તારે જ આ પાપ ભોગવવું પડશે. તે સાંભળી આ વાલીયો બોલ્યો, અરે સ્વામી તમે એ શું બોલ્યા ? મારા તો ઘણા સગાં સંબંધીઓ છે. તે એ સર્વે આ પાપ ભોગવશે. એ સાંભળી નારદ ઋષી બોલ્યા કે જાઓ, તમારા સગાં સંબંધીઓને પૂછી આવો કે તમો આ પાપમાં ભાગ લેશો ? ત્યારે આ વાલીયો બોલ્યો કે હું પૂછવા જાઉં, ને તમો જતા રહો તો, ત્યારે આ નારદજી કહે, અમે સાધુ લોકો ખોટું બોલતા નથી. જાયો તમો પૂછી આવો ત્યાં સુધી અમો અહીં જ રહીશું. એ સાંભળી આ વાલીયો પોતાને ઘેર ગયો. ત્યાં પોતાના માતા-પિતા હતા તેને પૂછ્યું કે હું આ લુંટ કરીને માલ લઈ આવી તમારૂં ભરણ-પોષણ કરું છું તો તે પાપમાં તમો ભાગ લેશોના ?તે સાંભળી તેના માતા-પિતા બોલ્યા જો અમે તમને મોટા કર્યા તે હવે તમારી અમને ભરણ પોષણ કરવાની ફરજ કહેવાયે. અમો તો એ પાપમાં ભાગ લેશું નહી, પછે પોતાની ધર્મપત્ની પાસે ગયા ને આ બધી વાત કરી તો તે ધર્મપત્નીએ કહ્યું કે જાન જોડી તમો પરણવા આવ્યા હતા તે અમારૂં ભરણ પોષણ કરવું તે તમારી ફરજ કહેવાયે, અમે આ પાપમાં

ભાગીદાર થાશું નહી. પછે પોતાના બાળકો જે પુત્ર તથા પુત્રીઓ તેની આગળ ગયા તેને આ વાત કરી કે તમો મારા પાપમાં ભાગ લેશોના ? ત્યારે તે બાળકો બોલ્યા કે અમે તો નાના કહેવાયે તે તમારે અમને મોટા કરવા, ભણાવવા આદિ તમારી ફરજ કહેવાયે. અમે એ પાપમાં ભાગ નહી લઈએ. આ બધાની વાત સાંભળી આ વાલીયો તો ખુબ જ વિચારમાં પડી ગયો કે મને એમ હતું કે મારા સગાં સંબંધીઓ ઘણાં છે તે આ પાપમાં ભાગ લેશે. પણ આ તો બધા ના પાડે છે. તો આ પાપથી હું ક્યારે છૂટીશ ? માટે હવે આવા પાપ ન કરવા ને આ સંત પાસે રહી સાધુ બની જવું એમ વિચારી આ નારદ ઋષી પાસે આવ્યાને નારદ ઋષીના પગમાં પડ્યા ને બોલ્યાં કે અહો હે નારદઋષી તમારી બધી વાત સાચી, આ કોઈ પાપમાં ભાગ લેતાં નથી. અહો હું તો બહુ જ પાપી છું. આ પાપમાંથી મારો ક્યારે છૂટકારો થાશે ? માટે હવે મારે આ સંસારમાં રહેવું નથી. મને તમારા પાસે તમારી સેવામાં રાખો ને મારા ગુના સર્વે માફ કરો. એ સાંભળી આ નારદ ઋષીએ વિચાર કર્યો કે આવા પાપીને ક્યાં સાધુ બનાવાય, ને આવા પાપીને ક્યાં મારી સેવામાં રખાય. એમ વિચારી નારદ ઋષીએ ના પાડી કે તમોને સાધુ તો બનાવી શકાશે નહી ને મારી સેવામાં પણ રાખી શકાશે નહી. તે સાંભળી આ વાલીયો બહું જ ચીંતા કરવા લાગ્યો કે, અરે હું તો મહાપાપી, હું ક્યાં છુટીશ, ફરી નારદ ઋષીને પ્રાર્થના કરી હે ઋષી મહારાજ મને ભલે તમે સાધુ ન બનાવો તો

કાંઈ નહી પણ મને આ પાપથી બચાવો ને મારું સારૂં થાયે એવો ઉપાય બતાવો. એમ બહુ જ કરગરી આ ઋષીને પ્રાર્થના કરી તેથી આ ઋષીને દયા આવીને સાધુનું હૃદયતો દયાળું હોયે, જીવના ગુના સામું ન જોતા આ નારદ ઋષી બોલ્યા કે હવે આ તમારો ધંધો પાપ કરવાનો છોડીદ્યો ને આ આંબલીનું ઝાડ છે તેની પ્રદક્ષીણા કરો ને રામ ભગવાનનું ભજન કરો. તે નારદ ઋષીની વાત સાંભળી આ વાલીયે પાપ છોડી દીધા ને અખંડ રામ ભગવાનનું ભજન કરતા પછે નારદઋષી ત્યાંથી બીજે ચાલ્યા ગયા. પણ આ વાલીયોયે તો ઘણાંક પાપ કર્યા હતા તેથી તે બહું જ પસ્તાવો કરવા લાગ્યા ને અખંડ ભગવાનનું ભજન કર્યું ને એ આંબલીના ઝાડને પ્રદક્ષીણા કરતા ખાડા પડી ગયા ને વાલીયો તો અખંડ ભગવાનનું ભજન કર્યા કરે એમ કરતા એક મહાત્મા ત્યાં આવ્યા તેને પૂછ્યું હે મહાત્મા, મને ભગવાન દર્શન ક્યારે આપશે ? આ મહાત્મા ત્રીકાળજ્ઞાની હતા તે જાણી ગયા કે આણે બહુ જ પાપ કર્યા છે તેથી હમણાં ભગવાન દર્શન નહી આપે પણ વળી આ વાલીયે તે મહાત્માને પ્રાર્થના કરી કે મારા ઉપર દયા કરોને કહો કે મને ભગવાન ક્યારે દર્શન આપશે ? આ સાંભળી મહાત્મા બોલ્યા કે અરે ભાઈ, તે બહું જ પાપ કર્યા છે તે આ આંબલીના પાંદડા છે એટલા વર્ષો તું તપ કરીશ ત્યારે ભગવાન તને દર્શન આપશે. આ ભગવાન દર્શન આપશે આ સાંભળી આ વાલીયો બહુજ આનંદમાં આવી ગયો ને નાચવા મંડ્યો ને કૂદકા મારવા

મંડ્યા, કે અહોહો હું કેવો પાપી તે મને ભગવાન દર્શન આપશે. એ સાંભળી રાજી થયા ત્યાં તો ભગવાન પોતાના ધામમાંથી આવી આ વાલીયાને દર્શન આપ્યા. આ મહાત્મા પણ ત્યાં જ હતા. આ મહાત્મા બોલ્યા કે, અરે કૃપાનાથ આના કેટલા બધા પાપ હતા તે આંબલીના પાંદ ખરી જાયે ત્યારે તમારા દર્શન થાત એવું આનું પ્રારબ્ધ હતું ને તમોએ તો હાલમાં દર્શન આપ્યા એ સાંભળી ભગવાન બોલ્યા કે અરે સંત મહારાજ આના પાપ પણ બહુજ હતા ને આનું કિસ્મત પણ એવું જ હતું પણ આને પોતાના પાપનો બહુજ પસ્તાવો થયો છે ને ભગવાનના દર્શન કરવાની કેવી એની શ્રદ્ધા તથા તાલાવલી છે આની આવી શ્રદ્ધા જોઈ એના સર્વે પાપ બળી ગયા ને તે મહાન મારો ભક્ત થાશે એમ કહી ભગવાન અંતરધ્યાન થઈ ગયા પછે આ મહાત્મા આ વાલીયાને કહે, હવે તમારે આવું કરવાની જરૂર નથી. તમારા સર્વે પાપ ભગવાને બાળી દીધા ને તમો આનંદથી ભગવાનનું ભજન કરો પછે તે વાલીયો અખંડ ભજન કરે, ભગવાનના નિયમો બરાબર પાલન કરે તેથી તે વાલીયો લુંટારો કહેવાતો હતો પણ તેણે બહુજ ભજન કર્યું ને પાપનો પસ્તાવો કર્યો ને ભગવાનની પ્રાર્થના કરી તેથી તે વાલીયો લુંટારો હતો પણ મહાત્માની દયાથી તથા ભગવાનની અતિકૃપાથી તે વાલ્મિક ઋષી કહેવાણા ને રામ ભગવાનનો અવતાર થયા. પેલા તેણે વાલ્મિકી રામાયણ કરી. અહો ધન્ય છે આવા ભક્તને કે તેણે ઘણાંક પાપ કર્યા હતા પણ તેને નારદ ઋષી મળ્યા તેથી તેના

પાપનો ત્યાગ કરાવ્યો ને અખંડ ભગવાનનું ભજન કર્યું ને મને ભગવાન દર્શન આપશે કે આંબલીના પાન છે એટલા વર્ષો થાશે ત્યારે ભગવાન દર્શન આપશે. કેમ કે એ આંબલીના પાન તો બહુજ હોયે. તેને તો ઘણાંક વર્ષો વીતી જાયે પણ, આની આવી શ્રદ્ધા જોઈ ભગવાને તે જ વખતે દર્શન આપ્યા. તે ભગવાને વચનામૃતમાં કહેલ છે કે શ્રદ્ધાવાળાનું ભગવાન જલ્દી કલ્યાણ કરે છે. આમાંથી આપણે શું લેવાનું કે વાલીયો ભીલ મહાપાપી હતો ને ઘણાંક પાપ કરતો હતો ને તેના મનમાં હતું કે મારા પાપમાં મારા માતા-પિતા, સ્ત્રી,પુત્રાદિક પાપમાં ભાગ લેશે પણ કોઈયે પાપમાં ભાગ લીધો નહી ને તેવાત પણ સાચી કે, પોતે જે પાપ કરે તે પોતાને જ ભોગવવા પડે. તેમાં માતા-પિતા કે સ્ત્રી, પુત્રાદિક કોઈ ભાગ ન લે તો હે પ્રભુ પ્યારા હે લાડકવાયાં ભાઈઓ, જુઓ આપણે જે જે પાપ કરીયે તે આપણે જ ભોગવવું પડે તેમાં બીજો કોઈ ભાગીદાર ન થાયે. માટે આપણે જેમ બને તેમ પાપ ન કરવા, ને ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરી ભજન કરીએ તો જેમ આ વાલીયાનો મોક્ષ થયો તેમ આપણો પણ જરૂર મોક્ષ થઈ જાયે, માટે આપણે જેટલું બને તેટલું ભજન વિશેષ કરવું.

બીજું એક **સારા ભગવાનના ભક્ત હતા તે રાજા પાસે નોકરી કરતા હતા** ને રાજાના સુબા તરીકે ફરજ બજાવતા હતા. તે સુબા એટલે રાજાના અંગત પ્રધાન કહેવાયે, તે સારી નીતિથી તે પોતાની ફરજ બજાવતા હતા ને ભગવાનનું

ભજન કરતા હતા. એક સમય તે રાજ્યમાં દુષ્કાળ પડ્યો ને તે રાજ્યમાં ઘણાંક માણસોને અનાજ ખાવા ન મળે, આદિ પ્રજાને ઘણીક તકલીફ હતી તેથી આ રાજ્યના માણસે આ સુબા પાસે પ્રાર્થના કરી કે હાલમાં અમોને થોડી મદદ કરો ને અનાજ આપો તો અમો તમોને પાછું આપી દેશું. આ સાંભળી આ સુબાને થયું કે હાલમાં બિચારા દુઃખી છે તો તેમની મદદ કરવી તે રાજાની ફરજ કહેવાયે. તે આગલા જમાનામાં રાજાશાહી રાજ હતું. તે રાજ્યમાં અનાજનો સંગ્રહ કરી રાખે તે આ વસ્તીની અરજી સાંભળી આ સુબાએ તે રાજ્યના દુઃખી માણસોને અનાજ આપ્યું ને લખાણ કરી લીધું કે સારુ વર્ષ થાયે ત્યારે પાછું આપી દેવું, એ અનાજ આપવાથી તે રાજ્યના માણસો સુખી થયા ને રાજી થયા કે આ સુબાએ આપણાંને મદદ કરી પણ તે રાજ્યમાં આ સુબાના ઘણાંક માણસો વિઘ્ન સંતોષી હતા. તેણે રાજા પાસે ખોટી વાતો કરી કે આ સુબાએ તમારા રાજ્યમાં અનાજના ખજાના હતા તે સર્વે અનાજ તમને પૂછ્યા વિના માણસોને આપી દીધું ને રાજ્યમાં ઘણુંક નુકશાન કર્યું. એ સાંભળી રાજાએ બરાબર તપાસ ન કર્યો કે ખરી શું વાત છે પણ આ માણસોની વાત સાંભળી રાજાએ પોલીસને હુકમ કર્યો કે આ સુબાયે આપણાં રાજ્યમાં ઘણું નુકશાન કરેલ છે. માટે એને પકડીને કેદમાં પૂરી મૂકો. આ રાજાએ પોલીસને કહ્યું, પોલીસ પણ વિચારમાં પડી ગયા કે, આ સુબા સારા છે. રાજ્યમાં નુકશાન કરે તેવા નથી માટે આપણે એને કેવી રીતે પકડવાં

? એમ બે ચાર દિવસ સુધી સુબાને પકડ્યા નહી. તે રાજાને ખબર પડી કે આ સુબાને પકડ્યા નથી. તેથી રાજાએ પોલીસના ઉપરી ડી.એસ.પી.ને કહ્યું કે આ સુબાએ રાજ્યનો ગુનો કર્યો છે માટે જલ્દી તેને કેદમાં પૂરી મૂકો. તે સાંભળી આ ડી.એસ.પી. પણ વિચારમાં પડી ગયા કે આ સુબો આવું ખોટું કામ કરે એવા નથી. પણ આ રાજાનો હુકમ થયો એટલે તે રાજાનું માની આ સુબાને કેદમાં પૂર્યા. આ સુબા તો ભગવાનના ખરેખરા ભક્ત હતા ને ક્યારેય ખોટું કામ કર્યું ન હતું. પણ વગર વાંકે આ સુબાને રાજાએ કેદમાં પૂર્યા પણ આ સુબા તો કેદમાં રહ્યા થકાં ભગવાનનું ભજન કર્યા કરે ને ભગવાનની પ્રાર્થના કર્યા કરે. તે પ્રાર્થના ભગવાને અંતરયામીપણે જાણી કે અરે અમારા ભક્ત સુબાને વગર વાંકે આ રાજાએ કેદમાં પૂર્યા છે તે મારા ભકતને જરૂર મારે આ કેદમાંથી છોડાવવા એમ જાણી ભગવાને ઘણાંક રૂપિયાના થેલા ભરી લીધા ને પોતે શેઠના મુનીમના જેવો વેશ લઈ બે-ચાર માણસોને થેલા ભરી સાથે લીધા ને રાજા પાસે ગયા કે આ સુબા ઉપર તમારું કેટલું દેવું છે ? જે અનાજ આપ્યું હોયે, બીજું જે કાંઈ આપ્યું હોયે, તેના જે રૂપિયા હોયે તે લ્યો, તે સાંભળી રાજા બોલ્યા કે તમે કોણ છો ? ત્યારે મુનીમ રૂપે ભગવાન બોલ્યા અમે તે સુબાના નોકર છીએ. તો જે તમારા રૂપિયા હોયે તે લ્યો ને એ સુબાને કેદમાંથી મુકત કરો. રાજાએ ત્યાંના કાર્યકર્તાને બોલાવી જેટલું અનાજ આદિ આ સુબાએ વસ્તીને આપ્યું હતું તેનો હિસાબ કાઢી આ

રૂપિયા લઈ લ્યો. તે સર્વેનો તપાસ કરી અનાજ આદિના જે રૂપિયા થયા તે સર્વે આપી દીધા ને અને તેની પહોંચ લીધી. તે પહોંચ ભગવાને આ સુબાને ઘેર દિવ્ય રૂપે પહોંચાડી દીધી ને સર્વે રૂપિયા મળી ગયા તેથી તે રાજાએ સુબાને કેદમાંથી છોડી દીધા ને આ સુબા પોતાને ઘેર ગયા ને ઘેર ગયા ત્યાં પોતાના જે કબાટમાં કપડાં હતા તે કબાટને ખોલ્યો ત્યાં આ પહોંચ જોઈ. આ સુબા થકીત થઈ ગયા કે અરે આ પહોંચ ક્યાંથી આવી ? મે કાંઈ આ રાજાને રૂપિયા આપ્યા નથી ને ક્યાંથી આવ્યા ? તે સુબાએ રાજ્યમાં તપાસ કરી તો જાણવા મળ્યું કે એક મુનિમ રૂપિયા લઈને આવ્યા હતા ને તે કહેતા હતા કે અમે તો તે સુબાના નોકર છીયે ને તેણે બધાય અનાજ આદિના રૂપિયા આપી દીધા તે જાણી આ સુબાએ જાણ્યું કે આ તો મારા ભગવાન આવી આ મારૂં કામ કરી ગયા પછે આ સુબા નાહી બીજા કપડાં પહેર્યા. ઘરે ભગવાનની મૂર્તિના દર્શન કર્યા,માનસીપૂજા કરી પછે પોતે જમ્યાં, જમી ભગવાનનું ભજન ધ્યાન કરી સૂઈ ગયા. સવારે વહેલા ઉઠી નાહી પૂજા કરી વિચાર કરવા લાગ્યા કે અહો મારે માટે મારા દયાળુ ભગવાને આટલી બધી તસ્થી વેઠવી પડી. બસ મારે હવે આ રાજાનું સુબાપણું નથી કરવું એમ વિચાર કરી પોતાનું સુબાપણાનું રાજીનામું આપી દીધું. તે રાજાએ પણ બધી વાત જાણી કે આ સુબાનો કાંઈ વાંક ન હતો. પણ મેં વિચાર કર્યા વિના આ સુબાને કેદમાં પૂર્યા ને આ સુબાની ભક્તિ જોઈ એના ભગવાને સર્વે રૂપિયા

આપ્યા તે જાણી રાજાને પણ ઘણું લાગી આવ્યું કે મે ખોટું કામ કર્યું. પછે આ રાજાએ સુબાને ઘણું સમજાવ્યું કે તમો પ્રેમથી આ રાજ્યમાં આવો ને સુબાપણું કરો પણ આ સુબાને થયું કે મારે માટે ભગવાનને આટલી તસ્થી લેવી પડી, બસ હવે મારે ભજન કરી મારા આત્માનું કલ્યાણ કરી લેવું. માટે હવે સુબાપણું નથી કરવું ને રાજીનામું કાયમ આપી દીધું. આ સુબા ખુબ જ ભગવાનનું ધ્યાન-ભજન કરે ને આવું આ સુબાનું જીવન જોઈ બીજા પણ ઘણા દૈવી જીવો ભક્ત બન્યા ને દેહને અંતે આ સુબાને ભગવાને દર્શન આપી ભગવાન પોતાના ધામમાં તેડી ગયા. આમાં શું લેવાનું કે, આ રાજાના સુબાએ દુષ્કાળ વર્ષમાં રાજાની વસ્તીને અનાજ આપ્યું હતું પણ વિઘ્નસંતોષીએ રાજા પાસે ખોટી ચાડી ખાધી તેથી રાજાએ આ સુબાને વિના વાંકે કેદમાં પૂર્યા પણ, ભગવાન પોતાના પ્રેમી ભક્તોનું દુઃખ જરાપણ સહન કરી ન શકે તેથી ભગવાને તે સુબાના નોકરનું રૂપ લઈ સર્વે રૂપિયા આપી દીધા ને આને કેદમાંથી છોડાવ્યા. અહોહો જુવો ભગવાન કેવા દયાળું કે ભક્તોનું જરાપણ દુઃખ સહન ન કરી શકે, ને પછે આ સુબાએ વિચાર કર્યો કે મારા માટે ભગવાને કેટલી તસ્થી સહન કરી તેથી તેણે પણ તે રાજાનું સુબાપણું છોડી દીધું ને ખુબ જ ભજન કરી અભયપદને પામી ગયા. તો આપણે પણ સાચે ભાવે ભક્તિ કરીશું તો આપણી પણ ભગવાન જરૂર સહાયતા કરશે. માટે તેનો કેફ રાખી આનંદમાં ભજન કરવું.

બીજું ગુજરાતના બેનો સત્સંગી હતા તે **૫૦ બહેનો સંઘ કાઢી યાત્રા કરવા જતા હતા.** તે સર્વે બેનો સારા સત્સંગી હતા. તે સર્વેએ વિચાર કર્યો કે આપણે ભગવાનના દર્શન કરવા જઈએ તો ભગવાન માટે કાંઈક ભેટ લઈ જઈએ. એમ વિચારી કોઈયે ભગવાન માટે હાર બનાવ્યા, કોઈએ કંઠી બનાવી, કોઈએ તોડા બનાવ્યા, કોઈએ સારા વસ્ત્રો બનાવ્યા એમ પોતપોતાની શક્તિ પ્રમાણે બનાવ્યું. એક સારા બેને ભગવાન માટે વેઢ બનાવ્યો. એમ સર્વેએ બનાવી યાત્રા કરવા ચાલ્યાં. રસ્તામાં રાત્રી પડી ને ત્યાં રોકાણા, નાહી-ધોઈ, પૂજા કરી સર્વે ચાલતા થયા પણ જે બેને ભગવાન માટે વેઢ બનાવ્યો હતો તે ખોવાઈ ગયો. આ બેને ઘણો તે વેઢ ગોત્યો પણ મળ્યો નહી. પછે બધાયે રસ્તામાં ચાલ્યા. બે-ત્રણ દિવસે ગઢડા સર્વે બેનો પોચ્યા ને સર્વે બહેનો જે ભગવાન માટે જે જે ભેટ લાવ્યા હતા તે સર્વેએ ભગવાનને અર્પણ કર્યું. તે ભેટ લઈ ભગવાન સર્વે ઉપર રાજી થયા પણ જે બેને વેઢ બનાવ્યો હતો તે બેને એક બાજુ ઉભા રહ્યા ને મનમાં ચીંતા કરવા લાગ્યા કે હું પણ ભગવાન માટે વેઢ બનાવીને લાવી હતી પણ રસ્તામાં ખોવાઈ ગયો, તે હું ભગવાનને વેઢ અર્પણ કરી ન શકી. એમ જાણી આ બેન બહુજ મનમાં ચીંતા કરવા લાગ્યા. આ બેનનો સંકલ્પ જાણી આ બેન પાસે ભગવાન આવ્યા ને બોલવા મંડ્યા કે, અરે બેન! તમો શા માટે ચિંતા કરો છો ? શું તમને તકલીફ છે ? તે ભગવાનની વાત સાંભળી આ બેન બોલ્યા, આ સર્વે

બેનોએ તમને હાર આદિ અર્પણ કર્યા. હું પણ તમારે માટે સારો વેઢ બનાવી લાવી હતી પણ તે વેઢ રસ્તામાં ખોવાઈ ગયો તેથી તમને શું અર્પણ કરુ ? તેથી મને ચિંતા થાયે છે, તે સાંભળી ભગવાને જે બેન વેઢ બનાવીને લાવ્યા હતા તેવો જ વેઢ ભગવાને આ બેનને આપ્યો કે આ વેઢ કોઈ બેનને રસ્તામાં મળ્યો હશે તે અમને આપી ગયા છે. લ્યો આ વેઢ તમોએ બનાવ્યો હતો તે જ છે ને? એ વેઢ જોઈ આ બેન બહુજ રાજી થયા. અહો કૃપાનાથ આ જ વેઢ હું બનાવી લાવી હતી. આ જ વેઢ છે. તે સાંભળી ભગવાન બોલ્યા કે અરે બેન, જો તમો બનાવી લાવ્યા હતા તે જ આ વેઢ હોયે તો ભલે અમને આ આંગળીમાં પહેરાવો તે સાંભળી આ બેન રાજી થયા ને ભગવાનની આંગળીમાં તે વેઢ પહેરાવ્યો તે વેઢ પહેરી ભગવાન બોલ્યા અહો બેન આ વેઢ તો બહુજ સરસ છે. એ વેઢ પહેરી ભગવાન બહુજ રાજી થયાને આ બેન પણ બહુજ રાજી થયા ને તે સર્વે બેનો બે-ત્રણ દિવસ ગઢડા રોકાણા, દૂર સભામાં બેસી ભગવાનની વાતો સાંભળી, દૂરથી ભગવાનના દર્શન કરી સર્વે બેનો બહુજ રાજી થયા પછે પોતપોતાને ઘેર સર્વે બેનો ગયા ને ભગવાનનું ખુબજ તે સર્વે બેનો ભજન કરે ને ભગવાન તે બહેનો ને દેહને અંતે પોતાના ધામમાં તેડી ગયા ને જે બહેને વેઢ બનાવીને પહેરાવ્યો હતો તે વેઢ પહેરી ભગવાન તે બેનને ધામમાં લઈ જવા તેડવા આવ્યા ને ભગવાન બોલ્યા કે જુઓ તમે જે વેઢ પહેરાવ્યો હતો તે છે ને ? તે સાંભળી બેન રાજી થયા ને

ભગવાનના ધામમાં ભગવાન તેડી ગયા. આમાં શું કહેવાનું કે, આ બેનને ભગવાન માટે વેઢ પ્રેમથી બનાવ્યો હતો પણ તે વેઢ ખોવાઈ ગયો તેથી આ બેન ઉદાસ થઈ ગયા પણ આ બેનનો વેઢ પહેરાવવાનો ભાવ હતો તો તેનો ભાવ પૂરો કર્યો એવી જ રીતે ભગવાન પોતાના પ્રેમી ભક્તોના શુભ મનોરથો પૂર્ણ કરવાને માટે જ ભગવાન આ પૃથ્વી ઉપર પધાર્યા છે. તો આપણે પણ ભગવાન પ્રત્યે સાચો પ્રેમ કરીશું તો આપણા ઉપર પણ ભગવાન જરૂર રાજી થાશે માટે આપણે ભગવાનનું ભજન કાળજી રાખી કરવું.

બીજું શ્રીજી મહારાજ આ પૃથ્વી ઉપર વિચરતા હતા ત્યારે કચ્છમાં અબડાસામાં ધુફી ગામ છે ત્યાં બ્રહ્માનંદ સ્વામી આદિ મોટા મોટા સંતો સત્સંગ કરવા ગયેલા ને ત્યાં હમણાંની પેઠે સત્સંગ નહી. તે સંતોને બે ત્રણ દિવસના ઉપવાસ હતા ત્યાં ફરતા ફરતા તે ધુફી ગામ ગયેલા ત્યાંના નાના નાના બાળકો પોખ લઈ જતા હતા. તે બાળકોએ આ સંતના દર્શન કર્યા ને તે પોખ તે બાળકો પાસે હતા તે સંતોને આપ્યાને સંતોના પ્રેમથી દર્શન કર્યા. સંતો બહુ રાજી થયા ને બોલ્યા કે અરે બાળકો તમારા ઉપર અમો રાજી થયા. તમો કાંઈક અમારા પાસેથી માંગો. તેમાં નાનો બાળક પૂર્વનો યોગ ભ્રષ્ટ જીવ હતો તે વિનયથી બોલ્યો કે, અરે સંતો અમને કાંઈ માંગતા ન આવડે, તમોને જે વ્હાલી વસ્તુ હોયે તે આપો. તે સદ્‌ગુરૂ ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વાતુમાં લખ્યું છે કે **સંતોને વ્હાલા ભગવાન,** સંતોએ છોકરા ઉપર હાથ મૂક્યો

ને બોલ્યા કે જાયો અમને વ્હાલી વસ્તુ હતી તે તમોને આપી એમ કહી સંતો ચાલ્યા ગયા. બાળકો પોતાને ઘેર ગયા ને આ સંતોની વાત કરી ને જે છોકરાના માથા ઉપર સ્વામીયે હાથ મૂક્યો હતો તેની નિરાવરણ દ્રષ્ટિ થઈ. તે ગઢડામાં મહારાજ જ્યાં સભૈયા કરે તેને આ છોકરો અંતરવૃત્તિથી દેખતો ને પોતાના માતાને વાત કરે કે ગઢડામાં ભગવાને આ ઉત્સવ કર્યો. આ બધુ જાણી તેના માતા પિતા પણ સત્સંગી થયા ને છોકરો મોટો થયો ત્યારે તે છોકરો ભૂજમાં ગયા ને મોટા સંતોને વાત કરી કે મારે તો સાધુ થવું છે, ને તમારી સેવામાં રહેવું છે. એ જાણી સંતોએ એના પિતાને વાત કરી. એમના પિતાએ સાધુ થવાની રજા આપીને તેમને મોટા સંતોએ સાધુ બનાવ્યાને તેમનું અચ્યુતદાસજી સ્વામી નામ પાડ્યું ને તે અચ્યુતદાસજી સ્વામી સારા સંત બન્યા ને ખુબ જ ધ્યાન ભજન કરે તે એક સમય રોટલી ચડાવતા હતા ને તેમણે ભગવાનને યાદ કર્યા કે આ રોટલી ભગવાન જમશે. તેથી તેમના અંતરમાં મૂર્તિની સ્મૃતિ થઈ, તેથી તેમના હાથ તાવળી ઉપર જ રહી ગયા ને તેમની વૃત્તિ ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની ગઈ. જુવો આના ઉપરથી શું લેવાનું, નાના બાળકોએ સંતોને પોખ આપ્યા ને સંતોએ આશીર્વાદ આપ્યા ને તે સંત બન્યા ને સારા સંત બન્યા ને ખુબજ ભગવાનની મૂર્તિનું ધ્યાન ભજન કરે ને દેહને અંતે ભગવાન દર્શન આપી તેમને ધામમાં તેડી ગયા. આમાં કહેવાનું કે મોટા સંતના આશીર્વાદ મળી ગયાતો તો તે સારા સંત બન્યા

ને તેમનો મોક્ષ થયો, તો આપણે પણ ભગવાનનું ભજન બરાબર કરવું ને મોટા સત્પુરૂષ મળી જાયે તો તેમનો સમાગમ કરવો ને તેમના આશીર્વાદથી મોક્ષ સંબંધી કામ થઈ જાયે.

બીજું સ્વામિનારાયણ ભગવાને છેલ્લા પ્રકરણના **૨૩ ના વચનામૃતમાં માનસીપૂજાની વાત લખી છે.** તથા સારંગપુરના વચનામૃતમાં પ્રત્યક્ષ પૂજા કરે છે ને માનસીપૂજા કરે છે તે બંને શ્રેષ્ઠ છે. તો આપણે પણ પાંચ વખત માનસીપૂજા કરવી. તે પાંચ વખત ક્યારે ? ૧/ તો સવારે પૂજા કરીયે ત્યારે ૨/ આપણે બપોરે જમ્યા પેલા ૩/ ૪ વાગે ૪/સાંજે જમવા પેલા ને ૫/રાત્રે સુતા પેલા એમ પાંચ વખત માનસીપૂજા કરવી તે માનસીપૂજા કરવાથી મનની વૃત્તિ સ્થિર થાયે છે ને ઘણુંક પુણ્ય મળે છે. તેના ઉપર એક સારા પ્રેમી ભક્ત હતા તે હંમેશાં પાંચ વખત માનસીપૂજા કરતા. એક સમય બપોરની માનસીપૂજા કરતા હતા તે બપોરની માનસીપૂજામાં દૂધપાક પૂરી બનાવ્યા હતા પણ પોતાને વ્યવહારીક કાર્યમાં જવા ઉતાવળ હશે તે માનસીપૂજામાં ઉનો ઉનો દૂધપાક ભગવાનને જમાડ્યો. તેથી ભગવાનની જીભમાં તથા મોઢામાં દાઝી ગયેલા ને બપોરે જમવા ગયા ત્યાં વાત કરી કે મારા મોઢામાં ફોડલાં પડ્યાં છે. ત્યારે જમાડનારા ભક્ત કે શાનાથી ફોડલા પડ્યા છે તે સાંભળી ભગવાન બોલ્યાં કે એક ભક્તે મને માનસીપૂજામાં ઉનો ઉનો દૂધપાક જમાડ્યો તેથી દાઝી ગયા છીયે તેવી જ રીતે બીજા એક ભક્તે રાત્રીના સમય

માનસીપૂજામાં ભગવાનને ખીચડીને ઉની ઉની કઢી જમાડેલ ત્યારે પણ ભગવાનના મોઢામાં ફોડલા પડેલા, ને દાઝી ગયેલા. જુઓ માનસીપૂજા પ્રેમથી જે ભક્ત કરે છે તેને ભગવાન પ્રત્યક્ષ જમે છે. તે આપણે પણ મળતે અવકાશે જરૂર માનસીપૂજા કરવી તેથી ભગવાન રાજી થાયે છે ને અંતરમાં શાંતી થાયે છે.

બીજું **શ્રીજી મહારાજ સંતો સાથે એક દિવસ કચ્છમાં માંડવીમાં પધાર્યા** ત્યાં મહારાજ બ્રહ્માનંદ સ્વામી આદિને કહે કે આ ગામમાં એક ખૈયા ખત્રી બહું જ બ્રહ્મજ્ઞાની છે. તો તમારે અહી લાડુ આદિ જમવું છે કે માર ખાવો છે ? ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યાં કે અરે મહારાજ માર તો ઘણાં લોકો મારે છે, તો આજે આપણે માર નથી ખાવો ને લાડું જમવા છે. તે સ્વામીની વાત સાંભળી ભગવાન બોલ્યા કે, તો સ્વામી તમારે અહીં ભગવાન બનવું પડે. તે સાંભળી બ્રહ્માનંદ સ્વામી કહે અરે પ્રભુ ભગવાન તો આપ જ છો. અમો તો તમારા દાસ છીયે માટે અમારાથી ભગવાન બનાય નહી. ત્યારે ભગવાન કહે હે સ્વામી તમારી વાત સાચી પણ અમારે વચને કરી આજ તમો ભગવાન બનશો તેમાં તમને કાંઈ દોષ નહી લાગે એમ કહ્યું ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે હે કૃપાનાથ આપ જેમ કહેશો એમ કરીશું, પછે માંડવીમાં ગામ બહાર તળાવ છે ત્યાં તે તળાવની પાળ ઉપર મોટો રેતીનો ઢગલો કર્યો ને તે ઢગલાં ઉપર મોટો પલંગ રાખી ગાદી તકીયાં બીછાવી તે પલંગ ઉપર બ્રહ્માનંદ સ્વામીને બેસાડ્યા

ને તે તળાવ કિનારે મોટી સભા ભરાઈને ખૈયા ખત્રી આદિ ઘણાંક માણસો સભામાં આવ્યા ને શ્રીજી મહારાજ તથા બીજા સંતો સાથે નીચે આસન પાથરીને બેઠા ત્યાં ખૈયો ખત્રી બહુજ બ્રહ્મજ્ઞાની હતો. તેને કહ્યું કે જે ભગવાન હોયે તેને મારે પ્રશ્ન પૂછવા છે. તે બ્રહ્માનંદસ્વામી ઉંચે આસને પાટ ઉપર બેઠા હતા તે ખૈયા ખત્રીએ જાણ્યું કે આ જ ભગવાન છે. એમ જાણી પ્રશ્ન પૂછવા લાગ્યા ત્યારે ઉંચે બેઠેલાએ કહ્યું કે જે તમારે પ્રશ્ન પૂછવા હોયે તે પૂછો. બધાય પ્રશ્નના ભેળા ઉત્તર આપીશું. તે સાંભળી આ ખૈયા ખત્રીએ ઘણાંક બ્રહ્મજ્ઞાનના અટપટા ૧૦૮ એકસો આઠ પ્રશ્નો પૂછ્યા. તે ઉંચે આસને બેઠેલા સ્વામી બોલ્યા કે આવા સામાન્ય પ્રશ્નના ઉત્તરમાં હું શું કરું ? આવા સામાન્ય પ્રશ્નના ઉત્તર તો આ નાના સાધુ છે એ પણ કરશે. એમ કહી આ બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજી મહારાજ સામું જોયું. આ ખૈયો ખત્રી તો વિચારમાં પડી ગયો કે મારા પ્રશ્નના ઉત્તર તો મોટા મોટા વિદ્વાન હોયે તે પણ કરી શકે નહી ને આ નાનકડો આ સાધુ આ ઉત્તર કરશે પણ જોયું એમ વિચારી આ ખૈયો ખત્રી ભગવાન પાસે બેઠાને આ તો સાક્ષાત ભગાવન છે તેમને તો આ દુનિયા આખીના તથા અનંતકોટી બ્રહ્માંડના પ્રશ્નો હસ્તાક્ષર હોયે તેને આવા મામુલી પ્રશ્નોનો શો હિસાબ, તે ખૈયા ખત્રીના અનુક્રમ પ્રમાણે પ્રશ્ન ઉત્તર કરવા લાગ્યા. તે ૧૦૮ પ્રશ્નોના ઉત્તર શાસ્ત્રો પ્રમાણે કરી બતાવ્યા તે જાણી આ ખૈયો ખત્રી દિગ્મૂઢ થઈ ગયો કે આ મારા પ્રશ્નોના

ઉત્તર ભલ ભલા મોટા શાસ્ત્રીયો ન કરી શકે તેના ઉત્તર આ નાનકડા સાધુએ કર્યા. એમ વિચાર મનમાં કરતા હતા ત્યાં દૂર ખૈયા ખત્રીના માતૃશ્રી બેઠા હતા તે બોલ્યા કે, હે નીંગરા તે નીંગરા એટલે એમની ભાષામાં દિકરાને કહે, તેની માતા બોલ્યા કે હે નીંગરા આ ઉપર વઠ્યો તે ભગવાન નાયે આ નીચે વઠયો જે આ દુબડીયો તે ભગવાન, હે તેની માતાની વાત સાંભળી આ ખૈયો ખત્રી પણ બોલ્યો કે આ મારા પ્રશ્નોના ઉત્તર કોઈ ભલા ભલા પણ કરી નં શકે માટે તમે જ સાક્ષાત ભગવાન છો. માટે મારો મોક્ષ જેવી રીતે થાયે તેવો મને ઉપાય બતાવો. પછે બ્રહ્માનંદસ્વામી ઉંચે બેઠા હતા તેને નીચે બેસાડ્યા ને આ ખૈયાખત્રીને ધર્મ,જ્ઞાન,વૈરાગ્ય,ભક્તિ આદિ સત્સંગની ઘણીક વાતો શ્રીજી મહારાજે કરી તે સાંભળી આ ખૈયાખત્રીના અંતરમાં શાંતી થઈ ને તે સત્સંગી થયા ને શ્રીજી મહારાજ તથા સર્વે સંતોને પોતાને ઘેર લઈ ગયા ને લાડુ, ભજીયા, દાળ-ભાત, પુરી, શાક આદિની રસોઈ કરી ને સર્વેને જમાડ્યા ને શ્રીજી મહારાજ ત્યાં થોડો ટાઈમ રોકાઈને ગઢડે ગયા. ને આ ખૈયાખત્રી તથા તેમની માતા તથા તેમના સર્વે કુટુંબી સત્સંગી થયા આમાં કહેવાનું કે આ ખૈયા ખત્રી બહુ જ બ્રહ્મજ્ઞાની હતા. કોઈ ભગવાન કે સંતોને માનતા ન હતા, પણ તેમના અટપટા ૧૦૮/એકસો આઠ પ્રશ્નના ઉત્તર શ્રીજી મહારાજે કર્યા તેથી પોતે નિરમાની થયા ને સારા સત્સંગી થયા ને દેહને અંતે તે ભગવાનના ધામમાં ગયા. તેવી જ રીતે આપણે નિરમાની થઈ ભગવાનનું ભજન

કરીશું તો દયાળુ ભગવાને જેમ ખૈયાખત્રીનો મોક્ષ કર્યો તેમ આપણો જરૂર મોક્ષ કરશે.

બીજું ગુજરાતમાં એક ગામ હતું ત્યાંના એક સારા પટેલ હતા તેના પપ્પા દેહ મૂકી ગયા તે પૈસાવાળા હતા તેણે વિચાર કર્યો મારા પપ્પાની પાછળ સારો દાડો કરવો તેમણે પોતાના નાતના માણસો ભેળા કર્યા કે **મારા પપ્પા પાછળ દાડો કરવો** તે કોઈયે ન કર્યો. એવો મારે દાડો કરવો છે. ત્યારે કોઈકે સાટા કરો, કોઈ કે લાડુ કરો, કોઈ કે શીરો આદિ નોખા નોખા બોલ્યા પણ એ તો ઘણાં લોકોયે કર્યું હોય પણ કોઈયે ન કર્યું હોય તેવું કરવું ત્યારે એક પટેલ બોલ્યા કે છુટું ચુરમુ ને ઉપર દરેલી ખાંડને ઉપર ધારે ઘી આપવું ને રેતીને ઠેકાણે ખાંડ પાથરીને તેના ઉપર પંક્તિ કરવી એવું કરીયે એ સાંભળી બધા કહે આ નવીન થાયે. માટે ઈ કરીયે એમ વિચારી એવી રીતે દાડો કરવા વિચાર્યું ને આજુબાજુ સગાં સંબંધીઓને કાગળ લખ્યા કે આવી રીતે દાડો કરીએ છીએ તે જમવા સર્વે આવજો. તે એક ગામમાં એક પટેલ હતા તેણે પોતાના દિકરાને વાત કરી કે આવી રીતે કાગળ આવ્યો છે તે તમે જશો કે હું જાઉં ? ત્યારે આ છોકરો સારો હતો તો તેણે કહ્યું કે તમે જ જાયો, ત્યારે એના પિતા પણ સારા હતા તેણે કહ્યું કે હે દિકરા હું તો ઘણી વખત આવા કારજમાં ગયો છું માટે તમો જ જઈ આવો. એમ સાંભળી તે છોકરો તે દાડામાં ગયા ત્યાં ખાંડ પાથરેલી તેના ઉપર બેસાડ્યા તેના ઉપર સર્વેને બેસાડી જમવા લાગ્યાને છૂટું

ચુરમું ખાંડ-ઘી આદિ ખુબ જ વારંવાર પીરસતા હતા ને સગાં સંબંધી સર્વે જમતા હતા તે ભેળો આ છોકરો જમતો હતો. જમીને સર્વે પોતપોતાને ઘેર ગયા. તેવી જ રીતે આ છોકરો પણ જમતો હતો ત્યારે આ છોકરાના પિતા કહે કેમ દિકરા બરાબર જમી આવ્યાને ત્યારે આ છોકરો બોલ્યો હા પપ્પા જમી તો આવ્યો, પણ મને જરા મોળું પડ્યું. ત્યારે એના પપ્પા કહે મોળું કેમ પડ્યું ? ખાંડ પીરશતા ન હતા ત્યારે આ છોકરો કહે ખાંડ તો ઘણી વખત પીરસતા હતા પણ મને જરા આળસ થઈ તેથી માંગી નહી ને લીધી નહી તેથી હું મોળું મોળું જમી ગયો. એના પિતા કહે અરે ભલા માણસ આપણે આવું મોળુ જમાતા હશે. જે જોઈયે તે માંગી લેવું હતું તે તો દ્રષ્ટાંત છે. સિદ્ધાંત શું કે મોસાળમાં વિવાહ હોયે ને માતા પીસરતા હોયે ને ભૂખ્યા રહી જઈયે તે બરાબર ન કહેવાય. તેમાં શું કહેવાનું કે આપણાને આવા ભગવાન મળ્યા છે, આવા આચાર્યો મળ્યા છે આવા સંતો મળ્યા છે કે કહે છે કે, ભાઈ લ્યો લ્યો, ભગવાનનું ભજન કરો પણ આપણે આળસ કરીયે તો ઓલ્યા આળસુ છોકરા જેવા કહેવાઈએ માટે આળસ ન કરવી.

બીજું શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં લખેલ છે કે **નિતિ પ્રમાણે ઉદ્યમ કરવો પણ અનિતિથી ધન ભેળુ કરવું નહી.** તેના ઉપર એક મોટા સંતે લખ્યું કે, એક મોટું શહેર હતું ત્યાં એક મોટા શેઠ રહેતા હતા. તે વેપાર કરતા હતા તેમણે કોઈક માણસ પાસેથી અનિતિથી પાંચ લાખ રૂપિયા લીધેલા

ને તેણે તે રૂપિયામાંથી ખુબ જ મજો કર્યો. પછે ઉંમર થતા તે દેહ મૂકી ગયા. તેવી જ રીતે એક બેન હતા, તે પણ વેપાર કરતા હતા. તેમણે પણ કોઈક માણસ પાસેથી અનિતિથી ૪/ લાખ રૂપિયા લીધેલા. તેમણે પણ તે રૂપિયામાંથી ખુબ જ મજો કરેલો ને અવસ્થા થઈ ત્યારે તે બેન પણ દેહ મૂકી ગયા ને જેની પાસેથી અનિતિ કરી રૂપિયા લીધેલા તે પણ દેહ મૂકી ગયા. તે જેની પાસેથી અનિતિથી રૂપિયા લીધેલા તે એક ગામમાં મોટા ખેડૂત થયા ને બીજા પાસેથી જે બેને રૂપિયા લીધેલા તે પણ ખેડૂત થયા. તે આ બંને ભાઈયો ખેડૂતો થયા ને તે બંને ભાઈયો સાથે મળી ખેતીનું કામ કરે. બળદ રાખે, ભેંસો રાખે આદિ સારી મજાની ખેતીનું કામ કરતા હતાં. તે જેમણે અનિતિથી પાંચ લાખ રૂપિયા લીધેલા તે આ પટેલને ત્યાં બળદ થયાં. ને જે બેને અનિતિથી રૂપિયા લીધેલા તે આ બીજા ભાઈને ત્યાં ભેંસ થઈ. તે બંને ભાઈયો ખેતીનું કામ કરતા તે બળદને બીજાને ત્યાં ખેડવા મૂકે ને તેમાંથી રૂપિયા આવે તે લે, તેમજ બીજા ભાઈને ત્યાં ભેંસ રાખેલ છે તે ભેંસનું દુધ હંમેશાં વેંચે ને તેમાંથી જે રૂપિયા આવે તે લે એમ કરતા પાંચ-સાત વર્ષ થઈ ગયા ને આ ભેંસ તથા બળદ બંનેને નજીકના ખીલે બાંધેલા તે એક દિવસ સવારે બેઠા બળદ તથા ભેંસને ભગવાનની ઈચ્છાથી વાચા આવી ને બંનેને પૂર્વ જન્મની સ્મૃતિ થઈ આવી કે આપણે આ ખેડુતો પાસેથી અનિતિથી રૂપિયા લીધા હતા તે રૂપિયાની આજે ભરપાઈ થઈ જશે. ભેંસ બોલી કે આજે મને દોહીને

જે દુધ વેચશે એટલે આનું દેવુ ચુકવી જશે તેથી હું આજે બપોરે દેહ મૂકી જઈશ તેવી જ રીતે બળદ પણ બોલ્યો કે મને પણ આજે બીજે ઠેકાણે ખેડવા મુકશે એમાંથી જે રૂપિયા આવશે તેથી તેનું લેણું પુરું થઈ જશે. તેથી હું પણ દેહ મૂકી જઈશ. આપણે દૈવ યોગે આટલાં વર્ષો ભેળા રહ્યા પણ આજે આપણે બંને નોખા પડીશું એમ આ ભેંસ તથા બળદની વાતો ત્યાં બળદ તથા ભેંસને જે ઘાસ નાંખવા આવેલો તેણે તે વાત સાંભળી ને તે વાત આ બંને ભાઈઓ જે ખેડૂતો હતા તેને કહી તે ખેડૂતોએ આ વાત સાંભળી તેથી તેમને પણ આગલા જન્મની સ્મૃતિ થઈ આવી, કે અમારા પાસેથી આપણે અનિતિથી રૂપિયા લીધા હતા, ત્યાં ભેંસને દોહી દૂધ વેચ્યું ત્યાં ભેંસ મરી ગઈ. થોડવારે આ બળદ બીજે ઠેકાણે ખેતીનું કામ કરી આવ્યો. તેના જે રૂપિયા મળ્યા તેથી તે બળદ પણ દેહ મૂકી ગયો. પછે આ ભેંસ તથા તે બળદના જે સંસ્કાર થતા હતા તે કર્યા, ને આ બંને પટેલે વિચાર કર્યો કે અહો આ અનિતિ જે ધન લે તેને આવળુ બધુ ભોગવવું પડે છે તેથી તે બંને પટેલ કોઈનું ખોટું ધન લે નહીને નિતિથી જે મળે તેમાં પોતાનો નિર્વાહ ચલાવતા. જુવો હે પ્રભુ પ્યારા, હે ભગવાનના લાડકવાયાં, સારા સત્સંગીયો તથા હે સારા સજ્જનો આ વાંચીને ક્યારેય પણ અનિતિનું ધન લેશો નહી ને જો અનિતિનું ધન લઈયે તો આ ભેંસ તથા બળદના જન્મો લઈને તેને પરલોકમાં ચુકવવું પડે. માટે ગૃહસ્થોયે ક્યારેય પણ ખોટી રીતે પૈસા ભેળા ન કરવા. જો કે ગૃહસ્થોયે રૂપિયા

કમાવવા એમાં ભગવાને ના પાડી નથી પણ ખોટી રીતે કોઈ ખોટો ધંધો કરી, ખોટા રૂપિયા ન કમાવવા. જો ખોટો ધંધો કરી રૂપિયા કમાઈયે તો તેનો આ ઉપર લખ્યા મુજબ બળદ તથા ભેંસ આદિના જન્મ લઈને લેણું ચુકવવું પડે. તો સર્વેએ બહુજ કાળજીથી નીતિ રાખી ઉદ્યમ કરવો.

બીજું શ્રીજી મહારાજ **પોતાની હયાતીમાં જેતલપુર, ડભાણ આદિમાં વિષ્ણુયાગ કરાવતા હતા.** એક વખતે શ્રીજી મહારાજે ડભાણમાં વિષ્ણુયાગનો મોટો સમૈયો કર્યો ને શ્રીજી મહારાજ સભા કરી સર્વે સંતો હરિભક્તો ને ધર્મ,જ્ઞાન, વૈરાગ્યની વાતો કરી સુખીયા કરતા હતા. એક સમય સાંજના સભા થઈ. મહારાજ સર્વેને સુખીયા કરતા હતા તે મહારાજની વાતો સાંભળતા હતા ત્યાં રાત્રી પડી ગઈ ને મહારાજ જમીને પોતાના ઉતારે પધાર્યા ને હંમેશાં મહારાજ પોતાને ઉતારે પધારે ત્યારે ભક્તજનોએ સારા સારા દાગીનાઓ અર્પણ કર્યા હોય તે દાગીના ઉતારીને કોઠારી હોયે તેને આપે ને તે સાચવી રાખે. એક દિવસ કથાવાર્તા કરતા રાત્રે મોડું થઈ ગયુંને ભગવાને દાગીના પહેરેલા હતા તે દાગીના પહેરેલા હતા ને ભગવાન પોઢી ગયા ત્યાં પારષદ છડીવાળા હતા તે મહારાજ પોઢી જાયે ત્યારે ત્યાં મહારાજની ચોકી કરે પણ તે દિવસે પારષદો બે હતા પણ જરા ડોલું આવી ગયું ત્યારે એક માણસ મહારાજ જયાં પોઢ્યા હતા ત્યાં આવીને મહારાજે હાર આદિ પહેરેલાં તેને ચોરી કરવા આવેલો. તે મહારાજ પોઢી ગયેલાને પારષદોને પણ જરા ડોલું આવી ગયું તેથી તે

ચોર મહારાજ પાસે આવીને મહારાજે સોનાનો હાર પહેરેલો તેને લેવા લાગ્યો પણ મહારાજની પ્રકૃતી એવી હતી કે કોઈ જરા અડી જાયે તો ઝબકી ને જાગી જાયે તે આ માણસ હાર લેવા ગયો ત્યાં ભગવાન જાગી ગયા ને ઉંચે સાદે બોલવા લાગ્યા કે કોણ છે ?અમારા પાસે આ માણસ અમારો હાર લેવા આવ્યો હતો એમ જોરથી બોલ્યા એટલે બધા સંતો હરિભક્તો, પારષદો બધા જાગી ગયા ને મહારાજ પારષદોને વઢવા લાગ્યા કે, જુઓ તમો સૂઈ ગયા તે તમારું માથું કાપીને આ માણસ આવ્યો કહેવાયે. જો તમો જાગતા હોત તો આ માણસ આવત નહી. ત્યારે પારષદો જે મહારાજની સેવામાં હતા તે બોલ્યા કે હા મહારાજ માથું કાપ્યા જેવું જ તો ત્યારે વળી મહારાજ બોલ્યા કે માથુ કાપ્યા જેવુ કે માથું કાપીને આવ્યા કહેવાયે. જો તમો જાગતા હોત તો આ માણસ આવી ન શકત. ત્યારે પારષદો કે હા મહારાજ તમારી વાત સાચી, એમ કહી પારષદોએ માફી માગી કે હે મહારાજ અમારી ભુલ થઈ તે માફ કરો હવે અમો કાળજી રાખીશુ તે ગ.છે.પ્ર.ના ૯ ના વચનામૃતમાં કહેલ છે કે અમારા મોટા મોટા જે પરમહંસો છે તે જાણપણારૂપી ધામને દરવાજે અખંડ ઉભા રહે છે તેથી પોતાના હૃદયમાં માયાના વિકારો પેસવા દેતા નથી ને જો આ પારષદોની પેઠે જો ગાફલાઈ રાખીયે તો હૃદયમાં માયાના વિકારો જે કામ ક્રોધ, લોભ એ આદિ વિકારો આપણાં હૃદયમાં પેસી જાયે માટે આપણે જરાપણ ગાફલાઈ રાખ્યા વિના આપણા પવિત્ર હૃદયમાં જગત ભરાઈ

ન જાયે તે ખાસ કાળજી રાખવી. બીજું જે હાર ચોરવા આવ્યો હતો તેને પૂછ્યું કે તું કોણ છો ? ને ક્યાંથી આવ્યો છો ? તે સાંભળી તે બોલ્યો કે હું આ ગામનો છું, ને સત્સંગી છું, ત્યારે મહારાજ કહે તમને કયા સ્વામીએ સત્સંગ કરાવ્યો ને તમારા કયા ગુરૂ છે ? તે સાંભળી તે બોલ્યો કે મારા ગુરૂ આત્માનંદ સ્વામી છે. તે આત્માનંદ સ્વામીને મહારાજે બોલાવ્યા ને મહારાજે આત્માનંદ સ્વામીને કહ્યું જુઓ સ્વામી આવા તમારા શિષ્ય,આવાને શિષ્ય બનાવાતા હશે. પેલા બરાબર તપાસ કરી પછે જ શિષ્ય બનાવાયે. આવાને શિષ્ય બનાવતા હશે. એમ મહારાજે આત્માનંદ સ્વામીને ઠપકો આપ્યો. એ સાંભળી સ્વામી બોલ્યા કે મહારાજ અમે ગામડે ફરવા ગયા હતા તે આના મામા આને તેડી લાવ્યા હતા ને એમના મામાના કહેવાથી એમને સત્સંગી બનાવ્યા હતા, ને જે હાર લેવા આવ્યા હતા તેનો મગજ પણ જરા નબળો હતો. તેમને સ્વામીએ ઠપકો આપ્યો, તમો આવું કર્યું તે સારુ ન કહેવાયે. પછે એમણે પણ માફી માગી કે મારાથી ભુલ થઈ ગઈ. મારા ગુના માફ કરો. પછે તે સ્વામી તથા મહારાજે તેના ગુના માફ કર્યા પછે સમૈયો સવારે પુરો થઈ ગયો ને હરિભક્તો પોતપોતાને ગામ ગયા ને શ્રીજી મહારાજ ગઢડે ગયા. સંતોને મહારાજે જે પ્રમાણે આજ્ઞા આપી તે પ્રમાણે સંતો ગામડે ગયા. આમાંથી આપણે શું લેવાનું કે, આપણાં પવિત્ર હૃદયમાં માયાના વિકારો જે કામ, ક્રોધ, લોભ, મોહ, માયા આદિ પેસવા ન દેવા. એવી

સાવધાની રાખવી ને જો આ પારષદોએ જરા ગાફલાઈ રાખી તો ચોર આવી ગયો. તેમ આપણા ઈન્દ્રીયો અંત:કરણ ચોર છે માટે આપણે સાવધાની રાખવી ને આપણાં પવિત્ર અંતરમાં ભગવાનની મૂર્તિ વિના બીજું પેસી ન જાયે એ ખાસ કાળજી રાખવી.

બીજું શ્રીજી મહારાજ **એક સમય મોરબીમાં ગયા ને શ્રીજી મહારાજ ત્યાં સભા કરી વિરાજમાન હતા** ને શ્રીજી મહારાજ ધર્મ,જ્ઞાન,વૈરાગ્યની વાતો કરતા હતા ત્યાં ઘણાંક માણસો સત્સંગ કરવા આવતા હતા. ત્યાં શ્રીજી મહારાજ બે-ચાર દિવસ સુધી રોકાણા ને ત્યાંના રાજા જે મોડજી ઠાકોર હતા તેમને ખબર પડી કે સ્વામિનારાયણ ભગવાન છે તે હું પણ તેમના દર્શન કરવા જાઉં. એમ વિચારી તે મોડજી ઠાકોર ત્યાં દર્શન કરવા ગયા ને તેમણે ભગવાનના દર્શન કર્યા તેથી તેમના અંતરમાં બહુજ શાંતી થઈ ને, શ્રીજી મહારાજે તેમને સત્સંગની સારી વાતો સંભળાવી ને તેમને ગુણ આવ્યો ને બોલ્યા કે,મારૂ જેમ સારૂ થાયે તેમ કરજો. પછે શ્રીજી મહારાજે કહ્યું કે દારૂ ન પીવો, ઇંડા માંસ ન ખાવું, ચોરી ન કરવી, જુગાર ન રમવો, વ્યાભિચાર ન કરવો ને અફીણ જે કસુબા ન પીવા. આદિ નિયમોની વાતો સંભળાવી તેથી તે રાજી થયા ને તે સત્સંગી થયાને તે નિયમ પ્રમાણે વર્તતા હતા પછે એક દિવસ જામનગરમાં જામસાહેબ રાજા હતા તે જામનગરમાં જામસાહેબને ત્યાં સારો વ્યવહારિક પ્રસંગ હતો તેથી સર્વે રાજાઓને બોલાવ્યા. તે પ્રસંગે આ મોરબીના રાજા

મોળજી ઠાકોરને પણ ત્યાં જામનગર બોલાવ્યા હતા. તેથી તે મોળજી ઠાકોર પણ ત્યાં જામનગર ગયા. તે જામનગરમાં જામસાહેબને ત્યાં તેમના પુત્રના લગ્નપ્રસંગે સર્વેને બોલાવ્યા હતા ને નાના પ્રકારના નાચ-ગાન કરાવ્યા, તાયફો કરાવ્યો આદિ દુનિયાના તાન,તોફાન, મનોરંજન, ફિલ્મો આદિ ત્રણ કલાક કરાવ્યા પણ આ મોરબીના મોળજી ઠાકોરને ભગવાન મળ્યા હતા ને તેમને નિયમો આપ્યા હતા તેથી તે મોળજી ઠાકોર તો આંખો મીંચી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા હતા. તેમણે આ તાયફો, ફિલ્મ આદિ કાંઈ પણ જોયું નહી. ત્રણ કલાકે તે સર્વે પોગ્રામ પુરો થયો. બધા રાજાઓ બોલવા મંડયા કે આ મોરબીના મોળજી ઠાકોર તો ઉંઘી ગયા હતા. તેમણે આ કાંઈ મનોરંજન જોયું નહી ને બોલ્યા આ મોળજી ઠાકોર હોશીયાર છે. પણ આ કેવું સારૂ મજાનું મનોરંજન હતું. તેમણે જોયું નહી ને ઉંઘી ગયા, પણ આ મોળજી ઠાકોર તો કાંઈ બોલ્યા નહી. પછે ત્યાં અફીણને ઘોળીને કસુંબા કર્યા તે સર્વે રાજાઓને આ કસુબો પાયો તેવી જ રીતે આ મોળજી ઠાકોરને પણ આ કસુબો પાવાને માટે તે જામસાહેબના નોકરો પ્યાલો લઈ કસુબો પાવા આવ્યા પણ આ મોળજી ઠાકોર તો સારા સજ્જન હતા ને તેમને સ્વામિનારાયણ ભગવાને નિયમ આપ્યા હતા તેથી તે કસુબો પીવાની ના પાડી. બધા રાજા બોલ્યા કે જામસાહેબના આપણે સર્વે મહેમાનો છીએ તે આ કસુબો અમે સર્વેએ પીધો તેમ તમો પણ પીવો, પણ આ મોળજી ઠાકોરે કસુબો પીધો નહી. ત્યારે

બીજા માણસોએ જામ સાહેબને કહ્યું કે આ તમારા મહેમાન કહેવાયે તેથી બીજા તમારા નોકરથી ન પીયે. તમો જ આ મોળજી ઠાકોરને આ કસુબો પાયો તે સાંભળી આ જામ સાહેબે હાથમા કસુબાનો પ્યાલો લીધો ને મોળજી ઠાકોર પાસે આવીને કહેવા લાગ્યા કે આ કસુબો પીવો. ત્યારે આ મોળજી ઠાકોર કહે મારે તો નિયમ છે તેથી હું આ કસુબો પી શકીશ નહી. ત્યારે બીજા સર્વે રાજા બોલ્યા કે આ જામસાહેબનો હાથ કહેવાયે તે તમો ન પીવો તો એમનું અપમાન કહેવાયે માટે તમો આ કસુબો જરૂર પીવો, ને પીવો જ જોઈયે. એમ બધા બોલવા લાગ્યા. પછે મોળજી ઠાકોર ઉભા થઈને પોતા પાસે તલવાર હતી તે તલવારને મ્યાનમાંથી ઉઘાડી કરીને જામસાહેબના બીજા હાથમાં આપવા મંડ્યા કે આ તલવારથી મારૂ માથુ કાપી નાખો ને પછે આ કસુબો ગળામાં નાંખો. તેથી તમારો હાથ પાછો વળ્યો ન કહેવાયે ને મારી ટેક જળવાઈ રહે. એ જોઈ આ જામસાહેબ તથા બીજા સર્વે રાજા થકીત થઈ ગયા ને સર્વે બોલ્યા કે અરે મોળજી ઠાકોર તમને ખુબ જ અભિનંદન તથા ખુબ જ ધન્યવાદ તમોએ તમારા ભગવાનની ટેક બરાબર રાખી. આ જામસાહેબના વ્યવહારીક પ્રસંગમાં આવ્યાને આ તાયફો, ફિલ્મો આદિ તમોએ જરાપણ જોયા નહી ને આ કસુબો પણ પીધો નહી તો ખરી તમારી ટેક. અમારાથી તમોને કાંઈ કહેવાય ગયું હોયે તો રાજી રહેજો. ને સર્વે રાજા એકબીજાને પ્રેમથી ભેટ્યા. આ મોળજી ઠાકોર પણ સર્વેને ભેટ્યા ને આ જામસાહેબ પણ સર્વે ઉપર

રાજી થયા કે તમો સર્વે મારે ઘેર આવી મારો પ્રસંગ શોભાવ્યો એ પણ રાજી થયા. આમાં શું કહેવાનું કે, આ મોળજી ઠાકોરને સ્વામિનારાયણ ભગવાન મળ્યા ને તેમણે ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરી તેથી જરા પેલા તકલીફ પડી પણ પછે સર્વે રાજી થયા તેવી જ રીતે હે વહાલા સત્સંગી ભાઈઓ, હે સર્વે સજ્જન માણસો કે જુઓ, આ મોળજી ઠાકોરે કેટલી પરીક્ષા પુરી કરીને કેટલી તકલીફ પડી પણ તે ભગવાનના નિયમમાંથી જરાપણ ચડાયમાન થયા નહી. તે શાસ્ત્રમાં લખેલ છે કે, ધર્મ જાતા તન રહે તો તે તનને પણ ત્યાગવું. જીવ્યાનું જતું કરી શ્રી હરિ પાસે મૃત્યુ માંગવું. કેતા આપણો ધર્મ જતા ભલે શરીરનો ત્યાગ કરવો પડે, તો ભલે કરવો પડે પણ પોતાના ધર્મનો ક્યારેય પણ ત્યાગ ન કરવો. જુવો આ મૂળજી ઠાકોરે તલવાર ઉઘાડી કરી ને કહ્યું કે મારૂં આ માથુ કાપીને પછે ભલે આ ગળામાં આ કસુબો રેડજો. જો તેમણે આવી ધર્મની ટેક રાખી તો સર્વે રાજી થયા ને ભગવાને તે મોળજી ઠાકોરની રક્ષા કરી. તેવી જ રીતે આપણે કાળજી રાખી પોતાનો ધર્મ બરાબર પાલન કરીશું તો જરૂર દયાળું ભગવાન આપણી સર્વે પ્રકારે રક્ષા કરશે. માટે આપણે તેનો કેફ રાખી આનંદમાં રહી ભજન કરવું.

બીજું મોટા સંતે લખ્યું કે જુનાગઢ દેશમાં નાઘેર દેશ કહેવાય છે. ત્યાં ભરવાડ લોકો બહુ રહે, ને તે ભરવાડો ગાયો, ભેંસો, બકરા આદિ રાખે ને તેમાંથી પોતાના નિર્વાહ ચલાવતા. બીજું ત્યાંના મોટા શેઠ હતા તેમને એવી ઈચ્છા

થઈ કે **જુનાગઢ મંદિરમાં બે ગાયો દાનમાં આપવી.** તે શેઠ આ ભરવાડ પાસેથી બે સારી મજાની ગાયો વેચાતી લીધી ને આ ભરવાડોને કહ્યું કે તમો આ બે ગાયો જુનાગઢ મંદિરમાં લઈ જાયો ને ત્યાં સંતો તમને લાડુ આદિ જમાડશે ને તમોને સારી બક્ષીસ આપશે. એમ આ શેઠે કહ્યું, તેથી આ બંને ભરવાડો ગાયો લઈને જુનાગઢ આવ્યા. ત્યાં જુનાગઢમાં મહંત સ્વામીને વાત કરી કે અમારા નાઘેર દેશમાં આ ગામથી રામદાસ શેઠે બે ગાયો મોકલી છે. તે ગાયોને જોઈ આ મહંત સ્વામીએ ગાયોને ત્યાં ગૌશાળા હતી ને ત્યાં બીજી ગાયો હતી, ત્યાં મોકલી ને ત્યાં રાત્રી રોકાણા. બીજે દિવસે ત્યાં મંદિરે ત્યાંના શેઠ તરફથી દુધ-પાક માલપુવાની રસોઈ હતી. તે રસોઈ બનાવી ઠાકોરજીને થાળ ધરાવ્યો. સંતોને તે પ્રસાદી જમાડ્યો ને પછે આ જે નાઘેર દેશથી જે ભરવાડ ગાયો લાવ્યા હતા તેને જમવા બેસાડ્યા. ત્યાંના રસોડાના સંતોએ આ ભરવાડોને દુધ-પાક પીરસવા ગયા, માલપુવા પીરસવા ગયા ત્યારે આ ભરવાડો કહે, અરે સ્વામીજી આ ગેસ અમારે નથી ખાવી. આ ગેસ તો અમો ઘેર દરરોજ ખાઈએ જ છીયે. અમારા શેઠે કહ્યું હતું કે ત્યાં સંતો તમોને લાડુ જમાડશે, પણ તમોયે તો ગેસ તથા આ જારના રોટલા જેવુ તેવુ અમારે ખાવું નથી. ત્યારે આ સ્વામીએ આ ભરવાડોને સમજાવ્યા કે આ ગેસ નથી. આ તો દુધ-પાક છે, ને આ જારના રોટલા નથી, આ તો માલપૂવા છે. તે તમો જમો તો ખરા, તે તમો જમશો તો લાડુ કરતા પણ તમોને વધારે સારૂં

લાગશે. તો પણ આ ભરવાડો કહે ના સ્વામી અમારે આ ગેસ તથા આ રોટલા ખાવા નથી. વળી મોટા સ્વામી આવીને સમજાવ્યા કે અરે ભલા માણસ તમો થોડું જમો, તમોને આ સારૂ લાગે તો જમજો, ને સારૂ ન લાગે તો ન જમજો. ભલે તમોને લાડુ જમાડશું પણ થોડું જમો તો ખરા. આ મોટા સ્વામીની વાત સાંભળી ભરવાડ લોકોને સંતોએ દૂધ-પાક આપ્યો, માલપૂવા આપ્યા, તે આ ભરવાડ જમવા લાગ્યા ને તે ભરવાડને તો તે દૂધ-પાક તથા માલપૂવા એટલા બધા સરસ લાગ્યા તે આઠ દસ વાટકા દુધપાક જમી ગયા. પંદરથી વીસ માલપૂવા જમી ગયા ને બહુજ રાજી થયા અહા અહાહા, આવી રાબ તથા આવા જારના રોટલા તો અમો ક્યારેય જમ્યા નથી. આ તો બહુજ સારૂં છે એમ આને આ સ્વાદીષ્ટ લાગ્યા તેથી આ ભરવાડને થયું કે દરરોજ આપણાને આવું જમવા મળશે તો, બે-ચાર દિવસ રહીયે એમ જાણી ત્યાં રહ્યા. બીજે દિવસે આ ભરવાડ જમવા બેઠા ત્યારે તે દિવસ રસોઈ ન હતી તેથી સર્વેને રોટલી,દાળ,ભાત,શાક જમવાનું હતું તેથી આ ભરવાડને પણ રોટલી,શાક,દાળ,ભાત જમાડવા પીરસ્યું. ત્યારે આ ભરવાડ સંતોને કહે અરે સ્વામીજી કાલે તો અમને બહુજ સારી ગેસ ખવડાવી હતી ને બહુજ મીઠા રોટલા ખવડાવ્યા હતા. તેવી ગેસ તથા તેવા મીઠા રોટલા અમોને જમવા આપો. ત્યારે આ સ્વામી કહે, જુવો ભાઈયો કાલે અહી દુધપાક,માલપુવાની રસોઈ હતી તેથી સર્વેને જમાડ્યા હતા. તેથી તમોને પણ જમાડ્યા હતા. દરરોજ દરરોજ એવું

જમવાનું ન હોય, તે સાંભળી ભરવાડ કહે આજે બપોરે અમો અમારે ગામ જશું, તેથી ત્યાંના મહંત સ્વામીએ તે ભરવાડો પહેરે એવા કપડાં આપ્યા. બસો બસો રૂપિયા અપાવ્યા તેથી તે ભરવાડો રાજી થઈને પોતાને ઘેર ગયા ને પોતાને ઘેર વાતો કરે કે, અહો ત્યાં તો સ્વામીએ કાંઈ મીઠી ગેસ ખવડાવી હતી ને કાંઈ મીઠા રોટલા ખવડાવ્યા હતા. અહો એનો તો કાંઈ સ્વાદ. આમાં શું લેવાનું કે, આ ભરવાડ લોકોએ દુધપાક તથા માલપુવાનો સ્વાદ પહેલા ચાખ્યો ન હતો. તેથી તે દુધપાક તથા માલપુવા ખાતા ન હતા, પણ પછે તેમણે તે દુધપાક તથા માલપુવાનો સ્વાદ ચાખ્યો ત્યારે તેમને એમ થયું કે અહો આ ગેસનો તો કાંઈ સ્વાદ. તેવી જ રીતે ભગવાનની મૂર્તિના સુખનો સ્વાદ તો દૂધપાક તથા માલપુડા કરતા વધારે આનંદ છે. ત્યાં મોટા સંતોયે લખ્યું કે 'વહલાએ રસના ચાખડહાર છાસ તે નવ પીયે રે લોલ' તેમાં કહેવાનું કે ભગવાનની મૂર્તિનું સુખ જેણે જેણે એ મૂર્તિના સુખનો અનુભવ કર્યો હોયે તેને આ સંસારના સુખ ફીકા લાગે તેમાં લખ્યું કે, જેણે જેણે એ મૂર્તિના સુખનો સ્વાદ ચાખ્યો હોયે. કેતાં તે મૂર્તિનું સુખ લીધું હોયે તેને સંસારના સુખ ખાટી છાસ જેવા લાગે. માટે આપણે એ ભગવાનની મૂર્તિના સુખમાં દ્રષ્ટિ પહોંચી જાયે તો આ લોકના સુખમાં ક્યાંય પ્રિતિ ન થાયે. જેમ આ ભરવાડે દુધપાક માલપુડાનો સ્વાદ ચાખ્યો તો તેને ગેસ તથા જારના રોટલામાંથી પ્રિતિ ઓછી થઈ ગઈ તેવી રીતે આપણે ભગવાનની મરમાળી

માધુરી પ્રકાશમાન ભગવાનની મૂર્તિને અખંડ સંભારશું તો આપણાં અંતરમાં આનંદના ફુવારા વહ્યા કરશે. ને માયાના વિકારા ટળી જશે ને અહો...અહો... પણું વર્તશે.

બીજું મોટા સંતોએ લખેલ છે કે **આ કોણે બનાવ્યો ચરખો ચરખો નહી રહે સરખો** એના ઘડનારાને ઓળખો તમો પરીબ્રહ્મ પરખો આ કોણે બનાવ્યા ચરખો ? તેમાં કહેવાનું કે આ દેહરૂપી ચરખો છે. તે સરખો નહી રહે સરખો કે'તા આ શરીર માંદુ સાજુ થાયે એના ઘડનારાને ઓળખો કેતા આ દેહરૂપી ચરખાને બનાવનારા ભગવાનને ઓળખવા. વળી કહ્યું કે તમો પરિબ્રહ્મને પરખો એટલે ઓળખો. પરીબ્રહ્મ જે ભગવાન તેને ઓળખો. આમાં કહેવાનું કે આ દેહરૂપી આ ચરખો છે, ને આ મનુષ્યદેહ રૂપી ચરખાને પામીને ભગવાનને ઓળખીને ભગવાનને વિશેષ પ્રેમ કરવો એ જ આ મનુષ્ય જન્મને પામીને ખરૂં કરવાનું છે, માટે ભગવાનનું ભજન જેમ બને તેમ વિશેષ કરવું.

બીજું મોટા સંતોએ લખ્યું કે **'પ્રભુ તમ વિના મારૂ કોણ છે,** તમો જાણો છો હરી, આ લોકમાં પ્રભુ આપ છો, પરલોકમાં મા બાપ છો. સર્વે જગતના પ્રતિપાળ છો, તમો જાણો છો હરિ. તેમાં કહેવાનું કે હે પ્રભુ તમારા વિના મારૂ કોણ છે ? તે તમો જાણો જ છો, આ લોકમાં તમો જ મારા ઈષ્ટદેવ છો, ને પરલોકમાં પણ તમે જ મારા ખરા માતા પિતા છો. તે વાત પણ સાચી કે, ખરા માતા પિતા ભગવાન

જ છે. ને સર્વે જગતના પ્રતિપાળ છો કેતા સર્વ જગતનું પાલન પોષણ કરવાના પણ તેજ ભગવાન છે એમ જાણી તે ભગવાનનો દ્રઢ આશરો રાખી બીજા સર્વેમાંથી પ્રિતિ ટાળીને ભગવાનની મૂર્તિને જ અખંડ સંભાર્યા કરવી.

બીજું **ચકોર પક્ષીની વૃત્તિ ચંદ્રમાની સામી જ હોયે** તે ચંદ્રમા આથમી જાયે તો તે ચકોર પક્ષી પણ પડી જાયે. તેને ચંદ્રમા જ વિષય છે. તેથી તે ચકોર પક્ષીમાં એટલી બધી શીતળતા આવી જાયે કે, ધગધગતા કોલસા હોયે તેનાથી પણ તે ચકોર પક્ષી બળે નહી. તેવી જ રીતે આપણે ભગવાનના ભક્ત છીયે તો આપણી વૃત્તિ ભગવાનની મરમાળી માધુરી મૂર્તિ સન્મુખ રહે તે આવી રીતે જો આપણે ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખીયે તો આપણે માયારૂપી જે ધગધગતા કોલસાથી પણ બળીયે નહી. કેતા માયામાં બંધાઈયે નહી. તે શું સાધુ થઈ જવું ? ના સાધુ થવાની જરૂર નથી પણ જ્ઞાને કરીને આ લોકમાં રહેવું પણ માયામાં બંધાવું નહી.

મોટા સંતે લખ્યું કે વિમાન તથા ગાડી કે સ્ટીંમ્બર આદિના ચલાવનારાની વૃત્તિ સુકાન ઉપર જ હોયે, તે જો જરા સુકાન ચુકી જાયે તો તે જ વખતે એક્સીડન્ટ થાયે કેતા પડી જાયે. એ તો પોતાના નિર્વાહ માટે કેટલી બધી વૃત્તિ કેળવે છે. તેવી જ રીતે આપણે આપણા મોક્ષ સંબંધી કાર્યમાં બહુજ કાળજી રાખવી. કેમ કે આ ગાડી વાળા કે સ્ટીંમ્બરવાળા કે વિમાનવાળાને તો માયીક સુખને માટે જ વૃત્તિ કેળવી છે,

પણ આપણે તો અષ્ટઆવરણ થકી પર એવું જે અક્ષરધામને તે અક્ષરધામને વિષે અપાર અપારને અપાર દિવ્ય સુખ છે તે સુખને આપણે પામવું છે, માટે આપણે બહુજ સાવધાની રાખી ભજન કરવું.

બીજું **ભમરો અને ગીંગો બંને મિત્ર હતા.** ભમરો ગીંગાને કહે મારે ઘેર ચાલ તને બહુ મજો આવશે. એમ અવાર નવાર ભમરો ગીંગાને કહે એટલે એક દિવસ ગીંગો કહે ભલે આજે તારે ઘેર આવું એમ વિચાર કરી જવાનું નક્કી કર્યું પણ ગીંગાને વિચાર આવ્યો કે આવી વિષ્ટા જે મળની ગોળી ત્યાં નહી મળે. તો એમ વિચારી ગીંગે મળની ગોળી નાકમાં ભરીને ભમરે પાંખમાં બેસાડી સાચે મજાનો સુગંધીમાન પુષ્પના બગીચામાં લઈ ગયા ને સુગંધીમાન પુષ્પ ઉપર ગીંગાને બેસાડ્યા ને ભમરો ગીંગાને કહે કેમ આ સુખ બરાબર છે ને, ત્યારે ગીંગો કહે આ તારૂં સુખ પણ મારા જેવું છે. તે જાણી ભમરે વિચાર કર્યો કે આ નાકમાં વિષ્ટાથી ગોળી લાવ્યો હશે, એમ જાણી એ ભમરે પાણીનો કુંડ ભર્યો હતો તેમાં તે ગીંગાને ઝબોડ્યા એટલે નાકમાંથી વિષ્ટાની ગોળી નીકળી ગઈ, એટલે ફુલની બહુજ સુગંધી આવી ને ગીંગો કહે ઓહોહો આ તો બહુ જ સારી સુગંધ આવે છે. તેના ઉપર શું લેવાનું કે ભગવાનની મૂર્તિનું સુખ સુગંધીમાન પુષ્પ સમાન છે ને વાસના રૂપી વિષ્ટાની ગોળી છે. માટે આપણે વાસના રૂપી વિષ્ટાની ગોળીને ટાળી ભગવાનમાં પ્રેમ કરવો.

બીજું મોટા સંતે કિર્તનમાં લખ્યું છે કે "મે તો સર્વે સંગાથે તોડીરે સાહેલી એક જગતના જીવન સાથે જોડી રે સાહેલી શું કરશે પિયર સાસરીયા રે સાહેલી મેં તો સમજીને સગપણ કીધુ રે સાહેલી મેણુ મે તો માથે માવાનું લીધુ રે સાહેલી" આના ઉપરથી આપણે શું લેવાનું કે **આપણે ભગવાન વિના બીજે સર્વે ઠેકાણેથી પ્રિતિ તોડી નાખવી** ને ભગવાનની મૂર્તિમાં જ એક પ્રિતિ કરવી. વળી લખ્યું કે શું કરશે પિયર સાસરીયા તેમાં શું લેવાનું કે આ દેહના સગાં સંબંધી એમાં શું કરશે ? જો આપણે ભગવાન પ્રત્યે સાચી ભાવના હોયે તો આ દેહના સગાં સંબંધીનું કાંઈ ન ચાલે, ને આ લોકના સગાં સંબંધી જે હોયે તેને જો સત્સંગ ન હોયે તો તે આપણી નીંદા કરે તેમાં બીવું નહી ને એક ભગવાનને વિશે જ સાચી પ્રિતિ કરવી. તે વાત પણ સાચી છે કેમ કે, આ લોકના સગાં સંબંધી જે હોયે તેનો આ લોકનો પ્રેમ હોય ને સાચો પ્રેમ તો ભગવાનનો જ છે, ને ખરા સગાં પણ તે જ છે. એમ જાણી ભગવાન વિના બીજે કયાંય પ્રિતિ ન કરવી. તે શું બધાયને સાધુ બની જવું ? ના બધાયને સાધુ બનવાની જરૂર નથી પણ જ્ઞાને કરીને સાધુ બનવું ને એમ જાણવું કે આ બધુ ખોટું છે. દેહને અંતે કોઈ સાથે નથી ચાલતું. એમ જાણી જ્ઞાને કરી સર્વે ખોટું કરી રાખવું.

બીજું **એક આત્મારામ નામના દરજી હતા.** તે સારા પ્રેમી ભકત હતા. તે કપડાં સીવીને પોતાનો વ્યવહારીક નિર્વાહ ચલાવતા હતા. તેના મનમાં એક દિવસ થયું કે હું આ

જગતના માણસોના કપડાં સીવીને મારો નિર્વાહ કરું છું પણ ગઢડામાં સ્વામિનારાયણ ભગવાન છે તેમના માટે સારી મજાની ડગલી બનાવું ને આગલા વખતમાં દરજી હાથે જ કપડાં સીવતા, હમણાંની પેઠે સીવવાના સંચા ન હતા. તે દરજી સારા ભગવાનના ભક્ત હતા ને ભગવાનની મૂર્તિનું હંમેશાં ધ્યાન કરતા. તે ધ્યાનમાં ભગવાનની મૂર્તિનું માપ લઈને સારી મજાની ડગલી બનાવતા જાયે ને મહારાજને સંભાડતા જાયે, અહો આ ડગલી મારા ભગવાનને પહેરાવીશ, એમ હેતે કરીને એ ડગલી સીવતા જાયે, એમ સારી મજાની ડગલી બનાવીને ગઢડા સ્વામિનારાયણ ભગવાનને અર્પણ કરવા જતા હતા ત્યાં રસ્તામાં ભાવનગર ગામ આવ્યું ત્યાં રાત્રી રોકાણા, તે ભાવનગરના રાજા વજેસિંહજીને ખબર પડી કે આ આત્મારામ દરજીએ સારી ડગલી બનાવી છે તે જો મને આપે તો એ જે કહે તે રૂપિયા આપું. એમ વિચારી આ રાજાએ આ આત્મારામ દરજીને પોતાના રાજ્યમાં બોલાવ્યા ને વાત કરી કે મે સાંભળ્યું છે, તમોએ સારી ડગલી બનાવી છે. તે મને આપો ને તમો જે માંગો તે રૂપિયા તમને આપું. ત્યારે આ આત્મારામ દરજી બોલ્યા અહો રાજા સાહેબ આ ડગલી કાંઈ રૂપિયા કમાવવા માટે નથી બનાવી. આ તો મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનને માટે બનાવી છે. માટે તમોને આ ડગલી આપી શકું નહી. ત્યારે રાજા કહે ભલે એ ડગલી ન આપો તો કાંઈ નહી. પણ તમો એના જેવી જ બીજી સારી ડગલી મને બનાવી આપો તો તમો

કહેશો તે રૂપિયા હું તમોને આપીશ. ત્યારે આ આત્મારામ દરજી ધીમે રહીને બોલ્યા કે અરે રાજા સાહેબ એ તમારી વાત સાચી, તમોને હું બીજી ડગલી બનાવી આપું પણ આ ડગલી જેવી તો ન જ થાયે. ત્યારે વળી રાજા બોલ્યા કે કેમ આના જેવી ન થાયે ? તમો જે કહેશો તે હું તમોને રૂપિયા આપીશ. ત્યારે વળી તે દરજી બોલ્યા કે હે રાજા સાહેબ તમારી વાત સાચી પણ આ ડગલી તો મે ભગવાન માટે પ્રેમે કરીને એક એક ટીભે મારા ભગવાનને સંભાળીને બનાવી છે ને આ પ્રેમના ટેભા છે ને મારા ભગવાન જેવો પ્રેમ તો તમારામાંથી ક્યાંથી થાયે ? તમો ભલે આ ભાવનગરના રાજા છો પણ ભગવાન જેવો પ્રેમ તો મને બીજે ન જ થાયે. ભલે તમોને હું સારી ડગલી બનાવી આપીશ એમ કહી આ દરજી ત્યાંથી ચાલ્યા ગયા ને ગઢડા ગયા. ગઢડામાં સ્વામિનારાયણ ભગવાન લીંમડાના ઝાડ નીચે સભા કરી વિરાજમાન હતા, ને ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિની વાતો કરી સંતો હરિભક્તોને સુખીયા કરતા હતા. ત્યાં આ આત્મારામ દરજી ગયા ને દૂરથી દર્શન કરી દૂર બેઠા પણ અંતરયામીપણે ભગવાન જાણી ગયા કે આ મારો ભક્ત બહુજ પ્રેમી છે. તે પ્રેમથી સારી મજાની ડગલી બનાવી લાવ્યા છે. તેને મહારાજે બોલાવ્યા કે અરે આત્મારામભાઈ લાવો લાવો અમારા માટે ડગલી બનાવી લાવ્યા છો તે લાવો. એમ મહારાજે તે આત્મારામ ભાઈને બોલાવ્યા તેથી તે આત્મારામભાઈ દરજી બહુજ રાજી થયા, ને ડગલી પ્રેમથી બનાવી લાવ્યા હતા

તે પ્રેમથી મહારાજને આપી. તે ડગલી લઈ મહારાજે તે વખતે પહેરી તે બરાબર માપસર થઈ ગઈ ને તે ડગલી પહેરી ભગવાન બહુજ રાજી થયા ને બોલ્યા કે અહો ઘણાં હરિભક્તો અમારે માટે પોશાક સારો લાવે છે પણ આ ડગલી તો બહુજ સારી છે. એમ મહારાજે ડગલીની પ્રસંશા કરી. તે ડગલી કાંઈ સોનાની ન હતી પણ ડગલીમાં પ્રેમ હતો ને પ્રેમથી જે વસ્તુ જે ભક્ત લાવે તેના ઉપર ભગવાન બહુજ રાજી થાયે. તે મોટા સંતે લખ્યું છે કે, પ્રેમને વશ થયા પ્રભુ રાજી રે, શું કરશે સંસારીયા પાજી રે તેમાં કહેવાનું કે જે ભક્તને સાચો પ્રેમ હોયે તેને ભગવાન વશ થઈ જાયે છે. તેમાં જગતના જીવો નીંદા કરે તેમાં આપણે બીવાનું નહી. જુઓ આ દરજીને ભગવાન પ્રત્યે પ્રેમ હતો તો ભાવનગરના રાજા ઘણાંક રૂપિયા તે ડગલીના આપતા હતા પણ તે ભક્તે તે રૂપિયા લીધા નહી ને પ્રેમથી તે ડગલી બનાવી હતી તેથી તે ડગલી ભગવાનને અર્પણ કરીને ભગવાનને રાજી કર્યા. એવી જ રીતે આપણે ભગવાન પ્રત્યે પ્રેમ રાખીશું તો ભગવાન જરૂર પોતાના પ્રેમી ભક્તોને સુખીયા કરે છે ને સુખી કરશે તેનો કેફ રાખી આનંદમાં રહી ભગવાન ભજવા.

બીજું એક માણસને **રસ્તામાં ચાલતા લાખો રૂપિયાનો હિરો મળ્યો** હતો. પણ તેને ખબર નહી કે આ લાખો રૂપિયાનો કિંમતી હિરો છે. તો તે હિરાને જે માણસ શાક વેચતો હતો તેને આપ્યો, તો તે શાકવાળાએ પાંચ કિલો શાક આપ્યું, પણ પછે તે હિરા પારેખ પાસે લઈ ગયા તો તેણે

ઘણાંક રૂપિયા આપ્યા. પછી હિરો ચંદ્રકાંત મણી હતો તે પૂનમ આવી તેથી તે હિરાને અગાસીમાં મૂક્યો તો તે અગાશી સોનામોરથી ભરાઈ ગઈ ને તે હિરા પારેખ બહુ રાજી થયા. આમાં કહેવાનું કે આ શાકવાળાએ હિરાનો મહિમા જાણ્યા વિના પાંચ કિલો શાક આપ્યું પણ આ હિરો બહુજ કિંમતી હતો તો સોનામોરથી અગાશી ભરાઈ ગઈ. એમાં કહેવાનું કે હિરાનો મહિમા જાણ્યા વિના તથા સાચા હિરાને ઓળખ્યા વિના તેણે પાંચ કિલો શાકમાં વેચી નાખ્યો પણ જે હિરા પારેખ હતો તેને તે હિરાનો બહુજ મહિમા જાણ્યો તો તેને ઘણીક સોનામોરો મળી ને તે ખુબજ સુખીયો થઈ ગયો. આ દ્રષ્ટાંતથી આપણે શું લેવાનું ? આ મનુષ્ય દેહ બહુજ કિંમતી છે તે શાસ્ત્રમાં લખેલ છે કે દુર્લભો, માનુષ્યદેહો, તે આ સાચા હીરા સમાન મનુષ્યદેહની કિંમત જાણ્યા વિના જગતના જીવો આ દુનિયાના સુખમાં દોટ માર્યા કરે છે. પણ જો આ મનુષ્ય દેહનો જો બરાબર મહિમા જણાય તો ભગવાનનું ભજન કરી લઈયે તો બહુજ ઉત્તમ કામ થઈ ગયું કહેવાયે. માટે આપણે કાળજી રાખી ભગવાનનું ભજન વિશેષ કરવું એ જ ખરો લાભ છે.

બીજું એક સારા શેઠ હતા તે એક સમય પોતાના ઘેર સારા ગવૈયા બોલાવી સારા મજાના કિર્તન ગવૈયા બોલતા હતા ત્યાં તે શેઠના ધર્મપત્ની પણ ત્યાં બેઠેલા ને ગવૈયા ઢોલક તથા તબલા આદિ વાજંત્ર વગાડી કીર્તન બોલતા ને રાત્રીનો વખત હતો તે શેઠાણી શેઠના પગ દાબતા હતા તે

પગ દાબતા દાબતા હાથ વડે આ શેઠના પગમાં જરા ટપલી મારી ને કેવી રીતે ટપલી મારી તો તેને ઘેર જે ગવૈયા હતા તે ઢોલક તથા દોકડને કેમ વગાડે તેમ ટપલી મારે ને વગાડે. તેમ જરા શેઠના પગમાં ટપલી મારી તેથી આ શેઠ બોલ્યા તમારૂ તાન બીજે તૂટ્યું માટે તમો આજથી અમારા ધર્મપત્ની કહેવાયો નહી ને કહ્યું કે **આજથી તમે અમારા ધર્મપત્ની ટળ્યા** તે જાણી આ બેન બહુજ વિચારમાં પડી ગયા ને આ શેઠની માફી માગી કે મારી ભુલ થઈ ગઈ હવે હું આવું નહી કરૂ. આમાં કહેવાનું કે આ શેઠાણીએ જરા ભુલ કરી તો આ શેઠે કહ્યું કે આજથી અમારા ધર્મપત્ની ન કહેવાયો. તેના ઉપરથી આપણે શું લેવાનું કે આપણા પતિના પતિ આપણા ઈષ્ટદેવની આજ્ઞા જરાપણ લોપીયે તો આપણે એમના આશ્રીત મટી જાઈયે તો આપણે ભગવાનની જરાપણ આજ્ઞા લોપવી નહી તો જ ભગવાન આપણા ઉપર રાજી થાયે ને આપણે આથી પેલા આપણે અસંખ્યાત જન્મો ધરી આવ્યા છીએ તે આપણે ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરી હોત તો આપણો ક્યારેય નોય મોક્ષ થઈ જાત તો હવે આપણે જેમ બને તેમ ભજન વિશેષ કરવું ને ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવી.

બીજું એક મોટા સંતોએ લખ્યું કે **"રટ રટ રે મન બાવરે એક નામ હરિકો બીત જાત હે,** અવસર એસો જયું લોઢે કો તાવરે" આમાં કહેવાનું કે હે ભાઈ તું ભગવાનનું ભજન કર, બાવરે એટલે ગાંડુ એ ગાંડુ મન તું ભગવાનનું ભજન કર

કેમ કે આ મનનો સ્વભાવ જ એવો તે વિના પ્રયોજન સંકલ્પ કર્યા જ કરે તેથી મનને ગાંડુ કહ્યું, બીત જાત હે અવસર એસો જયુ લોહે કો તાવ, તેમાં કહેવાનું કે લોઢાના બંને છેડા તપાવીને ઘા મારે તો તે છેડા જોઈન્ટ થઈ જાય તેવી રીતે આજે આપણાંને આ સત્સંગનો સાચે યોગ મળ્યો છે ને શ્રીજી મહારાજને તથા આચાર્યો ને તથા મોટા સંતોને તો આપણાને એવા ચોખ્ખા કરીને જન્મ મરણના તથા ચોર્યાશીના ફેરા ટળાવીને દેહને અંતે ભગવાનના અક્ષરધામમાં ભગવાનને પોતાની સેવામાં રાખવા છે તો આપણે પણ ભગવાન ભજવામાં તથા ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવામાં કાળજી રાખીશું તો જરૂર આને આ જન્મે દેહને અંતે આપણો મોક્ષ થઈ જશે, માટે આપણે તીવ્ર શ્રદ્ધા રાખી ભગવાનનું ભજન વિશેષ કરવું.

બીજું મોટા સંતે લખ્યું કે **"આવો રૂડો અવસર રે, ઓળખવા એક હરિ મોંઘો** મનુષ્ય તનરે નાવે તારે ફરી ફરી" એમાં કહેવાનું કે આવો રૂડો ભગવાન ભજવાનો વખત મળ્યો છે તે વડે ભગવાનને ઓળખી લેવાને મોંઘો મનુષ્યદેહ છે તે શાસ્ત્રમાં કહ્યું છે કે મનુષ્યનો દેહ બહુજ દુર્લભ છે. આથી અગાઉ કુતરા, ગધેડા, બીલાડા, આદિના ચોર્યાશી લાખ દેહ ધરતા ધરતા એકવાર મનુષ્ય જન્મ મળે છે. એટલે જ આ મનુષ્ય જન્મ બહુજ મોંઘો છે. તો આવા મનુષ્ય જન્મને પામીને ભગવાનની ભક્તિ કરી આપણા જીવાત્મનું કલ્યાણ કરી લેવું એ જ ખરો લાભ છે.

બીજું મોટા સંતોએ લખ્યું કે ભગવાન શું કામ કરે છે ? ભગવાન શું જમે છે ? ભગવાન ક્યારે હસે છે ? તેના ઉત્તરમાં કે **ભગવાન એના કર્મ પ્રમાણે રાજાને રંક બનાવે ને રંકને રાજા બનાવે** તેમાં જે રાવણ રાજા હતા પણ રામ ભગવાનનો અપરાધ કર્યો તો તે રાજા હતા પણ રંક બની ગયા, ને કૃષ્ણ ભગવાનના વખતમાં સુદામા રંક હતા કેતા કાંઈપણ ઘરમાં જમવા ન હતું પણ કૃષ્ણ ભગવાને સોનાનો મહોલ બનાવી દીધો ને રાજા જેવા કરી આપ્યા. બીજું ભગવાન શું જમે છે ? તો ભગવાન ગર્વ જમે છે. કોઈ માણસને જરાક ગર્વ આવી જાયે તે ગર્વ એટલે અભિમાન તે અભિમાન આવી જાયે તે ભગવાન ગર્વ ગંજન છે. કેતા ગર્વ જે અભિમાનનો નાશ કરે છે. ત્રીજું લખ્યું કે ભગવાન ક્યારે હસે છે ? તો આ જીવ ગર્ભવાસમાં હોયે ત્યારે આ જીવાત્મા ભગવાનની પ્રાર્થના કરે કે હે ભગવાન મને આ દુઃખમાંથી છોડો તો અખંડ તમારું ભજન કરીશ. કોઈ પ્રકારના પાપ કર્મ નહી કરું, પણ પછે આ જીવાત્માનો ગર્ભવાસમાંથી જન્મ થાયે ત્યારે એને માયાનુ આવરણ આવી જાય છે ને ભગવાનને ભુલી જાયે છે, ને ભગવાનના નિયમોનું પાલન કરતો નથી. તે જોઈને ભગવાન હસે છે, કે અરે આ જીવાત્મા ગર્ભવાસમાં બહું દુઃખી હતો ત્યારે કેટલી પ્રાર્થના કરતો હતો. આ લોકમાં આવી ગયો તેથી ભગવાનનું ભજન કરતા નથી. ભગવાનના નિયમોનું પાલન કરતા નથી. તે જોઈને ભગવાન હસે છે કે અરે આ જીવ ગર્ભવાસમાં હતો

ત્યારે કેટલી પ્રાર્થના કરતો હતો ને કહેતો હતો હું ભજન કરીશ, કોઈ પાપ નહી કરું ને આ લોકમાં આવ્યા તેથી આ લોકની માયામાં બંધાઈ ગયો એ જોઈને ભગવાનને હસવું આવે છે. આના ઉપરથી આપણે શું લેવાનું કે, આપણે ગર્ભવાસમાં હોઈયે ત્યારે બહું દુઃખ થાયે ત્યારે આપણે ભગવાનની પ્રાર્થના કરીયે છીયે પણ પછે આ લોકમાં આપણે આવીયે છીયે તેથી માયામાં લપટાઈ જાઈયે તે જોઈને ભગવાન હશે છે.

બીજું ગોપાળાનંદ સ્વામીને એક હરિભક્તે કહ્યું કે અમારું સોઘામાં સોંઘું કલ્યાણ થાયે તે કહો. ત્યારે સ્વામી બોલ્યા કે તમારા દેહમાં જેવું હેત છે તેવું હેત ભગવાનમાં રાખજો. તમારા સગાસંબંધીમાં હેત છે તેવું હેત મોટા સત્પુરૂષ વિશે રાખજો, ને તમારા ઘરને વિશે જેવું હેત છે તેવું હેત મંદિરને વિશે રાખજો. જાયો આટલું હેત રાખશો એટલે તમારું સોંઘામાં સોંઘુ કલ્યાણ થઈ જશે. જુઓ આ વાત કરવી સહેલી છે પણ આવું કરવું કઠણ છે. માટે આપણે આવી સમજણ કેળવીશું તો જરૂર થઈ જશે એમાં જરા પણ શંકા નથી.

બીજું એક ભરવાડ બકરા ચારવા ગયા ત્યાં એક બકરી જરા માંદી પડી ગઈ તેથી બકરીના ટોળાથી નોખી પડી ને ધીમે ધીમે ચાલે તે બકરી ટોળાથી નોખી પડી ગઈ તે ભરવાડને ખબર ન પડી. તે ભરવાડ તો પોતાના બકરાને લઈ આગળ ચાલ્યો ગયો પણ આ બકરી જંગલમાં એકલી

રહી ગઈ તેણે વિચાર કર્યો કે રાત્રીમાં હિંસક જનાવર આવશે ને મને મારી નાંખશે, એમ જાણી તે બકરી તે જંગલમાં સિંહનું પગલું હશે તે પગલા પાસે બેસી રહી. તે બકરીને મારવાને માટે રાત્રે ઘણાંક હિંસક જનાવર આવ્યા પણ બકરી કહે **હું તો આ પગલા વાળાને આશરે બેઠી છું.** તે પગલું તો વનના રાજા જે સિંહનું હતું તેથી તે પગલાને જોઈને બધા હિંસક જનાવરો એ આ બકરીને મારી નહી. પછે રાત્રે સિંહ આવ્યો ને તેને મારવાને માટે આવ્યો ને બોલ્યો કે આ જંગલમાં તું નિર્ભય કેમ બેઠીછો ? તને મારે મારી નાંખવી છે. એ સાંભળી બકરી બોલી, જુઓ હું આ પગલાંને આશરે બેઠી છું. તેથી મને કોઈયે મારી નથી, હવે તમે મારો કે જીવાડો તમારી ઈચ્છા, તે સાંભળી સિંહના મનમાં થયું કે, આ મારે શરણેથી આને કોઈયે મારી નહી, તો મારે પણ આને મારવી નહી, ને એનું રક્ષણ કરવું ને એને સુખી કરવી એમ જાણી રસ્તામાં હાથી ચાલ્યો જતો હતો તે સિંહે હાથીને કહ્યું કે આ બકરીને આ જંગલથી બહાર લઈ જાઓ ને એને સારા સારા ઝાડના પાન ખવરાવો. એ સાંભળી આ હાથીએ પોતાની સુંઢ ઉપર બેસાડી આ બકરીને પોતાના માથે બેસાડીને જંગલથી બહાર લાવી દીધી ને સારા મજાના ઝાડ હતા ત્યાં આ હાથી તે બકરીને લઈ ગયો ને પોતાની સુંઢ વડે આ બકરીને સારા સારા કોમળ ઝાડના પાન ખવરાવ્યા ને દિવસ ઉગ્યો એટલે જે ભરવાડની બકરી ખોવાઈ ગઈ હતી તે આ ભરવાડ બકરીને ખોળતો હતો તે આ બકરીને ઓળખી ગયો

ને બધી બકરીની હારે આ બકરીને રાખી, તેથી તે બકરી બહુજ રાજી થઈ ને ખુબજ સુખી થઈ.આ દ્રષ્ટાંત ઉપરથી આપણે શું લેવાનું કે, બકરીને ઠેકાણે આપણે જીવ છીયે તે દેશકાળે કરીને ક્યારેક સત્સંગરૂપી ટોળાથી નોખા પડી જવાય પણ સિંહના પગરૂપી આપણાં ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનો આશરો રાખીયે તો માયારૂપી હિંસક જનાવરો થકી ભગવાન રક્ષા કરે. આમાં શું લેવાનું કે, આ બકરી ઘણથી નોખી પડી ગઈ પણ સિંહનો આશરો રાખ્યો તો બીજા હિંસક જનાવરો થકી રક્ષા થઈ તે હિંસક જનાવરો તો આ શરીરનો નાશ કરે પણ અંતરશત્રુરૂપી જે હિંસક જનાવરો જે કામ,ક્રોધ,લોભ, મોહ આદિ એવા તો હિંસક જનાવર છે. તે જન્મો જન્મ આપણાને એ હિંસક જનાવરો હેરાન કરે છે. પણ આપણે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનો દ્રઢ આશરો રાખીશું ને તેમની આજ્ઞા બરાબર પાલન કરીશું તો દયાળુ શ્રી હરિ જરૂર એ કામ, ક્રોધ, લોભ આદિ હિંસક જનાવરથી રક્ષા કરશે. માટે એ ભગવાનનો દ્રઢ આશરો રાખવો.

બીજું એક મોટા કરોડોપતી શેઠ હતા. તેના પાસે **એક બ્રાહ્મણ માંગવા ગયા ત્યારે આ શેઠે તેને ચિંતામણી આપ્યો.** તે આ બ્રાહ્મણને ખબર નહી કે આ ચિંતામણી છે. તે સવારે શાક વેચતા હતા. તે શાકવાળાને આપ્યો તે શાકવાળાએ પાંચ કિલો શાક આપ્યું. વળી બીજે દિવસે આ બ્રાહ્મણ ભિક્ષા કરવા ગયા ત્યારે આ શેઠે પૂછ્યું કે કાલે તમોને ચિંતામણી

આપ્યો હતો તે ક્યાં ગયો ? ત્યારે તે બ્રાહ્મણ બોલ્યા એ તો મે શાકવાળાને આપ્યો ને તે શાકવાળાએ પાંચ કિલો શાક આપ્યું હતું. ત્યારે આ શેઠ કહે અરે ભલામાણસ એ તો ચિંતામણી હતો. તેમાંથી તો તમોને લાખો રૂપિયા મળત, ત્યારે તે બોલ્યો એ તો મે શાકવાળાને આપી દીધો. આમાં કહેવાનું શું કે, આ બ્રાહ્મણે ચિંતામણીનો મહીમા જાણ્યા વિના પાંચ કિલો શાકમાં આપી દીધો. જો તેણે ઘેર રાખીને જે ચીંતવન કરત તે મળત, પણ તેણે ખોઈ નાખ્યો. તેમ આપણા ઈષ્ટદેવ ભગવાને મનુષ્યદેહ ચિંતામણી તુલ્ય દેહ આપ્યો છે તેનો મહિમા સમજી તેમનું ભજન બરાબર કરીયે, તેમની આજ્ઞા બરાબર પાલન કરીયે તો આપણે જે જે શુભ વસ્તુનું ચીંતવન કરીયે તો તે ભગવાન પોતાના ભક્તને આપે જ છે ને આપશે. તે ભગવાનનો દ્રઢ આશરો રાખી આનંદમાં રહી ભગવાનનું ભજન કરવું.

બીજું એક મોટું શહેર હતું. તેમાં એક જ દરવાજો હતો. તેમાં એક આંધળા માણસ હતા. તે રસ્તામાં ચાલ્યા જતા હતા. તેણ રસ્તામાં માણસો ચાલ્યા જતા હતા તેનો અવાજ સાંભળ્યો. એટલે આ આંધળો કહે અરે ભાઈયો મારે આ ગામમાંથી બીજે ગામ જવાનું છે તે મને દરવાજો બતાવો તો સારૂ. એ સાંભળી આ માણસો કહે અરે ભાઈ, આ ગામમાં એક જ દરવાજો છે, તો આ દિવાલને હાથ અડાડી ચાલ્યા જશો એટલે દરવાજો આવી જશે. એટલે તમો બહાર જઈ શકશો. એમ સાંભળી આ અંધભાઈ દિવાલને હાથ અડાડી

ચાલ્યા જતા હતા ને થોડા વખતમાં દરવાજો આવવાની તૈયારી હતી તેથી તેને દાદર બહું થઈ હતી. તે એક હાથે ચર કરી હોત તો દરવાજો આવી જાત પણ આ બંને હાથે ચર કરવા મંડ્યા તે ઉભા રહીને ચર કરી હોત તો દરવાજો મળી જાત, પણ આ તો ચર બંને હાથે કરવા લાગ્યા ને ચાલવાનું પણ સાથે રાખ્યું એટલે દરવાજો આવી ગયો પણ પાછળ રહી ગયો. વળી આગળ જતા માણસોને પૂછ્યું કે, દરવાજો ક્યાં છે ? ત્યારે માણસો કહે દરવાજો તો તમારી પાછળ રહી ગયો માટે હવે તો તમો આ દિવાલને અડીને ચાલ્યા જાયો એટલે આવી જશે. વળી બચારો આખી ચકરમાં પડી ગયો. એ તો દ્રષ્ટાંત છે, એનું સિદ્ધાંત શું કે, **આપણે બધા આંધળા છીએ ને આ જગત જે માયાના દરવાજાથી આગળ નીકળવું છે** પણ માયારૂપી દાદર થઈ છે તેથી દરવાજો પાછળ રહી જાયે, પણ જો આપણે માયારૂપી દાદરને ખચોળી ન હોત તો દરવાજેથી બહાર નીકળી જાત. પણ ખચોળવા ગયા તેથી દરવાજો પાછળ રહી ગયો. તેમાં આપણે માયારૂપી શહેરમાંથી બહાર નીકળી આપણે અક્ષરધામને પામવું છે. પણ માયારૂપી દાદર જે કામ,ક્રોધ,લોધ,મોહ આદિ દાદર થઈ છે. તે આપણે અનેક જન્મો થયા આ માયારૂપી દાદરમાં ફસાયા જ કરીયે છીયે. તેથી અક્ષરધામનો દરવાજો આપણને મળતો નથી, પણ હવે આપણે કાળજી રાખી સીધા ચાલ્યા જશું તો જરૂર અક્ષરધામરૂપી દરવાજો મળી જશે ને દેહને અંતે ભગવાનના અક્ષરધામમાં

ભગવાનની સેવામાં રહી જવાશે, એ જ મોટો લાભ છે.

બીજું સત્‌શાસ્ત્રોમાં લખ્યું છે કે **દુર્લભો માનુષ્ય દેહો** આ ભરતખંડમાં મનુષ્ય જન્મ મળવો એ અતિ દુર્લભ કહેવાયે. એવો દુર્લભ મનુષ્ય જન્મને ઈન્દ્રાદિક દેવો પણ આ મનુષ્ય જન્મની માંગણી કરે છે કે હે પ્રભો અમારા પુણ્ય ભોગવવાના કાંઈ બાકી હોયે તો અમોને ભરતખંડમાં મનુષ્ય જન્મ આપો. એવો અતિદુર્લભ આ મનુષ્ય જન્મ આપણા પૂર્વના પુણ્ય પ્રતાપથી તથા ભગવાનની અપાર દયાથી આપણાને મળ્યો છે ને મનુષ્ય જન્મ તો દુનિયા આખીને મળ્યો છે. આપણાને શું વિશેષ મળ્યું ? આવો દિવ્ય સત્સંગનો યોગ મળ્યો તે સત્સંગ મળવો પણ બહુજ દુર્લભ છે. તે વિશ્વામિત્રને વશિષ્ટરૂષીની વાત કરી તો એક ઋષી કહે મારો સત્સંગ વધારે, બીજા ઋષી કે મારૂં તપ વધારે, બંનેની તુલના કરી તો લવ એટલે એક સેકન્ડ માત્ર કહેવાયે. એટલીવાર પણ જો સત્સંગ કર્યો હોયે તો પણ સાયેઠ હજાર વર્ષના પુણ્ય કરતા પણ લવ સત્સંગનું પુણ્ય વધારે છે. એવો અતિ દુર્લભ આપણાને સત્સંગ મળ્યો તે સત્સંગથી આપણાને વિશેષ શું મળ્યું ? તો સાચે ભાવે સત્સંગ કરવાથી આપણાને આવા સર્વ અવતારી સર્વેના કારણ ને રામકૃષ્ણાદિક અવતારો કરતા આ સ્વામિનારાયણ સર્વ અવતારી છે એવા સર્વ અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણાને મળ્યા છે તે આ ભગવાન મળવા બહુજ દુર્લભ છે. તે સત્‌શાસ્ત્રમાં લખેલ છે કે, ધર્મદેવ પિતાએ તથા ભક્તિ માતાએ દેવતાના સાડા બાર વર્ષ તપશ્ચર્યા

કરી કેતા દેવતાના સાડાબાર વર્ષ એ તો આપણા કરોડો નહી પણ અબજો વર્ષો સુધી તપશ્ચર્યા કરી ત્યારે આ સર્વ અવતારી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી ઉપર પધાર્યા છે. એવડા મોંઘા આ ભગવાન આપણાને મળ્યા છે, વળી સ.ગુ.ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં લખ્યું કે કરોડો રૂપિયા ખર્ચતાં પણ આવા ભગવાન મળતા નથી. વળી લખ્યું કે ઘણાં મોંઘા છો ધનશ્યામ, નાવે નજરે કોઈ તમારી જોડમાં, આવા મોંઘા ભગવાન આપણાને મળી ગયા છે. અહોહો હે પ્રભુ પ્યારા હે લાડકવાયા ભક્તો, હે સજ્જન માણસો આવડા મોંઘા ભગવાન તે આપણાને મળી ગયા છે તે આપણાં અહોભાગ્ય છે કે આવડા મોંઘા જે ભગવાન તે આપણાને સહેજે સહેજે મળી ગયા છે તે આ આપણા અહોભાગ્ય કહેવાયે. જેમ ઘનશ્યામ મહારાજના બાલ કેશ ઉતારતા હતા ત્યારે ઘનશ્યામ મહારાજ આંબાના ઝાડ નીચે ખોવાઈ ગયા હતા. તે સર્વે ખોળતા હતા તે ખોળતાં ખોળતાં તે ઝાડમાં મામાને ઘનશ્યામ મહારાજ મળી ગયા. તેથી તેમને બહુંજ હર્ષ થયો ને બોલ્યા કે અહો મને ઘનશ્યામ મળી ગયા. તે અતિ રાજી થયા, તેવી રીતે આપણાપણ અહોભાગ્ય કે આપણાને આવા સર્વ અવતારી સ્વામિનારાયણ ભગવાન મળી ગયા છે. તો તેનો કેફ રાખી આઠે પહોર આનંદમાં રહી ભજન કરવું.

બીજું શ્રીજી મહારાજ એક સમય ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં લીંમડાના ઝાડ નીચે સંતો હરિભક્તોની સભા

ભરાઈને બેઠી હતી ને ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિની વાતો સાંભળતા હતા ને સર્વે સંતો હરિભક્તો તે અમૃતના સમાન ભગવાનના સુખની વાતો સાંભળતા હતા. ને **જેમ મણીધર સર્પ હોયે તે વાંસડી વાગે ને જેમ તે વાંસડીના મધુર શબ્દોમાં ડોલ્યા કરે** તેમ આ સર્વ સંતો હરિભક્તો ભગવાનની અમૃતના સમાન વાતો સાંભળીને જેમ સર્પ ડોલે તેમ ભગવાનની મૂર્તિના સુખ વડે ડોલતાં હતા ત્યાં સ.ગુ.નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે એવી તકમાં હું પણ આવ્યો જીવન જાણું છું, મારો ફેળો સુફળ થયો. જીવન જાણ્યું છું તે આ સર્વે સંતો હરિભક્તો ભગવાની મૂર્તિના સુખમાં તલ્લીન થઈ જતા ત્યારે એ સમયમાં હું પણ હતો તેથી મારો ફેરો સુફળ થયો. તે નિષ્કુળાનંદ સ્વામીનો ફેરો સુફળ થયો તે ભેળા આપણો પણ આ ફેરો સુફળ થઈ ગયો. અહોહો આવો ભગવાનનો મહિમા સમજાઈ જાયે તો આપણે ભગવાનને એક મિનીટ પણ ભુલીયે નહી. એવડા મોટા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન આપણને સેજે સેજે મળી ગયા છે. તો તેનો કેફ રાખી આનંદમાં રહી ભગવાનનું ભજન વિશેષ કરવું ને વળી શ્રીજી મહારાજે વચનામૃતમાં કહેલ કે જે દેહ મૂકીને જે પામવું હતું તે આજે આપણાં ઉપર ભગવાને દયા કરીને સહેજે સહેજે મળી ગયું ને વળી કહ્યું કે આ સભા છે તે અક્ષરધામની સભા છે એ અક્ષરધામની સભામાં આપણાંને ભગવાને બેસાડ્યા તે આપણાં સૌના અતિ અહોભાગ્ય કહેવાયે તો આવા યોગને પામીને સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરીને આપણી સર્વે કસર માત્ર ટાળી

નાખીને દિન-દિન પ્રત્યે ભગવાનની માધુરી મરમાળી મૂર્તને વિશેજ અતિશય પ્રેમ કરવામાં કાળજી રાખવી. તો જો આપણે કાળજી રાખી ભજન કરીશું તો જરૂર દયાળું ભગવાન આપણી સર્વ પ્રકારે સહાય કરશે. ને આપણી સર્વે કસરો ટળાવી આપશે. તો આવા યોગને પામીને આપણી સર્વે કસરો ટાળી નાખીને ભગવાનનું ભજન વિશેષ કરવું ને જો આપણે આવા યોગને પામીને જો આપણી કસરો નહી ટાળીયે તો ફરી અબજો વર્ષો જાશે ત્યારે આપણાને આવો યોગ મળશે તે ખગોળ ભૂગોળના વચનામૃતમાં લખ્યું છે કે અબજો જન્મો જાયે ત્યારે ફરી આ ભરતખંડમાં મનુષ્ય જન્મ મળે ને તે વખતે પણ ભગવાન મળે તથા સાચા સત્પુરૂષો મળે ને તે સત્પુરૂષોનો સમાગમ કરીને ભગવાન ભજે તો જ મોક્ષ થાયે. ને તે વખતે પણ ભગવાનનું ભજન ન કરે તો ફરી આ મનુષ્ય જન્મ મળવો તો અબજો વર્ષો જાયે ત્યારે આ જીવને મનુષ્ય જન્મ મળે ને તે વખતે પણ જો ભગવાનની ભક્તિ બરાબર ન કરીયે તો વળી પાછા જન્મ મરણના ફેરા ભોગવવા જ પડે, તો મોટા સંતોએ લખ્યું કે હે ભાઈ આજે આપણા ઉપર ભગવાને કેટલી બધી દયા કરીને આપણાને આજે જેવો જોઈયે તેવો આ ઉત્તમ યોગ આપ્યો છે. આપણાને ઉત્તમ કુળમાં જન્મ આપ્યો વળી આવો સત્સંગનો યોગ આપ્યો. આવા મંદિરોનો યોગ આપ્યો, આવા આચાર્યોનો યોગ આપ્યો, આવા સત્પુરૂષોનો યોગ આપ્યો, આવા હરિભક્તોનો યોગ આપ્યો ને વળી આપણાને સારા મજાના

બંગલા રહેવા આપ્યા. સારા મજાના વસ્ત્રો આપ્યા, સારૂં મજાનું જમવાનું આપ્યું. વળી ભગવાને આપણાને બુદ્ધિયોગ આપ્યો. અહોહો આજ તો આપણા ઉપર દયાળુ સ્વામિનારાયણ ભગવાને અપાર અપારને અપાર દયા કરીને સારો યોગ આપ્યો તો આવા યોગને પામીને આપણી સર્વે કસરો માત્ર ટાળી નાંખવી ને આ છેલ્લો જન્મ થઈ જાયે ને દેહને અંતે અપાર અપારને અપાર જેમાં દિવ્ય, માધુરી, મરમાળી મૂર્તિનું સુખ છે તે સુખને પામીયે એ જ આ મનુષ્ય જન્મને પામીને તથા સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચું ફળ છે. માટે હે મારા વહાલા ભાઈઓ, હે પ્રભુ પ્યારા, હે લાડકવાયા પ્રેમી ભક્તો આપણે ભગવાન ભજવામાં બહુજ કાળજી રાખવી. બીજું હે વહાલા ભાઈઓ આજ તો આપણા ઉપર શ્રીજી મહારાજ એટલા બધા અઢળક ઢળી ગયા છે તે જે કોટીકલ્પે જે મોક્ષ સંબંધી કામ આપણું થયું નથી તે મોક્ષ સંબંધી કામ આજ સહેજમાં ભગવાન દયાળું પોતાના આશ્રિત પ્રેમીભક્તોનું કરી આપે છે. તો આપણે એ ભગવાનનો દ્રઢ આશરો રાખવો. એ ભગવાનની જે જે નાની મોટી આજ્ઞા બરાબર પાલન કરવી ને જેના જેના જે જે નિયમો કહ્યા હોયે તે નિયમો આપણે શીર સાટે પાલન કરવા ને ગૃહસ્થો હોયે તેમણે દેહે કરીને વ્યવહારિક કાર્યો કરવા પણ અંતરમાં જગત ભરવું નહી. ઉપરથી જેમ ગોરધનભાઈ તથા પર્વતભાઈ તથા માયારામભટ્ટ, દાદાખાચર, તથા શીવલાલભાઈ આદિ જે ઘણાંક ભક્ત થઈ ગયા તથા પરોક્ષ ભક્તો જે જનકરાજા,

ઉદ્ધવ, અક્રુર, સુદામા, વિભીષણ આદિ ઘણાંક ભક્તો થઈ ગયા. તે ઉપર થકી વ્યવહારીક કાર્યો કરતા પણ અંતરમાં જગત ભરતા નહી. તેવી જ રીતે આપણે કાળજી રાખી વૃત્તિ કેળવશું તો દયાળુ શ્રી હરી આપણાં ભેળા ભળી આપણું જરૂર શુભ કાર્ય કરશે તે શ્રીજી મહારાજે દિવાદાંડીરૂપ શિક્ષાપત્રી આપણાં સર્વેના હાથમાં આપી છે. તથા વચનામૃત તથા સત્સંગીજીવન આદિ સત્શાસ્ત્રો આપણાં ઉપર દયા કરીને ભગવાન રાખી ગયા છે. તો પોતાના મળતે અવકાશે સત્શાસ્ત્રોનું વાંચન કરવું ને સવારે વહેલા ઉઠીને પોતાના આત્માને અક્ષરધામ સાથે એકતા કરી શ્રીજી મહારાજની માધુરી મૂર્તિનું ધ્યાન કરવું. ત્યારબાદ પોતાની દૈહિક ક્રિયા કરી નહાવું નહાતા નહાતા ભગવાનની મૂર્તિને સંભળીને નહાવું તથા ગંગા, યમુના, સરસ્વતી,ત્રિવેણી આદી તીર્થોની નદીયોને સંભાળી નહાવું. નાહયા પછી જે ટુવાલથી આપણું શરીર લુંછયું હોયે ને પછે આપણે તે ટુવાલ પહેરીયે તો તે ટુવાલ બીજે દિવસે શરીર લુંછવામાં કામ ન આવે. કેમ કે સ.ગુ.સતાનંદ સ્વામીએ શિક્ષાપત્રી ભાષ્યમાં કહ્યું છે કે, કેડથી નીચું જે વસ્ત્ર આપણે પહેરેલ હોયે તેને ધોઈ નાખવું ને ધોયા પછી જ શરીર લુછવું પણ ધોયા વિના એ ટુવાલથી શરીર લુંછવું નહી. પછે એક વસ્ત્ર પહેરી, એક ઓઢી શુદ્ધ ઉનનું કે રેશમના આસન ઉપર પૂર્વ મુખે કે ઉત્તર મુખે બેસી આચમન કરવું. આચમનનો મંત્ર બોલીને પછી તિલકનો મંત્ર બોલી ચાર ઠેકાણે તિલક કરવું તે તિલક કરવા માટે કેટલાકની

ઓછી સમજણ હોયે તો તિલક નથી કરતાં તે પણ સતાનંદ સ્વામીયે શિક્ષાપત્રી ભાષ્યમાં કહેલ છે કે તિલક ચાંલ્લો કર્યા વિના પૂજાનું પુણ્ય મળતું નથી. માટે સત્સંગી માત્રે તિલક ચાંલ્લો અવશ્ય કરવો. કેમ કે તિલક ચાંલ્લો કંઠી તે સંત્સંગીયોનું પ્રતીક છે. માટે તિલક તો અવશ્ય કરવું. ત્યારબાદ ભગવાનની માનસી પૂજા કરવી, તે માનસીપૂજાનો વિધિ ગ.છે.પ્ર.ના ૨૩/ ના વચનામૃતમાં કહેલ છે તથા સારંગપુરના ૩, ત્રીજા વચનામૃતમાં કહેલ છે તે ઘણાંક હરિભક્તો પૂજા તો કરતા હોયે પણ માનસીપૂજા કેટલાક ન કરતા હોયે તો માનસીપૂજા ન કરે તો બરાબર ન કહેવાયે. માટે માનસીપૂજા પણ અવશ્ય કરવી. વિધિસરની માનશીપૂજા કેવી રીતે કરવી તે નિત્યનિયમની ચોપડી કણભા ગુરૂકુળમાં મળે છે તેમાંથી જાણવી ત્યારબાદ પૂજા કરવી. પૂજા કેવી રીતે કરવી તે પૂજા પેટીમાં સાથે કાગળ હોયે છે તે પ્રમાણે પૂજા કરવી. ત્યારબાદ જો આપણાને સાનુકુળ હોયે ને નજીકમાં મંદિર હોયે તો મંદિરમાં દર્શન કરી આવી પછે જ નાસ્તો કરવો, ને જો મંદિર દુર હોયે ને સાનુકુળ ન હોયે તો પૂજા કરી પછે જ નાસ્તો કરવો. તે નાસ્તો ઘરે જ બનાવેલ હોય તે જ નાસ્તો કરવો પણ બજારૂં નાસ્તો કરવો નહી, ને બજારૂં મીઠાઈ ખાવી નહી. કેમ કે તેમાં ગાળ્યા વિનાના પાણી હોયે, ગાળ્યા વિનાના દુધ,ઘી,તેલ હોય જોયા કે સોધ્યા વિનાના લોટ હોયે અથવા કેવા માણસોએ બનાવેલ હોય, માટે બજારૂ મીઠાઈ કે ફરસાણ ન ખાવી. કેમ કે તે જો આપણે જમીયે તો આપણું

અંતર અશુદ્ધ થઈ જાયે ને સુખેથી ભજન ન થાયે ને શરીરમાં ઘણાને કશર રોગ થઈ જાયે છે માટે ન ખાવી. પછે પોતાનું જે વ્યવહારિક કાર્ય હોયે તે કરવું પણ વ્યવહારિક કાર્ય કરતા તે કાર્યમય ન થાવું, પણ ભગવાનની મૂર્તિની સ્મૃતિ તથા ભગવાનના નામની સ્મૃત્તિ રાખીને જે વ્યવહારીક કાર્ય કરવું. તે ભગવાનની મૂર્તિને સાંભળીને કાર્ય કરીયે તો તે કાર્યો નિર્ગુણ થાયે છે.ને તે કાર્યો પોતાને બંધનકર્તા નથી થાતું ને વળી બપોરે ૧૧ થી ૧ વાગ્યા સુધી બપોરે જમવું, તે બપોરે જમ્યા પહેલાં પણ માનસીપૂજા કરીને પછે જ જમવું, ભલે દુકાને બેસીને કે ઓફિસમાં બેસીને જમતાં હો પણ જો પેલા એક બાજુ બેસી માનસીપુજા કરીને પછે જ જમીયે તે સારૂં કહેવાયે. તે સંજોગોવસાત ભલે આગળ પાછળ માનસીપૂજા થાયે તથા થોડું મોડું વહેલું થાયે એમાં વાંધો નહી, પણ માનસીપૂજા કરીને પછેજ જમીયે તો સારૂં કહેવાય ને જમતા જમતા પણ સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈને જ જમવું પણ જમતા જમતા વાતો કરવી નહી એ પણ ખાસ કાળજી રાખવી. પછે બપોરે ૪/વાગ્યાની આસપાસ મળતે અવકાશે થોડું આગળ પાછળ પણ માનસીપૂજા કરવી ને પછે સાંજે કે રાત્રે ઘેર આવી હાથ પગ ધોઈ ભગવાનની માનસીપૂજા કરવી ને પછે જ જમવું. ને જમતા જમતા વાતો ન કરવી. એ ખાસ કાળજી રાખવી. પછે આપણાને જો ટાઈમ હોયે તો ધાર્મિક પુસ્તકો વાંચવા તથા ભગવાનના નામની માળા ફેરવવી ને સાનુકૂળ હોયતો મંદિરે

પોતાના ભક્તની સર્વ પ્રકારે રક્ષા કરે છે ને સદાય કરશે ને દેહને અંતે અપાર અપારને અપાર જે અક્ષરધામમાં દિવ્ય સુખ રહેલું છે તે સુખ ભગવાન પોતાના પ્રેમી ભક્તો જરૂર આપે છે તો તેનો કેફ રાખી આનંદમાં રહી ભગવાનનું ભજન કરવું. બીજું ત્યાગી હોયે તેમના નિયમો શ્રીજી મહારાજે શિક્ષાપત્રી, સત્સંગીજીવન, વચનામૃતમાં કહેલ છે તે પ્રમાણે ત્યાગીએ વર્તવું. તે પ્રમાણે જે ત્યાગી હોયે તેમણે વર્તવું, તો તેવા ત્યાગી ઉપર પણ ભગવાન જરૂર રાજી જાયે છે. ને ત્યાગી હોય કે ગૃહસ્થ હોયે તે કોઈયે ક્રોધ તો ક્યારેય ન કરવો. કેમ કે ક્રોધ માત્ર પુણ્યનો ક્ષય કરે છે. માટે ક્યારેય પણ ક્રોધ ન કરવો. બીજું મોટા સંતોએ લખ્યું છે કે ચાલશે, નભશે તથા ફાવશે તે આવા ત્રણ નિયમ પ્રમાણે વર્તે તો તેને પણ ક્યારેય દુઃખ ન થાયે તે ખાસ કાળજી રાખી વર્તવું.

બીજું શ્રીજી મહારાજે શિક્ષાપત્રી તથા વચનામૃતમાં લખેલ છે તથા સતાનંદ સ્વામીએ શિક્ષાપત્રી ભાષ્ય તથા સત્સંગી જીવનમાં લખેલ છે તથા બીજા મોટા સંતોએ સત્શાસ્ત્રમાં લખેલ છે કે **ચાર વર્ણો તે ચાર વર્ણ ક્યા કહેવાયે ?** તો બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય, શુદ્ર આ ચાર વર્ણ કહ્યા છે ને ચાર આશ્રમ કહ્યા છે. તે ચાર આશ્રમ કયા કહેવાયે ? તો ૧/ આશ્રમ બ્રહ્મચર્ય ૨/ગૃહસ્થાશ્રમ ૩/વાનપસ્થઆશ્રમ ૪/ સંન્યાસઆશ્રમ આ ચાર આશ્રમ કહ્યા છે. તે આગળના વખતમાં બાળક નાનો પાંચ વર્ષનો થાયે એટલે એના માતા-પિતા ગુરૂકુળ ભણવા મોકલતા તે આ ગુરૂકુળ તો પહેલેથી

દર્શન કરવા જવું. પછે સૂતી વખતે પાંચમી માનસીપૂજા કરીને સૂવું, ને સૂતા પહેલા થોડીવાર ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીને સૂવું ને સૂતા સૂતા ઉંઘ ન આવે ત્યાં સુધી ભગવાનનું નામ લઈને સૂવું. ને સૂઈયે ત્યારે આપણે એમ વિચારીયે મારા પાસે મારા ભગવાન સૂતા છે. મારા વડીલો સૂતા છે આવી રીતે સૂઈયે તો આપણાને ભગવાન વિના બીજુ સપનું પણ ન આવે ને ગૃહસ્થને કેવી રીતે બ્રહ્મચર્યની શુદ્ધિ રાખવી તે ગ.પ્ર.પ્ર.ના ૩૪/ના વચનામૃતમાં ગૃહસ્થને યોગ રીતે બ્રહ્મચર્ય કહેલ છે.તે પ્રમાણે વર્તવુ ને બીજું ગૃહસ્થને પાંચ નિયમ કહ્યા તે પાંચ નિયમ કહ્યા તો દારૂ ન પીવો, ઇંડા માંસ ન ખાવા, ચોરી ન કરવી, જુગાર ન રમવો, વ્યાભિચાર ન કરવો એ આ પાંચ નિયમોમાં ખાસ કાળજી રાખવી. આ પાંચ નિયમની વિગતસરની વાત આ ચોપડીમાં વિશેષ લખી છે. તે થકી વિશેષ જાણશો ને ગૃહસ્થો જે હોયે તેમણે આપણા પ.પૂ.આચાર્ય જે હોયે તેમની પાસેથી ગુરૂમંત્ર લેવો ને તેમની સાથે વાદ વિવાદ ન કરવો. એમ શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કહેલ છે. ને નીતી પ્રમાણે ઉદ્યમ કરવો. બીજું સત્સંગીયોના નિયમો શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કહેલ છે તે પ્રમાણે વર્તવામાં કાળજી રાખવી. બીજું કેટલાક હરિભક્તો દુકાનની આઈસ્ક્રીમ ખાતા હોય તો તેમાં કોણે દુધ ગાળ્યું, કોણે બનાવ્યું હોયે તો તે પણ સત્સંગીયોએ કે સજ્જન માણસોયે ન ખાવું. આ નિયમો ગૃહસ્થને યોગ્ય રીતે પાલન કરવાથી ભગવાન રાજી થાશે ને આ લોકમાં પણ

ઉત્તમ કહ્યા છે.

બીજુ **આજકાલના જે વિદ્યાર્થીઓ તે વિદ્યાકાળમાં જ ગમે તે જ્ઞાતિની કન્યાના પ્રેમમાં એવા તો ફસાઈ જાય છ** કે ન પૂછો વાત. તેવી જ રીતે કન્યાયો પણ જેની તેની જ્ઞાતીના છોકરાના પ્રેમમાં એવા તો ફસાઈ જાય છે, તેને છોડવા સમર્થ થતા નથી ને તે વિદ્યાકાળમાં જ પોતાના બ્રહ્મચર્ય વ્રતનો ભંગ કરીને પોતાનું આ કેવું કિંમતી જીવન વૃથા ખોઈ નાખે છે. તે આ ગૃહસ્થ જીવનનો પાયો જ બગડ્યો કહેવાય. કેમ કે જો આપણે દસ માળનું મકાન બનાવવું હોયે તો તેનો પાયો મજબુત હોયે તે જલદી પડે નહી, પણ જો પાયો બરાબર મજબૂત ન હોયે તો તે મકાન જલદી પડી જાયે છે. તેવી જ રીતે આ વિદ્યાકાળમાં જ પોતાનું આ કેટલું બધુ કિંમતી જીવન ખોઈ નાખે ને તેના પ્રેમમાં એટલા તો આંધળા બની જાયે કે માતા પિતાની આજ્ઞા વિરોધ પ્રેમ લગ્ન કરી નાખે. તે ઘણું સાંભળવા મળે છે કે, એક ઠેકાણે આવી રીતે માતા પિતાને ખબર પડ્યા વિના પ્રેમ લગ્ન કોર્ટમાં કરી આવ્યા. માતા પિતાએ કોર્ટમાં કેસ કર્યો કે, મારી કન્યાને જોરે કરીને તે છોકરો ઉપાડી ગયો છે. માટે મારી કન્યાને મને સોંપવા વિનંતી. એ સાંભળી ન્યાયાધીશે કેસ ચલાવ્યો ને કન્યા તથા વરને બોલાવ્યા. આ કન્યાના માતા પિતાને બોલાવ્યા. આ કન્યાના માતાએ દૂરથી પોતાની લાડકવાઈ કન્યાને જોઈ તેનું હૃદય દ્રવી ઉઠ્યું ને રડવા લાગ્યા, ને ન્યાયાધીશને કહેવા લાગ્યા કે, અરે સાહેબ આ મારી કન્યાને

જ છે તે ગુરૂકુળમાં ભણવા મોકલે તે પાંચ વર્ષથી કરી પચીસ વર્ષ સુધી તે ગુરૂકુળમાં રહી ગુરૂની આજ્ઞા બરાબર પાલન કરી વિદ્યાભ્યાસ કરતા. હમણાંની પેઠે ફોન ન હતા. તેમજ તે વિદ્યાર્થીઓના માતા-પિતા પણ તે ગુરૂકુળમાં પોતાના બાળકને મળવા જતા નહી. ગુરૂપાસે રહીને જ સારી વિદ્યાભ્યાસ કરતા. તે પચીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય વ્રત બરાબર પાલન કરીને ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્તીને સારી વિદ્યાભ્યાસ કરીને ઘેર આવે તો જેને વૈરાગ્ય હોયે તો ત્યાગી થાયે ને ત્યાગીના જે નિયમો કે બ્રહ્મચાર્ય એકદમ પાલન કરવું. મને વચને દેહે કરીને ક્યારેય પણ તે બ્રહ્મચર્ય વ્રતનો ભંગ ન કરે ને ધન જે રૂપિયા પણ ક્યારેય રાખે નહી. રૂપિયાને અડે પણ નહી ને પોતાની બુદ્ધિ પ્રમાણે સત્શાસ્ત્રનો અભ્યાસ કરે ને ધ્યાન ભજન કરીને પોતે સુખીયા રહે ને કથા વાર્તા કરીને હરિભક્તોને સુખીયા રાખે ને નવ પ્રકારની ભક્તિ કર્યા વિના વ્રથાકાળ નીગમે નહી. આદિ ત્યાગીને જે જે નિયમો કહ્યા છે તે પ્રમાણે ત્યાગીને વર્તવું ને જેને વૈરાગ્ય ન હોયે તે પચીસ વર્ષ વિદ્યાભ્યાસ કરીને આવે તેણે ગૃહસ્થાશ્રમ કરવો તે ગૃહસ્થાશ્રમ કેવી રીતે કરવો તો પોતાની જ્ઞાતિમાં જ સારી સંસ્કારી કન્યા હોયે ને તેમાં પુરૂષના લક્ષણ જરા પણ ન હોયે, કેમ કે ઘણાંક બેનો હોયે તેને દાઢી મૂછના થોડા કેશ હોયે તો તેવી કન્યા સાથે લગ્ન કરવા નહી પણ જરા પણ પુરૂષના લક્ષણ ન હોયે તેવી સંસ્કારી સારી કન્યા સાથે બ્રાહ્મણ, સૂર્ય અગ્નિની સાખેજ લગ્ન કરવા તે જ લગ્ન

મને પાછી અપાવો પછે ન્યાયાધીશે આ વરને પૂછ્યું કે તું આ કન્યાને જોરે લઈ ગયો હતો ? ત્યારે તે વર બોલ્યો કે, ના હું જોરે લઈ નથી ગયો. એ કન્યા એ જ મને કહ્યું કે ચાલો આપણે કોર્ટમાં લગ્ન કરી આવીયે. એટલે મે આ કન્યાની સંમતિથી કોર્ટમાં લગ્ન કર્યા છે. પછે કન્યાને ન્યાયાધીશે પૂછ્યું કે, તમારી મરજીથી વિરૂદ્ધ આ વરે તમારી સાથે લગ્ન જોરે કર્યા છે ? એમ આ તમારી મમ્મી કહે છે. ત્યારે આ કન્યા કહે અરે સાહેબ, અમારે બંનેને તો પાંચ વર્ષ થયા પ્રેમ છે ને મારી ઈચ્છાથી જ અમે બંનેએ પ્રેમથી લગ્ન કર્યા છે. તે સાંભળી આ માતાતો ધૂસકે ધૂસકે રોવા લાગે ને કન્યાને કહે એ મારી વહાલી દીકરી આવ મને એકવાર મળતી જા, ત્યારે આ દિકરી બોલી કે મારે હવે તમોને મળવાની જરાપણ ઈચ્છા નથી. મારે તો આ પતિ છે તે જ સર્વ છે. એમ કહી કન્યા પતિ સાથે ચાલવા મંડી, એ જોઈ આ માતા તો ખૂબ જ ધૂસકે ધૂસકે રડવા મંડી. અરે કન્યા મને એકવાર મળતી તો જા, પણ આ કન્યાના હૃદયમાં જરાપણ પોતાની માતા પ્રત્યે પ્રેમ ન થયો. એ જાણી ન્યાયાધીશે એ કન્યાને પોતાના પતિ સાથે જવા દીધી. અહાહા જુવો તો ખરા કે આ માતાએ પોતાની કન્યાને કેટલા લાડ લડાવ્યા પણ આ કન્યાને પોતાની માતા પ્રત્યે જરા પણ પ્રેમ ન થયો, તે કન્યાના મનમાં એમ હતું કે જો હું મારી માતાને મળીશ તો મને તે પતિ સાથે જવા નહી દે, તેથી કન્યાએ પોતાની સગી માતાનો પણ બહિષ્કાર કર્યો. તેથી તે કડકડતે હૃદયે

માતા ઢળી પડ્યા. તેવો જ એક છોકરાનો દાખલો કે તે છોકરો ભણતો હતો પણ ખરાબ છોકરાની સોબતથી ૧૧ ના ધોરણમાં ભણતો હતો પણ તે એક ખરાબ છોકરીના પ્રેમમાં ફસાઈ ગયો તે ૧૧માં ભણી લીધુ. ૧૨ ભણી લીધુ ને પછે કોલેજમાં ભણવા ગયો ત્યારે પણ આ છોકરી કોલેજમાં સાથે ભણે એમ નાનપણાથી જ આ બંનેને પ્રેમ થયો ને ખરાબ લાઈને ચડી ગયા ને કન્યા બીજી નાતની હતી પણ આ તો એટલા બધા પ્રેમમાં અંધા થઈ ગયા તે ખરાબ કામો કરવા મંડ્યા. તે વાતની આ છોકરાના માતા પિતાને ખબર પડી કે અરે આ મારો છોકરો બીજી જ્ઞાતીની છોકરીના પ્રેમમાં ફસાઈ ગયો છે તેથી તે છોકરાને તેના માતાએ સમજાવ્યો પણ તે છોકરો તો સમજ્યો નહી. પછે તે છોકરાના પિતા સંતો પાસે તે છોકરાને લઈ આવ્યા, ને સંતોને કહ્યું કે આ મારો છોકરો ખરાબ લાઈને ચડી ગયો છે, તો તમો જરા એ છોકરાને સમજાવો. તેથી તે સ્વામીએ તે છોકરાને ઘણો સમજાવ્યો કે આ લાઈન તું છોડી દે, આમા તું સુખી નહી થાય. આદિ ઘણોક સ્વામીયે સમજાવ્યો પણ આ છોકરો તો એટલી હદે ખરાબ લાઈને ચડી ગયો ને તેથી બુદ્ધિ મલીન થઈ ગઈ હતી. તેથી સ્વામીને પણ તે છોકરો કહેવા લાગ્યો કે, તમે સાધુ લોકોને અમારા પ્રેમમાં શું ખબર પડે ? મારાથી તે પ્રેમ છૂટશે નહી. તમો મને આ વાત કાંઈ કહો નહી. પછે સ્વામીને પણ થયું કે, આ છોકરો સમજે તેમ નથી તેથી તે સ્વામીએ તે છોકરાને જવા દીધો. ત્યાં છોકરો ને છોકરી

ભણીને ગ્રેજ્યુએટ થઈ ગયા. પછે આ છોકરો છોકરીને કહે ચાલ આપણે કોર્ટમાં લગ્ન કરી લઈયે ને ક્યાંઈ ફરવા ચાલ્યા જઈયે. કેમ કે મારા માતા પિતા તારી સાથે લગ્ન કરવા નહી આપે, પણ આપણે તો પ્રેમ શીર સાટે છે. માટે ચાલ આપણે લગ્ન કોર્ટમાં કરી લઈયે. એમ જાણી આ બંને જણે કોર્ટમાં જઈ પ્રેમ લગ્ન કરી બંને બીજે ઠેકાણે ફરવા ચાલ્યા ગયા. આ છોકરાના માતા પિતાને ખબર પડી કે આ બહું ખોટું કર્યું. આપણા સમાજમાં આપણી આબરૂં ગઈ ને આ ખરાબ છોકરીએ આપણા છોકરાનું ભવિષ્ય બગાડ્યું, ને આ છોકરી આપણા છોકરાને જોરે કરીને ખેંચી ગઈ ને પોતાન પ્રેમમાં ફસાવી દીધો. એમ જાણી આ છોકરાના માતા પિતાએ કોર્ટમાં કેસ કર્યો. અમારો છોકરો સારો હતો પણ, આ એક ખરાબ છોકરીએ પોતાના પ્રેમમાં ફસાવીને જોરે લગ્ન કર્યા ને બીજે ક્યાંક ચાલ્યા ગયા છે, માટે અમારો છોકરો સારો હતો, માટે અમારા છોકરાને એ ખરાબ છોકરીની સોબતમાંથી છોડાવો. પછે ન્યાયાધીશે એ છોકરાને તથા તે છોકરીને કોર્ટમાં બોલાવ્યા. આ છોકરાના માતા પિતાને પણ કોર્ટમાં બોલાવ્યા, ને આ છોકરીને ન્યાયાધીશે પૂછ્યું કે, તે આ છોકરાને ખરાબ લાઈને ચડાવ્યો છે ને તે છોકરાની સાથે જોરે કરીને લગ્ન કર્યા છે. ત્યારે આ છોકરી કહે, અરે સાહેબ અમારે તો પાંચ વર્ષ થયા પ્રેમ હતો, ને આ છોકરે જ મને કહ્યું કે, ચાલ આપણે લગ્ન કરી લઈએ. એટલે અમોએ એકબીજાની સંમતિથી લગ્ન કર્યા છે. મેં આ છોકરાની સાથે

જોરે કરી લગ્ન કર્યા નથી. પછે ન્યાયાધીશે આ છોકરાને પૂછ્યું કે આ તારા માતા પિતા કહે છે કે આ છોકરીએ મારા છોકરાને જોરે કરી લગ્ન કરાવ્યા છે, ને એને જોરે કરીને ફસાવ્યા છે. તે સાંભળી આ છોકરો બોલ્યો કે અરે સાહેબ, અમે ૧૧/ના ધોરણમાં ભણતા હતા ત્યારથી જ અમારે એકબીજામાં પ્રેમ હતો મેં જ આ છોકરીને કહ્યું કે, મારા માતા પિતા આપણાને લગ્ન કરવા નહી આપે માટે આપણે ચાલો લગ્ન કરી લઈએ. અમારી બંનેની સ્વ ઈચ્છાથી જ અમે પ્રેમથી લગ્ન કર્યા છે. તે સાંભળી આ ન્યાયાધીશ કહે, જુવો માતા પિતા આ છોકરાને આ છોકરીએ ફસાવ્યા નથી. બંનેની ઈચ્છાથી જ લગ્ન કર્યા છે તે સાંભળી આ છોકરાના માતાના હૃદયમાં બહું જ આઘાત લાગ્યો ને ધ્રૂસકે ને ધ્રૂસકે આ છોકરાની માતા રડવા લાગી, ને છોકરા સામું જોઈ બોલી કે, અરે મારા લાડકવાયા વ્હાલા પુત્ર તને મે મોટો કર્યો, ખુબ જ લાડ લડાવ્યા ને તે આવું કર્યું, માટે આ કન્યાને તુ છોડી દે, બીજી તને સારી કન્યા હું પરણાવીશ તે સાંભળી આ છોકરો કહે, મારે તો આ જ કન્યા બરાબર છે. મારે બીજી કોઈ કન્યા સાથે પરણવું નથી. વળી આ છોકરાની માતા તથા પિતા બોલ્યા કે, તે અમારૂ નામ બોડ્યુ, માટે અમે તને અમારા ઘરમાં આવવા નહી દઈયે, ત્યારે આ છોકરો બોલ્યો કે, મારે તમારે ઘેર આવવું જ નથી. મારે તો આ જ કન્યા બરાબર છે એમ કહી છોકરો તથા તે કન્યા બંને ચાલવા મંડ્યા. તે જોઈ માતાનું હૃદય દ્રવી પડ્યું. કે અરે

મારા લાડકવામાં પુત્ર તારે આવું નહોતુ કરવું. પછે આ છોકરો જરા ઉદ્ધતાઈથી બોલ્યો, જાયો જાયો મારે તમારૂ મોઢું જોવું નથી ને હું પોતે કમાઈ લઈશ.આવા ઉદ્ધતભર્યા વચન સાંભળી માતા તો ઉંચે સાદે ખુબ જ ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા, ને બહુજ દુ:ખ થયું એના પિતા પણ રડવા મંડ્યા. તેને પણ ઘણું દુ:ખ થયું. પણ આ છોકરાના હૃદયમાં જરાપણ માતાપિતા પ્રત્યે પ્રેમ ન થયો ને જેમ તેમ બોલતો બોલતો ચાલ્યો ગયો. આ માતા પિતા ઘરે આવ્યા. ઘણું લાગી આવ્યું પણ શું થાયે ?

આવી કુલક્ષણવાળી છોકરી તથા આવો કુલક્ષણવાળો છોકરો તે પોતના માતા પિતાને ધ્રૂસકેને ધ્રૂસકે રડાવે, પોતાના માતા પિતાનું આંતરડું દુભાવે તેવા છોકરા છોકરી કેવા કહેવાયે. આવા કુલક્ષણવાળા સંતાનો હોયે તેને સત્શાસ્ત્રમાં લખેલ છે કે, પોતાના માતા પિતાને દુભાવે તે ક્યારેય સુખી થતા નથી. કેમ કે પોતાની માતાયે નવ માસ તેનો ભાર ઉપાડ્યો પછે તે બાળકો જન્મ લે તેને તેની માતા કેટલી બધી સંભાળ રાખે, કે પોતે ટાઢ વેઠે પણ પોતાના બાળકોને જરાપણ ટાઢ પડવા ન દે. પોતે ભૂખ્યા રહે પણ પોતાના બાળકોને ભૂખ્યા ન રાખે. બાળકો જરા માંદા થાયે, તો પોતે જાગે પણ પોતાના બાળકો સૂવાડી દે. આદિ કેટલું બધુ દુ:ખ માતાયે સહન કર્યું તથા પિતા પણ કેટલી મહેનત કરીને કેટલી બધી તકલીફ સહન કરીને રૂપિયા કમાય ને પોતાના બાળકોને સારૂં જમાડે, પોતાના બાળકોને સારા કપડાં પહેરાવે ને કેટલા

બધા પોતાના બાળકોને લાડ લડાવે ને માતા પિતા પોતાના બાળકોને સારી સ્કુલમાં ભણવા મૂકે, સારુ ટ્યુશન કરાવે ને પછે બાર ધોરણે પાસ થાયે ત્યારે વળી સારી કોલેજમાં ભણવાં મૂકે ને ઘણાંક રૂપિયા ખર્ચે ને એમ જાણે કે મારા લાડકવાયા બાળકોને સારી વિદ્યા ભણાવું ને સુખીયા કરૂં અહાહા, આટલા બધા માતા પિતાના ઉપકારને આવા માતા પિતાના ઉપકારનો બદલો સો જન્મે પણ વાળી ન શકીયે ને માતા પિતાને એમ કે આ મારા સંતાનો કેમ સુખી થાયે એવી લાગણીથી માતા પિતાએ ભણાવ્યા, મોટા કર્યા ને પછે જો આગળ કહ્યા એવા છોકરા તથા છોકરીએ જેના પિતાને રડાવ્યા ને તેની આંતરડી દુભાવી તેવા છોકરા તથા છોકરીને ભગવાન ક્યારેય સુખી ન કરે. માટે હે સારા સુપાત્ર દિકરાઓ તથા હે સારી સંસ્કારી દિકરીઓ તમો ભલે ભણો સુખી થાયો પણ આપણા માતા પિતાને તો ક્યારેય દુ:ખી ન કરશો, માતા તથા પિતાનું તો આપણા ઉપર એટલું બધું રૂણ છે કે તેને હજારો જન્મે પણ તે રૂણ ચૂકવી ન શકીયે. તથા સારા સત્પુરૂષોએ લખેલ છે કે માતા પિતાને ક્યારેય ભૂલશો નહી. માતા પિતાને પગે લાગવું. માતા પિતાની આજ્ઞા બરાબર પાલન કરવી. માતા પિતાના આશીર્વાદ લેવા તે શ્રવણ નામનો એક દિકરો હતો તેના માતા પિતા વૃદ્ધ થયા, તેને કાવળ કરી યાત્રા કરાવી તથા બીજો એક માધવ નામનો સારો સુપુત્ર હતો તેના માતા પિતા પણ વૃદ્ધ થયા તે માતા પિતાને યાત્રા કરવાની ઈચ્છા હતી તે માધવે પણ કાવળ

કરી, કાવળ એટલે એક પાંચ ફુટની જાડી લાકડી તથા તેની બંને બાજુ સુડલા તેને ત્રાજવા જેવી દોરી બંને બાજુ બાંધી બંને માતા પિતાને કાવળમાં બેસાડીને યાત્રા કરાવી. અહો જુઓ આ શ્રવણ કાવડીયો તથા આ માધવ નામનો દીકરો અહો ધન્ય છે આવા સુપુત્રોને કે પોતાના વૃદ્ધ માતા પિતાને કાવળમાં બેસાડી યાત્રા કરાવી તે શાસ્ત્રમાં લખેલ છે કે, માતા પિતાનો દી વાળે તે દીકરો કહેવાયે ને તે દીવાળ્યો કોને કહેવાયે ? અહો આ સારા શેઠનો દિકરો છે, કેવા મજાના ભગવાનના નિયમોનું પાલન કરે છે. માતા પિતાનું કહ્યું કરે છે. કોઈ પ્રકારના ફેલ ફતુર ન હોયે તેને સારા માણસો શું કહે ? અહો આ સારા શેઠ સારા છે ને તેમનો આ દિકરો પણ સારો છે, એમ જે સારા માણસો આ દિકરાના વખાણ કરે તેને દિવાળ્યો કહેવાયે ને જે માતા પિતાનું છો વાળે તે છોકરો કહેવાયે. તે છો વાળ્યું કેને કહેવાયે ? કે ભગવાનના નિયમો પાલન ન કરે ફેલ ફતુર કરે, વ્યસન કરે, જ્યાં ત્યાં રખડે તેને માણસો શું કહે ? કે અરે આના પિતા તો સારા છે પણ આ છોકરો રખડેલ છે એમ જે માણસો બોલે તે છોકરો કહેવાયે, માટે હે વહાલા દિકરાઓ તમો માતા પિતાનું નામ આગળ લાવજો પણ માતા પિતાનું ખરાબ થાયે એવું ક્યારેય ન કરવું. બીજું ગૃહસ્થાશ્રમમાં રહેવું એ કાંઈ ખરાબ નથી પણ, ગૃહસ્થાશ્રમમાં રહી ગૃહસ્થાશ્રમનાં નિયમોનું પાલન ન કરે તે બરાબર ન કહેવાયે. કેટલાક માણસોની એવી સમજણ કે ગૃહસ્થાશ્રમમાં તો અનેક પ્રકારની ઉપાધિ હોયે

તેથી તેનો મોક્ષ ન થાયે, એ વાત તદન ખોટી છે. એ તો જેને તીવ્ર વૈરાગ્ય હોયે તે ભલે ત્યાગી થાયે ને ત્યાગીના નિયમો જે શિક્ષાપત્રી, સત્સંગીજીવન આદિમાં લખેલ છે એ પ્રમાણે નિયમોનું પાલન કરે તો જ તે ત્યાગી બરાબર કહેવાયે. તે ત્યાગી સંતો તો આપણા સંપ્રદાયમાં બંને દેશમાં કેતા વડતાલ દેશ તથા અમદાવાદ દેશ એ બંને દેશમાં થઈને પાંચ હજારની આસપાસ હોઈયે ને ગૃહસ્થાશ્રમવાળા તો લાખો કરોડો હરિભક્તો છે તે જો ગૃહસ્થાશ્રમનાં નિયમો બરાબર પાલન કરે તો તેનો જરૂર મોક્ષ થાયે જ છે, ને નિયમ ન પાળે તો મોક્ષ બરાબર ન થાય.

બીજુ **ગૃહસ્થાશ્રમના નિયમો** શ્રીજી મહારાજે ગ.પ્ર.પ્ર.ના ૩૪ના વચનામૃતમાં તથા સત્સંગી જીવન તથા શિક્ષાપત્રી ભાષ્યમાં વિગતસર લખેલ જ છે, પણ આ બધા શાસ્ત્રો માણસો વાંચતા નથી તથા સાંભળતા નથી. તેથી બરાબર તે નિયમોનું પાલન ન કરે તેથી જરા થોડા દુઃખી થાયે તો ગૃહસ્થના નિયમો જે ૩૪ના વચનામૃતમાં લખેલ છે કે, એમ.સીમાં આવે ને ચોથે દિવસે નાહીને શુદ્ધ થાયે, ચોથે દિવસ કરી સોળ દિવસ સુધી સ્ત્રીનો ઋતુકાળ કહેવાયે તે સોડ દિવસમાં ગૃહસ્થના જે નિયમો હોયે તે પ્રમાણે વર્તવુ ને સોળ દિવસમાં પણ એકાદશી જન્માષ્ટમી, રામનવમી આદિ વ્રતના દિવસોમાં બ્રહ્મચર્ય પાલન કરવું તે ઉત્તમ નિયમ કહેવાયે, ને તે ઉત્તમ નિયમ જો બરાબર પાલન ન થાયે, તો એકાદશી આદિ વ્રતના દિવસોમાં બ્રહ્મચર્ય વ્રત પાલન કરવું. બાકીના

દિવસોમાં ગૃહસ્થના નિયમ પ્રમાણે વર્તવું તે મધ્ય કહેવાયે. ત્રીજું પરસ્ત્રી સંગ ન કરવો, ને વ્રતના દિવસે ત્યાગ રાખવો. તે ત્રીજું પ્રકારનું ગૃહસ્થનું નિયમ કહેવાયે. બીજા દિવસના પણ બ્રહ્મચર્ય પાલન કરવું. સંધ્યા ટાઈમે પણ બ્રહ્મચર્ય વ્રત પાલન કરવું. રાત્રે, સાંજે દસ વાગ્યા સુધી બ્રહ્મચર્ય વ્રત પાલન કરવું. સવારે ચારથી સાત વાગ્યામાં પણ બ્રહ્મચર્ય પાલન કરવું. કેમ કે તે બ્રાહ્મમુરત કહેવાયે તેમાં બ્રહ્મચર્યવ્રત પાલન કરવું જોઈએ. તથા એમ.સી. હોય ત્યારે ત્રણ દિવસ એમ.સી. પાલન કરવી ને તેના નિયમો પાલન કરવા ને એમ.સી.માં હોયે ત્યારે પણ બ્રહ્મચર્ય વ્રત પાલન કરવું ને ગર્ભવતી સ્ત્રી હોયે ત્યારે પણ બ્રહ્મચર્ય વ્રત પાલન કરવું. કેમ કે તે વચનામૃતમાં લખેલ કે ઋતુ સમયમાં ગૃહસ્થાશ્રમ કરવો. તે ગર્ભવતી સ્ત્રી હોયે તે એમ.સી.માં ન આવે ને તેને ઋતુસમય પણ ન આવે માટે ગર્ભવતી સ્ત્રી હોયે ત્યારે બ્રહ્મચર્ય વ્રત બરાબર પાલન કરવું જોઈએ, કેમ કે તે ગર્ભવતી સ્ત્રી હોયે ને તે સમયમાં જે ગૃહસ્થ બ્રહ્મચર્ય વ્રત પાલન નથી કરતા તો તેના બાળકો ઘણા ખોડ ખાંપણવાળા થાયે છે કેતા હાથ બરાબર ન હોય તથા પગ બરાબર ન હોયે, આંખ બરાબર ન હોયે આદિ અંગ બરાબર ન હોયે એવા દાખલા ઘણા જોવા મળે છે. માટે તે ગર્ભવતી સ્ત્રી હોયે ત્યારે બ્રહ્મચર્ય વ્રત બરાબર પાલન કરવું તથા દિવસે વ્યવહારિક કાર્ય કરતા સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવું તથા શાસ્ત્રમાં કહેલ છે કે શુભ ક્રિયામાં તથા અશુભ ક્રિયામાં

પણ દરેક ક્રિયામાં ભગવાનનું નામ લેવું. તે આવી રીતે દરેક કાર્યમાં ભગવાનની સ્મૃતિ રાખીયે તો ક્યારેય બીજા વિચાર ન આવે ને ભગવાને જે પ્રમાણે પૂજાપાઠ આદિ નિયમો કરવાના કહ્યા છે તે પ્રમાણે કાળજી રાખી કરવા. તથા ભગવાનની નાની મોટી આજ્ઞા જે છે તે પ્રમાણે કાળજી રાખી ને વર્તીએ ને શિક્ષાપત્રીમાં કહેલ છે કે આ પ્રમાણે વર્તે તે ધર્મ,અર્થ,કામ ને મોક્ષને નિશ્ચય પામે છે ને ગીતાજીમાં પણ કૃષ્ણ પરમાત્માએ કહેલ છે કે અન્યન પ્રમાણે જે મારી આજ્ઞા પ્રમાણે જે વર્તે છે તેની યોગક્ષેમવહમ કેતા તે તેની ભક્તિયોગની રક્ષા કરૂ છું, ને આ લોકમાં પણ રક્ષા કરૂ છું. વળી રામ ભગવાને રામાયણમાં લખ્યું કે મારે વિશ્વાસે જે દૃઢપણે વર્તે છે તેની જેમ માતા બાળકની રક્ષા કરે છે તેમ ભગવાન કહે કે હું મારા ભક્તની રક્ષા કરૂં છું. ને સ્વામિનારાયણ ભગવાન તો એવા દયાળું છે કે, પોતાના ભક્તની સર્વે પ્રકારે રક્ષા કરે છે ને સદાય કરશે. બીજું હે પ્રભુ પ્યારા વહાલા સત્સંગીઓ તથા હે સારા સદગૃહસ્થો તથા હે સારા સજ્જન સદાચારી ભાઈયો તમો ભલે ગૃહસ્થમાં રહો ખુબ જ મેવા મીઠાઈ જમો, સારા એ.સી.વાળા બંગલામાં રહો, સારી સારી એ.સી.વાળી ગાડીમાં ભલે બેસો. સારા સારા ઈસ્ત્રી કરેલા કપડાં ભલે પહેરો. ભગવાનની આજ્ઞા પ્રમાણે રહી ભલે ખુબ જ સુખીયા રહો એમાં કાંઈ ભગવાને ના પાડી નથી. પણ હે વહાલા ભાઈઓ તમો સારી રીતે ભગવાનના નિયમો પ્રમાણે વર્તો ને તમારા લાડકવાયા

બાળકોમાં સારા સારા સંસ્કાર રેડો. તમો સવારે વહેલા ઉઠી ભગવાનની આરાધના કરો. ભગવાનના પૂજાપાઠ કરો. ભગવાનની સ્તુતી કરો ને તમારા લાડકવાયા બાળકોને સવારે વહેલા ઉઠાડો. નાહી ધોઈ ભગવાનની પૂજા પાઠ કરતા શીખવાડો. ભગવાનની સ્તુતી કરતા શીખવો. તમો સીંગારેટ તમાકુ ગોટકા બીડી આદિના વ્યસન ન કરો. તમો બજારૂ મીઠાઈ ન ખાવો ને તમારા બાળકો કોઈ પ્રકારે વ્યસન નથી કરતા ને તેનો ખ્યાલ રાખો, ને તમારા બાળકો બજારૂ મીઠાઈ નથી ખાતા ને તેનો ખ્યાલ રાખવો. તમો ક્યારેય ક્રોધ ન કરો તમો ક્યારેય ગાળ ન બોલો, તમો ક્યારેય અપશબ્દો ન બોલો ને તમારા લાડકવાયા બાળકો પણ ક્યારેય ગાળ ન બોલે, અપશબ્દો ન બોલે એ ખાસ ખ્યાલ રાખો. ગૃહસ્થને બાળકો તો હોયે ને બાળકો હોય તેજ ગૃહસ્થ કહેવાયે તે બાળકો હોય તેમાં વાંધો નહી તમારા લાડકવાયા બાળકોમાં નાનપણથી જ સારા સંસ્કાર રેડો. એક બેન હતા તેમણે બાર વર્ષ સુધી પોતાના દિકરાને પોતાની પાસે રાખ્યો ને નાનપણથી સારા સંસ્કાર આપ્યા તેથી તે છોકરો ખૂબ જ સારી વિદ્યા ભણ્યો ને સી.એ. થયો ને સારો સંસ્કારી ભક્ત બન્યો ને લાખો ને તેણે સત્સંગ કરાવ્યો. બીજા એક સારા પિતા હતા તે પણ પોતાના લાડકવાયા સુપુત્રને નાનપણથી સારા સંસ્કાર આપ્યા ને ખૂબ જ સારી વિદ્યા ભણાવી ને વિદ્યા ભણતા ભણતા ભગવાનની ભક્તિ કરે ભગવાનની પૂજા કરે તે છોકરો ૨૦/વર્ષનો થયો ત્યાં સુધી તેના પિતાએ ખુબ જ સારા

સંસ્કારનું સીંચન કર્યું તેથી તે છોકરો સારો થયો ને તે લાખો કરોડો રૂપિયા કમાણો ને બીજાને પણ સારો સત્સંગ કરાવ્યો. તો હે વહાલા ભક્તો હે સારા સત્સંગીયો હે સારા સજ્જન બંધુયો તમો પ્રેમથી ગૃહસ્થાશ્રમમાં રહો તમો નિયમોનું બરાબર પાલન કરો. ઘેર ભગવાનની મૂર્તિ હોયે તેને સાંજે સવારે ઘેર રસોઈ બનાવી હોયે તે ભગવાન જમાડવા ને પછે તે પ્રસાદ સર્વેને જમાડવા. રાત્રે તમો સુતા પેલા તમારા બાળકોને સુવડાવી પછે સુવું, ને ભણતા હોયે તેને સારી સગવડ કરી આપવી, ને સારી રીતે ભણાવો ને સારી વિદ્યાભ્યાસ કરાવો ને સાથે સાથે સારા સદાચારી સારા સંસ્કારી બનાવો તો જ તમારી સારી રીતે સેવા કરશે, તમારૂં નામ આગળ લાવશે ને તમોને સુખીયા કરશે ને તમારૂં જીવન પણ સારૂં હશે કેમ કે સારા સંસ્કારી બાળકો હોયે તો માતા પિતાને જરાપણ ચિંતા ન હોયે ને ચિંતા ન હોયે તો માતા પિતાની વૃદ્ધ અવસ્થા શાંતીથી પસાર થાયે ને સુખેથી ભગવાનનું ભજન થાયે ને તેવા વૃદ્ધોને અંતરમાં શાંતી હોયે ને સુખેથી ધ્યાન ભજન કરે તેથી તેને અંતરમાં જરાપણ ચિંતા ન હોયે ને નિર્વાસનીક થઈને તૈયાર બેઠા હોયે તેને ભગવાન અંતકાળે વિમાન લઈને તેડવા આવે ને ભગવાનના અક્ષરધામમાં ભગવાનની હજુર સેવામાં રહી જાયે ને મહાન સુખી થાયે માટે હે પ્રભુ પ્યારો હે સારા સત્સંગીયો, હે સારા સજ્જન બંધુયો જુવો આવી રીતે ભગવાન ભજીને પોતાના જીવાત્માનું કલ્યાણ કરી લેવું એ જ આ મનુષ્ય જન્મનું સાર્થકપણું છે.

જો આવા યોગને પામીને ભગવાનનું ભજન બરાબર નહી કરીયે તો ફરી કૂતરા, ગધેડાં, બિલાડા, સિંહ, સાપ આદિ અનેક પ્રકારના જન્મ લેવા પડશે ને જન્મ મરણના ફેરા ભોગવવા જ પડશે ને ક્યાય મોક્ષ થાશે નહી, માટે હે સારા સજ્જન બંધુયો આજે આપણાને સારો યોગ મળ્યો છે તો સાચે ભાવે ભજન કરી લેશું તો થોડા સમયમાં બહુ જ સારૂં કામ થઈ જશે ને આવા યોગમાં રહીને ભગવાનનું ભજન બરાબર નહી કરીયે તો અબજો વર્ષ જાશે ત્યારે વળી ભગવાનની દયાથી મનુષ્ય જન્મ મળે ત્યારે પણ ભગવાન મળે તથા સારા મોટા સત્પુરૂષો મળે ને તેનો સમાગમ થાયે તો જ આ જીવનો મોક્ષ થાયે, માટે આજે ભગવાનની દયાથી આપણાને જેવો જોઈયે તેવો આ યોગ મળ્યો છે. માટે ભગવાનનું ભજન કરી આ માયા માથે પગ દઈ અષ્ટઆવરણ થકી પર એવું જે અક્ષરધામ તેમાં અપાર અપારને અપાર દિવ્ય સુખ રહેલું છે તેને દેહને અંતે પામીયે એ જ આ સાચે ભાવે સત્સંગ કરવાનું તથા આ મનુષ્ય જન્મને પામીને સાચું ફળ એ જ છે. માટે આપણે જેમ બને તેમ ભગવાનનું ભજન વિશેષ કરવું.

બીજું **ગુજરાત દેશમાં એક ગામમાં એક શેઠ હતા તેમનું નામ ગોવિંદભાઈ હતું.** તેમને એક દિકરો હતો. તેનું નામ જીજ્ઞેશ હતું. તે જેવા નામ તેવા જ તેમાં ગુણ હતા. તે જીજ્ઞેશ જીજ્ઞાસુ હતો ને નાનપણથી પુજાપાઠ કરે મંદિર જાયે ને સારા સારા કાર્યો કરે ક્યારેય ખોટું કામ ન કરે તથા એક દિકરી

હતી તે દિકરીનું નામ પ્રેમબાઈ હતું. તેનું પણ નામ જેવા ગુણ, તેને પણ ભગવાન સાથે નાનપણાથી જ પ્રેમ હતો ને ભગવાનની ખૂબ જ ભક્તિ કરે ને ગોવિંદભાઈના ધર્મ પત્નિનું નામ ભાવીનીબેન હતું તે ભાવીનીબેનમાં પણ નામ તેવા ગુણ હતા. તે ભગવાન પ્રત્યે સારો ભાવ, આ આખું કુટુંબ સારા સંસ્કારી હતા ને પૂર્વના યોગભ્રષ્ટ જીવો હતો. તે આ ચારે જણા સારા ભગવાનના ભક્ત હતા. સવારે વહેલા ઉઠી નાહી ધોઈ પૂજા કરે, મંદિર જાયે ને ભગવાનના નિયમોનું બરાબર પાલન કરે, કોઈ પ્રકારે વ્યસન ન કરે, બજારૂં મીઠાઈ ન ખાયે ને ખૂબ જ ભજન કરે તે ગોવિંદભાઈ વેપાર કરતા હતા, તે વેપાર પણ તે નિતિ પ્રમાણે જ કરે. કોઈની પાસેથી અન્યાયનો એક પણ રૂપિયો ન લે ને તેમના ધર્મપત્ની ભાવીનીબેન પણ ભગવાનને સંભારી સારી ચોખ્ખાઈથી રસોઈ બનાવે ને ભગવાનને થાળ ધરાવી તે પ્રસાદી પોતાના સર્વ કુટુંબીને જમાડે. ભાવીનીબેન પણ પોતાના બંને લાડકવાયા બાળકોને સારા સંસ્કાર આપેને સારી સારી વાતો કરે ને કહે કે કોઈ પ્રકારે પાપ ન કરવા. જૂઠું ન બોલવું, મશ્કરી ન કરવી, ભગવાનની ભક્તિ કરવી, એમ સારી ભલામણ કરતા ને ગોવિંદભાઈ પણ રાત્રે ઘેર આવી જમીને પોતાના લાડકવાયા બંને બાળકોને સારી શિખામણ આપે ને કહે જુઓ બાળકો, તમે સારી વિદ્યાભ્યાસ કરજો. ભણવા જાયો ત્યારે ત્યાં શિક્ષક જે વિદ્યા ભણાવે તે સારી રીતે ભણવી ને સાહેબ સામે ક્યારેય પણ બોલવું નહી. કોઈ

ખરાબ છોકરાની સોબત ન કરવી. દિકરીને કહે કે તારે પણ કોઈ ખરાબ બેનપણી ન રાખવી ને શાંતીથી ભણવું, આદિ સારી સારી વાતો કરી સારા સારા સંસ્કારી બંને બાળકોને કર્યા, ને આ બંને બાળકો પણ સારી રીતે ભણે ને ભણવામાં પણ હોશિંયાર ને સારા માર્કે પાસે થાયે, તે સ્કૂલમાં સારી રીતે ભણ્યા પછે કોલેજમાં ભણવા જાયે ત્યાં પણ કોઈની મશ્કરી ન કરે, કોઈ ખરાબ સંગત ન કરે તેથી તેના સાહેબો પણ તેમના ઉપર રાજી થતા, ને સારી વિદ્યાભ્યાસ કરાવે એમ કરતા બંને બેન ભાઈ સારી વિદ્યા ભણી ગેજ્યુએટ થયા ને બે ત્રણ વર્ષ ગયા પછે આ બંને ભાઈ બેનનું પોતાની જ્ઞાતિમાં સારા સંસ્કારી સાથે બંનેનું સગપણ કર્યું. તે ભાઈ મોટો હતો તેથી તેનું પેલું લગ્ન કરવાનું નક્કી કર્યું ને તે સામે પક્ષે વેવાઈ પણ સારા સત્સંગી હતા તે જીજ્ઞેશની જાન જોડી વેવાઈના ગામ ગયા ને ખૂબ જ ધામધૂમથી જીજ્ઞેશનો વિવાહ કર્યો, ને વેવાઈ પણ સારા સત્સંગી હતા તેથી તેમની કન્યા પણ સારી સંસ્કારી હતી ને પોતાના સાસુને પોતાની માતા સમાન ગણી દરરોજ પગે લાગે ને જેમ તે પોતાની સાસુ કહે તે પ્રમાણે કાળજી રાખી વર્તે, પછે થોડા દિવસ પછે પોતાની લાડકવાયી દિકરી પ્રેમબાઈના પણ સારા સંસ્કારીને ત્યાં લગ્ન કરવાનું નક્કી કર્યું ને વેવાઈને ત્યાંથી જાન આવીને ખુબ જ સારી રીતે કન્યાદાન આપી ખુબ જ ધામધૂમથી લગ્ન કર્યા ને આ કન્યાને સાસરે વળાવ્યા. ને આ જીજ્ઞેશ પણ હંમેશાં પોતાના પિતાની સાથે દુકાને જાયે ને પોતાના પિતા જે

પ્રમાણે વેપારનું કામ શીખાડે તે પ્રમાણે વેપારનું કામ કરે, ને કન્યાનું લગ્ન કર્યું ત્યાં પણ પ્રેમબેન પોતાની સાસુને પોતાની માતા સમાન જાણી હંમેશાં પગે લાગે ને જે પ્રમાણે સાસુ કામ કાજ શીખાડે તે પ્રમાણે કામ કરે ને સાસરાને ત્યાં રહી સાસુ સસરાની આજ્ઞા બરાબર પાલન કરે ને મળતે અવકાશે ભગવાનનું ધ્યાન ભજન કરે ને આ જીજ્ઞેશભાઈ પણ પોતાના પિતા જે પ્રમાણે આજ્ઞા કરે તે પ્રમાણે પિતાની આજ્ઞા પ્રમાણે દુકાનનું કામ કરે. દરરોજ પોતાના માતા પિતાને પગે લાગે ને વિનંતી કરે કે મારા ઉપર રાજી રેહજો ને માતા પિતાની આજ્ઞા બરાબર પાલન કરે એમ કરતા ગોવિંદભાઈની ઉંમર પચાસ વર્ષથી થઈ ત્યારે આ ગોવિંદભાઈએ વિચાર કર્યો કે શાસ્ત્રમાં લખેલ છે કે પચીસથી પચાસ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમાં રહેવું ને પછે વાનપ્રસ્થઆશ્રમ ગ્રહણ કરવો તે કળયુગમાં વાનપ્રસ્થ આશ્રમ ન કરતા ૫૦/વર્ષ થાયે એટલે પોતાનો વ્યવહાર પોતાના સારા સુપુત્રને સોંપી પોતે શાંતીથી જીવન ગાળે તે ખુબ જ પ્રેમથી ધ્યાન ભજન કરે એવું વિચારી આ ગોવિંદભાઈ પોતાના લાડકવાયા સારા સુપુત્ર જીજ્ઞેશભાઈને બોલાવ્યાને પોતાની વાત કરી કે મારે હવે, ભગવાનનું ભજન કરવું છે. માટે તમો આ વ્યવહારીક કાર્ય કરો, એ સાંભળી આ સુપાત્ર જીજ્ઞેશભાઈએ હા પાડી કે ભલે પિતાશ્રી તમો શાંતીથી ભજન કરો. હું આ બધું વ્યવહારીક કાર્ય કરીશ. તમો જરાપણ ચિંતા ન કરો ને સુખેથી ભજન કરો. તે સાંભળી ગોવિંદભાઈ બહુ જ રાજી

થયા ને થોડા સમયમાં બધો વ્યવહાર પોતાના સુપુત્ર જીજ્ઞેશભાઈને સોંપી દીધો. ને પોતે શાંતીથી ભજન કરવા લાગ્યા તેવી જ રીતે તે ગોવિંદભાઈના ધર્મપત્નીએ પણ વિચાર કર્યો કે મારે પણ ભગવાનનું ભજન કરવું એમ વિચારી તે ભાવીનીબેને પોતાના દિકરાના ધર્મપત્નીને વાત કરી કે વહુ દીકરી મારે હવે ભગવાનનું ભજન કરવું છે માટે હવે આ ઘરનું કામકાજ સંભાળી લો તો સારૂં. તે સાંભળી તે વહુ પણ સારા સંસ્કારી હતી તેમણે પણ પ્રેમથી હા પાડી કે ભલે સાસુજી ભલે માતુશ્રી તમારે શાંતીથી ભજન કરવું હોયે તો સુખેથી કરો હું આ બધુ ઘરનું કામ, રસોડાનું કામ પ્રેમથી કરીશ. તમો જરાપણ ચિંતા ન કરશો. એ સાંભળી આ સાસુ બહુ રાજી થયા ને ઘરનું બધુ કામ આ વહુને સોંપી દીધું. તે ગોવિંદભાઈ તથા તેમના ધર્મપત્ની સુખેથી ભગવાનનું ધ્યાન ભજન કરે ને ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરે ને બીજા પણ સારા દૈવી જીવો આ ગોવિંદભાઈ પાસે સમાગમ કરવા આવે. તેને સારો સત્સંગ કરાવે તેમના ધર્મપત્ની પાસે ઘણાંક બેનો આવે તેને સારો ઉપદેશ આપી સારો સત્સંગ કરાવે. એમ કરતા ઘણાંક વર્ષો વીતી ગયા ને તે બંનેની આયુષ ગોવિંદભાઈને ૮૦/વર્ષ થયા તેમના ધર્મપત્નીને ૭૬/વર્ષ થયા ને બંને ખુબ જ પ્રેમથી ભગવાનનું ભજન કરતા તેથી આ લોકમાંથી બંને તદ્દન નિર્વાસનીક થઈ ગયા ને એમના મનમાં થયું કે હવે આપણે આ લોકમાંથી દેહ ત્યાગ કરી અપાર અપારને અપાર ભગવાનના ધામમાં સુખ

છે તે સુખને આપણે પામીયે એમ જાણી બંને ભગવાનની પ્રાર્થના કરતા કે હે કૃપાનાથ, હે પ્રભો અમોને તમારા ધામમાં લઈ જાયો તો સારૂં. આ બંનેનો ભગવાન પ્રત્યેનો પ્રેમ આ બંને એકદમ નિર્વાસનીક થઈ ગયા તે જાણી ભગવાન પણ રાજી થયા કે અહો આ ગૃહસ્થાશ્રમમાં રહીને કેટલું સારૂં ભજન કર્યુ ને દેહ છતા જ એકદમ નિર્વાસનીક થઈ ગયા તેથી ભગવાને બંનેને દર્શન આપી કહી ગયા કે હે ગોવિંદભાઈ તમોને પાંચમે દિવસે નવ વાગે સવારે ધામમાં તેડી જાશું. ને તેમના ધર્મપત્નીને પણ કહ્યું કે તમોને સાતમે દિવસે સવારે દસ વાગે ધામમાં તેડી જાશું. એ વાત ભગવાનની સાંભળી બહુ રાજી થયા પછે આ બંને માણસોએ પોતાના દિકરા આદિ સંબંધીયોને આ વાત કરી ને પોતાની દિકરીને પણ સાસરેથી બોલાવીને વાત કરી, તે સાંભળીને તેમના દિકરા તથા દિકરી તથા સગાંસંબંધીઓના મનમાં જરા દુઃખ થયું પણ પછે બધાયે વિચાર કર્યો કે આપણા માતા પિતા ભગવાનના ધામમાં જાશે એ જાણી રાજી થયા કે, અરે આગળ ઋષીમુનીયો કેટલીબધી તપશ્ચર્યા કરતા આ દેહને રાફડારૂપ કરી નાખતા તેને પણ જે ભગવાનનું ધામ નથી મળ્યું, એવું દીવ્ય ભગવાનના ધામમાં જાશે તેથી તેમને સંતોષ થયો. પછે આ બંનેયે પોતાના લાડકવાયા સુપુત્રને પોતાના પાસે બેસાડ્યા ને પાસે બેસાડીને આ ગોવિંદભાઈ તથા તેમના ધર્મપત્ની પોતાના લાડકવાયા સુપુત્રને પ્રેમથી કહેવા લાગ્યા કે અરે હે મારા લાડકવાયા વહાલા સુપુત્ર તમે

અમારી સારી સેવા કરી, તમોએ અમારી અંતરની આંતરડી ઠારી અહો હે પુત્ર, તમારા ઉપર અમો બહુંજ અંતરથી રાજી છીયેને તમોને ભગવાન ખુબ જ સુખીયા કરે ને તમોયે જેમ અમારી સારી સેવા કરીને અમારી અંતરની આંતરડી ઠારી તેવી જ રીતે તમારા બાળકો પણ તમારી સારી સેવા કરી ને તમારી અંતરની આંતરડી ઠારે એમ બોલી ગોવિંદભાઈ તથા તેમના ધર્મપત્નીના આંખમાં હર્ષના આસુ આવી ગયા ને પોતાના લાડકવાયા સુપુત્રના માથા ઉપર ગોવિંદભાઈ તથા તેમના ધર્મપત્નીએ પ્રેમથી હાથ મૂક્યા તેથી પુત્ર પણ ખુબ જ ગળગળો થઈ ગયો ને અંતરમાં બહુ જ રાજી થયો ને તેમને પણ હર્ષના આંસુ આવી ગયા ને બોલ્યા કે અરે હે પિતાશ્રી અરે હે માતુશ્રી તમારો આવો અંતરનો પ્રેમ હું જીવીશ ત્યાં સુધી ક્યારેય વિશરશે નહી માટે તમો મારા ઉપર રાજી રહેશો. એમ ત્રણેના અંતરમાં હર્ષનો પાર ન રહ્યો પછે આ બંનેએ પોતાની લાડકવાઈ સુપુત્રી પ્રેમબાઈને બોલાવીને તે પ્રેમબાઈ પણ પાસે આવી માતા પિતાને પગે લાગી. પાસે બેઠી તે આ ગોવિંદભાઈ તથા તેમના ધર્મપત્ની ભાવીનીબેન પણ પોતાની લાડકવાઈ સુપુત્રીને પ્રેમથી કહેવા લાગ્યા કે અરે અમારી અંતરથી વહાલી સુપુત્રી તમોને સારે ઠેકાણે લગ્ન કરી આપ્યા ને ત્યાં તમોએ તમારા પતીને તથા તમારા સસરા તથા તમારા સાસુ આદિને રાજી કર્યા ને અમારી આબરૂં વધારીને અમારી અંતરની આંતલડી ઠારી તેથી હે મારી વહાલી સુપુત્રી તને ધન્ય છે ધન્ય છે. તમોને ભગવાન

ખુબ જ સુખીયા કરે ને તમારા બાળકો પણ તમારી ખુબ જ સેવા કરે ને તમોએ જેમ અમારી અંતરની આંતરડી ઠારી તેમ તમારા બાળકો પણ તમારી આંતલડી ઠારે એમ બંને માતા પિતા આ પ્રેમબાઈને આશીર્વાદ આપ્યા ને બંનેએ આ પ્રેમબાઈના માથે હાથ મૂક્યા ને બહુજ રાજી થયાને આવી પોતાની લાડકવાઈ સુપુત્રીએ પોતાની આબરૂં વધારીને અંતરની આંતલડી ઠારી તેથી બંનેના અંતરમાં હર્ષ થયો, ને હર્ષના આંસુ આવી ગયા. એ જાણી આ પ્રેમબાઈના અંતરમાં બહુ હર્ષ થયો કે ઓહોહો મારા માતા પિતાને મારા ઉપર આટલો પ્રેમ તે જોઈ તે પ્રેમબાઈને પણ હર્ષના આંસુ આવી ગયા એમ આ પ્રેમબાઈ તથા તેમના ભાઈ જીજ્ઞેશભાઈ તથા બંને માતા પિતા એમ ચારે જણા ભેળા થઈ બહુ જ રાજી થયા. ચારેય જણાને એટલો બધો પ્રેમ તે પ્રેમની તો શું વાત કહેવાયે. પ્રેમમાં બહુજ ચારેય જણા ઘેલા થઈ ગયા ને તે એકબીજાના અંતરના પ્રેમમાં એવા તો બંધાઈ ગયા તે છુટા પડી ન શકે પછે ગોવિંદભાઈને ભગવાન દર્શન આપી કહી ગયા હતા તે વાત યાદ આવી તેથી સર્વે એકબીજાને હાથ જોડી નોખા પડ્યા. પછે પાંચમો દિવસ થયો ત્યારે ભગવાન વિમાન લઈ ગોવિંદભાઈને ધામમાં લેવા પધાર્યા ને સર્વેને દર્શન આપી ગોવિંદભાઈને ધામમાં તેડી ગયા ને સાતમે દિવસે તેમના ધર્મપત્ની ભાવીનીબેનને પણ ભગવાન વિમાન લાવીને તેડવા આવ્યા ને સર્વેને દર્શન આપી ભગવાન પોતાના ધામમાં તેડી ગયા ને તે ગોવિંદભાઈના સર્વે સંબંધીઓ

બહુજ રાજી થયા ને તે સર્વે પણ ભગવાનની વિશેષ ભક્તિ કરવા લાગ્યા. ઓહોહો હે ભગવાનના પ્યારા સારા સત્સંગીયો, અહો હે સારા સદ્‌ગૃહસ્થો, અહો હે સારા સજ્જનો કે આમાંથી આપણે શું લેવાનું કે, દિકરા થાયે તો આવા જીજ્ઞેશ જેવા કે તેમણે પોતાના માતા પિતાનો દીવાળ્યો ને માતાપિતાનું ગૌરવ વધાર્યું, તે માતા પિતાની અંતરની આંતલડી ઠારીને દિકરી થાયો તો આ પ્રેમબાઈ જેવી કે સાસરે ગયા ત્યાં પોતાના પતિની તથા સાસુ સસરા આદિની સેવા કરીને સર્વેને રાજી કર્યા ને માતા પિતાની આબરૂં વધારી ને માતા પિતાના આશીર્વાદ લીધા. તથા માતા પિતાની અંતરની આંતલડી ઠારી. અહો ધન્ય છે ધન્ય. આ ભાઈ બેનને કે તેમણે માતા પિતાની પ્રેમથી સેવા કરી માતા પિતાના આશીર્વાદ લીધા ને માતા પિતાની અંતરની આંતલડી ઠારી. હે પ્રભુ હે દયાળુ સદ્‌ગૃહસ્થોને દિકરો આપો તો આ જીજ્ઞેશ જેવો આપજોને દિકરી આપો તો આ પ્રેમબાઈ જેવી આપજો જેથી માતા પિતા સુખી થાયે ને માતા પિતાની અંતરની આંતલડી ઠારે. બીજું હે સારા સદ્‌ગૃહસ્થો, હે સારા સજ્જનો, ગૃહસ્થો થાયો તથા સજ્જનો થાયો તો આવા ગોવિંદભાઈ જેવા થજો. કેમ કે તે ગોવિંદભાઈ કાંઈ સાધુ થયા ન હતા. ગૃહસ્થાશ્રમમાં હતા પણ તેમણે કેવી તો ભગવાનની આજ્ઞાપાલન કરી કે જરાપણ કેતા એક રતિ ભાર પણ ભગવાનની જીવ્યા ત્યાં સુધી આજ્ઞા લોપી નહી, કેમ કે પચીસથી પચાસ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમાં રહ્યા ને ૫૦/વર્ષ વાનપ્રસ્થ જેવું જીવન ગાળ્યું

ને પચાસથી ૮૦/વર્ષ સુધી ખુબજ ભગવાનનું ધ્યાન ભજન કરી આત્મા પરમાત્માનું જ્ઞાન સંપાદન કર્યું ને તેમણે ઘણાંકને સત્સંગ કરાવ્યો ને મોટા સંતે લખ્યું છે કે પચાસ વર્ષમાં ભગવાને સારી કમાણી આપી હોયે તો આ ગોવિંદભાઈને પેઠે પોતાના સુપુત્રને વ્યવહાર સોંપી દઈ ભગવાનનું ભજન શાંતીથી કરવું. જીંદગી આખી વ્યવહારમાં જોડાવું નહી કેમ કે હે વહાલા સજ્જન ભાઈઓ આ મનુષ્ય જન્મ એટલો બધો કિંમત છે તે કોટી કલ્પે જે મોક્ષ સંબંધી કામ થયું નથી એ આત્યંતીક મોક્ષ આ મનુષ્ય જન્મ વડે થાયે છે તો આવો કિંમતી મનુષ્ય જન્મ મળ્યો આવા દયાળુ સ્વામિનારાયણ ભગવાન મળ્યા, આવા આચાર્યો મળ્યા, આવા સ્ત્રી-ધનના સાચા સત્પુરૂષોનો યોગ મળ્યો તો આવા યોગને પામીને આપણી સર્વે કસરો ટાળીને દિન-દિન પ્રત્યે માધુરી મરમાળી પ્રકાશમાન દિવ્ય મૂર્તિ ઘનશ્યામ મહારાજને વિશે જ અતીશય હેત કરવું ઓહોહો એ મૂર્તિને વિશે તો કાંઈ અલૌકીક દિવ્ય સુખ રહેલુ છે તેનું તો હે પ્રભુ પ્યારા ભક્તો હે સારા સજ્જનો શું વર્ણન થઈ શકે ? તો આપણે એ માધુરી મૂર્તિમાં હેત કરી ઉપર લખ્યા જે સારા ગોવિંદભાઈ ભક્ત તેના જેવો ભગવાનમાં પ્રેમ કરી માયા માથે પગ દઈ અષ્ટ આવરણ થકી પર એવું જે અક્ષરધામ તેને દેહને અંતે પામીએ એ જ મોટો લાભ છે.

બીજું એક મોટા સંત ગુજરાતમાં હતા તે હંમેશાં વહેલા ઉઠી ભગવાનનું ધ્યાન કરતા હતા તે સંત ભગવાનના

નિયમોનું બરાબર પાલન કરતા હતા ને અખંડ ભગવાનની સ્મૃતિ રાખતા હતા. તે એક વખતે રાત્રે સૂતા હતા તે નીચે સૂતા હતા તે **રાત્રે મોટો સર્પ તેમના પગમાં વીંટાણો ને ફણા સામે રાખી બેઠો** તે સંત સવારે વેલા જાગ્યા ત્યા પગમાં સર્પ વીંટાણો જોઈ સ્વામી એક બાજુ બેસી રહ્યા ને અખંડ ભજન કરવા લાગ્યા. સવાર થઈ ત્યાં ઘણાંક હરિભક્તો દર્શન કરવા આવ્યા, તે ઘણાંક લોકો કહે આ સર્પને પકડીને બહાર નાખી આવીયે, પણ આ સર્પ તો પગમાં એકદમ વીંટાઈ ગયો હતો તેથી પકડી શકાય નહી ને ઘણાંક લોકો કહે આ સર્પને પગથી નોખો પાડવા માટે મદારીને ગોતી આવીને આ સર્પને નોખો પાડીએ, કેમ કે આ સંત બહુ સારા છે ને તેમને આ સર્પ કરડે તો સારૂં નહી એમ ઘણાંક નોખી નોખી વાતો કરે. એક હરિભક્ત કહે સ્વામી આ સર્પને પકડવાદ્યો. ત્યારે સ્વામીને તો મનમાં જરા પણ તે સર્પથી બીક લાગી નહી. સ્વામી કહે ભગવાનના નામની ધુન્ય બોલો તેથી બધા સત્સંગીયો ધુન બોલવા લાગ્યા ને સ્વામી પાસે ભગવાનની મૂર્તિ હતી તે ભગવાનને નવડાવેલું જે પ્રસાદીનું પાણી હતું તે પાણી લઈ સ્વામીએ સર્પ ઉપર છાંટ્યું ને અખંડ ભગવાનની ધુન્ય બોલતા હતા તેથી તે સર્પ પગમાં વીંટાણો હતો તે પગમાંથી છૂટો થઈ ગયો ને સ્વામીને પગે લાગીને તે સર્પ ચાલ્યો ગયો. આમાં શું લેવાનું કે આ સ્વામીના પગ ઉપર સર્પ વીંટાઈ ગયો હતો ને ફણા કાઢીને સામો બેઠો હતો પણ આ સ્વામીને ભગવાનની મૂર્તિનું બળ હતું તેથી તે સ્વામી

જરા પણ બીના નહી. તેવી રીતે આપણે જો ભગવાનનું ભજન બરાબર કરીયે તો આપણાને પણ મરવાની બીક ન લાગે. તો આપણે જેમ બને તેમ ભગવાનનું ભજન બરાબર કરવું. તે શાસ્ત્રમાં લખેલ છે કે ભગવાનના ભજનમાં એટલો બધો પ્રતાપ છે તે કાળા સર્પનું ઝેર પણ ઉતરી જાયે છે.

બીજું ગુજરાતમાં એક ગામમાં સારા શેઠ હતા તે ખુબ જ ભગવાનનું ભજન કરતા હતા. ને તેમનું નામ **નાનચંદ ભાઈ હતું. તેમને એક દિકરા હતા. તે દિકરાનું નામ જીતેન્દ્ર હતુ.** તે જીતેન્દ્રભાઈ પણ સારા ભક્ત હતા ને તે પણ ખૂબ જ ભગવાનની ભક્તિ કરે, ભગવાનના નિયમો બરાબર પાલન કરતા, તેમની ઉંમર ૨૩ વર્ષની થઈ ત્યારે તે જીતેન્દ્રભાઈના પિતા નાનચંદભાઈ કહે હે પુત્ર, તમો મોટા થયા માટે તમારા સારા ઠેકાણે લગ્ન કરીયે તે સાંભળી તે જીતેન્દ્ર બોલ્યા, ભલે પિતાશ્રી આપની જેમ આજ્ઞા હોયે તેમ વરતું. આગળના જમાનામાં માતા પિતા જે કન્યા જોઈ આવે તે કન્યા સાથે પોતાના પુત્રને પરણાવતા હતા. તેમના માતા-પિતા એક સારૂં ગામ હતું. ત્યાના એક સારા સજ્જન માણસ હતા તે પણ ભગવાનનું ભજન બરાબર કરતા. તેમનું નામ રૂપચંદભાઈ હતું. તે રૂપચંદને ઘેર સારી કન્યા હતી. તે કન્યાનું નામ રામબેન હતું, તે રામબેન પણ સારી ભક્તિ કરે, ભગવાનના નિયમો બરાબર પાલન કરે તે કન્યાની ઉંમર ૨૧ વર્ષની થઈ ત્યારે એ કન્યાના પિતા તે કન્યાને કહે, અરે રામબેન તમારી ઉંમર મોટી થઈ તેથી તમને સારે ઠેકાણે લગ્ન કરીયે તે

સાંભળી તે રમબેન બોલી કે ભલે પિતાશ્રી તમારી જે આજ્ઞા હોયે તે પ્રમાણે કરું, એ વિચારી આ કન્યાના પિતા સારા ઠેકાણા ગોતતા હતા. ત્યાં એક સારા માણસ એમને ઘેર આવ્યા. તેણે આ રૂપચંદભાઈને વાત કરી કે, જો તમારે આ કન્યાના લગ્ન કરવા હોયે તો એક સારા સજ્જન માણસ જે નાનચંદભાઈ છે ને તેમના એક દિકરા છે તેનું નામ જીતેન્દ્ર છે તો તેમની જોડે જો તમારી આ કન્યાને પરણાવી હોયે તો સારૂં છે. એ સાંભળી આ રૂપચંદભાઈ તે નાનચંદભાઈને ઘેર ગયા ને તે નાનચંદભાઈને આ રૂપચંદભાઈ કહે કે જો તમારી ઈચ્છા હોયે તો આ મારી દિકરી જોડે તમારા દિકરા જીતેન્દ્રની સાથે લગ્ન કરીયે તે સાંભળી આ નાનચંદભાઈ આ રૂપચંદભાઈને ઓળખતા હતા ને તે કન્યાને પણ ઓળખતા હતા. તેથી તે નાનચંદભાઈયે હા પાડીને બંનેનું સગપણ કર્યું કેમ કે આગળના જમાનામાં બંને પક્ષના માતા પિતા જોઈને સગપણ કરતા હતા તેથી તે નાનચંદભાઈયે પોતાના દિકરા જીતેન્દ્રને કાંઈ અગાઉથી પૂછ્યું નહી ને સગપણ કર્યા પછી વાત કરી તેથી તે જીતેન્દ્રભાઈએ વાત કરી કે ભલે પિતાશ્રી, ભલે માતૃશ્રી તમોએ જે મારૂં સગપણ કર્યું તે સારૂં જ હશે. પછે થોડા મહિના ગયા પછે બંનેના લગ્નની તૈયારી કરી આ નાનચંદભાઈ જાન જોડી રૂપચંદભાઈને ત્યાં લગ્ન કરવા ગયા તે લગ્ન ખૂબ જ ધામધૂમથી કર્યા અને બ્રાહ્મણે વેદ વિધિ પ્રમાણે લગ્ન કરાવ્યા. બંને વેવાઈ ખૂબ જ રાજી થયા ને લગ્ન થઈ ગયા પછી કન્યાને વળાવવાનો ટાઈમ થયો.

કન્યાને વળાવવા સમય આ રૂપચંદભાઈ પોતાના જમાઈ જે જીતેન્દ્રભાઈને ભલામણ કરે છે કે મારા સારા જમાઈ આ મારીદિકરીને તમો બરાબર સાચવજો. તેને જરાપણ તકલીફ ન પડે તે પ્રમાણે શાંતીથી રાખજો ને તેથી વિશેષ કે આ તમારી બેન છે તેને તમો કેવી સારી રીતે સાચવો છો ને, તેની જોડે તમો કેવો સારો વ્યવહાર રાખોછો તેવી જ રીતે આ મારી દિકરી રમબેન જોડે વ્યવહાર રાખજો. ને સારી રીતે સાચવશો. તે સાંભળી આ જીતેન્દ્રભાઈ તેમના જમાઈ કહે ભલે સસરાજી તમો જરાપણ ચિંતા ન કરજો. આ તમારી દિકરીને હું બરાબર તમારી સૂચના મુજબ સાચવીશ. એમ પરણીને નાનચંદભાઈ પોતાને ઘેર આવ્યા ને તેમના દિકરા જે જીતેન્દ્રભાઈ તેમણે તેમના સસરાએ ભલામણ કરેલ હતી કે તમારી બેનને જેમ સાચવો છો ને તે બેન તેની સાથે જેમ વ્યવહાર રાખો છો તેવો જ વ્યવહાર આ મારી દિકરી સાથે રાખજો, તો તે જીતેન્દ્રભાઈ પરણીને પોતાને ઘેર આવ્યા ને તેના ધર્મ પત્ની જોડે બોલે ચાલે તે રસોઈ બનાવી દે તે જમે પણ તે પત્ની સાથે ગૃહસ્થના નિયમમાં તે પ્રમાણે વરતે નહી તે વાતની તે જીતેન્દ્રભાઈયે તેના માતા પિતાને ખબર ન પડવા દીધી, એમ કરતા બે ત્રણ વર્ષ થયા તો તે જીતેન્દ્ર ભાઈને સંતાન ન થયુ તેથી તેના સસરા ને તથા તે જીતેન્દ્રભાઈના પિતાને ખબર પડી કે આ જીતેન્દ્રને કોઈ બાળક થયુ નથી તેથી તેના સસરાએ વિચાર કર્યો મારે બીજી દીકરી છે તે પણ ઉંમર લાયક થઈ છે તો પેલા મારી દીકરીને

કાઈ સંતાન નથી તો અમારી બીજી દીકરીને એ જીતેન્દ્રભાઈ જોડે પરણાવું એમ વિચાર કરી આ રૂપચંદભાઈએ પોતાના વેવાઈ જે નાનચંદભાઈ ને વાત કરી કે મારી મોટી દિકરી ને કાંઈ સંતાન નથી તો આ બીજી દીકરી મારી ઉંમર લાયક થઈ છે તો તે દિકરીને તમારા પુત્ર જીતેન્દ્ર જોડે પરણાવું તે આ નાનચંદભાઈયે બીજી કાંઈ ઉડા ઉતરીને વિચાર ન કર્યો તેથી તેમણે હા પાડી કે ભલે તમારી નાની દીકરીને મારા દીકરા જોડે પરણાવીયે એમ નક્કી કરી આ નાનચંદભાઈયે પોતાના દીકરા જીતેન્દ્રભાઈને વાત કરી તો આગળના જમાનામા દીકરા દીકરી જે હોયે તેની માતા તથા પિતા જે પ્રમાણે આજ્ઞા આપે તેમ વરતતા હતા હમણાંની પેઠે કાંઈ દલીલ ન કરતા. એમ વિચારી બીજી કન્યા સાથે સગપણ કર્યુ ને બે ચાર મહીને આ જીતેન્દ્રના લગ્નની તૈયારી કરી તે આગળની કન્યા જોડે જે લગ્ન થયા હતા તે કન્યાએ પણ હા પાડી કે ભલે પ્રેમથી મારી નાની બેન જોડે લગ્ન કરે એમ બધાની સંમતિથી તે આ જીતેન્દ્રભાઈના લગ્નની તૈયારી કરી. જાન જોડી રૂમચંદભાઈને ઘેર ગયા અને બ્રાહ્મણે વેદવિધિ પ્રમાણે લગ્ન કરાવ્યા ને કન્યાને વળાવવાનો ટાઈમ થયો ત્યારે આ રૂપચંદભાઈ પોતાના વેવાઈ જે નાનચંદભાઈને ભલામણ કરે કે આ મારી દિકરીને તમો બરાબર સાચવજો તે સાંભળી નાનચંદભાઈએ કહ્યું કે તમો જરાપણ ચિંતા ન કરશો. તમારી દિકરીને બરાબર સાચવશુ. ને તે રૂપચંદભાઈ પોતાના જમાઈ જે જીતેન્દ્રભાઈને ભલામણ કરે છે કે હે મારા વહાલા જમાઈ

આ મારી દિકરીને જેમ તમે પેલા મારી મોટી દિકરીને બરાબર સાચવી છે તેની જોડે તમોએ સારો વ્યવહાર કર્યો છે તેથી તે બરાબર સુખી છે ને તે જે મારી મોટી દિકરીના પ્રમાણે આ મારી દિકરીને પણ બરાબર સાચવશો, એમ કહી રૂપચંદભાઈએ જાનને વિદાય આપી. નાનચંદભાઈ તથા તેમના સર્વે સંબંધીઓ ઘેર આવ્યાને આ જીતેન્દ્રભાઈ તો જેમ પેલાની પત્ની હતી ને તેની સાથે જે વ્યવહાર રાખતા હતા તેવી જ રીતે આ પત્નીની જોડે પણ વ્યવહાર રાખતા, કેમ કે તેમના સસરાએ કહેલ કે પેલા જે મારી દિકરી સાથે જેમ વરતતા હતા તેવી જ રીતે આ મારી નાની દિકરી જોડે વરતજો. તે આ જીતેન્દ્રભાઈ ગૃહસ્થ હતા, બંને પત્ની હતી પણ તેમણે સસરાની આજ્ઞા બરાબર પાલન કરીને પોતે બ્રહ્મચર્ય બરાબર પાલન કર્યું. અહો ધન્ય છે ધન્ય છે આ જીતેન્દ્રભાઈને કે પોતે લગ્ન કર્યા બબે પત્નીઓ પણ સસરાની આજ્ઞા બરાબર પાલન કરી, આગળના જમાનામાં માણસો પોતાના માતાપિતાની આજ્ઞા તો બરાબર પાલન કરતા પણ આ જીતેન્દ્રભાઈએ તો પોતાના સસરાને વડીલ માની તેની પણ આજ્ઞા બરાબર પાલન કરી. આના ઉપરથી શું લેવાનું કે, હે વહાલા ભક્તો, હે વહાલા સજ્જનો જુઓ આ જીતેન્દ્રભાઈની યુવાની અવસ્થા હતી, બબે પત્નીઓ હતી પણ સસરાને વડીલ તરીકે જાણી તેમણે બરાબર સસરાની આજ્ઞા પાલન કરી તે તમારે આવી રીતે બ્રહ્મચર્ય પાલન કરવાની જરૂર નથી પણ, ગૃહસ્થના જે નિયમો કહેલા છે તેને

યોગ રીતે પાલન કરવા એ જ સારા સદગૃહસ્થનું ખરૂં કર્તવ્ય છે. ને આ મનુષ્ય જન્મ પામીને ભગવાનના નિયમ પ્રમાણે વરતવું એ જ મનુષ્ય માત્રની ફરજ છે. બીજું જે જીતેન્દ્રભાઈ આવી રીતે વર્તે તેથી બીજા પત્નીને પણ બાળક ન થયું. પછે તે જીતેન્દ્રભાઈના સસરા તથા જીતેન્દ્રભાઈના પિતાએ બરાબર તપાસ કરી કે આ બબે પત્નીઓને બાળક કેમ ન થયું, પછે ખબર પડી કે જીતેન્દ્રભાઈએ બ્રહ્મચર્ય વ્રત પાલન કર્યું છે. તેથી તેના સસરાને થયું કે મે ભૂલ કરી કે આવી રીતે કહ્યું તે સસરાના મનમાં એમ હતું કે મારી દિકરીઓ ને જરાપણ દુ:ખી ન થાયે તેથી તેમણે એમ કહ્યું પણ પછે તે સસરાને પોતાની ભુલ સમજાણી કે મે વધારે પડતું કહ્યું. પછે તે સસરાએ પોતાના વેવાઈ જે નાનચંદભાઈને વાત કરી કે મે વધારે પડતી ભલામણ કરી તે મારી ભૂલ કહેવાયે, પણ હવે તમો તથા તમારે ઘરેથી એમ આપણે ચારે ભેળા થઈ તમારા પુત્ર જીતેન્દ્રભાઈને સમજાવીએ કે ગૃહસ્થના નિયમો પ્રમાણે વરતે એમ ચારે જણા મળી આ જીતેન્દ્રભાઈને સમજાવ્યા કે હવે તમો ગૃહસ્થના નિયમ પ્રમાણે વર્તો. સસરાએ માફી માગીને મારી ભૂલ થઈ ગઈ તમોને વધારે પડતું કહેવાઈ ગયું માટે તે માફ કરો, ને હવે ગૃહસ્થના નિયમ પ્રમાણે વર્તો. એ ચારેયની વાત સાંભળી આ જીતેન્દ્રભાઈ કહે, અરે હે વડીલો તમોએ કહ્યું તે મે સાંભળ્યું પણ મારે હવે ગૃહસ્થના નિયમ પ્રમાણે વરતવાની જરાપણ ઈચ્છા નથી. તમો સર્વે વડીલોની આજ્ઞા પ્રમાણે વરતવાથી મને સંતોષ છે. માટે હે

મારા વહાલા માતા-પિતા હે મારા વડીલ સસરા સાસુ તમો જરાપણ ચિંતા ન કરશો મારે હવે ગૃહસ્થના નિયમ પ્રમાણે વરતવાની જરાપણ ઈચ્છા નથી. મારે આ નિયમ પ્રમાણે વરતી મારા આત્માનું કલ્યાણ કરી લેવું એ જ મારી ઈચ્છા છે. તો તમો સર્વ રાજી રહેશો, ને જીતેન્દ્રભાઈની બંને પત્નીઓ પણ જીતેન્દ્રભાઈની વાતને ટેકો આપ્યો કે આપણે ત્રણે ભગવાનનું ભજન કરી આપણા જીવાત્માનું કલ્યાણ કરી લેવું તેથી તે ત્રણે ખુબજ ભગવાનનું ધ્યાન ભજન કરે, તે ત્રણેયની વાતની આખા ગામમાં ખબર પડી ગઈ તેથી ત્રણેયને ધન્યવાદ સજ્જન માણસો આપવા મંડ્યા કે અહો આ ત્રણેયને ધન્યવાદ છે. પછે તે જીતેન્દ્રનો ઘણા માણસો સમાગમ કરવા આવે ને તે જીતેન્દ્રભાઈએ ઘણાંકને સત્સંગ કરાવ્યો તથા જીતેન્દ્રભાઈના ધર્મપત્ની બંને પાસે ઘણાંક બહેનો સત્સંગ કરવા આવે તેથી તે બંનેયે ઘણાંક બહેનોને સત્સંગ કરાવ્યો ને આ ત્રણેય જણા આ જીવન પર્યંત બ્રહ્મચર્ય પાલન કરી ભગવાનનું ભજન કર્યું. અહો ધન્ય છે ધન્ય છે કે ગૃહસ્થાશ્રમમાં રહીને આવું બ્રહ્મચર્ય પાલન કરવું એ તો ખાંડાની ધાર સમાન કહેવાયે. ત્યાગી હોયે તેને તો સ્ત્રીનો પ્રસંગ ન હોયે તેને તે બ્રહ્મચર્ય પાલન કરવામાં તકલીફ ન પડે, પણ આ તો ગૃહસ્થાશ્રમમાં રહી સ્ત્રીના સહવાસમાં રહી આવી રીતે બ્રહ્મચર્ય વ્રત પાલન કરવું તે તો બહુંજ કઠણ કહેવાયે.પણ આ જીતેન્દ્રભાઈએ આવી રીતે બ્રહ્મચર્ય પાલન કરી ભગવાનની ભક્તિ કરવી તે તેમના મોટા ભાગ્ય કહેવા

ને તેમના ઉપર ભગવાનની ઘણી જ દયા કહેવાયે ને ત્રણેયે ખુબ જ ભગવાનનું ભજન કર્યું. ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરી તેથી દેહને અંતે તે જીતેન્દ્રભાઈને ભગવાને દર્શન આપ્યા ને ભગવાન તેમને ધામમાં લઈ ગયા. થોડા સમયમાં તેના એક પત્નીને દર્શન આપી ભગવાન ધામમાં લઈ ગયા ને પછે થોડા સમયમાં બીજા પત્નીને ભગવાન દર્શન આપી તેને પણ ધામમાં લઈ ગયા. અહો જુઓ આ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ કેવું પવિત્ર જીવન ગાળ્યું તેથી જે મોટા યોગીઓને પણ ન મળે એવું ભગવાનના ધામનું સુખ ભગવાને તેમને આપ્યું. આના ઉપરથી શું લેવાનું કે, પોતાના સસરાએ લગ્ન વખતે વાત કરી તો પોતે તે નિયમ બરાબર પાલન કર્યું. તો હે વહાલા ભક્તો, હે વહાલા સજ્જનો આપણે આવું કઠણ નિયમ લેવાની જરૂર નથી પણ ભગવાને જે ગૃહસ્થના નિયમ કહેલ છે તેમાં કાળજી રાખી વરતવાથી ભગવાન રાજી થાશે તો આપણે જેમ બને તેમ ભગવાનનું ભજન વિશેષ કરવું. ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવી.

બીજું ગુજરાતમાં એક સારા સદ્‌ગૃહસ્થ હતા તેનું **નામ વાલજીભાઈ હતું. તેમના ધર્મપત્નીનું નામ રામબાઈ હતું.** બંને માણસો ખુબજ સારા સંસ્કારી હતા. ૧૨૫ જન્મે ગૃહસ્થમાં રહેલા હતા પણ બ્રહ્મચર્ય વ્રત બરાબર પાલન કરતા હતા. ને બંનેનો દેહ પડી જાયે ને બીજો જન્મ લે પણ તે બંનેને પૂર્વે જન્મની સ્મૃતિ થઈ જાયે કે, આપણે આગળ આહી જન્મ હતો. એમ કરતા ૧૨૫ જન્મ લીધા ને ગૃહસ્થાશ્રમમાં

રહે પણ બ્રહ્મચર્ય વ્રત બરાબર પાલન કરે ને તે બંનેના મનમાં એવી ઈચ્છા કે આપણે આવું નિયમ પાલન કરીયે તો આપણાને ભગવાન મળે ને આપણા જીવાત્માનું કલ્યાણ થાયે તે એવી ભાવનાથી જ્યાં જ્યાં જન્મ લે તે બીજે જન્મે પણ તે બંને ભેળા થઈ જાયે ને આગલા જન્મનું જ્ઞાન ભગવાન ઈચ્છાથી થઈ જાયે. એમ ૧૨૫ જન્મો ગૃહસ્થાશ્રમમાં રહી બ્રહ્મચર્ય વ્રત પાલન કરતા. આ બંનેનો સાચો ભાવ જોઈ ભગવાન એમને ઘેર ગયા ને અંતરયામીપણે ભગવાન જાણી ગયા ને બોલ્યા કે અરે વાલજીભાઈ, અરે રામબાઈ તમો ૧૨૫ જન્મો જન્મ તમો ગૃહસ્થાશ્રમમાં રહો છો ને આવું બ્રહ્મચર્ય વ્રત પાલન કરો છો તે આવડું બધુ તપ શા માટે કરો છો ? કેમ કે ગૃહસ્થના જે જે નિયમો રાખીને ભગવાનનું ભજન કરો તો પણ ભગવાન સારૂં કરે, માટે હે વહાલા બંને ભક્તો હવે તમો આ બ્રહ્મચર્ય વ્રત પાલન કરવાનું છોડીદ્યો ને તમો પવિત્ર ગૃહસ્થાશ્રમના નિયમો પાલન કરી મારું ભજન કરો. તમારૂં જરૂર સારૂં થાશે. તે ભગવાનની વાત સાંભળી આ બંને બોલ્યા કે અરે કૃપાનાથ આપ મળ્યા ન હતા ત્યારે અમે આ નિયમોનું પાલન કરતા હતા. પણ હવે આપ સાક્ષાત ભગવાન અમને મળ્યા છો તો આ નિયમ પાલન કરવાનું વધારે બળ મળ્યું, માટે હે દયાળુ આપ અમારા ઉપર દયા કરો ને આ બ્રહ્મચર્ય વ્રત વધારે દ્રઢપણે પાલન કરીયે તેવું બળ આપશો, તે સાંભળી બંને ઉપર ભગવાન બહુજ રાજી થયા કે, અહો હે મારા વહાલા ભક્તો

ખરી તમારી ટેક, અમારી વાતમાં પણ ન લોભાતાં તમો આવી રીતે બ્રહ્મચર્ય વ્રત પાલન કરો છો તો ભલે જરૂર પાલન કરજો એમ બોલી ભગવાન રાજી થયા ને બોલ્યા કે અહો મારા વહાલા પ્રેમીભક્તો તમારા બંને ઉપર અમો બહુજ રાજી છીએ તો અમારા પાસે કાંઈક માંગો, તે સાંભળી બંને જણા બે હાથ જોડી બોલ્યા, હે કૃપાળુ, હે દયાળુ, તમો અમારા ઉપર રાજી થયા હો તો તમારી માધુરી મરમાળી પ્રકાશમાન મૂર્તિના અખંડ દર્શન આપશો, તે સાંભળી ભગાવન રાજી થયાને ભગાવન ત્યાંથી ચાલ્યા ગયા પછે આ બંને ખુબ જ ભગવાનની મૂર્તિનું ધ્યાન ભજન કરે ને આ દેહની તથા આ લોકની સર્વે વાસના ટાળીને ભગવાનની પ્રાર્થના કરે કે, હે પ્રભુ આપ દયા કરી તમારી હજુર સેવામાં રાખો, હવે અમારે આ લોકની જરા વાસના નથી. ભગવાન અંતર્યામીપણે જાણી આ વાલજીભાઈને પ્રકાશમાન મૂર્તિના દર્શન આપી ભગવાન તે વાલજીભાઈને અક્ષરધામમાં તેડી ગયા ને અઠવાડીયા પછે તેમના ધર્મપત્ની જે રામબાઈ તેમને પણ ભગવાન દર્શન આપીને પોતાના અક્ષરધામમાં તેડી ગયા. અહો જે ધામને મોટા મોટા ઋષીમુનીઓ નથી પામતા એવું અક્ષરધામ કે જેમાં અપાર અપારને અપાર દિવ્ય સુખ રહેલું છે એવું જે અષ્ટઆવરણ થકી પર જે ભગવાનનું અક્ષરધામને પામી ગયા ને મહાન સુખીયા થયા. આમાં શું લેવાનું કે, ભગવાનને રાજી કરવાને માટે ૧૨૫ જન્મો સુધી ગૃહસ્થાશ્રમમાં રહી અખંડ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કર્યું તેથી ભગવાન આ

ભક્તોનું આવું તપ જોઈ ભગવાને દર્શન આપ્યા ને ભગવાન પોતાના અક્ષરધામમાં તેડી ગયા. કેમ કે શાસ્ત્રમાં અનેક પ્રકારના વ્રત કહ્યા છે પણ બ્રહ્મચર્યવ્રત સમાન કોઈ ઉત્તમ વ્રત નથી કહ્યું તો આ બંને જણાયે ભગવાનને રાજી કરવાને માટે કેટલું આકરું બ્રહ્મચર્ય વ્રતનું ગૃહસ્થાશ્રમમાં રહીને પાલન કર્યું તે ખરેખર એ બંનેને ખુબજ અભિનંદન છે. કેમ કે ત્યાગાશ્રમમાં રહી આવી રીતે બ્રહ્મચર્ય પાલન કરવું તે સહેલું છે પણ સ્ત્રી સાથે રહીને બંને જણાએ અવિછીન પણે બ્રહ્મચર્ય વ્રત પાલન કર્યું તે ખરેખર અભિનંદનને પાત્ર છે. આના ઉપરથી શું લેવાનું કે, આ બંને માણસોએ ભગવાનને રાજી કરવાને માટે ને પોતાના મોક્ષ માટે કેટલું બધું કઠણ વ્રતનું પાલન કર્યું તો હે વહાલા સત્સંગી ભાઈઓ, હે વહાલા સજ્જનો તમારે આવુ તપ કરવાની જરૂર નથી પણ, તમારા પવિત્ર ગૃહસ્થના નિયમોનું બરાબર પાલન કરવું ને ભગવાનની ભક્તિ બરાબર કરવી તો દયાળુ શ્રી હરિ જરૂર પોતાના ભક્તોની સર્વે પ્રકારે રક્ષા કરે છે ને સદાય રક્ષા કરશે. તો આપણે તેનો કેફ રાખી આનંદમાં રહી ભગવાનનું જેમ બને તેમ ભજન વિશેષ કરવું ને ભગવાનનું ભજન કરી આપણાં આત્માનું શ્રેય કરી લેવું એ જ ખરો લાભ છે. તે જુઓ આ ભક્તે કેટલું બધું તપ કર્યું તેનો વિચાર કરી આપણે કાળજી રાખી ભગવાનનું ભજન વિશેષ કરવું.

બીજું ગુજરાતમાં એક સારા સદાચારી સજ્જન માણસ હતા તેનું નામ રામભાઈ તથા તેમના ધર્મપત્નીનું નામ કાનબાઈ

હતું. તે બંને સારી રીતે ભગવાનનું ભજન કરે. સારો સત્સંગ કરે, સારા સત્પુરૂષોનો સમાગમ કરે, એમ કરતા એમને ભગવાનની ઈચ્છાથી એક પુત્રનો જન્મ થયો ને પુત્રનું નામ પ્રિતમ પાડ્યું. તે **પ્રિતમ પૂર્વનો યોગભ્રષ્ટ જીવ હતો**. તેને નાનપણથી જ તેમના માતા-પિતા સારા સંસ્કાર આપે ને તે મોટો થયો સારી વિદ્યાભ્યાસ કર્યો તેની ઉમર ૨૫ વર્ષથી થઈ ત્યારે પ્રિતમને તેના માતાપિતાએ કહ્યું કે હે પુત્ર તું ઉમરલાયક થયો છું, તો તારા સારે ઠેકાણે લગ્ન કરીયે એ વાત સાંભળી પ્રિતમ બોલ્યો, અરે હે માતા, અરે હે પિતા, મારે હમણાં લગ્ન કરવા નથી. તે પ્રિતમ તો યોગભ્રષ્ટ જીવ હતો તે ખુબજ ભગવાનનું ભજન કરે ને પોતાના પિતાની સાથે દુકાને જાયે ને દુકાનનું કામકાજ કરતા ભગવાનનું સ્મરણ કરે ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખે એમ કરતાં આ પ્રિતમની ૨૬ વર્ષની ઉંમર થઈ તેથી ફરી તેમના માતા પિતાએ આગ્રહ કર્યો કે અરે હે વહાલા પુત્ર હવે તારી ઉંમર મોટી થઈ છે માટે તારી સારે ઠેકાણે આપણી નાતમાં સારી સંસ્કારી કન્યા સાથેલગ્ન કરીયે તે માતા પિતા ના આવા વચન સાંભળી પ્રિતમ બોલ્યો કે ભલે તમારી ઈચ્છા હોયે તો હું લગ્ન કરૂં પછે બંને માતા પિતા પોતાની જ્ઞાતીમાં આ પ્રિતમના લગ્ન માટે તપાસ કરવા લાગ્યા ત્યાં એક ગામમાં એક સારા શેઠ રહેતા હતા. તે શેઠનું નામ દેવેન્દ્રભાઈ હતું. તેમના ધર્મપત્નીનું નામ માનબાઈ હતું. તેમને ત્યાં એક પુત્રીનો જન્મ થયો હતો. તે પુત્રીનું નામ પ્રેમબાઈ હતું. તેની ઉંમર ૨૨ વર્ષની

થઈ તે આ રામભાઈ દેવેન્દ્રભાઈને ત્યાં ગયા ને પોતાના પુત્ર પ્રિતમભાઈની વાત કરી કે તમારી પુત્રી પ્રેમબાઈ સાથે અમારા પુત્ર પ્રિતમ સાથે લગ્ન કરવાની ઈચ્છા હોયે તો લગ્ન કરીયે તે સાંભળી દેવેન્દ્રભાઈએ પોતાની પત્નીને તથા પોતાની દિકરીને આ વાત કરી તે જાણી બંનેયે હા પાડી કે, ભલે એમની જોડે લગ્ન કરીયે, એ વાત સાંભળી આ દેવેન્દ્રભાઈ રામજીભાઈ પાસે આવીને વાત કરી કે ભલે મારી દિકરી સાથે તમારા પુત્ર પ્રિતમ સાથે લગ્ન કરીયે, એ વાત સાંભળી સમાજના રીવાજ પ્રમાણે પ્રિતમનું પ્રેમબાઈ સાથે સગપણ કર્યું બે ચાર મહિને લગ્નની તૈયાર કરી ખુબ જ ધામધૂમથી લગ્ન કર્યા ને લગ્ન કરી ઘેર આવ્યા ને આ પ્રિતમ તથા પ્રેમબાઈ બંને પૂર્વના યોગભ્રષ્ટ જીવો હતા તેથી નાનપણથી જ ખુબજ ભગવાનનું ભજન કરતા. તેથી તે બંનેને સંસારમાં બહુ પ્રેમ ન હતો. તેથી બંને જણાએ જરાપણ અડ્યા વિના દૂર બેસી વિચાર કર્યો કે આ દુનિયાના સુખો તો આપણે અસંખ્યાત જન્મોમાં ભોગવ્યા છે અને એની વાસના વડે જ આપણે આ દુનિયામાં ભટક્યા કરીએ છીએ. ને વળી બાળકો થાયે તે બાળકોને મોટા કરવા, ભણાવવા, લગ્ન કરાવવા તેમને કામે લગાડવા આદિ અનેક પ્રકારની ઝંઝટમાંથી નવરાશ ન મળે, માટે આપણે બંનેયે બ્રહ્મચર્ય વ્રત બરાબર પાલન કરી, ભગવાનની ભક્તિ કરી આપણા આત્માનું કલ્યાણ કરી લેવું, બંનેયે વિચાર કરી બંને ખુબજ ભગવાનનું ધ્યાન ભજન કરતા હતા. એમ ઘણાંક

વર્ષો વીતી ગયા પછી પ્રિતમના તથા પ્રેમબાઈના માતા-પિતા ધામમાં ગયા પછે આ બંને ખુબજ ભજન કરે, પ્રિતમ વેપાર કરતા હતા તે વેપાર કરતા કરતા પણ ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખતા હતા. પ્રેમબાઈ ઘરનું કામકાજ કરતા ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખતા હતા. આ બંને ખુબ જ ભજન કરતા હતા ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરતા હતા ને સંસારમાં રહી બ્રહ્મચર્ય પાલન કરતા હતા. તે વાત આખા ગામમાં ફેલાઈ ગઈ ને તેથી વિશેષ બધાયે આખા વિસ્તારમાં ફેલાઈ ગઈ કે અહો આ બંને સંસારમાં રહી ભગવાનનું ભજન કરે છે ને બ્રહ્મચર્ય વ્રત પાલન કરે છે તેથી ઘણાંક માણસો પ્રસંશા કરતા હતા કે, અહો આ કેવા સારા નિયમોનું પાલન કરે છે. તે વાતની એક સારા ભિક્ષુકને ખબર પડી કે અહો આ સંસારમાં રહીને આવું બ્રહ્મચર્ય વ્રત પાલન કરે છે તે વાત જાણીને આ ભિક્ષુક બાવાનો વેશ લઈ તેને ઘેર ભિક્ષા કરવા આવ્યા. તે ગૃહસ્થનો ધર્મ કે કોઈ ભિક્ષુક ભિક્ષા કરવા આવે તેમાં ભગવાનનો ભાવ રાખી પ્રેમથી ભિક્ષા આપવી એમ જાણી આ ભિક્ષુકને કહ્યું કે અહો આપ મારે ઘેર પધાર્યા છો તો જમીને જાયો. તે સાંભળી તે ભિક્ષુક બોલ્યા કે ભલે તમારો પ્રેમ છે તો જમીને જઈશ. પછી ઘેર તેમના ધર્મપત્નીએ સારી મજાની રસોઈ કરી આ ભિક્ષુકને જમવા બોલાવ્યાને તેમના પત્નીએ રસોઈ બનાવી રાખી હતી ને તે દુર બેઠા કેમ કે, તે પતિ પત્ની એકબીજાને અડતા ન હતા. પછે આ પતિએ થાળી,વાટકો, પાણીનો લોટો આદિ

રાખ્યા ને આ ભિક્ષુકને તે પતિ રસોઈ પીરસવા લાગ્યા. ત્યારે ભિક્ષુક તે પતિની પરિક્ષા કરવા લાગ્યા કે અરે પ્રિતમભાઈ, આ તમો પતિ પત્ની એકબીજાનો હાથ ઝાલીને તમો બંને મને પિરસો તો હું જમું. કેમ કે તમારો બંનેનો પ્રેમ જોઈ હું તમારે ઘેર જમવા આવ્યો છું. તે સાંભળી આ પ્રિતમ તો વિચારમાં પડી ગયા કે, અમે પતિ પત્ની એકબીજાને અડતા નથી તો એકબીજાનો હાથ ઝાલી આ ભિક્ષુકને કેમ જમાડી શકાય. તે વિચારી આ પ્રિતમદાસ આ ભિક્ષુકને પ્રેમથી કહે છે કે હું તમોને જે જોઈયે તે આપું, તમો પ્રેમથી જમો ત્યારે વળી તે ભિક્ષુક બોલ્યા કે જુઓ ભાઈ પ્રિતમ, તમારો પ્રેમ સાચો જ છે, પણ તમારા ધર્મપત્નીએ સારી મજાની રસોઈ બનાવી છે તો તેમનો પ્રેમ પણ સાચો છે. તે શાસ્ત્રમાં કહેલ છે પત્ની અડધા અંગના કહેવાયે ને પતિ પત્ની સાથે મળીને જ દાન પૂણ્ય કરવું જોઈએ માટે તમો સાથે મળીને જ મને જમાડો તો જ હું જમું. નહીંતર મારે જમવું નથી. હું ચાલ્યો જઈશ. એ સાંભળી આ પ્રિતમભાઈ બહુજ મુંઝાણા કે અમારે બ્રહ્મચર્ય વ્રત પાલન કરવાનો નિયમ છે. ને પતિ પત્ની એકબીજાને અડતા નથી તો કેવી રીતે આ ભિક્ષુકને એકબીજાના હાથ વડે જમાડવા ને ભિક્ષુક ભુખ્યા જાય છે તો પણ ગૃહસ્થનો ધર્મ જાય છે. ને બંને સાથે મળી જમાડે તો અમારા બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાયે છે. હવે શું કરવું એમ મનમાં જરા વિચાર આવી ગયો પણ તેમણે શાસ્ત્રોનો અભ્યાસ કરેલો એટલે તેને યાદ આવી ગયું

કે કોઈ આપત્તકાળ આવી જાયે તો અખંડ ભગવાનનું ભજન કરવું. ભગવાનની પ્રાર્થના કરવી તેથી ભગવાન પોતાના ભક્તની જરૂર રક્ષા કરે છે. એમ વિચારી આ પ્રિતમભાઈ તથા તેમના ધર્મપત્ની ખુબ જ ભગવાનનું અખંડ ભજન કર્યું ને ભગવાનની વિનયથી પ્રાર્થના કરી કે હે પ્રભુ હે કૃપાનાથ આ ભિક્ષુકને નથી જમાડતા તો ભિક્ષુક ભુખ્યા જાયે તો પાપ લાગે, ને ભિક્ષુકને બંને જણા જમાડીએ તો અમારો બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાયે છે. તો હે કૃપાનાથ દયા કરીને અમારી રક્ષા કરો. એવા વિનયના વચન સાંભળી તે જ વખતે ભગવાને દર્શન આપ્યા, ને ભગવાન બોલ્યા અહો, હે પ્રિતમભાઈ, અહો હે પ્રેમબાઈ ખરી તમારી ટેક, આવા તમારા જેવા પ્રેમીભક્તો તો જેવા મને વહાલા છે તેવું બીજું મને કાંઈપણ વહાલું નથી. ખરી તમારી ટેક. તમારે આ ભિક્ષુકને બંનેને એકબીજાનો હાથ ઝાલી જમાડવાની જરૂર નથી. આ જોઈ ભિક્ષુક બેઠા હતા તે પણ આ જોઈ થકીત થઈ ગયા કે અહો ગૃહસ્થાશ્રમમાં રહીને આવી ટેક રાખો છો. ધન્ય છે તમને ધન્ય છે. હે પ્રિતમભાઈ તમોએ જે રસોઈ બનાવી છે તે લાવો. હું પ્રેમથી જમું. એ સાંભળી પ્રિતમભાઈ રસોઈ લાવ્યા ને આ ભિક્ષુકને જમાડ્યા. ભિક્ષુક પણ ખુબ જ રાજી થયા ને તે ભિક્ષુક પોતાને ઘેર ગયા પછે ભગવાન આ પ્રિતમભાઈ તથા પ્રેમબાઈને કહેવા લાગ્યા કે અહોહો હે પ્રિતમભાઈ, અહો હે પ્રેમબાઈ તમોએ બંનેએ મને રાજી કરવાને માટે આવી ટેક રાખીને ભિક્ષુકે ઘણી

તમારી પરીક્ષા લીધી, પણ તેમાં તમો જરાપણ લોભાણા નહી, માટે તમારા ઉપર હું બહુજ રાજી છું. તમો કાંઈ માંગો, જે માંગો તે આપું. આવા તમારા જેવા ભક્તો મને રાજી કરવાને માટે ગૃહસ્થાશ્રમમાં રહી આવા કઠણ નિયમ રાખો છો તે જોઈ હું બહુંજ રાજી છું. તેમ ભગવાનના વચન સાંભળી પ્રિતમભાઈ તથા પ્રેમબાઈ બંને વિનયથી બોલ્યા કે હે કૃપાનાથ, હે દયાળુ તમો અમારા ઉપર રાજી થયા હો તો અમને તમો અખંડ દર્શન આપો ને દેહને અંતે આપ દયા કરી તમારી સેવામાં તમારા ધામમાં રાખશો એ સાંભળી ભગવાન રાજી થઈ વચન આપ્યું કે તમોને ધામમાં તેડી જશું એમ બોલી ભગવાન અદૃશ્ય થઈ ગયા. આમાં શું લેવાનું કે, આ પ્રિતમભાઈ તથા પ્રેમબાઈ બંને પૂર્વેના યોગભ્રષ્ટ જીવો હતા. તેથી તે ગૃહસ્થાશ્રમમાં રહી બ્રહ્મચર્ય વ્રત પાલન કર્યું ને ખુબ જ ભગવાનની ભક્તિ કરી. ભગવાનનું ધ્યાન કર્યું ને ભિક્ષુક જમવા આવ્યા તેમણે કેટલી પરીક્ષા લીધી તો પણ પોતાના નિયમમાંથી જરાપણ ચડાયમાન ન થયા. તે આ ભક્તોનો સાચો ભાવ જોઈ ભગવાને દર્શન આપી એની ટેક બરાબર રખાવી ને ભગવાને તેમને વરદાન આપ્યા ને તેમનો મોક્ષ કર્યો. આમાં શું લેવાનું કે ? પ્રિતમભાઈ તથા પ્રેમબાઈએ લગ્ન કર્યા પણ અણીશુદ્ધ બ્રહ્મચર્ય પાલન કર્યું શા માટે ? તો પોતાના જીવાત્માના કલ્યાણ માટે શાસ્ત્રમાં લખેલ છે કે, નદી તરવી સહેલી પણ યુવાની અવસ્થા તરવી બહુજ કઠણ. એમાં પણ પત્ની પતિ સાથે રાખીને આવી રીતે વરતવું એ

તો મહાન કઠણ કહેવાયે. કેમ કે ઘી હોયે પણ તે ઘીને અગ્નિનો યોગ થાયે તો ગમે તેવું કઠણ ઘી હોયે પણ ઓગળી જાયે, પણ આ પ્રિતમભાઈએ તથા પ્રેમબાઈએ ભગવાનને રાજી કરવાને માટે કેવું આ કઠણ વ્રત પાલન કર્યું. તો ધન્ય છે ધન્ય છે. આવા ભક્તોને કે કેવી કસોટીમાંથી પસાર થયા તો હે સારા ભક્તો હે સારા સજ્જનો આ પ્રિતમ ભક્તે કેટલી તપશ્ચર્યા કરી તો તમારે એવી તપશ્ચર્યા કરવાની જરૂર નથી પણ ભગવાનને જેવી રીતે ગૃહસ્થને યોગ્ય રીતે પાલન કરવાના નિયમો કહ્યા છે તે પ્રમાણે કાળજી રાખી પાલન કરવા તો જરૂર દયાળુ આપણી સર્વે પ્રકારે રક્ષા કરે છે. માટે ભગવાનનો કેફ રાખી આઠેપહોર આનંદમાં રહી ભજન કરવું.

બીજું **એક માધવ નામના ભક્ત હતા.** તે જરા ભોળા જેવા હતા. તેને બીજા માણસો જરા મશ્કરી કરે. જરા બીજા માણસો વઢે ને કહે આ માધો તો આવો છે કે કાંઈ સમજતો નથી. તેને કાંઈ આવડતું નથી. એમ જરા બીજા માણસો બોલે ત્યારે તે માધો પોતાના ગુરૂ પાસે જઈને વાત કરે કે આ માણસે મને આમ કહ્યું, મને જેમ તેમ બોલવા મંડ્યા. મારી મશ્કરી કરી આદિ બધી વાત કરી ત્યારે તે સંત સારા હતા ને તે માધવ કેતા માધાને કહે તારે માધો જ મટી જવું એ તો માધારૂપી આ દેહને કહે છે. આપણે આત્મરૂપ થવું તો આત્માને કયાં કોઈ વઢે કે જેમ તેમ બોલે એ તો આ માધારૂપી દેહને કહે છે. એમ તમો જાણો તો તમને મનમાં

જરા મશ્કરી કરી એવું નહી લાગે. તેમાં શું લેવાનું કે આપણાને કોઈ કાંઈ કહે કે આ આમ કરે છે. આ બરાબર વરતતા નથી તો એના ઉપર આપણે વિચાર કરવો કે આ દેહને કહે છે. આ દેહને જ્ઞાને કરીને વિસારી દઈએ તો આપણાં મનમાં જરા પણ દુઃખ ન થાયે. કેવી રીતે ? તો આ દેહરૂપી જે માધો હોયે પણ જે આપણે જ્ઞાને કરીને આત્મારૂપે વરતીએ તો આપણાને મનમાં જરાપણ દુઃખ ન થાયે. તેના ઉપર મોટા સંતે વાત કરી કે એક સારા ભગવાનના ભક્ત હતા. તેને બીજા કુસંગી લોકો જેમ તેમ વઢે, ગાળો બોલે, મશ્કરી કરે તો પણ આ ભક્તને અંતરમાં કાંઈ લાગે નહી. એમ કુસંગી લોકોએ ઘણી વખત કર્યું, પણ આ ભક્તને જરાપણ મનમાં કાંઈપણ થયું નહી. તે જોઈ ઓલ્યા કુસંગી લોકો આ ભક્ત પાસે આવીને કહેવા લાગ્યા કે અરે ભક્ત અમો તમને ગાળો દીધી જેમ તેમ બોલ્યા તો તમને મનમાં જરાપણ ક્ષોભ ન થયો. તે સાંભળી આ ભક્ત કહે એમાં મને શાનો ક્ષોભ થાયો એતો તમે જે ગાળો દીધી, જેમ તેમ બોલ્યા, તો મેં તમને તે જ વખતે પાછું આપી દીધું હતું. શું પાછું આપ્યું તે કુસંગીયો ગાળો દીધી તો આ ભક્તે મનથી એને ગાળો પાછી આપી દીધી કે મને આમણે ગાળો દીધી નથી મારી કાંઈ મશ્કરી કરી નથી. કાંઈ કર્યું હશે તો આ દેહનું કર્યું હશે. હું તો આત્મા છું. તો જુવો આ ભક્ત આત્મારૂપે વરતતા હતા ને મહાન જ્ઞાની હતા તેને બીજા કુસંગી લોકો જેમ તેમ બોલે, મશ્કરી કરી પણ આ ભક્તના

મનમાં જરાપણ ક્ષોભ ન થયો. શાથી ક્ષોભ ન થયો કે તે જ્ઞાને કરીને આત્મારૂપે વર્તતા હતા તેવી જ રીતે આપણે જ્ઞાને કરીને આત્મારૂપે વરતીએ તો કોઈ જેમ તેમ બોલે મશ્કરી કરે તો તેવા ભક્તને મનમાં જરાપણ ક્ષોભ ન થાયે. તો આપણે પણ જ્ઞાને કરી આવી સમજણ કરીયે તો આપણાને મનમાં જરાપણ દુઃખ ન થાયે. આપણે જ્ઞાને કરીને આત્મારૂપે વરતવાની કોશીષ કરવી તો આપણાને આ લોકમાં કે આ દેહમાં જરા સુખ દુઃખ આવે નહી તો જો આવું આત્માનું જ્ઞાન દૃઢ કર્યું હોયે તો સુખ દુઃખમાં લેવાઈ ન જવાય કેતાં તેમાં દુઃખી ન થવાયે. કેમ કે આ લોક જ એવો છે આ દેહ જ એવો છે તેમાં સુખ દુઃખ આવ્યા જ કરે પણ, જ્ઞાન હોયે તો તેમાં લેવાઈ ન જવાયે. માટે આપણે સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરીને આવી સમજણ કેળવવી એ જ સજ્જન માણસનું કામ છે. માટે આપણે કાળજી રાખી આવી સમજણને દૃઢ કરવી.

બીજું એક સારા મોટા **સંત હતા તેમના વીસ શિષ્ય** હતા તે આ મોટા સંત પોતાના શિષ્યને ભલામણ કરે કે આપણે આવા સંતોના નિયમો છે તેમાં કાળજી રાખી વરતવું. કોઈ માન કરે તો તેમાં ફુલાઈ ન જવું. કોઈ જરા અપમાન કરે તો તેમાં દુઃખી ન થાવું. એ આદિ ઘણીક સંતોના નિયમોની વાત કરે. એક સમય બે ચાર સંતો ગુરૂ પાસે આવ્યા ને ગુરૂને પૂછે છે કે હે ગુરૂ મહારાજ આપની આજ્ઞા હોયે તો અમે બીજા આ લોકના માણસોને સત્સંગ કરાવવા જાઈયે

ત્યારે ગુરૂ કહે હે, સાધુરામ હજુ તમારી સમજણ પૂરી પરીપકવ થઈ નથી તેથી હમણાં જાવું નથી. વળી થોડા દિવસ થાયે ત્યારે વળી બીજા સંતો આ ગુરૂ પાસે આવીને વાત કરે કે હે ગુરૂ મહારાજ અમે બીજાને સત્સંગ કરાવવા જઈયે ? તે સાંભળી ગુરૂ કહે હજુ જરા વાર છે. તેના ઉપર સ.ગુ.ગોપાળાનંદ સ્વામીની વાતોમાં લખેલ છે કે, પેલા તો આપણા આત્માને શુદ્ધ કરવો, તે આત્માં શુદ્ધ કેમ થાયે ? તો ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે, ભજન કરે, મોટા સત્પુરૂષનો સમાગમ કરે, સત્શાસ્ત્રોનું વાંચન કરે, આવી રીતે કાળજી રાખી વરતે તો જ પોતાનો જીવ શુદ્ધ થાયે. વળી થોડા દિવસ થયા. બીજા શિષ્ય આવ્યાને ગુરૂને વિનંતી કરી કે બીજાને સત્સંગ કરાવવા જઈએ. કેમ કે સંતો જે હોયે તેને મનમાં થાયે કે હું બીજાને ઉપદેશ આપી સત્સંગ કરાવું પણ શાસ્ત્રમાં લખેલ છે પેલા તો આપણે કથા વાર્તા કરીને તથા કથા સાંભળીને પોતાના આત્માને શુધ્ધ કરવો ને જે સાચા ગુરૂ હોયે તે બ્રહ્મચર્યમાં ભંગ પડે તેવું વચન કહે પણ નહી. પછે એ ચારે શિષ્યો ને ગુરૂએ નોખે નોખે ઠેકાણે મોકલ્યા, ને ગુરૂની આજ્ઞા લઈને ચાલ્યા તે ગુરૂએ જ્યાં રહેવાની આજ્ઞા કરી ત્યાં જઈને રહે તે પનઘટના આળાવાળા શિષ્ય જ્યાં બહેનો પાણી ભરવા જતા હોયે ત્યાં રસ્તામાં બેસી રહે ને જે બેનો કાંઈક જમવાનું આપે તે જમી લે, ને ઘણાંક બહેનો એમ વાત કરે કે અરે આ બાવાને કમાવવાની પોચ નોતી તેથી બાવો થયો ને વળી કોઈ ગાળો બોલે, કોઈ અપમાન

કરે, પણ આ શિષ્ય બધુ સહન કરે, પણ કોઈની સાથે ગુસ્સો ન કરે. બીજા શિષ્ય સર્પના રાફડા પાસે ગયા તે રાત્રે મોટો સર્પ આવે, ફૂંફાડા મારે પણ, આ શિષ્ય જરાપણ બીયે નહી ને વિચાર કરે કે આ સર્પ વળગશે તો આ દેહને વળગશે. હું તો આત્મા છું. એમ માની આ સર્પથી જરાપણ બીયે નહી, ને અખંડ ભગવાનનું ભજન કરે, ભગવાનનું ધ્યાન કરે ને ભગવાનની ઈચ્છાથી જે મળે તે જમી લે. ક્યારેક જમવાનું ન મળે તો, એમ જ ચલાવે. એમ આ શિષ્ય વર્તતા હતા ને આ સર્પથી જરાપણ બીતા નહી. ત્રીજા શિષ્ય સિંહના બોળ પાસે રહ્યા તે રાત્રેના બાર વાગે સિંહ હુંકાર કરતો આવે ને આ શિષ્યને જોઈ સિંહ દૂર રહે. આ શિષ્ય પાસે આવે નહી. એમ ઘણાંક દિવસો ગયા પછે તો આ શિષ્ય સિંહ પાસે બેસે, સિંહના ઉપર હાથ ફેરવે, આદિ કરે તેથી તે સિંહ પણ આ શિષ્ય ઉપર વહાલ રાખે. ક્યારેય પણ આ શિષ્યને બીક દેખાડે નહી. ને તે આ સિંહ પાસે જે શિષ્ય ગયા હતા તે પણ જંગલમાં જે કાંઈ ફળ મળે તે જમે ને ક્યારેક ફળ આદિ ન મળે તો ઉપવાસ કરીને પણ ત્યાં રહે. ચોથો શિષ્ય વેશ્યાવાડાના નજીકમાં રહે, રાત્રે વૈશ્યા આ શિષ્ય પાસે આવે ને સ્ત્રીના ચરિત્ર કરે હાવભાવ કરે કેમ કે આ શિષ્યને પોતામાં પ્રેમ કરવા કહે પણ આ શિષ્ય તો અખંડ ભગવાનનું ધ્યાન ભજન કરે, પણ તે વૈશ્યા સામું જરા પણ જુવે નહી, ને વૈશ્યાના હાવભાવમાં પણ જરા લોભાણા નહી તે જોઈ આ વેશ્યાને થયું કે આ કોઈ મહાત્મા છે, ને

જો મહાત્મા ન હોયે તો હું ભલભલા પુરૂષને મારી પ્રેમરૂપી જાળમાં ફસાવી દઉ છું. પણ આ તો જરાપણ આંખ ખોલતા નથી માટે આ ખરેખર આ મહાત્મા જેવા જ છે. માટે હવે મારે તેને આવું ન કરવું, ને તે વેશ્યાને એમ થયું કે આ મહાત્મા સારા છે તેમનાથી કાંઈક જ્ઞાન મેળવું. અહો આ વૈશ્યાના હાવભાવમાંથી કોઈ પુરૂષ બચી ન શકે, પણ આ શિષ્ય અખંડ ભગવાનનું ભજન કરતા હતા. તેથી તે શિષ્યનો વાયરો આ વેશ્યા ઉપર પડ્યો તેથી વેશ્યાની બુદ્ધિ જરા સુધરીને દૂર બેસીને આ મહાત્માને વિનંતી કરી કે તમો બહુજ સારા મહાત્મા મને લાગો છો, કેમ કે હું હાવભાવ તથા પ્રેમ કરૂં છું, પણ તમો જરાપણ આ મારી માયાજાળમાં લેવાતા નથી, માટે તમો જરૂર સારા મહાત્મા છો. માટે મારૂં જેમ સારૂં થાયે તેમ મારા ઉપર દયા કરી મને સારો ઉપદેશ આપો. આવી આ વેશ્યાની વાત સાંભળી આ શિષ્ય દૂરથી ભગવાનના મહિમાની તથા જ્ઞાનની, ધ્યાન આદિ વાતો કરીને વળી કહ્યું કે, આવો પરપુરૂષના સહવાસથી જમપુરીમાં જમના દુતો મારી મારીને હાંટકા ભાગી નાંખે ને, જમપુરીમાં ખુબ જ યમનો માર ખાવો પડે, ને બહુજ દુઃખ થાયે. આવા મરમાળા શાંતીકારક આ શિષ્યની વાત સાંભળી આ વેશ્યાને થયું કે ખરેખર આ વાત સાચી છે ત્યારે તે વેશ્યા બોલી કે અરે હે મહાત્મા, મને એ યમદૂતો મારે નહી ને મને તે દુઃખો ભોગવવા ન પડે એવી મારા ઉપર દયા કરીને ઉપાય બતાવો. આ સાંભળી આ શિષ્યે વાત કરી કે આ તારો ધંધો

છોડીદે ને ભગવાનનું નામ લે તો ભગવાન તને જરૂર સુખીયા કરશે ને એ યમપૂરીના દુઃખ ભોગવવા નહી પડે. એ સાંભળી આ વેશ્યાયે તે વેશ્યાનો ધંધો છોડી દીધો ને ભગવાનની ભક્તિ કરે ને સામે દૂર બેસીને મહાત્માનો સમાગમ કરે ને આ મહાત્મા જે મોટા સ્વામીના શિષ્ય તે પણ દુર બેસી ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની સારી સારી વાતો સંભળાવે તે વાતો સાંભળી આ વેશ્યા બરાબર ભક્ત બની ગઈ ને ભગવાનની મૂર્તિમાં તે વેશ્યાને હેત થઈ ગયું. ઓહોહો જુઓ તો ખરા, હે ભાઈઓ, આ શિષ્ય વેશ્યાના મકાન પાસે રહ્યો. વેશ્યાએ કેટલો બધો હાવભાવ કર્યો, કેટલો બધો પ્રેમ કર્યો ને તેમને કેટલો બધો લલચાવ્યો પણ આ શિષ્ય જરાપણ ચલાયમાન ન થયા ને સામું તે વેશ્યાને વેશ્યાનો ધંધો છોડાવ્યોને વેશ્યાને ભક્ત બનાવી, ધન્ય છે ધન્ય છે આ શિષ્યને, પણ વધારે ધન્યવાદ. તો એમના સાચા ગુરૂને કહેવાયે કે એમણે આવા શિષ્યને તૈયાર કર્યા તે સ્ત્રીની માયામાં ને વળી એકાંત ઠેકાણુ વળી વેશ્યા તેમાં જરાપણ ન લોભાણા એ ખરા સંત કહેવાયે. તે રામાયણમાં લખ્યું છે, કે કનકકાંતા સુતરેણી વિશીષ્ટ્યા જગત તાસુ તે સુ વીરક્ત રહે દ્વિભુજા પરમેશ્વર આનો અર્થ કે કનક જે દ્રવ્ય કાંતા જે સ્ત્રીએ સ્ત્રીને દ્રવ્યથી આખી દુનિયા તેમાં બંધાયેલી છે તેનાથી જે વિરક્ત કેતા દુર રહે તે દ્વિભુજાવાળા પરમેશ્વર જે ભગવાન તુલ્ય કહેવાયે તે ભગવાન થતા નથી. ભગવાન તો એક જ હોયે વળી વડતાલના વચનામૃતમાં

કહેલ છે કે ચાર પ્રકારના સંત કહ્યા છે તે ચાર પ્રકારના સંત કયા તો ૧ દીવા જેવા બીજા મસાલ જેવા, ત્રીજા વીજળી જેવા, ચોથા વળવાનળ અગ્નિ જેવા તે વળવાનળ અગ્નિ જેવા જે સંત હોયે તે ખારા કેતા મહાન પાપી હોયે તેને શુદ્ધ કરી ભક્ત બનાવે તો આ મહાન પાપણી વેશ્યાને ભક્ત બનાવીને ખરેખર વળવાનળ અગ્નિ જેવા કહેવાયે. તો આપણે પણ એવા વળવાનળ અગ્નિ જેવા મોટા સત્પુરૂષને ઓળખીને તેવા સત્પુરૂષનો સમાગમ કરવો તે કેટલાક શંકા કરે કે એવા સંત આજે કળીયુગમાં ક્યાં મળે ? તે સ્વામિનારાયણ ભગવાને વડતાલના ૧૯ ના વચનામૃતમાં કહેલ છે કે ભગવાનના અવતાર તથા ભગવાનના એકાંતિક સત્પુરૂષ પૃથ્વી ઉપર જરૂર વિચરતા જ હોયે, તો જો એવા સત્પુરૂષ વિચરતા ન હોયે તો સ્વામિનારાયણ ભગવાનનું વચનામૃત ખોટું કહેવાયે, પણ સ્વામિનારાયણ ભગવાનનું વચનામૃત ખોટું ન કહેવાયે માટે એવા સત્પુરૂષને ઓળખીને આપણાં આત્માનું કલ્યાણ કરી લેવું. પછે ચારે શિષ્ય ગુરૂ પાસે ગયાને સર્વને જોઈ ગુરૂ બોલ્યા તમો સર્વ બરાબર પરીક્ષામાં પાસ થઈ ગયા તેથી ગુરૂ પણ બહું જ રાજી થયા કે અહો હે મારા વહાલા શિષ્યો, તમો ચારે જણા સારી રીતે પાસ થયા છો. ને ઘણી ઘણી કસોટીમાંથી પસાર થયા છો, માટે તમો ચારેયનેં ખુબ ખુબ ધન્યવાદ. આ ગુરૂના આ ચારેય શિષ્યો પરીક્ષામાં સારી રીતે પાસ થયા તે જાણી ગુરૂ રાજી થયા જેમ આ લોકમાં કોઈ મોટા સારા સજ્જન શેઠો હોયે તેના લાડકવાયા પુત્ર હોયે ને તે સારા

માર્કે પાસ થાયે ને સારી ડીગ્રી મેળવી આવે તો તે શેઠ કેટલા બધા રાજી થાયે કે અહો આ મારો દિકરો સારે માર્કે પાસ થયા. ઘણા રૂપિયા કમાશે તો તે સુખ તો આ લોકનું મળે, પણ આ તો મહાન સારી ડીગ્રીમાં આ ચારેય શિષ્યો પાસ થયા તેથી તેને ભગવાનનું ખુબ જ સુખ મળશે પછે તે ચારે શિષ્યને તે ગુરૂએ સત્સંગ કરાવવાની રજા આપી. તેથી તે ચારે શિષ્યોએ લાખો જીવોને સત્સંગ કરાવ્યો ને પોતે પણ ભગવાનનું ધ્યાન ભજન કરે, ભગવાનના નિયમોનું બરાબર પાલન કરે એમ કરતા તે ગુરૂની વૃદ્ધ અવસ્થા થઈ તેથી તે ગુરૂને ભગવાન દર્શન આપી ધામમાં તેડી ગયા ને આ ચારેય શિષ્યો પણ વૃદ્ધ અવસ્થાને પામ્યા તેથી તે ચારે શિષ્યોને ભગવાને દર્શન આપ્યા ને ભગવાન કહે અહો હે મારા સાચા સંતો તમોએ મને રાજી કરવાને માટે ઘણાં કઠણ નિયમોનું પાલન કર્યું, માટે તમારા ઉપર હું બહુજ રાજી છું. એમ કહી ભગવાને બીજા સર્વે ભક્તોને દર્શન આપીને દિવ્ય વિમાનમાં બેસાડી આ ચારેને ભગવાન પોતાના ધામમાં તેડી ગયા. આના ઉપરથી શું લેવાનું કે, ચારે શિષ્યોએ ગુરૂની આજ્ઞાથી કેવા કઠણ નિયમોનું પાલન કર્યું તેથી ગુરૂ રાજી થયા અને ભગવાન પણ રાજી થયા ને મહાન મોટા સુખને પામ્યા. તો આપણે ભલે આવી પરીક્ષામાં પાસ થવાની જરૂર નથી પણ ભગવાનને આપણા સર્વેને જેવી રીતે પોત પોતાના ધર્મમાં વરતવાનું કહેલ છે તે પ્રમાણે આપણે વરતીશું તો આપણા ઉપર ભગવાન રાજી થશે ને દેહને અંતે ભગવાન આપણાને

પોતાની હજુર સેવામાં રાખશે. તો આપણે તેનો કેફ રાખી આનંદમાં રહી ભગવાનનું ધ્યાન ભજન કરવું.

બીજું ગુજરાત દેશમાં એક સારા સત્સંગી હરિભક્ત હતા. તેમનું **નામ ભગવાનદાસ હતું.** તે પોતાનું વ્યવહારિક કાર્ય બરાબર કરે ને વ્યવહારિક કાર્ય કરતા ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રાખેને ઉપર થકી વ્યવહારીક કાર્ય કરે પણ અંતરમાં જગત ન ભરે તે ભગવાનનો પણ એ જ સિદ્ધાંત છે કે ઉપર થકી વ્યવહારિક કાર્ય કરવું, પણ અંતરમાં ભગવાનની મૂર્તિ સંભારવી. તે એક સમય તેમને એકદમ છાતીમાં દુઃખવા લાગ્યું ને એટેક આવ્યો ને બહુજ દુઃખાવો થાયે, ત્યારે તેમના સગા સંબંધીઓએ તથા બીજા સારા હેતુસંતોષીયે કહ્યું કે તમોને એટેક આવ્યો તેવું લાગે છે. તો ચાલો સારા ડૉક્ટરને બતાવીને દવા કરીયે, ત્યારે આ ભગવાનદાસ કહે મારે ડૉક્ટરને બતાવવું નથી. આ શરીર છે તેમાં સુખ દુઃખ આવે તે દુઃખ આપનાર કોણ છે ? ભગવાન છે. એ ભગવાનની ઈચ્છાથી આ દુઃખ આવ્યું. તે આપણે પ્રેમથી તે દુઃખ ભોગવવું જોઈયે ને એ ભગવાન પોતે આ દુઃખને મટાડશે. માટે મારે દવા કરવી નથી. બે-ચાર દિવસ તે માંદા રહ્યા પછે ભગવાન બાવારૂપે આ ભગવાનદાસભાઈ પાસે આવ્યા ને બોલ્યા કે અરે ભગવાનદાસ તમોને શું થયું છે ? ત્યારે તે ભગવાનદાસ બોલ્યા કે આ જરા છાતી દુઃખે છે. ત્યારે તે બાવારૂપે ભગવાન કહે અરે ભગવાનદાસ આ મારા પાસે દેશી દવા છે તે લ્યો એટલે

જલદી મટી જશે. ત્યારે ભગવાનદાસ બોલ્યા કે મારે તે દેશી દવા લેવી નથી. ભગવાન પોતે મટાડી દેશે. ત્યારે ફરી તે બાવા બોલ્યા કે તમો દવા ન લ્યો તો કાંઈ નહી પણ મારા પાસે ભગવાનની પ્રસાદીની સાકર છે તે તમો લ્યો ને જમો તેથી તમોને સારૂં જઈ જશે. પછે ભગવાનદાસ બોલ્યા કે હે સાધુ મહારાજ આ દવા નામે તો મારે તમારી સાકર પણ ખાવી નથી. તેમાં મોટા સંતોએ લખ્યું છે કે, સુખ દુઃખ આવે સર્વે ભેળુ તેમાં રાખજો સ્થિર મતી જાળવીશ મારા જનને વળી કરીશ જતન અતી જુવો ભગવાને લખ્યું કે, સુખ આવે કે દુઃખ આવે તેમાં સ્થિર બુદ્ધિ રાખવી. કરતા હર્તા ભગવાન છે. તે સુખ તથા દુઃખના આપનારા ભગવાન છે. એમ જાણી આ ભગવાનદાસે પ્રસાદીની સાકર પણ જમ્યા નહી. આવી આ ભક્તની ખરી ટેક જોઈ બાવારૂપે ભગવાન આવ્યા હતા તે બાવાનું રૂપ ભગવાને અદૃશ્ય કરી પ્રકાશમાન ભગવાને દિવ્યરૂપે દર્શન દીધા ને ભગવાન બોલ્યા કે ખરેખર ભગવાનદાસ ધન્ય છે ધન્ય છે. તમને કે આવા માંદા થયા તો પણ જરા દવા ન કરી પછે ભગવાને એ ભગવાનદાસના શરીર પર, માથા ઉપર, છાતી ઉપર આખા શરીરમાં ધીરે ધીરે હાથ ફેરવ્યો. તેથી તે ભગવાનદાસ એકદમ સાજા થઈ ગયા. જરાપણ શરીરમાં મંદવાડ રહ્યો નહી પછે ભગવાન બોલ્યા કે હે ભગવાનદાસ તમારા ઉપર અમો બહુજ રાજી છીયે. આપ જે માંગો તે આપીએ, એ સાંભળી ભગવાનદાસ બોલ્યા, હે કૃપાનાથ, હમણાં જેવા આપ રાજી છો તેવાને તેવા

સદાય રાજી રહેશો ને અંત:કાળે આપ દર્શન આપી તમારી હજુર સેવામાં રાખશો. આ સાંભળી ભગવાને તેના માથા ઉપર બંને હાથ મેલી રાજી થયા ને પછે ભગવાન અંતરધ્યાન થઈ ગયા. આના ઉપરથી આપણે શું લેવાનું કે ? આ ભક્ત માંદા થયા પણ જરાયે દવા ન કરી એવી ધીરજ તથા આત્મનિષ્ઠા ને ભગવાન પ્રત્યેનો આવો વિશ્વાસ તથા ધીરજ જોઈ ભગવાને દર્શન આપ્યા ને સર્વ પ્રકારે સુખીયા કર્યા. તો આપણે ભલે આવી ધીરજ ન રાખી શકીયે પણ જરા માંદા થાઈયે તો દવા કરીયે પણ અકળાવું નહી. કર્તાહર્તા ભગવાન છે એમ જાણી ભગવાનનું ભજન બરાબર કરીયે ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરીયે તો જેમ આ ભગવાનદાસની ભગવાને રક્ષા કરી તેમ આપણી પણ ભગવાન જરૂર રક્ષા કરે છે, ને કરશે. માટે આપણે આનંદમાં રહી ભજન કરવું.

બીજું ગુજરાતમાં એક ગામમાં સારા ભગવાનના ભક્ત હતા, ને તે **ભક્તનું નામ માવજી હતું. પણ પૂર્વ સંસ્કારે બંને આંખે અંધ હતા.** પણ અંતરમાં ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા. ભગવાનની ભક્તિ કરતા ને અખંડ ભગવાનનું સ્મરણ કરતા. ને ભગવાનની પ્રાર્થના કરતા કે હે કૃપાનાથ, મારા ઉપર દયા કરી મને દર્શન આપો. તે આ ભક્તનો સાચો પ્રેમ જોઈ ભગવાને દર્શન આપ્યા. આ ભક્તે ખુબજ ભગવાનની અંતરથી પ્રાર્થના કરી કે અહો કૃપાનાથ આપ દયા કરી અહી પધાર્યા તે મારા ઉપર આપે ઘણી દયા કરી. તે સાંભળી

ભગવાન રાજી થયા ને ભગવાન બોલ્યા કે અહો હે માવજીભાઈ, અમો તમારા ઉપર બહુજ રાજી છીએ. તમો જે માંગો તે આપીએ, એ સાંભળી આ માવજીભાઈ બોલ્યા કે જે માંગું તે આપશો ? ત્યારે ભગવાને કહ્યું કે હા જે માંગો તે આપીશું. ત્યારે માવજીભાઈ બોલ્યા કે મારા પૌત્રના ઘરના સાતમે માળે સોનાની ગોળી તથા સોનાના રવાયાથી છાશ કરતાં દેખું તે સાંભળી ભગવાન બોલ્યા કે અરે માવજીભાઈ, તમો તો બધુ માંગી લીધું, ને ભગવાને તેમને એ વર આપી ભગવાન અંતરધ્યાન થઈ ગયા. આમાં કહેવાનું કે, આ અંધ ભક્ત સારી ભગવાનની ભક્તિ કરી, ભગવાનનું ભજન કર્યું તેથી તેને દિકરા થયા પૌત્ર થયા, ને ઘણું ધન માલ મિલકત મળ્યું. તેથી સોનાની ગોળી બનાવી, સોનાનો રવયો બનાવીને તેમના પૌત્રના વહુને સાતમે માળે છાસ બનાવતા જોયા. આમાં શું કહેવાનું કે, આ અંધ ભક્ત હતા પણ તેમણે ભગવાનની ભક્તિ બરાબર કરી, ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરી તેથી તે અંધા હતા. તે દેખતા થયા, પુત્ર મળ્યો, પૌત્ર થયો. પૌત્રના ઘરના માણસને સોનાની ગોળી તથા સોનાના રવૈયાથી છાસ કરતા દેખ્યા. જુઓ આ અંધો કેવો હોશીયાર તેથી બધુ માંગી લીધું ને તેનો સાચો ભાવ હતો તે ભગવાને તેમને બધુ આપ્યું. તેવી રીતે આપણે પણ ભગવાનની ભક્તિ બરાબર કરીશું. ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરીશું તો આપણાને પણ ભગવાન જરૂર સર્વે પ્રકાર સુખીયા કરે છે. ને સદાય સુખીયા કરશે. માટે તેનો કેફ

રાખી આઠે પહોર આનંદમાં રહી ભગવાનનું ભજન બરાબર કાળજી રાખી કરવું.

બીજું મોટા સંતોએ લખેલ છે કે જેને ભગવાનનો આશરો ન હોય, જે ભગવાનની ભક્તિ બરાબર કરતા ન હોયે તે આ દુનિયાની મોટપ માટે તથા આ લોકના સુખ માટે ઝાવા માર્યા જ કરતો હોયે તેમાં ક્યાંય સાચું સુખ નથી. સાચું સુખ તો ભગવાનની માધુરી મળમાળી મૂર્તિમાં જ સુખ છે તે સુખ ક્યાંથી મળે ? તો સાચે ભાવે ભગવાનની ભક્તિ કરે, ભગવાનના નિયમો બરાબર પાલન કરતા હોયે તેને જ આ સાચું સુખ મળે છે ને તેજ સાચો ભક્ત કહેવાયે તે શાસ્ત્રમાં લખેલ છે. **શેઠ થાયે, સાહેબ થાયે, રાજા થાયે, ચક્રવર્તી રાજા થાયે ઈન્દ્ર થાયે, બ્રહ્મા થાયે એ બધી પદવી મળે પણ સૌ કરતા ભક્તની પદવી મળવી બહુજ દુર્લભ છે.** તે ભક્ત કોને કહેવાયે કે જેણે કંઠી બાંધી હોયે, માળા ફેરવતા હોયે તિલક ચાંલ્લો કરતા હોયે તે ભક્ત તો કહેવાયે પણ ખરા ભક્ત કોને કહેવાયે તો, જ્ઞાને કરીને આ દેહ તથા દેહના સગા સંબંધી આદિમાં ક્યાંય પ્રીતી ન હોયે તે પ્રીતી ન હોયે એટલે સાધુ બની જાયે ? ના સાધુ બનવાની જરૂર નથી પણ જ્ઞાને કરીને પોતાને આત્મારૂપ માને તે આત્મારૂપ પોતાને માને તો આત્માની નાત નથી. આત્માની જાત નથી. આત્માનું કોઈ સગું નથી, આત્માના ખરાં સગાં કોણ છે ? તો આત્માના ખરાં સગા ભગવાન છે. તથા મુક્તો છે, તે જ્ઞાને કરીને આવી સ્થિતિ કરવાની છે. તથા આવી સ્થિતિ ક્યાંથી થાયે

? તો આવી સ્થિતિવાળા સારા સત્પુરૂષ મળે એવી સ્થિતિવાળા સારા સદ્‌ગૃહસ્થ મળે તથા સારા સત્શાસ્ત્ર વાંચનથી આવી સ્થિતિ થાયે છે. તથા આવા મોટા મોટા સારા સત્પુરૂષોને યાદ કરીયે, આવા મોટા સદ્‌ગૃહસ્થને યાદ કરીયે કે અહો આવા મોટા સત્પુરૂષ કેવી રીતે વરતતા હતા ? અહો આવા મોટા સદગૃહસ્થો કેવી રીતે વ્યવહારમાં રહીને ભગવાનનું ભજન કરતા હતા એવી રીતે મોટા સંતોને તથા મોટા હરિભક્તોને યાદ કરીયે ને વિચાર કરીયેને, આવી રીતે વર્તીને પોતાના આત્માનું શ્રેય કરતા ને મહાન મોટી પદવીને અક્ષરધામને દેહને અંતે પામી ગયા, તેવી રીતે આપણે પણ સાચે ભાવે ભગવાનની ભક્તિ, ભજન બરાબર કરીશું તો આપણાં ઉપર પણ ભગવાન રાજી થઈ પોતાની માધુરી માણીગર મૂર્તિનું સુખ જરૂર આપશે, તો આપણે તે ભગવાનનો કેફ રાખી આઠે પહોર આનંદમાં રહી ભજન કરવું.

બીજું ગુજરાતમાં એક ગામમાં સારા મોટા શેઠ હતા. તેમનું નામ સારાભાઈ હતું. તે સારાભાઈ સારા મોટા શેઠ હતા ને મોટા શેઠ હોયે તે ગામ બહાર સારી મોટી જમીન હોયે ત્યાં પોતે હવા ખાવા માટે તથા મોજશોખ માટે સારો મજાનો બંગલો બનાવે, સારો મજાનો બગીચો બનાવે, સારા ઝાડો રોપે, સારા સારા સુગંધીમાન પુષ્પો વાવે, તે સાંજ પડે તે બગીચામાં હવા ખાવા જાયે. એવો સારો મજાનો બગીચો બનાવેલ ને તેમાં એક ચોકીદાર રાખે. તે એક સમય ત્યાં બગીચામાં બંગલા પાસે એક મહાત્મા ગયા ને તે બંગલા

પાસે આસન પાથરીને ધ્યાન કરતા હતા ત્યાં થોડીવારે તે બગીચાનો ચોકીદાર આવ્યો ને આ મહાત્માને કહેવા લાગ્યો કે અરે બાવાજી અહીં કેમ બેઠા છો ? ત્યારે બાવા બોલ્યા, કે જો ભાઈ મારે તમારૂં કાંઈ જોઈતું નથી આ ધર્મશાળા સારી લાગી એટલે હું શાંતીથી ભગવાનનું ધ્યાન ભજન કરૂં છું ને મને આ ધર્મશાળામાં ભજન કરવામાં બહું શાંતી થાયે છે, એટલે હું અહીં બેઠો છું. ત્યારે આ ચોકીદાર કહે **અરે મહાત્માજી આ ધર્મશાળા નથી**, આ તો અહીંના મોટા શેઠનો બંગલો તથા બગીચો છે. માટે તમો અહીંથી ચાલ્યા જાયો, નહીંતર આ બગીચાના માલિક શેઠ હમણાં આવશે તો તમોને વઢશે માટે તમો અહીથી ચાલ્યા જાયો ત્યારે આ મહાત્મા કહે જુઓ ભાઈ આના માલિક શેઠ આવશે ને મને વઢશે તો હું ચાલ્યો જઈશ. શેઠ આવે ત્યાં સુધી મને બેસવાદ્યો. આ મહાત્માના શાંતીકારક વચન સાંભળી એ ચોકીદારે આ મહાત્માને બેસવા દીધા. આ મહાત્મા બહુ જ સારા હતા ને ધ્યાન ભજન કરતા હતા ત્યાં સાંજના વખતમાં તે શેઠ પોતાની ગાડી લઈને ત્યાં આવ્યા ને આ ચોકીદારે આ મહાત્માની બધી વાત કરી એ સાંભળી આ શેઠ પણ સારા હતા. આ શેઠ આ મહાત્મા જ્યાં બેસીને ધ્યાન કરતા હતા ત્યા આ શેઠ આવ્યા ને આ મહાત્માને કહેવા લાગ્યા કે અરે બાવાજી અહી ક્યાંથી આવ્યા ? ને ક્યાં જવાના છો ? ત્યારે આ મહાત્મા બોલ્યા કે, અમારે સાધુ લોકોનું કાંઈ ઘર ન હોયે, જ્યાં સારી જગ્યા મળે ત્યાં બેસી ભગવાનનું

ભજન કરીયે, જે મળે તે જમીએ, ત્યારે આ શેઠ કહે અરે મહાત્માજી આ તો અમારો બંગલો છે. આ અમારો બગીચો છે. તે તમારાથી બેસાય નહી. તમો સામે ધર્મશાળા છે ત્યાં જાયો, ત્યારે આ મહાત્મા બોલ્યા કે, ત્યાં તો હું ગયો હતો પણ બહું માણસો હતા તેથી મને ધ્યાન ભજન કરવામાં આનંદ ન આવ્યો, પણ આ ધર્મશાળામાં બેસી મને ધ્યાન ભજન કરવામાં આનંદ આવે છે. માટે મને અહીં આ ધર્મશાળામાં બેસવાદ્યો. ત્યારે વળી આ શેઠ બોલ્યા અરે મહાત્માજી આ ધર્મશાળા નથી. આ તો અમારો બંગલો તથા બગીચો છે. માટે અહીં તમારાથી બેસાય નહી. એ સાંભળી આ મહાત્માને થયું કે આ શેઠ સારા છે. માટે મારે એમને સારે માર્ગે ચલાવવા ને વાતપણ સાચી કે સાધુ લોકો હોયે તે બીજાનું ભલુ કરવું આ સંત મહાત્માનું કર્તવ્ય છે. એમ જાણી આ મહાત્મા બોલ્યા કે અરે શેઠજી તમો કહો છો કે, આ મારો બંગલો છે, આ મારો બગીચો છે. તે બંગલો તમે બનાવ્યો છે. આ બગીચો તમો બનાવ્યો છે તે શેઠ પણ સારા હતા ને આ મહાત્માની વાત સાંભળી શેઠને પણ સારૂં લાગતું હતું, કે આ મહાત્મા સારા છે તેથી તે મહાત્માની વાત સાંભળી શેઠ બોલ્યા કે આ બંગલો મેં નથી બનાવ્યો. મારા દાદાના દાદાએ બનાવ્યા છે. એ સાંભળી મહાત્મા બોલ્યા કે અરે શેઠ સાહેબ જેમણે બંગલો બનાવ્યો છે. તે હાલ ક્યાં છે ? ત્યારે શેઠ કહે એ તો આ દુનિયામાંથી પરલોકમાં ચાલ્યા ગયા છે. ત્યારે પછી એમના પુત્ર હતા તે

ક્યાં ગયા ? ત્યારે શેઠ કહે એ પણ પરલોકમાં ચાલ્યા ગયા છે. ત્યારે પછે મારા દાદા હતા તે સાંભળી મહાત્મા બોલ્યા કે એ કયાં ? શેઠ કહે એ પણ પરલોકમાં ચાલ્યા ગયા છે. ત્યાર પછે મારા પપ્પા હતા. એ કયાં ? ત્યારે શેઠ કહે એ પણ પરલોકમાં ચાલ્યા ગયા. આ સાંભળી આ મહાત્મા બોલ્યા કે અરે શેઠ શ્રી તમારા પરદાદા ચાલ્યા ગયા ત્યાર પછી બીજા દાદા ચાલ્યા ગયા ત્યાર પછી તમારા દાદા ચાલ્યા ગયા, ત્યાર પછે તમારા પપ્પા ચાલ્યા ગયા. જુઓ હે શેઠ સાહેબ તમારા પરદાદા ચાલ્યા ગયા તમારા દાદા ચાલ્યા ગયા, તમારા પપ્પા ચાલ્યા ગયા, જેણે કેટલી બધી મહેનત કરીને આ બંગલો બનાવ્યો હતો તે તથા ત્યારબાદ બીજા બધા ચાલ્યા ગયા તો આ પણ ધર્મશાળા જ કહેવાયના ? કેમ કે જેમાં કાયમ રહેવાનું ન હોયે તે ધર્મશાળા જ કહેવાયે. તમો પણ આ ધર્મશાળામાં ક્યા કાયમ રહેવાના છો.માટે હે શેઠ સાહેબ આ દુનિયામાં માણસ માત્ર ધર્મશાળામાં જ રહેવાવાળા છે. સાચુ ઘર તો આપણે ભગવાનનું બરાબર ભજન કર્યું હોય, ભગવાનના નિયમોનું પાલન કર્યું હોયે તો જ સાચુ ઘર જે ભગવાનનું ધામ તે ભગવાનનું ધામ છે તે જ આ જીવાત્માનું ખરૂં ઘર છે માટે હે શેઠ તમારે જો સાચુ ઘર જે ભગવાનનું ધામ તેને પામવું હોયે તો ભગવાનનું ભજન કરો, ભગવાનના નિયમોનું પાલન કરો તો જ સાચું ઘર મળે. આ બધી વાત સાંભળી આ શેઠના મનમાં થયું કે, અહો આ મહાત્મા બહુંજ સારા લાગે છે ને તે શેઠ પણ

પૂર્વના યોગભ્રષ્ટ જીવ હશે. એટલે એમને મહાત્માનો સારો ગુણ આવ્યો ને મહાત્માના પગમાં પડી બે હાથ જોડી. મહાત્માને વિનંતી કરી અહો હે મહાત્માજી, તમો અહીં થોડા દિવસ રહી મને તથા અહી સારા માણસોને સત્સંગ કરાવો તે વાત સાંભળી મહાત્મા ત્યાં થોડા દિવસ સુધી રહ્યા ને તે શેઠને ભગવાનના મહિમાની તથા સત્સંગના મહિમાની વાતો કરી ને કહ્યું કે અરે શેઠ સાહેબ તમે કહેતા હતા કે મારો બંગલો છે પણ જુઓ આ બધુ મુસાફરી છે ને આપણું ખરૂં ગામ તો ભગવાનનું ધામ છે. ખરા સગા તો ભગવાન છે. બાકી આપણે અનેક અવતારો ધરી આવ્યા છીયે. પણ આપણે સાચે ભાવે ભગવાનની ભક્તિ નહી કરી હોયે, તેથી આપણે જનમ મરણના ફેરા ભોગવ્યાજ કરીયે છીયે. માટે આપણે હવે સાચે ભાવે ભગવાનનો આસરો દ્રઢપણે રાખી ભગવાનનું ભજન કરવુ. આ બધી મહાત્મની વાત સાંભળી આ શેઠ રાજી થયા ને ખુબ જ ભગવાનનું ભજન કરવા લાગ્યા. બીજા પણ સારા સારા સજ્જન માણસો પણ સારા ભક્ત થયા, ને પછે આ મહાત્મા ચાલ્યા ગયા, ને આ ભક્ત ખુબ જ ભગવાનનું ધ્યાન ભજન કરી સારા ભક્ત થયા ને વ્યવહારની બધી પ્રવૃત્તિ છોડી દઈને ખુબ જ ભગવાનનું ભજન કર્યું ને દેહને અંતે ભગવાન આ મહાત્માને સાથે લાવી આ શેઠને ભગવાન પોતાના ધામમાં તેડી ગયા. આના ઉપરથી શું લેવાનું ? કે આ શેઠ જરા પણ ભક્ત ન હતા.વ્યવહારમાં બહુજ આશક્તિવાળા હતા, પણ સારા મહાત્મા

મળી ગયા તો ભક્ત થયા ને તેમનો મોક્ષ થઈ ગયો. તો આપણે પણ આ શેઠની પેઠે સારા મહાત્માનો સમાગમ કરી આ લોકની વાસના માત્ર નિર્મૂળ કરી આપણા આત્માનું કલ્યાણ કરી લેવું એ જ આ મનુષ્ય જન્મનો ખરો લાભ છે તો આપણે જેમ બને તેમ ભગવાનનું ભજન વિશેષ કરવું ને દિનદિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત કરવું એ જ ખરો લાભ છે.

બીજું મોટા સંતે લખ્યું કે કાયા માયા છે જો તારી કાચી રે તેને સંગે ન રાચીશ રંગે પડયું રેશે. નાવે કોડી સંગે નારાયણ નામ લે ને તું પ્રાણી રે, આમાં કહેવાનું કે **આ કાયા જે આ દેહ તથા માયા જે આ દુનિયા તો તે સર્વે ખોટું છે** ને આપણા દેહને અંતે એ કાંઈપણ કામ આવતું નથી. એ અહીં જ પડ્યું રેશે ને રૂપિયા હશે તે પણ આ જીવાત્માની સાથે ચાલતા નથી માટે આપણું આ શરીર સારૂં હોયે ને આપણા પાસે રૂપિયા હોયે તો સારા કામમાં વાપરવા દેહને અંતે એ કાંઈ કામ આવશે નહી માટે આપણું આ શરીર સારૂ હોયે ત્યાં સુધીમાં ભગવાનનું ભજન કરી લેવું એ જ સાથે ચાલશે ને એ જ ખરો લાભ છે.

બીજું મોટા સંતોએ લખ્યું કે નર દેહ દીધો તુને નાથેરે હોયે ધન તો વાપરતા રે હાથે રે પડ્યુ રેશે નાવે ધન સાથે નારાયણ નામ લેને તું પ્રાણી રે. આમાં કહેવાનું કે હે ભાઈ તને ભગવાને મનુષ્ય દેહ ઉત્તમ કુળમાં પુરૂષનો દેહ આપ્યો

ને **જો તારા પાસે રૂપિયા હોયે તો સારા કામમમાં વાપર** કેમ કે આ ધન કાંઈ દેહને અંતે ભેળુ ચાલતું નથી. અહીં જ પડ્યું રેશે, માટે આપણે સાચે ભાવે ભગવાનની ભક્તિ કરી આપણાં આત્માનું કલ્યાણરૂપ કાર્ય કરી લેવું એ જ આ મનુષ્ય જન્મનો લાભ છે. માટે આપણે જેમ બને તેમ કાળજી રાખી ભગવાન ભજવા.

બીજું મોટા સંતોએ લખ્યું કે તમો **ભાવે ભજીલ્યો ભગવાન જીવન થોડું રહ્યું,** તમો આત્માનું કરી લ્યો કલ્યાણ જીવન થોડું રહ્યું. ક્ષણ ક્ષણ એડે જીવન જાયે પાછળથી પસ્તાય શું થાયે, ઉમર બધી વ્યર્થ વહી જાયે પાણી પેલા પાળ કરી આમાં કહેવાનું હે ભાઈ તમો પ્રેમથી ભગવાનનું ભજન કરી લ્યો આ જીવન થોડું રહ્યું કહેતા આપણા આયુષ આટલી આપણા જીવનમાંથી ઓછી થઈ ગઈ હવે બાકી થોડી આયુષ રહી તેમાં ભગવાનનું ભજન કરી લેવું ને આપણા આત્માનું કલ્યણ કરી લેવું એ જ આ મનુષ્ય જન્મ પામીને ખરૂં કરવાનું છે. બીજું લખ્યું કે હે ભાઈ, ક્ષણે ક્ષણે આ જીવન ચાલ્યું જાયે છે ને જો આ જીવનમાં ભગવાનનું બરાબર ભજન ન કરીયે તો આ જીવન વ્રથા ચાલ્યું જાયે છે ને જો આ જીવનમાં બરાબર ભગવાનનું ભજન ન કર્યું તો પછે પાછળથી પસ્તાવો થાશે કે અરે મે ભગવાનની ભક્તિ બરાબર ન કરી તો પાછળથી પસ્તાવે શું થાયે, કેમ કે આપણું શરીર સારૂ હોયે સારો સત્સંગનો યોગ હોયે તેમાં જો આપણે બરાબર કાળજી રાખી ભજન ન કર્યું હોયે તો પછે પાછળથી પસ્તાવે શું થાયે

? કે અરે મારૂ શરીર સારૂં હતું. સારો સત્સંગનો યોગ હતો ને તેવા સમયમાં મેં ભગવાનની ભક્તિ ન કરી.

બીજું મોટા સંતોએ લખેલ કે "નર જન્મ પાઈ પામી તુમ ક્યા કરી કમાણી છોડી તે **જીંદગાણી તુમ ક્યાં કરી કમાણી**" આમાં શું કહેવાનું કે હે ભાઈ તમે મનુષ્યનો જન્મ પામીને તમે શું કરી કમાણી આવો દેવોને પણ દુર્લભ મનુષ્ય જન્મ ભગવાને તમોને આપ્યો તો ભગવાનનું ભજન કરી લ્યો ને વળી લખ્યું કે છોડી તે જીંદગાણી તેમાં લેવાનું કે આ મનુષ્ય જન્મને પામીને તમોએ ભગવાનની ભક્તિ ન કરી તો તે જીંદગીમાં કમાણી કરી ન કહેવાયે. માટે હે ભાઈ તમો આવા મનુષ્ય જન્મને પામીને ભગવાનનું ભજન કરી લેવું.

બીજું મોટા સંતોએ લખ્યું કે કરો **હરીકા ભજન પ્યારા ઉમરીયા બીત જાતી હે,** તેમાં લખ્યું કે હે ભાઈ તમો ભગવાનનું ભજન કરો, આ ઉંમર વીતી જાયે છે. જ્યાં સુધી આપણું શરીર સારૂં હોય, સારો સત્સંગનો યોગ હોયે, ત્યાં સુધી આપણા આત્માનું કલ્યાણરૂપ કાર્ય કરી લેવું.

બીજું મોટા સંતોએ લખ્યું કે, **ઉડી જાયોને પંખીડા પાંખો વાળા** તેમાં વાત છે કે એક સારૂં મજાનું ઝાડ હતું. તેમાં ઘણાંક પક્ષીઓ માળો કરીને તેના છાંયડાંમાં રહેતા હતા. કીલોલ કરતા હતા ને ખુબજ મજો કરતા હતા. ત્યાં અચાનક ભગવાનની ઈચ્છાથી નજીકમાં મોટી લાય લાગીને તે લાય સડગતી આ ઝાડ પાસે આવવા લાગી તેથી બચવા માટે ઝાડ

પાસે કાંઈ ન હતું. કેમ કે માણસો હોય કે પક્ષીઓ હોયે તો ત્યાંથી ચાલ્યા જાયે આ ઝાડ તો ક્યાં ચાલ્યા જાય, ક્યાંય ચાલી ન શકે ને તે ઝાડને એમ થયું કે હવે આ થોડા સમયમાં આ લાય અમારી પાસે આવશે ને અમોને બાળશે તેથી તે ઝાડમાં પક્ષીઓ માળા કરીને રહેતા હતા ને ઝાડને આધારે તે છાયડાંમાં કિલોલ કરતા તે ઝાડને ભગવાનની ઈચ્છાથી વાંચા થઈ ને તે ઝાડ બોલવા મંડ્યું કે હે પક્ષીઓ તમોને પાંખો છે તો તમો આ ઝાડમાંથી ઉડી જાયો, શા માટે આ લાંયમાં તમો બળો છો અમે ઝાડ તો ચાલી શકીએ નહી ઉડી શકીએ નહી પણ તમોને તો પાંખો છે તો ઉડી જાયો ને પંખીડામાં પાંખોવાળા આ ઝાડની વાત સાંભળી પક્ષીઓ બોલ્યા કે હે ઝાડો, તમારા ઝાડ ઉપર અમે માળો કર્યો તમારા ઠંડા છાંયડાંમાં વિરામ ખાધો તમારા પાંદ ઉપર અમો બઠું મેલીયું તમોએ અમને બધુ પુરૂં પાડ્યું છે ને હવે તમોને જ્યારે આ લ્યાંહથી બળવાનું થાયે ને તમો બળો ને અમો જીવીયે તો અમારા જેવા કૃતઘ્ની કોઈ ન કહેવાયે, માટે અમો તમારે સુખે સુખી ને તમારે દુઃખે દુઃખી, અમો તમોને મુકીને જશું નહી, ભલે તમો બળો તેના ભેળા અમો પણ બળીશું પણ તમોને મૂકીને અમો જશું નહી, પછી પક્ષીઓ તથા બીજા બધા સાથે મળીને ભગવાનની પ્રાર્થના કરી તેથી ગામના માણસોને ખબર પડી તેથી તે માણસો પાણી લાવીને લાંયને ઓલાવી દીધી ને ઝાડો પણ બળ્યા નહી ને પક્ષીઓ પણ બળ્યા નહી, ને ભગવાને રક્ષા કરી આના ઉપરથી શું

લેવાનું કે જુઓ પક્ષીઓને પાંખો હતી ને ઝાડોયે ઉડવાનું કહ્યું તો પણ તે પક્ષીઓ ઉડ્યા નહી ને સામે કહેવા લાગ્યા કે તમારા ઝાડથી અમોએ ઘણું સુખ લીધું ને તમો બળો ને અમો જીવીએ તે બરાબર નહી. જુઓ આ પક્ષીઓને કાંઈ જ્ઞાન ન હતું તો પણ તેમણે કેટલું કર્યું તેવી રીતે આપણાને કોઈયે કાંઈ ઉપકાર કર્યો હોયે તો તેનું સારૂં કરવું પણ તેનું ખરાબ કરવું નહી તો ભગવાન આ ઝાડનું તથા આ પક્ષીઓનું રક્ષણ કર્યું તેમ ભગવાન પોતાના પ્રેમી ભક્તોની રક્ષા કરે છે ને કરશે જ.

બીજું મોટા સંતોએ લખેલ છે કે, "જગતમાં જીવ થોરા ન ભુલો દેખી તન ગોરા ખરા શીર કાલ કા વેરી કરેગા ખાખ કી ઢેરી" આ ઉપરથી શું લેવાનું કે, હે ભાઈ આ જગતમાં થોડું જીવવાનું છે પણ તે આ શરીરને સારૂં જાણો છો પણ **આ શરીર છોડીને આ દુનિયામાંથી જવાનું થાશે ત્યારે આ શરીરનો અગ્નિ સંસ્કાર કરી નાંખશે, ને વાનીની ઢગલી બનાવી દેશે** તો આપણાને આ મનુષ્ય જન્મ ભગવાને આપ્યો તો તે વડે ભગવાનનું ભજન કરી આપણા આત્માનું કલ્યાણ કરી લેવું એ જ મોટો લાભ છે.

બીજું મોટા સંતોએ લખ્યું કે, **"ચેતવું હોય તો ચેતી લેજો, ગાડી ઉપડી જાય છે.** બેસવું હોયે તો બેસી જાજો, ગાડી ઉપડી જાયે છે." આના ઉપરથી શું લેવાનું કે, આ ક્ષણભંગુર દેહ અચાનક પડી જાશે માટે આપણું આ શરીર સારૂં હોયે

ત્યાં સુધીમાં ભગવાનનું ભજન કરી લેવું એ વિચાર કરવો ને ગાડી ઉપડી જાયે છે, એટલે આ દેહ ગમે ત્યારે પડી જશે. અચાનક આ દુનિયામાંથી જવાનું થાશે તે જેમ આ લોકની ગાડીમાં બેસી બહારગામ જવાનું હોયે તો પહેલેથી જ ગાડીની ટીકેટ લીધેલી હોયે એટલે ગાડી આવે એટલે તે ગાડીમાં બેસી જવાય, ને આપણે જ્યાં નક્કી કરેલ સ્થળે પહોંચી જવાય છે તેમ આપણું શરીર સારૂં હોયે ત્યાં સુધી આપણી કસર ટાળી નાંખવી ને મનથી નિર્વાસનીક થઈ તૈયાર રહેવું.

બીજું મોટા સંતોએ લખ્યું કે, દુસરો કોણ સુખદાઈ શ્યામ વિના દુસરો કોણ સુખદાઈ જ્યાં જ્યાં ભીડ પરત ભક્તન કું ત્યાં ત્યાં હોત સહાય રે, ધીરજતાં ધ્રુવ કી. "ઉર ધારી અચલ પદવી દીયો આઈ રે ઝુડે જબહી પકડ્યો ગજકું છીનમેં લીયો છોડાવીયે રે, પાંડવ કું લાખાગ્રહ જ્યારે તાસું લીયો બચાઈ રે પંચાલીકું ચીર પુરત કું તજી આવે ધાઈ રે" આમાં શું લેવાનું કે, ભગવાન વિના આ જીવનું બીજું કોઈ સુખદાયક નથી. જ્યાં જ્યાં ભક્તને દુઃખ આવી પડે ત્યારે ભગવાન જરૂર પોતાના ભક્તની વારે આવે જ છે. તેમાં લખવાનું કે ધ્રુવને કસોટી પડી તેમાં તેમણે ધીરજ રાખી તો તે ધ્રુવને મોટી પદવી આપી તથા ગજ જે હાથીને ઝુંડે કેતા મગરે પાણીમાં પગ પકડ્યો ને નદીમાં લઈ જવા ખુબ જ મહેનત કરી પણ તે હાથીએ ભગવાનની પ્રાર્થના કરી તો ભગવાને તે હાથીની રક્ષા કરી તથા પાંડવની લાખાગ્રહથી રક્ષા કરી. પંચાલી જે દ્રૌપદીજીના દુર્યોધને વસ્ત્રો ખેંચવા મંડ્યા તે એક

વસ્ત્ર ખેંચે ત્યાં બીજું વસ્ત્ર દ્રૌપદીના શરીરમાં આવી જાયે તે ઘણાંક વસ્ત્રો ખેંચ્યા તો પણ ભગવાને તેની રક્ષા કરી ને તેની લાજ રાખી, જુવો ભગવાન પોતાના ભક્તને જ્યારે જ્યારે કાંઈ તકલીફ પડે છે, તેની જરૂર રક્ષા કરે છે. તો આપણે સાચે ભાવે ભગવાનને યાદ કરવા ને કાંઈપણ આપણાને આ લોકમાં કે આ દેહમાં જરાપણ તકલીફ પડે તો આપણે ભગવાનને સંભારીએ ને ભગવાનની પ્રાર્થના કરીયે તો ભગવાન જરૂર પોતાના ભક્તની રક્ષા કરે જ છે, ને કરશે જ.

બીજું મોટા સંતે **છાણીના તેજાભાઈ હરિજનની વાત** લખી છે. વડોદરા પાસે છાણી ગામ છે ત્યાંના તેજાભાઈ હરિજન સારા ભક્ત હતા. તે તેજાભાઈ ભગવાનની પુજા કરે, માનસીપૂજા કરે, ધ્યાન ભજન કરે ને પોતાનું વ્યવહારીક કામ કરતા અખંડ ભજન કરે જુઓ આ હરિજન હતા તેમને પ્રત્યક્ષ સંતનો સમાગમ ન હતો પણ પોતે વચનામૃત, શિક્ષાપત્રી આદિ સત્શાસ્ત્રોનું વાંચન કરતા તેથી તેમને આ સત્સંગ સંબંધી સારૂં જ્ઞાન થયું ને બીજા પોતાની જ્ઞાતીના હરિજન હોયે તેને પણ સારી સારી ભગવાનની વાતો કરીને ઘણાંકને સત્સંગ કરાવ્યો ને પોતે ભગવાનની જે પ્રમાણે આજ્ઞા હોયે તે પ્રમાણે કાળજી રાખી વર્તતા હતા ને તે વખતે હરિજન હોયે તે મંદિરમાં દર્શન કરવા આવતા નહી ને બહારથી શિખર તથા ધજાના દર્શન કરતા તેથી દરવાજા બહાર ઉભા રહી ત્યાંના દરવાણી ભેળા સંતોને કહી મોકલે કે આ દાસને

દર્શન આપવા પધારજો તે દરવાજાવાળા ત્યાં સ.ગુ.સ્વામી ગોપાળાનંદ સ્વામી તથા સ.ગુ.સ્વામી નિત્યાનંદ સ્વામી આદિ મોટા મોટા સંતો ત્યાં રહેતા હતા. તેની આગળ આ દરવાણી વાત કરતા તેથી તે સંતો એવા પ્રેમી ભગવાનના ભક્તને દર્શન આપવા દરવાજા પાસે જાયે ને તે તેજાભાઈ સ્વામીને અડ્યા વિના દૂરથી દર્શન પ્રેમથી કરે ને બે હાથ જોડી સ્વામીની પ્રાર્થના કરે. સંતો પણ દૂરથી તેમની પ્રાર્થના સાંભળે ને દૂર ઉભા રહી સંતો ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતો સંભળાવતા. આ તેજાભાઈ સંતોની વાતો સાંભળી બહુજ રાજી થતા ને પછે તેજાભાઈએ સ.ગુ.ગોપાળાનંદ સ્વામીને વાત પૂછી કે સ્વામી હું ભગવાનની મૂર્તિનું ધ્યાન કરું છું, પણ ભગવાનની મૂર્તિ મારા અંતરમાં દેખાતી નથી. તમો દયા કરી મને આશીર્વાદ આપો ને કેવી રીતે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરૂં તો મારા અંતરમાં ભગવાનની મૂર્તિ દેખાયે. આવા પ્રેમભર્યા વચન આ તેજાભાઈના સાંભળી ગોપાળાનંદ સ્વામી બહુજ રાજી થયા કે, અહો હો આવા હરિજનને ત્યાં જન્મ પામીને આવી ઉંચી સમજણ જોઈ સ્વામી રાજી થયા ને દૂર બેસી સ્વામીએ ગઢડા પ્ર.પ્ર.ના ૨૦ના વચનામૃતની તથા ગ.મ.પ્ર.૧૩ ના વચનામૃતમાં જેમ ભગવાનની મૂર્તિના ધ્યાનની વાત લખી છે તે પ્રમાણે સ્વામીયે વિસ્તારથી વાત કરી. તે સાંભળી આ તેજાભાઈ બહુજ રાજી થયા ને બોલ્યા કે અહો સ્વામી આવી વાતો મેં ક્યારેય સાંભળી નથી તો મારા ઉપર તમો દયા કરજો ને આવી રીતે

ભગવાનની મૂર્તિનું અખંડ ધ્યાન કરૂં તે સાંભળી સ્વામીએ દૂરથી આશીર્વાદ આપ્યા ને બહુજ રાજી થયા, કે જુઓ ભગવાન તમારા ઉપર દયા કરી જરૂર પોતાની મૂર્તિનું સુખ આપશે, એ સાંભળી આ તેજાભાઈ પોતાને ઘેર ગયા ને સંતો પોતાને આસને ગયા. પછે તે તેજાભાઈ ગોપાળાનંદ સ્વામી પાસેથી ધ્યાનની વાતો સાંભળી તે પ્રમાણે ધ્યાન કરવા મંડ્યા. તેથી સ્વામીની દયા તથા આશીર્વાદથી આ તેજાભાઈ અખંડ પ્રકાશમાન મરમાળી માધુરી મૂર્તિ અંતરમાં અખંડ દેખતા ને તે મૂર્તિના સુખ વળે તેમના અંતરમાં ઠંડા શેરડા પડવા મંડ્યા ને તે મૂર્તિના સુખમાં તલ્લીન બની જતા ને ખૂબ જ ધ્યાન ભજન કરી ઉપર થકી વ્યવહારીક કાર્ય કર્યું ને એકદમ નિર્વાસનીક થઈ ગયા ને ભગવાનની પ્રાર્થના કરે કે હે કૃપાનાથ, મને દયા કરી તમારા ધામમાં તેડી જાયો. આવી પ્રાર્થના સાંભળી ભગવાન આ તેજાભાઈને પોતાના ધામમાં તેડી ગયા. જુઓ આમાંથી શું લેવાનું કે ? આ તેજાભાઈ હરિજન હતા તેથી દૂરથી સ્વામીની વાતો સાંભળીને એકાંતિક ભક્ત બની ગયાને દેહને અંતે ભગવાનના ધામને પામ્યા. તેમને પ્રત્યક્ષ સંતનો સમાગમ ન હતો, ને હરિજનમાં જન્મ હતો તો પણ તેમણે કેવી ભગવાનની ભક્તિ કરી, કેવું ભગવાનનું ધ્યાન ભજન કર્યું, કેવી ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરી, તો જેને મોટા ઋષિમુનીઓ જે ધામને પામતા નથી એવું અવિચળ ભગવાનના અક્ષરધામને પામી ગયા ને અપાર અપારને અપાર ભગવાન સુખને પામી ગયા. તેવી

જ રીતે આપણે આ તેજાભાઈની પેઠે ભગવાનને સંભાળીશું તો દયાળું શ્રી હરિ આપણાને પણ પોતાની માધુરી માણીગર મૂર્તિનું સુખ જરૂર આપશે. તો આપણે તેનો કેફ રાખી આનંદમાં રહી ભજન કરવું.

બીજું મોટા સંતોએ લખેલ છે. **અમદાવાદમાં ડોસોભાઈ મુસલમાન હતા.** તમણે દૂરથી મહારાજના દર્શન કર્યા તે જેમ જોધા ભરવાડે મહારાજના દૂરથી દર્શન કર્યા તેથી તે જોધા ભરવાડના હૃદયમાં ભગવાનની માધુરી મરમાળી પ્રકાશમાન મૂર્તિ જીવમાં ઉતરી ગઈ. તેવી જ રીતે આ ડોસાભાઈ મુસલમાનના હૃદયમાં ભગવાનની મૂર્તિ જીવમાં ઉતરી ગઈ. તેથી તે મુસલમાન સત્સંગી થયા. તેથી તેમના સગાં સંબંધી વઢવા લાગ્યા કે અરે આપણે મુસલમાન કહેવાઈયે, તે આપણે અલ્લા તથા ખુદાને જ મનાય પણ આ હિન્દુ ધર્મ સ્વામિનારાયણને તે ક્યાં સ્વિકાર્યો, એમ તેમના સગાં સંબંધી બહુંજ વઢવા લાગ્યા. પણ આ ડોસાભાઈને તો તે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ જીવમાં ઉતરી ગઈ હતી. તેથી તેમણે સગાં સંબંધીઓનું જરાપણ ન માનતા સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા, પછે એક દિવસ એમના સગાં સંબંધીને બહુજ રીસ ચડી ગઈ તેથી તે ડોસાભાઈને એક અંધારા ઓરડામાં પૂરી મૂક્યા, કે હવે એ ક્યાં જાશે ? તે ઓરડામાં પૂરી તેમના સગાં સંબંધીઓ બહાર આવ્યા. ત્યાં આ ડોસોભાઈ પણ બહાર ઉમેલા તે ડોસાભાઈને જોઈ એમના સગાં સંબંધીઓ વિચારમાં પડી ગયા, કે અરે આ ડોસાને અંધારા ઓરડામાં પૂર્યા હતા તે અહી ક્યાંથી આવ્યા ? તે ઓરડાને તાળું હતું

ને બરાબર તાળું બંધ જ હતું. તે ઓરડો ખોલ્યો તો તે ઓરડામાં કોઈ ન હતું. તે જાણી એમના સંબંધીએ પૂછ્યું કે અરે ડોસાભાઈ તને ઓરડામાં પૂર્યો હતો. તે તાળું બંધ છે. દિવાલ બરાબર છે. તે તું ક્યાંથી અહીં આવ્યો ? તે ડોસાભાઈએ એ વાત સાંભળી ડોસાભાઈ બોલ્યા કે મને તો મારા ભગવાન અહીં બહાર લઈ આવ્યા. એ જાણી બધા ચકીત થઈ ગયા, ને વળી તે ડોસાભાઈને તેમના સગાં સંબંધીયોયે ઘણું સમજાવ્યા કે આપણે મુસલમાનનો ધર્મ છોડી હિન્દુનો ધર્મ ન પળાય માટે તું આ ધર્મ છોડી દે, નહીતર તને ઘણીક સજા કરીશું, પણ આ ડોસાભાઈને તો સ્વામિનારાયણ ભગવાન જીવમાં પેસી ગયા હતા તેથી તેમણે ભગવાનને છોડ્યા નહી, પછે તેમના સગાં સંબંધી બહુજ ગુસ્સે થઈ એક ૮ થી ૧૦ ફુટ ઉંડો ખાડો ખોદાવ્યો ને તેમાં તે ડોસાભાઈને દાટવા લાગ્યા. અહો કેવા આ ડોસાના સંબંધી કે પોતાના સંબંધીને જીવતા દાટવા લાગ્યા. કેવા નિર્દય માણસો કહેવાયે, પણ આ ડોસાભાઈને ખાડામાં દાટવાં લાગ્યા તો આ ડોસાભાઈને જરાપણ બીક ન લાગી કે મને આ ખાડામાં દાટશે તો હું મરી જાઈશ. એમ જરાપણ બીના નહી. જેમ પ્રહલાદ ભક્તને તેમના પિતાએ હાથીને પગે બંધાવ્યા, પર્વતથી પછાડ્યા અગ્નિમાં બાળ્યા તો પણ આ પ્રહલાદને જરાપણ બીક ન લાગી ને ભગવાને રક્ષા કરી. એવી જ રીતે આ ડોસાભાઈને ખાડામાં દાટવા લાગ્યા પણ આ ડોસાભાઈ તો ભગવાનના નામની અખંડ ધૂન્ય બોલતા હતા, ને તે ખાડો આખો ધૂળથી પૂરાઈ ગયો ને તેમના સંબંધીયોને થયું કે હવે એ જરૂર મરી જશે ને આપણો મુસલમાનનો ધર્મ

આબાદ રહી જશે. એમ વિચારીને જ્યાં ખાડો પૂર્યો હતો ત્યાં બહાર એ ડોસાભાઈના સંબંધી ઉભા હતા. ત્યાં તે ડોસાભાઈ પણ તે ખાડા પાસે ઉભા હતા. તે જાણી તેના સગાં સંબંધીઓ ચકીંત થઈ ગયા કે અરે આ ડોસાને આટલા ઊંડા ખાડામાં દાટ્યો હતો પણ આ અહીં ક્યાંથી આવ્યો ? આ ડોસાના સગાં સંબંધીયો આ ડોસાને પૂછવા લાગ્યા કે અરે ડોસા તને ખાડામાં પૂર્યો હતો તે અહીં ક્યાંથી આવ્યો ? તે સાંભળી આ ડોસાભાઈ બોલ્યા કે, એ ખાડામાંથી મારા સ્વામિનારાયણ ભગવાન અહીં બહાર કાઢી આવ્યા. આ જાણી બધા તેમના સગાં સંબંધીયો બોલ્યા કે, અરે ડોસા તારી સાચી બંદગીને આ તારા સ્વામિનારાયણ ભગવાન પણ સાચા ને તુયે પણ સાચો ભક્ત, ભલે તું તારા સ્વામિનારાયણ ભગવાનનું ભજન કર. પછે તે આ ડોસાભાઈ ખુબ જ ભગવાનનું ભજન કરે, ને તે ડોસાભાઈનો દેહ પણ બ્રહ્મરૂપ થઈ ગયો હતો. કેમ કે ઓરડામાંથી બહાર ભગવાને કાઢ્યા, ખાડામાંથી પણ બહાર ભગવાને કાઢ્યા, ને તેની ભગવાન કેટલી બધી રક્ષા કરી, આના ઉપરથી શું લેવાનું કે, આ મુસલમાન હતા પણ તેમને સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ જીવમાં ઉતરી ગઈ હતી ને તેમના સગાં સંબંધીયોયે કેટલું દુ:ખ આપ્યું તો પણ આ ડોસાભાઈ જરાપણ બીના નહી. આપણને કોઈ ખાડામાં પૂરે તો આપણી જરા સમજણ કાચી હોયે તો બીક લાગે ને ભગવાનને છોડી દઈયે, પણ જુઓ આ ડોસાભાઈને કેટલી પરીપકવ સમજણને જરાપણ બીના નહી તે ભગવાને આ ડોસા ભક્તની રક્ષા કરી તે સાચે ભાવે ભગવાનની ભક્તિ જે કરે

છે તેની ભગવાન સર્વે પ્રકાર રક્ષા કરે છે. જુઓ આ ડોસાભાઈ મુસલમાન હતા. તે મુસલમાન અલ્લા તથા ખુદા સિવાય કોઈને માથું નમાવે નહી, પણ આ ડોસાભાઈને તો આ સ્વામિનારાયણ ભગવાન જીવમાં પેસી ગયા હતા. તે કેવો ભગવાનનો દૃઢ આશરો રાખ્યો ને સીર સાટે ભગવાનને રાખ્યા. તો જુઓ ભાઈઓ, જુઓ સત્સંગીઓ, જુઓ સજ્જન માણસો આ ડોસાભાઈ મુસલમાન હતા ને તેની તેમના સંબંધીયોયે કેટલી ઉપાધી કરી તો પણ તેમણે ભગવાનને છોડયા નહી. તો તેમની ભગવાને રક્ષા કરી ને પછે તે ડોસાભાઈ ખુબ જ ભગવાનની મૂર્તિનું ધ્યાન ભજન કરે ને ભગવાનની મૂર્તિ સંભાળીએ ને પોતાનું વ્યવહારિક કાર્ય કરે ને જેમ જનક રાજા રાજ્ય કરતા હતા તો પણ વિદેહી કહેવાણા, ગોવર્ધનભાઈ, પર્વતભાઈ વ્યવહારિક કાર્ય કરતા હતાં, પણ અખંડ ભગવાનની મૂર્તિને સંભાળતા હતા. તેવી જ રીતે આ ડોસાભાઈ પણ દરેક કાર્યમાં ભગવાનની મૂર્તિને સંભાળતા ને ખુબ જ ભગવાનની ભક્તિ કરી પોતાનું જીવન પૂરૂં કર્યું, ને દેહને અંતે તે ડોસાભાઈને ભગવાન પોતાના ધામમાં તેડી ગયા. ઓહોહો જે ઋષિમુનિયો પોતાના મોક્ષને માટે ખોળે છે. એવા સ્વામિનારાયણ ભગવાન આ ડોસાભાઈ મુસલમાનને મળી ગયા. એમના મોટા ભાગ્ય કહેવાયે

બીજું મોટા સંતોએ લખેલ છે કે, **"વૈદ્ય મળ્યા વ્રજરાજ વિહારી નાડી દેખન આયા જ્ઞાન ધ્યાનકી ગોળી દીયા રંચન રોગ** રીયા રે દરદ મીટ્યા મેરા દીલકા ઔષધ અમૃત પાયા રે" આમાં લેવાનું કે વૈદ્ય ભગવાન મળ્યા છે. તે ભવરોગ ટાળવાને માટે

નાડી જોવાને માટે આવ્યા છે. તે ભવ એટલે સંસારની વાસનારૂપી મહાન રોગ, આ જીવને થયો છે. તે જ્ઞાન ધ્યાનની ગોળી આપી રંચ રોગ ન રહ્યા. તે જ્ઞાનની કથાની ધ્યાનની વાતોરૂપી જે મહાન દવા આપી તેથી રંચન રોગ રીયારે કેતાં જ્ઞાન ધ્યાનની વાતો સંભળાવી. તેથી ભગવાનમાં પ્રેમ થયો તેથી જગતની વાસનારૂપી જરાપણ રોગ ન રહ્યો. જુઓ ભાઈયો જુવો સદ્‌ગૃહસ્થો જુવો સજ્જન ભાઈયો આપણાં સર્વેને માટે સર્વ અવતારી સ્વામિનારાયણ ભગવાન અક્ષરધામથી વૈદ્ય રૂપે અહીં પધાર્યા ને આપણાને સર્વેને પોતાને શરણે લીધા ને પોતાના સ્વધામની ઓળખાણ કરાવી ને ધ્યાન ભજનની વાતો સંભળાવી ને કોટી કલ્પે જે આ માયા જે સંસારની વાસનારૂપી રોગ ટળ્યો નથી ને તે સંસારની વાસનારૂપી મહાન રોગ વળે જ આપણે અસંખ્યાત અવતારો જે ભવાટવીમાં આપણે સર્વે ભટક્યાં જ કરીયે છીયે ને અપાર અપાર ને અપાર આપણે દુઃખને કલેશો ભોગવતા જ આવીએ છીયે પણ હવે આપણે સાચે શુદ્ધ ભાવે ભગવાનનું ભજન બરાબર કરી લેશું તો જરૂર આપણે એ ભવાટવીમાં ભટકવું નહી પડે તે ભવાટવીમાં ભટકવું નહી પડે એટલે આ દુનિયામાંથી ચાલ્યા જશું ના, આ દુનિયામાંથી હમણાં ચાલ્યું નહી જવાયે, ત્યારે આ સંસાર છોડી સાધુ બની જવું, ના તે પણ સાધુ બનવાની જરૂર નથી પણ જ્ઞાને કરીને આલોકના રાગ ટાળવા ને ભગવાન ભજવાની તથા ભગવાનની આજ્ઞા પાલન કરવાની બરાબર લટક કેતાં ટેવ પાડવી. તે આવી રીતે ટેવ પાડીને ઉપર થકી દરેક વ્યવહારીક કાર્ય કરવું પણ આ વ્યવહારમાં ઓતપ્રોત ન થાવું, કેતાં આ વ્યવહારમાં

બંધાવું નહી. એવી રીતે આપણે ભગવાન ભજવામાં કાળજી રાખીશું તો દયાળું શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણી સર્વે અનેક જન્મોની કસરો ટળાવીને પોતાની સેવામાં રાખશે.

બીજું મોટા સંતોએ લખેલ છે કે ધીરજ ધરરે અરે અધીરા ઈશ્વર દેશે અન્ન જોને ખલક તણો છે હરિને ખટકો વખતે આપે વાલો, જોને **કીડીને કણ હાથીને મણ** ચાર પગાને ચાર જો ને સુરપક્ષીને સોમળે જોઈયે ટકે જોને ખીર જોને દુધલ ડાના દરીયા મધ્યે સરજ્યાં તેના શરીર જોને અજગર સુતો અરણ્ય મધે ડગલું ન ભરે દોટ જો ને વિસંભરનું બીરજ વિચારી ખાવાની શી ખોટ જોને,શું કરવા તું સુખને માટે દે છે દોટા દોટ જોને તારા સુખ તો તુજને શોધે ફકરના કર ફાકા જોને આમાં કહેવાનું કે હે ભાઈ તું ધીરજ રાખ, શા માટે તું અધીરો થાયે છે. ભગવાન સર્વેને સુખીયા કરે જ છે, ને અન્ન વસ્ત્ર સર્વેને આપે છે, ને જગતના જીવોને સુખ આપવાનો ભગવાનને ખટકો છે કે, આ જગતના જીવોને સુખીયા કરવા ને દરેકનું ભરણ પોષણ કરનારા ભગવાન છે. તે કીડી હોયે તેને એક કણ જમવા જોઈએ તો તેને ભગવાન એક કણ આપે છે. હાથી હોયે તેને મણ જમવા જોઈએ, તો તેને મણ જમવા ભગવાન આપે છે, ને સુરપક્ષી એક સારૂં પક્ષી છે. તેને એક ટંકે સો મણ દુધ પીવા જોઈયે, તો તેને પણ ભગવાન દુધ જમવા આપે છે. એટલું બધું દુધ ક્યાંથી લાવવું, પણ દુધનો જ્યાં સમુદ્ર છે. ત્યાં તે સૂરપક્ષીને શરીર આપ્યું, તે દૂધ પીધા જ કરે પણ સમુદ્રમાંથી તે દુધ જરાપણ ઓછું ન થાયે. બીજું અજગર નામનું મોટું જનાવર છે. તે જંગલમાં

જ રહે ને તે સારા જંગલમાં તે અજગર સુતું જ હોયે એક ડગલું પણ તે ચાલે નહી. તે સુતા સુતા અજગરને પણ ભગવાન તેનો ખોરાક આપે છે. એ વિસંમ્ભર ભગવાનના લક્ષણ કે કોઈને પણ ભૂખ્યા રાખતા નથી. તો હે ભાઈઓ, આવા દયાળુ ભગવાન મળ્યા છે તો તું ધીરજ રાખ, શા માટે તું ધીરજ રાખ્યા વિના જ્યાં ત્યાં દોડાદોડ કરે છે. તારા સુખ તો તુજને શોધે છે. ફકરના કર ફકા જોને આમાં કહ્યું કે આપણાં કિસ્મતમાં હશે તે સુખ આપણને મળ્યાં જ કરે છે. તો તમો જરાપણ ચિંતા રાખ્યા વિના ભગવાનનો આશરો રાખી ભજન કરશો તો દયાળુ શ્રી હરિ જરૂર પોતાના ભક્તને સુખીયા કર છે. તો આપણાં કીંસ્મતમાં હશે તે મળ્યા જ કરે. તો પછે આપણે કાંઈ ઉદ્યમ ન કરવો. ઉદ્યમ તો જેને જે યોગ હોય તે કરવો. દાખલા તરીકે વેપારી હોયે તેને વેપાર કરવો, ખેડુંત હોય તેમણે ખેતી કરવી, નોકરી કરતા હોયે તેમણે નોકરી કરવી પણ જરા આ લોકમાં કાંઈ સુખ દુઃખ આવે આ દેહમાં કાંઈ માંદા સાજા થવાયે પણ જ્ઞાને કરીને સુખીયા રહેવું. આ લોકમાં કે આ દેહમાં જરા સુખ દુઃખ આવે તેમાં શાંતી રાખવી ને એમ જાણવું કે કર્તાહર્તા ભગવાન છે. એમ જાણી મનમાં શાંતી રાખવી ને શાંતીથી ભગવાનને સંભાળશું તો ભગવાન પોતાના ભક્તની સર્વ પ્રકારે રક્ષા કરે જ છે, ને સદાય રક્ષા કરશે, માટે આપણે ભગવાનનો કેફ રાખી આનંદમાં રહી ભગવાનનું ભજન કરવું ને સુખ દુઃખમાં ધીરજ રાખવી, જરાપણ અકળાવું નહી, કંટાળવું નહી ને ભગવાનનું જેમ બને તેમ ભજન કરવું. તે ભજન કરવાથી જ સર્વ પ્રકારે સુખીયા

થવાયે છે.

આપણાને આવો મનુષ્ય જન્મ આપ્યો તો આળસ પ્રમાદ મોહનો ત્યાગ કરીને જેમ બને તેમ ભજન વિશેષ કરવું કેમ કે આપણે બરાબર ભજન નથી કર્યું તેથી આપણે અપાર દુઃખોને કલેશો ભોગવ્યા જ છે. હવે આપણે એ દુઃખો કલેશો ભોગવવા ન પડે ને આને આ જન્મે દેહને અંતે ભગવાનના અક્ષરધામમાં ભગવાનની હજુર સેવામાં રહી જવાય એ જ આ મનુષ્ય જન્મનું ખરૂં કર્તવ્ય છે ને સાચે ભાવે સત્સંગ કરવાનું પણ એજ ફળ છે

: સમાપ્ત :